॥ श्री जिनाय नमः ॥

( गुर्जरभाषांतरोपेता )

# ॥ स्याद्वादमंजरी ॥

मूलकर्ता—श्री हेमचंद्राचार्य.

टीकाकार—श्री मल्लिषेणसूरि.

गुर्जरभाषांतर कर्ता तथा छपावी प्रसिद्ध कर्ता

श्रावक हीरालाल वि. हंसराज.

( जामनगरवाळा. )

संवत १९६०—सने १९०

किंमत रु. ४-०-०

जामनगर "जैनभास्करोदय" छापखानामां छाप्युं.

# प्रस्तावना.

क्यां हेमचंद्र गुरुनी अति मिष्ट वाणी ।
वाणी कहां उदधिगंभिर मल्लिषेणी ॥
क्यां न्यायशास्त्र परिगुंफित जैनवाणी ।
मारी अहो! मति कहां अति दोष खाणी ॥ १ ॥

अहो! सुज्ञजनो!! कलिकालकेवली महान् आचार्य श्री हेमचंद्रजी[1] महाराजना नामथी आजे कोइ पण अजाण्युं नथी. एवुं केहेवाय छे के, ते श्री महान् आचार्यजीए साडात्रणक्रोड श्लोकोनी रचना करी छे. परंतु तेमाना आजे घणा थोडाज ग्रंथो उपलब्ध थाय छे. तोपण तेमना हस्तकमलथी रचाएला अतिविद्वता भरेला आजे जे ग्रंथो दृष्टिगोचर थाय छे, तेउ खरेखर तेमनुं अतिउत्कृष्ट ज्ञान सूचवे छे. आ अन्ययोगव्यवच्छेदिका नामनी श्री वीरप्रभुनी स्तुतिरूप द्वात्रिंशिका पण ते महान् आचार्य श्री हेमचंद्रजीमहाराजनी रचेली छे. ते बत्रीसे काव्योमां ते आचार्यजी महाराजे एटलो तो गंभीर भावार्थ सूचव्यो छे. के ते जोइ विद्वानोना अंतःकरणमां तेमनी विद्वता माटे अत्यंत चमत्कार उपजे छे. ते बत्रीसीपर महाविद्वान् आचार्यमहाराज श्रीमल्लिषेणसूरिजीए आशरे त्रणहजार श्लोकोना पूरवाली न्यायना विषेयथी भरपूर स्याद्वादमंजरी नामनी टीका रचेली छे, अने ते टीका, श्रीमल्लिषेणसूरिजीनुं अति उमदुं ज्ञान सूचवे छे. आवा न्या-

---

१ आ आचार्यजीमहाराजनी जन्म । दीक्षा । आचार्यपद विगेरेनी साली । तथा तेमणे शुं शुं कार्यो कर्या । ते संबंधि विस्तारथी वृत्तांत । अमारां तरफथी बहार पडेला जैनधर्मनो प्राचीनइतिहास भाग पेहेलाना पृष्ट १४८ तथा भाग बीजाना पृष्ट २३ थी ८१ सुधीमां आपेलुं छे । तेथी अहीं फरीने लख्युं नथी ।

यना विषयोथी भरपूर महान् ग्रंथनुं गुजराती भाषांतर करवानुं कार्य घणुं मुश्केल छे; छतां पण शक्तिविनानुं बालक जेम पोताना चरणो-वडे चालवानो प्रयत्न करे, तेम में पण आ साहस माथे उगाव्युं छे; अने तेम करतां बालक जोके लथडीयुं खाइ पडी जाय छे, तोपण सुज्ञजनो तेनी हांसी नही करतां, तेने जेम बेठुं करे छे, तेम मारी बुद्धि पण अल्प होवाथी, आ महान् ग्रंथना गुजराती भाषांतरमां जोके प्रमादना वशथी अथवा मतिमंदपणाथी घणा दोषो आवेला होशे, तोपण तेमाटे विद्वज्जनो मने क्षमा करी, ते सुधारीने वांचशे; अने मारापर कृपा लावी मने पण जो तेमाटेनी सूचना करशे, तो हुं तेमनो मारा खरा अंतःकरणथी उपकार मानी, बीजी आवृत्तिमां ते दोषो सुधारवानी तक लेइश.

गच्छतः स्खलनं कापि । भवत्येव प्रमादतः ॥
हसंति दुर्जनास्तत्र । समादधति सज्जनाः ॥ १ ॥

**लीं. श्रावक हीरालाल वि. हंसराज,**

( जामनगरवाळा. )

# अनुक्रमणिका.


| अंक. | विषय. | पृष्ठ. |
|---|---|---|
| १ | टीकाकारनुं मंगलाचरण .... .... .... .... | १ |
| २ | मूलकर्तानुं मंगलाचरण .... .... .... .... | ४ |
| ३ | प्रभुना चार अतिशयोनुं वर्णन .... .... .... | ५ |
| ४ | प्रभुनुं यथार्थवादीपणुं .... .... .... .... | १६ |
| ५ | प्रभुनो आश्रय नही करनाराउनुं मत्सरीपणुं .... | १८ |
| ६ | औलुक्यमतनुं खंमन .... .... .... .... .... | २१ |
| ७ | सामान्यविशेषनुं स्वरूप .... .... .... .... | २४ |
| ८ | एकांतनित्याऽनित्यपक्षनुं खंमन .... .... .... | २६ |
| ९ | जगत्कर्तानुं खंमन .... .... .... .... .... | ४५ |
| १० | ईश्वरना जगत्कर्तापणानो पूर्वपक्ष .... .... .... | ४६ |
| ११ | ईश्वर एक छे इत्यादिक पूर्वपक्ष .... .... .... | ४७ |
| १२ | ईश्वरना जगत्कर्तापणानुं खंमन .... .... .... | ४९ |
| १३ | ईश्ववरना एकपणादिकनुं खंमन .... .... .... | ५४ |
| १४ | वेदवाक्योनुं अप्रमाणपणुं .... .... .... .... | ६० |
| १५ | ईश्वरने नित्यपणाआदिकनी अप्राप्ति .... .... | ६४ |
| १६ | वैशेषिकमतनुं खंमन .... .... .... .... .... | ६८ |
| १७ | समवायनुं निराकरण .... .... .... .... .... | ७० |
| १८ | समवायने स्वीकारवामां दोष .... .... .... .... | ७२ |
| १९ | द्रव्यादिक छ पदार्थोनुं निरुपण .... .... .... | ७६ |
| २० | ज्ञान अने आत्माना अत्यंतभेदनुं उपाधिपणुं.... .... | ८४ |
| २१ | कर्ताकरणनुं स्वरूप .... .... .... .... .... | ९४ |

| अंक. | विषय. | पृष्ठ. |
|---|---|---|
| २२ | मुक्तिनुं स्वरूप .... .... .... .... .... | १०० |
| २३ | आत्माना व्यापकपणानुं खंडन .... .... .... | १०० |
| २४ | आत्माना शरीरप्रमाणनुं मंडन .... .... .... | ११७ |
| २५ | अक्षपादना मतनुं खंडन .... .... .... .... | १२३ |
| २६ | छल, जाति अने निग्रहस्थानोनुं अस्वीकारवापणुं .... | १२५ |
| २७ | अक्षपादना सोल पदार्थोनुं स्वरूप .... .... .... | १२० |
| २० | बार प्रकारना प्रमेयोनुं खंडन.... .... .... .... | १३० |
| २९ | छल, जाति अने निग्रहस्थानोनुं विस्तारथी स्वरूप .... | १३२ |
| ३० | जैमनीयना मतनुं खंडन .... .... .... .... | १३० |
| ३१ | वेदोक्तहिंसानुं वर्णन .... .... .... .... | १३९ |
| ३२ | वेदोक्तहिंसा पण अनर्थ करनारी छे.... .... .... | १४० |
| ३३ | जिनालयआदिक बंधाववामां थती हिंसानो खुलासो.... | १४३ |
| ३४ | वेदोक्तविधिवडे करेला संस्कारादिकनुं विषमपणुं .... | १४० |
| ३५ | हिंसामाटे उत्सर्ग अपवादनुं स्वरूप .... .... .... | १६३ |
| ३६ | नित्यपरोक्षज्ञानवादीउनुं खंडन .... .... .... | १६६ |
| ३७ | वेदांतमतनुं खंडन .... .... .... .... .... | १७७ |
| ३० | अद्वैतवादनुं अतात्विकपणुं .... .... .... .... | १७० |
| ३९ | ‘ पुरुष एवेदं ’ इत्यादि वेदवाक्यनो अर्थ .... .... | १०७ |
| ४० | नियत वाच्यवाचकभावनुं खंडन .... .... .... | १९३ |
| ४१ | एकांतसामान्यवाद .... .... .... .... .... | १९५ |
| ४२ | एकांतविशेषवाद .... .... .... .... .... | १९० |
| ४३ | स्वतंत्र सामान्यविशेषवाद .... .... .... .... | २०० |
| ४४ | सामान्यविशेषोभयात्मकवाद .... .... .... .... | २०२ |
| ४५ | शब्दनुंपौद्गलिकपणुं .... .... .... .... .... | २०० |

| અંક. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૪૬ | સાંખ્યમતનું ખંડન .... .... .... .... .... | ૨૧૮ |
| ૪૭ | સાંખ્યમતના પદાર્થોનું નિરુપણ .... .... .... | ૨૨૦ |
| ૪૮ | સાંખ્યોનો ત્રણ પ્રકારનો બંધ.... .... .... .... | ૨૩૧ |
| ૪૯ | બૌદ્ધમતનું ખંડન .... .... .... .... .... | ૨૩૬ |
| ૫૦ | ક્ષણિકવાદનું સ્વરૂપ .... .... .... .... .... | ૨૪૨ |
| ૫૧ | એકાંતજ્ઞાનવાદીઉનું ખંડન .... .... .... .... | ૨૫૩ |
| ૫૨ | શૂન્યવાદીઉનું ખંડન .... .... .... .... .... | ૨૬૯ |
| ૫૩ | ક્ષણભંગવાદનું ખંડન.... .... .... .... .... | ૨૮૭ |
| ૫૪ | ક્ષણિકવાદમાં વાસનાની અપ્રાપ્તિ .... .... .... | ૨૯૭ |
| ૫૫ | નાસ્તિક મત ખંડન .... .... .... .... .... | ૩૦૬ |
| ૫૬ | જિનોક્તમત મંડન .... .... .... .... .... | ૩૧૫ |
| ૫૭ | સ્યાદ્વાદમત સ્થાપન .... .... .... .... .... | ૩૨૧ |
| ૫૮ | દ્રવ્ય પર્યાયનું સ્વરૂપ.... .... .... .... .... | ૩૨૬ |
| ૫૯ | સપ્તભંગીનું સ્વરૂપ .... .... .... .... .... | ૩૩૫ |
| ૬૦ | સકલાદેશ વિકલાદેશનું સ્વરૂપ .... .... .... | ૩૪૧ |
| ૬૧ | એકાંતવાદીઉનું પ્રમાણમાર્ગથી ચ્યુતથવાપણું .... .... | ૩૪૭ |
| ૬૨ | અનેકાંતવાદના ચાર ભેદોનું વ્યાખ્યાન .... .... | ૩૫૪ |
| ૬૩ | પ્રભુના શાસનના સામ્રાજ્યપણાનું વ્યાખ્યાન .... .... | ૩૫૮ |
| ૬૪ | એકાંતનિત્યાઽનિત્યવાદના વિશેષ દોષો .... .... | ૩૬૩ |
| ૬૫ | દુર્નય, નય અને પ્રમાણનું વર્ણન .... .... .... | ૩૭૧ |
| ૬૬ | સાત નયોનું વર્ણન .... .... .... .... .... | ૩૭૭ |
| ૬૭ | મિતાત્મવાદનું ખંડન .... .... .... .... .... | ૩૯૪ |
| ૬૮ | અન્યદર્શનોનું મત્સરીપણું .... .... .... .... | ૪૦૨ |
| ૬૯ | પ્રભુના વચનાતિશયની પ્રૌઢતા .... .... .... | ૪૦૮ |

| अंक. | विषय. | पृष्ट. |
|---|---|---|
| ३० | जगतूनो उद्धार करवामां प्रज्ञुनुंज समर्थपणुं .... .... | ४११ |
| ३१ | टीकाकारनी प्रशस्ति.... .... .... .... .... | ४१६ |
| ३२ | ज्ञाषांतरकारनी प्रशस्ति .... .... .... .... | ४१७ |



# जाहेरखबर.

## तैयार ग्रंथो.

स्याद्वादमंजरी—( मूल-टीका ) तथा गुजराती ज्ञाषांतर सहित .... .... .... किं. रु. ४—०—०

श्री विजयानंदाज्यूदय महाकाव्य (गुजराती ज्ञाषांतर सहित .... .... .... किं. रु. ३—०—०

जैनधर्मनो प्राचीनइतीहास ज्ञाग पहेलो.... किं. रु. १—०—०

जैनधर्मनो प्राचीनइतीहास ज्ञाग बीजो.... किं. रु. १—०—०

( पोस्टेज जुदुं ).

## तैयार थता ग्रंथो.

सेनप्रश्न ( मूल—तथा गुजराती ज्ञाषांतर सहित ) .... .... .... .... किं. रु. ५—०—०

जैनधर्मनो प्राचीनइतिहास ज्ञाग त्रीजो.... किं. रु. १—८—०

सुखबोधिकाटीका ( मूलमात्र ) .... .... किं. रु. ५—०—०

उपदेशरत्नाकर ज्ञाषांतर.... .... .... किं. रु. ४—०—०

आनंदघनबहोतेरी ( अर्थसहित ) .... किं. रु. १—०—०

( पोस्टेज जुदुं ).

॥ नमः सर्वज्ञाय ॥

( गुर्जरभाषांतरोपेता )

# ॥ स्याद्वादमंजरी ॥

(मूलकर्त्ता—**श्री हेमचंद्राचार्य.** टीकाकार—**श्री मल्लिषेणसूरि.**)

(गुजरातीभाषांतरकर्त्ता—**पं॰ श्रा॰ हीरालाल हंसराज.**)

यस्य ज्ञानमनन्तवस्तुविषयं यः पूज्यते दैवतै। नित्यं यस्य वचो न दुर्न्नयकृतैः कोलाहलैर्लुप्यते ॥ रागद्वेषमुखा द्विषां च परिषत् क्षिप्ताक्षणाधेन सा। स श्रीवीरविभुर्विधूतकलुषां बुद्धिं विधत्तां मम ॥ १ ॥ निस्सी-

**अर्थः**—श्रीजिनायनमः ॥ श्रीशांतिनाथस्य नवाननेंदु—र्भूयाज्जनानां प्रमदाऽभिवृद्ध्यै। यत्रोदिते वै परतीर्थनाथ-स्तेनाऽभिलाषाः प्रययुर्विनाशम् ॥ १ ॥ सत्याऽसत्योरुदुग्धोदककलविधिविद्धंसराजात्मजेन। हीरालालेन भक्त्या स्वपरहितकृते गुर्जराख्योरुवाचा ॥ अर्थो मुग्धप्रबोधप्रकटनसबलो गुंफ्यते न्याययुक्त्या। ग्रंथस्याऽस्येह चारि—त्रविजयगुरुतः सुप्रसादान्मनोज्ञः ॥ २ ॥ अनंतवस्तुओना विषयवाळुं जेमनुं ज्ञान छे, तथा जे देवोथी पूजाय छे अने जेमनुं वचन अन्यायवादिओए करेला कोलाहलोथी लोपातुं नथी, तथा रागद्वेष छे मुख्य जेमां एवा अंतरंग शत्रुओनी ते प्रसिद्ध सभाने जेमणे क्षणवारमांज पराभव आपलो छे, एवा ते श्रीवीरप्रभु मने निर्मळ बुद्धि आपो? ॥ १ ॥ अपार बुद्धिना एक जीवितने धारण

मप्रतिभैकजीवितधरौ निःशेषभूमिस्पृशां । पुण्यौघेन सरस्वतीसुरगुरू स्वाङ्गैकरूपौ दधद् ॥ यः स्याद्वादमसाधयन्निजवपुर्दृष्टान्ततः सोऽस्तु मे । सद्बुद्ध्यम्बुनिधिप्रबोधविधये श्रीहेमचन्द्रः प्रभुः ॥ २ ॥ ये हेमचन्द्रं मुनिमेतदुक्तग्रन्थार्थसेवामिषतः श्रयन्ते । सम्प्राप्य ते गौरवमुज्ज्वलानां पदं कलानामुचितं भवन्ति ॥३॥ मातर्भारति सन्निधेहि हृदि मे येनेयमाप्तस्तुते । र्निर्मातुं विवृतिं प्रसिद्ध्यति जवादारम्भसम्भावना ॥ यद्वा विस्मृतमोष्ठयोः स्फुरति यत्सारस्वतः शाश्वतो । मन्त्रः श्रीउदयप्रभेतिरचनारम्यो ममाहर्निशम् ॥ ४ ॥ । ५ । इह हि विषमदुःषमाररजनितिरस्कारभास्करानुकारिणा । ६ । वसुधातलाऽवतीर्णसुधासारिणीदेश्यदेशनावितानपरमार्हतीकृतश्रीकुमारपालक्ष्मापालप्रवर्त्तिताऽभयदानाऽभिधान जीवातुसंजीवित-

---

करनार एवा सरस्वती अने बृहस्पतिने सर्व प्राणीओना पुण्यना समूहवडे पोताना एक अंगरूपे धारण करनारा, तथा जेमणे पोताना शरीरना दृष्टांतथी स्याद्वादने साधेलो छे, ते श्रीहेमचंद्रजी महाराज मारा सद्बुद्धिरूपी समुद्रना उल्लास माटे थाओ ? ॥ २ ॥ जे माणसो आ चालता ग्रंथना अर्थनी सेवाना मिषथी श्रीहेमचंद्रजी महाराजनो आश्रय करे छे, तेओ ( स्याद्वादरूप न्यायविषयमां ) महत्ता पामीने निर्मळ कळाओना योग्य स्थानकरूप थाय छे. ॥ ३ ॥ हे सरस्वती माता ! तुं मारा हृदयमां निवास कर ? के जेथी आ यथार्थवक्तानी स्तुतिनी टीका करवाना प्रारंभनी संभावना तुरत सिद्ध थाय ; अथवा मने विस्मृति थइ ! केमके 'श्रीउदयप्रभ' एवी रचनाथी मनोहर थएलो ( अर्थात् ते नामरूपी ) शाश्वतो सरस्वती संबंधि मंत्र तो मारा होठउपरे हमेशां स्फुरायमान थइ रह्यो छे ! ॥ ४ ॥ । ५ । अहीं भयंकर दुःखम नामना ( पांचमा ) आरारूपी रात्रिने दूर करवामां सूर्यसरखा । ६ । तथा पृथ्वीतलउपर उतरेली अमृतनी नेहेरसरखी देशनाना समूहथी परम जैनी

नानाजीवप्रदत्ताशीर्वादमाहात्म्यकल्पाऽवधिस्थायिविशदयशःशरीरेण ।७। निरवद्यचातुर्विद्य[1]निर्माणैकब्रह्मणा श्रीहेमचन्द्रसूरिणा । ८ । जगत्प्रसिद्ध-श्रीसिद्धसेनदिवाकरविरचितद्वात्रिंशद्द्वात्रिंशिकानुसारि श्रीवर्द्धमानजिन-स्तुतिरूपमयोगव्यवच्छेदाऽन्ययोगव्यवच्छेदाऽभिधानं द्वात्रिंशिकाद्वितयं विद्वज्जनमनस्तत्वाऽवबोधनिबन्धनं विदधे । ९ । तत्र च प्रथमद्वात्रिंशि-कायाः सुखोन्नेयत्वाद्व्याख्यानमुपेक्ष्य द्वितीयस्यास्तस्या निःशेषदुर्वादिपर्ष-दधिक्षेपदक्षायाः कतिपयपदार्थविवरणकरणेन स्वस्मृतिबीजप्रबोधविधिर्वि-धीयते । १० । तस्याश्चेदमादिकाव्यम् ॥

---

करेला, एवा श्रीकुमारपाळराजाए प्रवर्तावेला अभयदान नामना जीवाड-नारां औषधथी जीवेला विविध प्रकारना जीवोए दीधेला आशीर्वादना माहात्म्यथी छेक कल्पांतकाळसुधि स्थिर रहेनारुं छे यशरूपी शरीर जेमनुं एवा । ७ । दूषणरहित एवी ( लक्षण, साहित्य, तर्क अने आगम ) नामनी चारे विद्या बनाववामां एक ब्रह्मासरखा, एवा श्रीहेमचंद्र नामना आचार्य महाराजे । ८ । जगतमां प्रख्याती पामेला श्रीसिद्धसेनदिवा-करजीए रचेली बत्रीसबत्रीसीओने अनुसरीने श्रीवर्धमानप्रभुनी स्तुतिरूप ' अयोगव्यवच्छेदिका अने अन्ययोगव्यवच्छेदिका नामनी बे बत्रीसीओ बनावी छे, के जे विद्वान् माणसोना मनने तत्वोनुं ज्ञान कराववामां का-रणभूत छे, । ९ । हवे तेमां पेहेली द्वात्रिंशिका ( बत्रीसी ) सुखे समजाय तेवी होवाथी तेनुं व्याख्यान छोडीने, सर्व दुर्वादिओनी सभानुं खंडन करवामां समर्थ, एवी ते बीजी बत्रीसीना केटलाक पदार्थोनुं विवेचन करवावडे करीने मारी याददास्तीना ( मारा संस्कारना ) बीजना ज्ञा-ननी विधि हुं करुंछुं । १० । ते बीजी द्वात्रिंशिकानुं आ पहेलुं काव्य छे.

---

[1] लक्षणागमसाहित्यतर्काश्चातुर्विद्यम् ।

अनन्तविज्ञानमतीतदोष-
मबाध्यसिद्धान्तममर्त्यपूज्यम् ।
श्रीवर्द्धमानं जिनमाप्तमुख्यं
स्वयंभुवं स्तोतुमहं यतिष्ये ॥ १ ॥

अनंतविज्ञानवाळा, दोषोविनाना, अबाध्यसिद्धांतवाळा, देवोने पूजवालायक, यथार्थवक्ताओमां मुख्य, तथा स्वयंभू एवा श्रीवर्धमानजिनेश्वरनी स्तुति करवाने हुं प्रयत्न करीश. ॥ १ ॥

---

। ११ । श्रीवर्द्धमानं जिनमहं स्तोतुं यतिष्य इति क्रियासंबन्धः । १२ । किंविशिष्टमनन्तमप्रतिपाति विशिष्टं सर्वद्रव्यपर्यायविषयत्वेनोत्कृष्टं ज्ञानं केवलाख्यं विज्ञानं ततोऽनन्तं विज्ञानं यस्य सोऽनन्तविज्ञानस्तं । १३ । तथा अतीता निःसत्ताकीभूतत्वेनाऽतिक्रान्ता दोषा रागादयो यस्मात्स तथा तं । १४ । तथा अबाध्यः परैर्बाधितुमशक्यः सिद्धान्तः स्याद्वादश्रुतलक्षणो यस्य स तथा तं । १५ । अमर्त्या देवास्तेषामपि पूज्यमाराध्यम् । १६ । अत्र च श्रीवर्द्धमानस्वामिनो विशेषणद्वारेण चत्वारो मूलाऽति-

---

। ११ । श्रीवर्धमानप्रभुनी स्तुति करवाने हुं प्रयत्न करीश, एवो क्रियासंबंध छे. । १२ । ते श्रीवर्धमानप्रभु केवा ? तो के अनंत एटले (कदापि पण) पाछुं नही पडनारुं, अने विशिष्ट एटले सर्वद्रव्यपर्यायोना विषयपणायें करीने उत्कृष्ट, एवुं केवल नामनुं ज्ञान होवाथी अनंतविज्ञानवाळा, । १३ । तथा अतीत एटले सत्तामां पण नही रहेवाथी दूर थएल छे, रागादिक दोषो जेमनाथी एवा । १४ । तथा अबाध्य एटले अन्यदर्शनीओथी बाधित करवाने अशक्य छे स्याद्वादरूप सिद्धांत जेमनो एवा ( अर्थात् जेमणे कहेला स्याद्वादरूपी सिद्धांतने बाधित करवाने कोइ पण अन्य दर्शनीओ समर्थ नथी, एवा ) । १५ । तथा अमर्त्य एटले जे देवो, तेओने पण पूजवा योग्य, एवा. । १६ । वळी अहीं

शयाः प्रतिपादितास्तत्राऽनन्तविज्ञानमित्यनेन भगवतः केवलज्ञानलक्षणविशिष्टज्ञानाऽनन्त्यप्रतिपादनाज् ज्ञानाऽतिशयः । १७ । अतीतदोषमित्यनेनाऽष्टादशदोष[१] संक्षयाऽभिधानादपायापगमाऽतिशयः । १८ । अबाध्यसिद्धान्तमित्यनेन कुतीर्थिकोपन्यस्तकुहेतुसमूहाऽशक्यबाधस्याद्वादरूपसिद्धान्तप्रणयनभणनाद्वचनाऽतिशयः । १९ । अमर्त्यपूज्यमित्यनेनाऽकृत्रिमभक्तिभरनिर्भरसुराऽसुरनिकायनायकनिर्मितमहाप्रातिहार्यसपर्यापरिज्ञापना-

---

श्रीवर्धमानप्रभुना (उपर कहेला चारे) विशेषणोद्वाराए चार मूळ अतिशयो, अंगीकार करेला छे ; अने तेमां अनंतविज्ञान (एटले अनंतविज्ञानवाळा) एम कहीने प्रभुना केवलज्ञानना लक्षणवाळां ज्ञाननुं अनंतपणुं अंगीकार करवाथी 'ज्ञानातिशय' (नामनो पेहेलो अतिशय जणाव्यो छे.) । १७ । 'अतीतदोष' (एटले दोषविनाना) एम कहीने अढारे दोषोनो[१] सम्यक् प्रकारे क्षय कहेवाथी 'अपायापगमातिशय' (नामनो बीजो अतिशय जणाव्यो छे.) । १८ । 'अबाध्यसिद्धांत' (एटले बाधारहित सिद्धांतवाळा) एम कहीने कुतीर्थीओए स्थापन करेला जूठा हेतुओना समूहथी जेने बाधा पहोंची शकती नथी, एवा स्याद्वादरूप सिद्धांतनी (प्रभुनी) रचना कहेवाथी (तेमनो) 'वचनातिशय' (नामनो त्रीजो अतिशय जणाव्यो छे.) । १९ । 'अमर्त्यपूज्य' (एटले देवोने पूजनीक) एम कहीने खास अंतःकरणनी भक्तिना समूहथी परिपूर्ण थएला देवदानवोना समूहना स्वामिओए (इंद्रोए) करेली महाप्रातिहार्यनी पूजाना जणाववाथी (प्रभुनो) 'पूजातिशय'

---

१ अंतरायदानलाभ–वीर्यभोगोपभोगगाः । हासो रत्यरती भीति–र्जुगुप्सा शोक एव च ॥ १ ॥ कामो मिथ्यात्वमज्ञानं–निद्राचाविरतिस्तथा । रागो द्वेषश्च नो दोषा–स्तेषामष्टादशाप्यमी ॥ २ ॥

त्पूजाऽतिशयः । २० । अत्राह परः । अनन्तविज्ञानमित्येतावदेवास्तु नाऽतीतदोषमिति । गतार्थत्वाद्दोषाऽत्ययं विनाऽनन्तविज्ञानत्वस्याऽनुपपत्तेरत्रोच्यते । २१ । कुनयमताऽनुसारिपरिकल्पिताप्तव्यवच्छेदार्थमिदं । २२ । तथाचाहुराजीविकनयाऽनुसारिणः ॥ ज्ञानिनो धर्मतीर्थस्य । कर्त्तारः परमं पदं ॥ गत्वाऽऽगच्छन्ति भूयोऽपि । भवं तीर्थनिकारतः । इति । तन्नूनं न ते अतीतदोषाः । कथमन्यथा तेषां तीर्थनिकारदर्शनेऽपि भवाऽवतारः । २३ । आह । यद्येवमतीतदोषमित्येवाऽस्तु अनन्तविज्ञानमित्यतिरिच्यते । दोषाऽत्ययेऽवश्यंभावित्वादनन्तविज्ञानत्वस्य । २४ । न । कैश्चिद्दोषाऽभावेऽपि त-

---

( नामनो चोथो अतिशय जणाव्यो छे. ) । २० । अहीं वादी शंका करे छे के ( प्रभुनुं ) 'अनंतविज्ञानवाळा' एटलुंज विशेषण रहेवा दो ? पण 'दोषविनाना' ए विशेषणनी जरूर नथी, केमके तेनो समावेश उपरना विशेषणमां आवी जाय छे ; कारणके दोषोना नाशविना अनंतविज्ञानपणानी प्राप्ति थती नथी. ( हवे ते शंकाना खुलासामाटे ) अहीं कहे छे. । २१ । जूठा न्यायवाळा मतने अनुसरनाराओए कल्पेला आप्तने जूदा पाडवामाटे आ विशेषण आप्युं छे. । २२ । केमके आजीविक मतने अनुसरनारा तेवी रीते (नीचे प्रमाणे) कहे छे. 'धर्मतीर्थना करनारा ज्ञानीओ मोक्षमां जइने, फरीने पण पोताना तीर्थनी हानीथी ( तिरस्कारथी ) अर्थात् पोताना तीर्थनो तिरस्कार थतो जोइने संसारमां आवे छे ( फरी अवतार ले छे ) माटे खरेखर तेवा ( ज्ञानीओ ) दूषणोविनाना नथी ; अने जो तेम न होत तो (पोताना) तीर्थनो तिरस्कार जोइने पण तेओ संसारमां शामाटे अवतार लेत ? । २३ । वळी वादी कहे छे के, जो एम होय तो 'दोषविनाना' एटलुंज विशेषण रहेवा दो ? पण त्यारे 'अनंतविज्ञानवाळा' ए विशेषण वधारे पडतुं छे ( नकामुं छे. ) केमके दोषोनो विनाश थवाथी 'अनंतविज्ञानपणुं' अवश्यज

जामनगर "जैनभास्करोदय" छापखानामां छाप्युं.

।२७। ननु तर्हि अबाध्यसिद्धान्तमित्यपार्थकं[1] यथोक्तगुणयुक्तस्याऽव्यभिचारिवचनत्वेन तदुक्तसिद्धान्तस्य बाधाऽयोगात् ।। २८ । न । अभिप्रायाऽपरिज्ञानात् । निर्दोषपुरुषप्रणीत एव अबाध्यः सिद्धान्तो । नाऽपरेऽपौरुषेयाद्याः । असम्भवादिदोषाघ्रातत्वात् इति ज्ञापनार्थं । २९ । आत्ममात्रतारकमूकाऽन्तकृत्केवल्यादिरूपमुण्ड[2] केवलिनो यथोक्तसिद्धान्तप्रणयनाऽसमर्थस्य व्यवच्छेदार्थं वा विशेषणमेतत् ।३०। अन्यस्त्वाह ।

---

भावो सर्वथा प्रकारे जोया छे, अने जेणे सर्वे भावो सर्वथा प्रकारे जोया छे तेणे एक भाव ( पण ) सर्वथा प्रकारे जोयो छे.' । २७ । वळी अहीं वादी शंका करे छे के, त्यारे 'अबाध्य सिद्धांतवाळा' ए विशेषण निरर्थक छे, केमके उपर वर्णवेला गुणवाळा जिनना वचनोने अव्यभिचारिपणुं होवाथी, अर्थात् तेवा गुणवाळा जिनेश्वरनां वचनो तो व्यभिचारविनानांज होय छे, अने तेथी तेमणे कहेला सिद्धांतमां बाधा होयज नही. । २८ । हवे ते वादीने कहे छे के, एम नही, ( ए तारुं कहेवुं अमारा ) अभिप्रायने जाण्याविना थयेलुं छे. केमके दूषणरहित पुरुषे जे सिद्धांत रचेलो छे, तेवो रचेलोज सिद्धांत बाधाविनानो कहेवाय, पण बीजा अपौरुषेय आदिक एटले पुरुषनी रचनाविनाना ( वेदादिकोने ) बाधाविनाना कहेवाय नही ; केमके तेवा सिद्धांतो असंभव आदिक दूषणोवाळां छे एवुं जणाववा माटे ( अमोए 'अबाध्यसिद्धांतवाळा' ए विशेषण आपेलुं छे. ) । २९ । अथवा फक्त पोतानेज तारनारा एवा मुंगा केवली अने अंतकृतकेवली आदिकरूप बहारना अतिशयविनाना केवलीओ, उपर वर्णवेला सिद्धांतोने रचवामां असमर्थ होवाथी तेओने जूदा पाडवामाटे ए विशेषण जाणी लेवुं. । ३० । वळी अहीं वादी

---

१ निरर्थकं । २ बाह्यातिशयरहिताः ।

अमर्त्यपूज्यमिति न वाच्यं । यावता[1] यथोद्दिष्टगुणगरिष्ठस्य त्रिभुवनविभोरमर्त्यपूज्यत्वं न कथंचन व्यभिचरतीति । ३१ । सत्यं । लौकिकानां हि अमर्त्या एव पूज्यतया प्रसिद्धास्तेषामपि भगवानेव पूज्य इति विशेषणेनाऽनेन ज्ञापयन्नाचार्यः परमेश्वरस्य देवाधिदेवत्वमावेदयति । ३२ । एवं पूर्वार्द्धे चत्वारोऽतिशया उक्ताः । ३३ । अनन्तविज्ञानत्वं च सामान्यकेवलिनामप्यवश्यंभावीत्यतस्तद्व्यवच्छेदाय श्रीवर्द्धमानमितिविशेष्यपदमपि विशेषणरूपतया व्याख्यायते । ३४ । श्रिया चतुस्त्रिंशदतिशयसमृद्ध्यनुभवात्मकभावार्हन्त्यरूपया वर्द्धमानं वर्द्धिष्णुं । ३५ । नन्वतिशयानां परिमिततयैव सिद्धान्ते प्रसिद्धत्वात्कथं वर्द्धमानतोपपत्तिरिति-

---

कहे छे के ‘ देवोने पूजनीक ’ ए विशेषण कहेवानी जरूर नथी, केमके उपर वर्णवेला सर्व गुणोवाळा जगतना स्वामीने देवोथी पूजनीकपणुं कोइ पण रीते अघटमान नथी, अर्थात् तेवा गुणोवाळाने देवो पूजे, ए असंभवित नथी. । ३१ । (त्यारे तेने कहे छे के, ते तारुं कहेवुं ) सत्य छे पण लौकिको (सामान्य) देवोने पूजनीक लेखे छे, ए प्रसिद्ध छे. अने तेओने पण जिनेश्वरज पूजनीक छे; एवीरीते ते विशेषणथी जणावता थका आचार्यजी जिनेश्वरनुं देवाधिदेवपणुं जणावे छे. । ३२ । एवीरीते पूर्वार्धमां चार अतिशयो कह्या. । ३३ । हवे अनंतविज्ञानपणुं तो सामान्य केवळिओने पण अवश्य लागु पडशे, तेथी तेओने जूदा पाडवामाटे ‘श्रीवर्धमान’ एवा विशेष्यपदनुं पण विशेषणतरिके व्याख्यान कराय छे. । ३४ । श्री एटले चोत्रीस अतिशयोनी समृद्धिना अनुभवरूप भाव अरिहंतनी लक्ष्मीए करीने वृद्धि पामता । ३५ । (अहीं वादी शंका करे के) सिद्धांतमां तो अतिशयोनी अमुकज संख्या प्रसिद्ध होवाथी

---

१ सामस्त्येन ।

२

चेन्न । ३६ । यथा निशीथचूर्णौ भगवतां श्रीमदर्हतामष्टोत्तरसहस्रसङ्ख्यबाह्यलक्षणसङ्ख्या उपलक्षणत्वेनाऽन्तरङ्गलक्षणानां सत्वादीनामानन्त्यमुक्तमेवमतिशयानामधिकृतपरिगणनायोगेऽप्यपरिमितत्वमविरुद्धं । ततो नाऽतिशयश्रिया वर्द्धमानत्वं दोषाश्रय इति । ३७ । अतीतदोषता चोपशान्तमोहगुणस्थानवर्तिनामपि सम्भविनीत्यतः क्षीणमोहाख्याऽप्रतिपातिगुणस्थानप्राप्तिप्रतिपत्त्यर्थं जिनमितिविशेषणं ।३८। रागादिजेतृत्वाज्जिनः। समूलकाषङ्कषितरागादिदोष इति । ३९ । अबाध्यसिद्धान्तता च श्रुतकेवल्यादिष्वपि दृश्यतेऽतस्तदपोहायाऽऽप्तमुख्यमितिविशेषणं। ४० । आप्तिर्हि रागद्वेषमोहानामैकान्तिक[1] आत्यन्तिकश्च क्षयः। सा येषामस्ति ते

---

वृद्धिपणानी प्राप्ति केम कही शकाय? (तो तेने कहेवुं के) एम नही । ३६ । केमके निशीथचूर्णिमां श्रीमान् अरिहंत भगवानना एक हजारने आठ बाह्य लक्षणो कहेलां छे, अने उपलक्षणथी सत्वादिक अंतरंग लक्षणो अनंतां कहेलां छे; एवी रीते अतिशयोनी जोके अमुक संख्या कहेली छे, छतां तेओनुं अपरिमितपणुं कहेवामां विरोध नथी; अने तेथी (प्रभुनुं) अतिशयोनी लक्ष्मीथी वृद्धि पामवापणुं दोषयुक्त नथी. ।३७। वळी 'दोषरहितपणुं' तो उपशांतमोह नामना (अग्यारमा) गुणठाणापर रहेलाओने पण संभवे छे, तेथी क्षीणमोह नामना पाछा नही पडनारा (बारमा) गुणठाणानी प्राप्ति अंगीकार करवा माटे 'जिन' ए विशेषण आपेलुं छे. । ३८ । रागादिकने जीतनार होवाथी 'जिन,' एटले छेक मूळमांथी जेणे रागादिक दोषोने उखेडी नाखेला छे. । ३९। बाधारहित सिद्धांतपणुं तो श्रुतकेवलि आदिकमां पण देखाय छे, तेथी तेओने जूदा पाडवा माटे 'आप्तमुख्य' ए विशेषण आपेलुं छे. । ४० । 'आप्ति' एटले रागद्वेष अने मोहनो एकांत अने अत्यंत क्षय; अने तेवी

---

१ निःशेषीकृतेऽपि पुनरुद्भवमाशंक्य आत्यंतिकः अभूयःसंभवदोषविनाशः

खल्वाप्ताः । ४१ । अर्शादित्त्वान्मत्वर्थीयोऽच् प्रत्ययः । ४२ । तेषु मध्ये मुखमिव सर्वाङ्गानां प्रधानत्वेन मुख्यं । ४३ । शाखादेर्य इति तुल्ये यः । ४४ । अमर्त्यपूज्यता च तथाविधगुरूपदेशपरिचर्यापर्याप्तविद्याचरणसंपन्नानां सामान्यमुनीनामपि न दुर्घटा। अतस्तन्निराकरणाय स्वयंभुवमितिविशेषणं । ४५ । स्वयमात्मनैवपरोपदेशानिरपेक्षतयाऽवगततत्वो भवतीति स्वयंभूः स्वयंसंबुद्धस्तमेवंविधं चरमजिनेन्द्रं स्तोतुं स्तुतिविषयीकर्त्तुमहं यतिष्ये यत्नं करिष्यामि । ४६ । अत्र चाचार्यो भविष्यत्कालप्रयोगेण योगिनामप्यशक्याऽनुष्ठानं भगवद्गुणस्तवनं मन्यमानः श्रद्धामेव स्तुतिकरणेऽसाधारणं कारणं ज्ञापयन् यत्नकरणमेव मदधीनं न पुनर्यथावस्थितभगवद्गुणस्तवनसिद्धिरितिसूचितवान् । ४७ । अहमिति च गतार्थत्वेऽपि परो-

---

रीतनो क्षय जेओने होय ते 'आप्त' कहेवाय । ४१ । 'अर्शादिपणाथी मत्वर्थी-अच्-प्रत्यय आवेलो छे.' । ४२ । वळी जेम सर्व अंगोमां मुख श्रेष्ट छे, तेम तेवा आप्तोमां पण जे मुख्य छे. । ४३ । 'शाखादेर्य' ए सूत्रथी तुल्य अर्थमां 'य' प्रत्यय थयेलो छे. । ४४ । वळी देवोथी पूजनीकपणुं तो सुगुरुना उपदेशथी अने सेवाथी प्राप्त थयेली विद्याचरणनी संपदावाळा सामान्य मुनिओने पण दुर्लभ नथी, तेथी तेओने जूदा पाडवा माटे 'स्वयंभुवं' ए विशेषण आपेलुं छे. । ४५ । स्वयं एटले पोतानी मेळेज अर्थात् परना उपदेशनी अपेक्षा राख्याविना जे तत्वने जाणे ते 'स्वयंभू' एटले पोतानी मेळेज बोध पामेला, एवा छेल्ला (चोवीसमा) जिनेश्वरने हुं स्तुतिविषय करवाने यत्न करीश. । ४६ । अहीं आचार्य महाराज भविष्यकाळना प्रयोगे करीने योगीओथी पण न थइ शके, एवा प्रभुना स्तवनने मानता थका, स्तुति करवामां फक्त श्रद्धानेज असाधारण कारण जणावता थका 'यत्न करवो' एज मारे आधीन छे, पण प्रभुना यथास्थित गुणोना स्तवननी सिद्धि मारे आधीन नथी, एम

पदेशाऽन्याऽनुवृत्त्यादिनिरपेक्षतया निजश्रद्धयैव स्तुतिप्रारम्भ इतिज्ञापनार्थं । ४८ । अथवा श्रीवर्द्धमानादिविशेषणचतुष्टयमनन्तविज्ञानादिपदचतुष्टयेन सह हेतुहेतुमद्भावेन व्याख्यायते । ४९ । यत एव श्रीवर्द्धमानमतएवाऽनन्तविज्ञानं श्रिया कृत्स्नकर्मक्षयाविर्भूताऽनन्तचतुष्क[१]संपद्रूपया वर्द्धमानं ।५०। यद्यपि श्रीवर्द्धमानस्य परमेश्वरस्याऽनन्तचतुष्कसंपत्तेरुत्पत्त्यनन्तरं सर्वकालं तुल्यत्वाच्चयाऽपचयौ न स्तस्तथापि निरपचयत्वेन शाश्वतिकाऽवस्थानयोगाद्वर्द्धमानत्वमुपचर्यते । ५१ । यद्यपि च श्रीवर्द्धमान विशेषणेनाऽनन्तचतुष्काऽन्तर्भावित्वेनाऽनन्तविज्ञानत्वमपिसिद्धं तथाप्यन-

---

(तेमणे) सूचव्युं छे. । ४७ । 'हुं' एम अंदरथी निकळी आवतुं हतुं, छतां पण परने उपदेश देवामां बीजानी अनुवृत्ति आदिकनी अपेक्षा राख्याविना फक्त पोतानी श्रद्धाथीज स्तुतिनो प्रारंभ करेलो छे, एम जणाववा माटे 'अहं' शब्द वापरेलो छे. । ४८ । अथवा 'श्रीवर्धमानादिक' चारे विशेषणो 'अनंतविज्ञानादिक' चारे पदोनी साथे हेतुहेतुमद्भावे करीने हवे व्याख्यान कराय छे. । ४९ । जेथी लक्ष्मीथी वृद्धि पामता तेथीज अनंत विज्ञानवाळा ; श्री एटले सर्व कर्मोना क्षयथी प्रगट थएलां अनंतचतुष्टय (ज्ञान, दर्शन, चारित्र अने वीर्यरूप) लक्ष्मीथी वृद्धि पामता. । ५० । जोके श्रीवर्धमान प्रभुने अनंतचतुष्टयनी संपत्ति प्राप्त थया पछी सर्व काळे तेनुं तुल्यपणुं होवाथी तेमां वधघट थती नथी, तोपण घटाडो न थवाथी शाश्वती अवस्थाना योगथी वृद्धिपणुं उपचारी लेवाय छे. । ५१ । वळी जोके 'लक्ष्मीथी वृद्धि पामता' ए विशेषणवडे अनंतचतुष्टयनो अंदर समावेश थवाथी 'अनंतविज्ञानपणुं' पण सिद्ध थाय छे, तोपण अनंतविज्ञानज परोपकारमां विशेष साधनभूत होवाथी,

---

१ अनंतज्ञानदर्शनचारित्रवीर्याणि ।

न्तविज्ञानस्यैव परोपकारसाधकतमत्वाद्भगवत्प्रवृत्तेश्च परोपकारैकनिबन्धनत्वादनन्तविज्ञानत्वं शेषाऽनन्तत्रयात्पृथग् निर्द्धार्याऽऽचार्येणोक्तं ।९२। ननु यथा जगन्नाथस्याऽनन्तविज्ञानं परार्थं तथाऽनन्तदर्शनस्य केवलज्ञानाऽपरपर्यायस्य पारार्थ्यमव्याहतमेव केवलज्ञानकेवलदर्शनाभ्यामेव हि स्वामी क्रमप्रवृत्तिभ्यामुपलब्धं सामान्यविशेषात्मकं पदार्थसार्थं परेभ्यः प्ररूपयति । तत्किमर्थं तन्नोपात्तमितिचेदुच्यते । ९३ । विज्ञानशब्देन तस्याऽपि संग्रहाददोषः । ज्ञानमात्राया[१] उभयत्राऽपि समानत्वात् ।९४। यएव हि अभ्यन्तरीकृत[२] समताख्यधर्मा[३] विषमताधर्मविशिष्टा[४] ज्ञानेन गम्यन्तेऽर्थास्त एव अभ्यन्तरीकृतविषमताधर्माः समताधर्मविशिष्टा दर्शनेन गम्यन्ते जीव-

---

अने प्रभुनी प्रवृत्ति पण फक्त परोपकारनाज निबंधनरूप होवाथी, अनंतविज्ञानपणाने बाकीना त्रणथी जूदुं पाडीने आचार्यजीए कहेलुं छे. । ९२ । अहीं कोइ शंका करे के, जेम जगतना स्वामीनुं अनंतविज्ञान परोपकारमाटे छे, तेम अनंतदर्शन के जेनुं बीजुं नाम केवळदर्शन छे, ते पण परोपकारमाटे योग्यज छे, केमके प्रभु तो अनुक्रमे प्रवृत्तिवाळां एवां केवळज्ञान अने केवळदर्शनथीज प्राप्त थयेला सामान्यविशेषरूप पदार्थोना समूहनो परप्रते उपदेश करे छे, तो शामाटे तेने अंगीकार न कर्युं? तेने माटे कहे छे के, । ९३ । विज्ञान शब्दथी तेने पण ग्रहण करेलुं होवाथी तेमां दूषण नथी. केमके ज्ञाननी इयत्तानुं बन्ने तरफ तुल्यपणुं छे, । ९४ । कारण के आत्माना स्वभावथी गौण करेल छे सामान्यनो धर्म जेओमां, अने विशेष धर्म छे मुख्य जेओमां एवा जे पदार्थो ज्ञानवडे जणाय छे, तेज पदार्थो गौण करेल छे विशेषधर्म जेओमां अने मुख्य छे सामान्य धर्म जेओमां एवा थया थका दर्शने करीने ज-

---

१ इयत्तायाः । २ गौणीकृत । ३ सामान्याख्यधर्माः । ४ विशेषधर्मयुक्ताः ।

स्वाभाव्यात् । ९९ । सामान्यप्रधानमुपसर्जनीकृत[1]विशेषमर्थग्रहणं दर्शनमुच्यते । तथा प्रधानविशेषमुपसर्जनीकृतसामान्यं च ज्ञानमिति । ९६ । तथा यत एव जिनमत एवाऽतीतदोषं रागादिजेतृत्वाद्धि जिनः । नचाऽजिनस्याऽतीतदोषता । ९७ । तथा यत एवाऽऽप्तमुख्यमत एवाऽबाध्यसिद्धान्तं आप्तो हि प्रत्ययित उच्यते । तत आप्तेषु मुख्यं श्रेष्ठं । आप्तमुख्यत्वं च प्रभोरविसंवादिवचनतया विश्वविश्वासभूमित्वात् । अत एवाऽबाध्यसिद्धान्तं । न हि यथावज्ज्ञानाऽवलोकितवस्तुवादी सिद्धान्तः कुनयैर्बाधितुं शक्यते ।९८। यत एव स्वयंभुवमत एवाऽमर्त्यपूज्यं । पूज्यते हि देवदेवो जगत्त्रयविल-

---

णाय छे. । ९९ । केमके सामान्य धर्म छे मुख्य जेमां अने गौण करेल छे विशेषधर्म जेमां, एवी रीतना पदार्थनुं जे ग्रहण एटले जाणवुं, ते दर्शन कहेवाय छे; अने मुख्य छे विशेषधर्म जेमां तथा गौण करेल छे सामान्यधर्म जेमां, एवा पदार्थनुं जे जाणवुं, ते ज्ञान कहेवाय छे. ।९६। वळी जेथी 'जिन' छे तेथीज ते दोषविनाना छे; रागादिकने जीतनारा होवाथी 'जिन' छे; वळी जे 'जिन' नथी तेओने दूषणरहितपणुं घटतुं नथी. । ९७ । वळी जेथी आप्तोमां मुख्य छे तेथीज ते बाधारहित सिद्धांतवाळा छे; जे प्रतीतिवान् होय ते आप्त कहेवाय, अने तेवा आप्तोमां प्रभु मुख्य छे; केमके (पोताना) विसंवादरहित वचनपणायें करीने ते जगतने विश्वासना स्थानकभूत होवाथी तेमने आप्तोमां मुख्यपणुं छे अने तेथीज ते बाधारहित सिद्धांतवाळा छे; वळी यथास्थित ज्ञानथी जोएली वस्तुओने कहेनारा सिद्धांतने कुनयवादीओ बाधा पहोंचाडी शकता नथी. । ९८ । वळी जेथीज पोतानी मेळे बोध पामेला छे, तेथीज देवोने ते पूजवालायक छे; केमके त्रणे जगतमां विलक्षण छे ल-

---

[1] गौणीकृत ।

क्षणलक्षणेन स्वयंसम्बुद्धत्वगुणेन सौधर्मेन्द्रादिभिरमर्त्यैरिति । ५९ । अत्र च श्रीवर्द्धमानमितिविशेषणतया यद्व्याख्यातं तदयोगव्यवच्छेदाऽभिधानप्रथमद्वात्रिंशिकाप्रथमकाव्यतृतीयपादवर्त्तमानं श्रीवर्द्धमानाऽभिधमात्मरूपमिति विशेष्यमनुवर्त्तमानं बुद्धौ संप्रधार्य विज्ञेयं तत्र हि आत्मरूपमितिविशेष्यपदं । प्रकृष्ट आत्मा आत्मरूपस्तं परमात्मानमिति यावत्[1] । ६० । आवृत्त्या वा विशेषणमपि विशेष्यतया व्याख्येयमिति प्रथमवृत्तार्थः । ६१ । अस्यां च स्तुतावन्ययोगव्यवच्छेदोऽधिकृतस्तस्य च तीर्थान्तरीयपरिकल्पिततत्त्वाभासनिरासेन तेषामाप्तत्वव्यवच्छेदः स्वरूपं । तच्च भगवतो यथाऽवस्थितवस्तुतत्त्ववादित्वख्यापनेनैव प्रामाण्यमश्नुते । ६२ ।

---

क्षण जेनुं एवा पोतानी मेळे बोध पामवापणाना गुणें करीने ( आ ) देवाधिदेव सौधर्मेंद्रादिक देवोथी पूजाय छे. । ५९ । वळी अहीं 'श्रीवर्धमान' ए पदनुं जे विशेषणरूपें व्याख्यान करेलुं छे, ते अयोगव्यवच्छेदिका नामनी पेहेली बत्रीसीना पेहेला काव्यना त्रीजा पादमां रहेला 'श्रीवर्धमानाभिधमात्मरूप' एवी रीतना विशेष्यने बुद्धिपूर्वक चाल्युं आवतुं जाणीने कर्युं छे एम जाणवुं. अने त्यां 'आत्मरूपं' ए विशेष्यपद छे; उत्तम आत्मा ते आत्मरूप, तेवा परमात्मानी ( हुं स्तुति करीश ) एम जाणवुं. । ६० । अथवा पुनरावृत्तिथी ते विशेषणनुं पण विशेष्यरूपें व्याख्यान करी लेवुं. एवी रीते पेहेला काव्यनो अर्थ जाणवो.

। ६१ ।आ स्तुतिमां अन्यदर्शनीओना योगने जूदा पाडवानुं अंगीकार करेलुं छे, अने तेनुं स्वरुप ए छे के, अन्यदर्शनीओए कल्पेला जूठा तत्वोनुं खंडन करीने तेओनुं आप्तपणुं जूदुं पाडवुं ; अने ते कार्य जिनेश्वरप्रभुनुं सत्य वस्तुतत्ववादीपणुं जणाववावडेज प्रमाणवाळुं थाय छे ; । ६२ । आथी करीने स्तुतिकार त्रणे जगतना स्वामीना सर्व गु-

---

१ पर्यायः ।

अतःस्तुतिकारस्त्रिजगद्गुरोर्निःशेषगुणस्तुतिश्रद्धालुरपि सद्भूतवस्तुवादित्वाख्यं गुणविशेषमेव वर्णयितुमात्मनोऽभिप्रायमाविष्कुर्वन्नाह ।

**अयं जनो नाथ तव स्तवाय**
**गुणान्तरेभ्यः स्पृहयालुरेव ।**
**विगाहतां किन्तु यथार्थवाद-**
**मेकं परीक्षाविधिदुर्विदग्धः ॥ २ ॥**

हे स्वामी ? परीक्षा करवामां पोताने पंडित मानतो एवो आ माणस स्तुतिमाटे आपना बीजा गुणोप्रते ( पण ) इच्छावाळो छे ; तोपण एक यथार्थवाद नामना गुणमां प्रवेश करो ? अर्थात् तेज गुणनी स्तुति करो ?

---

। १ । हेनाथ अयं मल्लक्षणो जनस्तव गुणान्तरेभ्यो यथार्थवादव्यतिरिक्तेभ्योऽनन्यसाधारणशारीरलक्षणादिभ्यः स्पृहयालुरेव श्रद्धालुरेव किमर्थं स्तवाय स्तुतिकरणाय । इयं तादर्थ्येचतुर्थी पूर्वत्र तु स्पृहेर्व्याप्यं वेति लक्षणा । तव गुणान्तराण्यपि स्तोतुं स्पृहावानेवाऽयंजन इति भावः । २ । ननु यदि गुणान्तरस्तुतावपि स्पृहयालुता तत्किमर्थं तत्रोपेक्षेत्या-

---

णोनी स्तुतिमाटे श्रद्धावाळा छे, छतां पण ( तेमना ) यथार्थवस्तुवादीपणा नामना गुणविशेषनुंज वर्णन करवाने पोतानो अभिप्राय प्रगट करता थका कहे छे.

। १ । हे स्वामि ! आ हुं आपना यथार्थवाद शिवायना, बीजाओमां नही जणाता एवा शरीरसंबंधि लक्षणादिक गुणोप्रते स्तुति करवा माटे श्रद्धालुज छउं; ( अहीं 'पूर्वत्रस्पृहेर्व्याप्यं वा' ए सूत्रथी तादर्थ्यमां चतुर्थी विभक्ति छे. ) अर्थात् आपना बीजा गुणोनी स्तुति करवा माटे पण आ माणस इच्छावाळोज छे, एवो भाव जाणवो. । २ । ज्यारे ( प्रभुना ) बीजा गुणोनी स्तुतिमां पण इच्छा छे, तो तेमां शामाटे उपेक्षा

शङ्क्योत्तरार्द्धमाह । ३ । किंत्वित्यभ्युपगमविशेषद्योतने निपातः । ४ । एकमेकमेव यथार्थवादं यथाऽवस्थितवस्तुतत्वप्रख्यापनाख्यं त्वदीयं गुणमयं जनो विगाहतां स्तुतिक्रियया समन्तात् व्याप्नोतु तस्मिन्नेकस्मिन्नपि हि गुणे वर्णिते तन्त्रान्तरीयदैवतेभ्यो वैशिष्ट्यख्यापनद्वारेण वस्तुतः सर्वगुणस्तवनसिद्धेः । ५ । अथ प्रस्तुतगुणस्तुतिः सम्यक्परीक्षाक्षमाणामेव दिव्यदृशा[1]मौचिती[2]मञ्चति नाऽर्वाग्दृशां[3] भवादृशामित्याशङ्कां विशेषणद्वारेण निराकरोति । ६ । यतोऽयं जनः परीक्षाविधिदुर्विदग्धः अधिकृतगुणविशेषपरीक्षणविधौ दुर्विदग्धः पाण्डितंमन्य इति यावत् । ७ । अयमाशयो यद्यपि जगद्गुरोर्यथार्थवादित्वगुणपरीक्षणं मादृशां मतेरगोचर-

करवी जोइए? एवी शंका करीने उत्तरार्ध कहे छे. । ३ । 'किंतु' ए स्वीकार जणाववा माटेनो अव्यय छे. । ४ । तोपण यथार्थवाद एटले सत्य वस्तुस्वरूपने जणाववारूप तमारा गुणनी आ माणस स्तुति करवावडे चारेकोरथी व्याप्त थाओ? अर्थात् तमारा ते गुणनी स्तुति करो? केमके ते एकज गुणनुं वर्णन करते छते अन्यदर्शनीओना देवोथी श्रेष्टता जणाववाए करीने तत्वथी सर्व गुणोना स्तवननी सिद्धि थाय छे. । ५ । आ चालता गुणनी स्तुति तो सारी रीते परीक्षा करवाने समर्थ एवा अतींद्रियज्ञानीओनेज करवी उचित छे, पण तमारा जेवा छद्मस्थोने करवी उचित नथी; एवी रीतनी शंकानुं विशेषणद्वारथी निराकरण करे छे. ।६। केमके आ माणस (श्रीहेमचंद्राचार्य) परीक्षाविधिमां दुर्विदग्ध छे, एटले आ चालता गुणविशेषनी परीक्षा करवामां पोताने पंडित माननारो छे; । ७ । भावार्थ ए छे के, जोके जगद्गुरुना सत्यवादीपणारूप गुणनी परीक्षा मारी बुद्धिथी थइ शके तेम नथी तोपण भक्ति अने श्रद्धाना अ-

१ अतींद्रियज्ञानिनां । २ योग्यतां । ३ छद्मस्थानां।

स्तथाऽपि भक्तिश्रद्धाऽतिशयात् तस्यामहमात्मानं विदग्धमिवमन्य इति । विशुद्धश्रद्धाभक्तिव्यक्तिमात्रस्वरूपत्वात्स्तुतेरितिवृत्तार्थः ॥ २ ॥

। ८ । अथ ये कुतीर्थ्याः कुशास्त्रवासनावासितस्वान्ततया त्रिभुवनस्वामिनं स्वामित्वेन न प्रतिपन्नास्तानपि तत्त्वविचारणां प्रतिशिक्षयन्नाह ।

**गुणेष्वसूयां दधतः परेऽमी**
**माशिश्रियन्नाम भवन्तमीशं ।**
**तथापि सम्मील्य विलोचनानि**
**विचारयन्तां नयवर्त्म सत्यम् ॥ ३ ॥**

(हे प्रभु!) गुणोमां अदेखाइने धारण करता, एवा आ अन्यदर्शनीओ आपने ईश्वरतरीके भले नही मानो? तोपण आंखो वींचीने सत्य न्यायमार्गने (तो) विचारो? ॥ ३ ॥

---

। १ । अमी इति तत्वातत्वविमर्शबाह्यतया दूरीकरणार्हत्वाद्विप्रकृष्टाः[१] परे कुतीर्थिका भवन्तं त्वां अनन्यसामान्यसकलगुणनिलयमपि मा ईशं

---

तिशयथी तेमां हुं पोताने पंडितनी पेठे मानुं छुं, केमके निर्मळ श्रद्धा अने भक्तिने प्रगट करवी, तेज मात्र स्तुतिनुं स्वरूप छे; एवी रीते बीजा काव्यनो अर्थ जाणवो.

। ८ । हवे जे कुतीर्थीओ कुशास्त्रोनी वासनाथी वासित थएलां मने करीने, त्रण जगतना स्वामीने स्वामीरूपे नथी मानता, तेओने पण तत्वविचारनी शीखामण देता थका कहे छे.

। १ । 'अमी' एटले खराखोटानो विचार नही करनारा होवाथी दूर करवा लायक छे, तेथी अन्य एवा कुतीर्थीओ, बीजामां नही जणातां

---

१ इदमः प्रत्यक्षकृते । समीपतरवर्त्ति चैतदोरूपं ॥ अदसस्तु विप्रकृष्टे । तदिति परोक्षं विजानीयात् ॥ १ ॥

शिश्रियन् मा स्वामित्वेन प्रतिपद्यन्तां । यतो गुणेष्वसूयां दधतो गुणेषु बद्धमत्सराः । २ । गुणेषु दोषाविष्करणं ह्यसूया । यो हि यत्र मत्सरीभवति स तदाश्रयं नानुरुध्यते यथा माधुर्यमत्सरी करभः पुंड्रेक्षुकाण्डं । गुणाश्रयश्च भवान् । ३ । एवं परतीर्थिकानां भगवदाज्ञाप्रतिपत्तिं प्रतिषिध्य स्तुतिकारो माध्यस्थ्यमिवास्थाय तान् प्रति हितशिक्षामुत्तरार्द्धेनोपदिशति । ४ । तथापि त्वदाज्ञाप्रतिपत्तेरभावेऽपि लोचनानि नेत्राणि सम्मील्य मिलितपुटीकृत्य सत्यं युक्तियुक्तं नयवर्त्म न्यायमार्गं विचारयन्तां विमर्शविषयीकुर्वन्तु । ५ । अत्र च विचारयन्तामित्यात्मनेपदेन फलवत्कर्तृविषयेणैवं ज्ञापयत्याचार्यो यदवितथनयपथविचारणया तेषामेव फलं वयं केवलमुपदेष्टारः । ६ । किं तत्फलमिति चेत्प्रेक्षावत्तेतिब्रूमः । ७ ।

---

एवा सर्व गुणोना स्थानकरूप एवा पण आपने स्वामीतरिके भले नही मानो? केमके तेओ गुणोमां असूया एटले मत्सर धरनारा छे. । २ । गुणोमां जे दोषोने प्रगट करवा ते असूया कहेवाय. वळी जेम मीठाशप्रते मत्सर धरनारो उंट धोळी शेरडीना समूहने स्वीकारतो नथी, तेम जे जेनाप्रते मत्सरवाळो होय, ते तेनो आश्रय स्वीकारतो नथी. अने आप तो गुणोना आश्रयरूप छो. । ३ । एवी रीते अन्यदर्शनीओ प्रते जिनेश्वर प्रभुनी आज्ञाना स्वीकारनो निषेध करीने, स्तुतिकारे जाणे मध्यस्थपणुं धारण कर्युं होय नही तेम तेओप्रते उत्तरार्धे करीने हवे हितशिक्षानो उपदेश आपे छे के, । ४ । तेओ आपनी आज्ञाने भले न स्वीकारो, तोपण आंखो वींचीने युक्तिवाळा एटले सत्य न्यायमार्गने तो विचारो? । ५ । अहीं 'विचारयंतां' एवी रीतना आत्मनेपदवाळां क्रियापदथी 'करनारने फळ होय' एम होवाथी आचार्य महाराज एम जणावे छे के, जो सत्य न्यायमार्गपूर्वक तेओ विचार करे तो (तेथी) तेओनेज फल छे, अमो तो केवळ उपदेश देनारा छीए. । ६ । तेथी

सम्मील्य विलोचनानीति च वदतः प्रायस्तत्वविचारणमेकाग्रताहेतुनयननिमीलनपूर्वकं लोके प्रसिद्धमित्यभिप्रायः ।८। अथवा अयमुपदेशस्तेभ्योऽरोचमानएवाचार्येण वितीर्यते। ततोऽस्वदमानोऽप्ययं कटुकौषधपानन्यायेनायतिसुखत्वाद्भवद्भिर्नेत्रे निमील्य पेय एवेत्याकूतं । ९ । ननु च यदि पारमेश्वरे वचसि तेषामविवेकातिरेकादरोचकिता तत्किमर्थं तान्प्रत्युपदेशक्लेश इति । १० । नैवं परोपकारसारप्रवृत्तीनां महात्मनां प्रतिपाद्यगतां[१] रुचिमरुचिंवानपेक्ष्य हितोपदेशवृत्तिदर्शनात्तेषां हि परार्थस्यैव स्वार्थत्वेनाभिमतत्वात् । न च हितोपदेशादपरः पारमार्थिकः परार्थस्तथा

---

तेओने शुं फळ थाय? एम जो कोइ पूछे, तो अमो कहीए छीइ के बुद्धिवान्पणुं प्राप्त थाय. । ७ । ' आंखो वींचीने ' एम कहेवाथी एवो अभिप्राय जणाव्यो के, प्रायें करीने तत्वविचारनुं कार्य एकाग्रपणाना हेतुरूप आंखो वींचवापूर्वक थाय, एम दुनियामां प्रसिद्ध छे. । ८ । अथवा (हे अन्यदर्शनीओ!) आ उपदेश तमोने बीलकुल पसंद पडे तेवो नथीज, छतां पण आचार्यजी ते उपदेश देछे, तेथी स्वादविनानो पण आ, कडवां औषधने पीवाना न्याये करीने आगामीकाळमां सुखकारी होवाथी तमारे आंखो वींचीने पण पीवोज, एवो अभिप्राय छे. । ९ । अहीं वादी शंका करे छे के, ज्यारे परमेश्वरना वचनमां अत्यंत अविवेकथी तेओने अरुचिपणुं छे त्यारे तेओने वळी उपदेश देवा माटे तकलीफ शामाटे वेठवी जोइए? । १० । तो तेने कहेछे के, एम नहीं; कारण के परोपकारमांज उत्तम प्रवृत्तिवाळा महात्माओ शिष्यनी रुचि अथवा अरुचिनी अपेक्षा राख्याविना हितोपदेशनी प्रवृत्तिवाळा देखाय छे; केमके ते महात्माओए परमार्थनेज स्वार्थतरिके मानेलो छे; तेम हि-

---

१ शिष्यविषयां ।

चार्षम् । ११ ।=॥ [1]रूसउ वा परो मा वा । विसं वा परियत्तउ ॥ भासियव्वा हिया भासा । सपरकखगुणकारिया॥=।१२। उवाच च वाचकमुख्यः[2] ॥=न भवति धर्मःश्रोतुः । सर्वस्यैकान्ततो हितश्रवणात् ॥ ब्रुवतोऽनुग्रहबुद्ध्या। वक्तुस्त्वेकान्ततो भवति ॥=। इति वृत्तार्थः

। १३ । अथ यथावन्नयवर्त्मविचारमेव प्रपञ्चयितुं पराभिप्रेततत्त्वानां प्रामाण्यं निराकुर्वन्नादितस्तावत्काव्यषट्केनौलूक्यमताभिमततत्त्वानि दूषयितुकामस्तदन्तःपातिनो प्रथमतरं सामान्यविशेषौ दूषयन्नाह ॥

**स्वतोऽनुवृत्तिव्यतिवृत्तिभाजो[3]**
**भावा न भावान्तरनेयरूपाः ।**

---

तोपदेशाशिवाय बीजो कोइ तात्विक परमार्थ छे नही; ऋषिओ पण कहे छे के, । ११ । सामो माणस रोष करो अथवा म करो, अथवा (गमे तो) तेने झेर व्यापी जाओ, तो पण शत्रुने पण गुण करनारी एवी हितकारी भाषा बोलवी. । १२ । उमास्वातिजी पण कहे छे के, हितकारी उपदेश सांभळवाथी सर्व सांभळनाराओने कंइ एकांते धर्म थतो नथी, पण कृपाबुद्धिथी उपदेश आपता उपदेशकने तो एकांते धर्म थायज छे. एवी रीते त्रीजा काव्यनो अर्थ जाणवो.

। १३ । हवे सत्यन्यायमार्गना विचारनुंज विवेचन करवा माटे अन्यदर्शनीओए मानेलां तत्वोनी सत्यतानुं खंडन करता थका, पेहेलां तो छ काव्योए करीने वैशेषिकमते (कणादनामते) मानेलां तत्वोनुं दूषण देखाडवानी इच्छावाळा थया थका ते तत्वोनी अंदर रहेलां प्रथम सामान्य अने विशेषनुं खंडन करता थका कहे छे.

---

१ रुषतु वा परो मा वा, विषं वा पर्यटतु । भाषितव्या हिता भाषा, सपक्षगुणकारिता—इतिच्छाया. २ उमास्वातिरिति । ३ अन्वयव्यतिरेकयुक्ताः ।

परात्मतत्त्वादतथात्मतत्वाद्
द्वयं वदन्तोऽकुशलाः स्खलन्ति ॥ ४ ॥

पदार्थो पोतानी मेळेज सामान्यविशेषने भजनारा छे; पण ते पदार्थो एवा नथी के जेमां सामान्य अने विशेषनुं जूदा पदार्थतरिके प्रतीति करावनारुं स्वरूप होय. माटे जूठा एवा जूदा पदार्थना स्वरूपतरिके ते बन्नेने कहेता थका अकुशल वैशेषिकादिको स्खलना पामे छे. ॥ ४ ॥

---

। १ । अभवन् भवन्ति भविष्यन्ति चेति भावाः पदार्था आत्मपुद्गलादयस्ते स्वत इति । सर्वं हि वाक्यं [1]सावधारणमामनन्तीति स्वत एवात्मीयस्वरूपादेवानुवृत्तिव्यतिवृत्तिभाजः । २ । एकाकारा प्रतीतिरेकशब्दवाच्यता चानुवृत्तिर्व्यतिवृत्तिर्व्यावृत्तिर्विजातीयेभ्यः सर्वथाऽव्यवच्छेदस्ते उभे अपि संवलिते भजन्ते आश्रयन्तीति अनुवृत्तिव्यतिवृत्तिभाजः । सामान्यविशेषोभयात्मका इत्यर्थः । ३ । अस्यैवार्थस्य व्यतिरेकमाह । ४ । न भावान्तरनेयरूपा इति । नेति निषेधे । भावान्तराभ्यां पराभिमताभ्यां

---

। १ । जे थया, थाय छे, अने थशे, ते भावो एटले आत्मा अने पुद्गलादिक जे पदार्थो, ते पोताना स्वरूपथीज अनुवृत्ति अने व्यतिवृत्तिने एटले सामान्यविशेषने भजनारा छे. (सर्व वाक्यने एवकार सहित कहे छे.) । २ । तुल्य आकारनी खातरी अने तुल्य नामपणुं ते 'अनुवृत्ति' अने जूदी जातवाळाओथी सर्वथा प्रकारे जे जूदापणुं ते 'व्यतिवृत्ति' कहेवाय; अने ते बन्ने साथे रहीने एकी वखतेज जे पदार्थोनो आश्रय करे छे, ते पदार्थो अनुवृत्तिव्यतिवृत्तिने भजनारा, एटले सामान्यविशेष बन्नेमय कहेवाय. एवो भावार्थ जाणवो. । ३ । हवे तेज अर्थनो फेरवीने अर्थ कहे छे. । ४ । ते पदार्थो सामान्यविशेषरूप जूदा पदार्थनी

---

१ एवकारसहितं ।

द्रव्यगुणकर्मसमवायेभ्यः पदार्थान्तराभ्यां भावव्यतिरिक्तसामान्यविशेषाभ्यां नेयं प्रतीतिविषयं प्रापणीयं रूपं यथासंख्यमनुवृत्तिव्यतिवृत्तिलक्षणं स्वरूपं येषां ते तथोक्ताः । ५ । स्वभाव एव हि अयं सर्वभावानां यदनुवृत्तिव्यावृत्तिप्रत्ययौ स्वत एव जनयन्ति । ६ । तथा हि । घट एव तावत्पृथुबुध्नोदराद्याकारवान् प्रतीतिविषयीभवन् सन् अन्यानपि तदाकृतिभृतः पदार्थान् घटरूपतया घटैकशब्दवाच्यतया च प्रत्याययन् सामान्याख्यां लभते । ७ । स एव चेतरेभ्यः सजातीयविजातीयेभ्यो द्रव्यक्षेत्रकालभावैरात्मानं व्यावर्तयन् विशेषव्यपदेश[1]मश्नुते । इति न सामान्यविशेषयोः पृथक्पदार्थान्तरत्वकल्पनं न्याय्यं । पदार्थधर्मत्वेनैव तयोः प्र-

---

प्रतीति करावनारा स्वरूपवाळा नथी ; ( अहीं 'न' निषेधने अर्थे छे. ) अर्थात् अन्यदर्शनीओए ( वैशेषिकोए ) द्रव्य, गुण, कर्म अने समवायथी जूदा पदार्थतरिके मानेला एवा सामान्यविशेषें करीने अनुक्रमे प्रतीतिलायक अनुवृत्ति अने व्यावृत्तिना स्वरूपवाळा नथी. ।५।सर्व पदार्थो पोतानी मेळेज सामान्य अने विशेषपणानी प्रतीति उत्पन्न करे छे; केमके तेवो तेमनो स्वभाव छे. । ६ । जेमके घडो पेहेलां पोहोळा अने वळेला पेटार आदिकना आकारवाळो जणातो थको, तेवी आकृतिवाळा बीजा पदार्थोने ( पण ) घडारूपे अने घडा शब्दनाज नामथी जणावतो थको सामान्यरूप नामने प्राप्त थाय छे; । ७ । अने तेज घडो बीजा पोतानी जातिवाळा अने बीजी जातिवाळाओथी द्रव्य, क्षेत्र, काळ अने भावे करीने पोताने जूदो पाडतो थको विशेषरूप नामने प्राप्त थाय छे; माटे सामान्य अने विशेषनी जुदा पदार्थतरिके कल्पना करवी, ए व्याजबी नथी; केमके ते बन्ने तो पदार्थोना धर्म छे एवी खातरी थाय

---

1 उच्चारणं ।

तीयमानत्वात् । ८ । न च धर्म्मो धर्म्मिणः सकाशादत्यन्तं व्यतिरिक्ता एकान्तभेदे विशेषणविशेष्यभावाऽनुपपत्तेः । करभरासभयोरिव धर्म्मधर्म्मिव्यपदेशाऽभाव[1]प्रसङ्गाच्च । ९ । धर्म्माणामपि च पृथक्पदार्थान्तरत्वकल्पने एकस्मिन्नेव वस्तुनि पदार्थानन्त्यप्रसङ्गः । अनन्तधर्म्मकत्वाद्वस्तुनः । १० । तदेवं सामान्यविशेषयोः सतत्त्वं यथावदनवबुध्यमाना अकुशला अतत्त्वाभिनिविष्ट[2]दृष्टयस्तीर्थान्तरीयाः स्खलन्ति न्यायमार्गाद्भ्रश्यन्ति निरुत्तरीभवन्तीत्यर्थः । स्खलनेन चात्र प्रामाणिकजनोपहसनीयता ध्वन्यते । ११ । किं कुर्वाणाः । द्वयं अनुवृत्तिव्यावृत्तिलक्षणं प्रत्ययद्वयं वदन्तः । १२ । कस्मादेतत्प्रत्ययद्वयं वदन्त इत्याह । १३ । परात्मतत्वात्परौ पदार्थेभ्यो

---

छे; । ८ । वळी धर्मो धर्मीथी अत्यंत जूदा होयज नही; एकांतभिन्न मानवाथी, उंट अने गधेडाने जेम तेम विशेषण अने विशेष्यभावनी प्राप्ति थती नथी; अने तेथी तेओ वच्चे रहेलुं धर्मधर्मीपणुं टकी शकतुं नथी. । ९ । वळी धर्मोने पण जो जूदा पदार्थतरिके लेखवामां आवे, तो एकज पदार्थमां अनंत पदार्थोनो प्रसंग आवशे; कारण के पदार्थना धर्मो अनंता छे. । १० । माटे एवी रीते सामान्यविशेषना छतापणाने योग्यरीते नही जाणता (अने तेथी) अतत्वमां कदाग्रहयुक्त दृष्टिवाळा अन्यदर्शनीओ न्यायमार्गथी स्खलना पामे छे, अर्थात् उत्तर आपवाने असमर्थ थाय छे; अने तेवी रीते स्खलना पामवावडे प्रमाणिक माणसोथी तेओ हांसीने पात्र थाय छे, एम अहीं जणाव्युं छे. । ११ । शुं करता थका ? तो के अनुवृत्ति व्यावृत्तिरूप लक्षणवाळा बन्ने प्रतीतिविषयने कहेताथका (स्खलायमान) थाय छे. । १२ । हवे केवी रीते ते बन्ने प्रतीतिविषयने कहेता थका ? ते कहे छे । १३ । पर एटले पदा-

---

१ अनिष्टापादनं प्रसंगः । २ कदाग्रहिक ।

व्यतिरिक्तत्वादन्यौ परस्परनिरपेक्षौ च यौ सामान्यविशेषौ तयोर्यदात्मतत्वं स्वरूपमनुवृत्तिव्यावृत्तिलक्षणं तस्मात्तदाश्रित्येत्यर्थः । १४ । ('गम्ययपःकर्माधारे' इत्यनेन पञ्चमी ) । १५ । कथंभूतात्परात्मतत्वादित्याह । १६ । अतथात्मतत्वात् (माभूत्पराभिमतस्य परात्मतत्वस्य सत्यरूपतेति विशेषणमिदं ) यथा येनैकान्तभेदलक्षणेन प्रकारेण परैः प्रकल्पितं न तथा तेन प्रकारेणात्मतत्वं स्वरूपं यस्य तत्तथा तस्मात् । १७ । यतः पदार्थेष्वविष्वग्भावेन[1] सामान्यविशेषौ वर्त्तेते । तैश्च तौ तेभ्यः परत्वेन कल्पितौ । परत्वं चान्यत्वं । तच्चैकान्तभेदाऽविनाभावि । १८ । किंच पदार्थेभ्यः सामान्यविशेषयोरेकान्तभिन्नत्वे स्वीक्रियमाणे एकवस्तुविषयं

---

र्थोथी भिन्न होवाथी, जूदा, अने वळी मांहोमांहे अपेक्षाविनाना एवा जे सामान्यविशेष, तेओनुं अनुवृत्ति अने व्यावृत्तिना लक्षणवाळुं स्वरूप कहेवाथी. । १४ । (अहीं "गम्ययपःकर्माधारे" ए सूत्रथी पांचमी विभक्ति थइ छे.) । १५ । हवे ते जूदा पदार्थनुं स्वरूपपणुं केवुं छे? ते कहे छे. । १६ । ते स्वरूप जूठुं छे (परें मानेला (सामान्यविशेषना) जूदा पदार्थपणाना स्वरूपने सत्यस्वरूपनी प्राप्ति न थाओ? तेटलामाटे आ विशेषण आपेलुं छे.) कारण के जे एकांतभिन्नलक्षणवाळा प्रकारे करीने अन्योए स्वरूप कल्पेलुं छे, ते प्रकारें ते नथी, माटे ते जूठुं स्वरूप छे; । १७ । केमके, सामान्यविशेष तो पदार्थोमां अभिन्नभावें करीने रहेला छे, अने ते वैशेषिकोए तो तेओने ते पदार्थोथी जूदा कल्पेला छे; वळी जूदापणुं एटले अन्यपणुं, अने ते अन्यपणुं एकांत भेदविना होतुं नथी. । १८ । वळी पदार्थोथी सामान्यविशेषनुं जो एकांत जूदापणुं अंगीकार करीयें तो, एक पदार्थमां रहेली एवी अनुवृत्तिव्या-

---

१ अभिन्नभावेन ।

अनुवृत्तिव्यावृत्तिरूपं प्रत्ययद्वयं नोपपद्येत । १९ । एकान्ताभेदेचान्यतरस्यासत्त्वप्रसङ्गः । सामान्यविशेषव्यवहाराऽभावश्च स्यात् । सामान्यविशेषोभयात्मकत्वेनैव वस्तुनः प्रमाणेन प्रतीतेः । २० । परस्परनिरपेक्षपक्षस्तु पुरस्तान्निर्लोठयिष्यते । २१ । अत एव तेषां वादिनां स्खलनक्रिययोपहसनीयत्वमभिव्यज्यते । २२ । यो हि अन्यथा स्थितं वस्तुस्वरूपमन्यथैव प्रतिपद्यमानः परेभ्यश्च तथैव प्रज्ञापयन् स्वयं नष्टः परान्नाशयति । न खलु तस्मादन्य उपहासपात्रमिति वृत्तार्थः ॥ ४ ॥

। २३ । अथ तदभिमतावेकान्तनित्याऽनित्यपक्षौ दूषयन्नाह ।

**आदीपमाव्योम समस्वभावं**
**स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु ।**

वृत्तिरूप बे प्रतीति थती नथी, । १९ । अने जो एकांत अजूदापणुं मानीयें तो, ते बन्नेमांथी एकने (एटले कांतो पदार्थने अने कांतो सामान्यविशेषने) अछतापणानो प्रसंग आवशे ; तेमज सामान्यविशेषना व्यवहारनो पण विनाश थाय, केमके सामान्य अने विशेष एम बन्नेना स्वरूपपणावडेज पदार्थनी प्रमाणपूर्वक प्रतीति थाय छे. । २० । वळी ते सामान्यविशेष मांहोमांहे अपेक्षाविनाना छे, ए पक्षनुं खंडन आगळ करवामां आवशे. । २१ । आथीज तेओनुं स्खलनपणुं थाय छे, अने तेथी तेओनी हांसी प्रगटरीते कराय छे. । २२ । केमके, जे माणस जूदी रीतना वरतुना स्वरूपने, तेथी उलटीजरीते (पोते) अंगीकार करतो थको, अने बीजाओने पण उलटीजरीते समजावतो थको पोते नष्ट थइने बीजानो पण नाश करे छे, ते माणस शिवाय खरेखर बीजो कोइ हांसीने पात्र नथी. एवी रीते चोथा काव्यनो अर्थ जाणवो.

। २३ । हवे ते वैशेषिकोए मानेला एकांतनित्य अने एकांत अनित्य पक्षनुं दूषण देखाडता थका कहे छे.

**तन्नित्यमेवैकमनित्यमन्य-**
**दिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥ ५ ॥**

दीपकथी मांडीने छेक आकाशसुधिना पदार्थो तुल्य स्वभाववाळा छे; केमके, तेओ स्याद्वादनी मर्यादानुं उल्लंघन करता नथी. छतां पण (आकाशादिक एकांते) नित्यज छे, अने बीजा (दीपकादिक एकांते) अनित्यज छे, एवी रीतनां निरर्थक वचनो तो (हे प्रभु!) आपना शासनसाथे वैर राखनाराओनां छे. ॥ ५ ॥

---

। १ । आदीपं दीपादारभ्य आव्योम व्योम मर्यादीकृत्य सर्वं वस्तु पदार्थस्वरूपं समस्वभावं समस्तुल्यः स्वभावः स्वरूपं यस्य तत्तथा । किंच वस्तुनः स्वरूपं द्रव्यपर्यायात्मकमिति ब्रूमः । २ । तथा च वाचकमुख्यः "उत्पादव्ययध्रौव्ययुक्तं सदिति" । ३ । समस्वभावत्वं कुत इति विशेषणद्वारेण हेतुमाह । स्याद्वादमुद्राऽनतिभेदि । ४ । स्यादित्यव्ययमनेकान्तद्योतकं । ततः स्याद्वादोऽनेकान्तवादो नित्यानित्याद्यनेकधर्मशब-

---

। १ । छेक दीपकथी मांडीने आकाशसुधिना सर्व पदार्थोनुं स्वरूप तुल्य छे स्वभाव जेनो एवुं छे; एटले के पदार्थनुं स्वरूप द्रव्यपर्यायरूप छे, एम अमो कहीये छीए. । २ । श्री उमास्वाति महाराज पण कहे छे के 'उत्पत्ति, विनाश अने स्थिरतावाळुं सत् छे.' । ३ । (पदार्थनुं) तुल्य स्वभावपणुं शामाटे छे? ते जणाववामाटे विशेषणरूपे हेतु कहे छे के, पदार्थ छे ते स्याद्वादनी मर्यादाने उल्लंघन करनार नथी. । ४ । 'स्यात्' ए अनेकांतने जणावनारो अव्यय छे, तेथी स्याद्वाद एटले अनेकांतवाद, अर्थात् नित्य अने अनित्य आदिक अनेक धर्मवाळा एक पदार्थनो स्वीकार; (एटलेके एक पदार्थमां नित्य अने अनित्य आदिक अनेक धर्मो समाएला छे, एम जे मानवुं ते स्याद्वाद कहेवाय.) एवी

लैकवस्त्वभ्युपगम इति यावत् । तस्य मुद्रा मर्यादा तां नाऽतिभिनत्ति नातिक्रामतीति स्याद्वादमुद्रानतिभेदि । ५ । यथा हि न्यायैकनिष्ठे राजनि राज्यश्रियं शासति सति सर्वाः प्रजास्तन्मुद्रां नातिवर्त्तितुमीशते । तदतिक्रमे तासां सर्वार्थहानिभावादेवं विजयिनि निष्कण्टके स्याद्वादमहानरेन्द्रे तदीयमुद्रां सर्वेऽपि पदार्था नातिक्रामन्ति । तदुल्लङ्घने तेषां स्वरूपव्यवस्थाहानिप्रसक्तेः । ६ । सर्ववस्तूनां समस्वभावत्वकथनं च पराभीष्टस्यैकं वस्तु व्योमादि नित्यमेवान्यच्च प्रदीपाद्यनित्यमेवेति वादस्य प्रतिक्षेपबीजं । ७ । सर्वे हि भावा द्रव्यार्थिकनयापेक्षया नित्याः पर्यायार्थिकनयादेशा[1]त्पुनरनित्यास्तत्रैकान्ताऽनित्यतया परैरङ्गीकृतस्य प्रदीपस्य ता-

---

रीतना स्याद्वादनी जे मर्यादा, तेनुं जे पदार्थ उल्लंघन करे नहीं, तेने स्याद्वादनी मुद्राने नहीं उल्लंघनारो कहीयें. । ५ । जेम एक न्यायनीज प्रवृत्तिवाळो राजा ज्यारे राज करतो होय त्यारे, सर्व प्रजा तेनी मोहोरनुं ( सिक्कानुं ) उल्लंघन करी शकती नथी, केमके जो ते मोहोरनुं उल्लंघन करे तो, तेने सर्व अर्थनी हानि थाय छे; तेम स्याद्वादरूपी महान् राजा निष्कंटकरीते विजय पामते छते, तेनी मर्यादाने सर्व पदार्थो उल्लंघन करता नथी; केमके तेनुं उल्लंघन करवाथी तेओना स्वरूपनी व्यवस्थानी हानि थाय छे. । ६ । वळी सर्व पदार्थोनुं जे तुल्यस्वभावपणुं कह्युं ते, ' एक आकाशादि वस्तु नित्यज छे, अने बीजी प्रदीप आदिक वस्तु अनित्यज छे ' एवी रीते परे ( वैशेषिके ) मानेला मतनुं खंडन करवामां बीजरूप छे. । ७ । सर्व पदार्थो द्रव्यार्थिक नयनी अपेक्षावडे नित्य छे, अने पर्यायार्थिक नयनी अपेक्षाए अनित्य छे; तेमां एकांत अनित्यपणावडे वादीओए अंगीकार करेला दीपकनुं पेहेलां तो

---

१ प्राधान्यात् अपेक्षातो वा ।

वन्नित्याऽनित्यत्वव्यवस्थापने दिङ्मात्रमुच्यते । ८ । तथा हि । प्रदीपपर्यायापन्नास्तैजसाः परमाणवः स्वरसत[1] स्तैलक्षयाद्वाताभिघाताद्वा ज्योतिःपर्यायं परित्यज्य तमोरूपं पर्यायान्तरमासादयन्तोऽपि नैकान्तेनानित्याः पुद्गलद्रव्यरूपतयाऽवस्थितत्वात्तेषां । नह्येतावतैवाऽनित्यत्वं यावता पूर्वपर्यायस्य विनाश उत्तरपर्यायस्य चोत्पादः । ९ । न खलु मृद्द्रव्यं स्थासककोश[2] कुशूलशिवकघटाद्यवस्थान्तराण्यापद्यमानमप्येकान्ततो विनष्टं । तेषु मृद्द्रव्यानुगमस्याऽऽबालगोपालं प्रतीतत्वात् । १० । न च तमसः पौद्गलिकत्वमसिद्धं । चाक्षुषत्वान्यथानुपपत्तेः प्रदीपालोकवत् । ११ । अथ यच्चाक्षुषं तत्सर्वं स्वप्रतिभासे आलोकमपेक्षते । नचैवं तमस्तत्कथं चाक्षुषं

---

नित्याऽनित्यपणुं स्थापन करवामाटे कंइंक कहीये छीए. । ८ । दीपकरूप पर्यायने प्राप्त थएला तेजसंबंधि परमाणुओ स्वभावथी तेलना क्षयथी अथवा वायुना जोरथी प्रकाशरूप पर्यायने तजीने अंधकाररूप बीजा पर्यायने पामता थका पण एकांते अनित्य नथी, केमके पुद्गलद्रव्यरूपे तो तेओ रहेलांज छे; वळी ज्यांसुधि पेहेलांना पर्यायनो विनाश अने पछीना पर्यायनी उत्पत्ति थाय त्यांसुधि कंइं अनित्यपणुं घटेज नही. ।९। जेमके माटीरूप द्रव्य, त्रांस, कोश, कोठी, घटिका तथा घडा आदिकरूप जूदी जूदी अवस्थाने पामतुं थकुं पण खरेखर एकांतथी नाश पाम्युं नथी; केमके तेओमां जे मोटीरूप द्रव्यनो चालु क्रम आवेलो छे, तेने बाळक अने गोवाळ सुद्धां पण जाणे छे. । १० । वळी अंधकारनुं पुद्गलिकपणुं कंइ असिद्ध नथी, केमके जो तेम नहोत तो दीपकना अजवाळांनी पेठे दृष्टिथी ते देखात नही. । ११ । अहीं वादी शंका करे छे के जे वस्तु चक्षुथी देखाय, ते सघळी पोताने देखाडवामां प्रकाशनी

---

१ स्वभावतः । २ मृत्पात्रविशेषः ।

। १२ । नैवमुलूकादीनामालोकमन्तरेणापि तत्प्रतिभासात् । १३ । यैस्तु अस्मदादिभिरन्यच्चाक्षुषं घटादिकमालोकं विना नोपलभ्यते तैरपि तिमिरमालोकयिष्यते विचित्रत्वाद्भावानां । १४ । कथमन्यथा पीतश्वेताद्योऽपि स्वर्णमुक्ताफलाद्या आलोकापेक्षदर्शनाः । प्रदीपचन्द्रादयस्तु प्रकाशान्तरनिरपेक्षाः । इति सिद्धं तमश्चाक्षुषं । १५ । रूपवत्वाच्च स्पर्शवत्वमपि प्रतीयते । शीतस्पर्शप्रत्ययजनकत्वात् । १६ । यानि त्वनिबिडावयवत्वमप्रतिघातित्वमनुद्भूतस्पर्शविशेषत्वमप्रतीयमानखण्डावयविद्रव्यप्रतिभागत्वमित्यादीनि तमसः पौद्गलिकत्वनिषेधाय परैःसाधनान्युपन्यस्तानि । तानि प्रदीपप्रभादृष्टान्तेनैव प्रतिषेध्यानि । तुल्ययोगक्षेमत्वात् । १७ । न

---

अपेक्षा राखे छे; पण अंधकाररूप पदार्थ तेवो नथी, तो तेने चक्षुथी देखाय एवो केम कहेवाय? । १२ । तो तेने कहे छे के, एम नहीं; केमके घुवडादिकोने प्रकाशविना पण ते देखाय छे. । १३ । वळी जे आपण आदिकोने चक्षुथी देखाय तेवा बीजा घटादिक पदार्थो प्रकाशविना देखाता नथी, तेओथी पण अंधकार तो ( प्रकाशविना पण ) देखाय छे; माटे पदार्थोनुं विचित्रपणुं छे. । १४ । अने जो तेम विचित्रपणुं नहोत तो पीळा अने सफेद एवा सुवर्ण अने मोती आदिको प्रकाशथी देखानारा केम थात? अने दीपक तथा चंद्रादिको बीजा प्रकाशविना पण देखानारा केम थात? माटे अंधकार चक्षुथी जोइ शकाय छे, एम सिद्ध थयुं. । १५ । वळी ते रूपवाळुं होवाथी तेनुं स्पर्शपणुं पण जणाय छे, केमके ते ठंडा स्पर्शनी प्रतीति उत्पन्न करे छे. । १६ । वळी अंधकारनुं पुद्गलिकपणुं निषेधवामाटे ते अन्यदर्शनीओए तेमां निबिडअवयवपणुं नथी, अटकायतपणुं नथी, स्पर्शविशेषपणुं नथी, तेम तेनुं कोइ अवयववाळा पदार्थनुं टुकडापणुं देखातुं नथी, इत्यादिक जे कारणो आप्यां छे, ते सघळां कारणोनुं तुल्यपणाना योगथी दीपकनी कांतिना

च वाच्यं तैजसा परमाणवः कथं तमस्त्वेन परिणमन्त इति । पुद्गलानां तत्तत्सामग्रीसहकृतानां विसदृशकार्योत्पादकत्वस्यापि दर्शनात् । १८ । दृष्टोह्यार्द्रेन्धनसंयोगवशाद्भास्वररूपस्यापि वन्हेरभास्वररूपधूमरूपकार्योत्पादः । इति सिद्धो नित्याऽनित्यः प्रदीपः । १९ । यदापि निर्वाणादर्वाग् देदीप्यमानो दीपस्तदापि नवनवपर्यायोत्पादविनाशभाक्त्वात् प्रदीपत्वान्वयाच्च नित्याऽनित्य एव । २० । एवं व्योमापि । उत्पादव्ययध्रौव्यात्मकत्वान्नित्याऽनित्यमेव । तथा हि । २१ । अवगाहकानां जीवपुद्गलानामवगाहदानोपग्रह[1] एव तल्लक्षणं "अवकाशदमाकाशमिति" वचनात् । यदा चावगाहका जीवपुद्गलाः संयोगतो[2] विश्रसातो[3] वा एकस्मान्नभःप्रदेशात्प्रदेशान्तरमुपसर्पन्ति तदा तस्य व्योम्नस्तैरवगाहकैः सम-

---

दृष्टांतथी खंडन थइ शके छे. । १७ । वळी तेजरूप परमाणुओ अंधकाररूप ते शाना थइ जाय? एम पण (हे वादीओ! तमारे) न कहेवुं; केमके पद्गलोने ते ते सामग्रीओनो ज्यारे संयोग थाय छे, त्यारे तेओमां तेमना स्वभावथी जूदीज रीतना कार्यनुं उत्पत्तिपणुं पण देखाय छे; । १८ । केमके लीलां काष्टोना संयोगथी कांतिवाळो अग्नि पण कांतिविनाना धुंवाडारूप कार्यनी उत्पत्ति करे छे. एवी रीते दीपक नित्याऽनित्य सिद्ध थयो. । १९ । वळी बुझाया पेहेलां दीपक जो के बळतो हतो, तोपण नवा नवा पर्यायोनी उत्पत्ति अने विनाश करतो होवाथी, तेमज दीपकपणुं साथे चाल्युंज आवतुं होवाथी, ते नित्याऽनित्यज छे. । २० । एवी रीते आकाश पण उत्पत्ति, विनाश अने स्थिररूप होवाथी नित्याऽनित्यज छे, ते कहे छे. । २१ । अंदर रहेनारा जे जीव अने पद्गलो, तेओने स्थानक देवाना उपकाररूप आकाशनुं

---

१ उपकारः । २ पुरुषशक्तितः । ३ स्वभावतः ।

मेकस्मिन्प्रदेशे विभाग[1] उत्तरस्मिंश्च प्रदेशे संयोगः[2] । संयोगविभागौ च परस्परं विरुद्धौ धर्म्मौ । तद्भेदे चावश्यं धर्म्मिणो भेदः । २२ । तथा चाहुः "अयमेव हि भेदो[3] भेदहेतुर्वा यद्विरुद्धधर्म्माध्यासः कारणभेद-श्चेति" । २३ । ततश्च तदाकाशं पूर्वसंयोगविनाशलक्षणपरिणामापत्त्या विनष्टं । उत्तरसंयोगोत्पादाख्यपरिणामानुभवाच्चोत्पन्नमुभयत्वाकाशद्रव्य-

---

लक्षण छे. कह्युं छे के 'अवकाशने देनारुं, ते आकाश.' । वळी ज्यारे तेमां रहेनारा जीव पुद्गलो कोइनी प्रेरणाथी अथवा स्वभावथी आकाशना एक भागमांथी बीजा भागमां जाय छे, त्यारे ते अवगाहकोनी साथे ते आकाशनो एक भागमां वियोग अने बीजा भागमां संयोग थाय छे, अने संयोगवियोग तो मांहोमांहे विरुद्ध धर्मवाळा छे; तेम तेओमां भेद होते छते धर्मीनो ( आकाशनो ) पण अवश्य भेद थाय छे. । २२ । वळी तेविषे ( शास्त्रकारो ) कहे छे के 'भेद अथवा भेदहेतु तेनेज कहीयें के, जेमां विरुद्ध धर्मनुं आरोपण होय, अने कारण संबंधि भिन्नता होय.' ( अर्थात् भेद बे प्रकारनो छे, एक लक्षणथी अने बीजो कारणथी. जेमके घडानो स्वभाव पाणी धारण करवानो छे, अने वस्त्रनो स्वभाव शीत हरण करवानो छे; ए तेओ वच्चेनो 'लक्षणभेद' छे. अने घडो माटीथी उत्पन्न थाय छे, अने वस्त्र तंतुथी उत्पन्न थाय छे; ए तेओ वच्चेनो 'कारणभेद' छे. ) । २३ । तेथी ते आकाश पूर्वना संयोगना विनाशरूप परिणामनी प्राप्तिथी नष्ट थयुं, अने उत्तरना संयोगनी उत्पत्तिरूप परिणामना अनुभवथी उत्पन्न थयुं; अने आकाशद्र-

---

१ प्राप्तिपूर्विकाऽप्राप्तिर्विभागः । २ अप्राप्तिपूर्विका प्राप्तिः संयोगः । ३ उभयथा भेदो वस्तूनां लक्षणभेदात्कारणभेदाच्चेति । अयमेव हि घटपटयोर्भेदो यज्जलाहरणादि शीतत्राणादिविरुद्धधर्माध्यासः ॥ अयमेव हि भेदहेतुर्वा यन्मृत्पिण्डादितंत्वादिकारणभेदः ।

स्यानुगतत्वाच्चोत्पादव्यययोरेकाकाशाधिकरणत्वं । २४ । तथा च " यदप्रच्युताऽनुत्पन्नस्थिरैकरूपं नित्यमिति " नित्यलक्षणमाचक्षते तदपास्तं । एवंविधस्य कस्यचिद्वस्तुनोऽभावात् " तद्भावाऽव्ययं नित्यमिति " तु सत्यं नित्यलक्षणं । २५ । उत्पादविनाशयोः सद्भावेऽपि तद्भावादन्वयिरूपान्न व्येति तन्नित्यमिति तदर्थस्य[1] घटमानत्वात् । २६ । यदि हि अप्रच्युतादिलक्षणं नित्यमिष्यते तदोत्पादव्यययोर्निराधारत्वप्रसङ्गः । न च तयोर्योगे नित्यत्वहानिः । २७ । =॥ द्रव्यं पर्यायवियुतं । पर्याया द्रव्यवर्जिताः ॥ क्व कदा केन किंरूपा । दृष्टा मानेन केन वा ॥=इतिवचनात्

---

व्य तो बन्नेमां सामेल रहेलुं छे; तेथी उत्पत्तिमां अने विनाशमां एकज आकाशनुं सहचारीपणुं छे. । २४ । वळी तेथी, ' जेनो नाश नथी, उत्पत्ति नथी, अने एक स्थिरपणे रहे छे, ते नित्य छे ' एवी रीतनुं जे नित्यनुं लक्षण ( अन्यदर्शनीओ ) कहे छे, तेनुं खंडन कर्युं; केमके तेवा प्रकारनी कोइ पण वस्तु नथी. माटे ' तेना भावनो एटले स्वभावनो विनाश न थवो, ते नित्य ' ए नित्यनुं सत्य लक्षण छे. । २५ । केमके उत्पत्ति अने विनाश होते छते पण चालता आवता स्वभावथी जे खसे नही ते ' नित्य, ' अने तेवी रीतनुं नित्यनुं लक्षण नित्यपणाना अर्थने योग्य छे. । २६ । वळी ' जेनो विनाश थतो नथी ' इत्यादिक ( उपर कहेला ) लक्षणवाळुं ( अन्यदर्शनीओए मानेलुं ) ' नित्य ' जो मानीए, तो उत्पत्ति अने विनाशने निराधारपणानो प्रसंग आवे छे; तेमज उत्पत्ति अने विनाशनो संयोग होते छते कंइं नित्यपणानो नाश थतो नथी. । २७ । कह्युं छे के, पर्यायविनानुं द्रव्य अने द्रव्यविनाना पर्यायो क्यां ? क्यारे ? कोणे ? केवा ? अथवा कया प्रमाणथी जोया

---

१ नित्यत्वार्थस्य ।

। २८ । लौकिकानामपि घटाकाशंपटाकाशमितिव्यवहारप्रसिद्धेराकाशस्य नित्याऽनित्यत्वं । २९ । घटाकाशमपि हि यदा घटापगमे पटेनाक्रान्तं तदा पटाकाशमितिव्यवहारः । ३० । न चायमौपचारिकत्वादप्रमाणमेव । उपचारस्यापि किञ्चित्साधर्म्यद्वारेण मुख्यार्थस्पर्शित्वात् । ३१ । नभसो हि यत्किल सर्वव्यापकत्वं मुख्यं परिमाणं तत्तदाधेयघटपटादिसम्बन्धिनियतपरिणामवशात्कल्पितभेदं सत्प्रतिनियतदेशव्यापितया व्यवह्रियमाणं घटाकाशपटाकाशादिनत्तद्व्यपदेशनिबन्धनं भवति । ३२ । तत्तद्घटादिसम्बन्धे च व्यापकत्वेनावस्थितस्य व्योम्नोऽवस्थान्तरापत्तिस्ततश्चावस्थाभेदेऽवस्थावतोऽपि भेदस्तासां ततोऽविष्वग्भावादिति सिद्धं नि-

---

छे ! । २८ । लोकमां पण 'आ घडावाळुं आकाश, आ वस्त्रवाळुं आकाश' एवा व्यवहारनी प्रसिद्धि होवाथी आकाशनुं नित्यपणुं अने अनित्यपणुं पण योग्य ज छे; । २९ । केमके घडावाळुं आकाश पण ज्यारे घडो खसी जवाथी वस्त्रवडे युक्त थयुं त्यारे ते वस्त्रवाळुं आकाश कहेवाय, एवो व्यवहार छे. । ३० । वळी आ व्यवहार उपचारिक होवाथी प्रमाणविनानो एटले कंइं जूठोज कहेवाय नहीं, केमके उपचार पण कंइंक तुल्यधर्मपणायें करीने मुख्य अर्थने स्पर्श करे छे, एटले अनुसरे छे. । ३१ । आकाशनुं सर्वव्यापकपणारूप जे मुख्य परिमाण छे, ते, तेमां रहेला घटपटादिसंबंधि अमुक परिणामना वशथी भेदवाळुं थयुं थकुं, अमुक भागमां व्यापकपणायें करीने व्यवहार करातुं थकुं 'घडावाळुं आकाश, वस्त्रवाळुं आकाश' इत्यादिक नामोना कारणरूप थाय छे; । ३२ । तेथी ते घडादिकना संबंधमां व्यापकपणायें करीने रहेला आकाशने जूदी अवस्थानी प्राप्ति थाय छे, अने तेथी अवस्थासंबंधि भेद होते छते, ते अवस्थाओ तेमां अभेदपणे वर्तती होवाथी अवस्थावाळानो एटले आकाशनो पण भेद थाय छे. एवी रीते आकाशनुं

त्यानित्यत्वं व्योम्नः । ३३ । स्वायंभुवा[1] अपि हि नित्याऽनित्यमेव वस्तु प्रपन्नास्तथा चाहुस्ते त्रिविधः खल्वयं धर्म्मिणः परिणामो धर्म्मलक्षणावस्थारूपः । ३४ । सुवर्णं धर्म्मि । तस्य धर्म्मपरिणामो वर्द्धमानरुचकादिः[2] । धर्म्मस्य तु लक्षणपरिणामोऽनागतत्वादिः । ३५ । यदा खल्वयं हेमकारो वर्द्धमानकं भंक्त्वा रुचकमारचयति तदा वर्द्धमानको वर्तमानतालक्षणं हित्वा अतीततालक्षणमापद्यते । रुचकस्तु अनागततालक्षणं हित्वा वर्तमानतामापद्यते । वर्तमानतापन्न एव रुचको नवपुराणभावमापद्यमानोऽवस्थापरिणामवान् भवति । ३६ । सोऽयं त्रिविधः परिणामो धर्म्मिणः । ३७ । धर्म्मलक्षणावस्थाश्च धर्म्मिणो भिन्नाश्चाभिन्नाश्च ।३८। तथा च । ते धर्म्यभेदात्तन्नित्यत्वेन नित्याः । भेदाच्चोत्पत्तिविनाशविष-

---

नित्याऽनित्यपणुं सिद्ध थयुं. । ३३ । सांख्यमतवाळा पण पदार्थने नित्याऽनित्यज माने छे. तेओ कहे छे के, धर्म, लक्षण अने अवस्थारूप, एवो त्रण प्रकारनो धर्मीनो परिणाम छे. । ३४ । जेमके सुवर्ण धर्मी छे, अने तेनो धर्मपरिणाम हार तथा कंठा आदिक छे; अने धर्मनुं जे अनागतपणादिक स्वरूप ते धर्मनुं लक्षणपरिणाम छे. । ३५ । ज्यारे कोइ सोनी हार भांगीने कंठो बनावे छे, त्यारे हार वर्तमानपणारूप लक्षणने तजीने अतीतपणारूप लक्षणने प्राप्त थाय छे, अने कंठो अनागतपणाना लक्षणने तजीने वर्तमानपणाने पामे छे; तेम वर्तमानपणाने पामेलोज कंठो नवा जुनाना भावने प्राप्त थतो थको अवस्थाना परिणामवाळो थाय छे; (ए पण धर्मीनोज अवस्थापरिणाम छे.) । ३६ । एवी रीतनो त्रण प्रकारनो धर्मीनो परिणाम छे. । ३७ । वळी ते धर्म, लक्षण अने अवस्थारूपपरिणामो धर्मीथी भिन्न अने अभिन्न पण छे. । ३८ । वळी ते धर्मीना अभेदथी तेना नित्यपणावें करीने नित्य छे,

---

[1] सांख्या अपि । [2] ग्रीवाभरणं ॥

यत्वमित्युभयमुपपन्नमिति । ३९ । अथोत्तरार्द्धं विवियते । ४० । एवं चोत्पादव्ययध्रौव्यात्मकत्वे सर्वभावानां सिद्धेऽपि । तद्वस्तु एकं आकाशात्मादिकं नित्यमेवान्यच्च प्रदीपघटादिकमनित्यमेवेत्येवकारोऽत्रापि सम्बध्यते । इत्थं हि दुर्नयवादापत्तिः । ४१ । अनन्तधर्म्मात्मके वस्तुनि स्वाभिप्रेतनित्यत्वादिधर्म्मसमर्थनप्रवणाः[१] शेषधर्म्मतिरस्कारेण प्रवर्तमाना दुर्नया इति तल्लक्षणात् । ४२ । इत्यनेनोल्लेखेन[२] त्वदाज्ञाद्विषतां भवत्प्रणीतशासनविरोधिनां प्रलापाः प्रलपितान्यसम्बद्धवाक्यानीति यावत् । ४३ । अत्र च प्रथममादीपमिति परप्रसिद्ध्याऽनित्यपक्षोल्लेखेऽपि यदुत्तरत्र यथासंख्यपरिहारेण पूर्वतरं नित्यमेवैकमित्युक्तं तदेव ज्ञापयति यद

---

अने भेदथी उत्पत्ति विनाश होवाथी अनित्य छे ; एवी रीते नित्याऽनित्यपणुं प्राप्त थयुं. । ३९ । हवे उत्तरार्धनुं विवरण कराय छे. । ४० । एवी रीते सर्व पदार्थोनुं उत्पत्ति, विनाश अने स्थिरपणुं सिद्ध थया छतां पण आकाश तथा आत्मादिक केटलाक पदार्थो नित्यज छे, अने दीपक तथा घडादिक केटलाक बीजा पदार्थो अनित्यज छे, ( एवकारने अहीं पण जोडी लेवो ) एम कहेवाथी जूठा न्यायवादनी प्राप्ति थइ. । ४१ । अनंत धर्मवाळी वस्तुमां ( पण ) पोतानी मरजी मुजब बाकीना धर्मनो तिरस्कार करीने नित्यपणादिक धर्मने दृढ करवामां तत्पर रहेनाराओ दुर्नयो कहेवाय छे, केमके तेओनुं ते लक्षण छे. । ४२ । एवी रीतना ( हे प्रभु ! ) तमारा शासनना विरोधीओनां निरर्थक वचनो छे. । ४३ । वळी अहीं वैशेषिकोना मतप्रमाणे अनित्यपक्षना प्रकारमां प्रथम दीपक छे, छतां पण उत्तरार्धमां ते अनुक्रमने छोडीने पेहेलां ' एक नित्यज छे ' एम जे कह्युं छे, ते एम जणावे छे के, जे अनित्य छे ते पण कोइ

---

१ बद्धकक्षाः । २ प्रकारेण ।

नित्यं तदपि नित्यमेव कथंचिद्यच्च नित्यं तदप्यनित्यमेव कथंचित् । त्प्रक्रान्तत्रादिभिरप्येकस्यामेव पृथिव्यां नित्याऽनित्यत्वाभ्युपगमात् ।४४। तथा च प्रशस्तकरः[1] सा तु द्विविधा नित्याऽनित्या च । परमाणुलक्षणा नित्या । कार्यलक्षणा[2] त्वनित्येति । ४५ । न चात्र परमाणुद्रव्यकार्यलक्षणविषयद्रव्यभेदान्नैकाधिकरणं नित्याऽनित्यत्वमिति वाच्यं । पृथिवीत्वस्योभयत्राप्यव्यभिचारात् । एवमबादिष्वपीति । ४६ । आकाशेऽपि संयोगविभागाङ्गीकारात्तैरनित्यत्वं युक्त्या प्रतिपन्नमेव ।४७। तथा च स एवाह शब्दकारणत्ववचनात्संयोगविभागाविति नित्याऽनित्यपक्षयोः संवलितत्वं एतच्च लेशतो भावितमेवेति । ४८ । प्रलापप्रायत्वं च परवचनानामित्थं समर्थनीयं । ४९ । वस्तुनस्तावदर्थक्रियाकारित्वं लक्षणं । त-

रीते नित्य छे, अने जे नित्य छे ते पण कोइ रीते अनित्य छे; केमके ते वैशेषिकोए पण एकज पृथ्वीमां नित्याऽनित्यपणुं स्वीकार्युं छे. ।४४। तेनो भाष्यकार कहे छे के, पृथ्वी बे प्रकारनी छे; नित्य अने अनित्य; परमाणुरूपे नित्य छे, अने कार्यरूपे अनित्य छे. ।४५। वळी (पृथ्वीमां) एक परमाणुद्रव्यपणुं अने बीजुं कार्यपणुं, एम बे भेद जूदा होवाथी साथे वर्तनारुं नित्याऽनित्यपणुं नथी आवतुं, एम न बोलवुं; केमके पृथ्वीपणुं तो ते बन्नेमां रहेलुं छे; अने एवीज रीते जलादिकमां पण जाणवुं. । ४६ । वळी आकाशमां पण संयोगवियोगने स्वीकारवाथी तेओए अनित्यपणुं युक्तिथी मानेलुंज छे. । ४७ । तेओ कहे छे के 'आकाश शब्दनुं कारण छे' एम कहेवाथी ते आकाशमां संयोगवियोग थया, अने तेथी नित्याऽनित्यपक्षनुं तेमां एकी वखते होवापणुं थयुं, अने ते लेशथी जणाव्युं छे. । ४८ । हवे ते वैशेषिकोनुं निरर्थकवचनपणुं तो नीचे प्रमाणे जाणवुं. । ४९ । 'अर्थक्रिया करवी' ए पदार्थनुं लक्षण

---

१ भाष्यकारः । २ द्वयणुकादिलक्षणा ।

चैकान्तनित्याऽनित्यपक्षयोर्न घटते । ९० । अप्रच्युताऽनुत्पन्नस्थिरैकरूपो हि नित्यः । ९१ । स च क्रमेणार्थक्रियां कुर्वीत अक्रमेण वा अन्योन्यव्यवच्छेदरूपाणां[1] प्रकारान्तरासम्भवात् । ९२ । तत्र न तावत्क्रमेण । स हि कालान्तरभाविनीः क्रियाः प्रथमक्रियाकाल एव प्रसह्य कुर्यात् । समर्थस्य कालक्षेपायोगात् । कालक्षेपिणो वाऽसामर्थ्यप्राप्तेः । ९३ । समर्थोऽपि तत्तत्सहकारिसमवधाने तं तमर्थं करोतीति चेन्न । तर्हि तस्य सामर्थ्यमपरसहकारि । सापेक्षवृत्तित्वात् । सापेक्षमसमर्थमिति न्यायात् । ९४ । न तेन सहकारिणोऽपेक्ष्यन्तेऽपितु कार्यमेव सहकारिष्वसत्स्वभवत् तानपेक्षते इति चेत् तत् किं स भावोऽसमर्थः समर्थो वा । ९५ ।

---

छे, अने ते एकांत नित्याऽनित्य पक्षमां घटतुं नथी. । ९० । तेओ एम कहे छे के 'जेनो नाश नही, उत्पत्ति नही अने जे स्थिररूपे रहे छे ते नित्य छे.' । ९१ । हवे ते नित्य पदार्थ क्रमथी अर्थक्रिया करे छे? के क्रमविना करे छे? केमके परस्पर जूदा स्वरूपवाळी ए बे प्रकारनी क्रियाशिवाय त्रीजो प्रकार नथी. । ९२ । हवे तेमां क्रमथी तो करतो नथी, केमके ते समर्थ होवाथी केटलेक काळे थनारी क्रियाने पेहेली क्रियावखतेज बळात्कारे पण करी लेत, कारणके समर्थ विलंब करे नही; अथवा जो विलंब करे, तो ते असमर्थ कहेवाय. । ९३ । समर्थ छतां पण ते ते मददगारनो सहाय होते छते ते ते अर्थने करे छे, एम जो वादी कहे, तो ते अयुक्त छे; केमके तेथी तो तेनुं समर्थपणुं अपेक्षावाळुं होवाथी बीजानी मददवाळुं थयुं; अने अपेक्षावाळुं ते 'असमर्थ' एवो न्याय छे. । ९४ । ते पदार्थ मददगारोनी अपेक्षा राखतो नथी, पण मददगारो न होते छते कार्यज न थतुं थकुं तेओनी अपेक्षा राखे छे, एम जो कहे, तो ते पदार्थ समर्थ छे के असमर्थ? । ९५ । जो

---

१ परस्परपृथक्रूभूतानां क्रियाणां ।

समर्थश्चेत्किं सहकारिमुखप्रेक्षणदीनानि तान्यपेक्षते । न पुनर्झटिति घटयति । ५६ । ननु समर्थमपि बीजमिलाजलानिलादिसहकारिसहितमेवांकुरं करोति नान्यथा । ५७ । तत् किं तस्य सहकारिभिः किञ्चिदुपक्रियेत न वा । ५८ । यदि नोपक्रियेत तदा सहकारिसन्निधानात्प्रागिव किं न तदाप्यर्थक्रियायामुदास्ते । ५९ । उपक्रियेतचेत्स तर्हि तैरुपकारोऽभिन्नो भिन्नो वा क्रियत इति वाच्यं । ६० । अभेदे स एव क्रियते । इति लाभमिच्छतो मूलक्षतिरायाता । कृतकत्वेन तस्यानित्यत्वापत्तेः । ६१ । भेदे तु स कथं तस्योपकारः किं न सह्यविन्ध्याद्रेरपि । ६२ । तत्संबन्धात्तस्यायमिति चेत् उपकार्योपकारयोः कः सम्बन्धः । ६३ । न तावत्संयोगो द्रव्ययोरेव तस्य भावात् । ६४ । अत्र तु उपकार्यं द्रव्यं

---

समर्थ छे तो मददगारनुं मोहोडुं जोइ बेठेला एवा तेओनी शामाटे अपेक्षा राखे छे? अने जलदिथी कां नथी करतो? । ५६ । (त्यारे वादी कहे छे के) समर्थ एवं पण बीज पृथ्वी, पाणी अने वायु आदिक मददगार मळवाथीज अंकुरो उत्पन्न करे छे, पण बीजी रीते करतुं नथी. । ५७ । (तेनो उत्तर ए के) त्यारे मददगारो तेने कंइ उपकार करे छे के नही? । ५८ । जो उपकार न करता होय, तो मददगारोनी मददवखते पण प्रथमनीपेठे कार्य करवामां ते केम अचकातुं नथी? । ५९ । अने जो तेने उपकार करता होय, तो तेओ उपकार भिन्न करे छे? के अभिन्न करे छे? ते कहेवुं. । ६० । जो अभिन्न करे तो तेज कराय छे; एवी रीते लाभ इच्छतां मूळनीज हानि थइ; केमके तेने कृतकपणाथी अनित्यपणानी प्राप्ति थइ. । ६१ । अने जो भिन्न उपकार करे, तो तेनो शामाटे? अने सह्यविंध्याचलादिकनो केम नही? । ६२ । तेना संबंधथी आ तेनो उपकार छे, एम जो कहेशो तो, उपकार्य अने उपकारनो शो संबंध छे? । ६३ । संयोगसंबंध तो नथी, के-

उपकारश्च क्रियेति न संयोगः । ६५ । नापि समवायस्तस्यैकत्वाद् व्यापकत्त्वाच्च प्रत्यासत्तिविप्रकर्षाभावेन सर्वत्र तुल्यत्वान्न नियतैः सम्बन्धिभिः संबन्धो युक्तः । ६६ । नियतसंबन्धिसंबन्धे चाङ्गीक्रियमाणे तत्कृत उपकारोऽस्य समवायस्याभ्युपगन्तव्यस्तथा च सत्युपकारस्य भेदाऽभेदकल्पना तदवस्थैव । ६७ । उपकारस्य समवायादभेदे समवाय एव कृतः स्यात् । भेदे पुनरपि समवायस्य न नियतसम्बन्धिसंबंधत्वं । तन्नैकान्तनित्यो भावः क्रमेणार्थक्रियां कुरुते । ६८ । नाप्यक्रमेण । नह्येको भावः सकलकालकलाकलापभाविनीर्युगपत् सर्वाः क्रियाः करोतीति प्रातीतिकं । ६९ । कुरुतां वा तथापि द्वितीयक्षणे किं कुर्यात् । ७० । करणे वा क्रमपक्षभावी दोषः । अकरणे त्वर्थक्रियाकारित्वाऽभावादवस्तु-

---

मके ते तो बे द्रव्योवच्चेज होय. । ६४ । अहीं द्रव्य उपकार्य छे, अने उपकार क्रिया छे, तेथी संयोगसंबंध नथी. । ६५ । तेम समवायसंबंध पण नथी, केमके ते तो एक अने व्यापक होवाथी नजीक अने दूरना अभावें करीने सर्व जगोए तुल्य होवाथी नियतसंबंधिओ साथे तेनो संबंध योग्य नथी; । ६६ । केमके जो नियतसंबंधिनो संबंध लेइए, तो तेनो करेलो उपकार आ समवायने जाणवो; अने तेम थवाथी तो उपकारनी भेदाऽभेदनी कल्पना तेमज रही; । ६७ । केमके उपकार जो समवायथी अभिन्न होय तो समवायज करायो, अने भिन्न होय तो फरीने पण समवायनुं नियतसंबंधिओ साथे संबंधपणुं आवतुं नथी; माटे एकांत नित्य पदार्थ क्रमवडे तो क्रिया करतो नथी. । ६८ । तेम क्रमविना पण करतो नथी, केमके एक पदार्थ सर्व काळना समूहमां थनारी सर्व क्रियाओ एकीवखते करतो नथी, एम चोकस छे; । ६९ । अथवा तेम करे, तोपण बीजा क्षणमां शुं करे ? । ७० । करे तो क्रमवाळो दोष आवे, अने न करे तो अर्थक्रियाकरवापणाना अभावथी तेने अपदार्थपणानो प्र-

त्वप्रसङ्गः । ७१ । इत्येकान्तनित्यात् क्रमाक्रमाभ्यां व्याप्तार्थक्रिया व्यापकानुपलब्धिबलाद्व्यापकनिवृत्तौ निवर्तमाना स्वव्याप्यमर्थक्रियाकारित्वं निवर्तयति । अर्थक्रियाकारित्वं च निवर्तमानं स्वव्याप्यं सत्त्वं निवर्तयतीति नैकान्तनित्यपक्षो युक्तिक्षमः । ७२ । एकान्ताऽनित्यपक्षोऽपि न कक्षीकरणार्हः । ७३ । अनित्यो हि प्रतिक्षणविनाशी । स च न क्रमेणार्थक्रियासमर्थो । देशकृतस्य कालकृतस्य च क्रमस्यैवाऽभावात् । ७४ । क्रमो हि पौर्वापर्यं । तच्च क्षणिकस्यासम्भवि । ७५ । अवस्थितस्यैव हि नानादेशकालव्याप्तिर्देशक्रमः कालक्रमश्चाभिधीयते । न चैकान्तविनाशिनि सास्ति । यदाहुः । ७६ ।=।। यो यत्रैव स तत्रैव । यो यदैव तदैव सः ।। न देशकालयोर्व्याप्तिर्भावानामिह विद्यते ।।= । ७७ । न च सन्तानापेक्षया पूर्वोत्तरक्षणानां क्रमः सम्भवति । सन्तानस्याऽवस्तुत्वात् । वस्तुत्वेऽपि

---

संग आवशे. । ७१ । एवी रीते एकांत नित्यथी क्रम अक्रमवडे व्यापक न मलवाथी, व्यापेली अर्थक्रिया, व्यापकनो नाश होते छते नाश पामती थकी, पोतामां व्यापेला अर्थक्रियाकरवापणानो नाश करे छे; अने अर्थक्रियाकरवापणुं नष्ट थतुं थकुं पोतामां व्यापेला छतापणानो नाश करे छे, तेथी एकांत नित्यवाद युक्तिवाळो नथी. । ७२ । तेमज एकांत अनित्यवाद पण स्वीकारवा लायक नथी. । ७३ । अनित्य छे ते क्षणक्षणप्रते विनश्वर छे, अने ते क्रमवडे अर्थक्रियामां समर्थ नथी, केमके तेने देशक्रम अने काळक्रमनो अभाव छे. । ७४ । क्रम एटले परंपरा, अने ते क्षणिकने होय नही; । ७५ । केमके स्थित रहेनारनेज जूदा जूदा देशकाळनी व्याप्तिवाळा देशक्रम अने काळक्रम होय छे, पण एकांत विनश्वरमां ते व्याप्ति होती नथी; कह्युं छे के—। ७६ । जे ज्यां छे, ते त्यांज छे, अने जे ज्यारेज छे, ते त्यारेज छे; केमके पदार्थोने अहीं देशकाळनी व्याप्ति होती नथी. । ७७ । वळी संताननी अपेक्षावडे पे-

तस्य यदि क्षणिकत्वं न तर्हि क्षणेभ्यः कश्चिद्विशेषः । अथाऽक्षणिकत्वं तर्हि समाप्तः क्षणभङ्गवादः । ७८ । नाप्यक्रमेणार्थक्रिया क्षणिके सम्भवति । ७९ । सह्येको बीजपूरादिरूपादिक्षणो[1] युगपदनेकान् रसादिक्षणान् जनयन् एकेन स्वभावेन जनयेन्नानास्वभावैर्वा । ८० । यद्येकेन तदा तेषां रसादिक्षणानामेकत्वं स्यादेकस्वभावजन्यत्वात् । ८१ । अथ नानास्वभावैर्जनयति किञ्चिद्रूपादिकमुपादानभावेन किंचिद्रसादिकं सहकारित्वेनेतिचेत् । तर्हि स्वभावास्तस्याऽऽत्मभूता अनात्मभूता वा । ८२ । अनात्मभूताश्चेत्स्वभावत्वहानिः । यद्यात्मभूतास्तर्हि तस्यानेकत्वं । अने-

---

हेलांना अने पछीना क्षणोनो क्रम संभवतो नथी, केमके संतान कंइ पदार्थ नथी; वळी तेना पदार्थपणामां पण ज्यारे क्षणिकपणुं छे, त्यारे क्षणोथी कंइ विशेष नथी ; अने जो अक्षणिकपणुं मानशो तो तमारो क्षणिकवाद समाप्त थयो. । ७८ । वळी क्षणिकमां क्रमविना पण अर्थक्रिया संभवती नथी ; । ७९ । केमके बीजोरां आदिकना रूपादिकनो ते एक क्षण, एकी वखते रसादिक अनेक क्षणोने उत्पन्न करतो थको एक स्वभाववडे उत्पन्न करे ? के जूदा जूदा स्वभाववडे उत्पन्न करे ? । ८० । जो एक स्वभावे उत्पन्न करे, तो ते रसादिकक्षणोनुं एकपणुं थाय, केमके ते एक स्वभावथी उत्पन्न थया ; । ८१ । अने जूदा जूदा स्वभावोथी उपादान भावे करीने कंइक रूपादिकने अने सहकारीपणायें करीने कंइक रसादिकने जो उत्पन्न करे, तो तेना स्वभावो आत्मरूप छे ? के अनात्मरूप छे ? । ८२ । जो अनात्मरूप होय तो स्वभावपणानी हानि थाय छे ; अने जो आत्मरूप होय तो अनेक स्वभाव होवाथी तेने अनेकपणुं आवे छे ; अथवा स्वभावोनुं एकपणुं थाय छे ; के-

---

१ बौद्धमते क्षणशब्देन पदार्थसंज्ञा क्षणिकत्वात्क्षणः ॥

कस्वभावत्वात् । स्वभावानां वा एकत्वं प्रसज्येत । तदव्यतिरिक्तत्वात्तेषां तस्य चैकत्वात् । ८३ । अथ य एव एकत्रोपादानभावः स एवान्यत्र सहकारिभाव इति न स्वभावभेद इष्यते । तर्हि नित्यस्यैकरूपस्यापि क्रमेण नानाकार्यकारिणः स्वभावभेदः कार्यसांकर्यं च कथमिष्यते क्षणिकवादिना । ८४ । अथ नित्यमेकरूपत्वादक्रमं अक्रमाच्च क्रमिणां नानाकार्याणां कथमुत्पत्तिरितिचेदहो स्वपक्षपाती देवानांप्रियो यः खलु स्वयमेकस्मान्निरंशाद्रूपादिक्षणात्कारणाद्युगपदनेककारणसाध्यान्यनेककार्याण्यङ्गीकुर्वाणोऽपि परपक्षे नित्येऽपि वस्तुनि क्रमेण नानाकार्यकरणेऽपि विरोधमुद्भावयति । तस्मात्क्षणिकस्यापि भावस्याऽक्रमेणार्थक्रिया दुर्घटा ।८५। इत्यनित्यैकान्तादपि क्रमाऽक्रमयोर्व्यापकयोर्निवृत्त्यैवव्याप्यार्थक्रियापिव्यावर्तते । तद्व्यावृत्तौ च सत्त्वमपि व्यापकानुपलब्धिबलेनैव निवर्तते । इत्ये-

---

मके ते तेओनाथी अभिन्न छे, अने तेने एकपणुं छे. । ८३ । वळी जे एक जगोए उपादानभाव छे, तेज बीजी जगोए सहकारी भाव छे, माटे स्वभावभेद नथी, एम जो मानशो, तो नित्य अने एकरूप एवा पण अनुक्रमे जूदा जूदा कार्य करनार पदार्थनो स्वभावभेद अने कार्यनुं मिश्रण क्षणिकवादी केम माने छे ? । ८४ । हवे नित्य छे ते एकरूप होवाथी क्रमविनानुं छे, माटे क्रमवाळां जूदां जूदां कार्योनी उत्पत्ति तेनाथी केम थाय ? एम जो कहे तो, अहो ! पोतानो पक्षपाती ते मूर्ख वादी पोते एक अने विभागरहित एवा रूपादिकक्षणरूप कारणथी, एकीवखते अनेक कारणोथी बनी शके एवां अनेक कार्योने स्वीकारतो छतो पण सामा पक्षनी नित्य वस्तुमां पण अनुक्रमे जूदां जूदां कार्यो करवामां पण विरोध जणावे छे !! तेथी क्षणिक भावने पण क्रमविनानी अर्थक्रिया दुर्लभ छे. । ८५ । एवी रीते एकांत अनित्यथी पण व्यापक एवा क्रम अने अक्रमना विनाशथीज व्याप्य एवी अर्थक्रिया पण नष्ट

कान्ताऽनित्यत्ववादोऽपि न रमणीयः । ८६ । स्याद्वादे तु पूर्वोत्तराकारपरिहारस्वीकारस्थितिलक्षणपरिणामेन भावानामर्थक्रियोपपत्तिरविरुद्धा ।८७। न चैकत्र वस्तुनि परस्परविरुद्धधर्माध्यासाऽयोगादसन् स्याद्वाद इति वाच्यं । नित्यानित्यपक्षविलक्षणस्य पक्षान्तरस्याङ्गीक्रियमाणत्वात्तथैव च सर्वैरनुभवात् तथा च पठन्ति । ८८ । =॥ भागे सिंहो नरो भागे । योऽर्थो भागद्वयात्मकः ॥ तमभागं विभागेन । नरसिंहं प्रचक्षते ॥= इति । ८९। वैशेषिकैरपि चित्ररूपस्यैकस्यावयविनोऽभ्युपगमादेकस्यैव पटादेश्चलाचलरक्तारक्तावृत्तानावृत्तत्वादिविरुद्धधर्माणामुपलब्धेः । ९० । सौगतैरप्येकत्र चित्रपटीज्ञाने नीलानीलयोर्विरोधानङ्गीकारात् । ९१ । अत्र च यद्यप्य-

---

थाय छे, अने ते नष्ट होते छते व्यापक नही मळवाथी छतापणुं पण नष्ट थाय छे ; माटे एकांत अनित्यवाद पण सारो नथी. । ८६ । स्याद्वादमां तो पूर्वाकारनो त्याग अने उत्तराकारनो स्विकार, तथा स्थितिरूप परिणामें करीने ( अर्थात् उत्पाद व्यय अने ध्रुवरूप परिणामें करीने ) पदार्थोने अर्थक्रियानी प्राप्ति विरोधविनानी छे. । ८७ । वळी ‘ एकज पदार्थमां परस्पर विरुद्ध धर्मनुं आरोपण होय नही ’ एम विचारि स्याद्वाद जूठो छे, एम नही बोलवुं ; कारण के नित्यथी पण जूदो अने अनित्यथी पण जूदो एवो स्याद्वादरूप पक्षांतर स्वीकारेलो छे ; अने तेवीज रीते सर्व माने छे. तेओ कहे छे के, । ८८ । एक भागमां सिंह अने बीजा भागमां मनुष्य, एवी रीते जे पदार्थ बे भागवाळो होय, तेवा विभागविनानाने नरसिंह कहे छे. । ८९ । वळी वैशेषिकोए पण एकज पदार्थमां चलाऽचलपणुं, रताश अरताश, आच्छादितपणुं अने अनाच्छादितपणुं, इत्यादि विरुद्ध धर्म मळवाथी, अवयववाळा पदार्थने विचित्रस्वरूपवाळो मानेलो छे. । ९० । बौद्धोए पण एकज चित्रना ज्ञानमां श्याम अश्यामनो विरोध मान्यो नथी. । ९१ । वळी अहीं आ वैशे-

धिकृतवादिनः प्रदीपादिकं कालान्तरावस्थायित्वात्क्षणिकं न मन्यन्ते । तन्मते पूर्वापरान्तावच्छिन्नायाः सत्ताया एवानित्यतालक्षणात् । तथापि बुद्धिसुखादिकं तेऽपि क्षणिकतयैव प्रतिपन्नाः । इति तदधिकारेऽपि क्षणिकवादचर्चा नानुपपन्ना । ९२ । यदापि च कालान्तरावस्थायि वस्तु तदापि नित्यानित्यमेव । क्षणोऽपि न खलु सोऽस्ति यत्र वस्तु उत्पादव्ययध्रौव्यात्मकं नास्तीति काव्यार्थः ॥

। ९३ । अथ तदभिमतमीश्वरस्य जगत्कर्तृत्वाभ्युपगमं मिथ्याभिनिवेशरूपं निरूपयन्नाह ।

**कर्त्तास्ति कश्चिज्जगतः स चैकः**
**स सर्वगः स स्ववशः स नित्यः ।**
**इमाः कुहेवाकविडम्बनाः स्यु-**
**स्तेषां न येषामनुशासकस्त्वम् ॥ ६ ॥**

जगत्नो कोइक कर्ता छे, वळी ते एक छे, ते सर्वज्ञ अथवा सर्वव्यापी छे, ते पोताने वश छे, अने ते नित्य छे ; एवी रीतनी कदाग्रह-

---

षिको दीपकादिकने कालांतरसुधि स्थिर रहेवाथी जो के क्षणिक नथी मानता ( केमके तेमना मतमां तो सादिसांतवाळी सत्तानेज अनित्यतानुं लक्षण मानेलुं छे ) तो पण बुद्धिसुखादिकने तेओए पण क्षणिकरूपेज मान्या छे, माटे तेमना अधिकारमां पण क्षणिकवादनी चर्चा अयोग्य नथी. । ९२ । जो के पदार्थ कालांतरसुधि रहेनारो छे, तो पण नित्याऽनित्यज छे ; वळी तेवो कोइ क्षण पण नथी, के जेमां उत्पत्ति विनाश अने ध्रुवरूप पदार्थ नथी. एवी रीते पांचमां काव्यनो अर्थ जाणवो.

। ९३ । हवे तेणे मानेला इश्वरना जगत्कर्त्तापणाना स्वीकारने मिथ्याकदाग्रहरूप निरूपण करता थका कहे छे.

रूप विडंबना तो तेओनी छे, के हे प्रभु! जेओने आप शिखामण आपनारा नथी. ॥ ६ ॥

---

। १ । प्रत्यक्षादिप्रमाणोपलक्ष्यमाणचराचररूपस्य विश्वत्रयस्य कश्चिदनिर्वचनीयस्वरूपः पुरुषविशेषः कर्त्ता सृष्टा अस्ति विद्यते । २ । ते हि इत्थं प्रमाणयन्ति उर्वीपर्वततर्वादिकं सर्वं बुद्धिमत्कर्तृकं कार्यत्वात् । यद्यत्कार्यं तत्तत्सर्वं बुद्धिमत्कर्तृकं यथा घटस्तथा चेदं तस्मात्तथा । ३ । व्यतिरेके व्योमादि । ४ । यश्च बुद्धिमांस्तत्कर्त्ता स भगवानीश्वर एवेति । ५ । न चायमसिद्धो हेतुर्यतो भूभूधरादेः स्वस्वकारणकलापजन्यतया अवयवितया वा कार्यत्वं सर्ववादिनां प्रतीतमेव । ६ । नाप्यनैकान्तिको विरुद्धो वा । विपक्षादत्यन्तव्यावृत्तत्वात् । ७ । नापि कालात्ययापदिष्टः। प्रत्यक्षानुमानागमाबाधितधर्म्मधर्म्यनन्तरप्रतिपादितत्वात् । ८ । नापि

---

। १ । प्रत्यक्षादि प्रमाणथी जणाता चराऽचररूप त्रणे जगतोनो कोइक अगम्य स्वरूपवाळो पुरुष कर्ता छे. । २ । तेओ एम प्रमाण आपे छे के, पृथ्वीपर्वतादिक सघळुं, कार्य होवाथी, बुद्धिवाननी क्रिया छे; केमके जे जे कार्य छे, ते ते बुद्धिवाननी क्रिया छे, जेम घडो, तेम आ, अने तेथी तेम. । ३ । तेथी उलटुं आकाशादि. । ४ । वळी जे बुद्धिवान् तेनो कर्ता छे, ते ईश्वरज छे. । ५ । वळी आ हेतु असिद्ध नथी, केमके पृथ्वीपर्वतादिकने पोतपोताना कारणोना समूहवडे उत्पत्ति होवाथी अथवा विभागपणुं होवाथी, तेनुं कार्यपणुं सर्ववादिओने कबुलज छे. । ६ । तेम अनेकांतिक अथवा विरुद्ध हेतु पण नथी; केमके ते विपक्षथी अत्यंत जूदो पडेलो छे. । ७ । तेम कालाऽत्ययापदिष्ट हेतु पण नथी, केमके प्रत्यक्ष, अनुमान, अने आगमप्रमाणथी बाधाविनाना धर्मधर्मीथी अनंतर ग्रहण करेलो छे. । ८ । तेम आ प्रकरणसम हेतु पण

प्रकरणसमः तत्प्रतिपंथिधर्म्मोपपादनसमर्थप्रत्यनुमानाऽभावात् । ९ । न च वाच्यमीश्वरः पृथ्वीपृथ्वीधरादेर्विधाता न भवति । अशरीरत्वान्निर्वृत्तात्मवदिति प्रत्यनुमानं तद्बाधकमिति । १० । यतोऽत्रेश्वररूपो धर्म्मी प्रतीतोऽप्रतीतो वा प्ररूपितः । ११ । न तावदप्रतीतो हेतोराश्रयासिद्धिप्रसङ्गात् । १२ । प्रतीतश्चेत्केन प्रमाणेन स प्रतीतस्तेनैव किं स्वयमुत्पादितस्वतनुर्न प्रतीयते । १३ । इत्यतः कथमशरीरत्वं । तस्मान्निरवद्य एवायं हेतुरिति । १४ । सचैक इति । चः पुनरर्थे । स पुनः पुरुषविशेष एकोऽद्वितीयः । बहूनां हि विश्वविधातृत्वस्वीकारे परस्परविमतिसंभावनाया अनिवार्यत्वादेकैकस्य वस्तुनोऽन्यान्यरूपतया निर्माणे सर्वमसमञ्जसमापद्येतेति । १५ । तथा स सर्वग इति । सर्वत्र गच्छतीति सर्वगः । सर्वव्यापी । १६ । तस्य हि प्रतिनियतदेशवर्त्तित्वे नियतदेशवृत्तीनां

---

नथी, केमके सामा पक्षनो धर्म तेणे ग्रहण कर्यो छे, एम बतावनारुं कंइ समर्थ प्रत्यनुमान मळतुं नथी. । ९ । वळी ईश्वर शरीराविनानो होवाथी मुक्तनी पेठे कंइ करे नही, एवुं प्रत्यनुमान तेने बाधा करनारुं छे, माटे ईश्वर पृथ्वीपर्वतादिकनो कर्ता नथी, एम नही बोलवुं. । १० । केमके अहीं ईश्वररूपी धर्मी प्रतीत छे ? के अप्रतीत छे ? । ११ । अप्रतीत तो नथी, केमके तेवा हेतुनो कोइ आश्रय नथी ; । १२ । वळी जो प्रतीत होय, तो जे प्रमाणथी ते प्रतीत थयो, तेज प्रमाणथी पोते उत्पन्न करेलां पोताना शरीरवाळो शुं नथी चोकस थतो ? । १३ । माटे अशरीरपणुं केम ? तेथी आ हेतु दोषरहितज छे. । १४ । 'च' एटले वळी ते ईश्वर एक छे ; केमके जो घणा जगत्कर्ता मानीये, तो परस्पर मतभेदने न निवारीशकवाथी एकेकी वस्तुने जूदा जूदा स्वरूपवाळी बनाववामां, सघळुं गोटाळावाळुं थाय. । १५ । वळी ते सर्व जगोए जनार होवाथी सर्वव्यापी छे. । १६ । केमके जो ते एक अमुकज भागमां

विश्वत्रयान्तर्वर्त्तिपदार्थसार्थानां यथावन्निर्माणानुपपत्तिः । कुम्भकारादिषु तथा दर्शनात् । १७ । अथवा सर्वं गच्छति जानातीति सर्वगः । सर्वज्ञः । सर्वे गत्यर्थाः ज्ञानार्था इति वचनात् । १८ । सर्वज्ञत्वाऽभावे हि यथोचितोपादानकारणाद्यनभिज्ञत्वादनुरूपकार्योत्पत्तिर्नस्यात् । १९ । तथा स स्ववशः स्वतंत्रः । सकलप्राणिनां स्वेच्छया सुखदुःखयोरनुभावनसमर्थत्वात् । तथा चोक्तम् ॥=॥ ईश्वरप्रेरितो गच्छेत् । स्वर्गं वा श्वभ्रमेव वा ॥ अन्यो जन्तुरनीशोऽय–मात्मनः सुखदुःखयोः ॥=॥ इति ॥ ।२०। पारतंत्र्ये तु तस्य परमुखप्रेक्षितया मुख्यकर्त्तृत्वव्याघातादनीश्वरत्वापत्तिः ।२१। तथा स नित्य इति अप्रच्युतानुत्पन्नस्थिरैकरूपस्तस्य ह्यनित्यत्वे परोत्पाद्यतया कृतकत्वप्राप्तिः । अपेक्षितपरव्यापारो हि भावः स्वभावनिष्पत्तौ

---

रहेनार होय, तो अमुक देशमां रेहला त्रणे जगतना पदार्थोना समूहने योग्यरीते बनाववामां वांधो आवे छे, केमके कुंभार आदिकोमां तेम देखाय छे. । १७ । अथवा जे सघळुं जाणे ते ' सर्वग एटले सर्वज्ञ. केमके सघळा गतिवाचक धातुओ ज्ञानवाचक छे. । १८ । वळी जो सर्वज्ञ न होय, तो योग्य उपादानकारणादिकनी अज्ञानताथी योग्य कार्यनी उत्पत्ति न थाय. । १९ । वळी ते स्वतंत्र छे, केमके स्वेच्छाथी सर्व प्राणीओने सुखदुःखनो अनुभव करावववामां समर्थ छे. कह्युं छे के, ईश्वरथी प्रेरित थयेलो अन्य प्राणी स्वर्गे अथवा नर्के जाय छे, केमके ते पोताना सुखदुःखमाटे असमर्थ छे. । २० । वळी जो तेने परतंत्रपणुं होय तो बीजानुं मुख जोइ बेसवानुं होवाथी मुख्य कर्तापणाना विनाशथी अनीश्वरपणानी तेने प्राप्ति थाय. । २१ । वळी ते नित्य एटले नाशविनाना उत्पत्तिविनाना अने स्थिरतावाळा एक स्वरूपवाळो छे; केमके जो तेने अनित्यपणुं होय तो, ते बीजाथी बने, अने तेथी तेने कृतकपणानी प्राप्ति थाय; केमके परना व्यापारनी अपेक्षावाळो पदार्थ स्वभा-

कृतक इत्युच्यते । २२ । यश्चापरस्तत्कर्त्ता कल्प्यते स नित्योऽनित्यो वा स्यान्नित्यश्चेदधिकृतेश्वरेण किमपराद्धम् । अनित्यश्चेत्तस्याप्युत्पादकाऽन्तरेण भाव्यं । तस्यापि नित्यानित्यत्वकल्पनायां अनवस्थादौस्थ्यमिति । तदेवमेकत्वादिविशेषणविशिष्टो भगवानीश्वरस्त्रिजगत्कर्त्तेति पराभ्युपगममुपदर्श्योत्तरार्द्धेन तस्य दुष्टत्वमाचष्टे । २३ । इमा एता अनन्तरोक्ताः कुहेवाकविडम्बनाः कुत्सिता हेवाका आग्रहविशेषाः कुहेवाकाः कदाग्रहा इत्यर्थस्त एव विडम्बनाः। विचारचातुरीबाह्यत्वेन तिरस्काररूपत्वाद्विगोपकप्रकाराः स्युर्भवेयुस्तेषां प्रामाणिकापशदानां । येषां हे स्वामिन् त्वं नानुशासको न शिक्षादाता । २४ । तदभिनिवेशानां विडम्बनारूपत्वज्ञापनार्थमेव पराभिप्रेतपुरुषविशेषणेषु प्रत्येकं तच्छब्दप्रयोगमसूयागर्भमाविर्भावयांचकार स्तुतिकारः । २५ । तथाचैवमेव निन्दनीयं प्रति वक्तारो वदन्ति । स मूर्खः । स पापीयान् । स दरिद्र इत्यादि । २६ । त्वमि-

---

वनी कृतिमां कृतक कहेवाय छे. । २२ । वळी तेनो कर्ता जो बीजो कल्पीयें, तो ते नित्य के अनित्य छे? जो नित्य होय तो आ चालता ईश्वरे शुं अपराध कर्यो छे? अने जो अनित्य छे, तो तेने पण बनावनार बीजो जोइशे, अने तेने माटे पण नित्याऽनित्यनी कल्पनामां अनवस्था दोष आवशे, माटे 'एक' इत्यादि विशेषणवाळो ईश्वर त्रणे जगतोनो कर्त्ता छे, एम ते परनो स्वीकार देखाडीने, हवे उत्तरार्धवडे तेनुं दोषयुक्तपणुं कहे छे. । २३ । आ एटले उपर वर्णवेली कदाग्रहरूप विडंबना एटले विचारनी चतुराइविनाना तिरस्कारलायक वगोणाना प्रकारो ते कढंगीओना होय, के जेओने हे प्रभु! तुं शिखामण आपनार नथी. । २४ । अहीं ते कदाग्रहोनुं विडंबनानुं स्वरूप जणाववा माटेज परे मानेला ईश्वरना दरेक विशेषणमां असूया सूचवनारो तत् शब्दनो प्रयोग स्तुतिकारे जणाव्यो छे. । २५ । वळी निंदनीकप्रते बोलनाराओ एमज बोले

त्येकवचनसंयुक्तयुष्मच्छब्दप्रयोगेण परमेशितुः परमकारुणिकतयाऽनपेक्षितस्वपरपक्षविभागमद्वितीयं हितोपदेशकत्वं ध्वन्यते । २७ । अतोऽत्रायमाशयः । यद्यपि भगवानविशेषेण सकलजगज्जन्तुजातहितावहां सर्वेभ्य एव देशनावाचमाचष्टे । तथापि सैव केषांचिन्निचितनिकाचितपापकर्मकलुषितात्मनां रुचिरूपतया न परिणमते । [1]अपुनर्बन्धकादिव्यतिरिक्तत्वेनायोग्यत्वात् । २८ । तथा च कादम्बर्यां बाणोऽपि बभाण "अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरगभस्तयो विशन्ति सुखमुपदेशगुणाः । गुरुवचनममलमपि सलिलमिव महदुपजनयति श्रवणस्थितं शूलमभव्यस्येति" । २९ । अतो वस्तुवृत्त्या न तेषां भगवाननुशासक इति ।३०। न चैतावता जगद्गुरोरसामर्थ्यसम्भावना । न हि कालदष्टमनुज्जीवयन् स-

---

छे के 'ते मूर्ख छे, ते पापी छे, ते दरिद्र छे' इत्यादि. ।२६। अहीं त्वं (तुं) एवी रीतना एकवचनवाळा युष्मत् शब्दना प्रयोगें करीने जिनेश्वर प्रभुनुं, परम करुणाथी पोताना अने परपक्षना विभागनी अपेक्षाविनानुं अतुल्य हितोपदेशपणुंज जणाव्युं छे. । २७ । आथी अहीं एवो तात्पर्य छे के, प्रभु तो जोके तुल्यरीते जगतना सर्व प्राणीमात्रने हितकारी देशनानी वाणी कहे छे, तो पण निकाचित बांधेलां पापकर्मोथी केटलाक मलीन थयेलाओने तेज वाणी रुचिरूपे परिणमती नथी ; केमके ग्रंथिभेद नही थवाथी तेओ अयोग्य छे. । २८ । वळी कादंबरीमां बाणकविए पण कह्युं छे के स्फटिकमणिमां जेम चंद्रना किरणो, तेम निर्मळ मनमां उपदेशना गुणो सेहेलाइथी दाखल थाय छे, अने अभव्यना कर्णमां गयेलुं गुरुनुं निर्मल वचन पण जलनी पेठे मोटुं शूल उपजावे छे. । २९ । माटे तात्पर्यथी प्रभु तेमना अनुशासक नथी. ।३०।

---

१ पापं न तीव्रभावात्करोतीत्यादिलक्षणोऽपुनर्बंधकः । अस्य च पुद्गलपरावर्त्तमध्य एव मुक्तिः ॥

मुज्जीवितेतरदष्टको विषभिषगुपालम्भनीयोऽतिप्रसङ्गात् । ३१ । स हि तेषामेव दोषः । न खलु निखिलभुवनाभोगमवभासयन्तोऽपि भानवीया भानवः कौशिकलोकस्यालोकहेतुतामभजमाना उपालम्भसम्भावनास्पदं । ३२ । तथा च श्रीसिद्धसेनः ॥ =॥ सद्धर्मबीजवपनानघकौशलस्य । यल्लोकबान्धव तवापि [1]खिलान्यभूवन् ॥ तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु[2] । सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥= । ३३ । अथ कथमिव तत्कुहेवाकानां विडम्बनारूपत्वमिति ब्रूमः । ३४ । यत्तावदुक्तं परैः क्षित्यादयो बुद्धिमत्कर्त्तृकाः कार्यत्वाद्घटवदिति । तदयुक्तं । व्याप्तेरग्रहणात् । ३५ । साधनं हि सर्वत्र व्याप्तौ प्रमाणेन सिद्धायां साध्यं गमयेदिति

---

वळी आथी कंइ प्रभुनुं असामर्थ्य न जाणवुं, केमके अतिप्रसंगथी, बीजाए डंखेलाने जीवाडनारो, झेरउतारनारो वैद्य, काळे डंखेलाने नही जीवाडवाथी कंइ ठपकापात्र नथी. । ३१ । वळी सर्व भुवनमंडलने प्रकाशित करनारां पण सूर्यनां किरणो, घुवडोप्रते प्रकाशना हेतुपणाने नहीं भजतांथकां कंइ ठपकापात्र नथी, केमके तेमां तो ते घुवडोनोज दोष छे. ।३२। श्रीसिद्धसेनजी पण स्तुतिमां कहे छे के, हे लोकबंधु! सद्धर्मरूप बीजने वाववामां उत्तम कुशलतावाळा, एवा आपना पण जे बोधिबीजविनानां क्षेत्रो रह्यां, तेमां कंइ आश्चर्य नथी, केमके अहीं अंधकारमां फरनारा ( घुवडादिक ) पक्षिओने सूर्यनां किरणो भमरीना पगसरखा धोळा! (श्यामज) लागे छे. । ३३ । हवे ते कदाग्रहोनुं विडंबनास्वरूप केम छे? ते अमो कहीये छीये. । ३४ । ते वैशेषिकोए जे कह्युं के, पृथ्वीआदिक कार्य होवाथी घडानीपेठे बुद्धिवाननी कृति छे. ते व्याप्तिने नही ग्रहण करवाथी अयोग्य छे; । ३५ । केमके व्याप्ति ज्यारे

---

१ अप्रहितं क्षेत्रादि खिलमुच्यते । २ तमसि संचरंत इति तामसाः ।

सर्ववादिसंवादः । ३६ । स चायं जगन्ति सृजन् सशरीरोऽशरीरो वा स्यात् । ३७ । सशरीरोऽपि किमस्मदादिवद्दृश्यशरीरविशिष्ट उत पिशाचादिवददृश्यशरीरविशिष्टः । ३८ । प्रथमपक्षे प्रत्यक्षबाधस्तमन्तरेणापि च जायमाने तृणतरुपुरंदरधनुरभ्रादौ कार्यत्वस्य दर्शनात्प्रमेयत्वादिवत्साधारणानैकान्तिको हेतुः । ३९ । द्वितीयविकल्पे पुनरदृश्यशरीरत्वे तस्य माहात्म्यविशेषः कारणमाहोश्विदस्मदाद्यदृष्टवैगुण्यं । ४० । प्रथमप्रकारः कोशपानप्रत्यायनीयः । तत्सिद्धौ प्रमाणाऽभावात् । ४१ । इतरतराश्रयदोषापत्तेश्च सिद्धे हि माहात्म्यविशेषे तस्यादृश्यशरीरत्वं प्रत्येतव्यं । तत्सिद्धौ च माहात्म्यविशेषसिद्धिरिति । ४२ । द्वैतीयीकस्तु प्रकारो न संचरत्येव विचारगोचरे । संशयानिवृत्तेः । किं तस्याऽसत्त्वाददृश्यशरीर-

---

प्रमाणपूर्वक सर्व अंगोथी सिद्ध थाय, त्यारे साधन साध्यप्रते जाय, एम सर्व वादिओनो एकमत छे. । ३६ । वळी आ ईश्वर जगतोने बनावतो थको शरीरी छे? के अशरीरी छे? । ३७ । तेम शरीरी छतां पण ते आपणआदिकनी पेठे दृश्यशरीरवाळो छे? के पिशाचादिकनी पेठे अदृश्यशरीरवाळो छे? । ३८ । प्रथम पक्षमां प्रत्यक्षज बाधा छे, केमके तेनाविना पण उत्पन्न थतां घास, वृक्ष, इंद्रधनुष्य तथा वादळांदिकमां कार्यपणुं देखाय छे; तेथी प्रमेयपणादिकनी पेठे साधारण अनेकांतिक हेतु छे. । ३९ । बीजा विकल्पमां अदृश्यशरीरपणामां तेनुं माहात्म्यविशेष कारण छे? के अमारा आदिकना नशीबनो वांक छे? । ४० । तेमां पेहेलो प्रकार, तेनी सिद्धिमाटे प्रमाण नहीं होवाथी सोगनपूर्वक प्रतीति कराववा जेवो छे. । ४१ । अने इतरेतरदोषनी प्राप्तिथी माहात्म्यविशेष सिद्ध होते छते, तेनुं अदृश्यशरीरपणुं प्रतीत थाय छे, अने तेनी सिद्धि थवाथी माहात्म्यविशेषनी सिद्धि थाय छे. । ४२ । बीजो प्रकार तो संशय नहीं मटवाथी विचारने अयोग्य छे; केमके तेनुं अ-

त्वं वान्ध्येयादिवत् किं वास्मदाद्यदृष्टवैगुण्यात्पिशाचादिवादितिनिश्चयाऽभावात् । ४३ । अशरीरश्चेत्तदा दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यं । घटादयो हि कार्यरूपाः सशरीरकर्त्तृका दृष्टाः । अशरीरस्य च सतस्तस्य कार्यप्रवृत्तौ कुतः सामर्थ्यमाकाशादिवत् । तस्मात्सशरीराशरीरलक्षणे पक्षद्वयेऽपि कार्यत्वहेतोर्व्याप्त्यसिद्धिः । ४४ । किं च त्वन्मतेन कालात्ययापदिष्टोऽप्ययं हेतुः । धर्म्येकदेशस्य तरुविद्युदभ्रादेरिदानीमप्युत्पद्यमानस्य विधातुरनुपलभ्यमानत्वेन प्रत्यक्षबाधितधर्म्यनन्तरं हेतुभणनात् । ४५ । तदेवं न कश्चिज्जगतः कर्त्ता । एकत्वादीनि तु जगत्कर्त्तृत्वव्यवस्थापनायानीयमानानि तद्विशेषणानि षण्ढं प्रति कामिन्या रूपसंपन्निरूपणप्रायाण्येव । तथापि तेषां विचारासहत्वख्यापनार्थं किंचिदुच्यते । तत्रैकत्वचर्चस्ताव-

---

दृश्यशरीरपणुं वंध्यापुत्रादिकनी पेठे शुं अछतापणाथी छे ? के अमारा-आदिकना नशीबना वांकथी पिशाचादिकनी पेठे छे ? तेनो निश्चय थतो नथी. । ४३ । हवे जो अशरीरी होय तो दृष्टांत अने दार्ष्टांतिक वच्चे विषमपणुं आवे छे ; केमके कार्यरूप घडादिको शरीरवाळाना करेला दीठा छे, अने ते तो अशरीरी होते छते आकाशादिकनीपेठे कार्य करवामां तेनुं सामर्थ्य क्यांथी होय ? माटे शरीरवाळा अने शरीराविनाना, एवा बन्ने पक्षमां पण कार्यपणाना हेतुनी प्राप्ति सिद्ध थती नथी. ।४४। वळी तारे मते आ हेतु ‘ कालात्ययापदिष्ट ’ पण छे ; केमके धर्मीना एक भागरूप हमणा पण उत्पन्न थतां वृक्ष, वीजळी तथा वादळां आदिकनो कर्ता नही मळवाथी प्रत्यक्षप्रमाणथी बाधावाळा धर्मीनीसाथे ते कहेलो छे. । ४५ । माटे एवी रीते जगतनो कोइ कर्ता नथी ; अने जगत्कर्तापणुं स्थापवामाटे लेइआवातां एकपणादिक विशेषणो तो नपुंसकपासे स्त्रीना रूपनी शोभा वर्णववा जेवां छे ; तो पण तेओनुं अयोग्यपणुं जणाववामाटे कंइक कहीये छीए. तेमां प्रथम एकपणानी चर्चा

त् । ४६ । बहूनामेककार्यकरणे वैमत्यसंभावनेति नायमेकान्तः । अनेककीटिकाशतनिष्पाद्यत्वेऽपि शक्रमूर्द्धोऽनेकशिल्पिकल्पितत्वेऽपि प्रासादादीनां नैकसरघानिर्वर्त्तितत्वेऽपि मधुच्छत्रादीनां चैकरूपताया अविगानेनोपलम्भात् । ४७ । अथैतेष्वप्येक एवेश्वरः कर्त्तेति ब्रूषे । एवं चेद्भवतो भवानीपतिंप्रति निष्प्रतिमा वासना । तर्हि कुविन्दकुम्भकारादितिरस्कारेण पटघटादीनामपि कर्त्ता स एव किं न कल्प्यते । ४८ । अथ तेषां प्रत्यक्षसिद्धं कर्त्तृत्वं कथमपन्होतुं शक्यं । तर्हि कीटिकादिभिः किं तव विराद्धं । यत्तेषामसदृशतादृशप्रयाससाध्यं कर्तृत्वमेकहेलयैवापलप्यते । ४९ । तस्माद्वैमत्यभयान्महेशितुरेकत्वकल्पना भोजनादिव्ययभयात्कृपणस्यात्यन्तवल्लभपुत्रकलत्रादिपरित्यजनेन शून्यारण्यानीसेवनमिव । ५० ।

कहे छे. । ४६ । घणा मळीने एक कार्य करे तो, तेमां मतभेद थाय, एवुं एकांत नथी ; केमके सेंकडोगमे कीडीओनी राफडानी बनावटमां, अनेक कारीगरोनी मेहेलादिकोनी बनावटमां, अने अनेक मधमाखोनी मधपूडादिकोनी बनावटमां पण निंदारहित एक स्वभावपणानी प्राप्ति छे. । ४७ । हवे तुं एम कहीश के, तेओमां पण एकज ईश्वर कर्ता छे ; अने एवी रीते तने ईश्वरप्रते ज्यारे अनुपम श्रद्धा छे, त्यारे साळवी कुंभारादिकने तजीने वस्त्र तथा घडादिकनो पण तेज कर्ता छे, एम केम नथी मानतो ? । ४८ । हवे तुं एम कहीश के ते घडादिकनुं कर्तापणुं तो प्रत्यक्षसिद्ध छे, माटे तेनी केम ना पाडी शकाय ? तो कीडीआदिकोए तारुं शुं बगाड्युं छे ? के तेओनुं तेवुं अतुल्यप्रयासवाळुं कर्तापणुं जोतजोतामांज उडावी देछे ? । ४९ । माटे मतभेदना भयथी ईश्वरनी एकपणानी कल्पना तो, भोजनादिकना खरचना भयथी, अत्यंत प्रिय एवा पुत्र अने स्त्रीआदिकना त्यागपूर्वक कृपणना शून्य वनना सेवनसरखी छे. । ५० । वळी तेने सर्वगतपणुं पण योग्य नथी ; केमके ते श-

तथा सर्वगतत्वमपि तस्य नोपपन्नं । तद्धि शरीरात्मना ज्ञानात्मना वा स्यात् । ९१ । प्रथमपक्षे तदीयेनैव देहेन जगत्त्रयस्य व्याप्तत्वादितरनिर्मेयपदार्थानामाश्रयानवकाशः । द्वितीयपक्षे तु सिद्धसाध्यतास्माभिरपि निरतिशयज्ञानात्मना परमपुरुषस्य जगत्त्रयक्रोडीकरणाभ्युपगमात् ।९२। यदि परमेवं भवत्प्रमाणीकृतेन वेदेन विरोधः । तत्र हि शरीरात्मना सर्वगतत्वमुक्तं "विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतःपाणिरुतविश्वतःपादित्यादिश्रुतेः" । ९३ । यच्चोक्तं तस्य प्रतिनियतदेशवर्त्तित्वे त्रिभुवनगतपदार्थानामनियतदेशवृत्तीनां यथावन्निर्माणानुपपत्तिरिति । तत्रेदं पृच्छ्यते । ९४ । स जगत्त्रयं निर्म्मिमाणस्तक्षादिवत्साक्षाद्देहव्यापारेण निर्म्मिमीते । यदि वा सङ्कल्पमात्रेण । ९५ । आद्ये पक्षे एकस्यैव भूभूधरादेर्विधाने अक्षोदीयसः कालक्षेपस्य सम्भवाद्बंहीयसाऽप्यनेहसा न परिसमा-

---

रीररूपे छे ? के ज्ञानरूपे छे ? । ९१ । पेहेला पक्षमां तेनाज शरीरवडे त्रणे जगतो व्यापेलां होवाथी बीजा बनाववाना पदार्थोने रहेवानी जगो नहीं मळे ; अने सर्व अतिशयवाळा ज्ञानरूपे ईश्वरनुं त्रणे जगतमां व्यापकपणुं स्वीकारवाथी बीजा पक्षमां तो अमोने पण कबुलात छे. ।९२। पण तेथी तो तमोए मानेला वेदसाथे विरोध आवशे, केमके तेमां तो शरीररूपे सर्वगतपणुं कह्युं छे. 'जगत्रूप आंखवाळो, जगत्रूप मुखवाळो, जगत्रूप हाथवाळो, अने जगत्रूप पगवाळो इत्यादि वेदनी श्रुति छे.' । ९३ । वळी तमोए कह्युं के ते ईश्वर जो एकज जगोए रहे, तो जूदी जूदी जगोए रहेला त्रणे जगतोना पदार्थोने ते योग्यरीते बनावी शके नहीं ; तो तेमाटे अमो तमोने पूछीए छीए के'। ९४ । ते त्रणे जगत्ने बनावतो थको सुतारआदिकनीपेठे साक्षात् शरीरव्यापारवडे बनावे छे ? के संकल्पमात्रथी ? । ९५ । पेहेला पक्षमां एकज ईश्वरने पृथ्वीपर्वतादिक रचवामां घणा काळक्षेपना संभवथी, घणे काळे पण

प्तिः । ५६ । द्वितीयपक्षे तु सङ्कल्पमात्रेणैव कार्यकल्पनायां नियतदेशस्थायित्वेऽपि न किञ्चिद्दूषणमुत्पश्यामः । नियतदेशस्थायिनां सामान्यदेवानामपि संकल्पमात्रेणैव तत्तत्कार्यसम्पादनप्रतिपत्तेः । ५७ । किंच तस्य सर्वगतत्वेऽङ्गीक्रियमाणेऽशुचिषु निरन्तरसन्तमसेषु नरकादिस्थलेष्वपि तस्य वृत्तिः प्रसज्यते । तथा चाऽनिष्टापत्तिः । ५८ । अथ युष्मत्पक्षेऽपि यदा ज्ञानाऽऽत्मना सर्वजगत्रयं व्याप्नोतीत्युच्यते तदाऽशुचिरसास्वादादीनामप्युपलम्भसम्भावनान्नरकादिदुःखस्वरूपसंवेदनाऽऽत्मकतयादुःखाऽनुभवप्रसङ्गाच्चाऽनिष्टापत्तिस्तुल्यैवेति चेत् । तदेतदुपपत्तिभिः प्रतिकर्त्तुमशक्तस्य धूलिभिरिवावकरणम् । ५९ । यतो ज्ञानमप्राप्यकारि स्वस्थलस्थमेव विषयं परिच्छिनत्ति । न पुनस्तत्र गत्वा । तत्कुतो भवदुपालम्भः समीचीनः । ६० । तर्हि भवतोऽप्यशुचिज्ञानमात्रेण तद्रसास्वा-

---

समाप्ति नही थाय. । ५६ । अने संकल्पमात्रथी कार्यकरवारूप बीजा पक्षमां तो तेना अमुक भागमां रहेवापणामां पण अमोने कंइ दूषण देखातुं नथी ; केमके अमुक भागमां रहेनारा सामान्यदेवो पण संकल्पमात्रथीज ते ते कार्य निपजावी शके छे. । ५७ । वळी तेनुं सर्वगतपणुं स्वीकारवाथी अशुचिमां अने हमेशां अंधकारवाळा नरकादिकस्थानोमां पण तेनो निवास थाय छे ; अने तेथी अनीष्टनी प्राप्ति थाय छे. । ५८ । तमारा पक्षमां पण ज्यारे तमो एम कहोछो के, ज्ञानरूपे त्रणे जगतोमां ते व्यापे छे, त्यारे अशुचि रसना स्वादादिकनी पण प्राप्तिना संभवथी अने नरकादिक दुःखना स्वरूपना भोगववावडे दुःखना अनुभवना प्रसंगथी अनीष्टनी प्राप्ति तुल्यज छे, एम जो कहीश, तो योग्यतावडे उपाय लेवाने अशक्त थवाथी सामी धूळ उडाडवासरखुं छे; । ५९ । केमके, ज्ञान तो अप्राप्यकारि छे, तेथी पोतानी जगोएज रह्युं थकुं ज्ञेयने जाणे छे; पण त्यां जइने नही; माटे तारो ठपको योग्य शानो ? । ६० ।

दाऽनुभूतिस्तद्भावेहि स्रक्चंदनाऽङ्गनारसवत्यादिचिन्तनमात्रेणैव तृप्तिसिद्धौ तत्प्राप्तिप्रयत्नवैफल्यप्रसक्तिरिति । ६१ । यत्तु ज्ञानात्मना सर्वगतत्वे सिद्धसाधनं प्रागुक्तं । तच्छक्तिमात्रमपेक्ष्य मन्तव्यं । तथा च वक्तारो भवन्ति । अस्य मतिः सर्वशास्त्रेषु प्रसरति इति । ६२ । न च ज्ञानं प्राप्यकारि तस्यात्मधर्मत्वेन बहिर्निर्गमाऽभावात् । बहिर्निर्गमे चात्मनोऽचैतन्यापत्त्या अजीवत्वप्रसङ्गः । ६३ । न हि धर्मो धर्मिणमतिरिच्य क्वचन केवलो विलोकितो । ६४ । यच्च परे दृष्टान्तयन्ति । यथा सूर्यस्य किरणा गुणरूपा अपि सूर्यान्निष्क्रम्य भुवनं भासयन्त्येवं ज्ञानमप्यात्मनः सकाशाद्बहिर्निर्गत्य प्रमेयं परिच्छिनत्तीति । ६५ । तत्रेदमुत्तरं । किरणानां गुणत्वमसिद्धं । तेषां तैजसपुद्गलमयत्वेन द्रव्यत्वात्

---

(वळी ज्यारे तुं अशुचिस्वादादिकनो दोष मानतो होउं) त्यारे तो अशुचिज्ञानमात्रथी तने पण तेना रसना स्वादनो अनुभव थशे, अने तेम थवाथी तो माळा, चंदन, स्त्री, रसोइ आदिकना चिंतनमात्रथीज तृप्ति थवाथी, ते मेळववामाटेनो प्रयत्न निष्फळ जशे. । ६१ । वळी ज्ञानरूपे सर्वगतपणामां जे पेहेलां अमोए कबुलात आपी छे, ते मात्र शक्तिनी अपेक्षायें जाणवुं; अने एम बोलनाराउ होय पण छे; जेमके 'आनी बुद्धि सर्वशास्त्रोमां फेलाय छे;' । ६२ । वळी आत्मधर्मपणायें करीने बहार निकळतुं न होवाथी ज्ञान कंइ प्राप्यकारी नथी; अने जो बहार निकळे तो अचेतनपणानी प्राप्तिथी आत्माने अजीवपणानो प्रसंग थशे. । ६३ । वळी धर्म धर्मीने तजीने क्यांयें एकलो देखायो नथी. । ६४ । वळी बीजाउ दृष्टांत आपे छे के, सूर्यना गुणरूप किरणो पण जेम सूर्यमांथी निकळीने जगतने प्रकाशे छे, तेम ज्ञान पण आत्मामांथी बहार निकळीने ज्ञेयने जाणेछे. । ६५ । तेनो आ उत्तर छे. किरणोनुं गुणपणुं असिद्ध छे, केमके तेउने आ-

। ६६ । यश्च तेषां प्रकाशात्मा गुणः । स तेभ्यो न जातु पृथग् भवतीति । ६७ । तथा च धर्मसंग्रहिण्यां श्रीहरिभद्राचार्यपादाः । ६८ । =।। *किरणा गुणा न दव्वं । तेसिं पयासो गुणो न वा दव्वं ।। जं नाणं आयगुणो । कहमदव्वो स अन्नत्थ । ६९ । =।। गन्तूण न परिछिंदइ । नाणं नेयं तयंमि देसम्मि ।। आयत्थंचिय नवरं । अचिंतसत्तीउ विन्नेयं । ७० । ।।= लोहोवलस्स सत्ती । आयत्थाचेव भिन्नदेसंपि ।। लोहं आगरिसंती दीसइ इह कज्ज पचक्खा । ७१ । =।। एवमिह नाणसत्ती

---

तपसंबंधि पुद्गलमयपणायें करीने द्रव्यपणुं छे; । ६६ । अने तेउनो जे प्रकाशरूप गुण छे, ते तेउथी कदापि पण जूदो पडतो नथी. । ६७ । वली धर्मसंग्रहणीमां पूज्य श्री हरिभद्राचार्य कहे छे के, । ६८ ।–( सूर्यनां ) किरणो गुणो नथी, पण द्रव्य छे; अने तेउनो प्रकाश गुण छे, पण द्रव्य नथी; अने आत्मानो जे ज्ञानगुण छे, ते अद्रव्य थयो थको, एटले पोताना आत्मारूप द्रव्यने छोडीने, बीजी जगोए केम रहे? । ६९ । ज्ञान छे ते, ते देशमां जइने ज्ञेयने जाणतुं नथी पण एटलुं विशेष के, तेने आत्मामां रह्युं थकुंज अचिंत्यशक्तिवालुं जाणवुं. । ७० । लोहचुंबकनी शक्ति पोतामां रहीथकीज जूदा देशमां रहेला लोखंडने खेंचती देखाय छे, अने ते कार्य प्रत्यक्ष छे.

---

* किरणा गुणा न द्रव्यं । तेषां प्रकाशो गुणो न वा द्रव्यम् ।। यज्ज्ञानमात्मगुणः । कथमद्रव्यः सः अन्यस्थः ।। गत्वा न परिच्छिनत्ति । ज्ञानं ज्ञेयं तस्मिन्देशे ।। आत्मस्थमिव न वरं । अचिन्त्यशक्ति तु । विज्ञेयम् ।। लोहोपलस्य शक्तिः । आत्मस्थैव भिन्नदेशमपि ।। लोहमाकर्षंती । दृश्यत इहकार्य प्रत्यक्षा ।। एवमिह ज्ञानशक्तिः आत्मस्थैव हन्त लोकांतम् ।। यदि परिच्छिनत्ति सर्वं को नु विरोधी भवेत्तस्य ।। इतिच्छाया ।।

। आयत्था चेव हंदि लोगंतं ॥ जइ परिछिंदइ सम्मं को णु विरोहो भवे तत्थ ॥= इत्यादि । ७२ । अथ सर्वगः सर्वज्ञ इति व्याख्यानं । तत्राऽपि प्रतिविधीयते । ७३ । ननु तस्य सार्वज्ञ्यं केन प्रमाणेन गृहीतं । प्रत्यक्षेण परोक्षेण वा । ७४ । न तावत्प्रत्यक्षेण । तस्येन्द्रियार्थसन्निकर्षोत्पन्नतयाऽतींद्रीयग्रहणाऽसामर्थ्यात् । ७५ । नापि परोक्षेण । तद्धि अनुमानं शाब्दं वा स्यात् । ७६ । न तावदनुमानं । तस्य लिङ्गग्रहणेनलिङ्गिलिङ्गसम्बन्धस्मरणपूर्वकत्वात् न च तस्य सर्वज्ञत्वेऽनुमेये किंचिदव्यभिचारि लिङ्गं पश्यामस्तस्याऽत्यन्त विप्रकृष्टत्वेन तत्प्रतिबद्धलिङ्गसम्बन्धग्रहणाऽभावात् । ७७ । अथ तस्य सर्वज्ञत्वंविना जगद्वैचित्र्यमनुपपद्यमानं सर्वज्ञत्वमर्थादापादयतीतिचेत् । न । अविनाभावाऽभावात्

---

। ७१ । एवी रीते अहीं ज्ञानशक्ति आत्मामां रही थकीज छेक लोकांतसुधि जो सघलुं जाणे, तो तेमां शुं विरोध छे ? । ७२ । हवे 'सर्वगनो' ( तमोए ) 'सर्वज्ञ' अर्थ करेलो छे, त्यां पण ( अमो ) सामे थइए छीए. । ७३ । तेनुं सर्वज्ञपणुं कया प्रमाणवडे ग्रहण कर्युं छे ? प्रत्यक्षवडे ? के परोक्षवडे ? । ७४ । तेमां प्रत्यक्षवडे तो नथी, केमके ते प्रत्यक्ष इंद्रिय अने पदार्थना संबंधथी उत्पन्न थतुं होवाथी, अतींद्रिय पदार्थने ग्रहण करवामां असमर्थ छे. । ७५ । वली परोक्षवडे पण नथी; केमके ते अनुमानपरोक्ष छे ? के शास्त्रपरोक्ष छे ? । ७६ । तेमां अनुमानपरोक्ष तो नथी; केमके ते तो लिंगना ग्रहणवडे लिंगी अने लिंगना संबंधनुं स्मरण करावनारुं छे, अने तेना अनुमान करवा लायक सर्वज्ञपणामां तो कंइ निर्दोष लिंग अमोने देखातुं नथी; केमके तेने अत्यंत दूरपणुं होवाथी तेनी साथेना लिंगना संबंधनुं ग्रहण थइ शकतुं नथी. । ७७ । तेना सर्वज्ञपणाविना जगत्‌नी विचित्रता न थती थकी, अर्थापत्तिथी तेनुं सर्वज्ञपणुं ते प्रगट करे छे, एम जो तुं

नहि जगद्वैचित्री तत्सार्वज्ञ्यंविनाऽन्यथा नोपपन्ना । ७८ । द्विविधं हि जगत् । स्थावरजङ्गमभेदात् । तत्र जङ्गमानां वैचित्र्यं स्वोपात्तशुभाऽशुभकर्मपरिपाकवशेनैव । स्थावराणां तु सचेतनानामियमेव गतिरचेतनानां तु तदुपभोगयोग्यतासाधनत्वेनाऽनादिकालसिद्धमेव वैचित्र्यमिति । ७९ । नाप्यागमस्तत्साधकः । स हि तत्कृतोऽन्यकृतो वा स्यात् । ८० । तत्कृत एव चेत्तस्य सर्वज्ञतां साधयति । तदा तस्य महत्वक्षतिः । स्वयमेव स्वगुणोत्कीर्त्तनस्य महतामनधिकृतत्वात् । ८१ । अन्यच्च तस्य शास्त्रकर्तृत्वमेव न युज्यते । शास्त्रं हि वर्णात्मकं । ते च ताल्वादिव्यापारजन्याः । स च शरीर एव संभवी । शरीराऽभ्युपगमे च तस्य पूर्वोक्ता एव दोषाः । ८२ । अन्यकृतश्चेत्सोऽन्यः सर्वज्ञोऽसर्वज्ञोवा ।

---

कहीश तो, अविनाभावना अभावथी ते युक्त नथी. केमके तेना सर्वज्ञपणाविना बीजी रीते जगत्नी विचित्रता कंइ न थाय तेवुं नथी. । ७८ । कारणके स्थावर अने जंगम, एम जगत् बे प्रकारनुं छे; तेमां जंगमनी विचित्रता तो पोते उपार्जेलां शुभाऽशुभ कर्मोना विपाकने अनुसारे छे; अने स्थावरोमां सचेतनोनी तो तेज गति छे, अने अचेतनोने तो तेना उपभोगनी योग्यताना साधनपणावेम अनादिकालथीज विचित्रता लागेली छे. । ७९ । वळी आगमप्रमाण पण तेना सर्वज्ञपणाने साधनारुं नथी; केमके ते आगम ते सर्वज्ञनुं करेलुं? के बीजानुं करेलुं छे? । ८० । जो तेनुंज करेलुं आगम तेनुं सर्वज्ञपणुं साधे, तो तेना महत्वनी हानि छे; केमके महानोने पोताना गुणोनुं वर्णन करवुं अयोग्य छे. । ८१ । वळी तेने शास्त्रकर्तापणुंज घटतुं नथी, केमके शास्त्र तो अक्षरमय छे, अने ते अक्षरो तालु आदिकना व्यापारथी निपजे छे, अने ते व्यापार शरीरमांज संभवे छे, अने जो ईश्वरने शरीर मानीये तो पूर्वे कहेलाज दोषो आवे छे. । ८२ । वळी

सर्वज्ञत्वे तस्य द्वैतापत्त्याप्रागुक्ततदेकत्वाऽभ्युपगमबाधस्तत्साधकप्रमाण-चर्चायामनवस्थापाताच्च । ७३ । असर्वज्ञश्चेत्कस्तस्य वचसि विश्वासः । ७४ । अपरं च भवदभीष्ट आगमः प्रत्युत तत्प्रणेतुरसर्वज्ञत्वमेव साधयति । पूर्वाऽपरविरुद्धाऽर्थवचनोपेतत्वात्तथाहि "न हिंस्यात्सर्व-भूतानि" इति प्रथममुक्त्वा पश्चात्तत्रैव पठितम् =॥ । ७५ । षट्शतानि नियुज्यन्ते । पशूनां मध्यमेऽहनि ॥ अश्वमेधस्य वचनान्न्यूनानि पशुभिस्त्रिभिः । ७६ । ॥= तथा "अग्नीषोमीयं पशुमालभेत" "सप्त दशप्राजापत्यान् पशूनालभेत" इत्यादिवचनानि कथमिव न पूर्वापरविरोधमनुरुध्यन्ते । ७७ । तथा नानृतं ब्रूयादित्यादिनाऽनृतभाषणं प्रथमं निषिध्य पश्चाद् "ब्राह्मणार्थमनृतं ब्रूयादित्यादि" ॥ तथा ॥=॥

---

जो ते आगम बीजानुं करेलुं होय, तो ते बीजो सर्वज्ञ के असर्वज्ञ छे? सर्वज्ञपणामां तो तेने द्वैतनी प्राप्तिवडे तेना पूर्वे कहेला एकपणाना स्वि-कारने बाध आवे छे; तेम ते साधनारां प्रमाणनी चर्चामां अनवस्था दोष आववाथी पण बाध आवे छे. । ७३ । वली जो असर्वज्ञ होय, तो तेना वचनमां विश्वास शानो ? । ७४ । वली तमोए मानेलुं आगम पूर्वापर विरुद्ध अर्थवालां वचनोवालुं होवाथी उलटुं तेना रचनारनुं असर्वज्ञपणुंज जणावे छे; जेमके 'सर्व प्राणीओने मारवां नही' एवी रीते पहेलां कहीने, पाछलथी त्यांज कह्युं छे के, । ७५ । अश्वमेध-यज्ञना मध्यम दिवसे छसेंमां त्रण ओछां पशु होमवां.' । ७६ । वली अग्निषोम संबंधि पशुने (ते मंत्रवडे) मारवो' अने 'प्रजापतिसंबंधि सत्तर पशुओने (ते मंत्रवडे) मारवां, इत्यादि वचनो केवी रीते पूर्वा-पर विरोधने स्वीकारता नथी ? । ७७ । वली प्रथम जूठुं बोलवुं निषे-धीने पाछलथी कह्युंके 'ब्राह्मणने अर्थे जूठुं बोलवुं.' इत्यादि. वली हे राजन् ! मर्मवालुं वचन हानिकारक नथी, तेम स्त्री प्रसंगे, विवाह

*न मर्मयुक्तं वचनं हिनस्ति । न स्त्रीषु राजन्न विवाहकाले ॥ प्राणात्यये सर्वधनापहारे । पञ्चाऽनृतान्याहुरपातकानि॥ =॥ । ८८ । तथाऽदत्तादानमनेकधा निरस्य पश्चादुक्तं । यद्यपि ब्राह्मणो हठेन परकीयमादत्ते बलेन वा । तथापि तस्य नाऽदत्तादानं । ८९ । यतः सर्वमिदं ब्राह्मणेभ्यो दत्तं । ब्राह्मणानां तु दौर्बल्याद्वृषलाः परिभुञ्जते । तस्मादपहरन् ब्राह्मणः स्वमादत्ते स्वमेव ब्राह्मणो भुङ्क्ते स्वं वस्ते स्वं ददातीति । ९० । ॥ तथा ॥ " अपुत्रस्य गतिर्नास्ति " इति लपित्वा ॥= ॥ अनेकानि सहस्राणि । कुमारब्रह्मचारिणां ॥ दिवं गतानि विप्राणा—मकृत्वा कुलसन्ततिम् ॥= इत्यादि कियन्तो वा दधिमाषभोजनात्कृपणा विवेच्यन्ते । तदेवमागमोऽपि न तस्य सर्वज्ञतां वक्ति । ९१ । किंच सर्वज्ञः

---

वखते, प्राण जती वेलाए, अने सर्व धनना नाश वखते, एम पांच प्रकारनां जूठ पापविनानां छे. । ८८ । वली अदत्तादानने अनेक प्रकारें निषेधिने पाछलथी कह्युंके ' ब्राह्मण जो हठथी अथवा बलात्कारे परनुं कंइ लेइ ले, तोपण तेने अदत्तादान लागे नही ' । ८९ । केमके ' आ सघलुं ब्राह्मणोने आपेलुं छे, पण ब्राह्मणोनी दुर्बलताथी शूद्रो भोगवे छे ; माटे लेइ लेतो एवो ब्राह्मण पोतानुं लेछे, पोतानुंज भोगवे छे, पोतानुं पेहेरे छे, अने पोतानुं आपे छे. । ९० । वली पुत्ररहितनी गति नथी ' एम कहीने वली कह्युंके ब्राह्मणोना हजारो ब्रह्मचारी कुमारो पुत्रोत्पत्ति कर्याविना देवलोके गया छे. ' अथवा एवी रीते दहीं अमदना भोजनथी ते कंगाल थयेलाओनुं विवेचन ते केटलुंक करवुं ? माटे एवी रीते आगम पण तेनुं सर्वज्ञपणुं कहेतुं नथी. । ९१ । वली सर्वज्ञ थइने ज्यारे ते स्थावरजंगमने रचे छे, त्यारे जग-

---

* अत्र सर्वत्र धर्ममित्यध्याहारः कर्तव्य इत्यवगंतव्यं । आच्छाद्यतीत्यर्थः ।

सन्नसौ चराऽचरं चेद्विरचयति तदा जगदुपप्लवकरणस्वैरिणः पश्चादपिकर्तव्यनिग्रहान् सुरवैरिण एतदधिक्षेपकारिणश्चास्मदादीन् किमर्थं सृजतीति । तन्नाऽयं सर्वज्ञः । ७२ । तथा स्ववशत्वं स्वातन्त्र्यं । तदपि तस्य न क्षोदक्षमं । ७३ । स हि यदि नाम स्वाधीनः सन् विश्वं विधत्ते परमकारुणिकश्च त्वया वर्ण्यते । तत्कथं सुखिताद्यवस्थाभेदवृन्दस्थपुटितं घटयति भुवनमेकान्तशर्मसंपत्कान्तमेव तु किं न निर्मिमीते । ७४ । अथ जन्मान्तरोपार्जिततत्तत्तदीयशुभाऽशुभकर्मप्रेरितः संस्तथा करोतीति दत्तस्तर्हि स्ववशत्वाय जलाञ्जलिः । ७५ । कर्मजन्ये च त्रिभुवनवैचित्र्येऽपि विष्टहेतुकविष्टपसृष्टिकल्पनायाः कष्टैकफलत्वादस्मन्मतमेवाऽङ्गीकृतं प्रेक्षावता । तथाचायातोऽयं घटकुट्यांप्रभातमितिन्यायः । ७६ । किं च पाणिनां धर्म्माऽधर्म्मावपेक्षमाणश्चेदयं सृजति । प्राप्तं तर्हि य-

---

तूने उपद्रव करवामां स्वेच्छाचारी, अने पाछलथी पण जेनो नाश करवानो छे, एवा दानवोने, तथा तेनुं खंडन करनारा एवा अमो आदिकोने शामाटे बनावे छे? माटे ते सर्वज्ञ नथी. । ७२ । वली स्ववशपणुं एटले स्वतंत्रपणुं, ते पण तेने युक्तिवालुं नथी ; । ७३ । केमके ते स्वाधीन थयो थको जगत्ने ज्यारे बनावे छे, अने वली तेने तुं परम दयालु वर्णवे छे, त्यारे ते जगत्ने सुख आदिक अवस्थाभेदना समूहथी भरेलुं शामाटे बनावे छे? अने एकांत सुखसंपदाथी मनोहरज शामाटे बनावतो नथी? । ७४ । जन्मांतरमां उपार्जन करेलां तेओनां ते ते शुभाऽशुभ कर्मोथी प्रेरायो थको ते तेम करे छे, एम जो कहीश, तो तेना स्वाधीनपणाने तो तें जलांजलिज दीधी. । ७५ । अने त्रिभुवननी विचित्रता ज्यारे तें कर्मथी उत्पन्न थती मानी, त्यारे तेमां ईश्वर हेतुवाला जगत्नी रचनानी कल्पना फक्त कष्टरूप फलवाली थवाथी तें बुद्धिवाने अमारो मतज अंगीकार कर्यो! अने तेम

दयमपेक्षते तन्न करोतीति न हि कुलालो दण्मादि करोति । ९७ । एवं कर्मापेक्षश्चेदीश्वरो जगत्कारणं स्यात्तर्हि कर्मणीश्वरत्वमीश्वरोऽनीश्वरः स्यादिति । ९८ । तथा नित्यत्वमपि तस्य स्वगृह एव प्रणिगद्यमानं हृद्यं । ९९ । स खलु नित्यत्वेनैकरूपः सन् त्रिभुवनसर्गस्वभावोऽतत्स्वभावोवा । १०० । प्रथमविधायां जगन्निर्माणात्कदाचिद पि नोपरमेत । तदुपरमे तत्स्वभावत्वहानिः । एवं च सर्गक्रियाया अपर्यवसानादेकस्यापि कार्यस्य न सृष्टिः । १०१ । घटो हि स्वारम्भक्षणादारभ्य परिसमाप्तेरूपान्त्यक्षणंयावन्निश्चयनयाऽभिप्रायेण न घटव्यपदेशमासादयति । जलाहरणाद्यर्थक्रियायामसाधकतमत्वात् । १०२ । अतत्स्वभावपक्षे तु न जातु

---

थवाथी तो आ 'घटकुटीमां प्रभात' एवो न्याय आव्यो. । ९६ । वळी प्राणीओना धर्माऽधर्मनी अपेक्षा राखतो थको ते बनावे छे, एम जो कहीश तो, ते जे इच्छे छे ते करतो नथी, एम सिद्ध थयुं ; केमके कुंभार कंइ दंमादिक करतो नथी. । ९७ । एवी रीते कर्मनी अपेक्षावाळो ईश्वर जो जगतनुं कारण होय, तो कर्ममां ईश्वरपणुं आवे, अने ईश्वर असमर्थ थाय. । ९८ । वळी तेनुं नित्यपणुं पण पोताना घरमांज रहीने बोले तो सारुं छे! । ९९ । केमके ते नित्यपणावमे एकरूप थयो थको त्रिभुवनने रचवाना स्वभाववाळो छे? के तेवा स्वभावथी रहित छे? । १०० । पेहेला प्रकारमां तो जगत्ने बनाववानां कार्यथी ते कोइ दहामो पणं विरमे नही ; केमके जो विरमे, तो तेना स्वभावपणानी हानि थाय, अने एवीरीते रचनानी क्रियानो छेमो नहीं आववाथी एक कार्यनी पण रचना थाय नही. । १०१ । केमके निश्चयनयनी अपेक्षायें घमो पोताना प्रारंभना क्षणथी मांमीने समाप्तिना छेल्लाना पेहेला क्षणसुधि घमाना नामने पामतो नथी ; केमके पाणीभरवा आदिक अर्थ क्रियामां ते असमर्थ छे. । १०२ । हवे र-

जगन्ति सृजेत्तत्स्वभावाऽयोगाद्गगनवत् । १०३ । अपि च तस्यैकान्तनित्यस्वरूपत्वे सृष्टिवत्संहारोऽपि न घटेत । नानारूपकार्यकरणेऽनित्यत्वापत्तेः । १०४ । स हि येनैव स्वभावेन जगन्ति सृजेत्तेनैव तानि संहरेत् स्वभावान्तरेण वा । तेनैव चेत्सृष्टिसंहारयोर्यौगपद्यप्रसङ्गः । स्वभावाऽभेदात् । एकस्वभावात्कारणादनेकस्वभावकार्योत्पत्तिविरोधात् । १०५। स्वभावाऽन्तरेण चेन्नित्यत्वहानिः । स्वभावभेद एव हि लक्षणमनित्यतायाः । यथा पार्थिवशरीरस्याहारपरमाणुसहकृतस्य प्रत्यहमपूर्वाऽपूर्वोत्पादेन स्वभावभेदादनित्यत्वं । १०६ । इष्टश्च भवतां सृष्टिसंहारयोः शम्भौ स्वभावभेदः । रजोगुणात्मकतया सृष्टौ । तमोगुणात्मकतया संहरणे । सात्विकतया च स्थितौ तस्य व्यापारस्वीकारात् । १०७ ।

---

ભાના સ્વભાવવિનાના પક્ષમાં તો તેવો સ્વભાવ ન હોવાથી આકાશની પેઠે તે કદાપિ પણ જગતને રચે નહી. । १०३ । વળી તેના એકાંત નિત્યસ્વરૂપપણામાં રચનાની પેઠે સંહાર પણ ઘટતો નથી; કેમકે વિવિધ-પ્રકારનાં કાર્યો કરવામાં અનિત્યપણાની પ્રાપ્તિ થાય છે. । १०४ । વળી તે જે સ્વભાવવડે જગતોને રચે, તેજ સ્વભાવથી તેને સંહરે? કે બીજા સ્વભાવવડે? જો તેથીજ, તો સ્વભાવના અભેદથી રચના અને સંહારને એકીવેળાનો પ્રસંગ થશે; કેમકે એકસ્વભાવવાળાં કારણથી અનેક સ્વભાવવાળાં કાર્યોની ઉત્પત્તિમાં વિરોધ છે. । १०५ । હવે જો તે બીજા સ્વભાવથી સંહરે તો, નિત્યપણાની હાનિ થાય છે; કેમકે સ્વભાવનો ભેદ, એજ અનિત્યપણાનું લક્ષણ છે; જેમકે ભોજન પરમાણુઓથી બનેલાં પાર્થિવશરીરને હમેશાં નવી નવી ઉત્પત્તિવડે સ્વભાવભેદથી અનિત્યપણું ઘટે છે. । १०६ । વળી તમોને ઈશ્વરમાં સૃષ્ટિસંહારનો સ્વભાવભેદ માનનીય છે; કેમકે રજોગુણરૂપે સૃષ્ટિમાં, તમોગુણરૂપે સંહારમાં અને સાત્વિકપણાવડે સ્થિતિમાં તેનો વ્યાપર તમોએ સ્વીકાર્યો છે.

एवं चाऽवस्थाभेदस्तद्भेदे चावस्थावतोऽपि भेदान्नित्यत्वक्षतिः । १०८ । अथास्तु नित्यस्तथापि कथं सततमेव सृष्टौ न चेष्टते । इच्छावशाच्चे-न्ननु ता अपीच्छाः स्वसत्तामात्रनिबंधनात्मलाभाः सदैव किं न प्रवर्त-यन्तीति स एवोपालम्भः । १०९ । तथा शम्भोरष्ट*गुणाऽधिकर-णत्वे कार्यभेदाऽनुमेयानां तदिच्छानामपि विषमरूपत्वहानिः केन वा-र्यते । ११० । किं च प्रेक्षावतां प्रवृत्तिः स्वार्थकरुणाभ्यां व्याप्ता । त-तश्चायं जगत्सर्गे व्याप्रियेत स्वार्थात्कारुण्याद्वा । १११ । न तावत्स्वा-र्थात्तस्य कृतकृत्यत्वात् । न च कारुण्यात्परदुःखप्रहाणेच्छा हि कारुण्यं। ततः प्राक्सर्गाज्जीवानामिन्द्रियशरीरविषयाऽनुत्पत्तौ दुःखाऽभावेन कस्य

। १०७ । एवीरीते अवस्थानो भेद थयो, अने ते भेद होते छते अ-वस्थावानना भेदथी नित्यपणुं नष्ट थयुं. । १०८ । वळी भले ते नित्य हो, तोपण हमेशांज ते रचनामां केम मंड्यो रहेतो नथी ? जो कहेशो के इच्छाथी, तो पोतानी सत्तामात्रना कारणरूप लाभवाळी ते इच्छा पण हमेशां केम प्रवर्तती नथी ? एवीरीते तेनोतेज उपालंभ आव्यो. । १०९ । वळी ईश्वरना आठ गुणोना अधिकारपणामां कार्यभेदथी जणाती एवी तेनी इच्छानी पण विषमरूपपणानी हानि कोनाथी नि-वाराय तेवी छे ? । ११० । वळी बुद्धिवानोनी प्रवृत्ति स्वार्थवाळी अने करुणावाळी होय छे, माटे आ ईश्वर जगत्नी रचनामां स्वार्थथी व्या-पार करे छे ? के करुणाथी ? । १११ । स्वार्थथी तो नही, केमके ते कृतार्थ छे. तेम करुणाथी पण नही केमके परना दुःखनो नाश कर-वानी जे इच्छा, ते करुणा कहेवाय; तेथी सृष्टि पेहेलां जीवोने इंद्रिय, शरीर अने विषयोनी उत्पत्ति न होवाथी, दुःखनो अभाव हतो, अने

* बुद्धि । इच्छा । प्रयत्न । संख्या । परिमाण । पृथुक्त्व । संयोग । विभागाः ॥

प्रहाणेच्छाकारुण्यं । ११२ । सर्गोत्तरकाले तु दुःखिनोऽवलोक्य का-रुण्याऽभ्युपगमे दुरुत्तरमितरेतराश्रयं । कारुण्येन सृष्टिः सृष्ट्या च कारुण्यमिति नाऽस्य जगत्कर्तृत्वं कथमपि सिद्ध्यति । ११३ । तदेव-मेवंविधदोषकलुषिते पुरुषविशेषे यस्तेषां सेवाहेवाकः । स खलु केवलं बलवन्मोहविडम्बनापरिपाक इति । ११४ । अत्र च यद्यपि मध्यव-र्तिनो नकारस्य घण्टालालान्यायेन योजनादर्थान्तरमपि स्फुरति । यथा इमाः कुहेवाकविडम्बनास्तेषां न स्युर्येषां त्वमनुशासक इति । तथापि सोऽर्थः सहृदयैर्न हृदये धारणीयोऽन्ययोगव्यवच्छेदस्याधिकृतत्वादि-तिकाव्यार्थः ॥

। ११५ । अथ चैतन्यादयो रूपादयश्च धर्म्मा आत्मादेर्घटादेश्च धर्म्मिणोऽत्यन्तं व्यतिरिक्ता अपि समवायसम्बन्धेन संबद्धाः सन्तो धर्म्म-

---

तेथी शाना नाशनी इच्छारूप तेने करुणा हती ? । ११२ । वळी 'जगत् बनाव्या पछी दुःखी प्राणीओने जोइने दया आवी' एम स्वीकारते छते तो करुणावडे सृष्टि अने सृष्टिवडे करुणा, एवो अन्योऽन्याश्रय नामनो दोष नही टळी शके. एवीरीते ते ईश्वरनुं जगत्कर्तापणुं कोइ पण रीते सिद्ध थतुं नथी. । ११३ । माटे एवी एवी रीतनां दोषोथी मलीन थयेला ईश्वरमां तेउने जे सेवानी टेव छे, ते खरेखर केवल मोहना पराक्रमनो विपाक छे. । ११४ । अहीं वच्चे रहेला नकारने घंटालोलन न्यायवडे जोडवाथी जोके बीजो अर्थ पण निकले छे, (जे-मके 'आ कदाग्रहनी विडंबना तेउने न होय, के जेओने तुं शिखा-मण देनार हो.') तोपण ते अर्थ विद्वानोए हृदयमां धारवो नही, के-मके अहीं अन्यना योगने जूदा पाडवानो अधिकार छे. एवीरीते छट्ठा काव्यनो अर्थ जाणवो.

। ११५ । चैतन्यादिक अने रूपादिक धर्मो, आत्मादिक अने घ-

धर्म्मिव्यपदेशमश्नुवते । तन्मतं* दूषयन्नाह ।

नधर्म्मधर्म्मित्त्वमतीवभेदे
वृत्त्यास्ति चेन्न त्रितयं चकास्ति ।
इहेदमित्यस्ति मतिश्च वृत्तौ
न गौणभेदोऽपि च लोकबाधः ॥ ७ ॥

अत्यंत भिन्नपणामां धर्मधर्मीपणुं नथी; अने जो कहेशो के, वृत्तिथी छे, तो (तेउ बन्ने वच्चे) त्रीजुं कंइ देखातुं नथी. वली आ अहीं छे' एवी प्रतीति तो वृत्तिमां (समवायमां) पण छे; तेम गौण भेद नथी, पण (तेथी तो उलटो) लोकमां बाध आवे छे. ॥ ७ ॥

---

। १ । धर्म्मधर्म्मिणोरतीवभेदेऽतीवेत्यत्रेवशब्दो वाक्यालङ्कारे । तं च प्रायोऽतिशब्दात्किवृतेश्च प्रयुञ्जते शाब्दिकाः । यथा "आवर्जिता किञ्चिदिव स्तनाभ्यां" "उच्चतः क इव सुखावहः परेषामित्यादि" ततश्चैकान्तभिन्नत्वेऽङ्गीक्रियमाणे धर्म्मधर्म्मित्वं न स्यात् । अस्य धर्म्मिण इमे धर्म्मा एषां च धर्म्माणामयमाश्रयभूतो धर्म्मीत्येवं

---

टादिक धर्मीथी अत्यंत जूदा छे, तोपण समवायसंबंधवमे जोमाया थका धर्मधर्मीना नामने पामे छे, एवी रीतना ते वैशेषिकोना मतनुं खंमन करताथका हवे कहे छे.

। १ । धर्मधर्मीना अति भेदमां एटले तेउनुं एकांत भिन्नपणुं अंगीकार करते छते धर्मधर्मीपणुं होइ शके नही. (अहीं 'अतीवमां' इव शब्द वाक्यालंकार अर्थे छे, अने तेने प्रायें करीने अतिशब्दथी अने किंवृत्तिथी वैयाकरणीउ जोमे छे; जेमके 'थोमां ढांकेला स्तनवाली.' 'उच्चत बीजाउने केवीरीते सुख आपनारो छे?' इत्यादि)

---

* वैशेषिकाणां मते उत्पन्नं द्रव्यं क्षणमगुणं तिष्टतीति ।

सर्वप्रसिद्धो धर्म्मधर्म्मिव्यपदेशो न प्राप्नोति । तयोरत्यन्तभिन्नत्वेऽपि तत्कल्पनायां पदार्थान्तरधर्म्माणामपि विवक्षितधर्म्मधर्म्मित्वापत्तेः । एवमुक्ते सति परः प्रत्यवतिष्ठते । वृत्त्यास्तीति । २ । अयुतसिद्धानामाधार्याधारभूतानामिहप्रत्ययहेतुः सम्बन्धः समवायः स च समवयनात्समवाय इति द्रव्यगुणकर्मसामान्यविशेषेषु पञ्चसु पदार्थेषु वर्तनाद् वृत्तिरितिचाख्यायते। ३ । तया वृत्त्या समवायसम्बन्धेन तयोर्धर्म्मधर्म्मिणोरितेरतरविनिर्लुठितत्वेऽपि धर्म्मधर्म्मिव्यपदेश इष्यते । इतिनानन्तरोक्तो दोष इति । ४ । अत्राचार्यः समाधत्ते । चेदिति यद्येवं तव मतिः सा प्रत्यक्षप्रतिक्षिप्ता । यतो न त्रितयं चकास्ति अयं धर्म्मी इमे चाऽस्य धर्म्मा अयं चैतत्सम्बन्धनिबन्धनं समवाय इत्येतत्त्रितयं वस्तुत्रयं न च-

---

अर्थात् आ धर्मीना आ धर्मो छे, अने आ धर्मोनो आ आश्रयभूत धर्मी छे, एवी रीतनो लोकप्रसिद्ध धर्मधर्मीनो व्यवहार प्राप्त थतो नथी; केमके तेउना अत्यंत भिन्नपणामां पण जो ते व्यवहारनी कल्पना करीयें तो, बीजा पदार्थोना धर्मोने पण, ते धर्मधर्मीपणानी प्राप्ति थाय; एम कहेते छते वादी उत्तर आपे छे के वृत्तिवडे तेउनो संबंध छे. । २ । स्वभावथीज सिद्ध एवा आधेय अने आधारभूत पदार्थोनो 'अहीं' एवी प्रतीतिना हेतुवालो जे संबंध ते समवाय; अने ते जोमतो होवाथी समवाय कहेवाय छे; अने ते द्रव्य, गुण, कर्म, सामान्य अने विशेष, ए पांचे पदार्थोमां वृर्तवाथी 'वृत्ति' कहेवाय छे. । ३ । ते वृत्तिवडे एटले समवायसंबंधें करीने ते धर्मधर्मीनुं परस्पर भिन्नपणुं होते छते पण धर्मधर्मीनो व्यवहार घटे छे, माटे उपर कहेलो दोष आवतो नथी. । ४ । अहीं आचार्यजी तेनुं समाधान करे छेके, ज्यारे एवी तारी मति छे, त्यारे तेनुं प्रत्यक्ष खंडन थाय छे ; केमके, आ धर्मी, आ आना धर्मो, अने तेउना संबंधना कारणरूप आ

कास्ति । ज्ञानविषयतया न प्रतिभासते । ५ । यथा किल शिलाशक-
लयुगलस्य मिथोऽनुसन्धायकं लाक्षादिद्रव्यं तस्मात्पृथक् तृतीयतया
प्रतिभासते । नैवमत्र समवायस्याऽपि प्रतिभानं । किं तु द्वयोरेव ध-
र्म्मधर्म्मिणोः । इतिशपथप्रत्यायनीयोऽयं समवाय इति भावार्थः । ६ ।
किंचायं तेन वादिना एको नित्यः सर्वव्यापकोऽमूर्तश्च परिकल्प्यते ।
ततो यथा घटाश्रिताः पाकजरूपादयो धर्म्माः समवायसंबन्धेन समवेता-
स्तथा किं न पटेऽपि । तस्यैकत्वनित्यत्वव्यापकत्वैः सर्वत्र तुल्यत्वात्
। ७ । यथाऽऽकाश एको नित्यो व्यापकः अमूर्त्तश्च सन् सर्वैः सम्बन्धि-
भिर्युगपदविशेषेण संबध्यते तथा किं नायमपीति । ८ । विनश्यदेक-
वस्तुसमवायाऽभावे च समस्तवस्तुसमवायाऽभावः प्रसज्यते । ९ । त-
त्तदवच्छेदकभेदान्नायं दोष इतिचेदेवमनित्यत्वापत्तिः । प्रतिवस्तुस्वभा-

---

समवाय, एवी रीतनी त्रण वस्तुउ ज्ञानथी जणाती नथी. । ५ । जेम
पत्थरना बे ककमाने परस्पर सांधनारी लाल आदिक वस्तु तेथी जूदी
त्रीजी तरिके देखाय छे, तेम अहीं समवाय देखातो नथी ; पण फक्त
धर्म अने धर्मी ए बेज देखाय छे, माटे आ समवाय सोगनथी प्रतीति
कराववाजेवो छे, एवो भावार्थ जाणवो. । ६ । वली ते वादीए आ
समवायने, एक, नित्य, सर्वव्यापक अने अमूर्त्त मानेलो छे, तेथी जेम
घटना पाकथी निपजेला रूपादिक जे धर्मो समवायसंबंधवमे जोमाया छे,
तेम तेने एकपणा नित्यपणा अने व्यापकपणावमे सर्व जगोए तुल्यता हो-
वाथी वस्त्रमां ते केम जोमाया नथी? । ७ । जेम आकाश, एक, नित्य,
व्यापक अने अमूर्त होतो थको सर्व संबंधिउसाथे एकीवेलाए फेर-
फारविना संबंध राखे छे, तेम आ पण केम न राखे? । ८ । नष्ट थती
एवी एक वस्तुना समवायनो अभाव होते छते, सर्व वस्तुउना सम-
वायनो अभाव थाय छे. । ९ । तेने तेने जूदा पामवाना भेदथी ते

षभेदादिति । १० । अथ कथं समवायस्य न ज्ञाने प्रतिभानं । यतस्तस्येहेतिप्रत्ययः सावधानं साधनं । इहप्रत्ययश्चाऽनुभवसिद्ध एव । इह तन्तुषु पट इहात्मनि ज्ञानमिह घटे रूपादय इति प्रतीतेरुपलंभात् । अस्य च प्रत्ययस्य केवलधर्म्मधर्म्यनालम्बनत्वादस्ति समवायाख्यं पदार्थान्तरं तद्धेतुरिति पराशङ्कामभिसन्धाय पुनराह । ११ । (इहेदमित्यस्ति मतिश्चवृत्ताविति । इहेदमितिरिहेदमिति) आश्रयाश्रयिभावहेतुक इह प्रत्ययो वृत्तावप्यस्ति समवायसंबन्धेऽपि विद्यते । चशब्दोऽपिशब्दार्थस्तस्य च व्यवहितसम्बन्धस्तथैव च व्याख्यातं । १२। इदमत्र हृदयं । यथा त्वन्मते पृथिवीत्वाभिसंबन्धात्पृथिवी तत्र पृथिवीत्वं पृथिव्या एव स्वरूपमस्तित्वाख्यं । नाऽपरं वस्त्वन्तरं । तेन स्व-

---

दोष नथी, एम जो कहीश तो (ते समवायने) अनित्यपणानी प्राप्ति छे; केमके दरेक वस्तुओना स्वभावमां भेद छे. । १० । समवायनुं ज्ञानमां केम प्रतिभासन नथी? केमके तेनी 'अहीं' एवी प्रतीतिरूप खातरीवालुं साधन छे, अने 'अहीं' ए प्रतीति तो अनुभवसिद्ध छे, केमके 'आ तंतुओमां वस्त्र, आ आत्मामां ज्ञान, आ घडामां रूपादिक' एवी रीतनी प्रतीति प्राप्त थाय छे, अने आ प्रतीतिने मात्र धर्मधर्मीनुं अनालंबनपणुं होवाथी तेना हेतुरूप समवाय नामनो जूदो पदार्थ छे, एवी रीतनी वादी तरफनी शंका करीने फरीने (आचार्यमहाराज) कहे छे.। ११ । 'अहीं आ' एवीरीतनी आश्रय आश्रयीभावना हेतुवाली प्रतीति तो समवायसंबंधमां पण छे. अहीं 'च' शब्द 'अपि' शब्दना अर्थवालो छे, अने तेनो संबंध प्रसिद्ध छे, अने तेमज व्याख्यान करेलुं छे. । १२। भावार्थ ए छे के, (हेवादी!) तारा मतमां पृथ्वीपणाना संबंधथी पृथ्वी छे; तेमां पृथ्वीपणुं, ए पृथ्वीनुंज अस्तिपणानामनुं स्वरूप छे, पण ते कंइ जूदी वस्तु नथी, अने

रूपेणैव समं योऽसावभिसम्बन्धः पृथिव्याः स एव समवाय इत्युच्यते "प्राप्तानामेव प्राप्तिः समवाय" इति वचनात् । एवं समवायत्वाभिसम्बन्धात्समवाय इत्यपि किं न कल्प्यते । यतस्तस्याऽपि यत्समवायत्वं स्वस्वरूपं तेन सार्द्धं संबन्धोऽस्त्येवाऽन्यथा निःस्वभावत्वात् शशविषाणवदवस्तुत्वमेव भवेत् । १३ । ततश्च इह समवाये समवायत्वमित्युल्लेखेन इहप्रत्ययः समवायेऽपि युक्त्या घटत एव । ततो यथा पृथिव्यां पृथिवीत्वं समवायेन समवेतं, समवायेऽपि समवायत्वमेवं समवायान्तरेण संबन्धनीयं । तदप्यपरेणेत्येवं दुस्तराऽनवस्थामहानदी । १४ । एवं समवायस्यापि समवायत्वाभिसम्बन्धे युक्त्या उपपादिते साहसिक्यमालम्ब्य पुनः पूर्वपक्षवादी वदति । १५ । ननु पृथिव्यादीनां

---

ते स्वरूपनीज साथे पृथ्वीनो जे संबंध छे, तेज समवाय छे, एम कहेवाय छे, केमके 'प्राप्त थयेलाओनीज प्राप्ति ते समवाय' ए (शास्त्रनुं) वचन छे (अने ज्यारे एवो तारो मत छे त्यारे) 'समवायपणाना संबंधथी समवाय' एम पण शामाटे न मनाय? केमके तेनुं पण जे समवायपणारूप निजस्वरूप छे तेनी साथे (तेनो) संबंध छेज; अने जो तेम न होय तो स्वभावरहितपणाथी ससलाना शींगडांनीपेठे (समवायनुं) अपदार्थपणुंज थाय. । १३ । माटे 'आ समवायमां समवायपणुं,' एवी रीते कहेवाथी 'अहीं' एवी प्रतीति समवायमां पण युक्तिथी घटेज छे, तेथी पृथ्वीमां पण जेम पृथ्वीपणुं समवायसंबंधवडे जोडायुं छे, तेम समवायमां पण समवायपणुं बीजा समवायवडे जोडी लेवुं, अने ते पण त्रीजा समवायवडे; एवीरीते अनवस्थारूपी महानदी दुस्तर थशे. । १४ । एवीरीते समवायने पण समवायपणानो संबंध युक्तिवडे घटावते छते फरीने पूर्वपक्षनो वादी साहसिकपणुं धारण करीने कहे छे. । १५ । पृथ्व्यादिकनो पृथ्वीपणाना संबंधना कार-

पृथिवीत्वाभिसम्बन्धनिबन्धनं समवायो मुख्यस्तत्र त्वतलादिप्रत्यया-भिव्यंग्यस्य संगृहीतसकलावान्तरजातिलक्षणव्यक्तिभेदस्य सामान्य-स्योद्भवात् । १६ । इह तु समवायस्यैकत्वेन व्यक्तिभेदाऽभावे जाते-रनुद्भूतत्वाद्गौणोऽयं युष्मत्परिकल्पित इहेतिप्रत्ययसाध्यः समवायत्वा-भिसम्बन्धस्तत्साध्यश्च समवाय इति । १७ । तदेतन्न विपश्चिच्चेतश्चम-त्कारकारणं । यतोऽत्रापि जातिरुद्भवन्ती केन निरुध्येत । १८ । व्यक्तेरभेदेनेतिचेन्न । तत्तदवच्छेदकवशात्तद्भेदोपपत्तौ व्यक्तिभेदकल्प-नाया डर्निवारत्वादन्यो हि घटसमवायोऽन्यश्च पटसमवाय इति व्यक्त एव समवायस्यापि व्यक्तिभेद इति । १९ । तत्सिद्धौ सिद्ध एव जा-त्युद्भवस्तस्मादन्यत्रापि मुख्य एव समवायः । इहप्रत्ययस्योभयत्राप्य-

---

णरूप समवाय मुख्य छे, केमके तेमां 'त्व' अने 'तलादिक' प्र-त्ययथी जणाता, अने ग्रहण करेल छे सघली बीजी जातिना लक्ष-णनो व्यक्तिभेद जेणे एवा सामान्यनी उत्पत्ति छे; । १६ । अने अहीं तो समवायना एकपणावडे व्यक्तिभेद न होते छते जातिनी उत्पत्ति न थवाथी आ तमोए कल्पेलो 'अहीं' एवी प्रतीतिथी सधाय तेवो स-मवाय छे. । १७ । (हवे ते वादीने उत्तर आपे छेके) तारुं ते कहेवुं कंइ विद्वानना मनने चमत्कार करनारुं नथी; केमके तेमां पण उत्पन्न थती जाति कोनाथी अटकावाय तेम छे? । १८ । जो कहीश के व्यक्तिना अभेदें करीने, तो ते पण युक्त नथी; केमके ते ते अवच्छेदकना व-शथी तेना भेदनी प्राप्तिमां व्यक्तिभेदनी कल्पना निवाराय तेवी नथी, अने तेथी घटसमवाय जूदो छे, पटसमवाय जूदो छे, अने तेथी सम-वायनो पण व्यक्तिभेद प्रगटज छे; । १९ । अने ते सिद्ध होते छते, जातिनी उत्पत्ति सिद्ध थइ, अने तेथी बीजी जगोए पण समवाय मु-ख्यज छे, केमके 'अहीं' एवी प्रतीति तो व्यभिचार विना बन्ने जगोए

व्यभिचारात् । २० । तदेतत्सकलं सपूर्वपक्षं समाधानं मनसि निधाय सिद्धान्तवादी प्राह । न गौण इति । योऽयं भेदः स नास्ति । गौणलक्षणाऽभावात् । तल्लक्षणं चेत्थमाचक्षते । =॥ अव्यभिचारी मुख्योऽविकलोऽसाधारणोऽन्तरङ्गश्च ॥ विपरीतो गौणोऽर्थः । सति मुख्ये धीः कथं गौणे ॥= । २१ । तस्माद्धर्मधर्म्मिणोः सम्बन्धने मुख्यः समवायः । समवाये च समवायत्वाभिसम्बन्धे गौण इत्ययं भेदो नानात्वं नास्तीति भावार्थः । २२ । किं च योऽयमिह तन्तुषु पट इत्यादिप्रत्ययात्समवायसाधनमनोरथः स खल्वनुहरते नपुंसकादपत्यप्रसवमनोरथं । २३ । इह तन्तुषु पट इत्यादेर्व्यवहारस्याऽलौकिकत्वात्पांशुलपादानामपि इह पटे तन्तव इत्येवं प्रतीतिदर्शनात् । इह भूतले घटाभाव इत्यत्रापि स-

---

छे.। २० । माटे आ सघलुं पूर्वपक्षसहित समाधान मनमां धारीने सिद्धांतवादी (आचार्यमहाराज) कहे छे के गौण एवो जे आ भेद ते नथी, केमके तेमां गौणनुं लक्षण नथी; तेनुं लक्षण तो नीचे प्रमाणे कहे छे 'व्यभिचारविनानो, अविकल, असाधारण, अने अंतरंग ते 'मुख्य' छे, अने तेथी उलटां लक्षणवालो पदार्थ ते 'गौण' छे, माटे मुख्य होते छते गौणमां बुद्धि शीरीते थाय?' । २१ । तेथी करीने धर्मधर्मीना संबंधमां समवाय मुख्य छे, अने समवायमां समवायपणाना संबंधमां 'गौण' छे एवी आ जूदाइ नथी, एवो भावार्थ छे. । २२ । वली आ तंतुउमां वस्त्र छे, इत्यादिक प्रतीतिथी समवायना साधननो जे आ मनोरथ छे, ते तो नपुंसकथी संताननी उत्पत्तिना मनोरथनुं अनुकरण करे छे; । २३ । केमके आ तंतुउमां वस्त्र छे, इत्यादिक व्यवहार तो लोकप्रसिद्ध नथी पण आ वस्त्रमां तंतु छे, एवीरीतनी खातरी तो गांबडीआउने पण देखायेली छे; अने वली तेथी तो 'आ पृथ्वीतलपर घमानो अभाव छे' एवी रीतना वाक्यमां पण समवायनो प्रसंग थशे!

मवायप्रसङ्गादत एवाह । २४ । अपि च लोकबाध इति ( अपिचेति- दूषणान्त्युच्चये ) लोकः प्रामाणिकलोकः सामान्यलोकश्च तेन बाधो वि- रोधो लोकबाधस्तदप्रतीतव्यवहारसाधनात् ( बाधशब्दस्य " ईहाद्याः प्रत्ययभेदतः " इति पुंस्त्रीलिङ्गता )। २५ । तस्माद्धर्म्मधर्म्मिणोरविष्व- ग्भावलक्षण एव सम्बन्धः प्रतिपत्तव्यो । नान्यः समवायादितिका- व्यार्थः ॥

। २६ । अथ सत्ताभिधानं पदार्थान्तरमात्मनश्च व्यतिरिक्तं ज्ञाना- ख्यं गुणमात्मविशेषगुणोच्छेदस्वरूपां च मुक्तिमज्ञानादङ्गीकृतवतः परा- नुपहसन्नाह ।

**सतामपि स्यात् क्वचिदेव सत्ता**
**चैतन्यमौपाधिकमात्मनोऽन्यत् ।**

---

अने तेथीज कहे छे के, । २४ । तेम कहेवाथी तो जे प्रमाणिक लोक अने सामान्य लोक, तेनी साथे पण अप्रसिद्ध व्यवहार साधवाथी विरोध आवशे. ( अहीं 'अपिच' ए शब्द दूषण देखाडवामाटे छे ) 'ईहाद्याः प्रत्ययभेदतः' ए सूत्रथी बाध शब्दने पुल्लिंग अने स्त्रीलिंग- पणुं थाय छे. ) । २५ । तेथी धर्मधर्मीवच्चेनो संबंध, अभिन्नभावना ल- क्षणवालोज मानवो, पण तेमां समवायादिकरूप कंइ अन्य जाणवुं नही. एवी रीते सातमा काव्यनो अर्थ जाणवो.

। २६ । हवे सत्ता ( सामान्य ) नामना जूदा पदार्थने, अने आत्माथी जूदा एवा ज्ञान नामना गुणने, तथा आत्मासंबंधि गुणोना नाशना स्व- रूपवाली मुक्तिने अज्ञानथी अंगीकार करनारा वैशेषिकोनी हांसी क- रता थका कहे छे.

न संविदानन्दमयी च मुक्तिः
सुसूत्रमासूत्रितमत्वदीयैः ॥ ८ ॥

पदार्थोमां पण केटलाकोमां सत्ता छे! अने चैतन्य एटले ज्ञान, ते आत्माथी जूदुं अने उपाधिरूप छे! तथा ज्ञान अने सुखवाली मुक्ति नथी! एवी रीते (हे प्रभु!) आपना विरोधी एवा वैशेषिकोए भलुं सूत्र गुंथ्युं छे!! ॥ ८ ॥

---

। १ । वैशेषिकाणां द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाख्याः षट्पदार्थास्तत्वतयाऽभिप्रेतास्तत्र पृथिव्यापस्तेजोवायुराकाशः कालो दिगात्मा मन इति नव द्रव्याणि । २ । गुणाश्चतुर्विंशतिस्तद्यथा । रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणानि पृथक्त्वं संयोगविभागौ परत्वाऽपरत्वे बुद्धिः सुखदुःखे इच्छाद्वेषौ प्रयत्नश्चेतिसूत्रोक्ताः सप्तदश । चशब्दसमुच्चिताश्च सप्त । द्रवत्वं गुरुत्वं संस्कारः स्नेहो धर्म्माधर्म्मौ शब्दश्चेत्येवं चतुर्विंशतिर्गुणाः । ३ । संस्कारस्य वेगभावनास्थितिस्थापकभेदात्त्रैवि-

---

। १ । वैशेषिकोए द्रव्य, गुण, कर्म, सामान्य, विशेष, अने समवाय नामना छ पदार्थोने तत्वरूपे मानेला छे; तेमां पृथ्वी, जल, तेज, वायु, आकाश, काल, दिशा, आत्मा अने मन ए नव द्रव्यो छे. । २ । गुणो नीचे प्रमाणे चोवीस छे. रूप, रस, गंध, स्पर्श, संख्या, परिमाण, पृथक्पणु, संयोग, विभाग, परपणुं, अपरपणुं, बुद्धि, सुख, दुःख, इच्छा, द्वेष अने प्रयत्न, ए सूत्रमां कहेला सत्तर, अने 'च' शब्दथी सूचवेला द्रवपणुं, भारीपणुं, संस्कार, स्नेह, धर्म, अधर्म अने शब्द, ए सात मलीने चोवीस गुणो थया. । ३ । वेग भावना अने स्थितिस्थापक भेदथी संस्कार त्रण प्रकारनो छे, तोपण सं-

ध्येऽपि संस्कारत्वजात्यपेक्षया एकत्वाच्छौर्यौदार्यादीनां[१] चात्रैवान्तर्भावा-न्नाधिक्यं । ४ । कर्माणि पञ्च । तद्यथा । उत्क्षेपणमवक्षेपणमाकुञ्चनं प्र-सारणं गमनमिति । गमनग्रहणाद्भ्रमणरेचनस्पन्दनाद्यविरोधः । ५ । अ-त्यन्तव्यावृत्तानां पिण्डानां यतः कारणादन्योऽन्यस्वरूपानुगमः प्रतीयते तदनुवृत्तिप्रत्ययहेतुः सामान्यं । ६ । तच्च द्विविधं परमपरं च । तत्र परं सत्ता भावो महासामान्यमितिचोच्यते । द्रव्यत्वाद्यवान्तरसामान्याऽपेक्षया महा-विषयत्वात् । ७ । अपरसामान्यं च द्रव्यत्वादि । एतच्च सामान्यविशेष इत्यपि व्यपदिश्यते । ८ । तथाहि द्रव्यत्वं नवसु द्रव्येषु वर्तमानत्वा-त्सामान्यं । गुणकर्मभ्यो व्यावृत्तत्वाद्विशेषः । (ततः कर्मधारये सामा-

---

स्कारपणानी जातिनी अपेक्षावडे ते एक होवाथी, तेमज शूरापणुं अने उदारता आदिकनो पण आ चोवीसमांहेला गुणोमांज समावेश थतो होवाथी ( चोवीसनी संख्याथी ) अधिकपणुं नथी. । ४ । कर्मो नीचे प्रमाणे पांच प्रकारनां छे. उत्क्षेपण, अवक्षेपण, आकुंचन, प्रसारण, अ-ने गमन. गमनना ग्रहणथी भ्रमण, रेचन, तथा स्पंदनादिक पण तेमांज जाणवां. । ५ । अत्यंत जूदा पदार्थोनो जे कारणथी परस्पर रूपनो अ-नुगम जणाय छे, तेनी अनुवृत्तिनी प्रतीतिनो हेतुरूप सामान्य छे. । ६ । ते सामान्य पर अने अपर एम बे प्रकारनुं छे. तेमां परने सत्ता, भाव अ-थवा महासामान्य पण कहेछे; केमके ते द्रव्यत्वादि बीजा सामान्यनी अपेक्षाये महाविषयवाळुं छे. । ७ । तथा द्रव्यपणादिक, ते अपर सामा-न्य छे, अने ते सामान्यविशेषतरिके पण कहेवाय छे. । ८ । जेमके

---

१ ये तु शौर्यौदार्यकारुण्यदाक्षिण्यौग्र्यादयस्तेऽत्रैवांतर्भवंति । यथा शौर्यं बलवतोऽपि पराजयं प्रत्युत्साहः । स च प्रयत्नविशेषएव सततं मार्गानुगामिनी बुद्धिरौदार्यं । परदुःखप्रहाणेच्छा कारुण्यं । तत्त्वाभि-निवेशिनीबुद्धिर्दाक्षिण्यं । औग्र्यमात्मन्युत्कर्षप्रत्यय इत्येवमादि ॥

न्यविशेष इति ) । ९ । एवं द्रव्यत्वापेक्षया पृथिवीत्वादिकमपरं तदपेक्षया घटत्वादिकम् । १० । एवं चतुर्विंशतौ गुणेषु वृत्तेर्गुणत्वं सामान्यं । द्रव्यकर्मभ्योव्यावृत्तेश्च विशेषः । ११ । एवं गुणत्वापेक्षया रूपत्वादिकं तदपेक्षया नीलत्वादिकम् । एवं पञ्चसु कर्मसु वर्त्तनात्कर्मत्वं सामान्यं । द्रव्यगुणेभ्यो व्यावृत्तत्वाद्विशेषः । एवं कर्मत्वापेक्षया उत्क्षेपणत्वादिकं ज्ञेयं । १२ । तत्र सत्ता द्रव्यगुणकर्मभ्योऽर्थान्तरं कया युक्त्येति चेत् उच्यते । न द्रव्यं सत्ता । द्रव्यादन्येत्यर्थः । एकद्रव्यवत्वात् । एकैकस्मिन् द्रव्ये वर्तमानत्वादित्यर्थः । द्रव्यत्ववत् । १३ । यथा द्रव्यत्वं नवसु द्रव्येषु प्रत्येकं वर्तमानं द्रव्यं न भवति । किं तु सामा-

---

नवे द्रव्यनी अंदर द्रव्यपणुं वर्ततुं होवाथी ते सामान्य छे, अने गुणो तथा कर्मोथी जूदुं पडतुं होवाथी ते विशेष छे; ( एवी रीते अहीं कर्मधारयसमासथी सामान्यविशेष छे. ) । ९ । एवी रीते द्रव्यपणानी अपेक्षाये पृथ्वीपणादिकपणुं अपर सामान्य छे, अने तेनी अपेक्षाये घटपणादिक अपर सामान्य छे. । १० । वळी एवीज रीते चोवीसे गुणोनेविषे वर्तवाथी गुणपणुं सामान्य छे, अने द्रव्यो तथा कर्मोथी जूदुं पडतुं होवाथी ते विशेष छे. । ११ । एवीज रीते गुणपणानी अपेक्षाये रूपपणादिक, ने तेनी अपेक्षाये श्यामपणादिक; वळी तेमज पांचे कर्मोमां वर्तवाथी कर्मपणुं सामान्य छे, अने द्रव्यगुणथी जूदुं पडवाथी ते विशेष छे; अने तेवीज रीते कर्मपणानी अपेक्षाये उत्क्षेपणपणादिकमां पण जाणवुं. । १२ । ( वैशेषिक मतवाला जैनोने कहे छे के ) हवे तेमां सत्ता छे ते, कइ युक्तिवडे द्रव्य, गुण अने कर्मथी जूदा पदार्थरूप छे? एम जो तमो पूछो, तो कहीये छीएके, 'सत्ता' कंइ द्रव्य नथी, अर्थात् ते द्रव्यथी जूदी छे; केमके ते द्रव्यपणानी पेठे दरेक द्रव्यमां रहेली छे; । १३ । जेम नवे द्रव्योमां दरेकमां वर्ततुं द्र-

न्यविशेषलक्षणं द्रव्यत्वमेव । एवं सत्तापि । १४ । वैशेषिकाणां हि [१]अद्रव्यं वा द्रव्यम् अनेकद्रव्यं वा द्रव्यं । तत्राऽद्रव्यमाकाशः कालो दिगात्मामनः परमाणवः । अनेकद्रव्यं तु द्व्यणुकादिस्कन्धाः । एकद्रव्यं तु द्रव्यमेव न भवति । एकद्रव्यवती च सत्ता इति द्रव्यलक्षणविलक्षणत्वान्न द्रव्यं । १५ । एवं न गुणः सत्ता गुणेषु भावाद्गुणत्ववत् । यदि हि सत्ता गुणः स्यान्न तर्हि गुणेषु वर्तेत । निर्गुणत्वाद्गुणानां । वर्तते च गुणेषु सत्ता । सन् गुण इति प्रतीतेः । १६ । तथा न सत्ता कर्म । कर्मसु भावात्कर्मत्ववत् । यदि च सत्ता कर्म स्यान्न तर्हि कर्मसु वर्तेत । निष्कर्मत्वात्कर्मणां । वर्तते च कर्मसु सत्ता । सत् कर्मेति प्र-

---

व्यपणुं ( जूदा ) द्रव्यरूप नथी, पण सामान्यविशेषना लक्षणवालुंज ते छे; तेम सत्ता पण जाणवी. । १४ । वैशेषिको अद्रव्यरूप अनेकद्रव्यरूप एम बे प्रकारनां द्रव्यो माने छे; तेमां आकाश, काल, दिशा, आत्मा, मन अने परमाणु, ए अद्रव्यरूपे द्रव्य छे; अने द्व्यणुकादिकना स्कंधो, ते अनेक द्रव्यरूपे द्रव्य छे; वली 'एकद्रव्य' तो द्रव्यज नथी, अने सत्ता तो एकद्रव्यवाली छे; एवी रीते द्रव्यना लक्षणथी ते विलक्षण होवाथी द्रव्यरूप नथी. । १५ । तेमज 'सत्ता' गुण पण नथी; केमके ते तो गुणपणानी पेठे गुणोमां रहेली छे. वली जो सत्ता (पोतेज) गुण होय, तो ते गुणोमां रहेज नही, केमके तेथी तो गुणोने अगुणपणुं थाय; अने सत्ता तो गुणोमां रहेली छे, केमके गुण 'छे' एवी प्रतीति छे. । १६ । वली 'सत्ता' कंइ कर्म नथी, केमके ते तो कर्मपणानी पेठे कर्ममां रहेली छे; वली जो सत्ता (पोतेज) कर्म होय,

---

१ द्रव्यं द्विधा—अद्रव्यं अनेकद्रव्यं च । न विद्यते द्रव्यं जन्यतया जनकतया वा यस्य तदद्रव्यं द्रव्यं आकाशात्मादि ॥ अनेकं द्रव्यं जन्यतया वा यस्य तदनेकद्रव्यं द्व्यणुकादि ॥

तीतेः । तस्मात्पदार्थान्तरं सत्ता । १७ । तथा विशेषा नित्यद्रव्यवृत्त-योऽन्त्या अत्यन्तव्यावृत्तिहेतवस्तेद्रव्यादिवैलक्षण्यात्पदार्थान्तरं । तथा च प्रशस्तकारः । अन्तेषु ज्ञवा अन्त्याः । स्वाश्रयविशेषकत्वाद्विशेषाः । विनाशारम्जरहितेषु नित्यद्रव्येष्वऽएवाकाशकालदिगात्ममनस्सु प्रतिद्र-व्यमेकैकशो वर्तमाना अत्यन्तव्यावृतिबुद्धिहेतवः । १८ । यथाऽस्मदा-दीनां गवादिष्वश्वादिभ्यस्तुल्याकृतिगुणक्रियावयवोपचयाऽपचयविशेष-संयोगनिमित्ता प्रत्ययव्यावृत्तिर्दृष्टा ( गौः शुक्लः शीघ्रगतिः पीनः क-कुद्मान् महाघण्ट इति ) तथास्मद्विशिष्टानां योगिनां नित्येषु तुल्या-

---

तो ते कर्मोमां वर्तेज नही, केमके तेथी तो कर्मोने अकर्मपणुं थाय; अने सत्ता तो कर्मोमां रहेली छे, केमके कर्म 'छे' एवी प्रतीति छे; माटे 'सत्ता' एक जूदा पदार्थरूप छे. । १७ । वली नित्यद्रव्यमां र-हेनारा, छेवटना, अने अत्यंत जूदा पामवाना हेतुवाला, एवा विशेषो, द्रव्यादिकथी विलक्षण होवाथी जूदा पदार्थरूप छे; तेमाटे वली प्रश-स्तकार कहे छे के 'अंतमां होय ते अंत्य कहेवाय, अने पोतानाज आश्रयवाला होवाथी विशेषो कहेवाय छे, ते विशेषो नाश अने आ-रंजविनाना परमाणु, आकाश, काल, दिशा, आत्मा अने मनरूप नित्यद्रव्योनेविषे दरेक द्रव्यमां एकेकपणे वर्तता थका अत्यंत व्यावृ-त्तिनी बुद्धिना हेतुरूप छे. । १८ । जेम बलदादिकनेविषे घोमाआदि-कथी तुल्य एवी आकृति, गण, क्रिया, अवयव, वधारा अने घटा-माना विशेषसंयोगना निमित्तवाली प्रतीतिनी जूदाइ आपणआदिकोने देखाएली छे; (जेमके बलद सफेद, उतावलीचालनो, पुष्ट, खुंधवालो, अने मोटाघंटवालो छे) तेम आपणथी विशेष ज्ञानवाला योगीउने नित्य एवा, तथा तुल्य आकृति, गुण, अने क्रियावाला परमाणुउमां अने मुक्त एवा आत्मा अने मननेविषे विशेषपणानी इप्रतीतिनी जूदा

कृतिगुणक्रियेषु परमाणुषु मुक्तात्ममनःसु चान्यनिमित्ताऽसंभावत् । १९ । येभ्यो निमित्तेभ्यः प्रत्याधारं विलक्षणोऽयं विलक्षणोऽयमितिप्रत्ययव्यावृत्तिर्देशकालविप्रकृष्टे च परमाणौ स एवायमिति प्रत्यभिज्ञानं च भवति तेऽन्त्या विशेषा इति । २० । अमी च विशेषरूपा एव । न तु द्रव्यत्वादिवत्सामान्यविशेषोभयरूपा व्यावृत्तेरेव हेतुत्वात् । २१ । तथा अयुतसिद्धानामाधार्याधारभूतानामिहप्रत्ययहेतुः संबन्धः समवाय इति । २२ । अयुतसिद्धयोः परस्परपरिहारेण पृथगाश्रयानाश्रितयोराश्रयाश्रयिभावः 'इह तन्तुषु पटः' इत्यादेः प्रत्ययस्यासाधारणं कारणं समवायः । यद्वशात् स्वकारणसामर्थ्यादुपजायमानं पटाद्याधार्यं तन्त्वाद्याधारे सम्बध्यते । यथा छिदिक्रिया छेद्येनेति । २३ । सोऽपि

---

देखाएली छे; केमके ते विशेषशिवाय तेमां बीजुं निमित्त नथी; । १९ । वली जे निमित्तोथी आधारप्रते आ भिन्न छे, आ भिन्न छे, एवी रीतनी प्रतीतिनी जूदाइ देखाय, अने देशकालवमे दूर एवा परमाणुमां 'आ तेज छे' एवी जे खातरी थाय, तेउने अंत्यविशेषो जाणवा. । २० । वली आ विशेषरूपज छे, पण द्रव्यपणादिकनी पेठे सामान्य अने विशेष एम बन्नेमय नथी, केमके ते जूदाइनाज हेतुवाला छे. । २१ । वली स्वभावथीज सिद्ध एवा आधेयआधारभूतोनो 'अहीं' एवी प्रतीतिना हेतुवालो समवायसंबंध छे. । २२ । परस्परना त्यागपूर्वक भिन्न आश्रयने आश्रीने नही रहेला एवा स्वभावसिद्धोना आश्रयआश्रयीभावरूप, जेमके 'आ तंतुउमां वस्त्र' इत्यादिक प्रतीतिनुं जे असाधारण कारण ते समवाय छे, के जेना वशथी, जेम छेदननी क्रिया छेद्यनी साथे, तेम पोताना कारणना सामर्थ्यथी उत्पन्न थतुं पटादिकआधेय तंतुआदिक आधारप्रते जोमाय छे. । २३ । एवी रीते ते समवाय पण द्रव्यादिकना लक्षणथी जूदा धर्मवालो होवाथी भि-

द्रव्यादिलक्षणवैधर्म्यात्पदार्थान्तरमितिषट्पदार्थाः । २४ । सांप्रतमक्ष- रार्थो व्याक्रियते । सतामपीत्यादि । सतामपि सद्बुद्धिवेद्यतया साधा- रणानामपि षण्णां पदार्थानां मध्ये क्वचिदेव केषुचिदेव पदार्थेषु सत्ता- सामान्ययोगः स्याद्भवेत् न सर्वेषु तेषामेषा वाचोयुक्तिः । २५ । सदिति । यतो द्रव्यगुणकर्मसु सा सत्ता इति वचनात् । यत्रैव सत्प्रत्ययस्तत्रैव सत्ता । सत्प्रत्ययश्च द्रव्यगुणकर्मस्वेवातस्तेष्वेव सत्तायोगः । सामान्यादि- पदार्थत्रये तु न । तदभावात् । २६ । इदमुक्तं भवति । यद्यपि वस्तु- स्वरूपमस्तित्वं सामान्यादित्रयेऽपि विद्यते । तथापि तदनुवृत्तिप्रत्यय- हेतुर्न भवति । य एव चानुवृत्तिप्रत्ययः स एव सदितिप्रत्यय इति । तदभावान्न सत्तायोगस्तत्र । २७ । द्रव्यादीनां पुनस्त्रयाणां षट्पदार्थ- साधारणं वस्तुस्वरूपमस्तित्वमपि विद्यते । अनुवृत्तिप्रत्ययहेतुः सत्तास-

---

न्नपदार्थरूप छे; अने एवी रीते छ पदार्थो थया. । २४ । हवे अक्ष- रार्थ कहे छे. 'सतामपि' एटले 'सद्' एवी बुद्धिथी वेद्यपणायें क- रीने साधारण एवा पण ए छए पदार्थोमांना केटलाकोमां सामान्यनो संयोग होय, पण सघलामां न होय, एवी ते वैशेषिकोनी वचनयुक्ति छे. । २५ । तेउ कहे छे के द्रव्य, गुण अने कर्म ए त्रण पदार्थोमां सत्ता (सामान्यपणुं) छे; केमके ज्यां सत् एवी प्रतीति छे, त्यांज सत्ता छे; अने सत् एवी प्रतीति द्रव्य, गुण अने कर्ममांज छे, माटे तेउ- मांज सत्तानो संयोग छे; वली सामान्यादिक त्रण पदार्थोमां ते सत्ता नथी, केमके तेउमां तेनो अभाव छे. । २६ । भावार्थ ए छे के, हो- वापणारूप पदार्थनुं स्वरूप जोके सामान्यादिक त्रणेमां पण छे, तोपण ते स्वरूप अन्वयनी प्रतीतिना हेतुरूप थतुं नथी, अने जे अन्वयनी प्रतीति छे, तेज सत् एवी प्रतीति छे; अने ते नही होवाथी तेउमां सत्तानो संयोग नथी; । २७ । अने द्रव्यादिक त्रणने तो छए पदा-

म्बन्धोऽप्यस्ति । निःस्वरूपे शशविषाणादौ सत्तायाः समवायाऽभावात् । २७ । सामान्यादित्रिके कथं नानुवृत्तिप्रत्यय इतिचेद्बाधकसद्भावादिति ब्रूमः । तथाहि । २९ । सत्तायामपि सत्तायोगाङ्गीकारेऽनवस्था । विशेषेषु पुनस्तदभ्युपगमे व्यावृत्तिहेतुत्वलक्षणतत्स्वरूपहानिः । समवाये तत्कल्पनायां सम्बन्धाऽभावः । केन हि सम्बन्धेन तत्र सत्ता सम्बध्यते । समवायान्तराऽभावात् । ३० । तथा च प्रामाणिकप्रकाण्डमुदयनः । =॥ व्यक्तेरभेदस्तुल्यत्वं । सङ्करोऽथानवस्थितिः ॥ रूपहानिरसम्बन्धो । जातिबाधकसंग्रहः ॥= इति । ३१ । ततः स्थितमेतत्सतामपि स्यात् क्वचिदेव सत्तेति । ३२ । तथाचैतन्यमित्यादि । चैतन्यं ज्ञानमात्मनः क्वे-

---

र्थोमां साधारणरीते रहेलुं, एवुं छतापणारूपी वस्तुस्वरूप छे, अने अनुवृत्तिनी प्रतीतिना हेतुवालो सत्तासंबंध पण छे; केमके स्वरूपविनाना ससलाना शींगडांआदिकमां सत्ताना संबंधनो अभाव छे. । २७ । सामान्यादिक त्रणमां अनुवृत्तिनी प्रतीति केम नथी? एम जो कहेशो, तो अमो कहीये छीए के, तेमां (ते प्रतीति माटे) नीचे प्रमाणे बाध आवे छे. । २९ । सत्तामां (सामान्यमां) जो सत्तानो संयोग अंगीकार करीयें तो अनवस्था आवे छे, अने विशेषमां जो ते सत्ता लइयें तो जूदापाडवाना हेतुपणाना लक्षणवाला एवा तेना स्वरूपनी हानि थाय छे; तथा समवायमां जो ते सत्तानी कल्पना करीयें तो संबंधनो अभाव थाय छे, केमके बीजो समवाय न होवाथी क्या संबंधवडे त्या सत्ता जोडाय? । ३० । प्रमाणिकोमां शिरोमणि एवो उदयन कहे छे के 'व्यक्तिना अभेदमां अनवस्था, तुल्यपणामां स्वरूपनी हानि, अने संकरमां असंबंध एम जातिमां बाधक आवे छे.' । ३१ । एवी रीते पदार्थोमां पण केटलाकमांज सत्ता छे, एम नक्की थयुं. । ३२ । हवे चैतन्य एटले ज्ञान आत्माथी अत्यंत जूदुं छे; (आत्मा शब्द साथे

त्रज्ञादन्यदत्यन्तव्यतिरिक्तं । असमासकरणादत्यन्तमिति लभ्यते । ३३। अत्यन्तभेदे सति कथमात्मनः सम्बन्धि ज्ञानमिति व्यपदेश इतिपराशङ्कापरिहारार्थं औपाधिकमिति विशेषणद्वारेण हेत्वभिधानम् । ३४ । उपाधेरागतमौपाधिकं । समवायसम्बन्धलक्षणेनोपाधिना आत्मनि समवेतमात्मनः स्वयं जडरूपत्वात्समवायसंबन्धोपढौकितमिति यावत् । ३५ । यद्यात्मनो ज्ञानादव्यतिरिक्तत्वमिष्यते तदा दुःख[1]जन्मप्रवृत्ति[2]दोष[3]मिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तराभावाद् बुध्द्यादीनां नवानामात्मविशेषगुणानामुच्छेदावसरे आत्मनोऽप्युच्छेदः स्यात् । तदव्यतिरिक्तत्वादतो भिन्नमेवात्मनो ज्ञानं यौक्तिकमिति । ३६ । तथा न

---

अन्यत् शब्दनो ) समास न करवाथी 'अत्यंत' एवो अर्थ निकले छे. । ३३ । हवे जो अत्यंत भेद होय तो 'आत्मसंबंधि ज्ञान' एम केम कहेवाय छे? एवी रीतनी परनी शंकाने दूर करवामाटे 'उपाधिवालुं' एवी रीतना विशेषणद्वाराए (तेनो) हेतु कहेलो छे. । ३४ । उपाधिथी आवेलुं ते उपाधिवालुं. अर्थात् समवायसंबंधरूप उपाधिवडे ते आत्मामां जोडायुं छे; एटले आत्मा पोते जडरूप होवाथी तेने समवाय संबंधे तेनीसाथे मेलवी आपेलुं छे. । ३५ । वली जो ज्ञानथी आत्मानुं अभिन्नपणुं मानीयें, तो दुःख, जन्म, प्रवृत्ति, दोष अने मिथ्याज्ञाननो उत्तरोत्तर नाश थये छते, तेमां रहेला आत्माना बुध्दि आदिक नवे गुणो तेनाथी अभिन्न होवाथी, तेउना नाशवखते आत्मानो पण नाश थाय; माटे आत्माथी ज्ञान भिन्नज छे, एम मानवुं युक्तिवालुं छे. । ३६ ।

---

१ तत्वज्ञानान्मिथ्याज्ञानापाये दोषा अपयांति । तदपाये प्रवृत्तिरपैति । तदपाये जन्मापैति । तदपाये एकविंशतिभेदं दुःखमपैतीति ॥ २ वाङ्मनः कायव्यापारः शुभाशुभफलः प्रवृत्तिः ॥ ३ रागद्वेषमोहास्त्रयो दोषाः—ईर्ष्यादीनामेष्वंतर्भावः ॥

संविदित्यादि । मुक्तिर्मोक्षो न संविदानन्दमयी । न ज्ञानसुखरूपा । संविद् ज्ञानं आनन्दः सौख्यं (ततो द्वन्द्वः) संविदानन्दौ प्रकृतौ यस्यां सा संविदानन्दमयी । तादृशी न भवति । बुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्काररूपाणां नवानामात्मनो वैशेषिकगुणानामत्यन्तोच्छेदो मोक्ष इति वचनात् । ३७ । चशब्दः पूर्वोक्ताभ्युपगमद्वयसमुच्चये । ३८ । ज्ञानं हि क्षणिकत्वादनित्यं सुखं च सप्रक्षयतया सातिशयतया च न विशिष्यते संसारावस्थातः । इति तदुच्छेदे आत्मस्वरूपेणावस्थानं मोक्ष इति । ३९ । प्रयोगश्चात्र । नवानामात्मविशेषगुणानां सन्तानोऽत्यन्तमुच्छिद्यते संतानत्वात् । योयः सन्तानः स सोऽत्यन्तमुच्छिद्यते । यथा प्रदीपसन्तानस्तथा चायं तस्मादत्यन्तमुच्छिद्यते इति । तदुच्छेद एव महोदयो न कृत्स्नकर्मक्षयलक्षण इति । ४० । " न हि वै सशरीरस्य प्रियाप्रि-

---

वळी संवित् एटले ज्ञान, अने आनंद एटले सुख, ते बन्ने जे मुक्तिमां होय ते 'संविदानंदमयी' कहेवाय; तेवी मुक्ति (वैशेषिकोनी) नथी; केमके तेओ बुद्धि, सुख, दुःख, इच्छा, द्वेष, प्रयत्न, धर्म, अधर्म अने संस्काररूप आत्माना नवे गुणोनो जे विनाश तेने मोक्ष माने छे. । ३७ । अहीं 'च' शब्द पूर्वे कहेला (क्वचित्सत्तावाळा तथा आत्माथी भिन्न ज्ञानवाळा तेओना) बन्ने स्विकारना समुच्चय माटे छे. । ३८ । ज्ञान क्षणिक होवाथी अनित्य छे, अने सुख चयाऽपचयवाळुं होवाथी संसार अवस्थाजेवुंज छे; माटे ते बन्नेना नाशपूर्वक फक्त आत्म रूपे रहेवुं ते मोक्ष छे. । ३९ । अहीं प्रयोग आवीरीते छे. आत्माना नवे गुणोने संतानपणुं होवाथी तेओनो अत्यंत विनाश थाय छे; केमके जेजे संतान छे, तेते दीपकना संताननी पेठे अत्यंत नाश पामे छे, अने तेवी रीते आ छे, तेथी ते अत्यंत नाश पामे छे; वळी ते नवेनो जे विनाश तेज मोक्ष छे, पण सर्व कर्मोना क्षयना लक्षणवाळो

ययोरपहतिरस्ति । अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशत" इत्या-
दयोऽपि वेदान्तास्तादृशीमेव मुक्तिमादिशन्ति । अत्र हि प्रियाप्रिये
सुखदुःखे ते चाशरीरं मुक्तं न स्पृशतः । ४१ । अपि च ॥ =॥ या-
वदात्मगुणाः सर्वे। नोच्छिन्ना वासनादयः ॥ तावदात्यन्तिकी दुःख—व्या-
वृत्तिर्न विकल्प्यते ॥ ४२ ॥ ॥= धर्माधर्मनिमित्तो हि । संभवः सुख-
दुःखयोः मूलभूतौ च तावेव । स्तम्भौ संसारसद्मनः ॥ ४३ ॥ =॥
तदुच्छेदे च तत्कार्य—शरीराद्यनुपप्लवात् ॥ नात्मनः सुखदुःखे स्त—इ-
त्यसौ मुक्त उच्यते ॥ ४४ ॥ ॥= इच्छाद्वेषप्रयत्नादि । भोगायतनब-
न्धनम् ॥ उच्छिन्नभोगायतनो । नात्मा तैरपि युज्यते ॥ ४५ ॥ =॥
तदेवं धिषणादीनां । नवानामपि मूलतः ॥ गुणानामात्मनो ध्वंसः ।
सोऽपवर्गः प्रतिष्ठितः ॥ ४६ ॥ ॥= ननु तस्यामवस्थायां । कीदृगात्माऽव-

---

मोक्ष नथी. । ४० । "शरीरवालाने सुखदुःखनो नाश नथी; अने शा-
रीरविनानाने सुखदुःख स्पर्श करतां नथी" इत्यादि वेदांतो पण तेवीज
मुक्ति कहे छे; केमके आ संसारमां तो सुखदुःख रहेलां छे, पण ते
अशरीरीमुक्तने स्पर्श करतां नथी. । ४१ । वली ज्यांसुधि इच्छादिक
सर्व आत्मगुणो नाश पाम्या नथी, त्यांसुधि दुःखनो अत्यंत अभाव
मनाय नही. । ४२ । धर्माधर्मना निमित्तवालो सुखदुःखनो संभव छे,
अने ते बन्ने संसाररूपी घरना मूलपाया जेवा छे. । ४३ । वली ते बन्ने
नष्ट थवाथी तेउना कार्यरूप शरीरनो उपद्रव न रहेवाथी आत्माने
सुखदुःख रहेतां नथी, अने तेथी ते मुक्त कहेवाय छे. । ४४ । वली
इच्छा, द्वेष तथा प्रयत्नादिक, शरीरनां बंधनरूप छे, माटे शरीरनो
नाश थवाथी तेउनीसाथे पण आत्मा जोमातो नथी. । ४५ । एवी रीते
आत्माना बुद्धिआदिक नवे गुणोनो, जे मूलथी नाश, तेने मोक्ष कह्यो
छे. । ४६ । हवे ते अवस्थामां आत्मा केवो रहे छे? तोके सर्व गुणोथी

शिष्यते ॥ स्वरूपैकप्रतिष्ठानः । परित्यक्तोऽखिलैर्गुणैः ॥ ४१ ॥ =॥ ऊर्मिषट्कातिगं रूपं । तदस्याहुर्मनीषिणः ॥ संसारबन्धनाधीन–दुःख-क्लेशाद्यदूषितम् ॥ ४८ ॥ ॥= ( कामक्रोधलोभगर्वदम्भहर्षाः ऊर्मिषट्-कमिति । ४९ । तदेतदभ्युपगमत्रयमित्थं समर्थयद्भिरत्वदीयैस्त्वदाज्ञा-बहिर्भूतैः कणादमतानुगामिभिः सुसूत्रमासूत्रितं । सम्यगागमः प्रपञ्चितः । ५० । अथवा सुसूत्रमिति क्रियाविशेषणं । शोभनं सूत्रं वस्तुव्यव-स्थाघटनाविज्ञानं यत्रैवमासूत्रितं तत्तच्छास्त्रार्थोपनिबन्धः कृत इति हृदयं । ५१ । "सूत्रं तु सूचनाकारि । ग्रन्थे तन्तुव्यवस्थयोः" इत्यनेका-र्थवचनात् । ५२ । अत्र सुसूत्रमिति विपरीतलक्षणयोपहासगर्भं प्रशं-सावचनं । यथा ( उपकृतं बहु तत्र किमुच्यते । सुजनता प्रथिता भ-वता चिरं ) इत्यादि । उपहसनीयता च युक्तिरिक्तत्वात्तदङ्गीकरणं । तथा

---

मुक्त थइने फक्त निजस्वरूपवालो रहे छे. । ४१ । आथी करीने छए ऊर्मिउने उल्लंघी गयेलुं; अने संसारबंधनने आधीन एवा दुःख अने क्लेशादिकथी दूषित नही थयेलुं, एवुं तेनुं स्वरूप बुद्धिवानो कहे छे. । ४८ । ( काम, क्रोध, लोभ, गर्व, दंभ अने हर्ष ए छ ऊर्मिउ जाण-वी. ) । ४९ । एवी रीते हे प्रभु ! ( क्वचित् सत्तावाला, आत्माथी भिन्नज्ञानवाला अने ज्ञान तथा सुखविनानी मुक्तिवाला ) एवा त्रणे स्वीकारने उपर कह्यामुजब स्थापन करता, एवा आपनी आज्ञाने नही माननाराउए अहो ! बहु सारुं सूत्र गुंथी कहाड्युं छे !! । ५० । अथवा 'सुसूत्रं' ए शब्दने क्रियाना विशेषण तरिके गणवुं; एटले पदार्थोनी व्यवस्थानी रचनानुं विज्ञान जेमां सारुं छे ! एवी ते ते शास्त्रार्थनी र-चना करी छे !! एवो भावार्थ जाणवो. । ५१ । "सूचना करनारो एवो 'सूत्र' शब्द ग्रंथ, तंतु अने व्यवस्थाना अर्थमां वपराय छे, एम अनेकार्थकोषमां कह्युं छे." । ५२ । ( अहो ! भाइ ! शुं वात करवी !

हि । ५३ । अविशेषेण सद्बुद्धिवेद्येष्वपि सर्वपदार्थेषु द्रव्यादिष्वेव त्रिषुसत्तासंबन्धः स्वीक्रियते । न सामान्यादित्रये इति महतीयं पश्यतोहरता । ५४ । यतः परिभाव्यतां सत्ताशब्दस्य शब्दार्थः । अस्तीति सन् । सतो भावः सत्ता अस्तित्वं । तद्वस्तुस्वरूपं निर्विशेषमशेषेष्वपि पदार्थेषु त्वयाप्युक्तं । तत्किमिदमर्धजरतीयं[१] यद्द्रव्यादित्रय एव सत्तायोगो नेतरत्र त्रये इति । ५५ । अनुवृत्तिप्रत्ययाऽभावान्नसामान्यादित्रये सत्तायोग इतिचेत् । न । तत्राप्यनुवृत्तिप्रत्ययस्यानिवार्यत्वात् । पृथिवी-

---

तें तो बहु उपकार कर्यो ! अने सज्जनपणुं पण तें बहु विस्तार्युं !!) इत्यादिक वाक्यनी पेठे अहीं 'भलुं सूत्र रच्युं !' ए वाक्य पण विपरीत लक्षणें करीने हांसीगर्भित प्रशंसावालुं छे ; अने ते हांसी, तेउना युक्तिरहित स्वीकारथी छे ; ते कहे छे. । ५३ । कंइ पण तफावतविना सत्तानी ( छतापणानी ) बुद्धिथी जणाय तेवा सर्व पदार्थो छे ; छतां पण द्रव्यादिक त्रणमांज सत्ता स्वीकारवी, अने सामान्यादिक त्रणमां न स्वीकारवी, ए तो ( तारी ) देखीती मोटी चोरी छे ! । ५४ । केमके सत्ता शब्दनो शब्दार्थ तो विचार ? जे, छे, ते 'सत्' अने सत्नो भाव, ते 'सत्ता' एटले होवापणुं ; अने तेवुं वस्तुनुं स्वरूप तो तें पण ज्यारे सर्व पदार्थोमां कह्युं छे ; त्यारे वली, द्रव्यादिक त्रणमांज सत्तासंयोग छे, अने बीजा त्रणमां नथी, एवुं अधखोखरुं शामाटे बोले छे ? । ५५ । अनुवृत्तिनी प्रतीति नही थवाथी सामान्यादिक त्रणमां सत्तासंयोग नथी ; एम जो तुं कहीश, तो ते युक्त नथी ; केमके तेउमां पण अनुवृत्तिनी प्रतीति निवाराय तेम नथी, अर्थात छे ; कारणके पृथ्वीपणुं, बलदपणुं, घटपणुं इत्यादिक सामान्योमां 'आ

---

१ स्त्री जरातुरा तारुण्यरमणीया च यथा मत्तेन प्रोच्यते तत्तुल्यं भवद्वाक्यं ॥

त्वगोत्वघटत्वादिसामान्येषु सामान्यं सामान्यमिति । ५६ । विशेषेष्वपि बहुत्वादयमपि विशेषोऽयमपि विशेष इति । ५७ । समवाये च प्रागुक्तयुक्त्या तत्तदवच्छेदकभेदादेकाकारप्रतीतेरनुभवात् । ५८ । स्वरूपत्वसाधर्म्येण सत्ताध्यारोपात्सामान्यादिष्वपि सत्सदित्यनुगम इति चेत्तर्हि मिथ्याप्रत्ययोऽयमापद्यते । ५९ । अथ भिन्नस्वभावेष्वेकानुगमो मिथ्येवेतिचेद्द्रव्यादिष्वपि सत्ताध्यारोपकृत एवास्तु प्रत्ययानुगमः । ६० । असति मुख्येऽध्यारोपस्यासम्भवाद्द्रव्यादिषु मुख्योऽयमनुगतः प्रत्ययः । सामान्यादिषु तु गौण इतिचेत् । न । विपर्ययस्यापि शक्यकल्पनत्वात् । ६१ । सामान्यादिषु बाधकसम्भवान्न मुख्योऽनुगतः प्रत्ययो द्रव्या-

---

सामान्य–आ सामान्य' एवी अनुवृत्तिनी प्रतीति थाय छे. । ५६ । विशेषोमां पण घणापणुं होवाथी 'आ पण विशेष–आ पण विशेष' एवी ते प्रतीति थाय छे. । ५७ । समवायमां पण उपर कहेली युक्तिवडे ते ते जूदापणाना भेदथी एकाकारनी प्रतीतिनो अनुभव थाय छे. । ५८ । स्वरूपपणाना साधर्म्ये करीने सत्ताना आरोपथी सामान्यादिकोमां पण 'सत् सत्' एवी अनुवृत्ति आवे छे; एम जो कहीश, तो ते प्रतीतिज तात्विक न होवाथी खोटी पडे छे; केमके आरोपथी करेली प्रतीति जूठीज छे. । ५९ । वली जो तुं एम कहीश के जूदा स्वभावमां एकाकार मानवो, ते जूठोज छे, तो द्रव्यादिकोमां पण सत्ताना आरोपवालोज प्रतीतिनो बोध थाउ ? । ६० । मुख्य न होते छते सत्ताना आरोपनो असंभव होवाथी द्रव्यादिकोमां आ चाली आवती प्रतीति मुख्य छे, अने सामान्यादिकोमां तो गौण छे, एम जो कहेशो तो तेम नथी; केमके तेनाथी उलटी (एटले सामान्यादिक त्रणेमां मुख्य सत्ता, अने द्रव्यादिक त्रणेमां गौणसत्ता छे) एवी कल्पना पण थइ शके छे. । ६१ । सामान्यादिकोमां बाध आवतो होवाथी अनुवृ-

दिषु तु तदभावान्मुख्य इतिचेन्ननु किमिदं बाधकं । ८२ । अथ सामान्येऽपि सत्ताभ्युपगमेऽनवस्था । विशेषेषु पुनः सामान्यसद्भावे स्वरूपहानिः । समवायेऽपि सत्ताकल्पने तद्वृत्त्यर्थं सम्बन्धान्तराऽभाव इति बाधकानीतिचेन्न । ८३ । सामान्येऽपि सत्ताकल्पने यद्यनवस्था तर्हि कथं न सा द्रव्यादिषु । तेषामपि स्वरूपसत्तायाः प्रागेव विद्यमानत्वात् । ८४ । विशेषेषु पुनः सत्ताभ्युपगमेऽपि न रूपहानिः । स्वरूपस्य प्रत्युतोत्तेजनात् । निःसामान्यस्य विशेषस्य क्वचिदप्यनुपलम्भात् । ८५ । समवायेऽपि समवायत्वलक्षणायाः स्वरूपसत्तायाः स्वीकारे उपपद्यत एवाविष्वग्भावात्मकः सम्बन्धोऽन्यथा तस्य स्वरूपाऽभावप्रसङ्गः । ८६ । इति बाधकाऽभावात्तेष्वपि द्रव्यादिवन्मुख्य एव सत्तासम्बन्धः । इति

---

त्तिनी मुख्य प्रतीति थती नथी, अन्ये द्रव्यादिकोमां तो बाध न आववाथी मुख्य प्रतीति थाय छे, एम जो कहीश तो ते शुं बाध छे? । ८२ । जो सामान्यमां पण सत्ता मानीयें तो अनवस्था थाय छे; तथा विशेषोमां पण सत्ता मानवाथी विशेषना स्वरूपनी हानि थाय छे; अने समवायमां पण सत्ता कल्पवाथी तेणीने जोडवामाटे बीजो समवाय नथी; एवी रीतना बाधो आवे छे, एम जो तुं कहीश, तो ते युक्त नथी. । ८३ । केमके सामान्यमां सत्ता मानवाथी ज्यारे अनवस्था आवे छे, त्यारे द्रव्यादिकोमां ते केम नथी आवती ? केमके तेउने पण स्वरूपसत्ता तो प्रथमथीज हती. । ८४ । वली विशेषोमां तो सत्ता मानवाथी पण तेउना स्वरूपनी हानि थती नथी, पण उलटुं ते स्वरूपने उत्तेजन मले छे ; केमके सामान्यविनाना विशेषनी क्यांयें पण प्राप्ति थती नथी. । ८५ । समवायमां पण समवायपणाना लक्षणवाली स्वरूपसत्ता मानवाथी अभिन्नस्वरूपवालो संबंध थायज छे, अने जो तेम न थाय तो तेना स्वरूपने अभावनो प्रसंग थशे. । ८६ । एवी रीतें

व्यर्थं द्रव्यगुणकर्मस्वेव सत्ताकल्पनं । ६७ । किंच तैर्वादिभिर्यो द्रव्यादित्रये मुख्यः सत्तासम्बन्धः कक्षीकृतः सोऽपि विचार्यमाणो विशीर्येत । तथा हि । ६८ । यदि द्रव्यादिभ्योऽत्यन्तविलक्षणा सत्ता तदा द्रव्यादीन्यसद्रूपाण्येव स्युः । ६९ । सत्तायोगात्सत्त्वमस्त्येवेतिचेदसतां सत्तायोगेऽपि कुतः सत्त्वं । सतां तु निष्फलः सत्तायोगः । ७० । स्वरूपसत्त्वं भावानामस्त्येवेतिचेत्तर्हि किं शिखण्डिना सत्तायोगेन । ७१ । सत्तायोगात्प्राग् भावो न सन् नाप्यसन् । सत्तायोगात्तु सन्निितिचेद्वाङ्मात्रमेतत् । सदसद्विलक्षणस्य प्रकारान्तरस्यासम्भवात् । ७२ । तस्मात्सतामपि स्यात्क्वचिदेव सत्तेति तेषां वचनं विदुषां परिषदि कथमिव

---

बाधो नही आववाथी ते सामान्यादिक त्रणेमां पण द्रव्यादिकोनीपेठे सत्तासंबंध मुख्यज छे; अने तेथी द्रव्य, गुण अने कर्ममांज सत्तानी जे कल्पना करवी, ते व्यर्थ छे. । ६७ । वली ते वादिउए द्रव्यादिक त्रणेमां सत्तासंबंधने जे मुख्यतरिके गण्यो छे, ते पण विचार करतां टकी शकतो नथी; ते कहे छे. । ६८ । ज्यारे द्रव्यादिकोथी, सत्ता अत्यंत जूदी छे, त्यारे ते द्रव्यादिको तो अछताज थशे. । ६९ । कदाच एम कहीशके सत्ताना योगथी तेउने छतापणुं छेज, तो अछताउने सत्ताना योगथी पण छतापणुं क्यांथी थशे? अने छताउने तो सत्तानो योगज फोकटनो छे. । ७० । वली कदाच एम कहीश के पदार्थोने तो स्वभावथीज छतापणुं छे, तो पछी तेउने सत्ताना योगवमे आटोप करवानी शी जरुर छे? । ७१ । सत्ताना योग पहेलां पदार्थ छतो पण नहोतो अने अछतो पण नहोतो, अने सत्ताना योगथी ते छतो थयो, एम जो कहीश तो ते कहेवुं तो फक्त वचनमात्र छे; केमके 'छतो अने अछतो' ए बे शिवाय त्रीजो प्रकारज नथी. । ७२ । माटे एवी रीते 'पदार्थोमाना केटलाकमांज सत्ता छे' एवुं ते वैशेषि-

नोपहासाय जायते । ७३ । ज्ञानमपि यद्येकान्तेनात्मनः सकाशाद्भिन्न मिष्यते तदा तेन चैत्रज्ञानेन मैत्रस्येव नैव विषयपरिच्छेदः स्यादात्मनः । ७४ । अथ यत्रैवात्मनि समवायसम्बन्धेन समवेतं ज्ञानं तत्रैव भावावभासं करोतीति चेन्न । समवायस्यैकत्वान्नित्यत्वाद्व्यापकत्वाच्च सर्वत्र वृत्तेरविशेषात्समवायवदात्मनामपि व्यापकत्वादेकज्ञानेन सर्वेषां विषयावबोधप्रसङ्गः । ७५ । यथा च घटे रूपादयः समवायसंबन्धेन समवेतास्तद्विनाशे च तदाश्रयस्य घटस्यापि विनाशः । एवं ज्ञानमप्यात्मनि समवेतं । तच्च क्षणिकं । ततस्तद्विनाशे आत्मनोऽपि विनाशापत्तेरनित्यत्वापत्तिः । ७६ । अथास्तु समवायेन ज्ञानात्मनोः सम्बन्धः । किंतु स एव समवायः केन तयोः संबध्यते । समवायान्तरेण चेदनवस्था । स्वे-

---

कोनुं वचन विद्वानोनी सभामां केम हांसीने पात्र न थाय ? । ७३ । हवे ज्ञानने पण जो आत्माथी एकांत भिन्न मानीयें, तो चैत्रना ज्ञानवमे जेम मैत्रने, तेम तेवमे आत्माने पदार्थोनुं ज्ञान थाय नही. । ७४ । जे आत्मामां समवायसंबंधवमे ज्ञान जोमायुं डे, तेज आत्मामां ते पदार्थोनो प्रकाश करे डे; एम जो कहीश, तो ते अयुक्त डे; केमके समवायने एकपणुं, नित्यपणुं अने व्यापकपणुं होवाथी ते सर्व जगोए तफावतविना वर्ते डे, तेथी समवायनीपेठे आत्माने पण व्यापकपणुं आववाथी एकना ज्ञानवमे सर्वना विषयज्ञाननो प्रसंग थशे. । ७५ । जेम घमामां रूपादिको समवायसंबंधवमे जोमाया डे, अने तेउनो विनाश थवाथी तेउना आश्रयरूप घमानो पण विनाश थाय डे, तेम ज्ञान पण आत्मामां जोमायुं डे, अने वली ते क्षणिक डे, तेथी तेना विनाशसाथे आत्माने पण विनाशनी प्राप्तिथी अनित्यपणानी प्राप्ति थशे. । ७६ । कदाच समवायवमे नले ज्ञान अने आत्मानो संबंध थाउ ? पण ते समवायज तेउमां कोनावमे जोमाय डे ? जो कहीश के

नैव चेत्किं न ज्ञानात्मनोरपि तथा । ७७ । अथ यथा प्रदीपः स्वस्वाभाव्यादात्मानं परं च प्रकाशयति तथा समवायस्येदृगेव स्वभावो यदात्मानं ज्ञानात्मानौ च सम्बन्धयतीतिचेत् । ज्ञानात्मनोरपि किं न तथास्वभावता ? येन स्वयमेवैतौ संबध्येते । ७८ । किंच प्रदीपदृष्टान्तोऽपि भवत्पक्षे न जाघटीति । यतः प्रदीपस्तावद्द्रव्यं प्रकाशश्च तस्य धर्मो । धर्मधर्मिणोश्च त्वयात्यन्तं भेदोऽभ्युपगम्यते । तत्कथं प्रदीपस्य प्रकाशात्मकता । तदभावे च स्वपरप्रकाशकस्वभावताभणितिर्निर्मूलैव । ७९ । यदि च प्रदीपात्प्रकाशस्यात्यन्तभेदेऽपि प्रदीपस्य स्वपरप्रकाशकत्वमिष्यते । तदा घटादीनामपि तदनुषज्यते । भेदाविशेषात् । ८० । अपिच तौ स्वपरसम्बन्धस्वभावौ समवायाद्भिन्नौ स्यातामभिन्नौ वा । ८१ । यदिभिन्नौ

---

बीजा समवायवमे, तो अनवस्था थशे ; अने जो कहीश के पोतावमेज, तो तेवीरीते ज्ञानआत्मानो स्वयमेवज संबंध केम न थाय ? । ७७ । जेम दीपक पोताना स्वभावथी, पोताने अने परने प्रकाशे छे, तेम समवायनो पण तेवोज स्वभाव छे, के जेथी ते पोताने, अने ज्ञानआत्माने पण जोमी आपे छे ; एम जो कहीश तो, ज्ञानआत्माने तेवा स्वभावपणुं केम नथी ? के जेवमे तेउ पोतानी मेलेज जोमाइ जाय. । ७८ । वली दीपकनुं दृष्टांत पण तारा पक्षमां घटतुं नथी ; केमके दीपक तो द्रव्य छे, अने प्रकाश तो तेनो धर्म छे, अने तुं तो धर्मधर्मिवच्चे अत्यंत जूदाइ माने छे ; तो पछी दीपकने प्रकाशपणुं क्यांथी होय ? अने ते न होवाथी तेनुं स्वपरप्रकाशस्वभावपणुं जे कहेवुं, ते पायाविनानुंज छे. । ७९ । वली दीपकथी प्रकाशनी अत्यंत जूदाइ होवा छतां पण ज्यारे तेनुं स्वपरप्रकाशकपणुं मानीयें, त्यारे तो घमाआदिकोने पण ते ( प्रकाशक धर्म ) प्राप्त थाय ; केमके जूदाइ तो तुल्य छे. । ८० । वली ते बन्ने स्वपरसंबंधना स्वभावो समवायथी भिन्न छे ? के अभिन्न छे ? । ८१ ।

ततस्तस्यैतौ स्वभावाविति कथं सम्बन्धः। सम्बन्धनिबन्धनस्य समवायान्तरस्यानवस्थाभयादनभ्युपगमात्। ८२। अथाऽभिन्नौ ततः समवायमात्रमेव। न तौ। तदव्यतिरिक्तत्वात्तत्स्वरूपवदिति। ८३। किंच यथा इह समवायिषु समवाय इति मतिः समवायंविनाप्युपपन्ना। तथा इहात्मनि ज्ञानमित्ययमपि प्रत्ययस्तं विनैव चेदुच्यते तदा को दोषः। ८४। अथात्मा कर्त्ता। ज्ञानं करणं। कर्तृकरणयोश्च वर्द्धकिवासीवद्भेद एव प्रतीतस्तत्कथं ज्ञानात्मनोरभेद इतिचेन्न। दृष्टान्तस्य वैषम्यात्। ८५। वासी हि बाह्यं करणं। ज्ञानं चाभ्यन्तरं। तत्कथमनयोः साधर्म्यं। नचैवं करणस्य द्वैविध्यमप्रसिद्धं। यदाहुर्लाक्षणिकाः। =॥ करणं द्विविधं ज्ञेयं। बाह्यमाभ्यन्तरं बुधैः॥ यथा लुनाति दात्रेण। मेरुं गच्छति

---

जो भिन्न होय तो 'आ तेना स्वभावो' एवो संबंध केम थाय? केमके संबंधना कारणरूप बीजा समवायने तो अनवस्थाना भयथी स्वीकार्यो नथी. । ८२। हवे जो अभिन्न होय तो ते मात्र समवायज छे; पण स्वभावो नथी; केमके तेना स्वरूपनी पेठे तेउ तेनाथी जूदा नथी. । ८३। वळी 'आ समवायिउमां समवाय छे' एवी बुद्धि तो जेम समवायविना पण उत्पन्न थइ, तेमज 'आ आत्मामां ज्ञान छे' एवी प्रतीतिने पण, ते समवायविनानीज जो कहीयें, तो शुं दूषण छे? । ८४। आत्मा कर्ता छे, अने ज्ञान करण छे; अने कर्ताकरणनो भेद सुतार अने वांसलानी पेठे प्रसिद्धज छे; माटे ज्ञान अने आत्मानो अभेद केम होय? एम जो कहीश तो ते युक्त नथी, केमके ते दृष्टांतने विषमपणुं छे, । ८५। कारणके वांसलो तो बाह्यकरण छे, अने ज्ञान अंतरनुं करण छे; माटे तेउनुं सधर्मीपणुं क्यांथी होय? वळी एवां बे प्रकारनां करणो कंइ अप्रसिद्ध नथी, केमके वैयाकरणीउ कहे छे के, बाह्य अने अभ्यंतर एम बे प्रकारनुं करण विद्वानोए जाणवुं;

चेतसा ॥= । ७६ । यदि हि किंचित्करणमान्तरमेकान्तेन भिन्नमुपदर्श्यते ततः स्याद्दृष्टान्तदार्ष्टान्तिकयोः साधर्म्य । न च तथाविधमस्ति । ७७ । न च बाह्यकरणगतो धर्मः सर्वोऽप्यान्तरे योजयितुं शक्यते । अन्यथा दीपेन चक्षुषा देवदत्तः पश्यतीत्यत्रापि दीपादिवच्चक्षुषोऽप्येकान्तेन देवदत्तस्य भेदः स्यात् । तथाच सति लोकप्रतीतिविरोध इति । ७८ । अपिच साध्यविकलोऽपि वासीवर्द्धकिदृष्टान्तस्तथाहि । ७९ । नायं वर्द्धकिः काष्ठमिदमनया वास्या घटयिष्य इत्येवं वासिग्रहणपरिणामेनाऽपरिणतः सन् तामग्रहीत्वा घटयति । किंतु तथा परिणतस्तां गृहीत्वा तथा परिणामेन वासिरपि तस्य काष्टस्य घटने व्याप्रियते । पुरुषोऽपि । ८० । इत्येवंलक्षणैकार्थसाधकत्वाद्वासिवर्द्धक्यो

---

जेमके 'दातरडावडे कापे छे, अने मनवडे मेरुप्रते जाय छे.' । ७६ । वळी जो एकांतभिन्न एवुं कंइक अंतरंग करण देखाडवामां आवे तो दृष्टांत अने दार्ष्टांतिकनुं तुल्यपणुं थाय, अने तेम तो नथी. । ७७ । वळी बाह्यकरणनो सर्व धर्म कंइ अंतरंगकरणमां जोडी शकाय नही; अने जो एम न होय तो 'देवदत्त दीपकवडे आंखेकरीने जुए छे' ए वाक्यमां पण देवदत्तने दीपकादिकनीपेठे आंखनुं पण एकांते भिन्नपणुं प्राप्त थाय; अने तेम थवाथी तो लोकोनी प्रतीतिनो विरोध थाय. । ७८ । वळी आ वांसला अने सुतारनुं दृष्टांत लागु पण पडतुं नथी; ते कहे छे. । ७९ । 'आ काष्टने हुं आ वांसलावडे घडीश' एवीरीतना, वांसलो लेवाना परिणामवाळो थयाविना, सुतार वांसलो लेतो नथी, अने घडतो पण नथी; पण तेवो परिणाम थयो के तुरत ते वांसलो लेइने घडे छे, अने तेवा परिणामवडे वांसलो पण ते काष्ट घडवामां वपराय छे, अने सुतार पण वपराय छे. । ८० । एवीरीते वांसलो अने सुतार, तेवीरीतनां एकज कार्यने साधनारा होवाथी, तेउ

रभेदोऽप्युपपद्यते। तत्कथमनयोर्भेदएवेत्युच्यते। ८१। एवमात्मापि विवक्षितमर्थमनेन ज्ञानेन ज्ञास्यामीति ज्ञानग्रहणपरिणामवान् ज्ञानं गृहीत्वार्थं व्यवस्यति। ततश्च ज्ञानात्मनोरुभयोरपि संवित्तिलक्षणैककार्यसाधकत्वादभेद एव। ८२। एवं कर्तृकरणयोरभेदे सिद्धे संवित्तिलक्षणं कार्यं किमात्मनि व्यवस्थितं आहोस्विद्विषये इति वाच्यं। ८३। आत्मनि चेत् सिद्धं नः समीहितं। विषये चेत्कथमात्मनोऽनुभवः प्रतीयते। अथ विषयस्थितसंवित्तेः सकाशादात्मनोऽनुभवस्तर्हि किं न पुरुषान्तरस्यापि तद्भेदाविशेषात्। ८४। अथ ज्ञानात्मनोरभेदपक्षे कथं कर्तृकरणभाव इति चेत्। ननु यथा सर्प आत्मानमात्मना वेष्टयतीत्यत्र अभेदे यथा कर्तृकरणभावस्तथात्रापि। ८५। अथ परिकल्पितोऽयं कर्तृकरणभाव इति चेद्वेष्टनावस्थायां प्रागवस्थाविलक्षणगतिनिरोधलक्ष-

---

वच्चे अभेद पण प्राप्त थाय छे; । ८१। तेम आत्मा पण विवक्षित पदार्थने 'हुं आ ज्ञानवडे जाणीश' एवा, ज्ञानने लेवाना परिणामवालो थयो थको ज्ञानने लेइने पदार्थने जाणे छे; तेथी ज्ञान अने आत्मा बन्नेने साथेज, जाणवारूप कार्यनुं साधकपणुं होवाथी, तेउ वच्चे अभेदज छे. । ८२। एवीरीते कर्ताकरणनो अभेद सिद्ध होते छते जाणवारूपकार्य, शुं आत्मामां रह्युं छे? के पदार्थना विषयमां रह्युं छे? ते बोलवुं. । ८३। जो आत्मामां होय तो तो अमारुं इच्छित सिद्ध थयुं; अने जो विषयमां होय तो आत्माने अनुभव केम थाय? वली जो विषयमां रहेला जाणपणाथी आत्माने अनुभव थतो होय, तो बीजा पुरुषने केम न थाय? केमके ते भेदमां कंइ फेरफार नथी. । ८४। वली कदाच एम कहीश के ज्ञानआत्माना अभेदपक्षमां कर्ताकरणनो भाव केम होय? तो सर्प 'पोताने पोतावडे' वींटे छे, ए वाक्यमां, अभेदमां पण जेम कर्ताकरणनो भाव छे, तेम अहीं पण जाणवो. । ८५।

णार्थक्रियादर्शनात्कथं परिकल्पितत्वं । न हि परिकल्पनाशतैरपि शैलस्तम्भ आत्मानमात्मना वेष्टयतीति वक्तुं शक्यं । तस्मादभेदेऽपि कर्तृकरणभावः सिद्ध एव । ८६ । किंच चैतन्यमितिशब्दस्य चिन्त्यतामन्वर्थः । चेतनस्य भावश्चैतन्यं । चेतनश्चात्मा त्वयापि कीर्त्यते । तस्य भावः स्वरूपं चैतन्यं । यच्च यस्य स्वरूपं न तत्ततो भिन्नं भवितुमर्हति । यथा वृक्षाद्वृक्षस्वरूपं । ८७ । अथास्ति चेतन आत्मा । परं चेतनासमवायसम्बन्धान्नस्वतस्तथाप्रतीतेरितिचेत् तदयुक्तं । यतः प्रतीतिश्चेत्प्रमाणीक्रियते तर्हि निर्बाधमुपयोगात्मक एवात्मा प्रसिद्ध्यति । न हि जातुचित्स्वमचेतनोऽहं । चेतनायोगाच्चेतनः । अचेतने वा मयि चेतनायाः समवाय इति प्रतीतिरस्ति । ज्ञाताहमिति समानाधिकर-

---

आ कर्ताकरणनो भाव तो कल्पित छे, एम जो कहीश, तो वींटावानी अवस्थामां, प्रथमनी अवस्थाथी जूदीज, एवी गतिनिरोधरूप अर्थक्रिया देखाय छे, माटे कल्पित केम कहेवाय? केमके सेंकडोगमे कल्पनाउवडे पण पत्थरनो स्तंभ पोताने पोतावडे वींटे छे, एम कही शकाशे नही; तेथी अभेदमां पण कर्ताकरणनो भाव योग्यज छे. ।८६। वळी चैतन्यशब्दनो अर्थ तो विचार? चेतननो भाव ते चैतन्य; अने चेतन आत्मा तो तुं पण माने छे, अने चैतन्य ते आत्मानुं स्वरूप छे; वळी वृक्षथी जेम वृक्षनुं स्वरूप, तेम जे जेनुं स्वरूप होय, ते तेनाथी भिन्न होतुं नथी. ।८७। आत्मा चेतन छे, पण चेतनाना समवायसंबंधथी छे, पण पोतानी मेळे नथी; केमके तेवी प्रतीति थाय छे; एम जो कहीश, तो ते अयुक्त छे; केमके जो प्रतीतिने सत्य गणीयें तो बाधविनाज आत्मा उपयोगवाळो सिद्ध थाय छे, केमके 'हुं पोते अचेतन छुं, चेतनाना योगथी चेतन छुं, अथवा अचेतन एवा हुंमां चेतनानो समवाय (संबंध) छे' एवी प्रतीति कदापि पण थती नथी; के-

णतया प्रतीतेः । ९८ । भेदे तथाप्रतीतिरितिचेन्न । कथंचित्तादा-त्म्यांऽभावे सामानाधिकरण्यप्रतीतेरदर्शनात् । ९९ । यष्टिः पुरुष इ-त्यादिप्रतीतिस्तु भेदे सत्युपचाराद्दृष्टा । न पुनस्तात्त्विकी । उपचारस्य तु बीजं पुरुषस्य यष्टिगतस्तब्धत्वादिगुणैरभेदः । उपचारस्य मुख्या-र्थस्पर्शित्वात् । १०० । तथा चात्मनि ज्ञाताहमितिप्रतीतिः कथंचिच्चे-तनात्मतां गमयति । तामन्तरेण ज्ञाताहमितिप्रतीतेरनुपपद्यमानत्वाद् घटादिवत् । न हि घटादिरचेतनात्मको ज्ञाताहमितिप्रत्येति । १०१ । चैतन्ययोगाऽभावादसौ न तथा प्रत्येतीतिचेन्न । अचेतनस्यापि चैत-न्ययोगाच्चेतनोऽहमिति प्रतिपत्तेरनन्तरमेव निरस्तत्वादित्यचेतनत्वं सि-

---

मके 'हुं जाणनार छुं' एवी तो तुल्य योगवमे प्रतीति थाय छे. । ९८ । भेदमां तेवी प्रतीति छे, एम जो कहीश तो ते युक्त नथी ; केमके त-दात्मपणानो थोमो पण भाव न होते छते तुल्य योगवाली प्रतीति देखाती नथी ; । ९९ । कारणके 'लाकमी ते पुरुष छे' इत्यादि प्र-तीति तो भेद होते छते उपचारथी देखाएली छे, पण खरेखरी नथी ; अहीं लाकमीमां रहेला स्तब्धपणादिक गुणोवमे पुरुषनो जे अभेद छे ते उपचारनुं मूल छे, केमके उपचार, मुख्य अर्थने फक्त स्पर्शज करे छे. । १०० । वली 'हुं जाणनार छुं' एवी प्रतीति आत्मामां कंइक चैतन्यपणुं जणावे छे, केमके तेविना 'हुं जाणनार छुं' एवी प्रतीति घटादिकनी पेठे थती नथी ; कारणके अचेतन एवा घटादिक, 'हुं जा-णनार छुं' एवी प्रतीति करी शकता नथी ; । १०१ । चैतन्ययोगना अभावथी ते घटादिक तेवी प्रतीति करी शकता नथी, एम जो कहीश तो ते युक्त नथी ; केमके अचेतनने पण, 'चैतन्यनना योगथी हुं चेतन छुं' एवी रीतना स्वीकारनुं तो उपरज खंमन कर्युं छे ; तेटलामाटे जम एवा आत्माने अचेतनपणुं सिद्ध थयुं, अने ते अचेतनपणुं पदार्थना

ड्मात्मनो जडस्यार्थपरिच्छेदं पराकरोति । तं पुनरिच्छता चैतन्यस्वरूपताऽस्य स्वीकरणीया । १०२ । ननु ज्ञानवानहमितिप्रत्ययादात्मज्ञानयोर्भेदः । अन्यथा धनवानितिप्रत्ययादपि धनधनवतोर्भेदाभावानुषङ्गात् । तदसत् । १०३ । यतो ज्ञानवानहमिति नात्मा भवन्मते प्रत्येति जडत्वैकान्तरूपत्वाद् घटवत् । १०४ । सर्वथा जडश्च स्यादात्मा ज्ञानवानहमितिप्रत्ययश्च स्यादस्य विरोधाऽभावादिति मानिर्णैषीस्तस्य तथोत्पत्त्यसम्भवात् । ज्ञानवानहमिति हि प्रत्ययो नाऽगृहीते ज्ञानाख्ये विशेषणे विशेष्ये चात्मनि जातूत्पद्यते स्वमतविरोधात् "नागृहीतविशेषणा विशेष्ये बुद्धिः" इति वचनात् । १०५ । गृहीतयोस्तयोरुत्पद्यत

---

जाणपणाने दूर करे छे; अने आत्माने पदार्थोनुं जाणपणुं थाय छे, एम तो तारे मानवुं छे; अने तेम मानतीवेळाए तारे पाछुं आत्मानुं चैतन्यस्वरूप स्वीकारवुं पडशे. । १०२ । 'हुं ज्ञानवाळो छुं' एवी प्रतीतिथी आत्मा अने ज्ञानवच्चे भिनपणुं छे; केमके जो एम न होय तो 'हुं धनवाळो छुं' एवी प्रतीतिथी पण धन अने धनवान्वच्चे अभिन्नपणुं थशे; एम जो कहीश तो ते असत्य छे; । १०३ । केमके तारा मतमां, आत्माने घडानीपेठे एकांत जड मानेलो होवाथी 'हुं ज्ञानवाळो छुं' एवी तेने प्रतीति थती नथी. । १०४ । आत्मा सर्वथा जड होय! अने विरोध न होवाथी 'हुं ज्ञानवाळो छुं' एवी मने प्रतीति पण थाय! एवो निर्णय पण तुं न करजे? केमके आत्माने तेवी उत्पत्ति संभवतीज नथी; कारणके ज्ञान नामनुं विशेषण अने आत्मा नामनुं विशेष्य ग्रहण कर्याविना 'हुं ज्ञानवाळो छुं' एवी प्रतीति, तारा पोताना मतमां विरोध आववाथी कदापि पण थती नथी; केमके 'विशेषण ग्रहण कर्याविनानी विशेष्यमां बुद्धि थती नथी' एवुं शास्त्रनुं वचन छे. । १०५ । ते बन्नेने विशेषण विशेष्यतरिके ग्रहण करते छते

इतिचेत्कुतस्तद्ग्रहीतिः । न तावत्स्वतः । स्वसंवेदनाऽनभ्युपगमात् । स्वसंविदिते ह्यात्मनि ज्ञाने च स्वतः सा युज्यते । नान्यथा सन्तानान्तरवत् । १०६ । परतश्चेत्तदपि ज्ञानान्तरं विशेष्यं नागृहीते ज्ञानत्वविशेषणे ग्रहीतुं शक्यं । गृहीते हि घटत्वे घटग्रहणमिति ज्ञानान्तरात्तद्ग्रहणेनचाव्यमित्यनवस्थानात्कुतः प्रकृतप्रत्ययः । १०७ । तदेवं नात्मनो जडस्वरूपता संगच्छते । तदसङ्गतौ च चैतन्यमौपाधिकमात्मनोऽन्यदितिवाङ्मात्रं । १०८ । तथा यदपि न संविदानन्दमयी च मुक्तिरिति व्यवस्थापनायानुमानमवादि सन्तानत्वादिति तत्राभिधीयते । १०९ । ननु किमिदं सन्तानत्वं स्वतन्त्रमपरापरपदार्थोत्पत्तिमात्रं वा एकाश्रया परा-

---

ते प्रतीति थाय छे, एम जो कहीश, तो केवीरीते ते ग्रहण थाय छे? पोतानी मेळे तो नही, केमके स्वसंवेदनने तें स्वीकार्युं नथी; अने पोतानी मेळे तो ते प्रतीति, स्वसंविदित एवा आत्मामां अने ज्ञानमां घटे छे; पण बीजा संताननीपेठे जूदी रीते घटती नथी. । १०६ । परथी ते ग्रहण थाय छे, एम जो कहीश तोपण ज्ञानपणारूप विशेषणने ग्रहण कर्याविना, बीजा ज्ञानरूप विशेष्यने ग्रहण करी शकाशे नहीं; केमके घटपणुं ग्रहण करते छते जेम घटनुं ग्रहण थाय छे, तेम बीजा ज्ञानथी तेनुं ग्रहण करवुं पडशे, अने एवी रीते अनवस्था थवाथी, 'हुं ज्ञानवाळो छुं' एवी प्रतीति क्यांथी थशे? । १०७ । माटे एवी रीते आत्माने जडरूपपणुं घटतुं नथी, अने ते न घटते छते, 'चैतन्य उपाधिवाळुं, अने आत्माथी जूदुंज छे' ए वाक्य फक्त कहेवारूप छे. । १०८ । वळी 'ज्ञान अने सुखवाळी मुक्ति नथी' एवुं स्थापवामाटे 'संतानपणाथी' एवुं जे अनुमान तें कह्युं छे तेमाटे हवे अमो कहीयें छीयें. । १०९ । ते संतानपणुं स्वतंत्ररीते बीजाबीजा पदार्थोनी उत्पत्तिरूप छे? के एक पदार्थना आश्रयवाळी परअपरना उत्पत्तिरूप

परोत्पत्तिर्वा । तत्राद्यः पक्षः सव्यभिचारः । अपरापरेषामुत्पादकानां घटपटकटादीनां सन्तानत्वेऽप्यत्यन्तमनुच्छिद्यमानत्वात् । ११० । अथ द्वितीयः पक्षस्तर्हि तादृशं सन्तानत्वं प्रदीपे नास्तीति साध्यविकलो दृष्टान्तः । १११ । परमाणुपाकजरूपादिभिश्च व्यभिचारी हेतुस्तथाविधसन्तानत्वस्य तत्र सद्भावेऽप्यत्यन्तोच्छेदाऽभावात् । ११२ । अपि च सन्तानत्वमपि भविष्यति । अत्यन्तानुच्छेदश्च भविष्यति । विपर्यये बाधकप्रमाणाऽभावादिति संदिग्धविपक्षव्यावृत्तिकत्वादप्यनैकान्तिकोऽयं । ११३ । किं च स्याद्वादवादिनां नास्ति क्वचिदत्यन्तमुच्छेदो द्रव्यरूपतया स्थास्नूनामेव सतां भावानामुत्पादव्यययुक्तत्वादिति विरुद्धश्चेति नाधिकृतानुमानाद्बुद्ध्यादिगुणोच्छेदरूपा सिद्धिः सिध्यति । ११४ । नापि

---

छे ? तेमां पेहेलो पक्ष तो दूषणवालो छे, केमके बीजाबीजा उत्पन्न थता एवा घमा, वस्त्र तथा सादरीआदिकोने संतानपणुं होते छते पण तेउनो अत्यंत उच्छेद थतो नथी. । ११० । हवे जो बीजो पक्ष लेइश तो तेवुं संतानपणुं दीपकमां नथी, तेथी तारुं दृष्टांत साध्यप्रते घटमान न थयुं. । १११ । वली परमाणुना पाकथी उत्पन्न थयेलां रुपादिकोवमे हेतु पण दूषणवालो छे ; केमके तेवी रीतनुं संतानपणुं त्यां होते छते पण, तेनो अत्यंत उच्छेद थतो नथी. । ११२ । वली संतानपणुं पण थशे, अने अत्यंत अनुच्छेद पण थशे, केमके उलटापणामां बाधकप्रमाणनो अभाव छे ; एवी रीते संदेहवाला विपक्षथी जूदो पमता छतां पण आ हेतु अनेकांतिक छे. । ११३ । वली स्याद्वादवादीउए कोइपण पदार्थमां अत्यंत उच्छेद मानेलो नथी ; केमके द्रव्यरूपे (हमेशां) स्थिर रहेला छताज पदार्थोने उत्पत्तिविनाशपणुं तेउए स्वीकार्युं छे ; माटे तारो हेतु विरुद्ध पण छे ; अने तेथी, ते अनुमानथी बुद्धि आदिक गुणोना नाशरूप मुक्ति घटती नथी. । ११४ । वली "शरी-

"न हि वै सशरीरस्य" इत्यादेरागमात्। स हि शुभाशुभादृष्टपरिपाकजन्ये सांसारिकप्रियाप्रिये परस्परानुषक्ते अपेक्ष्य व्यवस्थितः। मुक्तिदशायां तु सकलादृष्टक्षयहेतुकमैकान्तिकमात्यन्तिकं च केवलं प्रियमेव। तत्कथं प्रतिषिध्यते। ११५। आगमस्य चायमर्थः। सशरीरस्य गतिचतुष्टयान्यतमस्थानवर्तिन आत्मनः प्रियाप्रिययोः परस्परानुषक्तयोः सुखदुःखयोरपहतिरभावो नास्तीति। अवश्यं हि तत्र सुखदुःखाभ्यां भाव्यं (परस्परानुषक्तत्वं च समासकरणादभ्यूह्यते)। ११६। अशरीरं मुक्तात्मानं (वा शब्दस्यैवकारार्थत्वात्) अशरीरमेव वसन्तं सिद्धिक्षेत्रमध्यासीनं प्रियाप्रिये परस्परानुषक्ते सुखदुःखे न स्पृशतः। ११७। इदमत्र हृदयं। यथा किल संसारिणः सुखदुःखे परस्परानुषक्ते स्यातां। न तथा मुक्तात्मनः। किंतु केवलं सुखमेव। दुःखमूलस्य शरीरस्यैवाऽभावात्। सुखं

---

रवाळाने सुखदुःखनो नाश नथी' इत्यादिक (तमारां) आगमप्रमाणथी पण मुक्ति घटती नथी; केमके ते आगम तो शुभाऽशुभ कर्मोना विपाकथी उत्पन्न थतां अने परस्पर जोमाएलां, एवां संसारिक सुखदुःखने अपेक्षीने कहेनारुं छे, अने मोक्षदशामां तो सर्व कर्मोना क्षयना हेतुवाळुं एकांत अने अत्यंत एवुं मात्र सुखज छे, माटे तेनो प्रतिषेध केम कराय? । ११५। ते (तमारां) आगमनो अर्थ तो नीचे प्रमाणे छे. शरीरवाळा एटले चारे गतिउमानी अमुक गतिमां रहेला आत्माने सुखदुःखनो नाश नथी; केमके त्यां तो सुखदुःख अवश्य होयज छे. (अहीं 'प्रियाप्रिय' ए शब्दनो समास करवाथी तेउनुं परस्पर जोमाण कह्युं छे.)। ११६। (अहीं 'वा' शब्दनो अर्थ एवकाररूपे छे.) तेथी शरीररहितज एवा सिद्धिक्षेत्रमां रहेला मुक्तात्माने, परस्पर जोमाएलां सुखदुःख स्पर्श करतां नथी. । ११७। अहीं भावार्थ ए छे के, जेम संसारीने परस्पर जोमाएलां सुखदुःख होय छे, तेम मुक्तात्माने

त्वात्मस्वरूपत्वादवस्थितमेव । स्वस्वरूपावस्थानं हि मोक्षः । अत एव-चाऽशरीरमित्युक्तं । आगमार्थश्चायमित्थमेव समर्थनीयः । यत एतदर्थानुपातिन्येव स्मृतिरपि दृश्यते । ११८ । =॥ सुखमात्यन्तिकं यत्र । बुद्धिग्राह्यमतीन्द्रियम् ॥ तं वै मोक्षं विजानीयाद्—दुष्प्रापमकृतात्मभिः ॥= । ११९ । न चायं सुखशब्दो दुःखाऽभावमात्रे वर्तते । मुख्यसुखवाच्यतायां बाधकाऽभावात् । अयं रोगाद्विप्रमुक्तः सुखी जात इत्यादिवाक्येषु च सुखीतिप्रयोगस्य पौनरुक्त्यप्रसङ्गाच्च दुःखाभावमात्रस्य रोगाद्विप्रयुक्त इतीयतैवगतत्वात् । १२० । न च भवदुदीरितो मोक्षः पुंसामुपादेयतया संमतः । को हि नाम शिलाकल्पमपगतसकलसुखसंवे-

---

होतां नथी, पण केवल सुखज होय छे, केमके दुःखनुं मूलरूप एवुं शरीरज तेने होतुं नथी; अने सुख तो आत्मानुं स्वरूप होवाथी रहेलुंज छे; तथा आत्मस्वरूपमां रहेवुं तेज मोक्ष छे; अने तेथीज 'अशरीरी' एम कह्युं छे. माटे ( तमारां ) आगमनो अर्थ उपर कह्याप्रमाणे छे, अने ते तेवीजरीते घटाववो; केमके ( तमारी ) स्मृति पण ते अर्थने अनुसरनारीज देखाय छे. । ११८ । (तेमां कह्युं छे के) ज्यां आत्यंतिक, बुद्धिथी जणाय तेवुं, अने इंद्रिउने अगोचर, एवुं सुख होय, तेने मोक्ष जाणवो, के जे पापीउने दुर्लभ छे. । ११९ । वली आ सुखशब्द कंइ फक्त दुःखना अभावमांज वर्ततो नथी, केमके तेने मुख्य सुखरूपे गणवामां कंइ हरकत नथी, तेमज 'आ प्राणी रोगथी मूकायो अने सुखी थयो' इत्यादिवाक्योमां 'सुखी' ए प्रयोगने पुनरुक्तिपणानो प्रसंग आवे छे, अने 'रोगथी मूकायो' एटलुंज कहेवाथी दुःखना अभावमात्रनो समावेश थइ जाय छे. । १२० । वली तमोए कहेलो मोक्ष, लोकोने ग्रहण करवालायक मनायेलो नथी; केमके सर्व सुखोना भोगवटाविनानो पत्थरसरखो पोताने उपजाववानो कोण प्रयत्न करे ?

दनमात्मानमुपपादयितुं यतेत । १२१ । अत एव त्वदुपहासः श्रूयते । =॥ वरं वृन्दावने रम्ये । क्रोष्टुत्वमभिवाञ्छितम् ॥ न तु वैशेषिकीं मुक्तिं । गौतमो गन्तुमिच्छति ॥= । १२२ । सोपाधिकसावधिकपरिमितानन्दनिष्यन्दात्स्वर्गादप्यधिकं तद्विपरीतानन्दमम्लानज्ञानं च मोक्षमाचक्षते विचक्षणाः । १२३ । यदि तु जडः पाषाणनिर्विशेष एव तस्यामवस्थायामात्मा भवेत्तदलमपवर्गेण । संसार एव वरमस्तु । यत्र तावदन्तरान्तरापि दुःखकलुषितमपि कियदपि सुखमनुभुज्यते । चिन्त्यतां तावत्किमल्पसुखानुभवो भव्य उत सर्वसुखोच्छेद एव । १२४ । अथास्ति तथाभूते मोक्षे लाभातिरेकः प्रेक्षादक्षाणां । ते ह्येवं विवेचयन्ति । संसारे तावद् दुःखास्पृष्टं सुखं न सम्भवति । दुःखं चावश्यहेयं । विवेकहानं चानयोरेकभाजनपतितविषमधुनोरिव दुःशक्यमत एव द्वे अपि त्यज्येते । अतश्च

---

। १२१ । वळी आथीज तारी हांसी संभळाय छे के, मनोहर वृंदावनमां शीयाळपणुं इच्छवुं सारुं छे, पण वैशेषिकोए मानेली मुक्तिमां जवाने गौतम इच्छतो नथी. । १२२ । वळी विचक्षणो तो उपाधिवाळा, अवधिवाळा, तथा परिमित सुखवाळा स्वर्गथी पण, विपरीत सुखवाळा अने निर्मळज्ञानवाळा मोक्षने अधिक कहे छे. । १२३ । वळी जो ते मोक्षावस्थामां पाषाणजेवोज जड आत्मा थतो होय, तो तो ते करतां संसारज सारो छे, के जेमां वच्चे वच्चे पण दुःखथी मिश्रित थयेलुं पण केटलुंक तो सुख अनुभवी शकाय छे. वळी एटलुं तो विचार ? के अल्प सुख भोगववुं सारुं, के सर्व सुखोनो नाशज सारो ? । १२४ । (हवे अहीं वादी कहे छे के, अमोए मानेला) तेवी रीतना मोक्षमां बुद्धिवानोने विशेष लाभ छे ; केमके ते बुद्धिवानो एवी रीते विवेचन करे छे के, संसारमां तो दुःखविनानुं सुख संभवतुं नथी, तथा दुःख तो अवश्य तजवुं जोइए, अने एक भाजनमां रहेलां झेर

संसारान्मोक्षः श्रेयान् । यतोऽत्र दुःखं सर्वथा न स्याद्वरमियती कादाचित्कसुखमात्रापि त्यक्ता । न तु तस्याः कृते दुःखभार इयान् व्यूढ इति । १२५ । तदेतत्सत्यं । सांसारिकसुखस्य मधुदिग्धधाराकरालमण्डलाग्रग्रासवद्दुःखरूपत्वादेव युक्तैव मुमुक्षूणां तज्जिहासा । किंत्वात्यन्तिकसुखविशेषलिप्सूनामेव । ये अपि विषमधुनी एकत्र सम्पृक्ते त्यज्येते ते अपि सुखविशेषलिप्सयैव । १२६ । किञ्च यथा प्राणिनां संसारावस्थायां सुखमिष्टं । दुखं चानिष्टं । तथा मोक्षावस्थायां दुःखनिवृत्तिरिष्टा । सुखनिवृत्तिस्त्वनिष्टैव । ततो यदि त्वदभिमतो मोक्षः स्यात्तदा न प्रेक्षावतां प्रवृत्तिः स्यात् । भवति चेयम् । ततः सिद्धो मोक्षः सुखसंवेदनस्वभावः । प्रेक्षावत्प्रवृत्तेरन्यथानुपपत्तेः । १२७ । अथ यदि सुखसंवेद-

---

अने मधनो जेम, तेम ते बन्नेनो विवेकपूर्वक त्याग तो दुःशक्य छे, माटे ते बन्ने तजाय छे; अने तेथी संसारथी मोक्ष सारो छे, केमके त्यां दुःख बिलकुल होय नही, माटे आ कोइ कोइ समये मलता अल्प सुखने पण तजवुं, ए सारुं छे, पण तेना माटे आटलो बधो दुःखनो बोजो उपाडवो ए सारुं नथी. । १२५ । (हवे तेने आचार्यजी कहे छे के) तारुं ते कहेवुं सत्य छे; केमके संसारिक सुखने मधथी लेपाएली धारवाला भयंकर खड्गना अग्रभागना भक्षणनी पेठे दुःखरूपपणुं होवाथीज मुमुक्षुउने तेना त्यागनी इच्छा व्याजबीज छे; पण ते, आत्यंतिक सुखविशेषना इच्छकोनेज; केमके, साथे मलेलां झेर अने मधने पण जे तजाय छे, ते पण विशेषसुखनी इच्छाथीज तजाय छे. । १२६ । वली प्राणीउने संसारअवस्थामां जेम सुख प्रिय छे, अने दुःख अप्रिय छे, तेम मोक्षअवस्थामां दुःखनो नाश प्रिय छे, अने सुखनो नाश अप्रियज छे; तेथी जो तें मानेलो मोक्ष होय, तो तेमां बुद्धिवानोनी प्रवृति न थाय; अने ते तो थाय छे, माटे सुखसंवेदनरूप मोक्ष सिद्ध

नैकस्वभावो मोक्षः स्यात्तदा तद्रागेण प्रवर्त्तमानो मुमुक्षुर्न मोक्षमधिगच्छेत्। नहि रागिणां मोक्षोऽस्ति। रागस्य बन्धनात्मकत्वात्। नैवं। सांसारिकसुखमेव रागो बन्धनात्मको विषयादिप्रवृत्तिहेतुत्वात्। मोक्षसुखे तु रागस्तन्निवृत्तिहेतुत्वान्न बन्धनात्मकः। परां कोटिमारूढस्य च स्पृहामात्ररूपोऽप्यसौ निवर्तते "मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः" इति वचनात्। १२८। अन्यथा भवत्पक्षेऽपि दुःखनिवृत्त्यात्मकमोक्षाङ्गीकृतौ दुःखविषयकषायकालुष्यं केन निषिध्येतेति सिद्धं कृत्स्नकर्मक्षयात्परमसुखसंवेदनात्मको मोक्षो न बुद्ध्यादिविशेषगुणोच्छेदरूप इति। १२९। अपिच भोस्तपस्विन् कथंचिदुच्छेदोऽस्माकमप्यभिमत एवैषामिति मा विरूपं मनः कृथास्तथाहि। बुद्धिशब्देन ज्ञानमु-

---

थयो, केमके बुद्धिवानोनी प्रवृत्ति बीजी रीते थती नथी. । १२७ । जो फक्त सुख वेदवारूपज मोक्ष होय, तो तेना रागवडे प्रवर्ततो मुमुक्षु मोक्षे जाय नही, केमके राग बंधनरूप होवाथी रागीउने मोक्ष होय नही, एम जो कहे, तो तेम नथी; कारणके संसारिक सुखनोज राग, विषयादिकोनी प्रवृत्तिनो हेतु होवाथी बंधनरूप छे; पण मोक्षसुखनो राग तो तेउनी निवृत्तिनो हेतु होवाथी बंधनरूप नथी; वली उंच हदे चडेलानो तो इच्छामात्ररूप राग पण चाल्यो जाय छे, केमके मोक्षमां अने संसारमां सर्व जगोए उत्तम मुनि तो निस्पृही होय छे, एवुं शास्त्रनुं वचन छे. । १२८ । अने जो एम न होय तो तारा मतमां पण दुःखनी निवृत्तिरूप मोक्षना स्वीकारमां, दुःखसंबंधि कषायनी कलुषता कोण निषेधी शके तेम छे? आथी सिद्ध थयुं के, सर्व कर्मोना क्षययी परमसुख भोगववारूप मोक्ष छे, बुद्धि आदिक गुणोना उच्छेदरूप मोक्ष नथी. । १२९ । वली हे तपस्वी! तारे मनमां कचवावुं नही, केमके बुद्धि आदिकोनो कथंचित् उच्छेद तो अमोए पण नीचे मुजब

च्यते । तच्च मतिश्रुतावधिमनःपर्यायकेवलभेदात्पञ्चधा । तत्राद्यं ज्ञानचतुष्टयं क्षायोपशमिकत्वात्केवलज्ञानाविर्भावकाल एव प्रलीनं " नट्ठंमि उ छाउमच्छिए नाणे " इत्यागमात्केवलं तु सर्वद्रव्यपर्यायगतं क्षायिकत्वेन निष्कलङ्कात्मस्वरूपत्वादस्त्येव मोक्षावस्थायां । सुखं तु वैषयिकं तत्र नास्ति । तद्धेतोर्वेदनीयकर्मणोऽभावात् । यत्तु निरतिशयमक्षयमनपेक्षमनन्तं च सुखं तद्बाढं विद्यते । दुःखस्य चाधर्ममूलत्वात्तदुच्छेदादुच्छेदः । १३० । नन्वेवं सुखस्यापि धर्ममूलत्वाद्धर्मस्य चोच्छेदात्तदपि न युज्यते " पुण्यपापक्षयो मोक्षः " इत्यागमवचनात् । नैवं । वैषयिकसुखस्यैव धर्ममूलत्वाद्भवतु तदुच्छेदो । न पुनरनपेक्षस्यापि सुखस्योच्छेदः । १३१ । इच्छाद्वेषयोः पुनर्मोहभेदत्वात्तस्य च समूलकाषंकषितत्वादभावः

---

मान्यो छे. बुद्धिशब्दवडे ज्ञान कहेवाय छे, अने ते मति, श्रुत, अवधि, मनःपर्याय अने केवल, एम पांच प्रकारनुं छे; तेमां पहेलां चार ज्ञान क्षायोपशमिक होवाथी केवलज्ञान प्रगट थती वेलाएज नष्ट थाय छे; केमके 'छद्मस्थ ज्ञान नाश पामते छते' एम आगमनुं वचन छे; अने सर्व द्रव्यपर्यायना विषयवालुं केवलज्ञान तो क्षायिकपणावडे निर्मल आत्मस्वरूप होवाथी मोक्षावस्थामां रहेलुंज छे; वली विषयसंबंधि सुख तो त्यां नथी, केमके तेना हेतुभूत वेदनीयकर्मनो अभाव छे, अने जे निरतिशय, अक्षय, अपेक्षाविनानुं, अने अनंतुं सुख छे, ते तो त्यां घणुं छे; तथा दुःख तो पापमूल होवाथी, तेना उच्छेदथी तेनो पण उच्छेद थयो छे. । १३० । 'पुण्यपापना क्षयथी मोक्ष छे' एवुं आगमनुं वचन होवाथी, सुखने पण धर्ममूलपणुं होवाथी, धर्मना उच्छेदथी ते पण घटतुं नथी; एम जो कहेशो, तो तेम नथी; केमके वैषयिक सुखनेज धर्ममूलपणुं होवाथी, तेनो भले उच्छेद थाउ? पण अपेक्षाविनाना सुखनो पण उच्छेद थतो नथी. । १३१ । इच्छा अने द्वेष

। १३२। प्रयत्नश्च क्रियाव्यापारगोचरो नास्त्येव कृतकृत्यत्वाद्वीर्यान्तराय-क्षयोपनतस्त्वस्त्येव प्रयत्नो दानादिलब्धिवत्। न च क्वचिदुपयुज्यते कृतार्थत्वात्। १३३। धर्माधर्मयोस्तु पुण्यपापपरपर्याययोरुच्छेदोऽस्त्येव। तदभावे मोक्षस्यैवायोगात्। १३४। संस्कारश्च मतिज्ञानविशेष एव। तस्य च मोहक्षयानन्तरमेव क्षीणत्वादभाव इति। तदेवं न संविदानन्दमयी च मुक्तिरिति युक्तिरिक्तेयमुक्तिरितिकाव्यार्थः।

। १३५। अथ ते वादिनः कायप्रमाणत्वमात्मनः स्वयंसंवेद्यमानमप्यपलप्य तादृशकुशास्त्रशस्त्रसंपर्कविनष्टदृष्टयस्तस्य विभुत्वं मन्यन्तेऽतस्तत्रोपालम्भमाह।

**यत्रैव यो दृष्टगुणः स तत्र**
**कुम्भादिवन्निष्प्रतिपक्षमेतत्।**

---

तो मोहना प्रकार होवाथी, अने ते मोह तो मूलमांथी गयेलो होवाथी, तेउनो अभाव छे. । १३२। वली कृतार्थ होवाथी क्रियाव्यापाररूप प्रयत्न तो नथीज, पण दानादिक लब्धिनीपेठे वीर्यांतरायना क्षयथी थयेलो प्रयत्न तो छेज, पण कृतार्थ होवाथी तेनो कंइ उपयोग थतो नथी. । १३३। वली पुण्यपाप छे बीजुं नाम जेउनुं, एवा धर्माऽधर्मनो उच्छेद तो छेज, केमके ते विना मोक्ष थतो नथी. । १३४। तेम संस्कार तो मतिज्ञानरूपज छे, अने तेनो तो मोहना क्षय पछी तुरतज क्षय थवाथी अभाव छे; माटे एवी रीते 'ज्ञानानंदवाली मुक्ति नथी' ए वचन युक्तिविनानुं छे. एवी रीते आठमा काव्यनो अर्थ संपूर्ण थयो.

। १३५। हवे ते वैशेषिको आत्माना स्वानुभवसिद्ध, एवा पण कायप्रमाणपणाने निषेधिने, तेवी रीतना कुशास्त्रोरूपी शस्त्रना संयोगथी अंध थया थका व्यापक माने छे, तेमाटे त्यां हवे उपालंभ कहे छे.

तथापि देहाद्बहिरात्मतत्त्व-
मतत्त्ववादोपहताः पठन्ति ॥ ७ ॥

ए तो नक्कीज छे के, जे आगममां जे पदार्थ देखाएला गुणोवालो छे ते त्यांज छे; तो पण कुत्सित तत्वना वादथी व्यामोहित थयेला (वैशेषिको) आत्मस्वरूपने शरीरथी बहार कहे छे. ॥ ७ ॥

। १ । यत्रैव देशे यः पदार्थो दृष्टगुणो दृष्टाः प्रत्यक्षादिप्रमाणतोऽनुभूता गुणा धर्म्मा यस्य स तथा स पदार्थस्तत्रैव विवक्षितदेश एवोपपद्यते क्रियाध्याहारो गम्यः (पूर्वस्यैवकारस्यावधारणार्थस्यात्राप्यभिसम्बन्धात्तत्रैव) नान्यत्रेत्यन्ययोगव्यवच्छेदः । २ । अमुमेवार्थं दृष्टान्तेन दृढयति । कुम्भादिवदिति घटादिवत् यथा कुम्भादेर्यत्रैव देशे रूपादयो गुणा उपलभ्यन्ते तत्रैव तस्यास्तित्वं प्रतीयते नान्यत्र । एवमात्मनोऽपि गुणाश्चैतन्यादयो देह एव दृश्यन्ते । न बहिस्तस्मात्तत्प्रमाणएवायमिति । ३ । यद्यपि पुष्पादीनामवस्थानदेशादन्यत्रापि गन्धादिगुण उपलभ्यते तथापि तेन न व्यभिचारस्तदाश्रया हि गन्धादि-

। १ । जे देशमां जे पदार्थना धर्मो प्रत्यक्षादिक प्रमाणथी अनुभवेला छे, ते पदार्थ तेज देशमां प्राप्त थाय छे, पण बीजी जगोए नही, एवी रीते अन्ययोगनो व्यवच्छेद छे. (अहीं क्रियापदनो अध्याहार जाणवो, तथा पूर्वनाज अवधारण अर्थवाला एवकारनो अहीं पण संबंध छे.) । २ । हवे तेज अर्थने दृष्टांतथी दृढ करे छे के, जेम कुंभादिकना रूपादिक गुणो जे देशमां मले छे, त्यांज तेउनुं छतापणुं जणाय छे, पण बीजे नही; तेम चैतन्यादिक आत्माना गुणो पण शरीरमांज देखाय छे, पण बहार नही; माटे ते शरीरजेवमोज आत्मा छे. । ३ । जोके पुष्पादिकोनो, तेउना स्थानना देशथी बीजी जगोए

पुद्गलास्तेषां च वैस्त्रसिक्या प्रायोगिक्या वा गत्या गतिमत्त्वेन तदुपलम्भकघ्राणादिदेशं यावदागमनोपपत्तेरिति । ४ । अत एवाह निष्प्रतिपक्षमेतदिति एतन्निष्प्रतिपक्षं बाधकरहितं "न हि दृष्टेऽनुपपन्नं नामेति न्यायात्" । ५ । ननु मन्त्रादीनां भिन्नदेशस्थानामप्याकर्षणोच्चाटनादिको गुणो योजनशतादेः परतोऽपि दृश्यत इत्यस्ति बाधकमिति चेन्मैवं वोचः । स हि न खलु मन्त्रादीनां गुणः । किंतु तदधिष्ठातृदेवतानां । तासां चाकर्षणीयोच्चाटनीयादिदेशगमने कौतस्कुतोऽयमुपालम्भः । न जातु गुणा गुणिनमतिरिच्य वर्तन्त इति । ६ । अथोत्तरार्द्धं व्याख्यायते । तथापीत्यादि । तथाप्येवं निःसपत्नं व्यवस्थितेऽपि तत्त्वे अतत्ववादोपहता अनाचार इत्यत्रेव नञः कुत्सार्थत्वात्कुत्सिततत्ववादेन तद-

---

पण गंधादिकगुण मले छे, तोपण तेथी व्यभिचार आवतो नथी, केमके गंधादिकना पुद्गलो तें पुष्पोने आश्रीने रहेला छे, अने ते पुद्गलोने स्वाभाविक अथवा प्रेरकगतिधर्मे गतिवानपणुं होवाथी, तेउना उपलंभक एवा नाशिकादिकप्रदेशोप्रते आववानी प्राप्ति छे. । ४ । अने आथीज कहे छे के, ते वात बाधकविनानी छे, केमके 'जोएलुं अप्राप्त नथी' एवो न्याय छे. । ५ । भिन्न देशमां रहेला एवा पण मंत्रादिकोनो आकर्षण उच्चाटनादिक गुण सेंकमो जोजनथी दूर पण देखाय छे, माटे ते वात बाधावाली छे, एवी जो शंका करीश, तो एम तारे बोलवुं नही, केमके ते कंइ मंत्रादिकोनो गुण नथी, पण तेउना अधिष्ठायकदेवोनो छे; अने आकर्षणवाला तथा उच्चाटनवाला देशोमां ते देवोना गमनमाटे आ तारो उपालंभ शानो लागु पमशे !! वली गुणो गुणीने तजीने कदापि पण रहेता नथी. । ६ । हवे उत्तरार्द्धनुं विवेचन कराय छे. एवी रीते शरीरप्रमाण आत्मा बाधारहित होवा छतां पण, कुत्सित तत्वना वादे करीने (अनाचारमां जेम, तेम अहीं

भिमताप्ताभासपुरुषविशेषप्रणीतेन तत्वाभासप्ररूपणेनोपहता व्यामोहिता देहाद्बहिः शरीरव्यतिरिक्तेऽपि देशे आत्मतत्वमात्मरूपं पठन्ति। शास्त्ररूपतया प्रणयन्त इत्यक्षरार्थः। भावार्थस्त्वयम् ।७। आत्मा सर्वगतो न भवति सर्वत्र तद्गुणानुपलब्धेः। योयः सर्वत्रानुपलभ्यमानगुणः स स सर्वगतो न भवति। यथा घटस्तथा चायं तस्मात्तथा। व्यतिरेके व्योमादिः।८। न चायमसिद्धो हेतुः। कायव्यतिरिक्तदेशे तद्गुणानां बुद्ध्यादीनां वादिना प्रतिवादिना वाऽनभ्युपगमात्। तथा च भट्टः श्रीधरः "सर्वगतत्वेऽप्यात्मनो देहप्रदेशे ज्ञातृत्वं। नान्यत्र। शरीरस्योपभोगायतनत्वात् अन्यथा तस्य वैयर्थ्यादिति"।९। अथास्त्यदृष्टमात्मनो विशेषगुणस्तच्च सर्वोत्पत्तिमतां निमित्तं सर्वव्यापकं

---

अकार कुत्सार्थवाचक छे ) एटले पोते मानेला आप्ताभासरूप पुरुष विशेषे रचेला जूठा तत्वना प्ररूपणवडे व्यामोहित थयेला वैशेषिको, शरीरविनाना पण देशमां आत्मस्वरूपने कहे छे, एटले सिद्धांतरूपे माने छे; एवो अक्षरार्थ जाणवो. भावार्थ तो नीचे प्रमाणे छे. ।७। आत्मा सर्वव्यापी नथी, केमके सर्व जगोए तेना गुणो मलता नथी; जे जे सर्व जगोए अप्राप्यगुणी होय, ते ते सर्वव्यापक न होय, जेम घडो तेम आ, अने तेथी तेम. तेथी उलटुं आकाशादिक. ।८। वली आ हेतु कंइ असिद्ध नथी; केमके वादी अने प्रतिवादि बन्नेए ते आत्माना बुद्धिआदिक गुणोने शरीरथी भिन्न प्रदेशमां स्वीकार्या नथी. श्रीधरभट्ट पण कहे छे के, आत्माने सर्वव्यापकपणुं होवा छतां पण शरीरप्रदेशमां ज्ञातापणुं छे, पण बीजी जगोए नथी; केमके उपभोगनुं स्थानकपणुं शरीरने छे. अने जो तेम न होय तो शरीर निरर्थक थाय. ।९। ( अहीं वादीनी शंका )–आत्मानो भाग्य नामनो गुण छे, अने ते सर्व उत्पत्तिवाला पदार्थोनुं निमित्त छे, तथा

च। कथमितरथा द्वीपान्तरादिष्वपि प्रतिनियतदेशवर्त्तिपुरुषोपभोग्यानि कनकरत्नचन्दनाङ्गनादीनि तेनोत्पाद्यन्ते। गुणश्च गुणिनं विहाय न वर्ततेऽतोऽनुमीयते सर्वगत आत्मेति। १०। नैवम्। अदृष्टस्य सर्वगतत्वसाधने प्रमाणाऽभावात्। ११। अथास्त्येव प्रमाणं वन्हेरूर्ध्वज्वलनं वायोस्तिर्यक्पवनं चादृष्टकारितमिति चेन्न। तयोस्तत्स्वभावत्वादेव तत्सिद्धेर्दहनस्य दहनशक्तिवत्। १२। साप्यदृष्टकारिता चेत्तर्हि जगत्त्रयवैचित्रीसूत्रणेऽपि तदेव सूत्रधारायतां। किमीश्वरकल्पनया। तन्नायमसिद्धो हेतुः। १३। न चानैकान्तिकः साध्यसाधनयोर्व्याप्तिग्रहणेन व्यभिचाराऽभावात्। नापि विरुद्धोऽत्यन्तं विपक्षव्यावृत्तत्वात्। १४। आत्मगुणाश्च बुद्ध्यादयः शरीर एवोपलभ्यन्ते। ततो गुणि-

---

सर्वव्यापक छे; जो तेम न होय तो द्विपांतरादिकोमां पण, अमुक देशमां रहेता पुरुषोने उपयोगनां सुवर्ण, रत्न, चंदन तथा स्त्री आदिकोने, ते भाग्य शामाटे उत्पन्न करे छे? अने गुणीने तजीने गुण तो रहेतो नथी, आथी अनुमान थाय छे के, आत्मा सर्वव्यापक छे. । १०। (हवे वादीनी शंकानो उत्तर आपे छे के)—एम नही, केमके भाग्यनुं सर्वव्यापकपणुं साधवामां प्रमाणनो अभाव छे. । ११। प्रमाण तो छे, केमके अग्निनुं ऊर्ध्व ज्वलन, अने वायुनुं तीर्छुं वावुं, ए भाग्यनुं करेलुं छे, एम जो कहीश तो ते युक्त नथी; केमके अग्निनी दहनशक्तिनीपेठे तेउना ते स्वभावपणाथीज तेनी सिद्धि थाय छे. । १२। ते सिद्धि पण भाग्यनी करेली छे, एम जो कहीश तो त्रणे जगतनी विचित्रता रचवामां पण भाग्यज रचनार थाउ? ईश्वरनी कल्पनानी शी जरुर छे? माटे आ हेतु असिद्ध नथी. । ११३। वली आ हेतु अनेकांतिक पण नथी, केमके साध्यसाधननी व्याप्तिना ग्रहणवडे तेमां व्यभिचार नथी. तेम आ हेतु विरुद्ध पण नथी, केमके विपक्षथी अ-

नापि तत्रैव भाव्यमिति सिद्धः कायप्रमाण आत्मा । १५ । अन्यच्च त्वया आत्मनां बहुत्वमिष्यते "नानात्मानो व्यवस्थातः[1]" इति वच-नात् । ते च व्यापकास्तेषां प्रदीपप्रभामण्डलानामिव परस्परानुरोधेन त-दाश्रितशुभाशुभकर्मणामपि परस्परं सङ्करः स्यात् । तथाचैकस्य शुभ-कर्मणा अन्यः सुखी भवेदितरस्याऽशुभकर्मणा अन्यो दुःखीत्यसमञ्ज-समापद्येत । १६ । अन्यच्चैकस्यैवात्मनः स्वोपात्तशुभकर्मविपाकेन सु-खित्वं परोपार्जिताशुभकर्मविपाकसम्बन्धेन च दुःखित्वमितियुगपत्सुख-दुःखसंवेदनप्रसङ्गः । १७ । अथ स्वावष्टब्धभोगायतनमाश्रित्यैव शुभा-शुभयोर्भोगस्तर्हि स्वोपार्जितमप्यदृष्टं कथं भोगायतनाद्बहिर्निष्क्रम्य

---

त्यंत व्यावृत्त थयेलो छे. । १४ । वळी बुद्धिआदिक आत्माना गुणो शरीरमांज मळे छे, माटे आत्मारूपी गुणी पण त्यांज होवो जोइए; एवी रीते शरीरजेवडो आत्मा सिद्ध थयो. । १५ । वळी तुं घणा आ-त्मा माने छे, केमके 'जन्म मरणादिकना पृथक्पणाथी विविध आ-त्माओ छे' एवुं तारां शास्त्रनुं वचन छे; वळी ते व्यापको छे, तेथी दी-पकना कांतिमंडळोनुं जेम, तेम परस्पर एकठा थइ जवाथी, तेओना शुभाऽशुभ कर्मोनुं पण मिश्रण थाय, अने तेम थवाथी एकना शु-भकर्मवडे बीजो सुखी थाय! अने बीजाना अशुभ कर्मवडे अन्य दुः-खी थाय! एम गोटाळो थइ जाय. । १६ । वळी एकज आत्माने, पोते उपार्जेलां शुभ कर्मोना विपाकवडे सुखीपणाने अने परे उपार्जेलां अ-शुभ कर्मोना विपाकवडे दुःखीपणाने एम साथेज सुखदुःख वेदवानो प्रसंग थशे. । १७ । वळी जो एम कहीश के, पोते अवलंबन करेलां शरी-रने आश्रीनेज शुभाऽशुभनुं वेदन थाय छे, त्यारे पोते उपार्जेलुं पण भा-ग्य भोगायतनथी बहार निकळीने अग्निनुं ऊर्ध्वज्वलनादिक केम

---

१ जन्ममरणादेः पार्थक्यात् ॥

वह्निरूर्द्ध्वज्वलनादिकं करोतीति चिन्त्यमेतत् । १८ । आत्मनां च सर्वगतत्वे एकैकस्य सृष्टिकर्तृत्वप्रसङ्गः । सर्वगतत्वेनेश्वरान्तरनुप्रवेशस्य सम्भावनीयत्वात् । ईश्वरस्य वा तदन्तरनुप्रवेशे तस्याप्यकर्तृत्वापत्तिः । न हि क्षीरनीरयोरन्योऽन्यसंबन्धे एकतरस्य पानादिक्रिया अन्यतरस्य न भवतीति युक्तं वक्तुं । किंचात्मनः सर्वगतत्वे नरनारकादिपर्यायाणां युगपदनुभवानुषङ्गः । १९ । अथ भोगायतनाभ्युपगमान्नायं दोष इति चेन्ननु स भोगायतनं सर्वात्मना अवष्टभ्नीयादेकदेशेन वा । सर्वात्मना चेदस्मदभिमताङ्गीकारः । एकदेशेन चेत्सावयवत्वप्रसङ्गः । परिपूर्णभोगाभावश्च । २० । अथात्मनो व्यापकत्वाऽभावे दिग्देशान्तरवर्तिपरमाणुभिर्युगपत्संयोगाऽभावादाद्यकर्मा[१]ऽभावस्तदभावादन्त्यसंयोगस्य तन्निमित्तशरीरस्य । तेन तत्संबन्धस्य चाभावादनुपायसिद्धः सर्वदा स-

---

करे छे? ए विचारवाजेवुं छे! । १८ । वली आत्माउना सर्वव्यापकपणामां एकेकने सृष्टिरचनारनो प्रसंग थशे, केमके सर्वव्यापकपणावमे ईश्वरनी अंदर प्रवेश थवानो संभव छे, अथवा ईश्वरनो तेउमां प्रवेश थवाथी, ते ईश्वरने अकर्तापणानी प्राप्ति थशे; केमके दूधपाणी एकठा थयाबाद, तेमानुं एक पीवाय, अने बीजुं न पीवाय, एम कहेवुं युक्त नथी; वली आत्माना सर्वव्यापकपणामां नरनारकादिकगतिउने साथेज भोगववानो प्रसंग थशे. । १९ । हवे जो एम कहीश के, शरीरना अंगीकारथी आ दोष नथी, तो ते आत्मा शरीरने सर्वथकी अवलंबे छे? के एक देशथी अवलंबे छे? जो कहीश के सर्वथी, तो अमारोज मत अंगीकार थयो; अने जो कहीश के एक देशथी, तो अवयविपणानो प्रसंग थशे, अने संपूर्ण भोगनो अभाव थशे. ।२०। आत्मानुं जो व्यापकपणुं न मानीयें, तो दिग्देशोमां रहेला परमाणु-

---

१ गर्भक्रियाया अभावः ॥

र्वेषां मोक्षः स्यात् । नैवं । यद्येन संयुक्तं तदेव तं प्रत्युपसर्पतीति नियमाऽसम्भवात् । अयस्कान्तं प्रत्ययसस्तेनासंयुक्तस्याप्याकर्षणोपलब्धेः । २१ । अथासंयुक्तस्याप्याकर्षणे तच्छरीरारम्भं प्रत्येकमुखीभूतानां त्रिभुवनोदरविवरवर्तिपरमाणूनामुपसर्पणप्रसङ्गान्न जाने तच्छरीरं कियत्प्रमाणं स्यादितिचेत् । संयुक्तस्याप्याकर्षणे कथं स एव दोषो न भवेदात्मनो व्यापकत्वेन सकलपरमाणूनां तेन संयोगात् । २२ । अथ तद्भावाविशेषेऽप्यदृष्टवशाद्विवक्षितशरीरोत्पादनानुगुणा नियता एव परमाणव उपसर्पन्ति तदितरत्रापि तुल्यं । २३ । अथास्तु यथाकथंचिच्छरीरोत्पत्तिस्तथापि सावयवं शरीरं । प्रत्यवयवमनुप्रविशन्नात्मा सा-

---

उसाथे तेने एकीवेलाए संयोग न थवाथी ( गर्भक्रियारूप ) आद्यकर्मनो अभाव थशे, अने तेना अभावथी अंत्यसंयोगरूप ( समाप्तिरूप ) ते निमित्तवाला शरीरनो, अने तेथी तेना संबंधनो अभाव थवाथी, सर्वेनो वगर उपाये हमेशां मोक्ष थशे, एम जो कहीश, तो तेम नथी; केमके जे जेनीसाथे जोमायुं छे, तेज तेनी पासे जाय, एवो कंइ नियम नथी; कारणके लोहचुंबकप्रते तेनाथी असंयुक्त ( दूर रहेला ) लोखंमने पण आकर्षणनी प्राप्ति थाय छे. । २१ । असंयुक्तने पण आकर्षण होते छते, ते शरीरना प्रारंभप्रते तैयार थइ रहेला, एवा त्रिभुवननी अंदर रहेला परमाणुउने तेनी पासे धसमाइ आववाना प्रसंगथी, कोण जाणे ते शरीर केटलुं मोटुं थइ जाय ! एम जो कहीश तो संयुक्तना आकर्षणमां पण तेज दोष केम न आवे ? केमके आत्माने व्यापकपणुं होवाथी सर्व परमाणुउनो तेनी साथे संयोग छे. । २२ । हवे तेमां कंइ तफावत न होवा छतां पण भाग्यना वशथी ते शरीरने उत्पन्न करवालायक चोकसज परणुउ तेनीपासे धसमाइ आवे छे, एम जो कहीश, तो बीजा पक्षमां पण तेमज जाणवुं. । २३ । ( हवे अहीं

वयवः स्यात्। तथा चास्य पटादिवत् कार्यत्वप्रसङ्गः। कार्यत्वे चासौ विजातीयैः सजातीयैर्वा कारणैरारभ्येत। न तावद्विजातीयैस्तेषामनारम्भकत्वान्न हि तन्तवो घटमारभन्ते। न च सजातीयैर्यत आत्मत्वाभिसम्बन्धादेवैतेषां कारणानां सजातीयत्वं। पार्थिवादिपरमाणूनां विजातीयत्वात्। तथा चात्मभिरात्मा आरभ्यत इत्यायातं। तच्चाऽयुक्तं। एकत्र शरीरेऽनेकात्मनामात्मारम्भकाणामसम्भवात्। संभवे वा प्रतिसन्धानाऽनुपपत्तिः। न ह्यन्येन दृष्टमन्यः प्रतिसन्धातुमर्हति। अतिप्रसङ्गात्। तदारभ्यत्वे चास्य घटवदवयवक्रियातो विभागात्संयोगविनाशा-

---

ते वादी शंका करे छे के)—भले गमे ते रीते शरीरनी उत्पत्ति थाउ, तोपण शरीर तो अवयवोवालुं छे, तेथी दरेक अवयवप्रते प्रवेश करतो आत्मा अवयववालो थाय; अने तेम थवाथी तेने वस्त्रादिकनीपेठे कार्यपणानो प्रसंग थशे; अने कार्यपणुं होते छते ते विजातीय कारणोवमे प्रारंभाय? के सजातीय कारणोवमे प्रारंभाय? विजातीयोवमे तो नही, केमके तेउने अनारंभकपणुं छे; कारणके तंतुउ कंइ घमाने प्रारंभतां नथी; तेम सजातीयोवमे पण नही, केमके आत्मापणाना संबंधथीज ते कारणोने सजातीयपणुं छे, अने पार्थिवआदिक परमाणुउने तो विजातीयपणुं छे; तेथी छेवटे आत्माउवमे आत्मा प्रारंभाय, एम आवी उभुं, अने ते तो अयुक्त छे; केमके एकज शरीरमां, आत्मानो आरंभ करनारा अनेक आत्माउनो असंभव छे; कदाच तेवो संभव मानीयें तो स्मृतिनी अप्राप्ति छे, केमके अतिप्रसंगथी अन्ये जोएलुं, अन्य स्मरण करी शके नही, अने तेथी आरभ्यपणामां घटनीपेठे अवयवक्रियाना विभागथी संयोगविनाशथी विनाश थाय, माटे आत्मा व्यापकज घटी शके छे, केमके शरीरजेवमो मानवामां उपर कहेला दोषो आवे छे, (उपर वर्णवेली वादीनी शंकानो हवे उत्तर

द्विनाशः स्यात् तस्माद्व्यापक एवात्मा युज्यते । कायप्रमाणतायामुक्तदोषसद्भावादिति चेन्न । सावयवत्वकार्यत्वयोः कथंचिदात्मन्यभ्युपगमात् । २४ । तत्र सावयवत्वं तावदसंख्येयप्रदेशात्मकत्वात् तथाच द्व्यालङ्कारकारौ[1] "आकाशोऽपि सदेशः सकृत्सर्वमूर्त्ताभिसम्बधार्हत्वात् इति" । २५ । यद्यप्यवयवप्रदेशयोर्गन्धहस्त्यादिषु[2] भेदोऽस्ति । तथापि नात्र सूक्ष्मेक्षिका चिन्त्या । प्रदेशेष्वप्यवयवव्यवहारात्कार्यत्वं तु वक्ष्यामः । २६ । नन्वात्मनां कार्यत्वे घटादिवत्प्राक्प्रसिद्धसमानजातीयावयवारभ्यत्वप्रसक्तिः । अवयवा ह्यवयविनमारभन्ते । यथा तन्तवः पटमिति चेन्न वाच्यं । न खलु घटादावपि कार्ये प्राक्प्रसिद्धसमानजातीयकपालसंयोगात्मत्वं दृष्टं । कुम्भकारादिव्यापारान्वितान्मृत्पि-

---

आपे छे के )—एम जो कहीश तो ते युक्त नथी; केमके आत्मामां कथंचित् सावयवपणुं अने कार्यपणुं अमोए स्वीकार्युं छे. । २४ । तेमां आत्माने असंख्यप्रदेशात्मकपणुं होवाथी सावयवपणुं छे; तेमाटे द्व्यालंकारना कर्ता (हेमचंद्रजी अने गुणचंद्रजी) कहे छे के 'आकाश पण एकवार सर्व पदार्थोना संबंधवालो होवाथी प्रदेशवालो छे.' । २५ । वली गंधहस्त्यादिक ग्रंथोमां जोके अवयव अने प्रदेशवच्चे भेद कह्यो छे, पण अहीं कंइ सूक्ष्मता जोवी नथी; अने कार्यपणुं तो प्रदेशोमां पण अवयवना व्यवहारथी अमो कहीये छीये । २६ । आत्माउना कार्यपणामां घटादिकनीपेठे पूर्वोक्त समानजातिवाला अवयवोना आरम्भपणानो प्रसंग थशे, केमके तंतुउ जेम पटने, तेम अवयवो अवयविने प्रारंभे छे; एम जो कहीश, तो ते युक्त नथी; केमके घटादिक कार्यमां पण पूर्वोक्त समानजातिवाला कपालनुं संयोगात्मपणुं देखायुं नथी, केमके कुंभारादिकना व्यापारवाला मृत्पिंडथी, पे-

---

१ हेमचंद्रगुणचंद्रौ ॥ २ तन्नामग्रंथविशेषेषु ॥

भात्प्रथममेव पृथुबुध्नोदराद्याकारस्यास्योत्पत्तिप्रतीतेः । २७ । द्रव्यस्य हि पूर्वाकारपरित्यागेन उत्तराकारपरिणामः कार्यत्वं । तच्च बहिरिवान्तरप्यनुभूयत एव । ततश्चात्मापि स्यात्कार्यः । २८ । न च पटादौ स्वावयवसंयोगपूर्वककार्यत्वोपलंभात् सर्वत्र तथाभावो युक्तः । काष्टे लोहलेख्यत्वोपलंभाद्वज्रेऽपि तथाभावप्रसङ्गात् । प्रमाणबाधनमुभयत्र तुल्यं । २९ । न चोक्तलक्षणकार्यत्वाभ्युपगमेऽप्यात्मनोऽनित्यत्वानुषङ्गात्प्रतिसन्धानाऽभावोऽनुषज्यते । कथंचिदनित्यत्वे सत्येवास्योपपद्यमानत्वात् । प्रतिसन्धानं हि यमहमद्राक्षं तमहं स्मरामीत्यादिरूपं । तच्चैकान्तनित्यत्वे कथमुपपद्यते । अवस्थाभेदात् । अन्या ह्यनुभवावस्था अन्या च स्मरणावस्था । ३० । अवस्थाभेदे चावस्थावतोऽपि भेदादेकरू-

---

हेलांज पृथुबुध्नोदरादिक आकारनी उत्पत्तिनी प्रतीति थाय छे. ।२७। द्रव्यनो पूर्वाकारना त्यागपूर्वक उत्तराकारनो जे परिणाम, ते कार्यपणुं छे, अने ते बहारनीपेठे अंदर पण अनुभवायज छे, अने तेथी आत्मा पण कार्यरूप थाय. । २८ । वली वस्त्रादिकमां पोताना अवयवना संयोगपूर्वक कार्यपणानी प्राप्तिथी, सर्व जगोए तेमज मानवुं युक्त नथी, केमके काष्टमां लोखंडथी लखी शकातुं होवाथी, वज्रमां पण तेनो प्रसंग थशे; अने प्रमाणबाधकता बन्ने जगोए तुल्य छे. । २९ । वली पूर्वोक्तलक्षणवाला कार्यपणानी प्राप्तिमां पण, आत्माने अनित्यपणानी प्राप्तिथी स्मृतिनो कंइ अभाव थतो नथी; केमके ते तो कथंचित् अनित्यपणुं होते छतेज थाय छे. वली स्मृति तो 'जेने में जोयो, तेनुं हुं स्मरण करुं छुं' इत्यादि स्वरूपवाली छे, अने अवस्थाभेदथी, ते एकांतनित्यपणामां शीरीते थाय? केमके अनुभवावस्था जूदी छे, अने स्मरणावस्था जूदी छे. । ३० । वली अवस्थाभेद होते छते अवस्थावान्नो पण भेद थवाथी, एक रूपपणानी हानिथी युक्तिथी आवेलां

पत्वद्गतेः कथंचिदनित्यत्वं युक्त्यायातं केन वार्यतां ।३१। अथात्मनः शरीरपरिमाणत्वे मूर्तत्वानुषङ्गाच्छरीरेऽनुप्रवेशो न स्यान्मूर्त्ते मूर्तस्यानुप्रवेशविरोधात्ततो निरात्मकमेवाखिलं शरीरं प्राप्नोतीति चेत्किमिदं मूर्तत्वं नाम। असर्वगतद्रव्यपरिमाणत्वं रूपादिमत्त्वं वा।३२। तत्र नाद्यः पक्षः। दोषाय संमतत्वात्। द्वितीयस्त्वयुक्तो व्याप्त्यभावात्। नहि यदसर्वगतं तन्नियमेन रूपादिमदित्यविनाभावोऽस्ति। मनसोऽसर्वगतत्वेऽपि भवन्मते तदसंभवात्। आकाशकालदिगात्मनां [1]सर्वगतत्वं [2]परममहत्त्वं [3]सर्वसंयोगिसमानदेशत्वं चेत्युक्तत्वान्मनसो वैधर्म्यात्सर्वगतत्वे-

---

कथंचित् अनित्यपणाने कोण निवारे तेम छे? ।३१। आत्माना शरीरपरिमाणपणामां तेनुं मूर्त्तपणुं आववाथी, शरीरमां तेनो प्रवेश नही थाय, केमके मूर्तमां मूर्त प्रवेश करे नही, माटे समस्त शरीर आत्माविनानुं थइ जाय; एम जो कहीश, तो ते मूर्तपणुं शुं छे? असर्वव्यापक एवुं द्रव्यपरिमाणपणुं छे? के रूपादिमत्पणुं छे? ।३२। तेमां पेहेलो पक्ष तो दूषणवालो होवाथी युक्त नथी; अने बीजो पण व्याप्तिना अभावथी अयुक्त छे, केमके जे सर्वव्यापक न होय, ते निश्चयें रूपादिवालुं होय एवो अविनाभाव नथी; कारणके तारा मतमां मनने असर्वव्यापकपणुं छे छतां पण रूपादिकपणुं नथी; केमके आकाश, काल, दिशा अने आत्माने सर्वव्यापकपणुं, परममहत्पणुं, अने सर्व मूर्तिवंत द्रव्योने एक आधारपणुं कहेलुं छे, अने मन तो तेउथी विपरीत धर्मवालुं होवाथी, तेना सर्वव्यापकपणानो प्रतिषेध करेलो छे;

---

१ सर्वैर्मूर्त्तैः सह संयोगः। नतु सर्वत्र। तेषां निःक्रियत्वात्॥ २ इयत्ताऽनवच्छिन्नपरिमाणयोगित्वं परममहत्त्वं॥ ३ सर्वसंयोगिसमानदेशत्वं–सर्वेषामूर्त्तद्रव्याणां आकाशे समानो देशः। एक आधार इत्यर्थः। एवं दिगादिष्वपि व्याख्येयं। यद्यपि आकाशादिकं सर्वसंयोगिनामाधारो न भवति। इह प्रत्यय विषयत्वेनावस्थानात्। तथापि सर्वसंयोगिसंयोगाधारभूतत्वादुपचारेण सर्वसंयोगिनामप्याधार उच्यते॥

प्रतिषेधनात् । अतो नात्मनः शरीरे अनुप्रवेशानुपपत्तिर्येन निरात्मकं तत्स्यात् । असर्वगतद्रव्यपरिमाणलक्षणमूर्तत्वस्य मनोवत्प्रवेशाऽप्रतिबन्धकत्वाद्रूपादिमत्त्वलक्षणमूर्तत्वोपेतस्यापि जलादेर्वालुकादावनुप्रवेशो न निषिध्यते । आत्मनस्तु तद्रहितस्यापि तत्रासौ प्रतिषिध्यत इति महच्चित्रम् । ३३ । अथात्मनः कायप्रमाणत्वे बालशरीरपरिमाणस्य सतो युवशरीरपरिमाणस्वीकारः कथं स्यात् । किं तत्परिमाणपरित्यागात्तदपरित्यागाद्वा । परित्यागाच्चेत्तदा शरीरवत्तस्याऽनित्यत्वप्रसङ्गात्परलोकाद्यभावानुषंगः । अथाऽपरित्यागात् । तन्न । पूर्वपरिमाणाऽपरित्यागे शरीरवत्तस्योत्तरपरिमाणोत्पत्त्यनुपपत्तेः । ३४ । तदयुक्तं । युवशरीरपरिमाणावस्थायामात्मनो बालशरीरपरिमाणपरित्यागे सर्वथा विनाशाऽ-

---

आथी करीने आत्माने शरीरमां प्रवेश करवानी अप्राप्ति नथी, के जेथी ते आत्मारहित थइ जाय; केमके असर्वव्यापकद्रव्यपरिमाणलक्षणवाला मूर्तपणाने मननीपेठे प्रवेशनुं अटकायतपणुं नथी, वली रूपादिमत्पणुं छे लक्षण जेनुं, एवा मूर्तपणाथी युक्त थयेल. जलादिकनो वेलुआदिकमां प्रवेश निषेधता नथी, अने रूपथी रहित एवा पण आत्मानो शरीरमां थतो प्रवेश निषेधो छो! ए मोटुं आश्चर्य छे !! ।३३। (वली अहीं वादी शंका करे छे के)—आत्मानुं ज्यारे शरीरप्रमाणपणुं मानीयें, त्यारे बालकनुं शरीरपरिमाण होते छते, तेनो युवानना शरीरना परिमाणनो स्वीकार शीरीते थाय ? शुं ते बालपरिमाणना त्यागथी थाय? के तेना अत्यागथी थाय? जो कहेशो के त्यागथी, तो शरीरनीपेठे ते आत्माने अनित्यपणाना प्रसंगथी परलोकादिकना अभावनी प्राप्ति थशे; अने जो कहेशो के अत्यागथी, तो तेपण युक्त नथी; केमके पूर्वपरिमाणना त्यागविनाना, शरीरनीपेठे तेना उत्तरपरिमाणनी उत्पत्तिनी अप्राप्ति छे. ।३४। (हवे ते वादीने उपरनी शं-

संभवात् । विफणावस्थोत्पादे सर्पवदिति कथं परलोकाभावोऽनुषज्यते। पर्यायतस्तस्याऽनित्यत्वेऽपि द्रव्यतो नित्यत्वात् । ३५ । अथात्मनः कायप्रमाणत्वेतत्खण्डने खण्डनप्रसङ्ग इतिचेत्कः किमाह । शरीरस्य खण्डने कथंचित्तत्खण्डनस्येष्टत्वात् । शरीरसम्बद्धात्मप्रदेशेभ्यो हि कतिपयात्मप्रदेशानां खण्डितशरीरप्रदेशेऽवस्थानादात्मनः खण्डनं । तच्चात्र विद्यत एवान्यथा शरीरात्पृथग्भूतावयवस्य कम्पोपलब्धिर्न स्यात् । न च खण्डितावयवानुप्रविष्टस्यात्मप्रदेशस्य पृथगात्मत्वप्रसङ्गस्तत्रैवानुप्रवेशात् । ३६ । न चैकत्र सन्तानेऽनेके आत्मानः । अनेकार्थप्रतिभासिज्ञानानामेकप्रमात्राधारतया प्रतिभासाभावप्रसंगात् । शरीरान्तरव्यवस्थि-

---

कानो उत्तर आपे छे के)– ते सघलुं तारुं कहेवुं अयुक्त छे, केमके फण चडावेली अवस्थामां जेम सर्पनो, तेम युवानना शरीरना परिमाणनी अवस्थामां, बालना शरीरना परिमाणनो त्याग करवाथी आत्मानो सर्वथाप्रकारे विनाश संभवतो नथी; माटे परलोकनो अभाव केम थाय !! कारणके पर्यायथी ते आत्माने अनित्यपणुं होवाछतां पण द्रव्यथी नित्यपणुं छे. । ३५ । आत्मानुं शरीरप्रमाणपणुं मानवामां ते शरीरनो ध्वंस होते छते, तेनो पण ध्वंस थशे, एम जो तुं कहेतो हो, तो कोण ना पाडे छे? केमके शरीरना ध्वंसथी कथंचित् ते आत्मानो ध्वंस अमोए स्वीकार्यो छे; कारणके शरीरमां जोडाएला आत्मप्रदेशोमांथी केटलाक आत्मप्रदेशोनुं, खंडित थयेला शरीरप्रदेशमां रहेवापणुं होवाथी, आत्मानुं खंडन थाय छे, अने तेवुं खंडन अहीं छेज; केमके जो तेम न होय तो शरीरथी जूदा पडेला अवयवने कंपनप्राप्ति न थाय; वली खंडित अवयवमां दाखल थयेला आत्मप्रदेशने पृथगात्मपणानो प्रसंग पण थतो नथी, केमके ते आत्मप्रदेशो पाछा तेमांज दाखल थाय छे. । ३६ । (अहीं वादी कहे छे के) एक

तानेकज्ञानावसेयार्थसंवित्तिवत् । कथं खण्डितावयवयोः संघट्टनं पश्चा-
दितिचेदेकान्तेन भेदाऽनभ्युपगमात् । पद्मनालतन्तुवच्छेदस्यापि स्वी-
कारत् । तथाभूतादृष्टवशात्तत्संघट्टनमविरुद्धमेवेतितनुपरिमाण एवात्मा-
ङ्गीकर्त्तव्यो न व्यापकस्तथा चात्मा व्यापको न भवति चेतनत्वात् ।
यत्तु व्यापकं न तच्चेतनं । यथा व्योम । चेतनश्चात्मा तस्मान्न व्यापकः
। ३७ । अव्यापकत्वे चास्य तत्रैवोपलभ्यमानगुणत्वेन सिद्धा कायप्रमा-
णता । ३८ । यत्पुनरष्टसमयसाध्यकेवलिसमुद्घातदशायामार्हतानामपि
चतुर्दशरज्वात्मकलोकव्यापित्वेनात्मनः सर्वव्यापकत्वं । तत्कादाचित्क-
मिति न तेन व्यभिचारः । ३९ । स्याद्वादमन्त्रकवचावगुंठितानां च नेदृश-

---

संतानमां अनेक आत्माउ होता नथी, केमके अनेक अर्थोने जणा-
वनारां ज्ञानोने एक प्रमाताने जाणवाना अभावनो प्रसंग थशे. कोनी-
पेठे? तोके शरीरांतरमां रहेला अनेक ज्ञानवमे जणाय तेवा पदार्थज्ञा-
ननीपेठे; माटे खंमित थयेला (बन्ने) अवयवोनुं पाछलथी जोमाण
शीरीते थाय? (हे वादी!) एम जो तुं कहीश, तो एकांते (आ-
त्मानो) भेद (अमोए पण) मान्यो नथी; केमके पद्मनालतंतुनीपेठे
भेदनो अमोए स्विकार कर्यो छे; अने तेवा प्रकारना कर्मना वशथी
तेनुं जोमावुं विरोधविनानुंज छे; माटे शरीरजेवमोज आत्मा स्वीकारवो,
पण व्यापक स्वीकारवो नही; अने तेवी रीते आत्मा चेतन होवाथी
व्यापक नथी; अने जे व्यापक छे, ते चेतन नथी, जेमके आकाश;
अने आत्मा तो चेतन छे, माटे ते व्यापक नथी; । ३७ । अने अ-
व्यापकपणामां तो तेना गुणो त्यांज प्राप्त थवाथी कायप्रमाणपणुं सिद्ध
थाय छे. । ३८ । वली आठ समयमां सधाती एवी केवलिसमुद्घा-
तदशामां अरिहंतोने पण चौदराजलोकमां व्यापकपणाये करीने आ-
त्मानुं सर्वव्यापकपणुं छे, पण ते कोइकवेलानुं छे, माटे ते साथे व्य-

विजीषिकाऽन्यो जयमिति काव्यार्थः

। ४० । वैशेषिकनैयायिकयोः प्रायः समानतन्त्रत्वादौलूक्यमते क्षिप्ते [1]यौगमतमपि क्षिप्तमेवावसेयं । पदार्थेषु च तयोरपि न तुल्या प्रतिपत्तिरिति सांप्रतमक्षपादप्रतिपादितपदार्थानां सर्वेषां चतुर्थपुरुषार्थं प्रत्यसाधकतमत्वे वाच्येऽपि तदन्तःपातिनां छलजातिनिग्रहस्थानानां परोपन्यासनिरासमात्रफलतया अत्यन्तमनुपादेयत्वात् तदुपदेशदातुर्वैराग्यमुपहसन्नाह ॥

स्वयंविवादग्रहिले वितण्डा-
पाण्डित्यकण्डूलमुखे जनेऽस्मिन् ॥
मायोपदेशात्परमर्म भिन्द-
न्नहो विरक्तो मुनिरन्यदीयः ॥ १० ॥

---

विचार आवतो नथी. । ३९ । अने वळी स्याद्वादमंत्ररूपी बख्तरथी आच्छादित थयेलाउ आवी बीकमामणीउथी कंइ मरी जाय तेम नथी. एवी रीते नवमा काव्यनो अर्थ थयो.

। ४० । वैशेषिक अने नैयायिकनुं प्रायें करी समानतंत्रपणुं होवाथी वैशेषिकमतनुं खंमन कर्याथी नयौयिकमतनुं पण खंमन थयेलुं जाणवुं; अने पदार्थोमां तो तेउ बन्नेनो पण तुल्य स्विकार नथी, तेथी हवे अक्षपादे स्वीकारेला सर्व पदार्थो जोके मोक्षसाधनमाटे अयोग्य छे, एम देखामवुं छे, तोपण तेनी अंदर रहेला छल, जाति अने निग्रहस्थानो तो फक्त परना मंमनने तोमीपामवारूपज फलवालां होवाथी अत्यंत स्वीकारवालायक नथी, तेथी तेउना उपदेश आपनार ( अक्षपादना वैराग्यनी हांसी करतायका कहे छे.

---

१ न्यायमतमपि-इति २ पु० पाठः ॥

पोतानो मेलेज विवादें करीने गांमा बनेला, अने वितंमावादमां मलेली कुशलतावमे खरजयुक्त मुखवाला एवा आ (पामर) मनुष्यप्रते कपटयुक्त उपदेशथी परना मर्मोने ज्ञेदतो एवो ते (अक्षपादऋषि) अहो !! केवो वैराग्यवान् लागे छे !! ॥ १० ॥

---

। १ । अन्ये अविज्ञातत्वदाज्ञासारतयाऽनुपादेयनामानः । परे तेषामयं शास्तृत्वेन संबन्धी अन्यदीयो मुनिरक्षपादऋषिरहो विरक्तोऽहो वैराग्यवान् । २ । अहो इत्युपहासगर्ज्ञमाश्चर्यं सूचयति । ३ । अन्यदीय इत्यत्र "ईयकारके" इति दोन्तः । ४ । किं कुर्वन्नित्याह ।५। परमर्म ज्ञिन्दन् (जातावेकवचनप्रयोगात्) परमर्माणि व्यथयन् (बहुज्ञिरात्मप्रदेशैरधिष्ठिता देहावयवा मर्माणीति [१]पारिज्ञाषिकी संज्ञा) तत उपचारात्साध्यस्वतत्वसाधनाव्यज्ञिचारितया प्राणज्ञूतः साधनोपन्यासोऽपि मर्मेव मर्म । ६ । कस्मात्तज्ञिन्दन् । मायोपदेशाद्धेतोः । माया प-

---

। १ । (हे प्रज्ञु !) अन्य एटले आपनी आज्ञाना तत्वने नही जाणवाथी जेमनुं नाम ग्रहण करवालायक नथी, एवा अन्योनो उपदेशक अक्षपादऋषि अहो ! वैराग्यवालो लागे छे ! । २ । अहो ! ए शब्द हास्यगर्ज्ञित आश्चर्य सूचवे छे. । ३ । ('अन्यदीय' मां 'इयकारके' ए सूत्रथी दोंत थयो छे.) । ४ । हवे ते अक्षपादऋषि शुं करतो थको ? ते कहे छे. । ५ । परना मर्मोने ज्ञेदतो थको (अहीं जातितरिके एक वचननो प्रयोग आपेलो छे) (घणा आत्मप्रदेशोवमे अधिष्ठित थयेला शरीरना अवयवोने शास्त्रमां मर्मो कहेलां छे) तेथी उपचारथी साधवालायक एवा स्वतत्वना साधनमां व्यज्ञिचाररहितपणावमे प्राणरूप जे साधननी स्थापना, ते पण मर्मज छे. । ६ ।

---

१ परिभाषा–शास्त्रभाषा ॥

खश्चनं तस्या उपदेशश्छलजातिनिग्रहस्थानलक्षणपदार्थत्रयप्ररूपणद्वारेण शिष्येभ्यः प्रतिपादनं तस्मात् । ७ । ( "गुणादस्त्रियां न वे" त्यनेन हेतौ तृतीयाप्रसङ्गे पञ्चमी ) । ८ । कस्मिन् विषये मायामयमुपदिष्टवान् इत्याह । ९ । अस्मिन् प्रत्यक्षोपलक्ष्यमाणे जने तत्वाऽतत्वविमर्शबहिर्मुखतया प्राकृतप्राये लोके । १० । कथंभूते स्वयमात्मना परोपदेशनिरपेक्षमेव विवादग्रहिले । ११ । विरुद्धः परस्परकक्षीकृतपक्षाधिक्षेपदक्षो वादो वचनोपन्यासो विवादस्तथा च भगवान् हरिभद्रसूरिः ।१२। =॥ लब्धिख्यात्यर्थिना तु स्याद् । दुःस्थितेनामहात्मना ॥ छलजातिप्रधानो यः । स विवाद इति स्मृतः ॥= । १३ । तेन ग्रहिल इव ग्रहगृहीत इव विवादग्रहिलस्तत्र । १४ । यथा ग्रहाद्यपस्मारपरवशः पुरुषो

---

शाथी भेदता ? तोके मायाना उपदेशथी ; माया एटले परने जे ठगवुं, तेना छल, जाति अने निग्रहस्थान नामना त्रण पदार्थोना प्ररूपणरूप शिष्यप्रते उपदेश देवाथी. । ७ । ( 'गुणादस्त्रियां नवा' ए सूत्रवमे हेत्वर्थमां तृतीयाना प्रसंगमां पंचमी विभक्ति करेली छे ) । ८ । ते अक्षपाद रुषिए कोनाप्रते मायानो उपदेश आपेलो छे ? ते कहे छे. । ९ । तत्वविचारथी रहित एवा मूर्ख माणसप्रते उपदेश आपेलो छे. । १० । ते मूर्ख माणस केवो ? तोके कोइए कह्याविना पोतानी मेलेज विवादवमे गांमो बनेलो । ११ । परस्पर स्वीकारेला पक्षने तोमीपामवामां समर्थ एवो जे वचनोपन्यास, ते विवाद कहेवाय ; तेमाटे भगवान् हरिभद्रसूरि पण कहे छे के । १२ ।–॥ ( धन आदिकना ) लाभना अर्थीसाथे, कीर्तिना अर्थीसाथे, दलीद्रीसाथे, तथा नीचसाथे छलजातियुक्त जे वाद, तेने विवाद कहेलो छे ; । १३ । तेवा विवादवमे जाणे गांमो बनेलो होय नही, तेवा माणसप्रते उपदेश आपेलो छे. । १४ । जेम ग्रहादिकनी चोटथी परवश थयेलो पुरुष जेम तेम बक्या करे छे,

यत्किंचन प्रलापी स्यादेवमयमपि जन इति भावः । १५ । तथा वितण्डा [1]प्रतिपक्षस्थापनाहीनं वाक्यं । वितंड्यते आहन्यतेऽनया प्रतिपक्षसाधनमिति व्युत्पत्तेः । १६ । "अभ्युपेत्य पक्षं यो न स्थापयति स वैतण्डिक इत्युच्यते" इति न्यायवार्त्तिकं । वस्तुतस्तु अपरामृष्टतत्त्वातत्त्वविचारं मौखर्यं वितण्डा । तत्र यत्पाण्डित्यमविकलं कौशलं तेन कंडूलमिव कण्डूलं मुखं लपनं यस्य स तथा तस्मिन् । कण्डूः सर्ज्जूः कंडूरस्यास्तीति कण्डूलः ( सिध्मादित्वान्मत्वर्थीयो लप्रत्ययः ) । १७ । यथा किलान्तरुत्पन्नकृमिकुलजनितां कण्डूतिं निरोद्धुमपारयन् पुरुषो व्याकुलतां कलयति । एवं तन्मुखमपि वितण्डापाण्डित्येन असम्बद्धप्रलापचापलमाकलयत् कण्डूलमित्युपचर्यते । १८ । एवं च स्वरसत

---

तेम आ माणसने पण जाणवो, एवो भावार्थ छे. । १५ । तथा वितंडा एटले प्रतिपक्षनी स्थापनाविनानुं वाक्य; प्रतिपक्षनुं साधन जेनाथी हणाय ते वितंडा कहेवाय, एवो तेनो व्युत्पत्त्यर्थ छे. । १६ । समीप आवीने जे प्रतिपक्षनुं स्थापन करे नही, ते वैतंडिक कहेवाय छे, एम न्यायवार्तिकमां कह्युं छे; अर्थात् तत्वाऽतत्वनो विचार कर्याविना जे बबडवुं ते वितंडा, अने तेमां जे संपूर्ण कुशलता, तेवडे जाणे खर्जयुक्त थयेलुं छे मुख जेनुं एवा माणसप्रते ( उपदेश आपेलो छे. ) कंडु एटले खर्ज जेने होय ते कंडुल कहेवाय ( सिध्मादि होवाथी मत्वर्थीय 'ल' प्रत्यय आवेलो छे ) । १७ । जेम अंदर उत्पन्न थयेला कृमीउना समूहे उत्पन्न करेली खरजने रोकवाने असमर्थ थयो थको पुरुष व्याकुल थाय छे, तेम ते माणसनुं मुख पण वितंडावादनी कुशलतावडे संबंधविनाना बबडाटनी चपलताने धारण करतुं होवाथी ते खर्जवालुं छे,

---

[1] वादिप्रयुक्तपक्षप्रतियंथी प्रतिवादीउपन्यासः प्रतिपक्षः । कोऽर्थः । वादिपक्षापेक्षया प्रतिपक्षो वैतंडिकस्य स्वपक्ष एवेति ॥

एव स्वस्वाभिमतव्यवस्थापनाविसंस्थुलो वैतण्डिकलोकस्तत्र च तत्पर-
माप्तभूतपुरुषविशेषपरिकल्पितपरवञ्चनप्रचुरवचन[1]रचनोपदेशश्चेत्सहायः
समजनि तदा स्वत एव ज्वालाकलापजटिले प्रज्वलति हुताशन इव
कृतो घृताहुतिप्रक्षेप इति । १९ । तैश्च भवाभिनन्दिभिर्वादिभिरेता-
दृशोपदेशदानमपि तस्य मुनेः कारुणिकत्वकोटावारोपितं । २० । तथा
चाहुः । =॥ दुःशिक्षितकुतर्कांश—लेशवाचालिताननाः ॥ शक्याः किम-
न्यथा जेतुं । वितण्डाटोपमण्डिताः ॥= गतानुगतिको लोकः । कुमार्गं
तत्प्रतारितः ॥ मागादिति च्छलादीनि । प्राह [2]कारुणिको मुनिः ॥=
। २१ । कारुणिकत्वं च वैराग्यान्न भिद्यते । ततो युक्तमुक्तं । अहो

---

एवो उपचार कराय छे. । १८ । एवी रीते पोताना रसथीज पोतपो-
तानुं स्वीकारेलुं स्थापन करवामां वैतंडिक माणस आतुर थयेलो होय
छे, अने तेमां तेना उत्कृष्ट आप्तरूप पुरुषविशेषे कल्पेला एवा परने
ठगनारां घणां वचनोनी रचनानो जो सहाय मळ्यो, तो पोतानी मेळेज
ज्वालाओना समूहथी पुष्ट थयेला अग्निमां घृताहुति नाखवा जेवुंज
थयुं. । १९ । अने ते भवाभिनंदि वादिओए ते मुनिना तेवी रीतनां उ-
पदेशदानने पण दयालुपणानी कोटिमां आरोपेलुं छे !! । २० । तेओ
कहे छे के—॥ कष्टपूर्वक शिखेला एवा कुतर्कोना अंशोथी वाचाळ थ-
येलां छे मुखो जेमनां, तथा वितंडावादना आटोपथी मंडित थयेलाओने
( छलादिक विना ) बीजीरीते केम जीती शकाय ? =॥ वळी गाडरीआ
प्रवाहने अनुसरनारा लोको तेओथी ठगाइने कुमार्गप्रते न जाओ ? एवा
हेतुथी दयालु एवा ते ( अक्षपाद ऋषिए ) छलादिकोने कहेलां छे ;

---

१ रचनानाम अर्थज्ञानपूर्वकं प्रागसत्या एव पदानुपूर्व्याः करणं ॥ २ संकटे प्रस्तावे च सति छलादिभिः स्वपक्षस्थापनमभिमतं । परविजये हि न धर्मध्वंसादिदोषसंभवः । तस्माद्वरं छलादिभिरपिजयं इति ॥

विरक्त इति स्तुतिकारेणोपहासवचनं । २२ । अथ मायोपदेशादिति-सूचनासूत्रं वितन्यते । २३ । अक्षपादमते किल षोडश पदार्थाः "प्रमाणप्रमेयसंशयप्रयोजनदृष्टान्तसिद्धान्तावयवतर्कनिर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छलजातिनिग्रहस्थानानां तत्वज्ञानान्निःश्रेयसाधिगमः" इति वचनात् । २४ । न चैतेषां व्यस्तानां समस्तानां वा अधिगमो-निःश्रेयसावाप्तिहेतुर्न ह्येकेनैव क्रियाविरहितेन ज्ञानमात्रेण मुक्तिर्युक्तिमती । असमग्रसामग्रीकत्वाद्विघटितैकचक्ररथेन मनीषितनगरप्राप्तिवत् । २५ । न च वाच्यं न खलु वयं क्रियां प्रतिक्षिपामः । किं तु तत्वज्ञानपूर्विकाया एव तस्या मुक्तिहेतुत्वमिति ज्ञापनार्थं तत्वज्ञानान्निः-श्रेयसाधिगम इति ब्रूम इति । २६ । न ह्यमीषां संहते अपि ज्ञान-

---

॥= । २१ । अने दयालुपणुं वैराग्यथी कंइ भिन्न नथी, माटे स्तुतिकारे 'अहो ! ते ऋषि वैराग्यवान् छे' एम हास्यगर्भित वचन, युक्तज कहेलुं छे. । २२ । हवे 'मायाना उपदेशथी' एवी रीतना सूचनासूत्रनो विस्तारपूर्वक (अर्थ) करे छे. । २३ । अक्षपादना मतमां (नीचे प्रमाणे) सोल पदार्थो छे. प्रमाण, प्रमेय, संशय, प्रयोजन, दृष्टांत, सिद्धांत, अवयव, तर्क, निर्णय, वाद, जल्प, वितंडा, हेत्वाभास, छल, जाति, अने निग्रहस्थानना तत्वज्ञानथी मोक्षनी प्राप्ति थाय छे. ।२४। हवे तेमाना थोडा अथवा सघलाउनुं ज्ञान मोक्षनी प्राप्तिना हेतुरूप नथी; कारणके ते संपूर्ण सामग्रीवालुं नही होवाथी, जेम एक चक्रवाला रथें करीने इच्छित नगरे पहोंचातुं नथी, तेम क्रियाविनाना फक्त एकला ज्ञानें करीने मुक्ति युक्तिवाली नथी. । २५ । वली "अमो कंइ क्रियानो तिरस्कार करता नथी, परंतु तत्वज्ञानपूर्वकज ते क्रियाने मोक्षनुं हेतुपणुं छे, एवुं जणाववामाटे तत्वज्ञानथी मोक्षनी प्राप्ति छे, एम अमो कहीये छीए." एम तमारे कहेवुं नही । २६ । केमके

क्रिये मुक्तिप्राप्तिहेतुभूते। वितथत्वात् तज्ज्ञानक्रिययोः। न च वितथत्वमसिद्धं विचार्यमाणानां षोडशानामपि तत्वाभासत्वात्। तथा हि। २७। तैः प्रमाणस्य तावल्लक्षणमित्थं सूत्रितम् "अर्थोपलब्धिहेतुः प्रमाणमिति"। एतच्च न विचारसहं। २८। यतोऽर्थोपलब्धौ हेतुत्वं यदि निमित्तत्वमात्रं तत्सर्वकारकसाधारणमिति कर्तृकर्मादेरपि प्रमाणत्वप्रसङ्गः। २९। अथ कर्तृकर्मादिविलक्षणं हेतुशब्देन करणमेव विवक्षितं तर्हि तज्ज्ञानमेव युक्तं। न चेन्द्रियसन्निकर्षादि। यस्मिन् हि सत्यर्थ उपलब्धो भवति स तत्करणं। न चेन्द्रियसन्निकर्षसामग्र्यादौ सत्यपि ज्ञानाभावेऽर्थोपलंभः। ३०। साधकतमं[1] हि करणमव्यवहि-

---

ते पदार्थोनी साथे मलेली एवी पण ज्ञानक्रिया मोक्षप्राप्तिना हेतुरूप नथी; केमके ते ज्ञानक्रिया मिथ्या छे; अने विचारियें तो ते सोले पदार्थो तत्वाभासरूप होवाथी तेउनुं मिथ्यापणुं कंइ असिद्ध नथी; अने ते कहे छे. । २७। तेउए 'पदार्थनी प्राप्तिनो हेतु ते प्रमाण' एवीरीते प्रमाणनुं लक्षण बांधेलुं छे; अने ते लक्षण युक्तिवालुं नथी. । २८। कारणके अर्थोपलब्धिमां हेतुपणुं ज्यारे निमित्तरूपे छे त्यारे ते तो सर्व कारकोमां साधारण छे, अने तेथी कर्ता अने कर्मादिकने पण प्रमाणपणानो प्रसंग थशे. । २९। वली ज्यारे कर्ताकर्मादिकथी विलक्षण एवुं हेतु शब्दवडे करीने निमित्तज कहेलुं छे, त्यारे तो तेनुं ज्ञानज युक्त छे, पण इंद्रियसन्निकर्षादिक युक्त नथी; केमके जे होते छते पदार्थ प्राप्त थाय, ते तेनुं निमित्त छे; अने इंद्रियसन्निकर्षादिक सामग्री होते छते पण, ज्ञानविना अर्थनी प्राप्ति थती नथी. । ३०।

---

१ यत्र हि प्रमात्रा व्यापारिते सति अवश्यं कार्योत्पत्तिरन्यथा पुनरनुत्पत्तिरेव तत्तत्र साधकतमं। यथा छिदायां दात्रं ॥ तथाचोक्तं ॥ क्रियायाः परनिष्पत्तिः। यद्व्याहारादनंतरं ॥ विवक्ष्यते यदा तत्र। करणत्वं तदा स्मृतं ॥

तत्फलं । तदिष्यते । व्यवहितफलस्यापि करणत्वे दुग्धभोजनादेरपि तथा प्रसङ्गः । तन्न ज्ञानादन्यत्र प्रमाणत्वमन्यत्रोपचारात्[1] । ३१ । यदपि न्यायभूषणसूत्रकारेणोक्तं “सम्यगनुभवसाधनं प्रमाणमिति” तत्रापि साधनग्रहणात्कर्तृकर्मनिरासेन करणस्यैव प्रमाणत्वं सिध्यति । तथाप्यव्यवहितफलत्वेन साधकतमत्वं ज्ञानस्यैवेति । न तत्सम्यग्लक्षणं ‘स्वपरव्यवसायि ज्ञानं प्रमाणमिति तु तात्विकं लक्षणं’ । ३२ । प्रमेयमपि तैरात्मशरीरेन्द्रियार्थबुद्धिमनःप्रवृत्तिदोषप्रेत्यभावफलदुःखापवर्गभेदाद्द्वादशविधमुक्तं । तच्च न सम्यग् । यतः शरीरेन्द्रियबुद्धिमनःप्रवृत्तिदोषफलदुःखानामात्मन्येवान्तर्भावो युक्तः । संसा-

वळी जे साधकतम करण होय ते अव्यवहित फळवाळुं होय; अने ते स्विकारि शकाय; अने व्यवहित फळवाळाने पण करणपणुं मानते छते तो दुग्धभोजनादिकने पण तेवो प्रसंग थशे; माटे ज्ञानविना बीजे प्रमाणपणुं नथी. अने अन्यत्र प्रमाणपणुं तो उपचारथी छे. । ३१ । वळी न्यायभूषणसूत्रकारे जोके ‘सम्यग् अनुभवनुं जे साधन ते प्रमाण’ एम कह्युं छे, त्यां पण साधनना ग्रहणथी कर्ताकर्मने छोडीने करणनेज प्रमाणपणुं सिद्ध थाय छे, तोपण अव्यवहित फळपणावडे साधकतमपणुं तो ज्ञाननेज छे; माटे उपर कहेलुं ( अर्थोपलब्धिहेतुः प्रमाणं ) नामनुं प्रमाणनुं लक्षण युक्त नथी; पण ‘स्वपरना व्यवसायवाळुं ज्ञान प्रमाण’ एवीरीतनुं प्रमाणनुं लक्षण सत्य छे. । ३२ । वळी तेउए आत्मा, शरीर, इंद्रिय, अर्थ, बुद्धि, मन, प्रवृत्ति, दोष, प्रेत्यभाव, फळ, दुःख अने अपवर्ग, एम बार प्रकारनुं प्रमेय कहेलुं छे, पण ते सत्य नथी; केमके शरीर, इंद्रिय, बुद्धि, मन, प्रवृत्ति, दोष,

---

१ कारणे कार्योपचारात् । कार्ये कारणोपचाराद्वा प्रमाणभूतेन पक्षहेतुवचनात्मकेन परार्थानुमानेन व्यभिचारवारणाय अन्यत्रोपचारादित्युक्तं ॥

रिणः आत्मनः कथंचित्तदविष्वग्भूतत्वात् । ३३ । आत्मा च प्रमेय एव न भवति । तस्य प्रमातृत्वात् । ३४ । इन्द्रियबुद्धिमनसां तु करणत्वात् प्रमेयत्वाऽभावः । ३५ । दोषास्तु [1]रागद्वेषमोहास्ते च प्रवृत्तेर्न पृथग्भवितुमर्हन्ति । वाङ्मनःकायव्यापारस्य शुभाशुभफलस्य विंशतिविधस्य तन्मते प्रवृत्तिशब्दवाच्यत्वात् । रागादिदोषाणां च मनोव्यापारात्मकत्वात् । ३६ । दुःखस्य शब्दादीनामिन्द्रियार्थानां च फल एवान्तर्भावः "प्रवृत्तिदोषजनितं सुखदुःखात्मकं मुख्यं फलं । तत्साधनं तु गौणमिति जयन्तवचनात्" । ३७ । प्रेत्यभावापवर्गयोः पुनरात्मन एव परिणामान्तरापत्तिरूपत्वान्न पार्थक्यमात्मनः सकाशादुचितं ।

---

फल अने दुःखनो आत्मामांज समावेश करवो युक्त छे; कारणके (तेउ) संसारी आत्माथी कथंचित् अभिन्नरूपे छे. । ३३ । अने आत्मा तो प्रमेयज थतो नथी, केमके तेने तो प्रमातापणुं छे; । ३४ । वली इंद्रिय, बुद्धि अने मनने तो करणपणुं होवाथी (तेउने) प्रमेयपणानो अभाव छे. । ३५ । दोषो तो राग, द्वेष अने मोह छे, अने तेउ प्रवृत्तिथी भिन्न थइ शकता नथी; केमके शुभाऽशुभ छे फल जेनुं एवा वीस प्रकारना वचन, मन अने कायाना व्यापारने तेना मतमां 'प्रवृत्ति' शब्दथी उलखाव्या छे; अने रागादि दोषो मनना व्यापाररूप छे. । ३६ । दुःख अने शब्दादिइंद्रियार्थोनो फलनी अंदरज समावेश थाय छे; केमके प्रवृत्ति अने दोषथी उत्पन्न थयेलुं सुखदुःखरूप मुख्य फल छे; अने तेनुं साधन गौण छे, एम जयंते कहेलुं छे. । ३७ । परलोक अने मोक्ष तो आत्माना परिणामांतरनी प्राप्तिरूप होवाथी,

---

१ पुनः पुनर्विषयाणां उपभोगेच्छा राग इत्यर्थः ॥ प्रज्ज्वलनात्मको द्वेषस्तस्य क्रोधो द्रोहो मन्युरक्षमाऽमर्ष इति भेदाः । शरीरेंद्रियादिविकारहेतुः क्षणमात्रभावी द्वेषः क्रोधः । अलक्षितविकारश्चिरानुबंधोपकारावसानो द्वेषो द्रोहः । अपकृतस्य प्रत्युपकाराऽसमर्थस्यांतर्निगूढो द्वेषो मन्युः । परगुणद्वेषोऽक्षमा । स्वगुणपरिभवसमुत्थो द्वेषोऽमर्षः ॥

तदेवं द्वादशविधं प्रमेयमिति वाग्विस्तरमात्रं "द्रव्यपर्यायात्मकं वस्तु प्रमेयमिति" तु समीचीनं लक्षणं। सर्वसंग्राहकत्वात्। ३८। एवं संशयादीनामपि तत्वाभासत्वं प्रेक्षावद्भिरनुपेक्षणीयम्। अत्र तु प्रतीतत्वाद् ग्रन्थगौरवभयाच्च न प्रपञ्चितं। न्यक्षेण ह्यत्र न्यायशास्त्रमवतारणीयं। तच्चावतार्यमाणं पृथग् ग्रन्थान्तरतामवगाहत इत्यास्तां। ३९। तदेवं प्रमाणादिषोडशपदार्थानामविशिष्टेऽपि तत्वाभासत्वे प्रकटकपटनाटकसूत्रधाराणां त्रयाणामेव छलजातिनिग्रहस्थानानां मायोपदेशादितिपदेनोपक्षेपः कृतः। ४०। तत्र परस्य वदतोऽर्थविकल्पोपपादनेन वचनविघातश्छलं त्रिधा। वाक्छलं सामान्यच्छलमुपचारच्छलं चेति। ४१। तत्र साधारणे शब्दे प्रयुक्ते वक्तुरभिप्रेतादर्थादर्थान्तरकल्पनया तन्निषेधो

---

तेजने आत्माथी भिन्नपणुं योग्य नथी; माटे एवी रीते 'बार प्रकारनुं प्रमेय छे' एम जे कहेवुं, ते फक्त कथनरूप छे; पण 'द्रव्यपर्यायरूप वस्तु प्रमेय छे' एवी रीतनुं (प्रमेयनुं) लक्षण सत्य छे, केमके ते सर्वने लागु पडे छे. ।३८। एवीज रीते संशयादिकनुं पण तत्वाभासपणुं बुद्धिवानोए उपेक्षीमूकवा जेवुं नथी; वली ते प्रसिद्ध होवाथी, तथा ग्रंथगौरवताना भयथी तेनो अहीं विस्तार कर्यो नथी; वली तेथी तो अहीं समस्त न्यायशास्त्र उतारवुं पडे, अने ते उतारतां तो जूदोज (एक) ग्रंथ थइ जाय, माटे तेनी जरूर नथी. ।३९। एवी रीते प्रमाणादिक शोले पदार्थो जोके तत्वाभासरूप छे, तोपण प्रगटरीते कपटरूपी नाटकना सूत्रधार सरखा, एवा छल, जाति अने निग्रहस्थानरूप त्रणज पदार्थोनो 'मायोपदेशात्' ए पदथी उपक्षेप करेलो छे. ।४०। त्यां बोलता एवा परना वचननो अर्थ बदलीने, तेनो जे विघात करवो, ते 'छल' कहेवाय; ते छल त्रण प्रकारनो छे. वाक्छल, सामान्यछल अने उपचारछल. ।४१। तेमां साधारण शब्द

वाक्छलं । यथा नवकम्बलोऽयं माणवक इति नूतनविवक्षया कथिते परः संख्यामारोप्य निषेधति कुतोऽस्य नव कम्बला इति । ५२ । संभावनयातिप्रसङ्गिनोऽपि सामान्यस्योपन्यासे हेतुत्वारोपणेन तन्निषेधः सामान्यच्छलं । यथा अहो नु खल्वसौ ब्राह्मणो विद्याऽऽचरणसंपन्न इति । ब्राह्मणस्तुतिप्रसङ्गे कश्चिद्वदति संभवति ब्राह्मणे विद्याऽऽचरणसंपदिति । तच्छलवादी ब्राह्मणत्वस्य हेतुतामारोप्य निराकुर्वन्नभियुङ्क्ते । यदि ब्राह्मणे विद्याऽऽचरणसंपद्भवति व्रात्येऽपि सा भवेद्व्रात्योऽपि ब्राह्मण एवेति । ५३ । औपचारिके प्रयोगे मुख्यप्रतिषेधेन प्रत्यवस्थानमुपचारच्छलं । यथा मञ्चाः क्रोशन्तीत्युक्ते परः प्रत्यवतिष्ठते । कथ-

---

बोलते छते, कहेनारना अभिप्रायवाला अर्थने तजी, बीजा अर्थनी कल्पना करी, तेनो जे निषेध करवो, ते वाक्छल कहेवाय; जेम आ माणवक ' नवकंबलवालो ' छे, एवीरीते ' नव ' शब्दने ' नवा ' एवा अभिप्रायथी ( कोइ ) कहेते छते, बीजो ' नव ' एवी संख्यानुं आरोपण करीने निषेधे के, आने क्यां ' नव कंबलो ' छे ? । ५२ । संभावनावडे अतिप्रसंगवाला सामान्यना उपन्यासमां हेतुपणाना आरोपणवडे तेनो जे निषेध करवो, ते सामान्यछल कहेवाय; जेमके ' अहो ! आ ब्राह्मण विद्याचरणयुक्त छे. ' एवी रीते ब्राह्मणना स्तुतिप्रसंगमां कोइक बोले छे के ब्राह्मणमां विद्याचरणनी संपदा संभवे छे; त्यारे छलवादी ब्राह्मणपणाने हेतुपणुं आरोपीने तेनुं खंडन करतो थको कहे छे के, ज्यारे ब्राह्मणमां विद्याचरणनी संपदा होय, त्यारे ते नीचमां पण होय, माटे ते नीच पण ब्राह्मणज छे. । ५३ । उपचारवाला प्रयोगमां मुख्यना प्रतिषेधवडे जे सामा थवुं, ते उपचारछल कहेवाय; जेमके ' मांचाओ शब्द करे छे ' एम कहेते छते, बीजो तेनुं खंडन करे के, शुं अचेतन एवा मांचाओ शब्द करे छे ? के मांचाउपर बेठेला

मचेतना मञ्चाः क्रोशन्ति मञ्चस्थाः पुरुषाः क्रोशन्तीति । ४४ । तथा सम्यग्हेतौ हेत्वाभासे वा वादिना प्रयुक्ते झटिति तद्दोषतत्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायं किमपि प्रत्यवस्थानं जातिर्दूषणाभास इत्यर्थः । सा च चतुर्विंशतिभेदा साधर्म्यादिप्रत्यवस्थानभेदेन । ४५ । यथा साधर्म्यवैधर्म्योत्कर्षाऽपकर्षवर्ण्याऽवर्ण्यविकल्पसाध्यप्राप्त्यप्राप्तिप्रसङ्गप्रतिदृष्टान्ताऽनुत्पत्तिसंशयप्रकरणाऽहेत्वर्थापत्त्यविशेषोपपत्त्युपलब्ध्यनुपलब्धिनित्याऽनित्यकार्यसमाः । ४६ । तत्र साधर्म्येण प्रत्यवस्थानं साधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः कृतकत्वाद् घटवदिति प्रयोगे कृते साधर्म्यप्रयोगेणैव प्रत्यवस्थानं । नित्यः शब्दो निरवयवत्वादाकाशवत् । न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात्कृतकत्वादनित्यः शब्दो न पुनराकाशसाधर्म्यान्निरवयवत्वान्नित्य इति । ४७ । वैधर्म्येण प्रत्यवस्थानं

---

पुरुषो शब्द करे छे? । ४४ । तथा वादी, योग्य हेतु अथवा हेत्वाभासनो प्रयोग करते छते, तेमां दूषणपणुं न होवा छतां जल्दीथी कंइक पण हेतुसरखुं लावीने जे सामा थवुं, ते जाति एटले दूषणाभास कहेवाय; अने ते साधर्म्यादिक भेदोवमे नीचे प्रमाणे चोवीस प्रकारनी छे. । ४५ । साधर्म्य, वैधर्म्य, उत्कर्ष, अपकर्ष, वर्ण्य, अवर्ण्य, विकल्प, साध्य, प्राप्ति, अप्राप्ति, प्रसंग, प्रतिदृष्टांत, अनुत्पत्ति, संशय, प्रकरण, अहेतु, अर्थापत्ति, अविशेष, उपपत्ति, उपलब्धि, अनुपलब्धि, नित्य, अनित्य अने कार्यसमा. । ४६ । त्यां साधर्म्यवमे जे सामा थवुं, ते साधर्म्यसमा नामनी जाति थाय छे; जेम शब्द अनित्य छे, कृतक होवाथी, घटनीपेठे; एवी रीतनो प्रयोग करते छते, साधर्म्य प्रयोगवमेज जे सामा थवुं, जेमके शब्द नित्य छे, निरवयव होवाथी, आकाशनीपेठे; अहीं कंइ विशेषहेतु नथी, घटना साधर्म्यथी कृतक होवाथी शब्द अनित्य छे, पण आकाशना साधर्म्यथी अवय-

वैधर्म्यसमा जातिर्भवति । अनित्यः शब्दः कृतकत्वाद् घटवदित्यत्रैव प्रयोगे स एव प्रतिहेतुर्वैधर्म्येण प्रयुज्यते । नित्यः शब्दो निरवयवत्वात् । अनित्यं हि सावयवं दृष्टं घटादीति । न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात् कृतकत्वादनित्यः शब्दो न पुनस्तद्वैधर्म्यान्निरवयवत्वान्नित्य इति । ४८ । उत्कर्षापकर्षाभ्यां प्रत्यवस्थानमुत्कर्षापकर्षसमे जाती भवतः । तत्रैव प्रयोगे दृष्टान्तधर्मं कंचित्साध्यधर्मिण्यापादयन्नुत्कर्षसमां जातिं प्रयुङ्क्ते । यदि घटवत् कृतकत्वादनित्यः शब्दो घटवदेव मूर्तो भवतु । न चेन्मूर्तो घटवदनित्योऽपि माभूदिति शब्दे धर्मान्तरोत्कर्षमापादयति । ४९ । अपकर्षस्तु घटः कृतकः सन्नश्रावणो दृष्टः । एवं शब्दोऽप्यस्तु । नो

---

वरहित होवाथी नित्य नथी. । ४७ । वैधर्म्यवमे जे सामा थवुं, ते वैधर्म्यसमा जाति थाय ठे; जेमके शब्द अनित्य ठे, कृतक होवाथी, घटनी पेठे; एवी रीतना तेज प्रयोगनी अंदर, तेज प्रतिहेतु वैधर्म्यवमे जोमवो; जेमके शब्द नित्य ठे, निरवयव होवाथी; केमके अनित्य ठे ते घटादिकनी पेठे अवयवसहित देखायेलुं ठे; अहीं कंइ विशेष हेतु नथी, घटना साधर्म्यथी कृतक होवाथी शब्द अनित्य ठे, पण तेना वैधर्म्यथी अवयवरहित होवाथी नित्य नथी. । ४८ । उत्कर्ष अने अपकर्षवमे जे सामा थवुं, ते उत्कर्षापकर्षसमा जाति थाय ठे. जेमके उपरनाज प्रयोगमां दृष्टांतना कोइक धर्मने साध्यधर्मिमां प्राप्त करतो ठतो उत्कर्षसमा नामनी जातिनो प्रयोग करे ठे; जेमके ज्यारे घटनीपेठे कृतक होवाथी शब्द अनित्य ठे, त्यारे घटनीपेठेज ते मूर्त्त पण थाउ? अने जो मूर्त्त न होय, तो घटनीपेठे अनित्य पण न थाउ? एवी रीते शब्दमां बीजा धर्मनो उत्कर्ष मेलवे ठे. । ४९ । अपकर्षसमा जातिनुं स्वरूप नीचे प्रमाणे ठे; जेमके घमो कृतक होतो थको अश्रावण देखाएलो ठे, अने एवी रीते शब्द पण थाउ? अने जो तेम नही तो

चेद् घटवदनित्योऽपि माभूदिति शब्दे श्रावणत्वधर्ममपकर्षतीति ।५०।
इत्येताश्चतस्रो दिङ्मात्रदर्शनार्थं जातय उक्ताः । एवं शेषा अपि विंशतिरक्षपादशास्त्रादवसेयाः । अत्र तु अनुपयोगित्वान्न लिखिताः ।५१।
तथा विप्रतिपत्तिरप्रतिपत्तिश्च निग्रहस्थानं । तत्र विप्रतिपत्तिः साधनाभासे साधनबुद्धिर्दूषणाभासे च दूषणबुद्धिरिति । अप्रतिपत्तिः साधनस्यादूषणं दूषणस्य चानुद्धरणं ।५२। तच्च निग्रहस्थानं द्वाविंशतिविधं तद्यथा । प्रतिज्ञाहानिः, प्रतिज्ञान्तरं, प्रतिज्ञाविरोधः, प्रतिज्ञासंन्यासः, हेत्वन्तरं, अर्थान्तरं, निरर्थकं, अविज्ञातार्थं, अपार्थकं, अप्राप्तकालं, न्यूनं, अधिकं, पुनरुक्तं, अननुभाषणं, अज्ञानं, अप्रतिभा, विक्षेपः, मतानुज्ञा, पर्यनुयोज्योपेक्षणं, निरनुयोज्यानुयोगः, अपसिद्धान्तः, हेत्वाभासाश्च ॥ ।५३। तत्र हेतावनैकान्तिकीकृते प्रतिदृष्टा-

---

घटनीपेठे अनित्य पण न थाउ? एवी रीते शब्दमां श्रवणपणाना धर्मने खेंची ले छे. ।५०। एवी रीते ते चार प्रकारनी जातिउ दिग्मात्र देखाम्वामाटे कहेली छे, अने बाकीनी वीस पण अक्षपादना शास्त्रथी जाणी लेवी; अहीं तो ते अनुपयोगी होवाथी लखी नथी. ।५१।
विप्रतिपत्ति अने अप्रतिपत्ति ते निग्रहस्थान छे; साधनाभासमां साधनबुद्धि, अने दूषणाभासमां जे दूषणबुद्धि ते विप्रतिपत्ति कहेवाय. साधननुं अदूषण अने दूषणनुं जे अनुद्धरण, ते अप्रतिपत्ति कहेवाय. ।५२। हवे ते निग्रहस्थानो नीचे प्रमाणे बावीस प्रकारनां छे. प्रतिज्ञांतर, प्रतिज्ञाविरोध, प्रतिज्ञासंन्यास, हेत्वंतर, अर्थांतर, निरर्थक, अविज्ञातार्थ, अपार्थक, अप्राप्तकाल, न्यून, अधिक, पुनरुक्त, अननुभाषण, अज्ञान, अप्रतिभा, विक्षेप, मतानुज्ञा, पर्यनुयोज्योपेक्षण, निरनुयोज्यानुयोग, अपसिद्धांत, अने हेत्वाभासो, एम बावीस प्रकारनां निग्रहस्थानो छे. ।५३। तेमां हेतुने अनेकांतिककरते छते सामाना दृ-

न्तधर्मं स्वदृष्टान्तेऽभ्युपगच्छतः प्रतिज्ञाहानिर्नाम निग्रहस्थानं । यथाऽनित्यः शब्द ऐन्द्रियकत्वाद् घटवदिति प्रतिज्ञासाधनाय वादी वदन् परेण सामान्यमैन्द्रियकमपि नित्यं दृष्टमिति हेतावनैकान्तिकीकृते यद्येवं ब्रूयात् सामान्यवद्घटोऽपि नित्यो भवत्विति । स एवं ब्रुवाणः शब्दाऽनित्यत्वप्रतिज्ञां जह्यात् । ५४ । प्रतिज्ञातार्थप्रतिषेधे परेण कृते तत्रैव धर्मिणि धर्मान्तरं साधनीयमभिदधतः प्रतिज्ञान्तरं नाम निग्रहस्थानं भवति । अनित्यः शब्द ऐन्द्रियकत्वादित्युक्ते तथैव सामान्येन व्यभिचारे चोदिते यदि ब्रूयाद्युक्तं । सामान्यमैन्द्रियकं नित्यं । तद्धि सर्वगतं । असर्वगतस्तु शब्द इति । तदिदं शब्देऽनित्यत्वलक्षणपूर्वप्रतिज्ञातः प्रतिज्ञान्तरमसर्वगतः शब्द इति निग्रहस्थानं । ५५ । अनया

---

ष्टांतना धर्मने पोताना दृष्टांतमां दाखल करवाथी प्रतिज्ञाहानि नामनुं निग्रहस्थान थाय छे. जेमके शब्द अनित्य छे, इंद्रियगोचर होवाथी, घटनीपेठे; एवी प्रतिज्ञा साधवामाटे वादी ज्यारे बोले त्यारे, बीजो सामान्य एवुं पण इंद्रियगोचर नित्य देखायुं छे, एवी रीते हेतुने अनेकांतिक करते छते ज्यारे एम बोले के सामान्यनीपेठे घट पण नित्य थाउ? एवी रीते ते बोलतो थको शब्दना अनित्यपणानी प्रतिज्ञाने छोडी आपे । ५४ । प्रतिज्ञा करेला अर्थनो प्रतिषेध, पर करते छते तेज धर्मिमां बीजा धर्मनुं साधन करवाथी प्रतिज्ञांतर नामनुं निग्रहस्थान थाय छे; जेमके शब्द अनित्य छे, इंद्रियगोचर होवाथी; एम कहेते छते तेवीज रीते सामान्यनीसाथे दूषण देखाडते छते, एम बोलेके, ठीक छे! सामान्य इंद्रियगोचर नित्य छे, अने ते सर्वव्यापी छे, अने शब्द तो सर्वव्यापी नथी; एवी रीते शब्दमां अनित्यपणाना लक्षणवाली पेहेलांनी प्रतिज्ञाथी जूदी प्रतिज्ञावालुं एटले 'असर्वव्यापी शब्द छे' एवी रीतनुं प्रतिज्ञांतर नामनुं बीजुं निग्रहस्थान जाणवुं. ।५५।

दिशा शेषाण्यपि विंशतिर्ज्ञेयानि । इह तु न लिखितानि पूर्वहेतोरेवे-त्येवं मायाशब्देनात्रच्छलादित्रयं सूचितं । ५६ । तदेवं परवञ्चनात्मकान्यपि छलजातिनिग्रहस्थानानि तत्वरूपतयोपदिशतोऽक्षपादर्षेर्वैराग्यव्यावर्णनं तमसः प्रकाशात्मकत्वप्रख्यापनमिव कथमिव नोपहसनीयमिति काव्यार्थः

। ५७ । अधुना मीमांसकभेदाभिमतं वेदविहितहिंसाया धर्महेतुत्वमुपपत्तिपुरस्सरं निरस्यन्नाह ।

**न धर्महेतुर्विहितापि हिंसा**
**नोत्सृष्टमन्यार्थमपोद्यते च ।**
**स्वपुत्रघातान्नृपतित्वलिप्सा-**
**सब्रह्मचारि स्फुरितं परेषाम् ॥ ११ ॥**

वेदोक्तहिंसा पण धर्मना हेतुरूप नथी; अने अन्य कार्यमाटे जोडेलुं उत्सर्ग वाक्य, अन्य कार्यमाटे जोडेलां वाक्ये करीने अपवादगोचर कराय नही; एवी रीते ते परवादीउनुं चेष्टित, पोताना पुत्रना घातथी राजापणानी इच्छा करवाजेवुं छे. ॥ ११ ॥

---

एवीज रीते बाकीनां वीस पण जाणी लेवां; पूर्वे कहेला हेतुथीज अहीं लख्यां नथी; एवी रीते अहीं मायाशब्दें करीने छलादिक त्रणनी सूचना करी छे. । ५६ । माटे एवी रीते परने ठगनारां एवां पण छल, जाति अने निग्रहस्थानोनो तत्व तरिके उपदेश देता, एवा अक्षपादऋषिना वैराग्यनुं वर्णन, अंधकारने प्रकाशरूप कहेवानीपेठे केम हांसीनेपात्र न थाय? एवी रीते दशमा काव्यनो अर्थ जाणवो.

। ५७ । हवे मीमांसकमते मानेला वेदोक्त हिंसाना धर्महेतुपणाने उपपत्तिपूर्वक दूर करता थका कहे छे.

। १ । इह खल्वर्चिमार्गप्रतिपक्षधूममार्गाश्रिता जैमिनीया इत्थमाचक्षते । या हिंसा गार्द्ध्याद् व्यसनितया वा क्रियते सैवाऽधर्मानुबन्धहेतुः । प्रमादसंपादितत्वाच्छौनिकलुब्धकादीनामिव । २ । वेदविहिता तु हिंसा प्रत्युत धर्म्महेतुर्देवतातिथिपितॄणां प्रीतिसंपादकत्वात् तथाविधपूजोपचारवत् । ३ । न च तत्प्रीतिसम्पादकत्वमसिद्धं । [1]कारीरीप्रभृतियज्ञानां स्वसाध्ये वृष्ट्यादिफले यः खल्वव्यभिचारः स तत्प्रीणितदेवताविशेषानुग्रहहेतुकः । ४ । एवं [2]त्रिपुरार्णववर्णितच्छगलजाङ्गलहोमात्परराष्ट्रवशीकृतिरपि तदनुकूलितदैवतप्रसादसंपाद्या । अतिथिप्रीतिस्तु [3]मधुपर्कसंस्कारादिसमास्वादजा प्रत्यक्षोपलक्ष्यैव । ५ । पितॄ-

। १ । अहीं अर्चिमार्गना प्रतिपक्षरूप धूममार्गने आश्रीने रहेला जैमनीय मतवालाओ एम कहे छे के, जे हिंसा गृद्धीपणाथी अथवाव्यसनीपणाथी कराय छे, तेज अधर्मना अनुबंधना हेतुरूप छे, केमके कसाइ, पाराधि आदिकोनीपेठे ते प्रमादथी करायेली छे ; । २ । पण वेदोक्त हिंसा तो देवता, अतिथि अने पितृओने प्रीति उपजावती होवाथी, तेवी रीतना पूजोपचारनीपेठे उलटी धर्मना हेतुरूप छे. ।३। वली ते प्रीतिसंपादकपणुं कंइ असिद्ध नथी ; केमके कारीरीआदिक यज्ञोनो स्वसाध्यवृष्ट्यादिक फलमां जे अव्यभिचार जणाय छे, ते, तेओथी खुशी थयेला देवविशेषोनी कृपाना हेतुवालो छे. । ४ । एवी रीते त्रिपुरार्णव नामना ग्रंथमां वर्णवेला, एवा बकराना मांसना यज्ञथी परराज्यने वश करवानुं पण, तेथी खुशी थयेला देवोनी कृपाथी थाय छे. मधुपर्कसंस्कारादिकना स्वादथी उत्पन्न थयेली अतिथिनी प्रीति तो प्रत्यक्षज जणायेली छे. । ५ । श्राद्धादिक करवाथी खुशी थयेला पितृओतरफथी पण पोताना

१ कारीरी ग्रंथविशेषस्तदुपदिष्टमंत्रैर्वृष्टिनिमित्तं । यज्ञोऽपि कारीरी-उपचारात् ॥ २ ग्रंथविशेषः ॥ ३ दध्ना तु मधुसंयुक्तं मधुपर्कं ॥

णामपि तत्तडपयाचितश्राद्धादिविधानेन प्रीणितानां स्वसन्तानवृद्धिविधानं साक्षादेव वीक्ष्यते । आगमश्चात्र प्रमाणं । ६ । स च देवप्रीत्यर्थमश्वमेधगोमेधनरमेधादिविधानाभिधायकः प्रतीत एव । ७ । अतिथिविषयस्तु " महोक्षं वा महाजं वा श्रोत्रियाय प्रकल्पयेदित्यादिः " । ८ । पितृप्रीत्यर्थस्तु । =॥ द्वौ मासौ मत्स्यमांसेन । त्रीन्मासान् हारिणेन तु ॥ औरभ्रेणाथ चतुरः । शाकुनेनेह पञ्च तु ॥= इत्यादिः । ९ । एवं पराभिप्रायं हृदि संप्रधार्याचार्यः प्रतिविधत्ते । न धर्मेत्यादि । विहितापि वेदप्रतिपादितापि ( आस्तां तावदविहिता ) हिंसा प्राणिप्राणव्यपरोपणरूपा न धर्महेतुर्न धर्मानुबन्धनिबन्धनं । यतोऽत्र प्रकट एव स्ववचनविरोधस्तथाहि । १० । ' हिंसा चेद्धर्महेतुः कथं ' ' धर्महे-

---

संतानोनी वृद्धिआदिकनुं कार्य साक्षातज देखाय छे; अने तेमाटे आगमनुं प्रमाण छे. । ६ । ते आगम देवोनी प्रीतिमाटे अश्वमेध, गोमेध, नरमेध आदिक करवाना उपदेशने देनारुं प्रसिद्ध छे. । ७ । अतिथिमाटे तो ' मोटो बलद अथवा मोटो बकरो श्रोत्रियमाटे प्रकल्पवो ' इत्यादिक आगम छे. । ८ । पितृउने खुशी करवामाटे ( नीचे प्रमाणे आगमवचन छे. ) मत्स्यना मांसवडे पितृउने बे माससुधि तृप्ति थाय छे, हरिणना मांसवडे त्रण माससुधि तृप्ति थाय छे, घेटाना मांसवडे चार माससुधि तृप्ति थाय छे. अने पक्षिना मांसवडे पांच माससुधि तृप्ति थाय छे; इत्यादिक. । ९ । एवीरीते परना अभिप्रायने हृदयमां धारण करीने आचार्यमहाराज तेनुं खंडन करे छे के, वेदोमां अंगीकार करेली, एवी पण ( नहीं अंगीकार करेली तो एकबाजु रहो ) प्राणीउना प्राणोनो त्याग कराववारूप हिंसा धर्मबंधनना कारणरूप नथी; केमके तेमां प्रगटरीतेज तेना पोताना वचनमां विरोध आवे छे, ते कहे छे. । १० । ' जो हिंसा होय, तो ते धर्मना हेतुरूप केम होय ? ' ' अने

तुर्भिंसा कथं'। "श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यतामित्यादिः"। न हि भवति माता च वंध्या चेति । ११ । हिंसा कारणं, धर्मस्तु तत्कार्यमिति पराभिप्रायः । नचायं निरपायः । यतो यद्यस्यान्वयव्यतिरेकावनुविधत्ते तत्तस्य कार्यं । यथा मृत्पिण्डादेर्घटादिः । १२ । न च धर्मो हिंसात एव भवतीति प्रातीतिकं । तपोविधानदानध्यानादीनां तदकारणत्वप्रसङ्गात् । १३ । अथ न वयं सामान्येन हिंसां धर्महेतुं ब्रूमः । किंतु विशिष्टामेव । विशिष्टा च सैव । या वेदविहितेतिचेत् । ननु तस्या धर्महेतुत्वं किं वध्यजीवानां मरणाऽभावेन । मरणेऽपि तेषामार्त्तध्यानाऽभावात्सुगतिलाभेन वा । १४ । नाद्यः पक्षः । प्राणत्यागस्य तेषां साक्षादवेक्ष्यमाणत्वात् । न द्वितीयः । परचेतोवृत्तीनां दुर्लक्षतयाऽ-

---

धर्मना हेतुरूप होय, तो ते हिंसा केम होय'? "धर्मनुं तात्पर्य सांभलो? अने सांभलीने ते धारो?" इत्यादिक. 'माता अने वांझणी' एम बनी शकतुं नथी. । ११ । हिंसा कारण, अने धर्म तेनुं कार्य एवो ते (जैमनीय मतवालानो) अभिप्राय छे; अने ते अभिप्राय दूषणरहित नथी; केमके जेम माटीना पिंड आदिकथी घटादिक, तेम जे जेना अन्वय अने व्यतिरेकने अनुसरे छे, ते तेनुं कार्य छे. । १२ । वली हिंसाथीज धर्म थतो नथी, ए तो प्रसिद्धज छे; केमके तपकार्य, दान, तथा ध्यानादिकने तेना अकारणपणानो प्रसंग थाय. । १३ । अमे सामान्य हिंसाने धर्मना हेतुरूप कहेता नथी, पण विशिष्ट हिंसाने धर्मना हेतुरूप कहीये छीये, अने विशिष्ट हिंसा तेज छे, के जे वेदोमां कहेली छे, एम जो तुं कहीश, तो ते हिंसानुं धर्महेतुपणुं शुं वध्य जीवोना मरणना अभावथी छे? के मरण होवा छतां पण तेओने आर्तध्यान न थवाथी सुगति मलवाथी छे? । १४ । तेमां पहेलो पक्ष तो नही, केमके तेओनो प्राणत्याग तो साक्षात् देखाय छे; तेम बीजो पक्ष

र्तध्यानाऽभावस्य वाङ्मात्रत्वात् । प्रत्युत हा कष्टमस्ति । न कोऽपि कारुणिकः शरणमिति स्वभाषया विरसमारटत्सु तेषु वदनदैन्यनयनतरलतादीनां लिङ्गानां दर्शनात् दुर्ध्यानस्य स्पष्टमेव निष्टङ्क्यमानत्वात् । १५ । अथेत्थमाचक्षीथाः यथा अयःपिण्डो गुरुतया मज्जनात्मकोऽपि तनुतरपत्रादिकरणेन संस्कृतः सन् जलोपरि प्लवते । यथा च मारणात्मकमपि विषं मन्त्रादिसंस्कारविशिष्टं सद् गुणाय जायते । यथा वा दहनस्वभावोऽपि अग्निः सत्यादिप्रभावप्रतिहतशक्तिः सन्न हि प्रदहति । एवं मन्त्रादिविधिसंस्काराद्न खलु वेदविहिता हिंसा दोषपोषाय । न च तस्याः कुत्सितत्वं शङ्कनीयं । तत्कारिणां याज्ञिकानां लोके पूज्यत्वदर्शनादिति । १६ । तदेतन्न दक्षाणां क्षमते क्षोदं । वैधर्म्येण दृष्टा-

---

पण नही, केमके परनी मनोवृत्तिने जाणवी मुश्केल होवाथी ( ते प्राणीओने ) आर्तध्याननो अभाव फक्त वचनमात्रज छे; पण उलटुं 'हा! कष्ट छे! कोइ दयालुनुं शरणुं नथी!' एवी रीते पोतानी भाषामा तेओ आरडता छते, तेओना मुखोनी दीनता, आंखोनी चंचलता आदिक चिह्नोने जोवाथी, तेओनुं दुर्ध्यान तो स्पष्टज जणाइ आवे छे. । १५ । ( हे वादी! हवे कदाच तुं एम कहीश के, जेम लोखंडनो टुकडो भारीपणावडे बुडवायोग्य छे, छतां पण सूक्ष्म पत्रादिकें करीने वींटाळ्याथी जलपर तरे छे, तथा मारनारुं एवुं पण विष जेम मंत्रादिकना संस्कारयुक्त थयुं थकुं सद्गुणमाटे थाय छे, अथवा बालवाना स्वभाववालो एवो पण अग्नि, सत्यादिकना प्रभावथी शक्तिरहित थयो थको जेम बालतो नथी, तेम मंत्रादिकनी विधिना संस्कारथी वेदोक्त हिंसा पण दूषणवाली नथी; वली ते हिंसाना कुत्सितपणानी शंका करवी नही, केमके ते हिंसा करनार याज्ञिको लोकमां पूजाय छे. । १६ । ( हवे ते वादीने उत्तर आपे छे के )—ए तारुं क-

न्तानामसाधकतमत्वात् । अयःपिण्डादयो हि पत्रादिभावान्तरापन्नाः सन्तः सलिलतरणादिक्रियासमर्थाः । नच वैदिकमन्त्रसंस्कारविधिनापि विशस्यमानानां पशूनां काचिद्वेदनानुत्पादादिरूपा भावान्तरापत्तिः प्रतीयते । १७ । अथ तेषां वधानन्तरं देवत्वापत्तिर्भावान्तरमस्त्येवेति चेत्किमत्र प्रमाणं । न तावत्प्रत्यक्षं । तस्य संबद्धवर्त्तमानार्थग्राहकत्वात् । "सम्बद्धं वर्तमानं च गृह्यते चक्षुरादिनेति वचनात् । १८ । नाप्यनुमानं तत्प्रतिबद्धलिङ्गानुपलब्धेः । नाप्यागमस्तस्याद्यापि विवादास्पदत्वात् । अर्थापत्त्युपमानयोस्त्वनुमानान्तर्गततया तद्दूषणेनैव गतार्थत्वम् । १९ । अथ भवतामपि जिनायतनादिविधाने परिणामविशेषात्पृथिव्यादिजन्तुजात-

---

हेवुं विधानो आगल टकीशके तेम नथी; केमके विषमपणायें करीने दृष्टांतोने साधवुं नथी; कारणके लोखंमना टुकमाआदिको पत्रादिकभावांतरने प्राप्त थया थका पाणीमां तरवाआदिक क्रियाउमां समर्थ थाय ठे; पण वैदिकमंत्रसंस्कारनी विधिवमे पण मरातां पशुउनी, वेदना नही उपजवाआदिकरूप कोइ पण भावांतरनी प्राप्ति देखाती नथी. । १७ । तेउने मार्याबाद देवपणानी प्राप्तिरूप भावांतर ठेज, एम जो कहीश, तो तेमाटे शुं प्रमाण ठे? प्रत्यक्ष तो नही, केमके ते तो संबद्धवर्तमान अर्थने ग्रहण करनारुं ठे, केमके 'संबद्ध अने वर्तमान चक्षुआदिकवमे ग्रहण कराय ठे' एवुं शास्त्रनुं वचन ठे. । १८ । अनुमानप्रमाण पण नही, केमके तेने साधनारुं कंइ चिन्ह जणातुं नथी; तेम आगमप्रमाण पण नथी, केमके तेमाटे तो आजदनसुधि हजु विवाद चालो रह्यो ठे; अर्थापत्ति अने उपमाननो तो अनुमाननी अंदरज समावेश थतो होवाथी, ते अनुमानना दूषणवमेज तेउनुं दूषण पण जाणी लेवुं. । १९ । हवे जो तुं एम कहीश के तमारी पण एवी कल्पना ठे के, जिनालय आदिक बंधाववामां पृथ्वीकायादिक जंतुउनी

घातनमपि यथा पुण्याय कल्प्यत इति कल्पना । तथा अस्माकमपि किं नेष्यते । वेदोक्तविधिविधानरूपस्य परिणामविशेषस्य निर्विकल्पं तत्रापि भावात् । २० । नैवं । परिणामविशेषोऽपि स एव शुभफलो यत्राऽनन्योपायत्वेन यतनयाऽपकृष्टप्रतनुचैतन्यानां पृथिव्यादिजीवानां वधेऽपि स्वल्पपुण्यव्ययेनाऽपरिमितसुकृतसंप्राप्तिर्न पुनरितरः । २१ । भवत्पक्षे तु सत्स्वपि तत्तत्श्रुतिस्मृतिपुराणेतिहासप्रतिपादितेषु यमनियमादिषु स्वर्गावाप्त्युपायेषु तांस्तान् देवानुद्दिश्य प्रतिप्रतीकं कर्तनकदर्थनया कान्दिशीकान् कृपणपञ्चेन्द्रियान् शौनिकाऽधिकाधिकं मारयतां कृत्स्नसुकृतव्ययेन दुर्गतिमेवानुकूलयतां दुर्लभः शुभपरिणामविशेषः । २२ । एवं च यं कंचन पदार्थं किंचित्साधर्म्यद्वारेणैव दृष्टान्तीकुर्वतां भवताम-

---

घात थाय छे, पण परिणामविशेषथी तेमां पुण्य थाय छे, तेम अमारुं पण शामाटे न जाणवुं? केमके वेदोक्तविधिविधानरूप परिणामविशेष तेमां पण छे. । २० । (हवे ते वादीने कहे छे के)—एम नही; परिणामविशेष पण तेज शुभफलवालो छे, के जेमां बीजो उपाय न मलवाथी यतनायें करीने खेंचेल छे सूक्ष्म चैतन्य जेमनुं एवा पृथ्वीकायादिक जीवोनो वध होते छते पण, स्वल्प पुण्यना व्ययपूर्वक अत्यंत पुण्यनी प्राप्ति होय; पण तेथी विपरीत (परिणामविशेष शुभफलवालो नथी)। २१ । तमारा पक्षमां तो ते ते स्मृति, पुराण, इतिहासमां कहेलां यमनियमादिकरूप स्वर्गनी प्राप्तिना उपायो होते छते पण ते ते देवोने उद्देशीने दरेक अवयवोने कापवानी कदर्थनायें करीने बेबाकला बनेला बिचारा पंचेंद्रिय प्राणीउने कसाइथी पण अधिक रीते मारता, अने तेथी समस्त पुण्यना क्षयवडे दुर्गतिनेज अनुकुल करता, एवा (ते यज्ञ करनाराउने) शुभ परिणाम आववो दुर्लभ छे. । २२ । एवी रीते जे कोइ पदार्थने कंइक साधर्म्यपणायें करीनेज

तिप्रसङ्गः सङ्गच्छते । २३ । नच जिनायतनविधापनादौ पृथिव्यादिजीववधेऽपि न गुणस्तथाहि । २४ । तद्दर्शनाद् गुणानुरागितया भव्यानां बोधिलाभः । पूजातिशयविलोकनादिना च मनःप्रसादस्ततः समाधिस्ततश्च क्रमेण निःश्रेयसप्राप्तिरिति । २५ । तथा च भगवान् पञ्चलिङ्गीकारः । =॥ [1]पुढवाईयाण जइविहु । होइ विणासो जिणालयाहिंतो ॥ तव्विसया विसुदिट्ठिस्स । नियमउ अत्थि अणुकंपा ॥ ॥= [2]एयाहिंतो बुध्धा । विरया रक्कंति जेण पुढवाई । इत्तो निव्वाणगया अबाहिया आभवममाणं ॥ =॥ [3]रोगिसिराविहोइव । सुविज्जकिरियाव सुप्पउताउ ।

---

दृष्टांतरूप करता एवा तमोने अतिप्रसंग प्राप्त थाय छे. । २३ । वळी जिनालय बनाववा आदिकमां जोके पृथ्वीकाय आदिक जीवोनो वध थाय छे, तोपण तेमां गुण नथी तेम नथी; अने ते कहे छे. । २४ । ते जिनालयना दर्शनथी गुणना अनुरागीपणायें करीने भव्योने बोधिबीजनो लाभ थाय छे; तथा पूजातिशयने जोवा आदिकवमे मनने आनंद थाय छे, अने तेथी समाधि थाय छे, तथा तेथी अनुक्रमे मोक्षनी प्राप्ति थाय छे. । २५ । वळी भगवान् पंचलिंगीकार कहे छे के =॥ जिनालयादिक बंधाववाथी जोके पृथ्वीकायादिकनो विनाश थाय छे, तोपण सम्यग्दृष्टिने निश्चयें करीने तेना विषये अनुकंपा होय छे. ॥= वळी ते जिनालयादिक ( बंधाववाथी ) विरति पामेला साधुउ जे हेतुथी पृथ्वीकायादिकनुं रक्षण करे छे तेथी बाधारहित अक्षय मोक्षमां गया छे. =॥ रोगीप्रते जेम नाम्मीवैद्यथी प्रयोग करेली क्रिया, परिणामे जेम गुणकारी छे, तेम बाह्ययोगनीपेठे आ पण छे, एवो भावार्थ छे. ॥=

---

१ पृथ्व्यादीनां यद्यपि तु भवति विनाशः जिनालयादिभ्यः । तद्विषया विसुदृष्टिकस्य नियमतः अस्ति अनुकंपा ॥ –॥ २ एतेभ्यः बुद्धाः विरताः रक्षंति येन पृथ्व्यादीन् । इतः निर्वाणगताः अबाधिताः आभवं अमानं ॥ –॥ ३ रोगिसिरावेधः इव सुवैद्यक्रियाः व सुप्रयुक्ताः । परिणामसुंदराचिरातिष्टा स बाह्ययोगः इव इति ॥ इतिच्छाया ॥

परिणामसुंदरच्चिय–चिठा से बाहजोगेविच्ति ॥ ॥= । २६ । वैदिकवध-विधाने तु न कंचित्पुण्यार्ज्जनानुगुणं गुणं पश्यामः । २७ । अथ वि-प्रेभ्यः [1]पुरोमाशादिप्रदानेन पुण्यानुबन्धी गुणोऽस्त्येवेति चेत् न । पवित्रसुवर्णादिप्रदानमात्रेणैव पुण्योपार्जनसंभवात् । कृपणपशुगणव्य-परोपणसमुत्थमांसदानं केवलं निर्घृणत्वमेव व्यनक्ति । २८ । अथ न प्रदानमात्रं पशुवधक्रियायाः फलं । किंतु भूत्यादिकं । यदाह श्रुतिः "श्वेतं वायव्यामजमालभेत भूतिकामः" इत्यादि । २९ । एतदपि व्य-भिचारपिशाचग्रस्तत्वादप्रमाणमेव भूतेश्चौपयिकान्तरैरपि साध्यत्वात् । ३० । अथ तत्र सत्रे हन्यमानानां छागादीनां प्रेत्यसद्गतिप्राप्तिरूपोऽ-स्त्येवोपकार इतिचेद्वाङ्मात्रमेतत् । प्रमाणाऽभावात् । न हि ते निहताः

। २६ । वैदिकवध करवामां तो पुण्यार्जनने योग्य एवो कोइ पण गुण अमो जोता नथी. । २७ । ब्राह्मणोप्रते हुतशेषादिक देवावडे पुण्यानुबंधी गुण थायज छे, एम जो कहेशो, तो ते युक्त नथी; केमके पवित्रसुवर्णादिक देवामात्रें करीनेज पुण्यार्जननो संभव छे; पण बीचारां पशुओना समूहने मारीने तेना मांसनुं जे दान करवुं, ते तो केवल निर्दयपणुंज जणावे छे. । २८ । हवे जो तुं एम कहीश के ते दानमात्रज पशुवधक्रियानुं फल नथी, पण तेथी ऋध्दि आदिक मले छे; केमके (अमारी) श्रुतिमां कह्युं छे के–'ऋध्दि इच्छनारे वायव्यमां श्वेत बकरो मारवो' इत्यादिक. । २९ । ए तारुं कहेवुं पण व्यभिचा-ररूपी पिशाचे ग्रस्त करेलुं होवाथी अप्रमाणज छे; केमके ऋध्दि तो बीजा उपायोवडे पण मेलवी शकाय छे. । ३० । ते यज्ञमां मराता ब-कराआदिकोने परलोकमां सुगति मलवारूप उपकार छेज, एम जो क-हीश, तो ते फक्त कहेवारूपज छे, केमके तेमाटे प्रमाण नथी; कारणके ते

१ हुतशेषः ॥

पशवः सद्गतिलाभप्रमुदितमनसः कस्मैचिदागत्य तथाभूतमात्मानं कथयन्ति । ३१ । अथास्त्यागमाख्यं प्रमाणं । यथा =॥ औषध्यः पशवो वृक्षास्तिर्यञ्चः पक्षिणस्तथा । यज्ञार्थं निधनं प्राप्ताः प्राप्नुवन्त्युच्छ्रितं पुनः ॥= इत्यादि । ३२ । नैवं । तस्य पौरुषेयाऽपौरुषेयविकल्पाभ्यां निराकरिष्यमाणत्वात् । ३३ । न च श्रौतेन विधिना पशुविशसनविधायिनां स्वर्गावाप्तिरुपकार इति वाच्यं । यदि हि हिंसयाऽपि स्वर्गप्राप्तिः स्यात्तर्हि बाढं पिहिता नरकपुरप्रतोल्यः । शौनिकादीनामपि स्वर्गप्राप्तिप्रसङ्गात् । ३४ । तथा च पठन्ति [1]पारमर्षाः =॥ यूपं छित्वा पशून् हत्वा । कृत्वा रुधिरकर्दमम् ॥ यद्येवं गम्यते स्वर्गे । नरके केन गम्यते ॥= । ३५ । किंचाऽपरिचिताऽस्पष्टचैतन्याऽनुपकारिपशुहिंसनेनापि यदि

---

मराएलां पशुओ सुगतिना लाभथी हर्षित मनवालां थयां थकां (अहीं) आवीने पोताने मलेलो तेवी रीतनो लाभ कोइने कंइ कहेतां नथी. । ३१ । हवे एम कहीश के आगम नामनुं प्रमाण छे, जेमके =॥ औषधि, पशुओ, वृक्षो, तिर्यंचो तथा पक्षिओ यज्ञ माटे मृत्यु पामीने उंचगति पामे छे. इत्यादि ॥= । ३२ । ते तारुं कहेवुं युक्त नथी; केमके ते आगमनुं तो पौरुषेय अने अपौरुषेय एम बन्ने विकल्पोवमे निराकरण करवानुं छे. । ३३ । वली एम पण नही बोलवुं के, वेदोक्त विधिवमे पशुहिंसा करनाराओने स्वर्गनी प्राप्तिरूप उपकार थाय छे; केमके ज्यारे हिंसावमे पण स्वर्गनी प्राप्ति थाय, त्यारे तो नरकपुरनां द्वारो सज्जम बीमाइ जाय, अने कसाइ आदिकोने पण स्वर्गनी प्राप्तिनो प्रसंग थाय. । ३४ । वली पारमर्षो कहे छे के, =॥ यज्ञस्तंभने छेदीने, पशुओने हणीने तथा रुधिरनो कर्दम करीने ज्यारे स्वर्गे जवाय! त्यारे नरके कोण जशे!! ॥= । ३५ । वली यज्ञ करनाराओने परिचयविना-

---

[1] मीमांसकाः ॥

त्रिदिवपदवीप्राप्तिस्तदा परिचितस्पष्टचैतन्यपरमोपकारिमातापित्रादिव्यापादनेन यज्ञकारिणामधिकतरपदप्राप्तिः प्रसज्यते । ३६ । अथाऽचिन्त्यो हि मणिमन्त्रौषधीनां प्रभाव इति वचनाद्वैदिकमन्त्राणामचिन्त्यप्रभावत्वात् तत्संस्कृतपशुवधे संभवत्येव स्वर्गप्राप्तिरिति चेन्न । इह लोके विवाहगर्भाधानजातकर्मादिषु तन्मन्त्राणां व्यभिचारोपलंभाददृष्टे स्वर्गादावपि तद्व्यभिचारोऽनुमीयते । दृश्यन्ते हि वेदोक्तमन्त्रसंस्कारविशिष्टेभ्योऽपि विवाहादिभ्योऽनन्तरं वैधव्याल्पायुष्कतादारिद्र्याद्युपद्रवविधुराः परःशताः । अपरे च मन्त्रसंस्कारंविना कृतेभ्योऽपि तेभ्योऽनन्तरं तद्विपरीताः । ३७ । अथ तत्र क्रियावैगुण्यं विसंवादहेतुरिति चे-

---

ना, अस्पष्टचैतन्यवाला, अने अनुपकारी एवा पशुर्जनी हिंसावमे पण ज्यारे स्वर्गनी पदवीनी प्राप्ति थाय, त्यारे परिचयवाला, स्पष्ट चैतन्यवाला, अने परमनुपकारी एवा मातापितादिकने मारवावमे अधिक पदवीनी प्राप्ति थवी जोइए!!! । ३६ । 'मणिमंत्र औषधिर्जनो खरेखर अचिंत्य प्रभाव होय ठे' एम शास्त्रमां कह्युं ठे, माटे वैदिक मंत्रोनो (पण) अचिंत्य प्रभाव होवाथी, ते मंत्रोथी संस्कारेलो पशुवध करवाथी स्वर्गनी प्राप्ति संभवेज ठे, एम जो तुं कहीश, तो ते अयुक्त ठे; केमके आ लोकमा (पण) विवाह, गर्भाधान तथा जातकर्मादिकमां ते वैदिक मंत्रोनो व्यभिचार जणावाथी, नही देखायेला एवा स्वर्गादिकमां पण तेना व्यभिचारनुं अनुमान थाय ठे; केमके वेदोक्त मंत्रसंस्कारवाला विवाहादिको थयाबाद वैधव्यपणुं, अल्पायुषीपणुं तथा दलिद्रीपणुं इत्यादिक नुपद्रवथी डःखीया थयेला सेंकमोगमे माणसो देखाय ठे; अने बीजार्ज तो ते वेदोक्त मंत्रसंस्कारविना पण, ते विवाहादिक थयाबाद नलटा तेथी विपरीत एटले सुखीया देखायेला ठे. । ३७ । तेमां क्रियामां थतो फेरफार विसंवादनो हेतु ठे, एम

त्र । संशयाऽनिवृत्तेः । किं तत्र क्रियावैगुण्यात्फले विसंवादः किंवा मन्त्राणामसामर्थ्यादिति न निश्चयः । तेषां फलेनाऽविनाभावाऽसिद्धेः । ३० । अथ यथा युष्मन्मते " आरोग्ग बोहिलाभं समाहिवरमुत्तमं- दिंतु " इत्यादीनां वाक्यानां लोकान्तर एव फलमिष्यते एवमस्मदभि- मतवेदवाक्यानामपि नेह जन्मनि फलमिति किं न प्रतिपद्यते । ततश्च विवाहादौ नोपलंभावकाश इति चेदहो वचनवैचित्री ! यथा वर्तमानज- न्मनि विवाहादिषु प्रयुक्तैर्मंत्रसंस्कारैरागामिनि जन्मनि तत्फलमेवं द्विती- यादिजन्मान्तरेष्वपि विवाहादीनामेव प्रवृत्तिधर्माणां पुण्यहेतुत्वाङ्गीका- रेऽनन्तभवानुसन्धानं प्रसज्यते । एवं च न कदाचन संसारस्य परिस- माप्तिः । तथा च न कस्यचिदपवर्गप्राप्तिरिति प्राप्तं भवदभिमतवेदस्याऽ-

---

जो कहीश तो ते युक्त नथी, केमके तेमां संशय टलतो नथी; शुं क्रि- याना फेरफारथी फलमां विसंवाद थाय छे ? के मंत्रोना असामर्थ्यथी थाय छे ? तेनो निश्चय नथी; केमके तेउना फलवमे अविनाभावनी असिद्धि छे. । ३० । जेम तमारा मतमां 'आरोग्यता, बोधिलाभ, तथा उत्तम समाधिवर आपो ?' इत्यादिक वाक्योनुं जेम भवांतरमांज फल इच्छाय छे, तेम अमोए मानेला वेदवाक्योनुं पण आ जन्ममां फल नथी थतुं, एम शामाटे अंगीकार न कराय ? अने तेथी विवाहादिकमां ( अमोने ) उपकानो अवकाश रहेतो नथी, एम जो कहीश, तो अहो ! तारां वचननी कंइ चतुराइ !! जेम चालता जन्ममां विवाहादिकोनेविषे करेला मंत्रसंस्कारोवमे आवता जन्ममां तेनुं फल मले, तेम बीजाआ- दिक जन्मांतरोनेविषे पण विवाहादिज प्रवृत्तिधर्मोने पुण्यना हेतुरूप मानवाथी अनंता भवोनी परंपरा थइ जाय छे, अने एवी रीते कदापि पण संसारनी समाप्ति थशे नही; अने कोइने मोक्ष मलशे नही; एवी रीते तमोए मानेला वेदने तो अनंतसंसाररूपी वेलमीनुं मूलकंदपणुं

पर्यवसितसंसारवल्लरीमूलकन्दत्वम् । ३९ । आरोग्यादिप्रार्थना तु असत्याऽमृषाभाषापरिणामविशुद्धिकारणत्वान्न दोषाय । तत्र हि भावारोग्यादिकमेव विवक्षितं । तच्च चातुर्गतिकसंसारलक्षणभावरोगपरिक्षयस्वरूपत्वादुत्तमफलं । तद्विषया च प्रार्थना कथमिव विवेकिनामनादरणीया ।४०। न च तज्जन्यपरिणामविशुद्धेस्तत्फलं न प्राप्यते । सर्ववादिनां भावशुद्धेरपवर्गफलसम्पादनेऽविप्रतिपत्तेरिति ।४१। न च वेदनिवेदिता हिंसा न कुत्सिता । सम्यग्दर्शनज्ञानसम्पन्नै[१]रर्चिमार्गप्रपन्नैर्वेदान्तवादिभिश्च गर्हितत्वात् तथाच तत्वदर्शिनः पठन्ति ।४२। =॥ देवोपहारव्याजेन । यज्ञव्याजेन येऽथवा ॥ घ्नन्ति जन्तून् गतघृणा । घोरां ते यान्ति दुर्गतिम् ॥ ॥= ।४३। वेदान्तिका अप्याहुः । =॥ अन्धे तमसि मज्जामः । पशुभिर्ये

---

प्राप्त थयुं !! । ३९ । आरोग्यादिक प्रार्थना तो असत्यअमृषा भाषाना ( व्यवहारभाषाना ) परिणामनी विशुद्धिना कारणरूप होवाथी दूषणयुक्त नथी; तेमां तो भावआरोग्यादिकज वर्णवेलुं छे, अने ते चतुर्गतिकसंसारना लक्षणवालो जे भावरोग, तेना नाशरूप होवाथी उत्तम फलवालुं छे, अने ते विषयनी प्रार्थना विवेकीउने शामाटे आदरवालायक न होय ? । ४० । वली तेथी उत्पन्न थती परिणामशुद्धिथी तेनुं फल कंइ नथी मलतुं तेम नथी; केमके ए तो सर्व वादिउने संमत छे के, भावशुद्धिथी मोक्षरूप फल मले. । ४१ । वली वेदोक्त हिंसा, कंइ निंदित नथी थइ, तेवुं नथी; केमके सम्यग् दर्शन अने ज्ञानें करीने युक्त थयेला अर्चिमार्गने माननाराउए तथा वेदांतवादीउए तेनी निंदा करी छे. तेमाटे तत्वदर्शीउ कहे छे के, । ४२ । =॥ देवोप्रते बलिदानना मिषवमे अथवा यज्ञना मिषवमे जे निर्दयो प्राणीउने मारे छे, ते घोर दुर्गतिमां जाय छे. । ४३ । वेदांतीउ पण कहे छे के ॥= अमो, के जे पशुउ-

---

१ संसारवृद्धिहेतोर्यज्ञादिरूपात्धूममार्गाद्विपरीतो यमनियमादिरर्चिमार्गः ॥

यजामहे ॥ हिंसा नाम जवेद्धर्मो । न भूतो न जविष्यति ॥= तथा 'अ-
ग्निर्मामेतस्माद्धिंसाकृतादेनसो मुञ्चतु' ( बान्दसत्वान्मोचयतु इत्यर्थः )
इति । ४४ । व्यासेनाप्युक्तम् =॥ ज्ञानपालिपरिक्षिप्ते । ब्रह्मचर्यद-
याम्नसि ॥ स्नात्वातिविमले तीर्थे । पापपङ्कापहारिणि ॥= ध्यानाग्नौ
जीवकुंमस्थे । दममारुतदीपिते ॥ असत्कर्मसमित्क्षेपै–रग्निहोत्रं कुरू-
त्तमम् ॥= ॥ कषायपशुनिर्डष्टै–र्धर्मकामार्थनाशकैः ॥ शममन्त्रहतैर्यज्ञं ।
विधेहि विहितं बुधैः ॥ ॥= प्राणिघातात्तु यो धर्ममीहते मूढमानसः ॥
स वाञ्छति सुधावृष्टिं । कृष्णाहिमुखकोटरात् ॥ =॥ इत्यादि । ४५ ।
यच्च याज्ञिकानां लोकपूज्यत्वोपलंजादित्युक्तं तदप्यसारम् । अबुधा

वमे यज्ञ करीये डीये, ते घोर अज्ञानरूपी अंधकारमां ड़ुबीये डीये; हिंसा
जो धर्मरूप होय, तो तेवो धर्म तो थयो नथी! अने थशे पण नही! वली
आ हिंसावमे करेलां पापथी मने अग्नि मुकावो?' (अहीं वेदवाक्य हो-
वाथी 'मुंचतु' नो 'मोचयतु' (मूकावो) एवो अर्थ जाणवो.) । ४४ ।
व्यासे पण कह्युं बे के =॥ ज्ञानरूपी पालमां नाखेला ब्रह्मचर्य अने
दयारूपी पाणीमां, पापरूपी काद्दवने दूर करनारा अति निर्मल ती-
र्थमां स्नान करीने, जीवरूपी कुंममां रहेला, अने दमरूपी वायुथी
दीपायमान करेला, एवा ध्यानरूपी अग्निमां, ड्रष्कर्मरूपी लाकमां फें-
कीने उत्तम अग्निहोत्र कर? धर्म, काम अने अर्थने नाश करनारा,
तथा समतारूपी मंत्रोवमे हणेला, एवा कषायोरूपी ड्रष्ट पशुउवमे
विद्दानोए करेलो यज्ञ तुं कर? जे मूढमनवालो माणस प्राणीउना घा-
तथी धर्मने इच्छे बे, ते माणस कृष्णसर्पना मुखरूपी कोटरमांथी अ-
मृतनी वृष्टिने इच्छे बे. इत्यादि. । ४५ । वली 'यज्ञ करनाराउने
लोको पूजे बे' एम जे कह्युं, ते पण सारविनानुं बे; केमके अज्ञानी-
उज तेउने पूजे बे, पण बुद्धिवानो तेउने पूजता नथी; वली अज्ञानी-

एव हि पूजयन्ति तान् । न तु विविक्तबुद्धयः । अबुधपूज्यता तु न प्रमाणं । तस्याः सारमेयादिष्वप्युपलंभात् । ४६ । यदप्यभिहितं देवतातिथिपितृप्रीतिसंपादकत्वाद्वेदविहिता हिंसा न दोषायेति । तदपि वितथं । यतो देवानां संकल्पमात्रोपनताभिमताहारपुद्गलरसास्वादसुहितानां वैक्रियशरीरत्वाद् युष्मदावर्जितजुगुप्सितपशुमांसाद्याहुतिगृहीताविच्छैव दुःसंभवा । औदारिकशरीरिणामेव तदुपादानयोग्यत्वात् । ४७ । प्रक्षेपाहारस्वीकारे च देवानां मन्त्रमयदेहत्वाभ्युपगमबाधः । न च तेषां मन्त्रमयदेहत्वं भवत्पक्षे न सिद्धं । चतुर्थ्यन्तंपदमेव देवता । इति जैमिनिवचनप्रामाण्यात् । ४८ । तथा च मृगेन्द्रः । =॥ [१]शब्देतरत्वे युगपद्भिन्नदेशेषु यष्टृषु । न सा प्रयाति सांनिध्यं मूर्तत्वाद्-

---

उथी पूजनीकपणुं तो प्रमाणभूत नथी, केमके अज्ञानीउ तो कुतरांआदिकोने पण पूजे छे. । ४६ । वळी देवता, अतिथि तथा पितृउने प्रीति उपजावती होवाथी वेदोक्त हिंसा दूषणमाटे नथी, एम जे कह्युं, ते पण असत्य छे; केमके संकल्पमात्रथी मळेला इच्छित आहारपुद्गलना रसना स्वादमां छे उत्तम हित जेउनुं एवा देवोने वैक्रिय शरीर होवाथी, तमोए आपेली निंदनीक पशुमांसनी आहूति ग्रहण करवामां तेउने इच्छा थवीज असंभवित छे; केमके तेवी आहूति तो औदारिक शरीरवाळाज लेइ शके छे. । ४७ । वळी कवळाहारनो स्वीकार करवामां तो देवोना मंत्रमय शरीरपणाने बाधा आवे छे; तेम तेउनुं मंत्रमय शरीरपणुं तमारा पक्षमां कंइ सिद्ध नथी तेवुं नथी; केमके 'चतुर्थ्यंतपदज देवता छे' एवुं जैमिनिना वचननुं प्रमाण छे. । ४८ । वळी मृगेंद्र कहे छे के =॥ शब्देतरपणामां एकी वेळाए यज्ञ करनाराउ भिन्न

---

१ यदि शब्देतरत्वं मंत्रमयस्वरूपादपरस्वरूपत्वं स्याद्देहस्वरूपं भवति तदा भिन्नदेशस्थायिषु याज्ञिकेषु कथं सांनिध्यं कुरुते मूर्त्तत्वात् सर्वत्र सांनिध्यस्याऽप्रसंगः ॥

स्मदादिवत् ॥= इति ( सेति देवता ) । ४९ । हूयमानस्य च वस्तुनो भस्मीभावमात्रोपलंभात्तदुपभोगजनिता देवानां प्रीतिः प्रलापमात्रम् ।५०। अपि च योऽयं[1] त्रेताग्निः स त्रयस्त्रिंशत्कोटिदेवतानां मुखम् " अग्निमुखा वै देवा " इति श्रुतेः । ततश्चोत्तममध्यमाऽधमदेवानामेकेनैव मुखेन भुञ्जानानामन्योच्छिष्टभुक्तिप्रसङ्गः । तथा च ते तुरुष्केभ्योऽप्यतिरिच्यन्ते । तेऽपि तावदेकत्रैवामत्रे भुञ्जते । न पुनरेकेनैव वदनेन । ५१ । किंच एकस्मिन् वपुषि वदनबाहुल्यं क्वचन श्रूयते । यत्पुनरनेकशरीरेष्वेकं मुखमिति महदाश्चर्यं । सर्वेषां च देवानामेकस्मिन्नेव मुखेऽङ्गीकृते यदा केनचिदेको देवः पूजादिनाऽऽराधितोऽन्यश्च निन्दादिना विरा-

---

देशोमां होते छते, ते देवता मूर्त्तिवंत होवाथी आपण आदिकनी पेठे समीपपणाने प्राप्त थती नथी. ( आ श्लोकमां ' सा ' एटले देवता समजवी. ) । ४९ । वळी होमाती वस्तु केवल भस्मरूपज थती होवाथी, तेना उपभोगथी देवोने प्रीति थवी, ते तो फक्त बकवारूप छे. ।५०। वळी जे आ त्रेताग्नि छे, ते तेंत्रीसक्रोड देवताउनुं मुख छे, केमके ' अग्नि छे मुख जेउनुं एवा देवो छे ' एवी श्रुति छे ; अने तेथी उत्तम, मध्यम अने अधम देवो फक्त एकज मुखवडे खाता होवाथी, बीजानुं एठुं खावानो प्रसंग थशे ; अने तेम थवाथी तो तेउ तुर्कीउथी ( मुसलमानोथी ) पण वेज थाय छे, केमके ते तुर्कीउ पण फक्त एकज पात्रमां जमे छे, पण कंइ एकज मोहोमांवडे जमता नथी. । ५१ । वळी एकज शरीरमां घणां मोहोमां क्यांयें संभलाय छे !! अने आ तो वळी अनेक शरीरोमां एकज मोहोडुं !! ए तो महोटुं आश्चर्य छे !! वळी सर्व देवोनुं एकज मुख अंगीकार करवाथी, ज्यारे कोइए एक देवने आराध्यो, अने बीजानी निंदादिकवडे ज्यारे विराधना करी, त्यारे ए-

---

[1] स्युर्दक्षिणाहवनीयगार्हपत्यास्त्रयोऽग्नयः । इदमग्नित्रयं त्रेता ॥

ऽस्ततश्चैकेनैव मुखेन युगपदनुग्रहनिग्रहवाक्योच्चारणसंकरः प्रसज्येत ।५२। अन्यच्च मुखं देहस्य नवमो भागस्तदपि येषां दाहात्मकं तेषामेकैकशः सकलदेहस्य दाहात्मकत्वं त्रिभुवनभस्मीकरणपर्यवसितमेव संभाव्यत इत्यलमतिचर्चया[1] ।५३। यश्च कारीरीयज्ञादौ वृष्ट्यादिफलेऽव्यभिचारस्तत्प्रीणितदेवतानुग्रहहेतुक उक्तः । सोऽप्यनैकान्तिकः क्वचिद् व्यभिचारस्यापि दर्शनात् । यत्रापि न व्यभिचारस्तत्रापि न त्वदाहिताहुतिभोजनजन्मा तदनुग्रहः । किंतु स देवताविशेषोऽतिशयज्ञानी स्वोद्देशनिर्वर्तितं पूजोपचारं यदा स्वस्थानावस्थितः सन् जानीते तदा तत्कर्तारंप्रति प्रसन्नचेतोवृत्तिस्तत्तत्कार्याणीच्छावशात्साधयति । अनुपयोगादिना पुनरजानानो जानानोऽपि वा पूजाकर्तुरभाग्यसहकृतः स-

---

कज मुखवमे एकीवखते प्रीति अने क्रोधनां वाक्यो उच्चारवानी गमबम थशे. ।५२। वली मुख तो शरीरनो नवमो भाग छे, अने ते पण जेउनुं अग्निमय छे तेउनुं एकेकनुं सर्व शरीरनुं दाहात्मकपणुं त्रणे भुवनोने भस्मरूप करवामां रहेलुंज संभवे छे! एवी रीते अतिचर्चाथी सर्युं. ।५३। वली जे कारीरीयज्ञादिकमां वृष्टिआदिक फलमां, तेनाथी खुशी थयेला देवोना अनुग्रहना हेतुवालो जे अव्यभिचार कह्यो, ते पण अनेकांतिक छे, केमके कोइकवेलाए तेमां व्यभिचार पण देखायेलो छे; अने जेमां व्यभिचार नथी आवतो, तेमां पण तें करेली आहूतिना भोजनथी उत्पन्न थयेलो तेउनो अनुग्रह नथी, पण ते देवविशेष अतिशय ज्ञानी होवाथी पोतामाटे करेला पूजोपचारने, ज्यारे पोताना स्थानमां रह्यो थको जाणे छे, त्यारे तेना करनारप्रते प्रसन्न मनोवृत्तिवालो थयो थको, ते ते कार्योने इच्छाना वशथी साधे छे;

---

१ । अतिचसूर्या । इति द्वितीयपुस्तकपाठः = । लोके लबाडी इति प्रसिद्धिः । इति तस्य द्वितीयपुस्तकस्थपर्यायः ॥

न्नसाधयति । द्रव्यक्षेत्रकालन्नावादिसहकारिसाचिव्यापेक्षस्यैव कार्योत्पादस्योपलंन्नात् । ५४ । स च पूजोपचारः पशुविशसनव्यतिरिक्तैः प्रकारान्तरैरपि सुकरस्तत्किमनया पापैकफलया शौनिकवृत्त्या । ५५ । यच्च ठगलजाङ्गलहोमात्परराष्ट्रवशीकृतिसिद्ध्या देव्याः परितोषानुमानं तत्र कः किमाह । कासांचित् क्षुद्रदेवतानां तथैव प्रत्यङ्गीकारात् ।५६। केवलं तत्रापि तद्वस्तुदर्शनज्ञानादिनैव परितोषो न पुनस्तद्भुक्त्या । निम्बपत्रकटुकतैल[1]धूमांशादीनां हूयमानद्रव्याणामपि तद्भोज्यत्वप्रसङ्गात् । परमार्थतस्तु तत्तत्सहकारिसमवधानसचिवाराधकानां न्नक्तिरेव तत्तत्फलं जनयति । अचेतने चिन्तामण्यादौ तथादर्शनात् । ५७ ।

---

अने अनुपयोगादिकवमे नही जाणतो थको, अथवा जाणतो थको पण, पूजा करनारना अन्नाग्ये करीने साधतो नथी, केमके द्रव्य, क्षेत्र, काल, अने न्नावादिकनी सामग्रीना संयोगनी अपेक्षायेज कार्यनी उत्पत्ति थाय ठे. । ५४ । वली ते पूजोपचार पशुउने मारवाशिवाय बीजी रीते पण सेहेलाश्थी करी शकाय ठे, त्यारे फक्त पापरूप फलवाली आ कसाश्वृत्तिनी शी जरूर ठे ? । ५५ । वली बकराना मांसना होमथी परराज्यना वशीकरणमां सिद्ध थयेली एवी देवीना संतोषनुं जे अनुमान कर्युं, तेमां ते तें शुं कह्युं ? केमके केटलीक क्षुद्र देवीउए तेमज अंगीकार करेलुं ठे. । ५६ । वली तेमां पण केवल ते वस्तुना दर्शन अने ज्ञानादिकवमेज (तेणीने) संतोष थाय ठे, पण कंश तेना न्नोजनथी संतोष थतो नथी; केमके होमातां एवां लींबमानां पत्रो, कमवुं तेल, तथा धुंवामाना अंशादिकना न्नोजननो पण तेथी तेणीने प्रसंग थशे. परमार्थथी तो ते ते सहकारी सामग्रीउना संयोग पूर्वक आराधन करनाराउनी न्नक्तिज ते ते फलने उत्पन्न करे ठे, के-

---

१ । तैलारनालधूमांशादीनां । इति द्वितीयपुस्तकस्थपाठः ॥

अतिथीनां तु प्रीतिः संस्कारसंपन्नपक्वान्नादिनापि साध्या । तदर्थं महोक्षमहाजादिप्रकल्पनं निर्विवेकतामेव ख्यापयति । ५८ । पितॄणां पुनः प्रीतिरनैकान्तिकी । श्राध्धादिविधानेनापि भूयसां संतानवृध्धेरनुपलब्धेः । तदविधानेऽपि च केषांचिद्गर्दभ[1]शूकराजादीनामिवसुतरां तद्दर्शनात् । ततश्च श्राध्धादिविधानं मुग्धजनविप्रतारणमात्रफलमेव । ५९ । ये हि लोकान्तरं प्राप्तास्ते तावत्स्वकृतसुकृतदुःकृतकर्मानुसारेण सुरनारकादिगतिषु सुखमसुखं वा भुञ्जाना एवासते । ते कथमिव तनयादिभिरावर्जितं पिण्डमुपभोक्तुं स्पृहयालवोऽपि स्युः । ६० । तथा च युष्मद्यूथिनः पठन्ति । =॥ मृतानामपि जन्तूनां । श्राध्धं चेत्तृप्तिकारणम् ॥ तन्निर्वाणप्रदीपस्य । स्नेहः संवर्ध्धयेच्छिखाम् ॥= इति कथं श्रा-

---

मके अचेतन एवा चिंतामणिआदिकमां तेवुं देखायेलुं छे. । ५७ । अतिथिउनी प्रीति तो संस्कारयुक्त पक्वान्नादिकवमे पण थइ शके छे, तेथी तेउनेमाटे मोटा बलद अने मोटा बकराआदिकनुं जे प्रकल्पवुं, ते तो निर्विवेकीपणुंज स्थापन करे छे. । ५८ । वली पितृउनी प्रीति तो कंइ एकांत नथी; केमके श्राध्धादिक करवावमे पण घणाउने संतानोनी वृध्धि थती नथी; अने केटलाकोने तो ते श्राध्धादिक कर्याविना पण गर्दभ, भुंम तथा अजादिकोनी पेठे ते संतानवृध्धि सुलभ थइ पमे छे; माटे श्राध्धादिकनी क्रिया फक्त मुग्ध लोकोने ठगवारूपज छे. ।५९। जेउ मृत्यु पामेला छे, तेउ तो, पोते बांधेलां पुण्यपापने अनुसारे देव अने नरकादिक गतिउमां सुख अथवा दुःखने भोगवता थकाज रहेला छे, (तो पछी) पुत्रादिकोए आपेला पिंमने खावामाटे, तेउ स्पृहावालाज शाना थाय? । ६० । वली तमाराज सोबतीउ कहे छे के =॥ मृत्यु पामेला प्राणीउने पण जो श्राध्ध तृप्ति करनारुं होय, तो तो बु-

---

१ । गर्त्ताशूकराजादीनां । इति द्वितीयपुस्तकस्थपाठः ॥

द्विधानाद्यर्जितं पुण्यं तेषां समीपमुपैतु तदन्यकृतत्वात् तस्य जडत्वान्निश्चरणत्वाच्च । ८१ । अथ तेषामुद्देशेन श्राद्धादिविधानेऽपि पुण्यं दातुरेव तनयादेः स्यादिति चेत्तन्न । तेन तज्जन्यपुण्यस्य स्वाध्यवसायाऽत्तारितत्वात् । एवं च तत्पुण्यं नैकतरस्यापि । इति विचाल एव विलीनं [1]त्रिशंकुज्ञातेन ॥ * ॥ [ किंतु पापानुबन्धिपुण्यत्वात् तत्वतः पापमेव ] ॥ * ॥ । ८२ । अथ [2]विप्रोपभुक्तं तेभ्य उपतिष्ठत इतिचेत्क इवैतत्प्रत्येतु । विप्राणामेव मेदुरोदरतादर्शनात् । तद्वपुषि च तेषां संक्रमः श्रद्धातुमपि न शक्यते । भोजनावसरे तत्संक्रमलिङ्गस्य कस्याप्य-

---

ऊइ गयेला दीपकनी शिखाने तेल वधारे !! =॥ माटे श्राध्धक्रियादिकथी मेलवेलुं पुण्य तेउनी समीपे शीरीते जाय? केमके ते पुण्य तो अन्ये करेलुं, जड तथा चरणोविनानुं छे. । ८१ । ते पितृउने उद्देशीने श्राध्धादिक करवामां पण, देनार एवा पुत्रादिकनेज पुण्य थाय, एम जो कहीश, तो ते युक्त नथी; केमके तेणे तो तेथी उत्पन्न थतां पुण्यने पोताना अध्यवसायथी उतारी नाखेलुं छे; अने एवी रीते ते पुण्य, बन्नेमांथी एकेने पण मली शक्युं नही; अने एवी रीते त्रिशंकुना दृष्टांतनीपेठे ते पुण्य तो वच्चेज रखडी पड्युं !! ॥ * ॥ [ परंतु पापानुबंधि पुण्य होवाथी तत्वथी ते पापज छे ] ॥ * ॥ । ८२ । ब्राह्मणोए खाधेलुं ते पितृउने मले छे, एम जो कहीश, तो ते माने कोण? केमके तेथी तो ब्राह्मणोनुंज पेट फुलेलुं देखाय छे; तथा ते ब्राह्मणोना शरीरमां ते पितृउ पेसी जाय, एवी श्रध्धा करवी पण अशक्य छे; केमके भोजनवखते तेउने तेमां पेसीजवानुं कंइ पण चिन्ह देखातुं

---

१ त्रिशंकुनामराजा वसिष्ठशापाच्चंडालो जातो विश्वामित्रं पुराधाय कृतक्रतुस्त्यक्तभूतलः शक्रकोपेन स्वर्गान्निवर्त्तितांतराल एव स्थितः । तस्मान्न द्यौरपि न भूरपि तस्योपभुक्त्यै तद्वत् ॥ ॥ * ॥ इतिपाठो द्वितीयपुस्तके नोपलभ्यते ॥ २ । विप्रोपभुक्ते अन्य उपतिष्टते । इति द्वितीयपुस्तकपाठः ॥

नवलोकनात्। विप्राणामेव च तृप्तेः साक्षात्करणात् यदि परं त एव स्थूलकवलैराकुलतरमतिगार्ध्याद्भक्षयन्तः प्रेतप्राया इति मुधैव श्राद्धादिविधानं । ६३ । यदपि गयाश्राद्धादियाचनमुपलभ्यते तदपि तादृशविप्रलंभकविभङ्गज्ञानिव्यन्तरादिकृतमेव निश्चेयं । ६४ । यदप्युदितं आगमश्चात्र प्रमाणमिति । तदप्यप्रमाणं । स हि पौरुषेयो वा स्यादपौरुषेयो वा । पौरुषेयश्चेत् सर्वज्ञकृतस्तदितरकृतो वा । आद्यपक्षे युष्मन्मतव्याहतिस्तथा च भवत्सिद्धान्तः । ६५ । =॥ अतीन्द्रियाणामर्थानां । साक्षाद्द्रष्टा न विद्यते ॥ नित्येभ्यो वेदवाक्येभ्यो । यथार्थत्वविनिश्चयः ॥= द्वितीयपक्षे तु तत्र दोषवत्कर्तृत्वेनाऽनाश्वासप्रसङ्गः । ६६ । अपौरुषेयश्चेन्न संभवत्येव स्वरूपनिराकरणात् तुरङ्गशृङ्गवत् । तथाह्यु-

---

नथी; अने ब्राह्मणोने थती तृप्ति तो साक्षात् देखाय छे; अने तेथी उलटा तेओज मोटा मोटा कोळीआओथी झटपट अत्यंत गृध्धीपणाथी खाता थका पिशाचसरखा देखाय छे! माटे श्राध्धादिक करवुं फोकटज छे. । ६३ । वळी गयाश्राध्धादिकनुं जे याचन कराय छे, ते पण तेवा ठगारा विभंगज्ञानी व्यंतरादिकनुं करेलुंज जाणवुं. । ६४ । वळी जे एम कह्युं के, अहीं आगमप्रमाण छे, ते पण अप्रमाणज छे; केमके ते आगम पौरुषेय छे? के अपौरुषेय छे? जो पौरुषेय होय, तो ते सर्वज्ञनुं बनावेलुं छे? के असर्वज्ञनुं बनावेलुं छे? पेहेला पक्षना अंगीकारमां, तो तमारा मतनुं खंडन थशे; तेमाटे तमारा सिध्धांतमां कह्युं छे के, । ६५ । =॥ अतींद्रिय पदार्थोनो साक्षात् जोनार (कोइ) नथी, अने नित्य एवां वेदवाक्योथी यथार्थपणानो निश्चय थाय छे. =॥ अने बीजा पक्षमां तो दोषयुक्त कर्तापणायें करीने तेमां अविश्वासनो प्रसंग थशे. । ६६ । जो कहीश के अपौरुषेय छे, तो ते घोडाना शींगडांनीपेठे स्वरूपनिराकरणथी संभवतुंज नथी; ते कहे छे. उक्ति ए-

क्तिर्वचनमुच्यत इति चेति पुरुषक्रियानुगतं रूपमस्य। एतत्क्रियाऽ-
जावे कथं जवितुमर्हति । ६७ । नचैतत्केवलं क्वचिद्ध्वनउपलञ्यते।
उपलब्धावप्यदृश्यवक्तृाशङ्कासंजवात्। तस्माद्यद्वचनं तत्पौरुषेयमेव।
वर्णात्मकत्वात्कुमारसंजवादिवचनवत्। वचनात्मकश्च वेदस्तथाचाहुः।
=॥ ताल्वादिजन्मा ननु वर्णवर्गो। वर्णात्मको वेद इति स्फुटं च॥ पुं-
सश्च ताल्वादि ततः कथं स्यादपौरुषेयोऽयमितिप्रतीतिः॥ इति।६७।
श्रुतेरपौरुषेयत्वमुररीकृत्यापि तावद्भवद्भिरपि तदर्थव्याख्यानं पौरुषेय-
मेवाङ्गीक्रियते। अन्यथाऽग्निहोत्रं [1]जुहुयात्स्वर्गकाम इत्यत्र श्वमांसं ज-
क्षयेदिति किं नार्थो नियामकाऽजावात्। ततो वरं सूत्रमपि पौरुषेयमज्यु-

---

टले बोलाय ले ते वचन, अने तेनुं स्वरूप तो पुरुषक्रियाने अनुगत थयेलुं ले; अने जो ते पुरुषक्रिया न होय, तो ते वचच शीरीते बनी शके? । ६७ । वली ते वचन कयांयें पण केवल ध्वनि करतुं मालुम पमतुं नथी; अने कदाच तेवुं मालुम पमे, तो तेमां पण (कोइ) अदृश्य वक्तानी शंकानो संजव थाय ले; माटे जे वचन ले, ते कुमारसंजवादिकनां वचनोनीपेठे अक्षरमय होवाथी पौरुषेयज ले; अने वेद पण वचनमय ले, तेमाटे कहे ले के =॥ अक्षरोनो समूह तालुआदिकस्थानोथी उत्पन्न थयो ले, अने वेद अक्षरमय ले, ए तो प्रगटज ले; वली ते तालुआदिकस्थानो पुरुषने होय ले, माटे ते वेद अपौरुषेय ले, एवी प्रतीति क्यांथी थाय? ॥= । ६७ । वली श्रुतिनुं अपौरुषेयपणुं अंगीकार करीने, तमो पण तेना अर्थनुं व्याख्यान तो पौरुषेयज अंगीकार करो लो, अने जो एम न होय तो, 'अग्निहोत्रं जुहुयात्स्वर्गकामः' ए वाक्यमां 'कुतरानुं मांस जक्षण करवुं' एवो अर्थ नियामकना (कर्ताना) अजावथी शुं न थाय? माटे तेथी तो सूत्रने

---

[1] अग्निहा श्वा तस्य उत्रं मांसं॥

पगतं । ६ए । अस्तु वाऽपौरुषेयस्तथापि तस्य न प्रामाण्यम् । [1]आप्तपुरुषाधीना हि वाचां प्रमाणतेति । एवं च तस्याऽप्रामाण्ये तडक्तस्तदनुपातिस्मृतिप्रतिपादितश्च हिंसात्मको यागश्राद्धादिविधिः प्रामाण्यविधुर एवेति । ७० । अथ योऽयं ' न हिंस्यात् सर्वभूतानि ' इत्यादिना हिंसानिषेधः । स औत्सर्गिको मार्गः । सामान्यतो विधिरित्यर्थः । वेदविहिता तु हिंसा अपवादपदं । विशेषतोविधिरित्यर्थः । ततश्चाऽपवादेनोत्सर्गस्य बाधितत्वान्न श्रौतो हिंसाविधिर्दोषायोत्सर्गापवादयोरपवादो विधिर्बलीयानिति न्यायात् । भवतामपि हि न खल्वेकान्तेन हिंसानिषेधः । तत्तत्कारणे जाते पृथिव्यादिप्रतिसेवनानामनुज्ञानात् । [2]ग्ला-

---

पण पौरुषेय मानवुं श्रेष्ट ठे. । ६ए । अथवा जले कदाच अपौरुषेय रहो, तोपण ते प्रमाणिक नथी; केमके वचनोनुं प्रमाणिकपणुं आप्त पुरुषोने आधीन ठे; अने एवीरीते ते वेदनुं अप्रमाणपणुं होते ठते, तेणे कहेलो, अने तेने अनुसरनारी स्मृतिर्जए अंगीकार करेलो हिंसामय यज्ञ अने श्राद्धादिकनो विधि प्रमाणरहितज ठे. । ७० । ( हवे आहींथी आचार्यमहाराज वादी तरफथी शंका करीने कहे ठे के )— ' सर्व जीवोने मारवा नही ' इत्यादिक वाक्यमे जे आ हिंसानो निषेध करेलो ठे, ते औत्सर्गिकमार्ग ठे, एटले सामान्यविधि ठे; अने वेदोक्त हिंसा तो अपवादमार्ग ठे, एटले विशेषविधि ठे; माटे अपवाद मार्गे करीने उत्सर्गमार्ग बाधित होवाथी श्रुतिमां कहेलो हिंसाविधि दोषयुक्त नथी, केमके उत्सर्ग अने अपवादविधिमां अपवादविधि बलवान् ठे, एवो न्याय ठे. वली तमारामां पण कंइ एकांते हिंसानो निषेध नथी, केमके ते ते कारण पड्ये पृथ्वीकायादिकना प्रतिसेवननी अनुज्ञा आपेली ठे; तथा ग्लानादिकमाटे अचालते आधाकर्मी ( आ-

---

१ प्रक्षीणरागादि दोष उपदेष्टा ॥ २ । ग्लानाद्यर्थमसंस्तरे । इति द्वितीयपुस्तकपाठः ॥

नाद्यसंस्तरे आधाकर्मादिग्रहणभणनाच्च । अपवादपदं च याज्ञिकी-हिंसा । देवतादिप्रीतेः पुष्टालम्बनत्वादिति परमाशङ्क्य स्तुतिकार आह नोत्सृष्टमित्यादि । ३१ । ( अन्यार्थमिति मध्यवर्त्ति पदं डमरुकमणि-न्यायेनोभयत्रापि सम्बन्धनीयम्) अन्यार्थमुत्सृष्टं अन्यस्मै कार्याय प्रयुक्तं उत्सर्गवाक्यमन्यार्थप्रयुक्तेन वाक्येन नापोद्यते । नाऽपवादगोचरीक्रियते । यमेवार्थमाश्रित्य शास्त्रेषूत्सर्गः प्रवर्तते । तमेवार्थमाश्रित्याऽपवादोऽपि प्रवर्तते । तयोर्निम्नोन्नतादिव्यवहारवत्परस्परसापेक्षत्वेनैकार्थसाधनविषयत्वात् । ३२ । यथा जैनानां संयमपरिपालनार्थं नवकोटिविशुद्धाहारग्रहणमुत्सर्गः । तथाविधद्रव्यक्षेत्रकालभावापत्सु च निपतितस्य गत्यन्तराऽभावे पञ्चकादियतनयाऽनेषणीयादिग्रहणमपवादः । सोऽपि

---

हारआदिक ) लेवानुं कह्युं छे. तेम यज्ञसंबंधि हिंसा पण अपवादरूप छे, केमके ते देवतादिकोनी प्रीतिना पुष्ट आलंबनरूप छे; एवी रीते ते वादीतरफनी शंका करीने स्तुतिकार ( आचार्यमहाराज ) 'नोत्सृष्टं' इत्यादिक पाठवडे हवे तेनुं समाधान करे छे. । ३१ । ( मूलकाव्यमां वच्चे रहेला 'अन्यार्थं' पदने डमरूमां रहेला मणिना न्यायें करीने बन्ने बाजुए जोडी लेवुं. ) अन्यकार्यमाटे जोडेलुं उत्सर्गवाक्य, अन्य-माटे जोडेलां वाक्ये करीने अपवादगोचर कराय नही. जेज अर्थने आश्रीने शास्त्रोमां उत्सर्ग प्रवर्ते छे, तेज अर्थने आश्रीने अपवाद पण प्रवर्ते छे; केमके तेउ नीचाउंचाआदिक व्यवहारनीपेठे परस्पर सापेक्षपणायें करीने एकार्थने साधनारा छे. । ३२ । जेम जैनोने संयम पालवामाटे नव कोटीए शुद्ध आहार ग्रहण करवारूप उत्सर्गमार्ग छे, अने तेवा प्रकारना द्रव्य, क्षेत्र, काल अने भावसंबंधि आपदाउंमां पडेलाने ज्यारे बीजो इलाज न होय, त्यारे पंचकादिक यतनापूर्वक अनेषणीय आदिक ग्रहण करवानो अपवादमार्ग छे; अने ते पण

च संयमपरिपालनार्थमेव । न च मरणैकशरणस्य गत्यन्तराऽभावोऽसिद्ध इति वाच्यम् =॥ [१]सव्वत्थसंजमं संजमाउ अप्पाणमेव रक्खिज्जा ॥ मुच्चइ अइवायाउ पुणोविसोही नयाऽविरई ॥ ॥= इत्यागमात् । ७३। तथा आयुर्वेदेऽपि यमेवैकं रोगमधिकृत्य कस्यांचिदवस्थायां किंचिद्वस्त्वपथ्यं । तदेवाऽवस्थान्तरे तत्रैव रोगे पथ्यम् । =॥ उत्पद्यते हि साऽवस्था । देशकालामयान् प्रति ॥ यस्यामकार्यं कार्यं स्यात् कर्मकार्यं तु वर्जयेत् ॥= इति वचनात् । ७४ । यथा बलवदादेर्ज्वरिणो लङ्घनं । क्षीणधातोस्तु तद्विपर्ययः । एवं देशाद्यपेक्षया ज्वरिणोऽपि दधिपानादि योज्यं । तथा च वैद्याः । =॥ कालाऽविरोधि निर्दिष्टं ।

---

फक्त संयम पालवामाटेज छे; वली मृत्युनी अणीएज पहोंचेलाने माटे बीजा उपायनो अभाव असिद्ध छे, एम नही बोलवुं; अर्थात् अपवादशिवाय बीजो उपाय छे, एम न बोलवुं. =॥ सर्व अर्थोथी संयमनुं रक्षण करवुं, अने संयमथी आत्मानुं रक्षण करवुं; अतिपातोथी (दोषोथी–अतिचारोथी) मूकाय छे, अने फरीने शुद्धि थाय छे, अने तेथी ते अविरति नथी. । ७३ । वली आयुर्वेदमां पण अमुक रोगने आश्रीने कोइक अवस्थामां जे कंइ वस्तु अपथ्य छे, तेज वस्तु अवस्थांतरमां तेज रोगमां पथ्य छे. कह्युं छे के, =॥ देशकाल संबंधि रोगोप्रते एवी एवी अवस्था थाय छे के, जेमां अकार्य, ते करवालायक थाय, अने करवानुं कार्य छोडवुं पडे. । ७४ । जेम अत्यंत तावबाला माटे लांघण छे, अने क्षीणधातुवालाने तेथी उलटुं छे. एवीज रीते देशादिकनी अपेक्षाये तावबालाने पण दहींपीवाआदिक जाणी लेवुं. तेमाटे वैद्यो कहे छे के =॥ कालमां विरोध न आवे एवी रीते, एटले

---

१ सर्वार्थतः संयमं । संयमतः आत्मानं एव रक्ष्यात् ॥ मुच्यते अतिपातेभ्यः । पुनः विशुद्धिः न या अविरतिः ॥

ज्वरादौ लङ्घनं हितम् ॥ कृतेऽनिलश्रमक्रोध—शोककामकृतज्वरान् ॥=
। ७५ । एवं च यः पूर्वमपथ्यपरिहारो यश्च तत्रैवाऽवस्थान्तरे तस्यैव परिभोगः । स खलूभयोरपि तस्यैव रोगस्य शमनार्थ इति सिद्धमेकविषयत्वमुत्सर्गाऽपवादयोरिति । ७६ । भवतां चोत्सर्गोऽन्यार्थोऽपवादश्चान्यार्थः । न हिंस्यात्सर्वभूतानीत्युत्सर्गो हि दुर्गतिनिषेधार्थः । अपवादस्तु वैदिकहिंसाविधिर्देवताऽतिथिपितृप्रीतिसंपादनार्थः । अतश्च परस्परनिरपेक्षत्वे कथमुत्सर्गोऽपवादेन बाध्यते । तुल्यबलयोर्विरोध इति न्यायात् । भिन्नार्थत्वेऽपि तेन तद्बाधनेऽतिप्रसङ्गात् । ७७ । न च वाच्यं वैदिकहिंसाविधिरपि स्वर्गहेतुतया दुर्गतिनिषेधार्थ एवेति । तस्यो-

---

वखतनी अपेक्षाये, वायु, श्रम, क्रोध, शोक अने कामथी उत्पन्न थयेला ज्वरादिकविना बीजा ज्वरादिकमां लांघणने हितकारी कही छे. । ७५ । एवी रीते पूर्वे जे अपथ्यनो परिहार, अने तेमांज अवस्थांतरमां तेनोज जे परिभोग, ते खरेखर बन्ने तेज रोगने दूर करवामाटे छे, माटे एवी रीते उत्सर्ग अने अपवाद बन्नेनुं एक विषयपणुं सिद्ध थयुं. । ७६ । अने तमारो तो उत्सर्ग पण अन्यमाटे छे, अने अपवाद पण अन्यमाटे छे. 'सर्व प्राणीउने हणवां नही' ए उत्सर्गवाक्य तो दुर्गतिना निषेध माटेछे, अने वैदिकहिंसाविधिरूप अपवाद तो देवता, अतिथि अने पितृउनी प्रीतिसंपादन करवा माटे छे; माटे परस्पर निरपेक्षपणुं होते छते अपवादवडे उत्सर्गने केम बाध आवे? केमके 'तुल्यबलमां विरोध होय' एवो न्याय छे; तेम भिन्नार्थपणामां पण तेवडे तेना बाधमां अतिप्रसंग थाय छे. । ७७ । वली एम पण नही बोलवुं के वेदोक्तहिंसाविधि पण स्वर्गना हेतुपणायें करीने दुर्गतिना निषेधमाटेज छे, केमके उपर कहेली युक्तिवडे तेनुं स्वर्गहेतुपणुं त्रुटीपडे छे, तेम तेविना पण बीजा उपायोवडे पण ते मली शके छे; अने

त्कयुक्त्या स्वर्गहेतुत्वनिर्लोठनात् । तमन्तरेणापि च प्रकारान्तरैरपि तत्सिद्धिभावात् । गत्यन्तराऽभावे ह्यपवादपक्षकक्षीकारः । ७८ । न च वयमेव यागविधेः सुगतिहेतुत्वं नाङ्गीकुर्महे । किंतु भवदाप्ता अपि । यदाह व्यासमहर्षिः । =॥ पूजया विपुलं राज्य–मग्निकार्येण संपदः ॥ तपः पापविशुद्ध्यर्थं । ज्ञानं ध्यानं च मुक्तिदम् ॥= । ७९ । अत्राग्निकार्यशब्दवाच्यस्य यागादिविधेरुपायान्तरैरपि लभ्यानां संपदामेव हेतुत्वं वदन्नाचार्यस्तस्य सुगतिहेतुत्वमर्थात्कदर्थितवानेव । तथा च स एव भावाग्निहोत्रं ज्ञानपालीत्यादिश्लोकैः स्थापितवान् । तदेवं स्थिते तेषां वादिनां चेष्टामुपमया दूषयति । स्वपुत्रेत्यादि । ८० । परेषां भवत्प्रणीतवचनपराङ्मुखानां स्फुरितं चेष्टितं स्वपुत्रघातान्नृपतित्वलिप्सा-

---

ज्यारे बीजो उपाय न होय, त्यारे अपवादमार्गनो अंगीकार कराय छे. । ७८ । वली केवल अमेंज यज्ञविधिनुं सुगतिहेतुपणुं अंगीकार करता नथी, एटलुंज नही, परंतु तमारा आप्तो पण ( तेमज कहे छे ) ( तेमाटे तमारा आप्त ) व्यासमहर्षि कहे छे के =॥ पूजावमे विस्तीर्ण राज्य मले छे, अग्निकारिकावमे संपदा मले छे, तप छे ते पापोनी विशुद्धिमाटे छे, अने ज्ञान तथा ध्यान मुक्ति आपनारां छे. । ७९ । अहीं अग्निकार्य शब्दें करीने कहेली यज्ञादिविधिनुं, बीजा उपायोवमे पण मली शके एवी संपदाउनुंज हेतुपणुं कहेता थका व्यासाचार्य, अर्थात् तेनुं सुगतिनुं हेतुपणुं दूरज करता हवा; तथा तेज व्यासजीए 'ज्ञानपाली' इत्यादिक श्लोकोवमे भावाग्निहोत्रनुं स्थापन कर्युं छे. माटे एम होवाथी ते वादीउनी चेष्टाने 'स्वपुत्र' इत्यादिक वाक्योवमे ( स्तुतिकार ) दूषणयुक्त करे छे. । ८० । पर एटले ( हे प्रभु ! ) तमोए रचेलां वचनोने नही माननारा, एवा ते वादिउनुं चेष्टित पोताना पुत्रने मारीने राज्य मेलववाना मनोरथतुल्य छे. जेम कोइ मूर्ख माणस उ-

सब्रह्मचारि । निजसुतनिपातनेन राज्यप्राप्तिमनोरथसदृशं । यथा किल कश्चिदविपश्चित्पुरुषः परुषाशयतया निजमङ्गजं व्यापाद्य राज्यश्रियं प्राप्तुमीहते । न च तस्य तत्प्राप्तावपि पुत्रघातपातककलङ्कपङ्कः क्वचिदपयाति । एवं वेदविहितहिंसया देवतादिप्रीतिसिद्धावपि हिंसासमुत्थं दुष्कृतं न खलु पराहन्यते । ८१ । अत्र च लिप्साशब्दं प्रयुञ्जानः स्तुतिकारो ज्ञापयति । यथा तस्य दुराशयस्याऽसदृशतादृशदुष्कर्मनिर्माणनिर्मूलितसत्कर्मणो राज्यप्राप्तौ केवलं समीहामात्रमेव । न पुनस्तत्सिद्धिः । ८२ । एवं तेषां दुर्वादिनां वेदविहितहिंसा[1]मनुतिष्ठतामपि [2]देवतादिपरितोषणे मनोराज्यमेव । न पुनस्तेषामुत्तमजनपूज्यत्वमिन्द्रादिदिवौकसां च तृप्तिः । प्रागुक्तयुक्त्या निराकृतत्वादिति काव्यार्थः ॥

---

ष्टाशयपणायें करीने पोताना पुत्रने मारीने राज्यलक्ष्मी मेलववाने इच्छे छे, तथा तेने तेनी प्राप्ति थाय तोपण पुत्रने मारवाना पापरूपी कलंकनो पंक कोइ पण वेलाए जातो नथी; एवी रीते वेदोक्तहिंसावमे देवतादिकनी प्रीतिनी सिद्धि थाय तोपण हिंसाथी उत्पन्न थयेलुं दुष्कार्य टलीशकतुं नथी. । ८१ । अहीं स्तुतिकार 'लिप्सा' शब्दनो प्रयोग करी एम जणावे छे के, जेम तेवी रीतनुं अयोग्य दुष्कार्य करवावमे निर्मूल करेल छे सत्कर्म जेणे, एवा ते दुर्बुद्धिने राज्यप्राप्तिमां केवल इच्छामात्रज छे; पण तेनी सिद्धि थती नथी; । ८२ । एवी रीते वेदोक्तहिंसाने कालांतरमां थनारा ईष्टोपायरूप जाणीने करता, एवा पण ते दुर्वादीउने, देवतादिकोने संतोषवामां फक्त मननुं राज्यज छे, पण तेउने उत्तम लोकोथी पूजनीकपणुं थतुं नथी, तेम इंद्रादिक देवोनी तृप्ति पण थती नथी; केमके पूर्वे कहेली युक्तिवमे तेमाटेनुं खं-

---

१ कालांतरभावीष्टोपायतापूर्वकं कुर्वतामपि ॥ २ । न पूज्यत्वे देवतादिपरितोषणेच । इति द्वितीयपुस्तकपाठः ॥

। ७३ । सांप्रतं नित्यपरोक्षज्ञानवादिनां मीमांसकभेदभट्टानामेकात्मसमवायिज्ञानान्तरवेद्यज्ञानवादिनां च यौगानां मतं विकुट्टयन्नाह

**स्वार्थावबोधक्षम एव बोधः**
**प्रकाशते नार्थकथाऽन्यथा तु ॥**
**परे परेभ्यो भयतस्तथापि**
**प्रपेदिरे ज्ञानमनात्मनिष्ठम् ॥ १२ ॥**

ज्ञान छे ते पोताने अने पदार्थने (एम बन्नेने) जणाववामां समर्थज प्रतिभासन थाय छे, अने जो तेम न होय, तो पदार्थोनी कथा पण न होय; तोपण अन्योए, परना भयथी, ज्ञान आत्मनिष्ट नथी, एम अंगीकार कर्युं छे. ॥ १२ ॥

---

। १ । बोधो ज्ञानं स च स्वार्थावबोधक्षम एव प्रकाशते । स्वस्यात्मस्वरूपस्यार्थस्य च पदार्थस्य योऽवबोधः परिच्छेदस्तत्र क्षम एव समर्थ एव प्रतिभासत इत्यन्ययोगव्यवच्छेदः । २ । प्रकाशत इति क्रिययाऽवबोधस्य प्रकाशरूपत्वसिद्धिः सर्वप्रकाशानां तु स्वार्थप्रकाशकत्वेन

---

डन करेलुं छे; एवी रीते अग्यारमा काव्यनो अर्थ जाणवो.

। ७३ । हवे नित्यपरोक्षज्ञानवादी एवा मीमांसकोना एक भेदरूप भट्टोनुं एकात्मवडे जोडाएला ज्ञानांतरवेद्यज्ञानवादीउना अने यौगोना मतनुं खंडन करता थका कहे छे.

। १ । बोध एटले ज्ञान छे ते, पोतानो अने पदार्थनो जे परिच्छेद, तेमां समर्थज प्रतिभासन थाय छे, एम कहीने अन्ययोगनो व्यवच्छेद कह्यो. ।२। 'प्रकाशते' ए क्रियापदवडे करीने 'अवबोधने' प्रकाशात्मकपणानी सिद्धि छे केमके सर्व प्रकाशोने पण स्वार्थप्रकाशकपणायें क-

बोधस्यापि तत्सिद्धिः । ३ । विपर्यये दूषणमाह । नार्थकथान्यथात्विति । अन्यथेति अर्थप्रकाशनेऽविवादात् । ज्ञानस्य स्वसंविदितत्वाऽनभ्युपगमेऽर्थकथैव न स्यात् । अर्थकथा पदार्थसंबन्धिनी वार्त्ता सदसद्रूपात्मकं स्वरूपमिति यावत् । तु शब्दोऽवधारणे भिन्नक्रमश्च स चार्थकथया सह योजित एव । ४ । यदि हि ज्ञानं स्वसंविदितं नेष्यते । तदा तेनात्मज्ञानाय ज्ञानान्तरमपेक्षणीयं । तेनाप्यपरमित्याद्यनवस्था । ततो ज्ञानं तावत्स्वावबोधव्यग्रतामग्नं । अर्थस्तु जडतया स्वरूपज्ञापनाऽसमर्थः । इति को नामार्थस्य कथामपि कथयेत् । ५ । तथाप्येवं ज्ञानस्य स्वसंविदितत्वे युक्त्या घटमानेऽपि परे तीर्थान्तरीयाः ज्ञानं कर्मतापन्नमनात्मनिष्ठं । न विद्यते आत्मनः स्वस्य निष्ठा निश्चयो यस्य तदनात्म-

---

रीने ज्ञानने पण ते स्वार्थप्रकाशकपणानी सिद्धि छे. । ३ । हवे तेथी उलटापणामां दूषण कहे छे. ज्ञानने पदार्थोना प्रकाशमां जो स्वसंवेदनपणुं निर्विवादपणे अंगीकार न करीये, तो पदार्थोनी कथा पण होइ शके नही ' अर्थकथा एटले पदार्थसंबंधि वार्ता, अर्थात् सदसद्रूप स्वरूप ' अहीं ' तु ' शब्द निश्चय अर्थमां अने भिन्नक्रमवालो छे, अने ते अर्थकथानी साथेज जोडाएलो छे. । ४ । जो ज्ञानने स्वसंविदित न मानीये, त्यारे तेनावडे तेना पोताना ज्ञानमाटे बीजां ज्ञाननी जरुर पडे, अने तेमाटे वली त्रीजा ज्ञाननी ( जरुर पडे ) अने तेथी छेवटे अनवस्थादोष आवी उभे. तेथी ज्ञान छे ते पोतानाज अवबोधनी व्यग्रतामां मग्न रहे छे, अने पदार्थ तो जडपणायें करीने पोतानुं स्वरूप जणाववाने असमर्थ थाय छे, माटे पछी पदार्थनी कथा पण कोण कहे ? । ५ । एवीरीते ज्ञाननुं स्वसंविदितपणुं युक्तिथी घटते छते पण तीर्थांतरीउए ज्ञानने कर्मपणाने प्राप्त थयेलुं एटले अनात्मनिष्ट, अर्थात् नथी पोतानो निश्चय जेने ते अनात्मनिष्ट एटले स्वसंवेदनरूप

निष्ठं अस्वसंविदितमित्यर्थः । प्रपेदिरे प्रपन्नाः । ६ । कुत इत्याह । परेभ्यो भयतः । परे पूर्वपक्षवादिनस्तेभ्यः सकाशात् ज्ञानस्य स्वसंविदितत्वं नोपपद्यते । स्वात्मनि क्रियाविरोधादित्युपालंभसंभावनासंभवं यद्भयं । तस्मात्तदाश्रित्येत्यर्थः । इत्यमक्षरगमनिकां विधाय भावार्थः प्रपंच्यते । ७ । भट्टास्तावदिदं वदन्ति । यत् ज्ञानं स्वसंविदितं न भवति स्वात्मनि क्रियाविरोधात् । न हि सुशिक्षितोऽपि नटबटुः स्वं स्कन्धमधिरोढुं पटुः । न च सुतीक्ष्णाप्यसिधारा स्वं छेत्तुमाहितव्यापारा । ततश्च परोक्षमेव ज्ञानमिति । ८ । तदेतन्न सम्यक् । यतः किमुत्पत्तिः स्वात्मनि विरुध्यते ज्ञप्तिर्वा । यद्युत्पत्तिः सा विरुध्यतां । न हि वयमपि ज्ञानमात्मानमुत्पादयतीति मन्यामहे । अथ ज्ञप्तिर्नैयमात्मनि विरुद्धा ।

---

नही; एवी रीतना ज्ञानने अंगीकार कर्युं छे. । ६ । शामाटे ? ते कहे छे. परना भयथी पर एटले जे पूर्वपक्षवादीउ, तेउ तरफना 'पोतानेविषे क्रियाना विरोधथी ज्ञानने स्वसंवेदनपणुं नथी' एवी रीतना उपालंभथी उत्पन्न थयेला भयथी (तेउए ज्ञाननुं स्वसंवेदनपणुं स्वीकार्युं नथी.) एवी रीते अक्षरार्थ करीने हवे भावार्थ कहे छे. । ७ । ते भट्टो एम कहे छे के, पोतानेविषे क्रियाना विरोधथी, ज्ञान स्वसंविदित होतुं नथी; केमके सारीरीते शीखेलो एवो पण नटनो छोकरो कंइ पोताना खभापर चम्वाने शक्तिवान् थतो नथी; तेम अत्यंत तीक्ष्ण एवी पण तलवारनी धारा पोताने छेदी शक्ती नथी; माटे ज्ञान परोक्ष छे. । ८ । एवी रीतनुं भट्टोनुं ते कहेवुं युक्त नथी; केमके (ते ज्ञानने) पोतानेविषे उत्पत्तिसंबंधि विरोध आवे छे ? के ज्ञप्तिसंबंधि (जाणपणासंबंधि) विरोध आवे छे ? जो उत्पत्ति संबंधि विरोध आवतो होय, तो भले आवे, केमके अमो पण एम नथी मानता, के ज्ञान पोताने उत्पन्न करे छे. हवे जो कहेशो के ज्ञप्तिसंबंधि (विरोध

तदात्मनैव ज्ञानस्य स्वहेतुभ्य उत्पादात् । प्रकाशात्मनेव प्रदीपालोकस्य । ९ । अथ प्रकाशात्मैव प्रदीपालोक उत्पन्न इति परप्रकाशकोऽस्तु । आत्मानमप्येतावन्मात्रेणैव प्रकाशयतीति कोऽयं न्याय इति चेत्किं तेन वराकेणाऽप्रकाशितेनैव स्थातव्यम् ? । आलोकान्तराद्वाऽस्य प्रकाशेन भवितव्यं ? । १० । प्रथमे प्रत्यक्षबाधः । द्वितीयेऽपि सैवाऽनवस्थापत्तिश्च । ११ । अथ नासौ स्वमपेक्ष्य कर्मतया चकास्तीत्यस्वप्रकाशकः स्वीक्रियते । आत्मानं न प्रकाशयतीत्यर्थः । प्रकाशरूपतया उत्पन्नत्वात्स्वयंप्रकाशत एवेति चेच्चिरंजीव । न हि वयमपि ज्ञानं कर्मतयैव प्रतिभासमानं स्वसंवेद्यं ब्रूमः । ज्ञानं स्वयं प्रतिभासत इत्यादावकर्मकस्य तस्य चकासनात् । १२ । यथा तु ज्ञानं जानामीति कर्मतयापि

---

आवे छे ) तो तेवो ज्ञप्तिसंबंधि विरोध पोतानामां आवतो नथी, केमके प्रकाशात्मवडे जेम दीपकना प्रकाशने तेम तदात्मवडे ज्ञानने पोताना हेतुउथी उत्पत्ति छे. । ९ । प्रकाशरूपेज दीपकनो प्रकाश उत्पन्न थयो, माटे ते परने प्रकाशनारो थाउ ? पण तेटलावडेज पोताने पण प्रकाशे छे, ए न्याय ते केवो ? एम जो कहीश, तो ते बिचारो शुं वगर देखातोज रहेशे ? अथवा तेनो देखाव कोइ बीजा प्रकाशथी थशे ? । १० । पहेला पक्षमां तो प्रत्यक्ष बाध आवे छे; अने बीजा पक्षमां पण तेज प्रत्यक्षबाध तथा अनवस्था आवे छे. । ११ । ते दीपक पोताने अपेक्षीने कर्मपणावडे प्रकाशतो नथी, माटे तेने अमो अस्वप्रकाशक, एटले पोताने प्रकाशतो नथी, एम स्वीकारीये छीये, पण प्रकाशरूपपणायें करीने उत्पन्न थयेलो होवाथी पोते प्रकाशेज छे, एम जो तुं कहेतो होय, तो तुं चिरंजीव ? केमके अमो पण ज्ञानने कर्मपणावडेज प्रतिभासन थतुं, एवुं स्वसंवेद्य कहेता नथी; कारणके ज्ञान पोते प्रकाशे छे, इत्यादिकमां ते अकर्मकरूपे जणाय छे. । १२ ।

तज्जाति । तथा प्रदीपः स्वं प्रकाशयतीत्ययमपि कर्मतया प्रथित एव । १३ । यस्तु स्वात्मनि क्रियाविरोधो दोष उद्भावितः । सोऽयुक्तोऽनुभवसिद्धेऽर्थे विरोधाऽसिद्धेः[1] । घटमहं जानामीत्यादौ कर्तृकर्मवत् ज्ञप्तेरप्यवभासमानत्वात् । १४ । न चाऽप्रत्यक्षोपलंभस्याऽर्थदृष्टिः प्रसिध्यति । न च ज्ञानान्तराडपलंभसंभावना । तस्याप्यनुपलब्धस्य प्रस्तुतोपलंभप्रत्यक्षीकाराऽभावात् । उपलंभान्तरसंभावने चाऽनवस्था । अर्थोपलंभात्तस्योपलंभेऽन्योऽन्याश्रयदोषः । १५ । अथार्थप्राकट्यमन्यथा नोपपद्यते यदि ज्ञानं न स्यादित्यर्थापत्त्या तडपलंभ इति चेन्न । तस्या अपि ज्ञापकत्वेनाऽज्ञाताया ज्ञापकत्वाऽयोगात् । अर्थापत्त्यन्त-

---

'ज्ञानने हुं जाणुं छुं' एवी रीते कर्मपणावडे जेम ते शोभे छे, तेम 'दीपक पोताने प्रकाशे छे' एवी रीते ते पण कर्मपणावडे प्रसिद्ध ज छे. । १३ । वळी जे, ज्ञानमां पोतामां क्रियानो विरोध कह्यो, ते अयुक्त छे; केमके अनुभवसिद्ध अर्थमां विरोधनी अप्राप्ति छे; कारणके 'हुं घटने जाणुं छुं' इत्यादिकमां कर्ताकर्मनी पेठे ज्ञप्तिनुं पण अवभासन थाय छे. । १४ । वळी अप्रत्यक्ष ज्ञाननी दृष्टि पदार्थोप्रते चालती नथी, तेम बीजां ज्ञानथी तेना उपलंभनी संभावना थती नथी; केमके अनुपलब्ध एवा तेने पण, आ चालता उपलंभने प्रत्यक्ष करवानो अभाव छे; तेम जो बीजा उपलंभनी संभावना करीये, तो अनवस्था थाय छे; तथा अर्थना उपलंभथी जो तेनो उपलंभ मानीये, तो अन्योऽन्याश्रय दोष आवे छे. । १५ । जो ज्ञान न होय, तो बीजी रीते अर्थनुं प्रकटपणुं न थाय, माटे अर्थापत्तिथी, तेनी प्राप्ति छे, एम जो कहीश, तो ते युक्त नथी; केमके ज्ञापकपणावडे नही जणायेली एवी ते अर्थापत्तिने पण ज्ञापकपणानी अप्राप्ति छे; तेम बीजी

---

१ विरोधे चाऽविरोधे च । प्रमाणं कारणं मतं ॥ प्रतीयते चेदुभयं । विरोधः कोऽयमुच्यते ॥

रात्तज्ज्ञानेऽनवस्थेतरेतराश्रयदोषापत्तेस्तादवस्थः परिभवः । तस्मादर्थोन्मुखतयेव स्वोन्मुखतयापि ज्ञानस्य प्रतिभासात्स्वसंविदितत्वं । १६ । नन्वनुभूतेरनुभाव्यत्वे घटादिवदननुभूतित्वप्रसङ्गः । प्रयोगस्तु ज्ञानमनुभवरूपमप्यनुभूतिर्न भवति अनुभाव्यत्वाद् घटवत् । अनुभाव्यं च भवद्भिरिष्यते ज्ञानं स्वसंवेद्यत्वात् । १७ । नैवं । ज्ञातुर्ज्ञातृत्वेनैवानुभूतेरनुभूतित्वेनैवानुभवात् । नचाऽनुभूतेरनुभाव्यत्वं दोषः । अर्थापेक्षयाऽनुभूतित्वात्स्वापेक्षया चाऽनुभाव्यत्वात्स्वपितृपुत्रापेक्षयैकस्य पुत्रत्वपितृत्ववद्विरोधाऽभावात् । १८ । अनुमानाच्च स्वसंवेदनसिद्धिस्तथाहि

---

अर्थापत्तिथी तेणीनुं ज्ञान मानवामां अनवस्था अने अन्योऽन्याश्रय दोष आववाथी तेवोज पराभव आवी पडे छे; माटे पदार्थप्रते जेम, तेम पोताप्रते पण ज्ञान प्रतिभासतुं होवाथी, तेने स्वसंवेदनपणुं छे. ।१६। (अहीं वादी शंका करे छे के)–अनुभवनारने अनुभाव्यपणुं-घटाववामां घटादिकनीपेठे, नही अनुभवनारनो प्रसंग थशे. ते शंकानो प्रयोग नीचेप्रमाणे छे. ज्ञान अनुभवरूप होय, तोपण अनुभवनार थाय नही, केमके ते घटनीपेठे अनुभाव्य (अनुभवानारुं) छे; अने ते स्वसंवेद्य होवाथी तेने तमो अनुभवानारुं मानो छो. । १७ । (हवे वादीनी ते शंकानो टीकाकार उत्तर आपे छे के)–तेम नथी. जाणनारनो जाणनारपणावडे जेम, तेम अनुभवनारनो अनुभवनारपणावडे करीनेज अनुभव थाय छे. वळी अनुभवनारने अनुभवानार कहेवामां दोष नथी; केमके पदार्थोनी अपेक्षाये अनुभवनार छे, अने पोतानी अपेक्षाये अनुभवानार छे; केमके पोताना पिता अने पुत्रनी अपेक्षाये एकनेज पुत्रपणानी अने पितापणानीपेठे तेमां विरोध आवतो नथी. । १८ । वळी अनुमानप्रमाणथी ज्ञानने स्वसंवेदननी सिद्धि छे; ते कहे छे. दीपकनीपेठे प्रकाशक होवाथी ज्ञान पोते प्रकाशतुं-

। ज्ञानं स्वयं प्रकाशमानमेवार्थं प्रकाशयति । प्रकाशकत्वात्प्रदीपवत् । संवेदनस्य प्रकाश्यत्वात्प्रकाशकत्वमसिद्धमितिचेन्न । अज्ञाननिरासादिद्वारेण प्रकाशकत्वोपपत्तेः । १९ । ननु नेत्रादयः प्रकाशका अपि स्वं न प्रकाशयन्तीति प्रकाशकत्वहेतोरनैकान्तिकतेति चेन्नात्र नेत्रादिभिरनैकान्तिकता । तेषां [१]लब्ध्युपयोगलक्षणभावेन्द्रियरूपाणामेव प्रकाशकत्वात् । भावेन्द्रियाणां च स्वसंवेदनरूपतैवेति न व्यभिचारः । तथा संवित् स्वप्रकाशार्थप्रतीतित्वात् । यः स्वप्रकाशो न भवति नासावर्थप्रतीतिर्यथा घटः । २० । तदेवं सिद्धेऽपि प्रत्यक्षाऽनुमानाभ्यां ज्ञानस्य स्वसंविदितत्वे सत्संप्रयोगे इन्द्रियबुद्धिजन्मलक्षणं ज्ञानं । ततोऽर्थ-

---

थकुंज अर्थने प्रकाशे छे. वळी संवेदनने प्रकाश्यपणुं होवाथी, तेने प्रकाशकपणुं असिद्ध छे, एम जो कहीश, तो ते अयुक्त छे; केमके अज्ञानने दूर करवाआदिकवमे तेने प्रकाशकपणानी प्राप्ति छे. ।१९। नेत्रादिको प्रकाशक छतां पण पोताने प्रकाशतां नथी, माटे (तमारा) प्रकाशकपणाना हेतुने अनेकांतिकपणुं आवे छे, एम जो कहीश, तो अहीं नेत्रादिकोवमे अनेकांतिकपणुं नथी, केमके लब्ध्युपयोगरूप ते भावइंद्रिनेज प्रकाशकपणुं छे, अने भावइंद्रिने स्वसंवेदनस्वरूपपणुंज छे, माटे तेमां दूषण नथी; तेवी रीते ज्ञान छे, केमके ते पोताना प्रकाशपूर्वक पदार्थनी प्रतीति करावे छे; जे स्वप्रकाशक न होय, ते घटनीपेठे पदार्थनी प्रतीति करावनार न होय. ।२०। माटे एवीरीते प्रत्यक्ष अने अनुमानप्रमाणवमे प्रयोगपूर्वक ज्ञाननुं स्वसंविदितपणुं सिद्ध होते छते पण " इंद्रिय अने बुद्धिथी उत्पत्तिना लक्षणवाळुं ज्ञान, तेथी अर्थनी प्रकटता, तेथी अर्थापत्ति, अने तेवमे प्रवर्तक ज्ञाननी

---

१ उपयोगः स्वस्वविषये श्रोत्रेंद्रियादिविषयावरणक्षयोपशमजनितार्थग्रहणशक्तिस्वरूपलब्धींद्रियानुसारेणात्मनो व्यापारः ॥

प्राकट्यं । तस्मा[1]दर्थापत्तिस्तया प्रवर्तकज्ञानस्योपलंभः । इत्येवंरूपा त्रिपुटीप्रत्यक्षकल्पना भट्टानां प्रयासफलैव । २१ । यौगास्त्वाहुः । ज्ञानं [2]स्वाऽन्यप्रकाश्यं । ईश्वरज्ञानाऽन्यत्वे सति प्रमेयत्वात् घटवत् । समुत्पन्नं हि ज्ञानमेकात्मसमवेताऽनन्तरोत्पदिष्णुमानसप्रत्यक्षेणैव लक्ष्यते । न पुनः स्वेन । नचैवमनवस्था[3] । अर्थावसायिविज्ञानोत्पादमात्रेणैवार्थसिद्धौ प्रमातुः कृतार्थत्वात् । अर्थज्ञानजिज्ञासायां तु तत्रापि ज्ञानमुत्पद्यत एवेति । २२ । तदयुक्तं । पक्षस्य प्रत्यनुमानबाधितत्वेन हेतोः कालात्ययापदिष्टत्वात् । तथाहि । २३ । विवादास्पदं ज्ञानं स्वसंविदितं ज्ञान-

---

प्राप्ति." एवी रीतनी ते भट्टोनी त्रिपुटीप्रत्यक्षकल्पना फक्त प्रयासरूपज छे. । २१ । वळी यौगमतवाळा कहे छे के 'ज्ञान छे ते पोताथी अन्यवडे प्रकाशनारुं छे, केमके ते घटनीपेठे ईश्वरज्ञानथी अन्यपणुं होते छते प्रमेय छे.' उत्पन्न थयेलुं ज्ञान, एकात्मसाथे जोडायेला तुरतज उत्पन्न थता मानसप्रत्यक्षवडेज जणाय छे, पण पोतावडे जणातुं नथी. वळी एम मानवाथी अनवस्था आवती नथी; केमके पदार्थने जणावनारां ज्ञाननी उत्पत्तिमात्रवडेज अर्थसिद्धिमां प्रमाता कृतार्थ थाय छे; अने पदार्थज्ञाननी जिज्ञासावखते तो, त्यां पण ज्ञान उत्पन्न थायज छे. । २२ । ( हवे ते यौगमतवाळाने टीकाकार कहे छे के )—तमोए जे उपरप्रमाणे कह्युं, ते तमारुं कहेवुं अयुक्त छे; केमके प्रत्यनुमानवडे पक्षने बाध आवतो होवाथी, हेतुने कालात्ययापदिष्ट नामनो दोष आवे छे. ते कहे छे. । २३ । जेमाटे विवाद चाले छे, ते ज्ञान, ज्ञान होवाथी ईश्वरज्ञाननीपेठे स्वसंविदित छे; वळी आ दृष्टांत तमो वादीओने कंइ खातरीविनानुं नथी; तेम जैनोए पण पुरुषविशेषने ईश्व-

---

१ अनुपपद्यमानार्थदर्शनादुपपादकभूतार्थांतरकल्पनमर्थापत्तिः ॥ २ स्वस्मादन्येनप्रकाश्यं ॥
३ यथा किलार्थज्ञानं मानसप्रत्यक्षेण ज्ञातं । तदन्येन । । तदन्यन्येनेति ॥

त्वादीश्वरज्ञानवत्। न चायं वाद्यप्रतीतोदृष्टान्तः। पुरुषविशेषस्येश्वरतया[1] जैनैरपि स्वीकृतत्वेन तज्ज्ञानस्य तेषां प्रसिद्धिः । २४ । व्यर्थविशेष्यश्चात्र तव हेतुः । समर्थविशेषणोपादानेनैव साध्यसिद्धेः । अग्निसिद्धौ धूमत्वे सति द्रव्यत्वादितिवत् ईश्वरज्ञानाऽन्यत्वादित्येतावतैव गतत्वात्। नहीश्वरज्ञानादन्यत्स्वसंविदितमप्रमेयं वा ज्ञानमस्ति। यद्व्यवच्छेदाय प्रमेयत्वादिति क्रियेत । भवन्मते तदन्यज्ञानस्य सर्वस्य प्रमेयत्वात् ।२५। अप्रयोजकश्चायं हेतुः सोपाधित्वात्। साधनाऽव्यापकः साध्येन समव्याप्तिश्च खलूपाधिरभिधीयते । तत्पुत्रत्वादिना श्यामत्वे साध्ये शाकाद्याहारपरिणामवत् । २६ । उपाधिश्चात्र जडत्वं । तथाहीश्वरज्ञानाऽन्यत्वे प्रमेयत्वे च सत्यपि यदेव जडं स्तंभादि । तदेव स्वस्मादन्येन प्रकाश्यते

रतरिके स्वीकारेल होवाथी; ते ज्ञाननी तेओने (पण) प्रसिद्धि छे. । २४ । वळी अहीं तारो हेतु व्यर्थविशेष्यरूप छे, केमके अग्निनी सिद्धिमां 'धूमपणुं होते छते द्रव्य होवाथी' ए हेतुनीपेठे, समर्थविशेषणना उपादानवडेज साध्यनी सिद्धि थाय छे; तेटलामाटे 'ईश्वरज्ञानान्यत्वात्' एटलोज हेतु देवानी जरुर हती; केमके ईश्वरज्ञानशिवाय बीजुं स्वसंविदित अथवा अप्रमेय ज्ञान नथी, के जेने जूदुं पाडवामाटे 'प्रमेयत्वात्' एवो हेतु करवो पडे; तेम तमारा मतमां ते ईश्वरज्ञानशिवायना सर्व ज्ञानने प्रमेयपणुं छे. । २५ । वळी आ हेतु उपाधियुक्त होवाथी अप्रयोजक छे. तत्पुत्रत्वादिकवडे श्यामपणुं साधवामां जेम शाकादिकनो आहारपरिणाम, तेनीपेठे साधननी साथे जे अव्याप्ति अने साध्यनी साथेज व्याप्ति, ते उपाधि कहेवाय छे. । २६ । वळी अहीं जडपणुं ए उपाधि छे; ते कहे छे. ईश्वरज्ञानथी अन्यपणुं अने प्रमेयपणुं होते छते पण जे जडस्तंभादिक छे, तेज पोताथी अ-

१ क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वर इति ॥

। स्वप्रकाशे परमुखप्रेक्षित्वं हि जडस्य लक्षणं। न च ज्ञानं जडस्वरूपं। अतः साधनाऽव्यापकत्वं जडत्वस्य साध्येन समव्याप्तिकत्वं चास्य स्पष्टमेव। जाड्यं विहाय स्वप्रकाशाऽभावस्य। तं च त्यक्त्वा जाड्यस्य क्वचिदप्यदर्शनादिति । २७ । यच्चोक्तं "समुत्पन्नं हि ज्ञानमेकात्मसमवेतेत्यादि"। तदप्यसत्यम्। इत्थमर्थज्ञानतज्ज्ञानयोरुत्पद्यमानयोः क्रमाऽनुपलक्षणात् । २८ । आशूत्पादात् क्रमाऽनुपलक्षणमुत्पलपत्रशतव्यतिभेदवदितिचेत्तन्न। जिज्ञासाव्यवहितस्यार्थज्ञानस्योत्पादप्रतिपादनात्। न च ज्ञानानां जिज्ञासासमुत्पाद्यत्वं घटते। अजिज्ञासितेष्वपि योग्यदेशेषु विषयेषु तदुत्पादप्रतीतेः । २९ । न चाऽर्थज्ञानमयोग्यदेशम्। आत्मसमवेतस्यास्य समुत्पादादिति जिज्ञासामन्तरेणैवार्थज्ञाने ज्ञा-

---

न्यवडे प्रकाशाय छे; केमके पोताने प्रकाशवामां अन्यनुं मुख जोइ बेसवुं, ए जडनुं लक्षण छे; अने ज्ञान कंइ जडरूप नथी; माटे तेनुं साधनप्रते अव्यापकपणुं, अने जडपणानुं साध्यसाथे व्याप्तिपणुं स्पष्टज छे; केमके जडपणाने छोडीने स्वप्रकाशनो अभाव, अने स्वप्रकाशना अभावने छोडीने जडपणुं कयांयें पण देखातुं नथी. ।२७। वळी 'उत्पन्न थयेलुं ज्ञान' इत्यादिक (एकवीसमा अंकनी अंदर) जे कह्युं, ते पण असत्य छे; केमके एवी रीते उत्पन्न थता एवा अर्थज्ञान अने ते ज्ञाननो क्रम लक्षमां आवतो नथी. ।२८। एकसो कमळना पत्रोने एकदम वींधवानीपेठे, जलदी उत्पन्न थवाथी क्रम लक्षमां आवतो नथी, एम जो कहीश, तो ते युक्त नथी; केमके (वच्चे) जिज्ञासाना व्यवधानवाळा अर्थज्ञाननी उत्पत्ति तें स्वीकारी छे. वळी ज्ञानोने जिज्ञासावडे समुत्पाद्यपणुं घटतुं नथी; केमके अजिज्ञासित एवा पण योग्य देशोवाळा विषयोमां तेनी उत्पत्तिनी प्रतीति छे. ।२९। वळी अर्थज्ञान कंइ अयोग्यदेशवाळुं नथी, केमके

नोत्पादप्रसङ्गः । ३० । अथोत्पद्यतां नामेदं । को दोष इति चेन्न । नन्वेवमेव तज्ज्ञानज्ञानेऽप्यपरज्ञानोत्पादप्रसङ्गस्तत्रापि चैवमेवायम् । इत्यपरापरज्ञानोत्पादपरंपरायामेवात्मनो व्यापारान्न विषयान्तरसंचारः स्यादिति । तस्माद्यज्ज्ञानं तदात्मबोधं प्रति अनपेक्षितज्ञानान्तरव्यापारं । यथा गोचरान्तरग्राहिज्ञानात्प्राग्भाविगोचरान्तराग्राहिधारावाहिज्ञानप्रबन्धस्यान्त्यज्ञानं । ३१ । ज्ञानं च विवादाध्यासितं रूपादिज्ञानमिति न ज्ञानस्य ज्ञानान्तरज्ञेयता युक्तिं सहत इति काव्यार्थः ॥

।३२। अथ ये ब्रह्माऽद्वैतवादिनोऽविद्याऽपरपर्यायमायावशात्प्रतिभासमानत्वेन विश्वत्रयवर्त्तिवस्तुप्रपञ्चमपारमार्थिकं समर्थयन्ते तन्मतमु-

---

तेनी आत्मसमवेत उत्पत्ति छे; तेथी जिज्ञासाविनाज अर्थज्ञानमां ज्ञाननी उत्पत्तिनो प्रसंग थाय छे. । ३० । भले ते उत्पन्न थाय, तेमां शुं दोष छे? एम जो कहीश, तो एवीजरीते ते ज्ञानना ज्ञान माटे पण बीजां ज्ञाननी उत्पत्तिनो प्रसंग थशे, अने तेमाटे पण एवीज रीते ते प्रसंग थशे; तथा एवी रीते अपर अपर ज्ञाननी उत्पत्तिनी परंपरामांज पोतानो व्यापार थवाथी, बीजा विषयोमां तेनो संचार थशे नही; माटे जे ज्ञान छे ते, आत्मज्ञानप्रते बीजा ज्ञानना व्यापारनी अपेक्षा राखतुं नथी. ( कोनीपेठे? तोके ) विषयांतरने ग्रहण करनारां ज्ञाननी पेहेलां थनारा विषयांतरने ग्रहण करनारा धाराबंध ज्ञानना प्रबंधना अंत्य ज्ञाननी पेठे. । ३१ । वळी आ विवादवाळुं ज्ञान, रूपादिकनुं ज्ञान छे; माटे एवी रीते ज्ञाननुं बीजां ज्ञानथी जाणवापणुं युक्तिवाळुं नथी. एवी रीते बारमा काव्यनो अर्थ जाणवो.

। ३२ । हवे ब्रह्मशिवाय बीजुं कंइ नथी, एम कहेनारा जे वादीउ, अविद्या, के जेनुं बीजुं नाम माया छे, तेवडे प्रतिभासन थवायें करीने, त्रणे जगतोमां वर्तता वस्तुप्रपंचने असत्यतरिके स्थापन करे छे,

पहसन्नाह ।

> माया सती चेद्द्वयतत्वसिद्धि-
> रथाऽसती हन्त कुतः प्रपञ्चः ।
> मायैव चेदर्थसहा च तत्किं
> माता च वन्ध्या च भवत्परेषाम् ॥ १३ ॥

माया जो छती होय, तो बे तत्वोनी सिद्धि थाय छे, अने जो अछती होय, तो ( आ सघलो ) प्रपंच क्यांथी थाय छे ? माया पण थशे ! अने पदार्थोने देखाडवामां समर्थ पण थशे ! माटे एम संभवे छे के ( हे प्रभु ! ) आपनी आज्ञाने नहीं माननारा एवा ते वादीओनी माता पण थशे ! अने वांझणी पण थशे !! ॥ १३ ॥

---

। १ । तैर्वादिभिस्तात्विकात्मब्रह्मव्यतिरिक्ता या मायाऽविद्या प्रपञ्चहेतुः परिकल्पिता । सा सद्रूपाऽसद्रूपा वा द्वयी गतिः । सती सद्रूपा चेत्तदा द्वयतत्वसिद्धिः । द्वावयवौ यस्य तद्द्वयं । तथाविधं यत्तत्वं परमार्थस्तस्य सिद्धिरयमर्थः । एकं तावत्त्वदभिमतं तात्विकमात्मब्रह्म द्वितीया च माया तत्वरूपा सद्रूपतयाङ्गीक्रियमाणत्वात् । तथा

---

तेओना मतनी हांसी करताथका कहे छे.

। १ । ते वादीओए तात्विक आत्मब्रह्मथी जूदी, एवी जे माया एटले अविद्याने ( जगत्‌ना ) प्रपंचना हेतुरूप कल्पेली छे, ते कांतो सद्रूप होय, अथवा कांतो असद्रूप होय ; एम बे प्रकार होय, हवे जो सद्रूप होय, तो बे तत्वोनी सिद्धि थाय. जेना बे विभागो होय, ते 'द्वय' कहेवाय, अने तेवो बे प्रकारनो जे परमार्थ, तेनी सिद्धि थाय छे ; एवो भावार्थ छे ; अर्थात् तें मानेलुं एक तो तात्विक आत्मब्रह्म, अने बीजी तत्वरूप माया, केमके तेणीने पण तें सद्रूपे अंगीकार करी छे ; अने तेम

षाऽद्वैतवादस्य मूले निहितः कुठारः ।२। (अथेति पक्षान्तरद्योतने) यदि असती गगनांभोजवदवस्तुरूपा सा माया । ततो (हन्तेत्युपदर्शने आश्चर्ये वा) कुतः प्रपञ्चः अयं त्रिभुवनोदरविवरवर्त्तिपदार्थसार्थरूपःप्रपञ्चः कुतः । न कुतोऽपि असंभवीत्यर्थः । मायाया अवस्तुत्वेनाऽभ्युपगमात् । अवस्तुनश्च तुरङ्गशृङ्गस्येव सर्वोपाख्याविरहितस्य साक्षात्क्रियमाणेदृशविवर्तजननेऽसमर्थत्वात् । ३ । किलेन्द्रजालादौ मृगतृष्णादौ वा मायोपदर्शितार्थानामर्थक्रियायामसामर्थ्यं दृष्टम् । अत्र तु तदुपलंभात्कथं मायाव्यपदेशः श्रद्धीयताम् । ४ । अथ मायापि भविष्यति । अर्थक्रियासमर्थपदार्थोपदर्शनक्षमा च भविष्यति । इति चेत्तर्हि स्ववचनविरोधः । न हि भवति माता च वन्ध्या चेति । एनमेवार्थं हृदि निधायो-

---

मानवाथी तो (हे वादी ! तें तारा) अद्वैतवादना मूलमां कुहाडो मार्यो छे ! ।२। अहीं 'अथ' छे ते, पक्षांतर देखाडवामाटे छे. जो ते माया आकाशकमलनीपेठे असद्रूप होय, तो आ त्रणे जगतूना उदररूप विवरमां रहेला पदार्थोना समूहरूप प्रपंच क्यांथी होय ! क्यांथी पण न होय, अर्थात् असंभवित थाय; (अहीं 'हंत' छे ते उपदर्शन माटे अथवा आश्चर्य अर्थमां छे.) केमके मायाने (तें) अवस्तु तरिके स्वीकारेली छे; अने अवस्तु तो तुरंगशृंगनी पेठे सर्व कथाओथी रहित होवाथी, साक्षात् कराता, एवा आ विवर्तने उत्पन्न करवामां असमर्थ छे. ।३। वली इंद्रजालादिकमां अथवा मृगतृष्णादिकमां तो मायाए देखाडेला पदार्थोनुं अर्थक्रियामां असमर्थपणुं देखायुं छे, तो पछी अहीं तेना उपलंभथी मायाना व्यपदेशनी श्रद्धा शीरीते कराय ? ।४। माया पण थशे, अने अर्थक्रियामां समर्थ एवा पदार्थोने देखाडवामां पण समर्थ थशे, एम जो कहीश, तो तारा पोताना वचनमां विरोध आवशे; केमके 'माता अने वांझणी' एम बनी शकतुं नथी, एवी रीतनाज (उ-

त्तरार्द्धमाह । मायैवचेदित्यादि । ५ । ( अत्रैवकारोऽप्यर्थः । अपिश्च समुच्चयार्थोऽग्रेतनचकारश्च । तथा उभयोश्च समुच्चयार्थयोर्यौगपद्यद्योतकत्वं प्रतीतमेव । यथा रघुवंशे "ते च प्रापुरुदन्वन्तं । बुबुधे चादिपूरुषः" इति ) । ६ । तदयं वाक्यार्थः । माया च भविष्यति अर्थसहा च भविष्यति । अर्थसहा अर्थक्रियासमर्थपदार्थोपदर्शनक्षमा ( चेच्छब्दोऽत्र योज्यते ) इति चेत् । एवं परमाशङ्क्य तस्य स्ववचनविरोधमुद्भावयति । ७ । तत्किं भवत्परेषां माता च वन्ध्या च ( किमिति संभावने ) संभाव्यते एतत् । भवतो ये परे प्रतिपक्षास्तेषां भवत्परेषां भवद्व्यतिरिक्तानां भवदाज्ञापृथग्भूतत्वेन तेषां वादिनां यन्माता च भवि-

---

पर कहेला) अर्थने हृदयमां धारीने 'मायैव चेद्' इत्यादिकवडे (टीकाकार) हवे उत्तरार्ध वर्णवे छे. । ५ । अहीं 'एवकार' 'अपिना' अर्थमां छे; अने ते 'अपि' 'समुच्चयना' अर्थमां छे; तेम आगलनो 'चकार' पण 'समुच्चयना' अर्थमां छे; तेम बे 'समुच्चयार्थोनुं' एकी वखते जणाववुं प्रसिद्धज छे. जेम रघुवंशमां "ते च प्रापुरुदन्वंतं। बुबुधे चादिपूरुषः" (एवी रीतना श्लोकना उत्तरार्धमां बन्ने समुच्चयार्थवाला चकारोने एकी वखते वापरेला छे.) । ६ । माटे एवो वाक्यार्थ छे के—माया पण थशे, अने अर्थसहा पण थशे; अर्थसहा एटले अर्थक्रियामां समर्थ एवा जे पदार्थो, तेउने देखाडवामां समर्थ. (चेत् शब्द अहीं जोडाय छे.) एटले 'जो तुं उपर प्रमाणे कहीश.' एवी रीते वादी तरफनी शंका करीने, तेना पोताना वचनमां आवतो विरोध देखाडे छे. । ७ । (अहीं 'किं' संभावन अर्थमां छे.) एटले के (हे प्रभु!) आपथी पर एवा ते वादीउनुं 'माता अने वांझणी' ए वाक्य शुं संभवे छे !! अर्थात् आपना प्रतिपक्षिउ, एटले आपनी आज्ञाने नही स्वीकारवावडे आपथी व्यतिरिक्त थयेला,

च्यतिवंध्या च भविष्यतीत्युपहासः ।८। माता हि प्रसवधर्मिणी वनितोच्यते । वन्ध्या च तद्विपरीता । ततश्च वन्ध्या चेत्कथं माता? माता चेत्कथं वन्ध्या? तदेवं मायाया अवास्तव्या अप्यर्थसहत्वेऽङ्गीक्रियमाणे प्रस्तुतवाक्यवत् स्पष्ट एव स्ववचनविरोधः । इति समासार्थः । व्यासार्थस्त्वयं । ९। ते वादिन इदं प्रणिगदन्ति तात्विकमात्मब्रह्मैवास्ति =॥ "सर्वं खल्विदं ब्रह्म । नेह नानास्ति किंचन ॥ आरामं तस्य पश्यन्ति । न तत्पश्यति कश्चन" ॥= [1]इतिसमयात् । १० । अर्थप्रपञ्चो मिथ्यारूपः प्रतीयमानत्वाद्यदेवं तदेवं । यथा शुक्तिशकले कलधौतं तथा चायं तस्मात्तथा तदेतशास्त्र्ं । तथाहि । ११ । मिथ्यारूपत्वं तैः कीदृग् विव-

---

एवा ते वादीउंनी माता पण थशे ! अने वांझणी पण थशे ! एवी रीते उपहास करेलो छे. । ८ । प्रसवधर्मवाली वनिता माता कहेवाय छे, अने तेथी विपरीतधर्मवाली वंध्या ( वांझणी ) कहेवाय छे; माटे जो वंध्या होय, तो माता केम होय? अने जो माता होय, तो वंध्या केम होय? माटे एवी रीते असत्य एवी पण ते मायानुं अर्थसहपणुं स्वीकारवाथी उपर कहेलां वाक्यनी पेठे, स्पष्टज तेना पोताना वचनमां विरोध आवे छे. एवी रीते शब्दार्थ कह्यो. विशेष अर्थ नीचेप्रमाणे छे. । ९ । ते वादीउ एम कहे छे के, तत्वरूप तो आत्मब्रह्मज छे. तेउंना शास्त्रमां कह्युं छे के =॥ आ सघलुं ब्रह्मज छे, पण अहीं बीजुं नानाप्रकारनुं कंइ पण नथी; तेना आरामने जुए छे, पण तेने कोइ जोतुं नथी. =॥ । १० । अर्थप्रपंच मिथ्यारूप छे, केमके तेवी प्रतीति थाय छे. जे एम छे, ते तेम छे. जेम छीपना टुकडामां रुपुं, तेम आ, अने तेथी तेम, अने तेटलामाटे ते वार्तारूप छे. ते कहे छे. । ११ । तेउए केवुं मिथ्यारूप कह्युं छे? शुं अत्यंत असतापणुं कह्युं छे? के

---

१ । इति न्यायात् । इति द्वितीयपुस्तकपाठः ॥

ङ्कितं । किमत्यन्ताऽसत्वमुताऽन्यस्याऽन्याकारतया प्रतीतत्वम् । आहो-
स्विदनिर्वाच्यत्वं । प्रथमपक्षेऽसत्ख्यातिप्रसङ्गः । द्वितीये विपरीतख्या-
तिस्वीकृतिः । तृतीये तु किमिदमनिर्वाच्यत्वं । १२ । निःस्वभावत्वं चे-
न्निसः प्रतिषेधार्थत्वे स्वभावशब्दस्यापि भावाऽभावयोरन्यतरार्थत्वेऽस-
त्ख्यातिसत्ख्यात्यभ्युपगमप्रसङ्गः । भावप्रतिषेधेऽसत्ख्यातिरभावप्रतिषेधे
सत्ख्यातिरिति । १३ । प्रतीत्यगोचरत्वं निःस्वभावत्वमिति चेदत्र विरोधः।
स प्रपञ्चो हि न प्रतीयते चेत्कथं धर्मितयोपात्तः[1] । कथं च प्रतीयमा-
नत्वं हेतुतयोपात्तं । तथोपादाने वा कथं न प्रतीयते । १४ । यथा प्र-
तीयते न तथेतिचेत्तर्हि विपरीतख्यातिरियमभ्युपगता स्यात् । किं चे-

---

अन्यनुं अन्यआकारपणावडे प्रतीतिपणुं कह्युं छे? अथवा अनिर्वा-
च्यपणुं कह्युं छे? पेहेला पक्षमां तो असतुं कहेवानो प्रसंग थशे. बीजा
पक्षमां विपरीत कहेवानो स्वीकार थशे. अने त्रीजा पक्षमां तो ते अ-
निर्वाच्यपणुं शुं छे? । १२ । जो कहेशो के स्वभावरहितपणुं, तो 'नि-
स्ना' प्रतिषेधार्थपणामां स्वभावशब्दने पण भाव अने अभावमांथी
एक अर्थपणुं होते छते, असत् कहेवाना अथवा सत् कहेवाना स्वी-
कारनो प्रसंग थशे; अर्थात् भावना प्रतिषेधमां असत् कहेवानो, अने
अभावना प्रतिषेधमां सत् कहेवानो प्रसंग थशे. । १३ । प्रतीतिमां नही
आववाथी स्वभावरहितपणुं छे, एम जो कहीश, तो तेमां विरोध आवे
छे; केमके जो ते प्रपंच प्रतीत नथी थतो, तो तेने धर्मिपणावडे शा-
माटे स्वीकार्यो छे? अने प्रतीयमानपणाने हेतुरूपे शामाटे स्वीकार्युं
छे? अथवा तेवा उपादानमां ते केम प्रतीत थतुं नथी? । १४ । जेम
प्रतीत थाय छे, तेम ते नथी, एम जो कहीश, तो आ विपरीत कहे-
वानो स्वीकार थशे. वळी प्रपंचनुं आ अनिर्वाच्यपणुं प्रत्यक्षप्रमाणथी

---

१ प्रसिद्धो हि धर्मी उपन्यस्यतेऽनुमाने ॥

थमनिर्वाच्यता प्रपञ्चस्य प्रत्यक्षबाधिता। घटोऽयमित्याद्याकारं हि प्रत्यक्षं प्रपञ्चस्य सत्यतामेव व्यवस्यति। घटादिप्रतिनियतपदार्थपरिच्छेदात्मनस्तस्योत्पादादितरेतरविविक्तवस्तूनामेव च प्रपञ्चशब्दवाच्यत्वात् ।१५। अथ प्रत्यक्षस्य विधायकत्वात्कथं प्रतिषेधे सामर्थ्यं। प्रत्यक्षं हि इदमितिवस्तुस्वरूपं गृह्णाति। नान्यत्स्वरूपं प्रतिषेधति। =॥ आहुर्विधातृ प्रत्यक्षं। न निषेधृ विपश्चितः॥ नैकत्व आगमस्तेन। प्रत्यक्षेण प्रबाध्यते ॥= इति वचनात्। इतिचेन्न। अन्यरूपनिषेधमन्तरेण तत्स्वरूपपरिच्छेदस्याप्यसंपत्तेः। पीतादिव्यवच्छिन्नं हि नीलं नीलमिति गृहीतं भवति। नान्यथा। केवलवस्तुस्वरूपप्रतिपत्तेरेवान्यप्रतिषेधप्रतिपत्तिरूपत्वात्। मुण्डभूतलग्रहणे घटाऽभावग्रहणवत्। तस्माद्यथा

---

बाधित छे; केमके 'आ घमो छे' इत्यादिक आकारज प्रत्यक्षरीते प्रपंचनी सत्यताज जणावे छे; केमके घटादिक चोकस पदार्थोने जूदापाम्वारूप तेनी उत्पत्ति छे, अने इतरेतर विविक्त वस्तुउनेज प्रपंचशब्दनुं वाच्यपणुं छे. ।१५। प्रत्यक्षने तो विधायकपणुं होवाथी, प्रतिषेधमां तेनुं सामर्थ्य शीरीते थइ शके? केमके प्रत्यक्ष तो 'आ' एम वस्तुस्वरूपने ग्रहण करे छे, पण बीजा स्वरूपने कंइ निषेधतुं नथी. =॥ विद्वानो प्रत्यक्षने विधायक कहे छे, पण निषेधक कहेता नथी; तेथी प्रत्यक्षवमे एकत्व आगम बाधित थतो नथी. =॥ एवुं शास्त्रनुं वचन छे, एम जो तुं कहीश, तो ते युक्त नथी; केमके अन्यस्वरूपना निषेधविना तेना स्वरूपना परिच्छेदनी पण अप्राप्ति छे; कारणके पीला आदिकथी भिन्न थयेलुं जे लीलुं, तेज 'लीलुं' एम ग्रहण कराय छे; पण तेथी विपरीत रीते नही; केमके खाली भूतल ग्रहण करते छते, घटना अभावना ग्रहणनीपेठे, केवल वस्तुस्वरूपना अंगीकारथीज अन्यनो प्रतिषेध स्वीकारी शकाय छे. माटे प्र-

मत्यक्षं विधायकं प्रतिपन्नं । तथा निषेधकमपि प्रतिपत्तव्यम् । १६ । अपि च विधायकमेव प्रत्यक्षमित्यङ्गीकृते यथा प्रत्यक्षेण विद्या विधीयते । तथा किं नाऽविद्यापीति । तथा च द्वैतापत्तिः । ततश्च सुव्यवस्थितः प्रपञ्चः । तदमी वादिनोऽविद्याविवेकेन सन्मात्रं प्रत्यक्षात्प्रतीयन्तोऽपि न निषेधकं तदिति ब्रुवाणाः कथं नोन्मत्ताः? इति सिद्धं प्रत्यक्षबाधितः पक्ष इति । १७ । अनुमानबाधितश्च । प्रपञ्चो मिथ्या न भवति असद्विलक्षणत्वादात्मवत् । प्रतीयमानत्वं च हेतुर्ब्रह्मात्मना व्यभिचारी । स हि प्रतीयते । न च मिथ्या । अप्रतीयमानत्वे त्वस्य तद्विषयवचसामप्रवृत्तेर्मूकतैव श्रेयसी । १८ । साध्यविकलश्च दृष्टान्तः ।

---

त्यक्षने जेम विधायक स्वीकार्युं छे, तेम तेने निषेधक पण स्वीकारी लेवुं. । १६ । वळी प्रत्यक्ष विधायकज छे, एम अंगीकार करते छते, जेम प्रत्यक्षवमे विद्यानुं विधान कराय छे, तेम अविद्यानुं पण शामाटे विधान न कराय? अने तेम करवाथी द्वैतनी प्राप्ति थइ, अने तेथी प्रपंच सुस्थित थयो; अने तेथी आ वादीउ अविद्याना विवेकवमे सन्मात्रने प्रत्यक्षथी प्रतीत करता थका पण ते निषेधक नथी, एम बोलता थका, शामाटे उन्मत कहेवाय नही? एवी रीते ( तेउनो ) पक्ष प्रत्यक्षप्रमाणथी बाधित छे, एम सिद्ध थयुं. । १७ । वळी ते पक्ष अनुमान प्रमाणथी पण बाधित छे. प्रपंच मिथ्या नथी, केमके ते आत्मानीपेठे अछताथी उलटो छे, ( अर्थात् छतो छे. ) वळी 'प्रतीयमान होवाथी' एवो जे तें हेतु मूक्यो छे, ते पण ब्रह्मात्मसाथे व्यभिचारवालो छे; केमके ते प्रपंच तो प्रतीत थाय छे, मिथ्या नथी; वळी तेना अप्रतीयमानपणामां तो, ते संबंधि वचनो पण उचराय तेवुं नही होवाथी ( ते वादीउए ) मूंगा रेहवुंज सारुं छे. । १८ । वळी ( तारुं ) दृष्टांत पण साध्यविकल छे; केमके छीपना टुकमाना रूपामां पण

शुक्तिशकलकलधौतेऽपि प्रपञ्चान्तर्गतत्वेन अनिर्वचनीयतायाः साध्यमानत्वात् । १९ । किंचेदमनुमानं प्रपञ्चाद्भिन्नमभिन्नं वा । यदि भिन्नं तर्हि सत्यमसत्यं वा । यदि सत्यं तर्हि तद्वदेव प्रपञ्चस्यापि सत्यत्वं स्याद्द्वैतवादप्राकारे खण्डिपातात् । अथाऽसत्यं तर्हि न किंचित्तेन साधयितुं शक्यमवस्तुत्वात् । २० । अभिन्नं चेत्प्रपञ्चस्वभावतया तस्यापि मिथ्यारूपत्वापत्तिः । मिथ्यारूपं च तत्कथं स्वसाध्यसाधनायाऽलम्? एवं च प्रपञ्चस्यापि मिथ्यारूपत्वाऽसिद्धेः कथं परमब्रह्मणस्तात्विकत्वं स्याद्यतो बाह्यार्थोऽभावो भवेदिति । २१ । अथवा प्रकारान्तरेण सन्मात्रलक्षणस्य परमब्रह्मणः साधनं दूषणं चोपन्यस्यते । ननु परमब्रह्मण एवैकस्य परमार्थसतो विधिरूपस्य विद्यमानत्वात् प्रमाणविषयत्वं । अपरस्य द्वितीय-

---

प्रपंचांतर प्राप्त थवापणे करीने अनिर्वचनीयपणुं साधी शकाय छे. । १९ । वळी आ अनुमान प्रपंचथी भिन्न छे? के अभिन्न छे? जो भिन्न छे, तो सत्य छे? के असत्य छे? जो सत्य छे, तो तेनीपेठे प्रपंचने पण सत्यपणुं थाय, केमके तेथी अद्वैतवादरूपी किल्लो त्रुटीपडे छे; जो कहीश के, असत्य छे, तो ते अवस्तु होवाथी कंइ पण साधी शकशे नही. । २० । जो कहीश के ते अनुमान प्रपंचथी अभिन्न छे, तो तेने पण प्रपंचस्वभावपणुं थवाथी, मिथ्यारूपनी प्राप्ति थशे; अने ते मिथ्यारूप पोताना साध्यने साधवामाटे केम समर्थ थशे? अने एवीरीते प्रपंचने पण मिथ्यारूपपणुं सिद्ध नही थवाथी, परमब्रह्मने तात्विकपणुं क्यांथी थाय? के जेथी बाह्यअर्थनो अभाव थाय. ।२१। अथवा बीजा प्रकारथी सन्मात्र छे लक्षण जेनुं, एवा परमब्रह्मनुं (टीकाकार हवे) साधन अने दूषण स्थापन करे छे. (तेमां प्रथम तेनुं साधन (३१) अंक संपूर्ण थतां सुधि करे छे.) एक परमब्रह्मज परमार्थपूर्वक विधिरूप होवाथी, तेने प्रमाणविषयपणुं छे, केमके ते प-

यस्य कस्यचिदप्यभावात् । तथाहि । २२ । प्रत्यक्षं तदावेदकमस्ति । प्रत्यक्षं द्विधा भिद्यते । निर्विकल्पकसविकल्पकभेदात् । ततश्च निर्विकल्पकप्रत्यक्षात्सन्मात्रविषयात्तस्यैकस्यैव सिद्धिः । तथाचोक्तम् =॥ अस्ति ह्यालोचनाज्ञानं । प्रथमं निर्विकल्पकम् ॥ बालमूकादिविज्ञान–सदृशं शुद्धवस्तुजम् ॥= । २३ । नच विधिवत्परस्परव्यावृत्तिरप्यध्यक्षत एव प्रतीयत इति द्वैतसिद्धिस्तस्य निषेधाऽविषयत्वात् । "आहुर्विधातृ प्रत्यक्षं न निषेधृ" इत्यादिवचनात् । २४ । यच्च सविकल्पकप्रत्यक्षं घटपटादिभेदसाधकं । तदपि सत्तारूपेणाऽन्वितानामेव तेषां प्रकाशकत्वात् सत्ताऽद्वैतस्यैव साधकं । सत्तायाश्च परमब्रह्मरूपत्वात् । तदुक्तं "यदद्वैतं तद्ब्रह्मणो रूपमिति" । २५ । अनुमानादपि तत्सद्भावो विभा-

---

रमब्रह्म शिवाय बीजुं कंइ पण नथी. ते कहे छे. । २२ । जे प्रत्यक्ष छे, ते आवेदक ( जणावनारुं ) छे. ते प्रत्यक्ष बे प्रकारनुं छे, निर्विकल्पक अने सविकल्पक; तेथी सत्तामात्र विषयवाला निर्विकल्पक प्रत्यक्षथी ते ( आत्मब्रह्मनी ) एकनीज सिद्धि छे. कह्युं छे के =॥ पहेलुं, विकल्पविनानुं, बालक तथा मुंगाआदिकना विज्ञानजेवुं, अने शुद्ध वस्तुथी उत्पन्न थयेलुं आलोचनाज्ञान छे. =॥ । २३ । वली विधिनीपेठे परस्पर व्यावृत्ति पण प्रत्यक्षथीज प्रतीत थाय छे, तेथी कंइ द्वैतनी सिद्धि नथी, केमके ते प्रत्यक्षने निषेधनो विषय नथी. 'विद्वानो पण प्रत्यक्षने विधायक कहे छे, पण निषेधक कहेता नथी' इत्यादिक शास्त्रनुं वचन छे. । २४ । वली घटपटादिक भेदोने साधनारुं जे सविकल्पक प्रत्यक्ष छे, ते पण सत्तारूपवालाज एवा ते घटपटादिकोने प्रकाशनार होवाथी सत्ताऽद्वैतनेज साधनारुं छे; अने सत्ताने परमब्रह्मनुं स्वरूपपणुं छे; तेमाटे कह्युं छे के 'जे अद्वैत छे, ते ब्रह्मनुं स्वरूप छे.' । २५ । अनुमानथी पण तेनो सद्भाव जणायज छे; अने ते कहे छे.

व्यत एव । तथाहि । विधिरेव तत्वं प्रमेयत्वात् । यतः प्रमाणविषय-
भूतोऽर्थः प्रमेयः । प्रमाणानां च प्रत्यक्षानुमानागमोपमानार्थापत्तिसंज्ञ-
कानां भावविषयत्वेनैव प्रवृत्तेः । तथाचोक्तम् । =॥ प्रत्यक्षाद्यवतारः स्या-
द्भावांशो गृह्यते यदा । व्यापारस्तदनुत्पत्तेरभावांशे जिघृक्षिते ॥= । २६ ।
यच्चाऽभावाख्यं प्रमाणं । तस्य प्रामाण्याऽभावान्न तत्प्रमाणं । तद्विष-
यस्य कस्यचिदप्यभावात् । यस्तु प्रमाणपञ्चकविषयः स तु विधिरेव ।
तेनैव च प्रमेयत्वस्य व्याप्तत्वात् सिद्धं प्रमेयत्वेन विधिरेव तत्वं । २७ ।
यत्तु न विधिरूपं तन्न प्रमेयं । यथा खरविषाणं । प्रमेयं चेदं निखिलं
वस्तुतत्वं । तस्माद्विधिरूपमेव । २८ । अतो वा तत्सिद्धिः । ग्रामारा-
मादयः पदार्थाः प्रतिभासान्तः प्रविष्टाः । प्रतिभाससमानत्वात् । यत्प्र-

---

प्रमेय होवाथी विधिज तत्व छे; केमके प्रमाणविषयवालो पदार्थ प्रमेय
छे; तथा प्रत्यक्ष, अनुमान, आगम, उपमान अने अर्थापत्ति छे नाम
जेउनुं एवा प्रमाणोना भावविषयपणावमेज प्रवृत्ति छे. कह्युं छे के =॥
ज्यारे भावनो अंश ग्रहण कराय, त्यारे प्रत्यक्षादिकनी उत्पत्ति थाय
छे, अने ज्यारे अभावनो अंश ग्रहण कराय, त्यारे तेनी अनुत्पत्तिनो
व्यापार थाय छे. । २६ । वली जे अभाव नामनुं प्रमाण छे, तेने प्र-
माणपणुं न होवाथी, ते प्रमाणभूत नथी, केमके तेवा अभावना वि-
षयवालुं कंइ पण नथी; अने उपर कहेलां पांचे प्रमाणना विषयरूप
जे छे, ते तो विधिज छे, अने तेवमेज प्रमेयपणानी व्याप्ति होवाथी,
प्रमेयपणावमे विधिज तत्व छे, एम सिद्ध थयुं. । २७ । वली जे विधि-
रूप नथी, ते प्रमेय नथी, जेम गधेमानुं शींगमुं; अने आ सघलुं व-
स्तुतत्व प्रमेय छे, माटे ते विधिरूपज छे. । २८ । अथवा तेनी सिद्धि
आथी छे. गाम तथा आराम आदिक पदार्थो प्रतिभाससमान होवाथी
प्रतिभासनीअंदर दाखल थया छे. जे प्रतिभासे छे, ते प्रतिभासनी

तिभासते तत्प्रतिभासान्तः प्रविष्टं । यथा प्रतिभासस्वरूपं । प्रतिभासन्ते च ग्रामारामादयः पदार्थास्तस्मात्प्रतिभासान्तःप्रविष्टाः । आगमोऽपि परमब्रह्मण एव प्रतिपादकः समुपलभ्यते । २९ । * "पुरुष[1] एवेदं सर्वं । यद्भूतं । यच्च भाव्यं । उताऽमृतत्वस्येशानो । यदन्नेनातिरोहति । यदेजति । यन्नैजति । यद्दूरे । यदन्तिके । यदन्तरस्य सर्वस्य । यदुत सर्वस्यास्य बाह्यत इत्यादिः ॥ श्रोतव्योऽयमात्मा निदिध्यासितव्योऽनुमन्तव्यः" * इत्यादिवेदवाक्यैरपि तत्सिद्धेः । ३० । कृत्रिमेणापि आगमेन तस्यैव प्रतिपादनात् । उक्तं च । =॥ सर्वं वै ख-

---

अंदर दाखल थयुं छे, जेम प्रतिभासनुं स्वरूप. वळी गाम आरामादिक पदार्थो प्रतिभासे छे, माटे ते प्रतिभासनीअंदर दाखल थया छे. वळी ( नीचे प्रमाणे ) आगम पण परमब्रह्मनेज प्रतिपादन करनारुं छे. ।२९। * "आ सघळुं जे थयुं छे, तथा जे थवानुं छे, वळी जे मोक्षनो स्वामी छे, जे आहारवडे अतिशयें करीने वृद्धि पामे छे, जे चाले छे, जे स्थिर छे, जे दूर छे, जे समीपे छे, तथा जे मध्यमां छे, तथा जे बाह्य छे, ते सघळुं पुरुषज ( परमब्रह्मज ) छे. इत्यादि. माटे ते परमब्रह्मने सांभळवो, तेनुं ध्यान धरवुं, तथा तेने मानवो" * इत्यादि वेदवाक्योवडे पण ते परमब्रह्मनी सिद्धि थाय छे. ।३०। कृत्रिम आगमे पण ते परमब्रह्मनेज स्वीकार्युं छे. ते माटे कह्युं छे के =॥ आ सघळुं ब-

---

१ एतेषामयमर्थः = पुरुष आत्मा । एव शब्दोऽवधारणे । स च कर्मप्रधानादिव्यवच्छेदार्थः । इदं सर्वं प्रत्यक्षं वर्त्तमानं चेतनाऽचेतनं । ग्मिमितिवाक्यालंकारे । यद्भूतं । यदतीतं । यच्च भाव्यं । यच्च भविष्यत् तत् स एवेत्यर्थः । उताऽमृतत्वस्येशान इति । उत शब्दोऽप्यर्थे । अपिश्च समुच्चये । अमृतत्वस्याऽमरणभावस्य मोक्षस्य ईशानः प्रभुश्चेत्यर्थः । यदिति यच्च च शब्दलोपात् । अन्नेन आहारेण अतिरोहति अतिशयेन वृद्धिमुपैति । यदेजति यच्चलति अश्वादि । यन्नैजति पर्वतादि । यद्दूरे मेघादि । यदु अंतिके । उ शब्दोऽवधारणे अंतिके समीपे यत् तत्पुरुष एवेत्यर्थः । यदंतर्मध्येऽस्य चेतनाऽचेतनस्य सर्वस्य यदेव सर्वस्याऽस्य बाह्यतस्तत्सर्वं पुरुष एवेति ॥

ल्विदं ब्रह्म। नेह नानास्ति किंचन ॥ आरामं तस्य पश्यन्ति। न तत्पश्यति कश्चन। इति ॥= । ३१ । प्रमाणतस्तस्यैव सिद्धेः । परमपुरुष एक एव तत्वं सकलभेदानां तद्विवर्त्तत्वात् । तथाहि । सर्वे भावा ब्रह्मविवर्त्ताः सत्त्वैकरूपेणाऽन्वितत्वात् । यद्यद्रूपेणान्वितं तत्तदात्मकमेव । यथा घटघटीशरावोदञ्चनादयो मृद्रूपेणैकेनाऽन्विता मृद्विवर्त्ताः । सत्त्वैकरूपेणाऽन्वितं च सकलं वस्त्विति सिद्धं ब्रह्मविवर्त्तत्वं निखिलभेदानामिति । ३२ । तदेतत्सर्वं मदिरारसास्वादगद्गदोद्गदितमिवाभासते विचाराऽसहत्वात् सर्वं हि वस्तु प्रमाणसिद्धं । न तु वाङ्मात्रेण अद्वैतमते च प्रमाणमेव नास्ति । तत्सद्भावे द्वैतप्रसङ्गात् । अद्वैतसाधकस्य

---

ह्मज छे, बीजुं नानाप्रकारनुं अहीं कंइ पण नथी; ते ब्रह्मना आरामने ( सर्वे ) जुए छे, पण ते ब्रह्मने कोइ जोतुं नथी. । ३१ । प्रमाणथी पण ते ब्रह्मनीज सिद्धि छे. एक परमपुरुषज तत्व छे, केमके सर्व भेदोनो तेना विवर्त्तमां समावेश थाय छे. ते कहे छे. सर्व भावो एक सत्तारूपवाळा होवाथी ब्रह्ममयज छे, केमके जे जेना स्वरूपवाळुं होय, ते तेनामयज कहेवाय, जेम घमो, गागर, शराव, ढांकणांआदिक एक माटीस्वरूपज होवाथी माटीमय छे; अने सर्व वस्तु एक सत्वरूपज छे, तेथी सर्व भेदोने ब्रह्ममयपणुंज सिद्ध थयुं. ( अहीं सुधि वादीतरफथी टीकाकारे सन्मात्रपरमब्रह्मनुं साधन कह्युं. हवे तेनुं दूषण कहे छे. ) । ३२ । आ सघळुं ( २१ मा अंकथी ३१ अंक सुधि करेलुं ते वादीतरफनुं बिवेचन ) बिचारयुक्त नही होवाथी जाणे मदिरारसना पानथी थयेलो बबमाटज होय नही, तेवुं भासे छे. सर्व धस्तु प्रमाणथी सिद्ध थाय छे, पण वचनमात्रथी सिद्ध थती नथी; अने अद्वैत मतमां तो प्रमाणज नथी, अने जो ते प्रमाणने माने, तो तेने द्वैतनो प्रसंग थाय छे; केमके अद्वैतने साधनारां एवां बीजां प्रमाणनो सद्भाव थाय छे.

प्रमाणस्य द्वितीयस्य सद्भावात् । ३३ । अथ मतं । लोकप्रत्यायनाय तदपेक्षया प्रमाणमप्यभ्युपगम्यते । तदसत् । त्वन्मते लोकस्यैवाऽसंभवात् । एकस्यैव नित्यनिरंशस्य परमब्रह्मण एव सत्त्वात् । ३४ । अथास्तु यथाकथंचित्प्रमाणमपि । तत्किंप्रत्यक्षमनुमानमागमो वा तत्साधकं प्रमाणमुररीक्रियते ? । न तावत्प्रत्यक्षं । तस्य समस्तवस्तुजातगतभेदस्यैव प्रकाशकत्वात् । आबालगोपालं तथैव प्रतिभासनात् । ३५ । यच्च निर्विकल्पकं प्रत्यक्षं तदावेदकमित्युक्तं । तदपि न सम्यक् । तस्य प्रामाण्याऽनभ्युपगमात् । सर्वस्यापि प्रमाणतत्वस्य व्यवसायात्मकस्यैवाऽविसंवादकत्वेन प्रामाण्योपपत्तेः । सविकल्पकेन तु प्रत्यक्षेण प्रमाणभूतेनैकस्यैव विधिरूपस्य परमब्रह्मणः स्वप्नेऽप्यप्रतिभासनात् । ३६ ।

---

। ३३ । हवे हे वादी ! कदाच तुं एम कहीशके, लोकोनी प्रतीतिमाटे ते अपेक्षाथी प्रमाण पण अमोए स्वीकार्युं छे, तो ते तारुं कहेवुं असत्य छे, केमके तारा मतमां तो लोकनो पण असंभव छे, कारणके तें नित्य अने निरंश एवा एक परमब्रह्मनुंज सत्पणु स्वीकार्युं छे. ।३४। वली भले कदाच कोइ रीते प्रमाण पण (तारा मतमां) हो ? तोपण तमो ते अद्वैतने साधनारुं प्रत्यक्ष, अनुमान के आगमप्रमाण स्वीकारो छो ? प्रत्यक्ष तो नही, केमके ते तो सर्व वस्तुउमां रहेला भेदनेज प्रकाशनारुं छे, अने तेमज आबालगोपालने ते जणाय छे. ।३५। वली 'जे निर्विकल्पक प्रत्यक्ष छे, ते आवेदक (जणावनारुं) छे' एम जे कह्युं, ते पण युक्त नथी; केमके तेने प्रमाणरूपे स्वीकार्युं नथी; कारणके सघलां व्यापारात्मक प्रमाणतत्वनेज अविसंवादपणे प्रमाणपणानी प्राप्ति छे; वली प्रमाणभूत एवा सविकल्पक प्रत्यक्षवमे तो विधिरूप एकज परमब्रह्मनुं स्वप्नमां पण प्रतिभासन थतुं नथी. । ३६ । वली 'प्रत्यक्षने विधायकज कहेलुं छे' इत्यादिक जे तें कह्युं, ते पण

यदप्युक्तं “ आहुर्विधातृ प्रत्यक्षं ” इत्यादि । तदपि न पेशलं । प्रत्यक्षेण ह्यनुवृत्तव्यावृत्ताकारात्मकवस्तुन एव प्रकाशनात् । एतच्च प्रागेव क्षुण्णं । न ह्यनुस्यूतमेकमखण्डंसत्तामात्रं विशेषनिरपेक्षं सामान्यं प्रतिभासते । येन यदद्वैतं तद्ब्रह्मणो रूपमित्याद्युक्तं शोभते । विशेषनिरपेक्षस्य खरविषाणवदप्रतिभासनात् । तडक्तम् =॥ निर्विशेषं हि सामान्यं । भवेत्खरविषाणवत् ॥ सामान्यरहितत्वेन । विशेषास्तद्वदेव हि ॥= । ३७ । ततः सिद्धे सामान्यविशेषात्मन्यर्थे प्रमाणविषये कुत एवैकस्य परमब्रह्मणः प्रमाणविषयत्वं । यच्च प्रमेयत्वादित्यनुमानमुक्तं तदप्येतेनैवापास्तं बोद्धव्यं । [१]पक्षस्य प्रत्यक्षबाधितत्वेन हेतोः कालात्ययापदिष्टत्वात् । ३८ । यच्च तत्सिध्धौ प्रतिभासमानत्वं साधनमुक्तं । तदपि साधनाभासत्वेन न प्रकृतसाध्यसाधनायाऽलं । प्रतिभासमानत्वं हि नि-

---

युक्त नथी; केमके प्रत्यक्षवडे तो अनुवृत्ति अने व्यावृत्तिना आकारवाळीज वस्तु जणाय छे, अने तेमाटेनुं तो पेहेलांज खंडन करेलुं छे. वळी संधायेलुं, एक, अखंड तथा सत्तामात्र एवुं विशेषविनानुं सामान्य जणातुं नथी, के जेथी ‘ जे अद्वैत ते ब्रह्मनुं स्वरूप ’ एम कहेवुं शोभीनीकळे; केमके विशेषविनानुं सामान्य खरविषाणनीपेठे प्रतिभासन थतुं नथी. कह्युं छे के =॥ विशेषविनानुं सामान्य खरविषाणसरखुं होय! ( अर्थात् न होय ) तेमज सामान्यविना विशेष न होय. । ३७ । तेथी सामान्यविशेषरूपपदार्थ प्रमाणविषयवाळो सिध्ध हेते छते, फक्त एक परमब्रह्मनेज प्रमाणविषयपणुं शानुं होय? वळी ‘ प्रमेय होवाथी ’ एम कहीने जे अनुमान कह्युं, तेनुं पण एथीज खंडन थयेलुं जाणवुं; केमके पक्षने प्रत्यक्षवडे बाधा आवे छे, अने हेतुने कलात्ययापदिष्टपणुं छे. । ३८ । वळी तेनी सिध्धिमाटे प्रतिभासनपणारूप जे साधन

---

[१] विधिरेव तत्वमितिरूपस्य ॥

खिलभावानां स्वतः परतो वा? न तावत्स्वतः। घटपटमुकुटशकटादीनां स्वतः प्रतिभासमानत्वेनाऽसिध्धेः। परतः प्रतिभासमानत्वं च परं विना नोपपद्यत इति। ३९। यच्च परमब्रह्मविवर्तवर्तित्वमखिलभेदानामित्युक्तं तदप्यन्वेत्रऽन्वीयमानद्वयाऽविनाभावित्वेन पुरुषाऽद्वैतं प्रतिबध्नात्येव। न च घटादीनां चैतन्यान्वयोऽप्यस्ति। मृदाद्यन्वयस्यैव तत्र दर्शनात्। ततो न किंचिदेतदपि। अतोऽनुमानादपि न तत्सिध्धिः। ४०। किं च पक्षहेतुदृष्टान्ता अनुमानोपायभूताः परस्परं भिन्ना अभिन्ना वा?। भेदे द्वैतसिध्धिरभेदे त्वेकरूपतापत्तिः। तत्कथमेतेभ्योऽनुमानमात्मानमासादयति? यदि च हेतुमन्तरेणापि साध्यसिध्धिः स्यात्तर्हि द्वैत-

---

कह्युं, ते पण साधनाभासरूप होवाथी, ते साध्यना साधनमाटे समर्थ नथी; केमके सर्व भावोनुं प्रतिभासनपणुं पोताथी छे? के परथी छे? पोताथी तो नथी; केमके घट, पट, मुकुट, तथा शकटादिको पोतानी मेळे प्रतिभासतां नथी; अने परथी प्रतिभासपणुं तो परविना थतुं नथी. । ३९ । वळी सर्व भेदोने परमब्रह्मरूप विवर्तमां वर्तवापणुं जे कह्युं, ते पण अन्वेतृ अने अन्वीयमान, एम बन्नेना अविनाभावि-पणावमे पुरुषाऽद्वैतनुं प्रतिबंधनज करे छे, वळी घटादिकोने चैतन्यनो अन्वय पण नथी, केमके तेमां तो माटीआदिकनो अन्वयज देखाय छे. माटे सर्व पदार्थोनुं परमब्रह्मरूप विवर्तमां वर्तवापणुं नथी; माटे अनुमानथी पण तेनी सिद्धि नथी. । ४० । वळी अनुमानना उपाय-भूत एवा पक्ष, हेतु, अने दृष्टांतो परस्पर भिन्न छे? के अभिन्न छे? जो भिन्न कहेशो, तो द्वैतनी सिद्धि थशे, अने अभिन्न कहेशो तो एकरूपपणानी प्राप्ति थशे; माटे तेउथी करेलुं अनुमान पोताने केम लागु पमशे? वळी ज्यारे हेतुविना पण साध्यनी सिद्धि थाय, त्यारे फक्त वचनमात्रथी द्वैतनी पण केम सिध्धि न थाय? कह्युं छे के ॥

स्यापि वाङ्मात्रतः कथं न सिध्धिस्तउक्तम् । =॥ हेतोरद्वैतसिध्धिश्चेद् । द्वैतं स्याध्धेतुसाध्ययोः ॥ हेतुना चेद्विना सिध्धि-र्द्वैतं वाङ्मात्रतो न किम् ॥= । ४१ । "पुरुष एवेदं सर्वं" इत्यादेः "सर्वं वै खल्विदं ब्रह्म" इत्यादेश्चागमादपि न तत्सिध्धिस्तस्यापि द्वैताऽविनाभावित्वेन अद्वैतं प्रति प्रामाण्याऽसंभवात् । वाच्यवाचकभावलक्षणस्य द्वैतस्यैव तत्रापि दर्शनात् । तउक्तम् । =॥ कर्मद्वैतं फलद्वैतं । लोकद्वैतं विरुध्यते ॥ विद्याऽविद्याद्वयं न स्या-द्बन्धमोक्षद्वयं तथा ॥= ततः कथमागमादपि तत्सिध्धिस्ततो न पुरुषाऽद्वैतलक्षणमेव प्रमाणस्य विषयः । इति सुव्यवस्थितः प्रपञ्च इति काव्यार्थः ॥

। ४२ । अथ स्वाभिमतसामान्यविशेषोभयात्मकवाच्यवाचकभाव-

---

हेतुथी जो अद्वैतनी सिध्धि थाय, तो हेतु अने साध्यने द्वैतपणुं आवे; अने जो हेतुविना सिध्धि थाय, तो वचनमात्रथी द्वैत पण केम न थाय? ॥= । ४१ । वली 'आ सघलुं पुरुषज छे' इत्यादिक, तथा 'आ सघलुं ब्रह्मज छे' इत्यादिक आगमथी पण ते अद्वैतनी सिध्धि नथी, केमके ते आगम पण द्वैतविना न होवाथी, तेना अद्वैतपणामाटे प्रमाणनो असंभव छे; कारणके तेमां पण वाच्यवाचकभाव छे लक्षण जेनुं एवुं द्वैतज देखाय छे. कह्युं छे के =॥ कर्मद्वैत, फलद्वैत, तथा लोकद्वैतमां विरोध आवे छे; वली तेमज विद्या अने अविद्या, तथा बंध अने मोक्ष बन्ने होय नही. माटे आगमथी पण तेनी सिध्धि केम थाय? तेथी पुरुषाऽद्वैत छे लक्षण जेनुं, एवुं एकज कंइ प्रमाणना विषयरूप नथी. एवी रीते तेरमा काव्यनो अर्थ जाणवो.

। ४२ । हवे पोते मानेला सामान्य अने विशेष, एम बन्नेमय वाच्यवाचकभावना समर्थनपूर्वक, नीर्थांतरीउए कल्पेला ते एकांत

समर्थनपुरस्सरं तीर्थान्तरीयप्रकल्पिततदेकान्तगोचरवाच्यवाचकभावनिरासद्वारेण तेषां प्रतिभावैभवाऽभावमाह ।

अनेकमेकात्मकमेव वाच्यं
द्वयात्मकं वाचकमप्यवश्यम् ।
अतोऽन्यथा वाचकवाच्यक्लृप्ता-
वतावकानां प्रतिभाप्रमादः ॥ १४ ॥

वाच्य छे ते ( सामान्यपणावडे ) एकरूप छे, तो पण ( व्यक्ति-रूपे ) अनेकरूप छे; तेम वाचक पण खरेखर सामान्य अने विशेष, एम उभयात्मक छे; माटे ( हे प्रभु ! ) तेथी उलटीरीते वाच्यवाचकनी कल्पनामां आपनाथी अन्य एवा तीर्थांतरीउनी बुद्धिनी स्खलना थयेली छे. ॥ १४ ॥

---

। १ । वाच्यमभिधेयं चेतनमचेतनं वस्तु ( एवकारस्याप्यर्थत्वात् ) सामान्यरूपतया एकात्मकमपि व्यक्तिभेदेनाऽनेकम् । अनेकरूपम् । अथवाऽनेकरूपमपि एकात्मकमन्योऽन्यसंवलितत्वादित्यमपि व्याख्याने न दोषः । २ । तथा वाचकमभिधायकं शब्दरूपं तदप्यवश्यं निश्चितं

---

गोचर वाच्यवाचकभावना खंडनद्वाराए तेउनी बुध्धिना वैभवनो अभाव कहे छे.

। १ । वाच्य एटले अभिधेय एवी चेतन अचेतन वस्तु ( अहीं एवकारनो ‘ अपि ’ अर्थ छे ) सामान्यपणावडे एकात्मक छे, तोपण व्यक्तिभेदवडे अनेकरूप छे. अथवा परस्पर जोडाएल होवाथी अनेकरूप छे, तो पण एक रूप छे, एम पण व्याख्यान करवामां दोष नथी. । २ । वली वाचक एटले अभिधायक शब्द, ते पण खरेखर

द्वयात्मकं सामान्यविशेषोभयात्मकत्वात् एकाऽनेकात्मकमित्यर्थः (उभयत्र वाच्यलिङ्गत्वेऽप्यव्यक्तत्वान्नपुंसकत्वम्) (अवश्यमितिपदं वाच्यवाचकयोरुभयोरप्येकाऽनेकात्मकत्वं निश्चिन्वत्तदेकान्तं व्यवच्छिनत्ति) । ३ । अत उपदर्शितप्रकारादन्यथा सामान्यविशेषैकान्तरूपेण प्रकारेण वाचकवाच्यक्लृप्तौ वाच्यवाचकभावकल्पनायाम् अतावकानामत्वदीयानामन्ययूथ्यानां प्रतिभाप्रमादः प्रज्ञास्खलितमित्यक्षरार्थः । ४ । (अत्र चाल्पस्वरत्वेन वाच्यपदस्य प्राग्निपाते प्राप्तेऽपि यदादौ वाचकग्रहणं तत्प्रायोऽर्थप्रतिपादनस्य शब्दाधीनत्वेन वाचकस्यार्च्यत्वज्ञापनार्थं) तथा च शाब्दिकाः ।= ॥ न सोऽस्ति प्रत्ययो लोके । यः शब्दानुगमादृते ॥ अनुविद्धमिव ज्ञानं । सर्वं शब्देन भासते ॥= इति । ५ । भावार्थस्त्वेवं । एके तीर्थिकाः सामान्यरूपमेव वाच्यतया अभ्यु-

---

सामान्यविशेष, एम उभयात्मक होवाथी एकाऽनेकरूप छे. (बन्ने जगोए वाच्यलिंगपणुं होते छते पण अव्यक्त होवाथी नपुंसकपणुं छे.) ('अवश्य' ए पद, वाच्यवाचक एम बन्नेनुं एकाऽनेकात्मपणुं निश्चय करतुं थकुं तेउनुं एकांतपणुं जूडुं पाडे छे.) । ३ । उपर कहेला प्रकारथी उलटी रीते एटले एकांतसामान्यविशेषरूप प्रकारे करीने वाच्यवाचक भावनी कल्पना करवामां (हे प्रभु!) आपनाथी अन्य एवा ते तीर्थांतरीउनी बुद्धिनी स्खलना थयेली छे; एवी रीते अक्षरार्थ कह्यो. । ४ । (अहीं अल्पस्वरपणावडे करीने 'वाच्य' पदना प्राग्निपातनी प्राप्ति होवा छतां पण, पेहेलां जे 'वाचकनुं' ग्रहण कर्युं छे, ते प्रायेंकरीने अर्थप्रतिपादनना शब्दाधीनपणायें करीने वाचक शब्दनुं अर्च्यपणुं जणाववामाटे छे.) वली वैयाकरणीउ पण कहे छे के =॥ जगत्मां कोइ एवो प्रत्यय नथी, के जे शब्दना अनुगमविना होय; जाणे शब्दसाथे जोडायेलुं होय नही, तेम सर्व ज्ञान जणाय छे.

पगच्छन्ति। ते च द्रव्यास्तिकनयानुपातिनो मीमांसकभेदाऽद्वैतवादिनः। सांख्याश्च। केचिच्च विशेषरूपमेव वाच्यं निर्वचन्ति। ते च पर्यायास्तिकनयानुसारिणः सौगताः। अपरे च परस्परनिरपेक्षपदार्थपृथग्भूतसामान्यविशेषयुक्तं वस्तु वाच्यत्वेन निश्चिन्वते। ते च [1]नैगमनयानुरोधिनः कणादा अक्षपादाश्च। एतच्च पक्षत्रयमपि किंचिच्चर्च्यते। तथाहि। ६। संग्रहनयाऽवलम्बिनो वादिनः प्रतिपादयन्ति सामान्यमेव तत्वं। ततः पृथग्भूतानां विशेषाणामदर्शनात्। तथा सर्वमेकमविशेषेण सदितिज्ञानाभिधानाऽनुवृत्ति[2]लिङ्गानुमितसत्ताकत्वात्। ७। तथा द्रव्यत्वमेव तत्वं। ततोऽर्थान्तरभूतानां धर्माऽधर्माकाशकालपुद्गलजीव-

---

। ५। आ काव्यनो भावार्थ तो नीचे प्रमाणे छे. केटलाक दर्शनीओ सामान्यरूपनेज वाच्यपणावडे अंगीकार करे छे; अने तेवा द्रव्यास्तिकनयने अनुसरनारा मीमांसकना एक भेदरूप अद्वैतवादीओ अने सांख्यो छे. वली केटलाको विशेषरूपनेज वाच्य कहे छे, अने तेवा पर्यायास्तिक नयने अनुसरनारा बौद्धो छे. वली बीजाओ, परस्पर अपेक्षाविनाना अने पदार्थथी भिन्न एवा जे सामान्य अने विशेष, तेओवडे करीने युक्त एवी वस्तुने वाच्यपणारूपे माने छे, अने तेवा नैगमनयने अनुसरनारा कणादना मतवाला अने अक्षपादना मतवाला छे. एवी रीतना ते त्रणे पक्षोनी कंइक चर्चा करीये छीये. ते कहे छे.

। ६। संग्रहनयने अनुसरनारा वादीओ एम कहे छे के, सामान्यज तत्व छे, केमके तेनाथी जूदा, एवा विशेषो देखाता नथी; तथा सघलुं एक अविशेषे करीने 'सत्' एवी ज्ञान नामनी अनुवृत्तिना लिंगवडे अनुमान कराती एवी सत्तावालुं छे. । ७। वली द्रव्यपणुं, एज तत्व छे,

---

१। नैगमनयाऽनुगामिनः। इति द्वितीयपुस्तकपाठः॥ २ सर्वपदार्थेषु सदितिज्ञानाभिधाने तयोरनुवृत्तिरेव यल्लिंगं तेनाऽनुमिता सत्ता यस्य तत्तथा॥

द्रव्याणामनुपलब्धेः । किंच ये सामान्यात् पृथग्भूता अन्योऽन्यव्यावृत्त्यात्मका विशेषाः कल्प्यंते तेषु विशेषत्वं विद्यते न वा? । नो चेन्निःस्वभावताप्रसङ्गः स्वरूपस्यैवाऽभावात् । अस्ति चेत्तर्हि तदेव सामान्यं । यतः समानानां भावः सामान्यं । विशेषरूपतया च सर्वेषां तेषामविशेषेण प्रतीतिः सिद्धैव । ८ । अपि च विशेषाणां व्यावृत्तिप्रत्ययहेतुत्वं लक्षणं । व्यावृत्तिप्रत्यय एव विचार्यमाणो न घटते । व्यावृत्तिर्हि विवक्षितपदार्थे इतरपदार्थप्रतिषेधः । विवक्षित पदार्थश्च स्वस्वरूपव्यवस्थापनमात्रपर्यवसायी कथं पदार्थान्तरप्रतिषेधे प्रगल्भते? न च स्वरूपसत्वादन्यत्तत्र किमपि येन तन्निषेधः प्रवर्त्तते । ९ । तत्र च व्यावृत्तौ क्रियमाणायां स्वात्मव्यतिरिक्तविश्वत्रयवर्त्तिनोऽतीतवर्तमानाऽना-

---

केमके तेथी जूदा पदार्थरूपे, धर्म, अधर्म, आकाश, काल, पुद्गल तथा जीव नामना द्रव्योनी प्राप्ति नथी. वली सामान्यथी जूदा, अने परस्पर व्यावृत्तिरूप, एवा जे विशेषो कल्पाय छे, तेउमां विशेषपणुं छे? के नही? जो कहेशो के नथी, तो स्वरूपनाज अभावथी तेने निःस्वभावपणानो प्रसंग थशे; अने जो कहेशो के छे, तो तेज सामान्य छे; केमके समानोनो जे भाव ते सामान्य छे, अने विशेषरूपपणावमे तेउ सघलानी प्रतीति अविशेषे करीने सिद्धज थयेली छे. । ८ । वली व्यावृत्तिनी प्रतीतिनुं हेतुपणुं, ए विशेषोनुं लक्षण छे; पण विचार करीये छीये तो, ते व्यावृत्तिनी प्रतीतिज घटती नथी. विवक्षितपदार्थमां बीजा पदार्थनो जे प्रतिषेध, ते व्यावृत्ति कहेवाय छे, अने विवक्षित पदार्थ तो पोताना स्वरूपनी व्यवस्थानाज व्यापारवालो होवाथी, ते बीजा पदार्थनो प्रतिषेध शीरीते करी शके? तेम स्वरूपना छतापणाशिवाय तेमां बीजुं कंइ पण नथी, के जेथी तेनो निषेध प्रवर्ते; । ९ । वली तेमां व्यावृत्ति करते छते, पोताथी भिन्नरूपे त्रणे जगत्मां रहेनारा

गताः पदार्थास्तस्माद्व्यावर्त्तनीयाः । ते च नाऽज्ञातस्वरूपा व्यावर्त्त-
यितुं शक्यास्ततश्चैकस्यापि विशेषस्य परिज्ञाने प्रमातुः सर्वज्ञत्वं स्यान्न
चैतत्प्रातीतिकं यौक्तिकं वा । व्यावृत्तिश्च निषेधः । स चाऽभावरूप-
त्वात्तुच्छः कथं प्रतीतिगोचरमञ्चति खपुष्पवत् । १० । तथा येभ्यो व्या-
वृत्तिस्ते असद्रूपाः सद्रूपा वा । असद्रूपाश्चेत्तर्हि खरविषाणात् किं न
व्यावृत्तिः । सद्रूपाश्चेत्सामान्यमेव । ११ । या चेयं व्यावृत्तिर्विशेषैः क्रि-
यते । सा सर्वासु विशेषव्यक्तिष्वेका अनेका वा । अनेका चेत्तस्या अपि
विशेषत्वापत्तिरनेकरूपत्वैकजीवितत्वाद्विशेषाणां । ततश्च तस्या अपि वि-
शेषत्वाऽन्यथाऽनुपपत्तेर्व्यावृत्त्या भाव्यं । व्यावृत्तेरपि च व्यावृत्तौ वि-

---

भूत, वर्तमान अने भविष्यकालसंबंधि पदार्थोनी तेनाथी व्यावृत्ति क-
रवी पमशे, अने ते पदार्थोनुं तो स्वरूप जणायुं नथी, माटे तेउनी
व्यावृत्ति थइ शकशे नही; अने वली तेथी तो एकज विशेषनुं ज्ञान
थवाथी प्रमाताने सर्वज्ञपणुं थशे; अने तेम थवुं ते प्रतीतिवालुं के यु-
क्तिवालुं नथी. वली व्यावृत्ति तो निषेध छे, अने ते अभावरूप हो-
वाथी तुच्छ होइने आकाशपुष्पनीपेठे शीरीते प्रतीतिगोचर थाय?
। १० । वली जेउथी व्यावृत्ति छे, तेउ असद्रूप छे? के सद्रूप छे? जो
असद्रूप होय तो खरशृंगथी केम व्यावृत्ति नथी? अने जो सद्रूप होय
तो ते सामान्यज छे. । ११ । वली विशेषोवमे जे आ व्यावृत्ति कराय
छे, ते सघली विशेषव्यक्तिउमां एक छे? के अनेक छे? जो कहेशो
के अनेक छे, तो तेणीने पण विशेषपणानीज आपत्ति थशे; केमके
विशेषोनो आधार फक्त अनेकरूपपणाउपरज छे; अने तेथी तेणीनी
पण विशेषपणाथी जूदीरीते अप्राप्ति होवाथी व्यावृत्ति थशे; अने
व्यावृत्तिनी पण व्यावृत्तिमां विशेषोनो अभावज थशे; केमके तेना स्व-
रूपभूत एवी व्यावृत्तिनो प्रतिषेध करेलो छे, अने अनवस्था पण था-

शेषाणामभाव एव स्यात् । तत्स्वरूपभूताया व्यावृत्तेः प्रतिषिद्धत्वात् । अनवस्थापाताच्च । एका चेत्सामान्यमेव संज्ञान्तरेण प्रतिपन्नं स्यादनुवृत्तिप्रत्ययलक्षणाऽव्यभिचारात् । १२ । किं चामी विशेषाः सामान्याद्भिन्ना अभिन्ना वा । भिन्नाश्चेन्मण्डूकजटाभारानुकारा अभिन्नाश्चेत्तदेव तत्स्वरूपवत् ॥ * ॥ इति सामान्यैकान्तवादः ॥ * ॥ । १३ । पर्यायनयान्वयिनस्तु भाषन्ते विविक्ताः क्षणक्षयिणो विशेषा एव परमार्थस्ततो विष्वग्भूतस्य सामान्यस्याऽप्रतीयमानत्वात् । न हि गवादिव्यक्त्यनुभवकाले वर्णसंस्थानात्मकं व्यक्तिरूपमपहायाऽन्यत्किंचिदेकमनुयायि प्रतिभासते । तादृशस्याऽनुभवाऽभावात् । तथा च पठन्ति । =॥ एतासु पञ्चस्ववभासिनीषु । प्रत्यक्षबोधे स्फुटमङ्गुलीषु ॥ साधारणं रूपमवेक्षते यः । शृङ्गं शिरस्यात्मन ईक्षते सः ॥= एकाकारपरा-

---

य छे. हवे जो ते व्यावृत्ति एक होय, तो नामांतररूपे सामान्यज स्विकार्युं कहेवाय, केमके तेमां अनुवृत्तिनी प्रतीतिना लक्षणनो व्यभिचार आवतो नथी. । १२ । वली आ विशेषो सामान्यथी भिन्न छे? के अभिन्न छे? जो कहीश के भिन्न छे, तो देडकाना जटाभारसरखा छे; अने जो कहीश के अभिन्न छे, तो ते तेना स्वरूपनीपेठे सामान्यज छे. ॥ * ॥ एवी रीते सामान्यएकांतवाद कह्यो ॥ * ॥ । १३ । पर्यायनयने अनुसरनाराओ कहे छे के, भिन्न अने क्षणे क्षणे क्षय थता एवा विशेषोज परमार्थ छे केमके तेउथी भिन्नरूप सामान्यो प्रतीतज थता नथी; कारणके गवादिकनी व्यक्तिना अनुभववखते वर्णसंस्थानरूप व्यक्तिस्वरूपने छोडीने, एक तथा चाल्युं आवतुं, एवुं कंइ पण देखातुं नथी; कारणके तेवीरीतनो कोइ अनुभव थतो नथी. वली कह्युं छे के =॥ आ पांचे प्रगट देखाती एवी आंगलीओमां प्रत्यक्ष बोधनी अंदर जे माणस साधारण स्वरूप जुए छे, ते माणस पो-

मर्शप्रत्ययस्तु स्वहेतुदत्तशक्तिभ्योऽव्यक्तिभ्य एवोत्पद्यते । इति न तेन सामान्यसाधनं न्याय्यं । १४ । किंच यदिदं सामान्यं परिकल्प्यते तदेकमनेकं वा? एकमपि सर्वगतमसर्वगतं वा? सर्वगतं चेत्किं न व्यक्त्यन्तरालेषूपलभ्यते? सर्वगतैकत्वाऽभ्युपगमे च तस्य यथा गोत्वसामान्यं गोव्यक्तीः क्रोमीकरोति । एवं किं न घटपटादिव्यक्तीरप्यविशेषात्? असर्वगतं चेद्विशेषरूपापत्तिरभ्युपगमबाधश्च । १५ । अथाऽनेकं गोत्वाऽश्वत्वघटत्वपटत्वादिभेदभिन्नत्वात्तर्हि विशेषा एव स्वीकृताः । अन्योऽन्यव्यावृत्तिहेतुत्वान्न हि यद्गोत्वं तदश्वत्वात्मकमिति । अर्थक्रियाकारित्वं च वस्तुनो लक्षणं । तच्च विशेषेष्वेव स्फुटं प्रतीयते । न हि

---

ताना मस्तकपर शींगडुं जुए छे! एकाकारना विचारनी प्रतीति तो, पोताना हेतुडए दीधेल छे शक्ति जेडने, एवी व्यक्तिडथीज उत्पन्न थाय छे, माटे तेनावडे सामान्यनुं साधन, न्याययुक्त नथी. । १४ । वळी जे आ सामान्य कल्पाय छे, ते एक छे? के अनेक छे? जो एक छे, तो ते सर्वव्यापक छे? के असर्वव्यापक छे? जो सर्वव्यापक छे, तो ते व्यक्तिडनी वच्चे केम प्राप्त थतुं नथी? वळी तेना सर्वव्यापक एकपणाना स्वीकारमां जेम गायपणारूप सामान्य गायसंबंधि व्यक्तिडने लागु पडे छे, तेम ते अविशेषपणे घटपटादिक व्यक्तिडने पण केम लागु पडतुं नथी? वळी जो कहीश के ते सामान्य असर्वव्यापक छे, तो तेने विशेषरूपनी आपत्ति आवशे, तथा स्वीकारमां बाध आवशे. । १५ । जो कहीश के गोपणुं, अश्वपणुं, घटपणुं, तथा पटपणुं, इत्यादिक भेदोथी भिन्न होवाथी ते सामान्य अनेक छे, तो तें विशेषोज स्वीकार्या छे, केमके तेडमां परस्पर व्यावृत्तिनुं हेतुपणुं होवाथी जे गोपणुं छे, ते अश्वपणारूप नथी. वळी अर्थक्रियाकरनारपणुं ए पदार्थनुं लक्षण छे, अने ते लक्षण विशेषोमांज प्रगट रीते प्रतीत थाय छे; वळी सामा-

सामान्येन काचिदर्थक्रिया क्रियते । तस्य निष्क्रियत्वात् । वाहदोहादिकास्त्वर्थक्रियासु विशेषाणामेवोपयोगात् । १६ । तथेदं सामान्यं विशेषेभ्यो भिन्नमभिन्नं वा ? भिन्नं चेदवस्तु । विशेषविश्लेषेणाऽर्थक्रियाकारित्वाऽभावात् । अभिन्नं चेद्विशेषा एव तत्स्वरूपवदिति विशेषैकान्तवादः ॥ * ॥ । १७ । नैगमनयाऽनुगामिनस्त्वाहुः ॥ स्वतन्त्रौ सामान्यविशेषौ । तथैव प्रमाणेन प्रतीतत्वात् तथाहि । १८ । सामान्यविशेषावत्यन्तं भिन्नौ । विरुद्धधर्माध्यासितत्वात् । यावेवं तावेवं । यथा पाथःपावकौ । तथाचैतौ । तस्मात्तथा । सामान्यं हि गोत्वादि सर्वगतं । तद्विपरीताश्च [1]शबलशाबलेयादयो विशेषास्ततः कथमेषामैक्यं युक्तं ? । १९ । न सामान्यात्पृथग्विशेषस्योपलंभ इति चेत् । कथं तर्हि त-

---

न्यने तो निष्क्रियपणुं होवाथी, ते कंइ अर्थक्रिया करी शकतुं नथी; तेम वाहदोहादिक अर्थक्रियाउमां विशेषोनोज उपयोग थाय छे. ।१६। वळी आ सामान्य विशेषोथी भिन्न छे ? के अभिन्न छे ? जो भिन्न छे, तो ते अवस्तु छे; केमके विशेषना संयोगविना तेने अर्थक्रियाकारिपणानो अभाव छे; अने जो अभिन्न छे, तो तत्स्वरूपनी पेठे ते विशेषोज छे. एवी रीते एकांतविशेषवादनुं विवेचन कर्युं ॥ * ॥ ।१७। नैगमनयने अनुसरनाराउ कहे छे के—सामान्य अने विशेष बन्ने स्वतंत्र छे, केमके प्रमाणपूर्वक तेवीज रीते तेउ प्रतीत थाय छे. ते कहे छे. । १८ । सानान्य अने विशेष बन्ने अत्यंत भिन्न छे, केमके तेउ (परस्पर) विरुद्धधर्मवाला छे. जेउ एम छे, तेउ तेम छे, जेम पाणी अने अग्नि, अने तेवीरीते आ बन्ने छे, माटे तेम छे. गोपणादिक सामान्य सर्वव्यापक छे, अने तेथी विपरीत एवा शबल शाबलेयादिक विशेषो छे, माटे तेउनुं ऐक्यपणुं केम युक्त कहेवाय ? । १९ । सामा-

---

१ कर्बुर = काबरचीतरुं = इतिलोकभाषा ॥

स्योपलंभ इति वाच्यं। सामान्यव्याप्तस्येतिचन्न। तर्हि स विशेषोपलंभः। सामान्यस्यापि तेन ग्रहणात्। ततश्च तेन बोधेन विविक्तविशेषग्रहणाऽभावात् तद्वाचकं ध्वनिं तत्साध्यं च व्यवहारं न प्रवर्तयेत्प्रमाता। न चैतदस्ति। विशेषाभिधानव्यवहारयोः प्रवृत्तिदर्शनात्। तस्माद्विशेषमभिलषता। तत्र च व्यवहारं प्रवर्त्तयता तद्ग्राहको बोधो विविक्तोऽभ्युपगन्तव्यः। २०। एवं सामान्यस्थाने विशेषशब्दं विशेषस्थाने च सामान्यशब्दं प्रयुञ्जानेन सामान्येऽपि तद्ग्राहको बोधो विविक्तोऽङ्गीकर्तव्यः। तस्मात्स्वस्वग्राहिणि ज्ञाने पृथक् प्रतिभासमानत्वात् छावपीतरेतरविशकलितौ। ततो न सामान्यविशेषात्मकत्वं वस्तुनो घटते॥ इति स्वतन्त्रसामान्यविशेषवादः॥*॥ । २१। तदेतत्पक्षत्रय-

---

न्यथी जूदी विशेषनी प्राप्ति नथी, एम जो कहीश, तो तेनी प्राप्ति केम थाय? ते तारे कहेवुं जोइए. सामान्यवमे व्याप्त, एवा विशेषनी प्राप्ति थाय छे, एम जो कहीश, तो ते विशेषनी प्राप्ति नथी, केमके सामान्यनुं पण तेणे ग्रहण कर्युं छे; अने तेथी ते बोधवमे भिन्नविशेषग्रहणना अभावथी, तेना वाचकध्वनि प्रते अने तत्साध्य व्यवहारप्रते प्रमाता प्रवर्ती शकतो नथी; अने तेम तो नथी, केमके विशेषना अभिधान अने व्यवहारनी प्रवृत्ति देखायेली छे; तेथी विशेषनी अभिलाषा करनारे, अने तेमां व्यवहारप्रवर्तावनारे, तेने ग्रहण करनारो बोध भिन्न जाणवो. । २०। एवीरीते सामान्यनी जगोए विशेषशब्दने, अने विशेषनी जगोए सामान्यशब्दने जोमनाराए, सामान्यमां पण तेने ग्रहण करनारो भिन्न बोध अंगीकार करवो; अने तेथी पोतपोतानि ग्रहण करनारां ज्ञानमां जूदा जणावाथी तेउ बन्ने एकबीजाथी जूदा छे, माटे पदार्थने सामान्य विशेषात्मकपणुं घटतुं नथी. एवीरीते स्वतंत्र सामान्यविशेषवादनुं विवेचन कर्युं॥*॥ । २१। उपर वर्णवेला

मपि न क्षमते क्षोदं प्रमाणबाधितत्वात्। सामान्यविशेषोभयात्मकस्यैव वस्तुनो निर्विगानमनुभूयमानत्वात्। वस्तुनो हि लक्षणमर्थक्रियाकारित्वं। तच्चाऽनेकान्तवाद एवाऽविकलं कलयन्ति परीक्षकाः। तथा हि।२२। यथा गौरित्युक्ते खुरककुद्सास्नालांगूलविषाणाद्यवयवसंपन्नं वस्तुस्वरूपं सर्वव्यक्त्यनुयायि प्रतीयते। तथा महिष्यादिव्यावृत्तिरपि प्रतीयते। यत्रापि च शबला गौरित्युच्यते तत्रापि यथा विशेषप्रतिभासस्तथा गोत्वप्रतिभासोऽपि स्फुट एव। शबलेतिकेवलविशेषणोच्चारणेऽपि अर्थात्प्रकरणाद्वा गोत्वमनुवर्त्तते।२३। अपि च शबलत्वमपि नानारूपं तथादर्शनात्। ततो वक्त्रा शबलेत्युक्ते क्रोडीकृतसकलशबलसामान्यं विवक्षितगोव्यक्तिगतमेव शबलत्वं व्यवस्था-

---

ते त्रणे पक्षो प्रमाणथी बाधित होवाथी टकीशकता नथी; केमके पदार्थ तो सामान्य अने विशेष, एम बन्नेमयज निर्विवादपणे अनुभवाय छे. 'अर्थक्रियाकारिपणुं' एवुं पदार्थनुं लक्षण छे, अने तेवां लक्षणने परीक्षको अनेकांतवादमांज निर्दोषरूप जुए छे. ते कहे छे।२२। 'गाय' एवुं कहेते छते, खरी, खुंध, गलकंबल, पुंछमां, तथा शींगमां आदिक अवयवोवालुं पदार्थस्वरूप, जेम सर्व व्यक्तिउमां अनुसरनारुं प्रतीत थाय छे, तेम भेंस आदिकनी व्यावृत्ति पण प्रतीत थाय छे; वली ज्यां 'काबरी गाय' एवुं कहेवाय छे, त्यां पण जेम विशेषनो प्रतिभास थाय छे, तेम गोपणानो प्रतिभास पण प्रगटज थाय छे; वली 'काबरी' एटलुं केवल विशेषणज उचारवाथी पण अर्थथी अथवा प्रस्तावथी गायपणुं तो चाल्युंज आवे छे.।२३। वली काबरचितरापणुं पण नानाप्रकारनुं छे, केमके तेवुं देखाय छे; अने तेथी 'काबरचितरा मोहोमावाली' एम कहेते छते लागु करेल छे सर्व शबलसामान्य जेणे, एवुं विवक्षित गोव्यक्तिमां रहेलुंज शबलपणुं स्था-

प्यते । तदेवमाबालगोपालं प्रतीतिप्रसिद्धेऽपि वस्तुनः सामान्यविशेषात्मकत्वे तद्भ्यैकान्तवादः प्रलापमात्रं । न हि क्वचित्कदाचित्केनचित्सामान्यं विशेषंविनाकृतमनुभूयते । विशेषा वा तद्विनाकृताः । केवलं दुर्णयप्रभावितमतिव्यामोहवशादेकमपलप्याऽन्यतरद्व्यवस्थापयन्ति बालिशाः । सोऽयमन्धगजन्यायः । २४ । येऽपि च तदेकान्तपक्षोपनिपतिनः प्रागुक्ता दोषास्तेऽपि अनेकान्तवादप्रचण्डमुद्गरजर्जरितत्वान्नोच्छ्वसितुमपि क्षमाः । २५ । स्वतन्त्रसामान्यविशेषवादिनस्त्वेवं प्रतिक्षेप्याः । सामान्यं प्रतिव्यक्ति कथंचिद्भिन्नं कथंचित्तदात्मकत्वाद्विसदृशपरिणामवत् । यथैव हि काचिद्व्यक्तिरुपलभ्यमानाद्व्यक्त्यन्तराद्विशिष्टा विसदृशपरिणामदर्शनाऽवतिष्टते । तथा सदृशपरिणामात्मकसा-

---

पन कराय छे. एवीरीते पदार्थनुं सामान्यविशेषात्मकपणुं छेक बालगोपालपर्यंत प्रतीतिगोचर होवा छतां पण, ते बन्नेनो जे एकांतवाद कहेवो, ते मात्र निरर्थक वचनजेवुं छे, केमके विशेषविना करेलुं सामान्य, अथवा सामान्यविना करेला विशेषो क्यांय पण कोइ पण समये, कोइए पण अनुभव्या नथी. फक्त दुर्नययुक्त मतिना व्यामोहना वशथी अज्ञानीओ एकने छलवीने बीजाने स्थापे छे; अने ते आंधलाओए पकडेला हाथीजेवो न्याय छे. । २४ । वली तेओना एकांत पक्षपर त्रुटी पडनारा जे दोषो पूर्वे कहेला छे, ते पण अनेकांतवादरूपी प्रचंड मुद्गरवडे खोखरा थवाथी श्वासलेवाने पण समर्थ नथी. । २५ । हवे स्वतंत्र सामान्यविशेषवादिओनुं खंडन नीचेप्रमाणे जाणवुं. दरेक व्यक्तिमां रहेलुं सामान्य, कथंचित् तद्रूप होवाथी विसदृश परिणामनीपेठे कथंचिद् भिन्न छे. जेम कोइक व्यक्ति, उपलभ्यमान एवी बीजी व्यक्तिथी विशिष्ट होती थकी असदृशपरिणामना दर्शनवाली थाय छे, तेम सदृशपरिणामरूप सामान्यना दर्शनथी समान थाय छे,

मान्यदर्शनात्समानेति । तेन समानो गौरयं सोऽनेन समान इति प्रतीतेः ।२६। न चास्य व्यक्तिस्वरूपादभिन्नत्वात्सामान्यरूपताव्याघातः। यतो रूपादीनामपि व्यक्तिस्वरूपादभिन्नत्वमस्ति। न चैतेषां गुणरूपताव्याघातः। कथंचिद्व्यतिरेकस्तु रूपादीनामिव सदृशपरिणामस्याप्यस्त्येव । पृथग्व्यपदेशादिभाक्त्वात् ।२७। विशेषा अपि नैकान्तेन सामान्यात्पृथग्भवितुमर्हन्ति। यतो यदि सामान्यं सर्वगतं सिद्धं भवेत् । तदा तेषामसर्वगतत्वेन ततो विरुद्धधर्माध्यासः स्यात्। न च तस्य तत्सिद्धं । प्रागुक्तयुक्त्या निराकृतत्वात्। सामान्यस्य विशेषाणां च कथंचित्परस्पराऽव्यतिरेकेणैकाऽनेकरूपतया व्यवस्थितत्वात्। विशेषेभ्योऽव्यतिरिक्तत्वाद्धि सामान्यमप्यनेकमिष्यते। सामान्यात्तु विशेषाणामव्यतिरेकात्तेऽप्येकरूपाः। इति ।२८। एकत्वं च सामान्यस्य संग्रहन-

---

केमके तेनावडे समान एवो आ बलद, ते आनावडे समान छे, एवी प्रतीति थाय छे. ।२६। वळी व्यक्तिना स्वरूपथी अभिन्न होवाथी तेने सामान्यस्वरूपपणानो व्याघात आवतो नथी, केमके रूपादिकोने पण व्यक्तिस्वरूपथी अभिन्नपणुं छे, पण तेउना गुणरूपपणानो व्याघात आवतो नथी; अने कथंचित् जूदापणुं तो रूपादिकोनीपेठे जूदां नामो आदिकने भजवाथी सदृशपरिणामने पण छे. ।२७। वळी विशेषो पण एकांते सामान्यथी भिन्न थइ शकता नथी, केमके ज्यारे सामान्य सर्वव्यापक सिद्ध थाय, त्यारे ते विशेषोना असर्वव्यापकपणावडे तेथी विरुद्ध धर्माध्यास थवो जोइए, अने पूर्वे कहेली युक्तिवडे खंडन करवाथी तेवुं तो तेने सिद्ध थतुं नथी; वळी सामान्य अने विशेषो कथंचित् परस्पर अभिन्न होवाथी एकाऽनेकरूपे रहेला छे, केमके विशेषोथी अभिन्न होवाथी सामान्य पण अनेक छे, अने सामान्यथी अभिन्न होवाथी ते विशेषो पण एकरूप छे. ।२८।

यार्प्पणात्सर्वत्र विज्ञेयं । प्रमाणार्प्पणात्तस्य कथंचिद्विरुद्धधर्माध्यासितत्वं सदृशपरिणामरूपस्य विसदृशपरिणामवत्कथंचित्प्रतिव्यक्तिभेदात् । एवं चाऽसिद्धं सामान्यविशेषयोः सर्वथा विरुद्धधर्माध्यासितत्वं । कथंचिद्विरुद्धधर्माध्यासितत्वं चेद्विवक्षितं तदाऽस्मत्कक्षाप्रवेशः । कथंचिद्विरुद्धधर्माध्यासस्य कथंचिद्भेदाऽविनाभूतत्वात् । २९ । पाथःपावकदृष्टान्तोऽपि साध्यसाधनविकलस्तयोरपि कथंचिदेव विरुद्धधर्माध्यासितत्वेन भिन्नत्वेन च स्वीकरणात् । पयस्त्वपावकत्वादिना हि तयोर्विरुद्धधर्माध्यासो भेदश्च । द्रव्यत्वादिना पुनस्तद्विपरीतत्वमिति । तथा च कथं न सामान्यविशेषात्मकत्वं वस्तुनो घटते? इति । ३० । ततः सुष्ठूक्तं वाच्यमेकमनेकरूपमिति । एवं वाचकमपि शब्दाख्यं द्वयात्मकं

---

वली संग्रहनयनी अपेक्षाये सामान्यनुं एकपणुं सर्वत्र जाणी लेवुं, अने प्रमाणना अर्पणथी सदृशपरिणामरूप एवा ते सामान्यने विसदृशपरिणामनीपेठे कथंचित् दरेक व्यक्तिप्रते भेद छे. एवी रीते सामान्य अने विशेषनुं सर्वथाप्रकारे विरुद्ध धर्मने धारवापणुं असिद्ध थयुं; अने (हे वादी!) जो (तेउनुं) कथंचित् विरुद्धधर्मने धारवापणुं तुं कहेतो होय, तो तें अमारा मतमांज प्रवेश कर्यो छे, केमके कथंचित् विरुद्धधर्मधारवापणुं कथंचित् भेदविना थतुं नथी. । २९ । वली (तारुं) पाणी अने अग्निनुं दृष्टांत पण साध्यसाधनमां अघटतुं छे, केमके तेउ बन्नेने पण कथंचित् विरुद्धधर्माध्यासिपणावमे अने भिन्नपणावमे स्वीकार्या छे, कारणके जलपणुं अने अग्निपणुं, इत्यादिकवमे तेउनुं विरुद्धधर्मधारवापणुं अने भेद छे, अने द्रव्यपणादिकवमे तेथी विपरीतपणुं छे; अने तेम होवाथी पदार्थने सामान्यविशेषात्मकपणुं शामाटे न घटी शके? । ३० । माटे 'वाच्य एक अने अनेकरूप छे' एम जे कह्युं, ते योग्यज कह्युं छे; एवीरीते वाचक एटले शब्द पण सामान्य-

सामान्यविशेषात्मकं । सर्वशब्दव्यक्तिष्वनुयायि शब्दत्वमेकं । शाङ्ख-शार्ङ्गतीव्रमन्दोदात्तानुदात्तस्वरितादिविशेषभेदादनेकं । शब्दस्य हि सामान्यविशेषात्मकत्वं पौद्गलिकत्वाद्व्यक्तमेव । तथाहि । ३१ । पौद्गलिकः शब्द इन्द्रियार्थत्वाद्रूपादिवत् । यच्चाऽस्य पौद्गलिकत्वनिषेधाय स्पर्शशून्याश्रयत्वात् । अतिनिबिडप्रदेशे प्रवेशनिर्गमयोरप्रतिघातात् । पूर्वपश्चाच्चावयवानुपलब्धेः । सूक्ष्ममूर्तद्रव्यान्तराऽप्रेरकत्वात् । गगनगुणत्वाच्चेति पञ्चहेतवो यौगैरुपन्यस्तास्ते हेत्वाभासास्तथाहि । ३२ । शब्दपर्यायस्याश्रयो भाषावर्गणा न पुनराकाशं । तत्र च स्पर्शो निर्णीयत एव । यथा शब्दाश्रयः स्पर्शवाननुवातप्रतिवातयोर्विप्रकृष्टनिकटशरीरिणोपलभ्यमानाऽनुपलभ्यमानेन्द्रियार्थत्वात् तथाविधगन्धाधार-

---

विशेषात्मक छे; अर्थात् सर्व शब्दोनी व्यक्तिउमां चाल्युं आवतुं एवुं शब्दपणुं एक छे, अने शंखनो, धनुष्यनो, तीव्र, मंद, उदात्त, अनुदात्त, अने स्वरितादिक विशेषोना भेदोथी अनेक छे. वळी शब्द पौद्गलिक होवाथी तेनुं सामान्यविशेषात्मकपणुं प्रगटज छे. ते कहे छे. । ३१ । शब्द इंद्रियार्थ होवाथी रूपादिकनी पेठे पौद्गलिक छे; वळी ते शब्दना पौद्गलिकपणाना निषेधमाटे, स्पर्शेकरीने शून्याश्रयवाळो होवाथी, अतिनिबिड प्रदेशमां प्रवेशनिर्गमननो अटकाव न थवाथी, आगळपाछळनो अवयव नहीं प्राप्त थवाथी, सूक्ष्ममूर्तिवाळा बीजा द्रव्योने अप्रेरक होवाथी, तथा आकाशगुणपणाथी, एवी रीतना पांच हेतुउ यौगोए जे आपेला छे, ते हेत्वाभासो छे. ते कहे छे. । ३२ । शब्दपर्यायनो आश्रय भाषावर्गणा छे, पण आकाश नथी. वळी त्यां तो स्पर्श निर्णीत थायज छे. जेम, शब्दाश्रय स्पर्शवाळो छे; अनुकुळ अने प्रतिकुळ वायु होते छते, दूर अने नजीक रहेला प्राणीउने प्राप्त थतुं अने अप्राप्त थतुं एवुं तेने इंद्रियार्थपणुं होवाथी. (कोनी

द्रव्यपरमाणुवत् इत्यसिद्धः प्रथमः । ३३ । द्वितीयस्तु गन्धद्रव्येण व्यभिचारादनैकान्तिकः । वर्त्यमानजात्यकस्तूरिकादिगन्धद्रव्यं हि पिहितद्वारापवरकस्यान्तर्विशति बहिश्च निर्याति । न चाऽपौद्गलिकं । ३४ । अथ तत्र सूक्ष्मरन्ध्रसंभवान्नाऽतिनिबिडत्वमतस्तत्र तत्प्रवेशनिष्क्रमौ । कथमन्यथोद्घाटितद्वारावस्थायामिव न तदेकार्णवत्वं । सर्वथा नीरन्ध्रे तु प्रदेशे न तयोः संभव इतिचेत्तर्हि शब्देऽप्येतत्समानमित्यसिद्धो हेतुः । ३५ । तृतीयस्तु तडिल्लतोल्कादिभिरनैकान्तिकः । चतुर्थोऽपि तथैव गन्धद्रव्यविशेषसूक्ष्मरजोधूमादिभिर्व्यभिचारात् । न हि गन्धद्रव्यादिकमपि नासायां निविशमानं तद्विवरद्वारदेशोद्भिन्नश्मश्रुप्रेरकं

---

पेठे?) तोके तेवी रीतना गंधने धारण करनारा द्रव्यपरमाणुनीपेठे. एवी रीते ते यौगोनो पेहेलो हेतु असिद्ध थयो. । ३३ । बीजो हेतु गंधद्रव्यसाथे व्यभिचार आववाथी अनेकांतिक छे, केमके वटाती एवी उंची कस्तूरी आदिकनुं गंधद्रव्य बीडेलाबारणावाला उरडानी-अंदर दाखल थाय छे, अने बहार निकले छे, अने ते गंधद्रव्य कंइ अपौद्गलिक नथी. । ३४ । (वादीनी शंका)—तेमां सूक्ष्म रंध्रो होवाथी अतिनिबिडपणुं नथी, अने तेथी तेमां तेनो प्रवेश अने निष्क्रम छे, अने जो तेम न होय, तो उघाडेलां द्वार वखते जेम, तेम बंध वखते पण तेना गंधनो फेलावो केम न होय? अने सर्वथाप्रकारे छिद्ररहित प्रदेशमां तो तेना प्रवेशनिर्गमननो संभवज नथी, एम जो तुं कहीश, तो शब्दमां पण तेमज छे, माटे तारो ते बीजो हेतु असिद्ध छे. । ३५ । वली तारो त्रीजो हेतु तो वीजली अने उल्काआदिको साथे अनेकांतिक छे. चोथो हेतु पण तेवोज छे; केमके गंधद्रव्यविशेष, सूक्ष्म रज अने धुंवाडाआदिकोसाथे तेनो व्यभिचार आवे छे, केमके नाशिकामां प्रवेशकरतुं एवुं गंधद्रव्यादिक पण, ते नाशिकाना

दृश्यते । ३६ । पञ्चमः पुनरसिद्धः । तथाहि । न गगनगुणः शब्दोऽस्मदादिप्रत्यक्षत्वाद्रूपादिवदिति सिद्धः पौद्गलिकात्वात्सामान्यविशेषात्मकः शब्द इति । ३७ । न च वाच्यं आत्मन्यपौद्गलिकेऽपि कथं सामान्यविशेषात्मकत्वं निर्विवादमनुभूयत इति । यतः संसार्यात्मनः प्रतिप्रदेशमनंताऽनन्तकर्मपरमाणुभिः सह वह्नितापितघनकुट्टितनिर्विभागपिण्डीभूतसूचीकलापवल्लोलीभावमापन्नस्य कथंचित्पौद्गलिकत्वाभ्यनुज्ञानादिति । ३८ । यद्यपि स्याद्वादवादिनां पौद्गलिकमपौद्गलिकं च सर्वं वस्तु सामान्यविशेषात्मकं तथाप्यपौद्गलिकेषु धर्माऽधर्माकाशकालेषु तदात्मकत्वमर्वाग्दृशां न तथा प्रतीतिविषयमायातीति पौद्गलिकेषु पुनस्तत्साध्यमानं तेषां सुश्रद्धानमित्यप्रस्तुतमपि शब्दस्य पौद्ग-

---

विवरपासे लगेली मूछोने प्रेरनारुं देखातुं नथी. । ३६ । पांचमो हेतु तो असिद्ध छे; ते कहे छे. रूपादिकनीपेठे आपणआदिकोने प्रत्यक्ष होवाथी शब्द आकाशगुणवालो नथी; एवी रीते शब्द पौद्गलिक होवाथी सामान्यविशेषात्मक सिध्ध थयो. । ३७ । वली एम पण नही बोलवुं के, अपौद्गलिक एवा पण आत्माविषे सामान्यविशेषात्मकपणुं निर्विवादपणे केम अनुभवाय? केमके अग्निवडे तपावेला, घणथी कूटेला, अने विभागरहित पिंडरूप थयेला सूचिसमूहनीपेठे दरेक प्रदेशोप्रते अनंता अनंता कर्मपरमाणुओसाथे चोटीबेठेला संसारी आत्माने कथंचित् पौद्गलिक लेखवानी अनुज्ञा आपेली छे. । ३८ । स्याद्वादवादिओने तो जोके पौद्गलिक अने अपौद्गलिक, एम सर्व वस्तु सामान्यविशेषरूप छे, तोपण चर्मचक्षुवालाओने अपौद्गलिक एवा धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश अने कालमां देखातुं एवुं ते सामान्यविशेषात्मकपणुं बरोबर प्रतीतिमां आवी शके नही, अने पौद्गलिकोमां जो ते साधवामां आवे, तो तेओने तेमाटे तुरत श्रद्धा थाय,

द्गलिकत्वमत्र सामान्यविशेषात्मकत्वसाधनायोपन्यस्तमिति[१] । ३९ । अत्रापि नित्यशब्दवादिसंमतः शब्दैकत्वैकान्तोऽनित्यशब्दवाद्यभिमतः शब्दाऽनैकत्वैकान्तश्च प्रागुदर्शितदिशा प्रतिक्षेप्यः । अथवा वाच्यस्य घटादेरर्थस्य सामान्यविशेषात्मकत्वे तद्वाचकस्य ध्वनेरपि तत्त्वं । शब्दार्थयोः कथंचित्तादात्म्याभ्युपगमात् । ४० । यदाहुः श्रीभद्रबाहुस्वामिपादाः । =॥ [२]अभिहाणं अभिहेयाउ । होइ भिन्नं अभिन्नं च ॥ खुरअग्गिमोयगुच्चारणंमि । जम्हाउ वयणसवणाणं ॥ ॥=॥ नवि छेउ नवि दाहो । न पूरणं तेन भिन्नं तु ॥ जम्हाय मोयगुच्चारणंमि तत्थेव

---

तेटलामाटे प्रस्तावविना पण अहीं सामान्यविशेषात्मकपणुं साधवामाटे शब्दनुं पौद्गलिकपणुं कहीदेखाड्युं छे. । ३९ । अहीं पण नित्यशब्दवादीए मानेलुं शब्दनुं एकांत एकपणुं, अने अनित्य शब्दवादीए मानेलुं शब्दनुं एकांत अनेकपणुं पूर्वोक्त प्रकारथी खंडित करवुं. अथवा वाच्य एवा घटादिक अर्थने सामान्यविशेषात्मकपणुं होते छते, तेना वाचक एवा शब्दने पण ते सामान्यविशेषात्मकपणुं छे, केमके शब्द अने अर्थनुं कथंचित् तादात्म्यपणुं स्वीकार्युं छे. । ४० । श्री भद्रबाहुस्वामिजीए पण कह्युं छे के =॥ अभिधान अने अभिधेय बन्ने भिन्न अने अभिन्न होय छे, केमके अस्त्रो, अग्नि, अने मोदकना उच्चारणमां जेम मुख अथवा कानोने, छेद, दाह के ( मोदकथी ) पूर्णता थती नथी; अने तेथी ते भिन्न छे. वळी जेम मोदकना उच्चारणमां,

---

१ हालना समयमां पाश्चिमात्य विद्वानोए पण शोधी कहाड्युं छे के । शब्द । पौद्गलिक छे । केमके ते शब्दोने फोनोग्राफ नामना यंत्रमां पकडीशकाय छे । तथा बेहेराकाचआदिकथी तेओनो अटकाव थइ शके छे । तेथी कोइ पण बुद्धिवान् माणस ते शब्दना रूपीपणाने अने पौद्गलिकपणाने छोडीने अरूपी एवा आकाशना गुणरूपे स्वीकारशे नही ॥ २ अभिधानं अभिधेयस्तु । भवति भिन्नं अभिन्नं च ॥ क्षुरअग्निमोदकोच्चारणे । यथा तु वदनश्रवणानां ॥ नापि छेदः नापि दाहः । न पूरणं तेन भिन्नं तु ॥ यथा च मोदकोच्चारणे । तथैव प्रत्ययो भवति ॥ न च भवति सः अन्यार्थे । तेन अभिन्नं तदर्थतः ॥ इतिच्छाया ॥

पच्चउ होइ ॥=॥ न य होइ स अनत्थे । तेण अभिन्नं तदत्थाउ ॥= एतेन =॥ विकल्पयोनयः शब्दा । विकल्पाः शब्दयोनयः ॥ कार्यकारणता तेषां । नार्थं शब्दाः स्पृशन्त्यपि ॥= इति प्रत्युक्तम् "[१]अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेयाः" इति वचनात् । ४१ । शब्दस्य ह्येतदेव तत्वं यदभिधेयं याथात्म्येनासौ प्रतिपादयति । स च तत्तथाप्रतिपादयन् वाच्यस्वरूपपरिणामपरिणत एव वक्तुं शक्तो नान्यथा अतिप्रसङ्गात् । घटाभिधानकाले पटाद्यभिधानस्य प्राप्तेरिति । ४२ । अथवा भङ्ग्यन्तरेण सकलं काव्यमिदं व्याख्यायते । वाच्यं वस्तु घटा-

---

ते मोदकनीज प्रतीति थाय छे, पण बीजी वस्तुनी प्रतीति थती नथी, तेथी तदर्थवमे ते अभिन्न छे. आथी करीने शब्दो विकल्पोथी उत्पन्न थाय छे, अने विकल्पो शब्दोथी उत्पन्न थाय छे, एवी रीते तेउने परस्पर कार्यकारणपणुं छे, अने अर्थने तो शब्दो स्पर्श पण करता नथी, एवी रीते पण फरीने कह्युं छे, केमके अर्थ, अभिधान, अने प्रत्यय तुल्यनामधेयवालां छे, एवुं शास्त्रनुं वचन छे. । ४१ । शब्दनुं एज तत्व छे, के जे अभिधेयने ते यथात्मरूपे प्रतिपादन करे; अने तेवीरीते ते अभिधेयने प्रतिपादन करतो थको, ते शब्द वाच्यस्वरूपना परिणाममां परिणतज थयेलो कही शकाय, पण तेथी अन्यथाप्रकारे नही; केमके (तेथी तो) घटनुं नाम लेतीवेलाए पटादिकना नामनी पण प्राप्ति थवाथी अतिप्रसंग थाय. । ४२ । अथवा आ आखा काव्यनुं (नीचे प्रमाणे) बीजा प्रकारथी व्याख्यान कराय छे. वाच्य एटले घटादिक पदार्थ एकरूपज होतो थको अनेकस्वरू-

---

१ बाह्यः पृथुबुध्नोदराकारोऽर्थोऽपि घट इति व्यपदिश्यते । तद्वाचकमभिधानं घट इति । तद्ज्ञानरूपः प्रत्ययोऽपि घट इति । तथा च लोके वक्तारो भवंति = किमिदं पुरो दृश्यते घटः । किमसौ वक्ति घटं । किमस्य चेतसि घटः स्फुरति ॥

दिकमेकात्मकमेवैकरूपमेव सदनेकमनेकस्वरूपं । अयमर्थः । प्रमाता तावत्प्रमेयं लक्षणेन निश्चिनोति । तच्च [1]सजातीयविजातीयव्यवच्छेदादात्मलाभं लभते । ४३ । यथा घटस्य सजातीया मृन्मयपदार्थाः । विजातीयाश्च पटादयस्तेषां व्यवच्छेदस्तल्लक्षणं । पृथुबुध्नोदराद्याकारः कम्बुग्रीवो जलधारणाहारणादिक्रियासमर्थः पदार्थविशेषो घट इत्युच्यते । तेषां च सजातीयविजातीयानां स्वरूपं तत्र बुद्ध्याऽऽरोप्य व्यवच्छिद्यते । अन्यथा प्रतिनियततत्स्वरूपपरिच्छेदाऽनुपपत्तेः । ४४ । सर्वभावानां हि भावाऽभावात्मकं स्वरूपं । एकान्तभावात्मकत्वे वस्तुनो वैस्वरूप्यं स्यात् । एकान्ताऽभावात्मकत्वे च निःस्वभावता स्यात् ।

---

पवाळो छे. तेनो भावार्थ नीचे प्रमाणे छे. प्रमाता छे ते लक्षणवडे प्रमेयनो निश्चय करे छे, अने ते लक्षण सजातीय अने विजातीय पदार्थोने जूदा पाडवाथी पोतानुं सार्थकपणुं मेळवे छे ; । ४३ । जेम माटीमय पदार्थो घटना सजातीय छे, अने पटादिको विजातिय छे, तेउने जे जूदा पाडवा, तेनुं नाम लक्षण कहेवाय छे. पोहोळा अने जाडा पेटना आकारवाळो, शंखसरखी ग्रीवावाळो, जल भरवाळाववानी क्रियामां समर्थ, एवो जे पदार्थविशेष, ते घट कहेवाय छे ; अने तेउना सजातीय अने विजातीयोनुं स्वरूप तेमां बुद्धिपूर्वक आरोपीने, तेनो व्यवच्छेद कराय छे, अने जो तेम न करायें, तो दरेक चोकस पदार्थना स्वरूपना परिच्छेदनी अप्राप्ति थाय. । ४४ । वळी सर्व पदार्थोनुं भावाऽभावात्मक स्वरूप छे, केमके एकांत भावात्मकपणामां पदार्थने विस्वरूपपणुं थाय, अने एकांत अभावात्मकपणामां निःस्वभावपणुं थाय, माटे निजस्वरूपपणे छतो होवाथी, अने परस्वरूपपणे अछतो होवाथी, पदार्थ भावाऽभावात्मक छे. कह्युं छे के =॥ सघळुं निजरूपे

---

१ सजातीयविजातीयव्यावर्त्तको धर्मो लक्षणं ॥

तस्मात्स्वरूपेण सत्त्वात्पररूपेण चाऽसत्त्वाद्भावाऽभावात्मकं वस्तु । यदाह । =॥ सर्वमस्ति स्वरूपेण । पररूपेण नास्ति च ॥ अन्यथा सर्वसत्त्वं स्यात् । स्वरूपस्याप्यसंभवः ॥= ततश्चैकस्मिन् घटे सर्वेषां घटव्यतिरिक्तपदार्थानामभावरूपेण वृत्तेरनेकात्मकत्वं घटस्य सूपपादम् ।४५। एवं चैकस्मिन्नर्थे ज्ञाते सर्वेषामर्थानां ज्ञानं । सर्वपदार्थपरिच्छेदमन्तरेण तन्निषेधात्मन एकस्य वस्तुनो विविक्ततया परिच्छेदाऽसंभवात् । आगमोऽप्येवमेव व्यवस्थितः " जे एगं जाणइ । से सव्वं जाणइ । जे सव्वं जाणइ । से एगं जाणइ " तथा । =॥ एको भावः सर्वथा येन दृष्टः । सर्वे भावाः सर्वथा तेन दृष्टाः ॥ सर्वे भावाः सर्वथा येन दृष्टा । एको भावः सर्वथा तेन दृष्टः ॥= । ४६ । ये तु सौगताः पराऽसत्त्वं नाङ्गीकुर्वते । तेषां घटादेः सर्वात्मकत्वप्रसङ्गः । तथाहि । यथा घटस्य

---

छे, अने पररूपे नथी; अने जो तेम न होय, तो सर्वने छतापणुं थाय, अने स्वरूपनो पण असंभव थाय =॥ अने तेथी एक घटनीअंदर, घटथी भिन्न, एवा सर्व पदार्थो अभावरूपे वर्तवाथी, घटनुं अनेकात्मकपणुं सहेलाइथी मली आवे छे. । ४५ । वली एवीजरीते एक पदार्थने जाणवाथी सर्व पदार्थोनुं ज्ञान साबीत थाय छे, केमके सर्व पदार्थोना परिच्छेदविना, तेउना निषेधरूप एक पदार्थना परिच्छेदनो भिन्नरूपे असंभव छे. आगममां पण एमज कह्युं छे के " जे एकने जाणे छे, ते सर्वने जाणे छे, अने जे सर्वने जाणे छे, ते एकने जाणे छे " तथा =॥ जेणे एक भाव सर्वथाप्रकारे जोयो छे, तेणे सर्व भावो सर्वथाप्रकारे जोया छे, तेम सर्व भावो जेणे सर्वथाप्रकारे जोया छे, तेणे एक भाव पण सर्वथाप्रकारे जोयो छे. । ४६ । हवे बौद्धो, के जेउ परनुं अछतापणुं अंगीकार करता नथी, तेउने घटादिकप्रते सर्वात्मकपणानो प्रसंग आवशे. ते कहे छे. घटने स्वरूपादिकवमे

स्वरूपादिना सत्त्वं । तथा यदि पररूपादिनापि स्यात् । तथा च सति स्वरूपादित्ववत्पररूपादित्वप्रसक्तेः कथं न सर्वात्मकं भवेत्? पराऽसत्त्वेन तु प्रतिनियतोऽसौ सिध्यति । ४७ । अथ न नाम नास्ति पराऽसत्त्वं किं तु स्वसत्त्वमेव तदितिचेदहो वैदग्धी! न खलु यदेव सत्त्वं तदेवाऽसत्त्वं भवितुमर्हति। विधिप्रतिषेधरूपतया विरुद्धधर्माध्यासेनाऽनयोरैक्याऽयोगात् । ४८ । अथ युष्मत्पक्षेऽप्येवं विरोधस्तदवस्थ एवेतिचेदहो वाचाटता देवानांप्रियस्य !! न हि वयं येनैव प्रकारेण सत्त्वं तेनैवाऽसत्त्वं येनैवचाऽसत्त्वं तेनैव सत्त्वमभ्युपेमः । किंतु स्वरूपद्रव्यक्षेत्रकालभावैः सत्त्वं पररूपद्रव्यक्षेत्रकालभावैस्त्वसत्त्वं । तदा क्व विरोधावकाशः? । ४९ । यौगास्तु प्रगल्भन्ते सर्वथाप्रृथग्भूतपरस्पराऽभा-

---

जेम छतापणुं छे, तेम पररूपादिकवडे पण जो होय, तो स्वरूपादिकपणानीपेठे पररूपादिकनी पण प्रसक्तिथी तेने सर्वात्मकपणुं केम न थाय? एवी रीते परना अछतापणायेंकरीने ते चोकस रीते सिद्ध थाय छे. ।४७। घटमां परनुं अछतापणुं नथी तेम नथी, पण ते स्वसत्त्वज छे, एम जो तुं कहेतो होय, तो अहो! तारी कंइ चतुराइ !! जेज छतापणुं छे, तेज अछतापणुं कंइ थइ शकतुं नथी, केमके विधिप्रतिषेधरूपपणायें करीने विरुद्धधर्म धारणावडे ते बन्नेनी ऐक्यतानो अयोग छे. ।४८। हवे कदाच एम कहीश के तमारा पक्षमां पण ते एवीज रीतनो विरोध आवशे, तो अहो! शुं तारुं मूर्खनुं वाचालपणुं!! केमके अमो जेज प्रकारे छतापणुं तेज प्रकारे अछतापणुं, तथा जेज प्रकारे अछतापणुं तेज प्रकारे छतापणुं कंइ स्वीकारता नथी, परंतु स्वरूपना द्रव्य, क्षेत्र, काल अने भावे करीने छतापणुं, तथा पररूपना द्रव्य, क्षेत्र, काल अने भावें करीने अछतापणुं स्वीकारीये छीये; माटे तेमां क्यां विरोधनो अवकाश रह्यो? ।४९।

वाभ्युपगममात्रेणैव पदार्थप्रतिनियमसिद्धेः । किं तेषामसत्त्वात्मकत्व-कल्पनयेति । तदसत् । यदा हि पटाद्यभावरूपो घटो न भवति । तदा घटो पटादिरेव स्यात् । यथा च घटाऽभावाद्भिन्नत्वाद्घटस्य घ-टरूपता । तथा पटादेरपि स्याद्घटाऽभावाद्भिन्नत्वादेवेत्यलं विस्तरेण । ५० । एवं वाचकमपि शब्दरूपं द्वयात्मकं । एकात्मकमपि सदने-कमित्यर्थः । अथोक्तन्यायेन शब्दस्यापि भावाऽभावात्मकत्वात् । अ-थवा एकविषयस्यापि वाचकस्याऽनेकविषयत्वोपपत्तेः । ५१ । यथा किल घटशब्दः संकेतवशात् पृथुबुध्नोदराद्याकारवति पदार्थे प्रवर्त्तते वाचकतया । तथा देशकालाद्यपेक्षया तद्वशादेव पदार्थान्तरेष्वपि तथा वर्तमानः केन वार्यते ? भवन्ति हि वक्तारो योगिनः शरीरं प्रति घट

---

यौगमतवाला एवी बमाड मारे छे के, सर्वथा प्रकारे भिन्न रहेला एवा परस्पर अभावना स्वीकारमात्रवमेज पदार्थना दरेक नियमनी सिद्धि थाय छे, माटे तेउना असतात्मकपणानी कल्पनानी शी जरुर छे ? यौ-गमतवालाउनुं ते कहेवुं असत्य छे; केमके ज्यारे पटादिकना अभा-वरूप घट न होय, त्यारे घट छे ते, पटादिकज थइ जाय; वली घटना अभावथी घटनुं भिन्नपणुं होवाथी जेम घटरूपपणुं थाय छे, तेम पटादिकनुं पण थाय, केमके घटना अभावथी ( पटने ) भिन्नपणुं छे, एवीरीते अतिविस्तारथी सर्युं. । ५० । एवीरीते वाचक ( शब्द ) पण एकात्मक छतां अनेकात्मक छे, केमके उक्त न्यायें करीने शब्दने पण भावाऽभावात्मकपणुं छे, अथवा एक विषयवाला वाचकने पण अने-कविषयपणानी प्राप्ति छे. । ५१ । जेम घट शब्द वाचकपणावमे करीने संकेतना वशथी पोहोला तथा जामा पेटारआदिकना आकारवाला प-दार्थमां प्रवर्ते छे, तेम देशकालादिकनी अपेक्षावमे ते संकेतना वश-थीज बीजा पदार्थोनेविषे पण वर्ततो कोनाथी वारीशकाय तेम छे ?

इति। संकेतानां पुरुषेच्छाधीनतयाऽनियतत्वात्। ५२। तथा चौरशब्दो- ऽन्यत्र तस्करे रूढोऽपि दाक्षिणात्यानामोदने प्रसिद्धः। यथा च कुमारशब्दः पूर्वदेशे आश्विनमासे रूढः। एवं कर्कटीशब्दादयोऽपि तत्तद्देशापेक्षया योन्यादिवाचका ज्ञेयाः। ५३। कालापेक्षया पुनर्यथा जैनानां प्रायश्चित्तविधौ धृतिश्रद्धासंहननादिमति प्राचीनकाले षड्गुरुशब्देन शतमशीत्यधिकमुपवासानामुच्यते स्म। सांप्रतकाले तु तद्विपरीते तेनैव षड्गुरुशब्देनोपवासत्रयमेव संकेत्यते [१]जीतकल्पव्यवहारानुसारात्। ५४। शास्त्रापेक्षया तु यथा पुराणेषु द्वादशीशब्देनैकादशी। त्रिपुरार्णवे चाऽलिशब्देन मदिराभिषक्तं। च मैथुनशब्देन मधुसर्पिषोर्ग्रहणमित्यादि। न चैवं [२]सङ्केतस्यैवार्थप्रत्यायने प्राधान्यं।

---

केमके योगीओ शरीरने पण घट कहेनारा होय छे, कारणके पुरुषनी इच्छाने आधिन होवाथी संकेतोनुं अनियमितपणुं छे. । ५२ । वळी चौर शब्द अन्य जगोए तस्कररूपे रूढ छे, छतां पण दक्षिणीओमां ते भाततरिके प्रसिद्ध छे. तथा जेम कुमारशब्द पूर्वदेशमां आश्विनमासमां रूढ छे; एवीरीते कर्कटीशब्दादिको पण ते ते देशनी अपेक्षाये योनिआदिकना वाचको जाणवा. । ५३ । वळी काळनी अपेक्षाये जैनोनी प्रायश्चित्तविधिमां, धैर्य, श्रद्धा तथा संघयणादिकवाळा प्राचीनकाळमां 'षट्गुरु' शब्दे करीने जेम एकसोने एंसी उपवासो कहेवाय छे; अने तेथी विपरीत एवा हाळना समयमां तो तेज 'षट्गुरु' शब्दे करीने जीतकल्पव्यवहारने अनुसारे त्रणज उपवासनो संकेत कराय छे. । ५४ । वळी शास्त्रनी अपेक्षाये पुराणोमां जेम द्वादशी शब्दे करीने एकादशी छे, तथा त्रिपुरार्णवमां जेम अलिशब्दे करीने 'मदिरायुक्त' छे, तथा मैथुनशब्दे करीने जेम मध अने घीनुं ग्रहण छे.

---

१ जीतव्यवहारानुसारात् इति द्वितीयपुस्तकपाठः॥ २ केवलस्येति शेषः॥

स्वाभाविकसामर्थ्यसाचिव्यादेव तस्य तत्र प्रवृत्तेः । सर्वशब्दानां सर्वार्थप्रत्यायनशक्तियुक्तत्वात् । यत्र च देशकालादौ यदर्थप्रतिपादनशक्तिसहकारी सङ्केतस्तत्र तमर्थं प्रतिपादयति । ५५ । तथा च निर्जितदुर्जयपरप्रवादाः श्रीदेवसूरिपादाः " स्वाभाविकसामर्थ्यसमयाभ्यामर्थबोधनिबन्धनं शब्दः " ( अत्र शक्तिपदार्थसमर्थनं ग्रंथान्तरादवसेयम् ) अतोऽन्यथेत्यादि उत्तरार्द्धं पूर्ववत् । ५६ । प्रतिभाप्रमादस्तु तेषां सदसदेकान्ते वाच्यस्य । प्रतिनियतार्थविषयत्वे च वाचकस्योक्तयुक्त्या दोषसद्भावाद् व्यवहाराऽनुपपत्तेः । तदयं समुदयार्थः । ५७ । सामान्यविशेषात्मकस्य भावाऽभावात्मकस्य च वस्तुनः सामान्यविशेषात्मको

---

इत्यादि. वळी एवीरीते केवळ संकेतनुंज कंइ अर्थनी प्रतीतिमां प्रधानपणुं नथी, केमके स्वाभाविक सामार्थ्यना संयोगथीज तेमां तेनी प्रवृत्ति छे, कारणके सर्व शब्दो सर्व अर्थोनी प्रतीतिनी शक्तिवाळा छे; अने जे देशकाळादिकमां जे अर्थना प्रतिपादननी शक्तिने सहाय करनारो संकेत होय, त्यां ते अर्थने प्रतिपादन करे छे. । ५५ । वळी जीतेल छे दुर्जय परप्रवादो जेमणे एवा श्रीदेवसूरिजी महाराज पण कहे छे के " स्वाभाविक सामर्थ्य अने संकेतवडे अर्थबोधना कारणरूप शब्द छे. " अहीं शक्तिपदार्थनुं समर्थन बीजा ग्रंथोथी जाणी लेवुं. ' अतोऽन्यथा ' इत्यादि उत्तरार्धनुं व्याख्यान ( अहीं पण ) पूर्वनीपेठेज जाणी लेवुं. । ५६ । ते वादीउनो बुद्धिसंबंधि प्रमाद तो तेथी छे, के तेउ वाच्यने एकांत सत् अने एकांत असत् कहे छे, तथा वाचकने पण अमुक पदार्थनाज विषयवाळो कहे छे, अने तेम मानवुं तो उपर कहेली युक्तिमुजब दूषणवाळुं होवाथी व्यवहारनी प्राप्ति थती नथी; तेथी तेनो समुच्चयार्थ नीचेप्रमाणे छे. । ५७ । सामान्यविशेषरूप अने भावाऽभावरूप एवा पदार्थनो सामान्यविशेषरूप

भावाऽभावात्मकश्च ध्वनिर्वाचकः । इत्यन्यथा प्रकारान्तरैः पुनर्वाच्य-वाचकभावव्यवस्थामातिष्ठमानानां प्रतिभैव प्रमाद्यति । न तु तद्भणितयो युक्तिस्पर्शमात्रमपि सहन्ते । कानि तानि वाच्यवाचकभावप्रकारान्तराणि परवादिनामिति चेदेते ब्रूमः । ५८ । अपोह एव शब्दार्थ इत्येके "अपोहः शब्दलिङ्गाभ्यां न वस्तुविधिनोच्यते" इति वचनात् । ५९ । अपरे च सामान्यमात्रमेव शब्दानां गोचरस्तस्य क्वचित्प्रतिपन्नस्यैकरूपतया सर्वत्र संकेतविषयतोपपत्तेर्न पुनर्विशेषास्तेषामानन्त्यतः कार्त्स्न्येनोपलब्धुमशक्यतया तद्विषयताऽनुपपत्तेः । ६० । विधिवादिनस्तु [1]विधिरेव वाक्यार्थोऽप्रवृत्तप्रवर्तनस्वभावत्वात् तस्येत्याचक्षते । विधिरपि

---

अने भावाऽभावरूप ध्वनि एटले वाचक छे; माटे तेथी उलटीरीते जूदा प्रकारोथी वाच्यवाचकभावनी व्यवस्थाने स्थापन करनारा एवा ते वादीओनी बुद्धि ज मारीगयेली छे, केमके तेउनां वचनो युक्तिना फक्त स्पर्शने पण सहन करी शकतां नथी. हवे ते वादीओना वाच्य-वाचकभावना ते जूदा प्रकारो कया छे? एम जो कोइ पूछे, तो ते अमो (नीचे प्रमाणे) कहीये छीये. । ५८ । केटलाको एम कहे छे के, 'अपोह' एज शब्दार्थ छे. कह्युं छे के, 'अपोह' शब्द अने लिंगवडे छे, पण वस्तुविधिवडे नही. । ५९ । वली केटलाको तो सामान्य-मात्रनेज शब्दोनो विषय कहे छे, केमके क्वचित्प्राप्त एवा ते सामान्यने सर्व जगोए एकरूपपणावडे संकेतविषयपणानी प्राप्ति छे; पण विशेषो शब्दना विषयरूप नथी, केमके तेओ अनंतपणाथी कार्त्स्न्यपणावडे मेलववा अशक्य होवाथी, तेओने शब्दविषयपणानी अप्राप्ति छे. । ६० । वली विधिवादीओ तो एम कहे छे के विधिज वाक्यार्थ छे, केमके ते नही प्रवर्तेलाने प्रवर्ताववाना स्वभाववाली छे. वली ते विधि

---

[1] विधिः क्रियायां प्रेरणा ॥

तत्तद्वादिविप्रतिपत्त्याऽनेकप्रकारस्तथाहि । ६१ । वाक्यरूपः शब्द एव प्रवर्तकत्वाद्विधिरित्येके । तद्व्यापारो [1]भावनाऽपरपर्यायो विधिरित्यन्ये । [2]नियोग इत्यपरे । [3]प्रैषादय इत्येके । तिरस्कृततदुपाधिप्रवर्तनामात्रमित्यन्ये । एवं फलतदभिलाषकर्मादयोऽपि वाच्याः । एतेषां निराकरणं सपूर्वोत्तरपक्षं न्यायकुमुदचन्द्रादवसेयमिति काव्यार्थः ॥

। ६२ । इदानीं सांख्याभिमतप्रकृतिपुरुषादितत्वानां विरोधावरुद्धत्वं ख्यापयन् तद्बालिशताविलसितानामपरिमितत्वं दर्शयति ।

चिदर्थशून्या च जडा च बुद्धिः ।
शब्दादितन्मात्रजमम्बरादि ॥

---

पण ते ते वादीओना मतांतरोथी अनेक प्रकारनी छे. ते कहे छे. । ६१ । केटलाको एम कहे छे के, वाक्यरूप शब्दज प्रवर्तक होवाथी विधि छे, बीजा एम कहे छे के, तेनो व्यापार अथवा भावना छे बीजुं नाम जेनुं, तेज विधि छे. यागादि सकर्ममार्गरूप जे नियोग ते विधि छे, एम केटलाक कहे छे. वली केटलाको एम कहे छे के, न्यक्कारपूर्वक प्रेरणारूप प्रैषादिको विधि छे. तेम बीजाओ वली एम कहे छे के, तिरस्कारेली एवी तदुपाधिप्रवर्तनामात्रज विधि छे. एवी रीते फल, तदभिलाष तथा कर्मादिकोने पण जाणवा. ए सर्वेनुं पूर्वोत्तर पक्ष सहित निराकरण न्यायकुमुदचंद्र नामना ग्रंथथी जाणी लेवुं. एवी रीते चौदमा काव्यनो अर्थ जाणवो.

। ६२ । हवे सांख्योए मानेला प्रकृतिपुरुषादिक तत्वोनुं विरोधयुक्तपणुं कहेता थका, तेओनी मूर्खाइना चेष्टितोनुं अपरिमितपणुं देखाडे छे.

---

१ भावना हि नैःकर्म्यमार्गरूपा परमज्योतिर्ध्यानरूपा ॥ २ यागादिसकर्ममार्गरूपः ॥ ३ न्यक्कारपूर्विका प्रेरणा प्रैषः ॥

न बन्धमोक्षौ पुरुषस्य चेति ।
क्रियज्जडैर्न ग्रथितं विरोधि ॥ १५ ॥

चैतन्यशक्ति पदार्थोनो परिच्छेद करीशकती नथी, अने बुद्धि जड छे; तथा आकाशादिक पांचे भूतो शब्दादितन्मात्राओथी उत्पन्न थयां छे, तेम आत्माने बंध अने मोक्ष नथी. एवी रीते ते मूर्खोए केटलुंक विरोधवालुं नथी गुंथी कहाड्युं ? ! ॥ १५ ॥

। १ । चिच्चैतन्यशक्तिरात्मस्वरूपभूताऽर्थशून्या विषयपरिच्छेदविरहिता । अर्थाध्यवसायस्य बुद्धिव्यापारत्वादित्येका कल्पना । २ । बुद्धिश्च महत्तत्वाख्या जडाऽनवबोधरूपा इति द्वितीया । ३ । अम्बरादि व्योमप्रभृतिभूतपञ्चकं शब्दादितन्मात्रजं । शब्दादीनि पञ्चतन्मात्राणि सूक्ष्मसंज्ञानि तेभ्यो जातमुत्पन्नं शब्दादितन्मात्रजं इति तृतीया । ( अत्र च शब्दो गम्यः ) पुरुषस्य च प्रकृतिविकृत्यनात्मकस्यात्मनो न बन्धमोक्षौ । किं तु प्रकृतेरेव । ४ । तथाच कापिलाः । 'तस्मान्न बध्यते नापि ।

। १ । चित् एटले आत्मस्वरूपभूत एवी चैतन्यशक्ति विषयोना परिच्छेद विनानी छे, केमके पदार्थोनो अध्यवसाय बुद्धिना व्यापारवालो छे, एवी रीतनी ( ते सांख्योनी ) एक कल्पना छे. । २ । वली महत्तत्व नामनी जे बुद्धि, ते जड एटले अज्ञानना स्वरूपवाली छे, ए ( तेउनी ) बीजी कल्पना छे. । ३ । वली आकाशादिक पांचे भूतो, सूक्ष्मसंज्ञावाली शब्दादिक पांच तन्मात्राओथी उत्पन्न थयां छे, ए ( तेउनी ) त्रीजी कल्पना छे. ( अही 'च' शब्दने जोडीलेवो. ) वली प्रकृतिविकृतिथी अनात्मक एवा आत्माने बंध मोक्ष नथी, परंतु ते प्रकृतिनेज छे. । ४ । ते कपिलना मतवालाउ कहे छे के = 'माटे कोइ बंधातो नथी, मूकातो पण नथी, अने संसरतो पण नथी ; पण

मुच्यते नापि संसरति कश्चित् । संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ' । तत्र बन्धः प्राकृतकादिः । मोक्षः पञ्चविंशतितत्वज्ञानपूर्वकोऽपवर्गः । इति चतुर्थी । ५ । ( इति शब्दस्य प्रकारार्थत्वात् ) एवं प्रकारं अन्यदपि विरोधीति । विरुद्धं पूर्वापरविरोधादिदोषाघ्रातं जडैर्मूर्खैस्तत्वाऽवबोधविधुरधीभिः कापिलैः कियन्न ग्रथितं ? कियन्न स्वशास्त्रेषूपनिबद्धं ( कियदित्यसूयागर्भं ) तत्प्ररूपितविरुद्धार्थानामानन्त्येनेयत्ताऽनवधारणात् । इति संक्षेपार्थः । व्यासार्थस्त्वयं । ६ । सांख्यमते किल दुःखत्रयाभिहतस्य पुरुषस्य तदुपघातहेतुतत्वजिज्ञासा उत्पद्यते । आध्यात्मिकमाधिदैविकमाधिभौतिकं चेति दुःखत्रयं । तत्राध्यात्मिकं द्विविधं । शारीरं मानसं च । शारीरं वातपित्तश्लेष्मणां वैषम्यनिमित्तं ।

---

नानाप्रकारना आश्रयवाली प्रकृति संसरे छे, बंधाय छे, अने मूकाय छे ' तेमां बंध एटले प्रकृति संबंधिआदिक, अने मोक्ष एटले पचीस तत्वोना ज्ञानपूर्वक अपवर्ग. ए ( तेउनी ) चोथी कल्पना छे. । ५ । ( इति ' ए शब्द प्रकारार्थे होवाथी ) एवा प्रकारे करीने बीजुं पण पूर्वापरविरोधरूप दूषणवालुं, ते मुर्खोए एटले तत्वज्ञानरहितबुद्धिवाला एवा ते कापिलोए पोताना शास्त्रोमां केटलुंक नथी गुंथी कहाड्युं !! ( अहीं ' केटलुंक ' ए शब्द असूयागर्भित छे. ) अर्थात् तेउए प्ररूपेला विरोधो कंइ आटलाज नथी, परंतु अनंता छे, एवीरीते संक्षेपथी अर्थ कह्यो. विशेष अर्थ तो नीचे प्रमाणे छे. । ६ । सांख्य मतमां त्रण दुःखोथी दुःखित थयेला आत्माने, ते दुःखोने नाश करवाना हेतुरूप तत्वजिज्ञासा उत्पन्न थाय छे. आध्यात्मिक, आधिदैविक, अने आधिभौतिक ए त्रण दुःखो छे. तेमां आध्यात्मिक दुःख बे प्रकारनुं छे; शरीरसंबंधि अने मनसंबंधि; शरीरसंबंधि एटले वात, पित्त अने श्लेष्मना विकाररूप. मनसंबंधि एटले काम, क्रोध, लोभ, मोह, ईर्षा

मानसं कामक्रोधलोभमोहेर्ष्याविषयाऽदर्शननिबन्धनं । सर्वं चैतदान्तरोपायसाध्यत्वादाध्यात्मिकं दुःखं । ७ । बाह्योपायसाध्यं दुःखं द्वेधा । आधिभौतिकमाधिदैविकं चेति । तत्राधिभौतिकं मानुषपशुपक्षिमृगसरीसृपस्थावरनिमित्तम् । आधिदैविकं यक्षराक्षसग्रहाद्यावेशहेतुकम् । अनेन दुःखत्रयेण रजःपरिणामभेदेन बुद्धिवर्त्तिना चेतनाशक्तेः प्रतिकूलतयाऽभिसम्बन्धोऽभिघातः । ८ । तत्वानि च पञ्चविंशतिस्तद्यथा । अव्यक्तमेकं महदहंकारपञ्चतन्मात्रैकादशेन्द्रियपञ्चमहाभूतभेदात् त्रयोविंशतिविधं व्यक्तं । पुरुषश्चिद्रूप इति । ९ । तथा चेश्वरकृष्णः । =॥ मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः ॥= । १० । प्रीत्यप्रीतिविषादात्मकानां लाघ-

---

तथा विषयोनी अप्राप्तिसंबंधि. आ सघलुं दुःख अंतरंग उपायोवमे साध्य होवाथी आध्यात्मिक छे. । ७ । बाह्य उपायोवमे साध्य, एवुं दुःख बे प्रकारनुं छे, आधिभौतिक अने आधिदैविक. तेमां आधिभौतिक एटले मनुष्य, पशु, पक्षि, मृग, सर्प तथा स्थावरोना निमित्तथी उत्पन्न थयेलुं दुःख जाणवुं; अने आधिभौतिक एटले यक्ष, राक्षस, ग्रह इत्यादिकना आवेशना हेतुरूप दुःख जाणवुं. एवी रीतना रजःपरिणामना भेदवाला, अने बुद्धिमां रहेला ते त्रणे दुःखोवमे प्रतिकूलपणावमे चेतना शक्तिनो अभिघात थायछे. । ८ । तत्वो नीचे प्रमाणे पचीस छे. तेमां एक प्रकृति अव्यक्त छे, तथा बुद्धि, अहंकार, पांच तन्मात्राउ, अग्यार इंद्रिय, अने पांच महाभूत ए त्रेवीस प्रकारनां तत्वो व्यक्त छे, तथा चिद्रूप आत्मा ए पचीसमुं तत्व छे. । ९ । ईश्वरकृष्ण पण कहे छे के =॥ मूलप्रकृति विकारविनानी छे, अने बुद्धि आदिक सात, तथा इंद्रिआदिक शोल विकारो छे, तथा आत्मा प्रकृति पण नथी, तेम विकृति पण नथी. ॥= । १० । प्रीति, अ-

वोपष्टंभगौरवधर्माणां परस्पराऽपकारिणां त्रयाणां गुणानां सत्त्वरजस्तमसां साम्याऽवस्था प्रकृतिः। प्रधानमव्यक्तमित्यनर्थान्तरं। तच्चानादिमध्यान्त अनवयवं साधारणमशब्दमस्पर्शमरूपमरसमगन्धमव्ययं ।११। प्रधानाद्बुद्धिर्महदित्यपरपर्यायोत्पद्यते। योऽयमध्यवसायो गवादिषु प्रतिपत्तिरेवमेतत् नान्यथा। गौरेवायं नाश्वः। स्थाणुरेष नायं पुरुषः। इत्येषा बुध्धिः। तस्यास्त्वष्टौ रूपाणि। धर्मज्ञानवैराग्यैश्वर्यरूपाणि चत्वारि सात्त्विकानि। अधर्मादीनि तु तत्प्रतिपक्षभूतानि चत्वारि तामसानि ।१२। बुध्धेरहंकारः। स चाऽभिमानात्मकः। अहं शब्देऽहं स्पर्शेऽहं रूपेऽहं गन्धेऽहं रसेऽहं स्वामी अहमीश्वरोऽसौ मया हतः। सस-

---

प्रीति अने विषादरूप, तथा लघुता, उपष्टंभ, अने गौरव छे धर्म जेउनो, अने परस्पर अपकारी एवा सत्त्व, रजः, अने तमः नामना त्रण गुणोनी जे तुल्य अवस्था, ते प्रकृति कहेवाय छे, अने तेना प्रधान तथा अव्यक्त नामो छे. वली ते प्रकृति आदि, मध्य अने अंतविनानी, अवयवविनानी, साधारण, शब्दविनानी, स्पर्शविनानी, रूपविनानी, गंधविनानी, तथा अव्यय छे. ।११। ते प्रकृतिथी बुद्धि, के जेनुं बीजुं नाम महत् छे, ते उत्पन्न थाय छे. जे आ अध्यवसाय एटले गवादिकने विषे जे प्रतिपत्ति, अथवा आ एमज छे, अन्यथा नथी; वली आ बलद छे पण घोमो नथी, आ स्थाणु छे पण पुरुष नथी, एवा प्रकारनी बुद्धि जाणवी. ते बुद्धिना ( नीचे प्रमाणे ) आठ प्रकारो छे. धर्म, ज्ञान, वैराग्य अने ऐश्वर्यरूप चार प्रकारो सात्त्विक छे, तथा तेथी उलटा अधर्मादिक चार प्रकारो तामस छे. ।१२। ते बुद्धिथी अहंकार थाय छे, अने ते अभिमानरूप छे, जेमके शब्दमां हुं, स्पर्शमां हुं, रूपमां हुं, गंधमां हुं, रसमां हुं, हुं स्वामी छुं, हुं ईश्वर छुं, आ माराथी हणायो छे, बलवान् एवो हुं आने हणीश, इत्यादिक

स्तोऽमुं हनिष्यामि । इत्यादिप्रत्ययरूपः । १३ । तस्मात्पञ्चतन्मात्राणि । शब्दतन्मात्रादीन्यविशेषरूपाणि सूक्ष्मपर्यायवाच्यानि । शब्दतन्मात्राध्धि शब्द एवोपलभ्यते । न पुनरुदात्तानुदात्तस्वरितकम्पितषड्जादिभेदाः । षड्जादयः शब्दविशेषाउपलभ्यन्ते । एवं स्पर्शरूपरसगन्धतन्मात्रेष्वपि योजनीयमिति । १४ । तत एव चाऽहङ्कारादेकादशेन्द्रियाणि च । तत्र चक्षुः श्रोत्रं घ्राणं रसनं त्वगिति पञ्चबुध्धीन्द्रियाणि । वाक्पाणिपादपायूपस्थाः पञ्च कर्मेन्द्रियाणि । एकादशं मन इति । १५ । पञ्चतन्मात्रेभ्यश्च पञ्चमहाभूतानि उत्पद्यन्ते । तद्यथा । शब्दतन्मात्रादाकाशं शब्दगुणं । शब्दतन्मात्रसहितात्स्पर्शतन्मात्राद्वायुः शब्दस्पर्शगुणः । शब्दस्पर्शतन्मात्रसहिताद्रूपतन्मात्रात्तेजः शब्दस्पर्शरूपगुणं । शब्दस्पर्शरूपतन्मात्रस-

---

प्रतीतिरूप अहंकार छे. । १३ । ते अहंकारथी अविशेषरूप सूक्ष्मपर्याय नामनी शब्दतन्मात्रादिक पांच तन्मात्राउ उत्पन्न थाय छे. वली शब्दतन्मात्राथी शब्दज प्राप्त थाय छे, पण उदात्त, अनुदात्त, स्वरित, कंपित, तथा तंत्रीना स्वरादिको प्राप्त थता नथी, ते तंत्रीस्वरादिको शब्दविशेषथी प्राप्त थाय छे ; वली एवीरीते स्पर्श, रूप, रस तथा गंधनी तन्मात्रादिकोने विषे पण जोमीलेवुं. । १४ । वली तेज अहंकारथी अग्यार इंद्रिउ उत्पन्न थाय छे. तेमां चक्षु, श्रवण, नाशिका, जीह्वा, तथा त्वचा, ए पांच बुध्धींद्रिउ छे ; तथा वाचा, हस्त, चरण, अपानद्वार, अने लिंग, ए पांच कर्मेंद्रिउ छे, अने अग्यारमुं मन छे. । १५ । पांच तन्मात्राउथी पांच महाभूतो उत्पन्न थाय छे. ते नीचे प्रमाणे. शब्दतन्मात्राथी शब्दगुणवालो आकाश उत्पन्न थाय छे ; तथा शब्दतन्मात्रासहित स्पर्शतन्मात्राथी शब्दस्पर्शना गुणवालो वायु उत्पन्न थाय छे. वली शब्द अने स्पर्शतन्मात्रायें करीने सहित एवी रूपतन्मात्राथी, शब्द, स्पर्श अने रूपना गुणरूप तेज उत्पन्न थाय छे. तेम

हिताद्रसतन्मात्रादापः शब्दस्पर्शरूपरसगुणाः। शब्दस्पर्शरूपरसतन्मात्रसहिताद्गन्धतन्मात्रात् शब्दस्पर्शरूपरसगन्धगुणा पृथ्वी जायत इति । १६ । पुरुषस्त्वमूर्त्तश्चेतनो भोगी नित्यः सर्वगतोऽक्रियः अकर्त्ता निर्गुणः सूक्ष्म आत्मा कपिलदर्शने इति । अंधपंगुवत् प्रकृतिपुरुषयोः संयोगः । चिच्छक्तिश्च विषयपरिच्छेदशून्या । यत इन्द्रियद्वारेण सुखदुःखादयो विषया बुद्धौ प्रतिसंक्रामन्ति । बुद्धिश्चोभयमुखदर्पणाकारा । ततस्तस्यां चैतन्यशक्तिः प्रतिबिम्बते । ततः सुख्यहं दुःख्यहं इत्युपचारः । आत्मा हि स्वं बुद्धेरव्यतिरिक्तमभिमन्यते । १७ । आह च पतञ्जलिः । " शुद्धोऽपि पुरुषः प्रत्ययं बौद्धमनुपश्यति । तमनुपश्यन्नतदात्मापि तदात्मक इव प्रतिभासते " इति मुख्यतस्तु बुद्धेरेव

---

शब्द, स्पर्श, तथा रूपतन्मात्रायेंकरीने सहित एवी रसतन्मात्राथी, शब्द, स्पर्श, रूप अने रसना गुणरूप एवुं जल उत्पन्न थाय छे. तथा शब्द, स्पर्श, रूप अने रसतन्मत्रायें करीने सहित एवी गंधतन्मात्राथी शब्द, स्पर्श, रूप, रस अने गंधना गुणवाली पृथ्वी उत्पन्न थाय छे. । १६ । वली ते कपिलदर्शनमां पुरुष एटले आत्मा छे ते, अमूर्त्त, चेतन, भोगी, नित्य, सर्वव्यापक, क्रियारहित, अकर्ता, निर्गुणी, तथा सूक्ष्म छे; तथा जेम आंधलानो अने पांगलानो तेम प्रकृति अने पुरुषनो संयोग छे, अने चैतन्यशक्ति विषयोना परिच्छेदमां शून्य छे, केमके सुखदुःखादिकविषयो बुध्धिमां संक्रमे छे; अने बुद्धि छे ते, बे मुखवाला दर्पणसरखी छे, तेथी तेमां चैतन्यशक्ति प्रतिबिंबित थाय छे, माटे हुं सुखी छुं, हुं दुःखी छुं, एवो उपचार थाय छे, अने आत्मा पोताने बुद्धिथी अभिन्न माने छे. । १७ । पतंजलि पण कहे छे के " शुद्ध एवो पण आत्मा बौध्ध प्रत्ययने ( बुध्धिसंबंधि प्रत्ययने ) जुए छे, अने तेने जोतो थको अतदात्मा एवो पण ते, तदात्मकसरखो प्रतिभासन थाय छे, माटे

विषयपरिच्छेदः । तथा च वाचस्पतिः । सर्वो व्यवहर्त्ता आलोच्य नन्वहमत्राधिकृत इत्यभिमत्य कर्तव्यमेतन्मयेति अध्यवस्यति । ततश्च प्रवर्तत इति लोकतः सिद्धं । १८ । तत्र कर्त्तव्यमिति योऽयं निश्चयश्चितिसन्निधानापन्नचैतन्याया बुद्धेः सोऽध्यवसायो बुद्धेरसाधारणो व्यापार इति । चिच्छक्तिसन्निधानाच्चाऽचेतनापि बुद्धिश्चेतनावतीवाभासते । १९ । वादमहार्णवोऽप्याह " बुद्धिदर्पणसंक्रान्तमर्थप्रतिबिम्बकं द्वितीयदर्प्पणकल्पे पुंसि अध्यारोहति । तदेव भोक्तृत्वमस्य नत्वात्मनो विकारापत्तिरिति " । २० । तथाचासुरिः =॥ [१]विविक्तेदृक्परिणतौ । बुद्धौ भोगोऽस्य कथ्यते ॥ प्रतिबिम्बोदयः स्वच्छे । यथा चन्द्रमसो-

---

मुख्यत्वे करीने तो बुद्धिनेज विषयोनो परिच्छेद थाय छे. वाचस्पति पण कहे छे के, व्यवहार करनारा सर्व माणसो एम विचारे छे के—मारो आमां अधिकार छे, एम जाणीने, मारे आ करवानुं छे, एम अध्यवसाय करे छे, अने पछी तेमां प्रवर्ते छे, एवी रीते लोकथी सिद्ध थयुं छे. । १८ । तेमां आ करवुं छे, एवो जे आ निश्चय, एटले चैतन्यना समीपपणाथी मळेल छे, चैतन्य जेने एवी बुद्धिनो ते असाधारण व्यापार. चैतन्यशक्तिना समीपपणाथी अचेतन एवी पण बुद्धि जाणे चेतनावाळी होय नही, तेम जणाय छे. । १९ । वादमहार्णव पण कहे छे के " बुद्धिरूपी दर्पणमां संक्रमेलुं पदार्थनुं प्रतिबिंब, बीजा दर्पणसरखा, एवा आत्मामां दाखल थाय छे, अने तेज एनुं भोक्तापणुं छे, पण आत्माने कंइ विकारनी आपत्ति थती नथी. । २० । आसुरि पण कहे छे के =॥ विविक्त एवी इंद्रियाकारनी परिणतिवाळी

---

१ अस्यार्थः = विविक्ता । ईदृग्विषयाकारपरिणतेंद्रियाकारा परिणतिर्यस्या बुद्धेः सा तथा । तस्यां सत्यां अस्यात्मनो भोगः कथ्यते । किंस्वरूपः प्रतिबिंबोदया न वास्तवः । प्रतिबिंबमात्रे दृष्टांतमाह । यथा चंद्रमसो निर्मले जले प्रतिबिंबनं । एवं विशिष्टाकार परिणताया बुद्धेरात्मनीति ॥

ऽभ्यसि ॥= ।२१। विन्ध्यवासी त्वेवं भोगमाचष्टे। =॥ [1]पुरुषोऽवि-
कृतात्मैव। स्वनिर्भासमचेतनम्॥ मनः करोति सांनिध्या–दुपाधिः स्फ-
टिकं यथा ॥= ।२२। न च वक्तव्यं पुरुषश्चेदगुणोऽपरिणामी क-
थमस्य मोक्षः। मुचेर्बन्धनविश्लेषार्थत्वात्सवासनक्लेशकर्माशयानां च ब-
न्धनसमाम्नातानां पुरुषेऽपरिणामिन्यसंभवात्। अत एव नास्य प्रेत्य-
भावाऽपरनामा संसारोऽस्ति। निष्क्रियत्वादिति। यतः प्रकृतिरेव
नानापुरुषाश्रया सती बध्यते संसरति मुच्यते च। न पुरुष इति।
बन्धमोक्षसंसाराः पुरुषे उपचर्यन्ते ।२३। यथा जयपराजयौ भृत्यग-

---

बुध्धि होते छते, आ आत्माने भोग कहेवाय छे, कोनीपेठे? तोके
जेम स्वच्छ पाणीमां चंद्रना प्रतिबिंबनो उदय. ।२१। विंध्यवासी तो नीचे
प्रमाणे भोग कहे छे. =॥ आत्मा अविकारीज छे, पण उपाधि जेम
स्फटिकने, तेम समीपपणाथी, अचेतन एवा पण मनने पोतासरखुं एटले
सचेतन करे छे. ।२२। वळी एम पण नही बोलवुं के, आत्मा जो
निर्गुणी अने अपरिणामी होय, तो तेनो मोक्ष केम थाय? केमके
'मुच्' धातुनो अर्थ बंधनथी मूकाववानो छे, अने अपरिणामी एवा
आत्मामां वासना, क्लेश अने कर्माशयवाळा बंधनना हेतुओनो असं-
भव छे, अने तेथीज ते आत्मा निष्क्रिय होवाथी तेने परलोक एटले
संसार नथी; कारणके नानाप्रकारना आत्माना आश्रयवाळी थइ थकी
प्रकृतिज बंधाय छे, संसरे छे, अने मूकाय छे, पण आत्मा बंधातो,
संसरतो, के मूकातो नथी, आत्मामां तो (फक्त) बंध, मोक्ष अने सं-
सारनो उपचार कराय छे. ।२३। जेम जय अने पराजय जोके चा-

---

१ अस्य व्याख्या = यथा उपाधिर्जपापुष्पपद्मरागादिरतद्रूपमपि स्फटिकं स्वाकारं रक्तादिच्छायं करोति। एवं अयमप्यात्मा स्वस्वरूपादप्रच्यवमानः (चैतन्यं पुरुषस्य स्वरूपं इतिवचनात्). अचेतनमपि मनोलक्षणं अंतःकरणं स्वनिर्भासं चेतनमिव करोति। न पुनर्वस्तुतो मनसश्चैतन्यं विकारित्वात्। तथाहि। मनोऽचेतनं विकारित्वात् घटादिवदिति ॥

तावपि स्वामिन्युपचर्यन्ते । तत्फलस्य कोशलाभादेः स्वामिनि संबन्धात् । तथा भोगाऽपवर्गयोः प्रकृतिगतयोरपि विवेकाग्रहात्पुरुषे संबन्ध इति । २४ । तदेतदखिलमालजालं[१] । चिच्छक्तिश्च विषयपरिच्छेदशून्या चेति परस्परविरुध्धं वचः । चिती संज्ञाने । चेतनं चिन्त्यते वाऽनयेति चित् । सा चेत्स्वपरपरिच्छेदात्मिका नेष्यते तदा चिच्छक्तिरेव सा न स्याद्घटवत् । २५ । न चाऽमूर्त्तायाश्चिच्छक्तेर्बुध्धौ प्रतिबिम्बोदयो युक्तः । तस्य मूर्त्तधर्मत्वात् । न च तथा परिणाममन्तरेण प्रतिसंक्रमोऽपि युक्तः । कथंचित्सक्रियाकताव्यतिरेकेण प्रकृत्युपधानेऽप्यन्यथात्वानुपपत्तेः । २६ । अप्रच्युतप्राचीनरूपस्य च सुखदुःखा-

---

करोने आधिन छे, तोपण तेनो उपचार तेउना स्वामिमां कराय छे, कारणके तेना फलरूप भंमारनी प्राप्ति आदिकनो संबंध स्वामिसाथे छे; तेम संसार अने मोक्ष जोके प्रकृतिने प्राप्त थाय छे, तोपण विवेकना आग्रहथी तेनो आत्मामां संबंध कराय छे. । २४ । आ उपर कहेलुं सघलुं मोटी जालसरखुं छे, केमके चैतन्यशक्ति अने विषयपरिच्छेदमां शून्य, ए परस्पर विरुध्द वचन छे; कारणके 'चिती' धातु संज्ञान अर्थमां छे, अथवा आनावमे चिंतवाय ते 'चित्.' अने ते चेतनने जो पोताना अने परना परिच्छेदरूप न स्वीकारीये, तो घटनीपेठे ते चेतनशक्तिज होइ शके नही. । २५ । वली अमूर्त एवी चित्शक्तिनो बुध्धिमां प्रतिबिंबोदय थवो युक्त नथी, केमके ते मूर्तधर्मवालो छे; वली तेवा परिणामविना प्रतिसंक्रम थवो पण युक्त नथी, केमके कथंचित् सक्रियाकपणाना अव्यतिरेकवमे प्रकृतिना उपधानमां पण अन्यथापणानी अप्राप्ति छे. । २६ । नथी छोमेल पूर्वरूप जेणे एवा आत्माने सुखदुःखादिकना भोगोनो व्यपदेश अयुक्त होवाथी, अने

---

१ आतमजालं । इति द्वितीयपुस्तकपाठः ॥

दिभोगव्यपदेशाऽनर्हत्वात् । तत्प्रच्युत्यैव च प्राक्तनरूपत्यागेनोत्तररूपाध्यासिततया सक्रियत्वापत्तिः । स्फटिकादावपि तथा परिणामेनैव प्रतिबिम्बोदयसमर्थनात् । अन्यथा कथमन्धोपलादौ न प्रतिबिम्बः । तथा परिणामाभ्युपगमे च बलादायातं चिच्छक्तेः कर्तृत्वं साक्षाद्भोक्तृत्वं च । २७ । अथापरिणामिनी भोक्तृशक्तिरप्रतिसंक्रमा च परिणामिन्यर्थे प्रतिसंक्रान्ते च तद्वृत्तिमनुभवतीति पतञ्जलिवचनादौपचारिक एवायं प्रतिसंक्रम इति चेत्तर्हि उपचारस्तत्वचिन्तायामनुपयोगीति प्रेक्षावतामनुपादेय एवायं । २८ । तथा च प्रतिप्राणिप्रतीतं सुखदुःखादिसंवेदनं निराश्रयमेव स्यान्न चेदं बुद्धेरुपपन्नं । तस्या जडत्वेनाभ्युपगमात् । अत एव जडा च बुद्धिरित्यपि विरुद्धं । न हि जडस्वरू-

---

ते पूर्वरूप छोडते छते, पूर्वरूपना त्यागे करीने उत्तररूप धारण करवाथी, तेने सक्रियपणानी आपत्ति थशे; स्फटिकादिकमां पण तेवीरीतना परिणामवडेज प्रतिबिंबना उदयनुं समर्थन थाय छे, अने जो तेम न होय, तो अंधोपलादिकमां प्रतिबिंब केम नथी पडतुं? अने तेवीरीतनो परिणाम स्वीकारते छते बलात्कारे चितृशक्तिने साक्षात् कर्तापणुं अने भोक्तापणुं आवीपहोंच्युं. । २७ । अपरिणामिनी अने अप्रतिसंक्रमा एवी भोक्तृशक्ति परिणामि अने प्रतिसंक्रम अर्थमां तद्वृत्तिने अनुभवे छे, एवीरीतना पतंजलिना वचनथी आ प्रतिसंक्रम औपचारिकज छे, एम जो कहीश, तो तत्वचिंतवनमां उपचार उपयोगी नथी, माटे विद्वानोने ते ग्रहणकरवालायकज नथी. । २८ । वली दरेक प्राणीप्रते प्रसिद्ध एवुं सुखदुःखादिकनुं संवेदन आश्रयरहितज थइ जाय, वली ते संवेदन बुद्धिने लागुपडतुं नथी, केमके ते बुद्धिने तो (तमोए) जडरूपे मानेली छे; अने आथीकरीनेज 'बुद्धि जड छे' एम कहेवुं विरोधवालुं छे, कारणके जडरूप बुद्धिमां विष-

पायां बुध्धौ विषयाध्यवसायः साध्यमानः साधीयस्तां दधाति । २९ । ननूक्तमचेतनापि बुद्धिश्चिच्छक्तिसांनिध्याच्चेतनावतीवावभासत इति सत्यमुक्तमयुक्तं तूक्तं । न हि चैतन्यवति पुरुषादौ प्रतिसंक्रांते दर्पणस्य चैतन्यापत्तिः । चैतन्याऽचैतन्ययोरपरावर्तिस्वभावत्वेन शक्रेणाप्यन्यथाकर्तुमशक्यत्वात् । ३० । किं चाऽचेतनापि चेतनावतीव प्रतिभासत इति इव शब्देनारोपो ध्वन्यते । न चारोपोऽर्थक्रियासमर्थः । न खल्वतिकोपनत्वादिना समारोपिताग्नित्वो [1]माणवकः कदाचिदपि मुख्याग्निसाध्यां दाहपाकाद्यर्थक्रियां कर्तुमीश्वरः । इति चिच्छक्तेरेव विषयाध्यवसायो घटते । न जडरूपाया बुद्धेरिति । ३१ । अत एव धर्माद्य-

योनो अध्यवसाय साधी शकातो नथी. । २९ । वळी एम जे कह्युं के अचेतन एवी पण बुद्धि, चितूशक्तिनी सहायताथी चेतनावाळी सरखी लागे छे ए सत्य कह्युं, पण अयुक्त कह्युं; केमके दर्पणमां चैतन्यवाळा पुरुषादिकनुं प्रतिबिंब पडते छते दर्पणने कंइ चैतन्यनी प्राप्ति थती नथी, केमके चैतन्य अने अचैतन्यनो स्वभाव बदलाइ शके तेम न होवाथी, तेने इंद्र पण अन्यथा करी शकतो नथी. । ३० । वळी अचेतन एवी पण चेतनावाळी सरखी लागे छे, एम कहीने 'इव' शब्दें करीने आरोप कहेवाय छे, अने ते आरोप अर्थक्रियामां समर्थ नथी; केमके अतिकोपपणादिकवडे आरोपित करेल छे अग्निपणुं जेमां एवो माणवक, मुख्य अग्निथी सधाय एवी दाहपाकादिक अर्थक्रिया करवाने समर्थ थतो नथी; माटे एवी रीते चितूशक्तिनेज विषयोनो अध्यवसाय घटीशके छे, पण जडरूप बुद्धिने घटीशकतो नथी. । ३१ । वळी आथीज तेना धर्मादिक आठरुपो पण फक्त कहेवारूपज छे, केमके ते धर्मादिको आत्माना धर्मो छे. वळी आथीज अहंकार

[1] हारभेदे माणवकौ । बाले कुपुरुषेऽपि च । इतिरभसः ॥

ष्टरूपतापि तस्या वाङ्मात्रमेव । धर्मादीनामात्मधर्मत्वात् । अत एव चाऽहंकारोऽपि न बुद्धिजन्यो युज्यते । तस्याऽभिमानात्मकत्वेनात्मधर्मस्याऽचेतनाऽत्पादाऽयोगात् । ३२ । अम्बरादीनां च शब्दादितन्मात्रजत्वं प्रतीतिपराहतत्वेनैव विहितोत्तरम् । अपि च सर्ववादिभिस्तावदविगानेन गगनस्य नित्यत्वमङ्गीक्रियते । अयं च शब्दतन्मात्रात्तस्याप्याविर्भावमुद्भावयन्नित्यैकान्तवादिनां च धुरि आसनं न्यासयन्नसंगतप्रलापीव प्रतिभाति । ३३ । न च परिणामिकारणं स्वकार्यस्य गुणो भवितुमर्हतीति शब्दगुणमाकाशमित्यादि वाङ्मात्रं । ३४ । वागादीनां चेन्द्रियत्वमेव न युज्यते । इतराऽसाध्यकार्यकारित्वाऽभावात् । परप्रतिपादनग्रहणविहरणमलोत्सर्गादिकार्याणामितरावयवैरपि साध्यत्वोपल-

---

पण बुद्धिजन्य घटी शकतो नथी, केमके ते अभिमानात्मक होवाथी आत्मधर्मरूप छे, अने तेथी अचेतन एवी बुद्धिथी तेनी उत्पत्ति घटती नथी. । ३२ । वळी आकाशादिकोनुं शब्दादितन्मात्राउथी उत्पत्तिपणुं तो प्रतीतज थतुं न होवाथी तेनो उत्तर तेटलामांज आवी गयो. वळी सर्व वादिउ कंइ पण तकरारविना आकाशनुं नित्यपणुं अंगीकार करे छे, अने आ सांख्य तो शब्दतन्मात्राथी ते आकाशनी उत्पत्ति कहेतो थको, अने वळी एकांतनित्यवादिउना मोखरामां ( पोतानुं ) आसन बीछावतो थको अयुक्त प्रलापीसरखो जणाय छे. ।३३। वळी परिणामी कारण पोताना कार्यनो गुण थइ शकतुं नथी, माटे ‘ शब्दगुणवाळुं आकाश ’ इत्यादिक वचन फक्त कहेवारूप छे. ।३४। वळी वाणीआदिकोने इंद्रियपणुंज घटीशकतुं नथी, केमके बीजाथी न सधाय, तेवा कार्यकारीपणानो तेउने अभाव छे, अर्थात् बीजा अवयवोथी साधी शकाय तेवां कार्यो ते वाणीआदिको करी शके छे, जेमके परप्रतिपादन, ग्रहण, विहार, तथा मलोत्सर्गादिक कार्यो बीजा

र्भेस्तथापि तत्त्वकल्पने इन्द्रियसंख्या न व्यवतिष्ठते । [1]अन्याङ्गोपाङ्गादीनामपीन्द्रियत्वप्रसङ्गात् । ३५ । यच्चोक्तं नानाश्रयायाः प्रकृतेरेव बन्धमोक्षौ संसारश्च । न पुरुषस्येति । तदप्यसारम् । अनादिभवपरंपराऽनुबन्ध्या प्रकृत्या सह यः पुरुषस्य विवेकाऽग्रहणलक्षणोऽविष्वग्भावः । स एव चेन्न बन्धस्तदा को नामाऽन्यो बन्धः स्यात ? । ३६ । प्रकृतिः सर्वोत्पत्तिमतां निमित्तमिति च प्रतिपद्यमानेनायुष्मता संज्ञान्तरेण कर्मैव प्रतिपन्नं । तस्यैवैवंस्वरूपत्वादचेतनत्वाच्च । ३७ । यस्तु प्राकृतिकवैकारिकदाक्षिणभेदात् त्रिविधो बन्धस्तद्यथा । प्रकृतावात्मज्ञानाद्ये प्रकृतिमुपासते तेषां प्राकृतिको बन्धः । ये विकारानेव भूतेन्द्रि-

---

अवयवोथी पण साधी शकाय छे, छतां पण ( तेउनुं ) इंद्रियपणुं कल्पवामां इंद्रिउनी संख्यानी हद रहेती नथी, केमके तेथी तो बीजा अंगोपांगादिकोने पण इंद्रियपणानो प्रसंग थशे. । ३५ । वळी नानाप्रकारना आश्रयवाळी प्रकृतिनेज बंध मोक्ष तथा संसार छे, पण आत्माने नथी, एम जे कह्युं, ते पण सारविनानुं छे; केमके अनादिभवपरंपरानी साथे जोमायेली एवी प्रकृतिनीसाथे आत्मानो विवेक नही ग्रहणकरवारूप जे अभिन्नभाव, तेज जो बंध न होय, तो पछी बीजो कयो बंध होय !! । ३६ । प्रकृति छे ते, सर्व उत्पत्तिवाळाउनुं निमित्त छे, एम अंगीकार करता एवा तें आयुष्माने नामांतररूपे कर्मज अंगीकार कर्युं छे. केमके तेनुंज एवुं स्वरूप छे, तथा ते अचेतन पण छे. । ३७ । ( हवे ते सांख्योये मानेलो ) प्राकृतिक, वैकारिक, अने दाक्षिण नामनो त्रण प्रकारनो बंध नीचे प्रमाणे छे. प्रकृतिमां आत्मज्ञानथी जेउ प्रकृतिने उपासे छे, तेउने प्राकृतिक बंध थाय छे. वळी जेउ पंचभूत, इंद्रिय, अहंकार तथा बुध्धिरूप विकारोने आ-

---

१ बाहूरुपिट्ठिसिरउर । उयरंगउवंगअंगुलीपमुहा ॥

याहंकारबुद्धीः पुरुषबुद्ध्योपासते तेषां वैकारिकः । इष्टापूर्त्तैर्दाक्षिणः । पुरुषत्वाऽनभिज्ञो हीष्टापूर्तकारी कामोपहतमना बध्यत इति । ३८ । =॥ इष्टापूर्तं मन्यमाना वरिष्टं । नान्यच्छ्रेयो येऽभिनन्दन्ति मूढाः ॥ नाकस्य पृष्ठे ते सुकृतेन भूत्वा । इमं लोकं हीनतरं वा विशन्ति ॥= इतिवचनात् । ३९ । स त्रिविधोऽपि कल्पनामात्रं । कथंचिन्मिथ्यादर्शनाऽविरतिप्रमादकषाययोगेभ्योऽभिन्नस्वरूपत्वेन कर्मबन्धहेतुष्वेवान्तर्भावात् । बन्धसिध्धौ च सिध्धस्तस्यैव निर्बाधः संसारः । बन्धमोक्षयोश्चैकाधिकरणत्वात् । य एव बध्धः स एव मुच्यते । इति पुरुषस्यैव मोक्षः । आबालगोपालं तथाप्रतीतेः । ४० । प्रकृतिपुरुषविवेकदर्शनात्प्रवृत्तेरुपरतायां प्रकृतौ पुरुषस्य स्वरूपेणावस्थानं मोक्ष इति चेन्न ।

---

त्मबुध्धिवडे उपासे छे, तेउने वैकारिक बंध थाय छे. इष्टापूर्तिथी (दानआदिकथी) दाक्षिण बंध थाय छे, अर्थात् आत्मतत्वने नही जाणनारो इष्टापूर्त करनारो कामथी हणायेलां मनवालो थयोथको बंधाय छे. । ३८ । =॥ कह्युं छे के जे मूढ माणसो इष्टापूर्तने श्रेष्ट मानताथका बीजां श्रेयनुं अभिनंदन करता नथी, तेउ पुण्यवडे देवलोकमां उत्पन्न थइने आ लोकमां अथवा तेथी पण नीची गतिमां दाखल थाय छे. । ३९ । ते उपर वर्णवेलो त्रण प्रकारनो बंध फक्त कल्पनारूपज छे, केमके कथंचित् मिथ्यादर्शन, अविरति, प्रमाद, कषाय, अने योगोथी अभिन्नस्वरूपपणायें करीने, कर्मबंधना हेतुउमांज तेउनो समावेश थाय छे, अने बंध सिध्ध होतेछते, ते आत्मानेज बाधारहित संसार सिध्ध थयो; केमके बंध अने मोक्षने एकाधिकरणपणुं छे; अर्थात् जे बंधायो छे, तेज मूकाय छे; एवी रीते आत्मानेज मोक्ष छे, केमके आबालगोपालने तेवी प्रतीति थाय छे. । ४० । प्रकृतिपुरुषना विवेकदर्शनथी प्रवृत्तिथी प्रकृति विरमते छते आत्मानुं

प्रवृत्तिस्वभावायाः प्रकृतेरौदासीन्याऽयोगात् । ४१ । अथ पुरुषार्थनिबन्धना तस्याः प्रवृत्तिर्विवेकख्यातिश्च पुरुषार्थस्तस्यां जातायां निवर्तते कृतकार्यत्वात् । ४२ । =॥ रङ्गस्य दर्शयित्वा । निवर्तते नर्तकी यथा नृत्यात् ॥ पुरुषस्य तथात्मानं । प्रकाश्य विनिवर्तते प्रकृतिः ॥= इति वचनात् । इतिचेन्नैवं । तस्या अचेतनाया विमृश्यकारित्वाऽभावात् । ४३ । यथेयं कृतेऽपि शब्दाद्युपलंभे पुनस्तदर्थं प्रवर्त्तते तथा विवेकख्यातौ कृतायामपि पुनस्तदर्थं प्रवर्त्तिष्यते । प्रवृत्तिलक्षणस्य स्वभावस्याऽनपेतत्वात् । ४४ । नर्तकीदृष्टान्तस्तु स्वेष्टविघातकारी । यथा हि नर्तकी नृत्यं पारिषदेभ्यो दर्शयित्वा निवृत्तापि पुनस्तत् कुतूहला-

स्वरूपवमे जे रहेवुं ते मोक्ष छे, एम जो कहीश तो ते युक्त नथी; केमके प्रवृत्तिस्वभाववाळी प्रकृतिने उदासीनपणानो अयोग छे. ।४१। (वादी कहे छे के) पुरुषार्थनिबंधनरूप ते प्रकृतिनी प्रवृत्ति छे, अने विवेकख्यातिरूप पुरुषार्थ ते उत्पन्न होते छते कृतार्थ थवाथी चाल्यो जाय छे. । ४२ । =॥ कह्युं छे के, रंगभूमिपर रहेला जनसमूहने पोतानुं नृत्य देखाडीने नाटकणी जेम नृत्यथी विरमे छे, तेम प्रकृति छे ते आत्माप्रते पोताने प्रकाशीने चाली जाय छे. ॥= हेवादी ! एवी रीते उपरप्रमाणे जो तुं कहीश, तो ते तेम नथी; केमके अचेतन एवी तेणीने विचारपूर्वक कर्तापणानो अभाव छे. । ४३ । शब्दादिकनो उपलंभ करते छते पण जेम आ प्रकृति फरीने तेमाटे प्रवर्ते छे, तेम विवेकख्याति करते छते पण फरीने तेमाटे ते प्रवर्तशे, केमके प्रवृत्तिलक्षणरूप स्वभावने तेणीए तज्यो नथी. । ४४ । वळी तारुं नर्तकीनुं दृष्टांत पण तारा पोताना इष्टने विघात करनारुं छे, केमके नाटकणी पारिषदोने नृत्य देखाडीने निवृत्त थयाबाद पण, जेम फरीने तेउना कुतूहलथी (नृत्यमाटे) प्रवर्ते छे, तेम प्रकृति पण आ-

त्प्रवर्तते। तथा प्रकृतिरपि पुरुषायात्मानं दर्शयित्वा निवृत्तापि पुनः कथं न प्रवर्ततामिति। तस्मात्कृत्स्नकर्मक्षये पुरुषस्यैव मोक्ष इति प्रतिपत्तव्यम्। ४५। एवमन्यासामपि तत्कल्पनानां। तमोमोहमहामोहतामिश्रान्धतामिश्रभेदात्पञ्चधाविद्याऽस्मितारागद्वेषाभिनिवेशरूपो विपर्ययः। ब्राह्म्यप्राजापत्यसौम्यैन्द्रगान्धर्वयक्षराक्षसपैशाचभेदादष्टविधो दैवः सर्गः। पशुमृगपक्षिसरीसृपस्थावरभेदात्पञ्चविधस्तैर्यग्योनः। ब्राह्मणत्वाद्यवान्तरभेदाऽविवक्षया चैकविधो मानुषः। इति चतुर्दशधा भूतसर्गः। ४६। बाधिर्यकुंठताऽन्धत्वजडताऽजिघ्रतामूकताकौण्यपंगुत्वक्लैब्योदावर्त्तमत्ततारूपैकादशेन्द्रियवध–तुष्टिनवकविपर्ययसिद्ध्यष्टकविपर्ययलक्षणसप्तदशबुद्धिवधभेदादष्टाविंशतिधा शक्तिः। ४७। प्रकृत्युपादा-

---

त्माप्रते पोताने देखाडीने, निवृत्त थया छतां पण फरीने शामाटे न प्रवर्ते? माटे सर्व कर्मोनो क्षय होते छते आत्मानोज मोक्ष थाय छे, एम अंगीकार करवुं। ४५। एवी रीते ते सांख्योनी (नीचे जणावेली) बीजी कल्पनाओ पण विरोधवाली छे. तमः, मोह, महामोह, तामिस्र अने अंधतामिस्रना भेदथी विद्या, अस्मिता, राग, द्वेष अने अभिनिवेशरूप पांच प्रकारनो विपर्यय. ब्राह्म्य, प्राजापत्य, सौम्य, ऐंद्र, गांधर्व, यक्ष, राक्षस, अने पैशाचना भेदथी आठ प्रकारनो दैविकसर्ग. पशु, मृग, पक्षि, सर्प, अने स्थावरना भेदथी पांच प्रकारनो तिर्यग्योनिवालो सर्ग. ब्राह्मणपणाआदिक पेटाभेद शिवाय एक प्रकारनो मनुष्यसर्ग. एवी रीते चौद प्रकारनो भूतसर्ग छे। ४६। बेहेरापणुं, कुंठता, अंधपणुं, जडपणुं, असुंघवापणुं, मुंगापणुं, पांगलापणुं, लुलापणुं, नपुंसकपणुं, कबजीयात, अने मत्तपणारूप अग्यार इंद्रियवध–तथा तुष्टिनवकविपर्यय, अने सिद्ध्यष्टकविपर्ययरूप सत्तर प्रकारनो बुद्धिवध–एम मली अठावीस प्रकारनी शक्ति छे। ४७। प्र-

नकालभोगाख्याः अंभःसलिलौघवृष्टचपरपर्यायवाच्याश्चतस्रआध्यात्मिक्यः । शब्दादिविषयोपरतयश्चार्जनरक्षणक्षयभोगहिंसादोषदर्शनहेतुजन्मानः पञ्च बाह्यास्तुष्टयस्ताश्च पारसुपारपारापारानुत्तमांभउत्तमांभःशब्दव्यपदेश्याः । इति नवधा तुष्टिः । ४८ । त्रयो दुःखविघाता इति मुख्यास्तिस्रः सिद्धयः । प्रमोदमुदितमोदमानाख्याः । तथाऽध्ययनं शब्द ऊहः सुहृत्प्राप्तिर्दानमिति दुःखविघातोपायतया गौण्यः पञ्च । तारसुतारतारतारम्यकसदामुदिताख्याः । इत्येवमष्टधा सिद्धिः । ४९ । [1]वृत्तिश्रद्धासुखविविदिषाविज्ञप्तिभेदात्पञ्च कर्मयोनयः । इत्यादीनां संचारप्रतिसंचारादीनां च तत्वानां कौमुदीगौडपादभाष्यादिप्रसिद्धानां वि-

---

कृति, उपादान, काल अने भोग नामनी, तथा अंभः, सलिल, ओघ अने वृष्टि ए बीजां नामो जेनां, एवी चार आध्यात्मिक तुष्टिओ छे; वळी शब्दादिकविषयोमां उपरत थयेली अने अर्जन, रक्षण, क्षय, भोग तथा हिंसारूप दोषदर्शनना हेतुओथी उत्पन्न थयेली, पार, सुपार, पारापार, अनुत्तमांभ, अने उत्तमांभ नामनी पांच बाह्यतुष्टिओ छे, एवी रीते नव प्रकारनी तुष्टिओ छे. । ४८ । प्रमोद, मुदितमोद अने मान नामनी त्रण सिद्धिओ दुःखोनो विघात करनारी छे, माटे ते मुख्य सिध्धिओ छे; तेम अध्ययन, शब्द, ऊह, मित्रप्राप्ति अने दान, एवी रीतनी दुःखोना विघातना उपायपणायें करीने तार, सुतार, तारतार, रम्यक, अने सदामुदित नामनी पांच गौण सिध्धिओ छे; एवी रीतनी आठ प्रकारनी सिध्धिओ छे. । ४९ । वृत्ति, श्रध्धा, सुख, विविदिषा (वाद करवानी इच्छा) अने विज्ञप्तिना भेदथी पांच कर्मयोनिओ छे. इत्यादि उपर कहेली कल्पनाओनुं तथा कौमुदी अने गौडपादभाष्या-

---

१ धृति इति द्वितीयपुस्तकपाठः ॥

रुध्दत्वमुद्भावनीयमिति काव्यार्थः ॥

। ५० । इदानीं ये प्रमाणादेकान्तेनाऽभिन्नं प्रमाणफलमाहुर्ये च बाह्यार्थप्रतिक्षेपेण ज्ञानाऽद्वैतमेवास्तीति ब्रुवते तन्मतस्य विचार्यमाणत्वे विशारारुतामाह ।

न तुल्यकालः फलहेतुभावो
हेतौ विलीने न फलस्य भावः ।
न संविदद्वैतपथेऽर्थसंवि-
द्विलूनशीर्णं सुगतेन्द्रजालम् ॥ १६ ॥

कार्यकारणभाव तुल्यकालवालो नथी, तेम हेतु नष्ट होते छते कार्यनो भाव होइशकतो नथी. वली ज्ञानाऽद्वैतमार्गमां पदार्थोनुं ज्ञान थइशकतुं नथी; एवीरीते ते बुध्धनुं इंद्रजाल छेदातुं थकुं विखराइ गयुं. ॥ १६ ॥

---

। १ । बौध्दाः किल प्रमाणात्तत्फलमेकान्तेनाऽभिन्नं मन्यन्ते । तथा च तत्सिध्धान्तः । ' उभयत्र तदेवज्ञानं प्रमाणं फलं अधिगमरू-

---

दिकमां प्रसिध्ध एवा संचार प्रतिसंचारादिक तत्वोनुं विरुध्धपणुं जाणी लेवुं. एवीरीते पंदरमा काव्यनो अर्थ जाणवो.

। ५० । हवे जेउ प्रमाणथी प्रमाणनुं फल एकांते अभिन्न कहे छे, अने जेउ बाह्यार्थोने उलवी ज्ञानाऽद्वैतज छे, एम बोले छे, तेउना मतनुं विचारपणामां विखरावापणुं कहे छे.

। १ । बौध्धो प्रमाणथी एटले कारणथी तेना फलने एटले कार्यने एकांते अभिन्न माने छे. तेउना सिध्धांतमां कह्युं छे के—प्रत्यक्ष अने अनुमानमां तेज प्रत्यक्षअनुमानलक्षणवालुं ज्ञान कार्यरूप छे.

पत्वात्'। उनयत्रेति प्रत्यक्षेऽनुमाने च तदेवज्ञानं प्रत्यक्षानुमानलक्षणं फलं कार्यं। कुतोऽधिगमरूपत्वात् इतिपरिच्छेदरूपत्वात्। तथाहि ।२। परिच्छेदरूपमेव ज्ञानमुत्पद्यते। न च परिच्छेदादृतेऽन्यज् ज्ञानफलं जिन्नाधिकरणत्वादिति सर्वथा न प्रत्यक्षानुमानाभ्यां जिन्नं फलमस्तीति ।३। एतच्च न समीचीनं। यतो यद्यस्मादेकान्तेनाऽजिन्नं तत्तेन सहैवोत्पद्यते। यथा घटेन घटत्वं ।४। तैश्च प्रमाणफलयोः कार्यकारणजावोऽन्युपगम्यते। प्रमाणं कारणं। फलं कार्यमिति। स चैकान्ताऽजेदे न घटते। न हि युगपडुत्पद्यमानयोस्तयोः सव्येतरगोविषाणयोरिव कार्यकारणजावो युक्तः। नियतप्राक्कालजावित्वात्कारणस्य। नियतोत्तरकालजावित्वात्कार्यस्य। एतदेवाह ।५। न तुल्यकालः फलहेतुजाव इति। फलं कार्यं हेतुः कारणं तयोर्जावः स्वरूपं कार्यकारणजावः। स तुल्यकालः

---

शामाटे? तो के अधिगमरूप होवाथी, अर्थात् परिच्छेदरूप होवाथी, ते कहे छे. ।२। परिच्छेदरूपज ज्ञान उत्पन्न थाय छे, अने जिन्नाधिकरण होवाथी परिच्छेदविना बीजुं ज्ञानफल नथी; माटे एवी रीते सर्वथा प्रकारे प्रत्यक्ष अने अनुमानथी जिन्न फल नथी. ।३। हवे ते उपर कहेलुं युक्तियुक्त नथी; केमके जे जेनाथी एकांते अजिन्न छे ते घटनीसाथे जेम घटपणुं, तेम तेनी साथेज उत्पन्न थाय छे. ।४। वली ते बौद्धो प्रमाण अने फलने कार्यकरणरूपे माने छे, एटले प्रमाण कारण, अने फल कार्य एम माने छे, पण ते कार्यकारण जाव एकांत अजेदमां घटी शकतो नथी. केमके एकीवखते उत्पन्न थता एवा बलदना माबाजमणा शींगमां जेवो तेउनो कार्यकारणजाव युक्त नथी, केमके कारण छे ते चोकसरीते पूर्वकालमां थाय छे, अने कार्य छे ते चोकसरीते उत्तराकालमां थाय छे; अने तेज कहे छे के— ।५। फल एटले कार्य अने हेतु एटले कारण, तेउ बन्नेनुं स्वरूप

समानकालो न युज्यत इत्यर्थः । अथ क्षणान्तरितत्वात्तयोः क्रमभावित्वं भविष्यतीत्याशंक्याह । ६ । हेतौ विलीने न फलस्य भाव इति । हेतौ कारणे प्रमाणलक्षणे विलीने क्षणिकत्वाडत्पत्त्यनन्तरमेव निरन्वयं विनष्टे फलस्य प्रमाणकार्यस्य न भावः सत्तानिर्मूलत्वात् । विद्यमाने हि फलहेतावस्येदं फलमिति प्रतीयते । नान्यथाऽतिप्रसङ्गात् । ७ । किं च हेतुफलभावः संबन्धः । स च द्विष्ट एव स्यात् । न चानयोः क्षणक्षयैकदीक्षितो भवान् न संबन्धं क्षमते । ततः कथमयं हेतुरिदं फलमिति प्रतिनियता प्रतीतिरेकस्य ग्रहणेऽप्यन्यस्याऽग्रहणे तदसंभवात् । ८ । =॥ द्विष्टसंबन्धसंवित्तिर्नैकरूपप्रवेदनात् ॥ द्वयोः स्वरूपग्रहणे । सति संबन्धवेदनम् ॥ इति वचनात् । ९ । यदपि धर्मोत्तरे-

---

समानकालवालुं घटतुं नथी. क्षणांतरितपणुं होवाथी तेउनुं क्रमभाविपणुं थशे, एवी आशंका करीने हवे कहे छे. । ६ । प्रमाण छे लक्षण जेनुं एवुं कारण नष्टहोते छते, अर्थात् क्षणिक होवाथी उत्पत्ति थइ के तुरत अन्वयरहित नष्ट होते छते छतापणुं निर्मूल थवाथी फलनो एटले प्रमाणकार्यनो भाव होतो नथी, केमके कार्यनो हेतु होते छते आ आनुं कार्य छे, एवी प्रतीति थाय छे, पण अतिप्रसंग थवाथी तेथी अन्यथाप्रकारे थती नथी. । ७ । वली कार्यकारणभाव संबंधरूप छे, अने ते संबंध बे वच्चेज होय, अने हे वादी ! एकक्षणक्षयवादमांज निपुण एवो तुं, तेउनो संबंध नथी स्वीकारतो तेवुं नथी ; माटे आ कारण छे, अने आ कार्य छे, एवी चोकस प्रतीति केम थाय ? केमके एकनुं ग्रहण करते छते पण, अन्यनुं ग्रहण कर्याविना तेनो संभव नथी. । ८ । कह्युं छे के =॥ एकना स्वरूपना ज्ञानथी बन्नेना संबंधनुं ज्ञान थतुं नथी ; अने बन्नेनुं स्वरूप ग्रहणकरते छते संबंधनुं ज्ञान थाय छे. =॥ । ९ । जोके धर्मोत्तराचार्ये ' पदार्थसाथे ज्ञाननुं जे सदृ-

ण¹ अर्थसारूप्यमस्य प्रमाणं तद्वशादर्थप्रतीतिसिद्धेरिति न्यायबिन्दुसूत्रं विवृण्वता भणितं नीलनिर्भासं हि यद् विज्ञानं तस्मान्नीलस्य प्रतीतिरवसीयते। येभ्यो हि चक्षुरादिभ्यो ज्ञानमुत्पद्यते न तद्वशात्तज्ज्ञानं नीलस्य संवेदनं शक्यतेऽवस्थापयितुं। नीलसदृशं त्वनुभूयमानं नीलस्य संवेदनमवस्थाप्यते ।१०। न चात्रजन्यजनकभावनिबन्धनः साध्यसाधनभावो येनैकस्मिन्वस्तुनि विरोधः स्यात्। अपि तु व्यवस्थाप्यव्यवस्थापकभावेन। तत एकस्य वस्तुनः किंचिद्रूपं प्रमाणं किंचि·

---

शपणुं, ते प्रमाण, केमके तेना वशथी पदार्थप्रतीतिनी सिद्धि थाय छे' एवीरीतना न्यायबिंदुना सूत्रनुं विवरण करतां कह्युं छे के—लीलांने जणावनारुं जे विज्ञान, तेथी लीलांनी प्रतीति थाय छे; केमके जे चक्षुआदिकोथी ज्ञान उत्पन्न थाय छे, तेना वशथी ते ज्ञान लीलांनुं संवेदन स्थापवाने शक्तिवान् थतुं नथी; पण लीलांसरखुं अनुभवातुं थकुं लीलांनुं संवेदन स्थापन करे छे. ।१०। वली अहीं जन्यजनक भाव छे कारण जेनुं, एवो साध्यसाधनभाव नथी, के जेथी एक वस्तुमां विरोध आवे; परंतु व्यवस्थाप्यव्यवस्थापक भावें करीने साध्यसाधनभाव छे, अने तेथी एक वस्तुनुं 'कंइकरूप प्रमाण अने कंइक प्रमाणफल' एम थवामां विरोध आवतो नथी; केमके व्यवस्थापवानो हेतु ज्ञाननुं

---

१ तदेव च प्रत्यक्षं ज्ञानं प्रमाणफलं अर्थप्रतीतिरूपत्वादिति। एतदुक्तं भवति। प्रापकं ज्ञानं प्रमाणं। प्रापणशक्तिश्च न केवलादर्थाऽविनाभावित्वात् भवति। बीजाद्यविनाभाविनोऽप्यंकुरादेरप्रापकत्वात्। ततः प्राप्यादर्थादुत्पत्तावप्यस्य ज्ञानस्यास्ति कश्चिदवश्यकर्त्तव्यः प्रापकव्यापारो विषयप्रदर्शनं नाम। येन कृतेनार्थः प्रापितो भवति। तच्च प्रत्यक्षमर्थप्रतीतिरूपं। अतस्तदेव प्रमाणफलं। यद्येवं किं न तर्हि प्रमाणमित्याह। अर्थसारूप्येति। अर्थेन सह यत् सारूप्यं सादृश्यं ज्ञानस्य। तत्प्रमाणं। इह यस्माद्विषयाद्विज्ञानमुदेति। तद्विषयसदृशं तद्भवति। तच्च सारूप्यं सादृश्यं आकार आभास इति च व्यपदिश्यते। ननु ज्ञानादव्यतिरिक्तं सादृश्यं। तथाच तदेव ज्ञानं प्रमाणं तदेव च प्रमाणफलं। न चैकं वस्तु साध्यं साधनं चोपपद्यते तत्कथं सारूप्यं प्रमाणमित्याह। तद्वशादर्थेति॥

त्प्रमाणफलं न विरुध्यते। व्यवस्थापनहेतुर्हि सारूप्यं तस्य ज्ञानस्य व्यवस्थाप्यं च नीलसंवेदनरूपमित्यादि ।११। तदप्यसारम्। एकस्य निरंशस्य ज्ञानक्षणस्य व्यवस्थाप्यव्यवस्थापकत्वलक्षणस्वभावद्वयाऽयोगात्। व्यवस्थाप्यव्यवस्थापकभावस्यापि च सम्बन्धत्वेन द्विष्ठत्वादेकस्मिन्नसंभवात्। १२। किंचाऽर्थसारूप्यमर्थाकारं। तच्च निश्चयरूपमनिश्चयरूपं वा। निश्चयरूपं चेत्तदेव व्यवस्थापकमस्तु। किमुभयकल्पनया। अनिश्चितं चेत्स्वयमव्यवस्थितं कथं नीलादिसंवेदनव्यवस्थापने समर्थम्। १३। अपि च केयमर्थाकारता। किमर्थग्रहणपरिणाम आहोस्विदर्थाकारधारित्वं। नाद्यः सिद्धसाधनात्। द्वितीयस्तु ज्ञानस्य प्रमेयाकारानुकरणाज्जडत्वापत्त्यादिदोषाघ्रातः। तन्न प्रमाणादेकान्तेन फलस्याऽ-

---

सदृशपणुं छे, अने नीलांना ज्ञानरूप व्यवस्थाप्य एटले स्थापवानुं छे. इत्यादि. ।११। हवे ते उपर वर्णवेलुं सघलुं बौद्धोतरफनुं मंतव्य अयुक्त छे; केमके एक अने निरंश एवा ज्ञानक्षणने व्यवस्थाप्य अने व्यवस्थापकपणारूप बे स्वभावनो अयोग छे; केमके व्यवस्थाप्य अने व्यवस्थापकभावने पण संबंधपणायें करीने द्वित्वपणुं होवाथी, ते भावनो एकनीअंदर असंभव छे. ।१२। वली अर्थसारुप्य एटले अर्थाकार; अने ते निश्चयरूप छे? के अनिश्चयरूप छे? जो निश्चयरूप होय, तो तेज व्यवस्थापक थाओ? उभयकल्पनानी शी जरुर छे? अने जो अनिश्चित छे, तो पोतेज व्यवस्थाविनानुं छे, तो पछी नीलादिकज्ञानना व्यवस्थापनमां केम समर्थ थाय? ।१३। वली आ अर्थाकारपणुं शुं छे? शुं अर्थग्रहणपरिणाम छे? के अर्थाकारधारिपणुं छे? पहेलो भेद तो सिद्धसाधन होवाथी नही; अने बीजो भेद तो ज्ञानने प्रमेयाकारना अनुकरणथी जडपणानी आपत्तिआदिक दोषोवालो छे; माटे प्रमाणथी एकांते फलनो अभेद साधीशकाय तेम नथी; केमके

भेदः साधीयान् । सर्वथा तादात्म्ये हि प्रमाणफलयोर्न व्यवस्था तद्भावविरोधात् । १४ । न हि सारूप्यमस्य प्रमाणमधिगतिः फलमिति सर्वथा तादात्म्ये सिद्ध्यत्यतिप्रसङ्गात् । १५ । ननु प्रमाणस्याऽसारूप्यव्यावृत्तिः सारूप्यमनधिगतिव्यावृत्तिरधिगतिरिति व्यावृत्तिभेदादेकस्यापि प्रमाणफलव्यवस्थेति चेन्नैवं । स्वभावभेदमन्तरेणाऽन्यव्यावृत्तिभेदस्याप्यनुपपत्तेः । १६ । कथं च प्रमाणस्य फलस्य चाऽप्रमाणाऽफलव्यावृत्त्या प्रमाणफलव्यवस्थावत्प्रमाणान्तरफलान्तरव्यावृत्त्याप्यप्रमाणत्वस्याऽफलत्वस्य च व्यवस्था न स्यात् । विजातीयादिव सजातीयादपि व्यावृत्तत्वाद्वस्तुनः । तस्मात्प्रमाणात्फलं कथंचिद्भिन्नमेवैष्टव्यं । साध्यसाधनभावेन प्रतीयमानत्वात् । ये हि साध्यसाधनभा-

---

सर्वथा तादात्म्यपणामां विरोध आववाथी प्रमाणफलनी व्यवस्था रहेती नथी. । १४ । वली तेनुं सदृशपणुं प्रमाण ( कारण ), अने अधिगति एटले ज्ञान तेनुं फल ( कार्य ), एवुं सर्वथाप्रकारे तादात्म्यपणामां सिद्ध थतुं नथी, केमके तेथी अतिप्रसंग थाय छे. । १५ । असदृशपणानी व्यावृत्ति ते सारूप्य, अने अज्ञाननी व्यावृत्ति ते अधिगति, एवी रीते व्यावृत्तिना भेदथी एकने पण प्रमाणफलनी व्यवस्था लागु पडे छे, एम जो कहीश, तो ते युक्त नथी; केमके स्वभावभेदविना अन्यव्यावृत्तिभेदनी पण अप्राप्ति छे. । १६ । वली प्रमाणने अने फलने अप्रमाणनी अने अफलनी व्यावृत्तिवडे प्रमाणफलव्यवस्थानीपेठे प्रमाणांतर अने फलांतरनी व्यावृत्तिवडे पण अप्रमाणपणानी अने अफलपणानी व्यवस्था केम न होय? केमके विजातीयथी जेम, तेम सजातीयथी पण पदार्थनी व्यावृत्ति छे; माटे प्रमाणथी एटले कारणथी फल एटले कार्य छे ते, कथंचिद् भिन्नज छे, एम स्वीकारवुं; केमके साध्यसाधनभावे करीने तेवुं प्रतीत थाय छे, अने

वेन प्रतीयेते ते परस्परं भिद्येते। यथा कुठारच्छिदिक्रिये इति ।१७।
एवं यौगाभिप्रेतः प्रमाणात्फलस्यैकान्तभेदोऽपि निराकर्तव्यः। तस्यैक-
प्रमातृतादात्म्येन प्रमाणात्कथंचिदभेदव्यवस्थितेः। प्रमाणतया परिण-
तस्यैवात्मनः फलतया परिणतिप्रतीतेः । १८ । यः प्रमिमीते स एवो-
पादत्ते परित्यजत्युपेक्षते चेति सर्वव्यवहारिभिरस्खलितमनुभवात् ।
इतरथा स्वपरयोः प्रमाणफलव्यवस्थाविप्लवः प्रसज्यत इत्यलम् ।१९।
अथवा पूर्वार्द्धमिदमन्यथाव्याख्येयं। सौगताः किलेत्थं प्रमाणयन्ति।
सर्वं सत् क्षणिकं। यतः सर्वं तावत् घटादिकं वस्तु मुद्गरसंनिधौ नाशं
गच्छद् दृश्यते। तत्र येन स्वरूपेणान्त्यावस्थायां घटादिकं विनश्यति
तच्चेत्स्वरूपं उत्पन्नमात्रस्य विद्यते तदानीमुत्पादानन्तरमेव तेन नष्टव्य-

---

जे (बन्ने) साध्यसाधन भाववडे प्रतीत थाय छे, ते कुठार अने
छेदनक्रियानीपेठे एकबीजाथी भिन्न होय छे. । १७ । एवी रीते
(बौद्धोनी) यौगशाखाये मानेलो प्रमाणथी फलनो एकांतभेद पण
दूर करवो; केमके तेने एक प्रमाताना तादात्म्यें करीने प्रमाणथी
कथंचित् अभेदनी व्यवस्था छे, केमके प्रमाणपणायें करीने परिण-
तज एवा आत्मानी फलपणायें करीने परिणतिनी प्रतीति छे. । १८ ।
जे प्रमाण करे छे, तेज ग्रहण करे छे, तजे छे, अने उपेक्षे छे, एवी रीते
सर्व व्यवहारीउ स्खलनारहित अनुभवे छे, अने जो तेम न होय, तो
स्वपरवच्चे प्रमाणफलनी व्यवस्थानो विप्लव थाय. इत्यलं. ।१९। अथवा
आ काव्यना पूर्वार्धनुं (नीचे प्रमाणे) जूदीरीते व्याख्यान करवुं. सौ-
गतो एम माने छे के—सघलुं छतुं, क्षणिक छे; केमके घटादिक सर्व प-
दार्थ मुद्गरनी समीपे नाश पामता देखाय छे; तेमां जे स्वरूपवडे अं-
त्यावस्थामां घटादिक नाश पामे छे, तेज स्वरूप जो उत्पत्ति वखते पण
होय, तो उत्पत्तिपछी तुरतज तेने नाश पामवुं जोइये, एवी रीते तेनुं

मिति व्यक्तमस्य क्षणिकत्वम् । २० । अथेदृश एव स्वभावस्तस्य हेतुतो जातो यत्कियन्तमपि कालं स्थित्वा विनश्यति । एवं तर्हि मुद्गरादिसंनिधानेऽपि एष एव तस्य स्वभावः । इति पुनरप्यनेन तावन्तमेव कालं स्थातव्यम् । इति नैवं विनश्येदिति । २१ । सोऽयमदित्सोर्वणिजः प्रतिदिनं पत्रलिखितश्वस्तनदिनभणनन्यायस्तस्मात्क्षणद्वयस्थायित्वेनाप्युत्पत्तौ प्रथमक्षणवत् द्वितीयेऽपि क्षणे क्षणद्वयस्थायित्वात्पुनरपरक्षणद्वयमवतिष्ठेत । एवं तृतीयेऽपि क्षणे तत्स्वभावत्वान्नैव विनश्येदिति स्यादेतत् । २२ । स्थावरमेव च तत् स्वहेतोर्जातं । परं बलेन विरोधकेन मुद्गरादिना विनश्येत इति । तदसत् । कथं पुनरेतत् घटिष्यते । न च तद्विनश्यति स्थावरत्वाद्विनाशश्च तस्य विरोधिना बलेन क्रियत इति । न ह्येतत्संभवति जीवति च देवदत्तो मरणं चास्य भव-

---

क्षणिकपणुं प्रगटज थयुं. ।२०। तेनो हेतुथी आवोज स्वभाव थयो छे, के जे केटलोक काल रहीने नाश पामे छे, एम जो कहेशो, तो मुद्गरादिकना समीपमां पण, तेनो, तेज स्वभाव छे, अने तेथी फरीने पण तेने तेटलाज कालसुधि रहेवुं पडशे, अने एवीरीते नाश पामशेज नही; । २१ । अने ते नही देवानी इच्छावाला वेपारीनो हमेशां पत्रमां लखेला आवतीकालना वायदा करवा सरखो न्याय थयो; अने तेथी बे क्षण रहेवावडे करीने पण उत्पत्ति होते छते प्रथम क्षणनीपेठे बीजा क्षणमां पण बे क्षण रहेवाथी फरीने पण बीजा बे क्षण सुधि रहे, अने एवी रीते त्रीजा क्षणमां पण रहे, केमके तेनो तेवो स्वभाव होवाथी नाश पामेज नही, अने छतो रहे. । २२ । ते पोताना हेतुथी स्थावर थयुं छे, पण विरोधि एवा मुद्गरादिके बलात्कारे नष्ट कर्युं छे, एम जो कहेशो, तो ते असत्य छे; केमके ते फरीने केम घटाशे? वली स्थावर होवाथी ते नाशपामतुं नथी, अने विरोधिवडे बलात्कारे तेनो नाश

तीति । २३ । अथ विनश्यति तर्हि कथमविनश्वरं तद्वस्तु स्वहेतोर्जातमिति । न हि म्रियते चाऽमरणधर्मा चेति युज्यते वक्तुं । तस्मादविनश्वरत्वे कदाचिदपि नाशाऽयोगात् । दृष्टत्वाच्च नाशस्य । नश्वरमेव तद्वस्तु स्वहेतोरुपजातमेवाङ्गीकर्त्तव्यं । तस्माडत्पन्नमात्रमेव विनश्यति । तथा च क्षणक्षयित्वं सिद्धं भवति । २४ । प्रयोगस्त्वेवं । यद्विनश्वररूपं तडत्पत्तेरनन्तराऽनवस्थायि । यथान्त्यक्षणवर्ति घटस्य स्वरूपं । विनश्वरस्वरूपं च रूपादिकमुदयकाल इति स्वभावहेतुः । २५ । यदि क्षणक्षयिणो भावाः कथं तर्हि स एवायमिति प्रत्यभिज्ञा स्यात् । उच्यते। निरन्तरसदृशाऽपरापरोत्पादादविद्यानुबन्धाच्च[1] पूर्वक्षणविनाशकाल एव

---

कराय छे, एम कहेवुं संभवतुं नथी, केमके देवदत्त जीवे छे, अने तेनुं मरण थाय छे, ए असंभवित छे. । २३ । वळी ज्यारे नाश पामे छे, त्यारे ते वस्तु पोताना हेतुथी अविनश्वर केम थाय छे ? केमके मरे पण छे, अने अमरणधर्मवालो पण छे, एम कहेवुं युक्त नथी. माटे अविनश्वरपणामां कदापि पण नाशनो योग न होवाथी, अने नाश तो देखायो छे, तेथी ते वस्तु स्वहेतुथी नश्वरज उत्पन्न थइ छे, एम अंगीकार करवुं. अने तेथी वस्तु उत्पन्न थइ, के नाश पामे छे, अने तेवी रीते वस्तुनुं क्षणक्षयिपणुं सिद्ध थाय छे । २४ । तेनो प्रयोग नीचेप्रमाणे छे. जे विनश्वरस्वरूपवालुं छे, ते उत्पत्ति पछी रहेनारुं नथी, जेम अंत्यक्षणमां रहेलुं घटनुं स्वरूप; वळी उदयकाले विनश्वर स्वरूपवालुं रूपादिक छे, ए स्वभावहेतु छे. । २५ । पदार्थो ज्यारे क्षणक्षयी छे, त्यारे आ तेज छे, एवी खातरी क्यांथी थाय ? एम जो कहेशो, तो ते माटे कहीये छीये. निरंतर तुल्य एवी अपरअपर उत्पत्तिथी अने अविद्याना अनुबंधथी, पूर्वक्षणना विनाशवखतेज तेना सरखो बीजो क्षण

---

१ । परोत्पादादविद्यानुबंधाच्च । इतिद्वितीयपुस्तकपाठः ॥

तत्सदृशं क्षणान्तरमुदयते । तेनाकारविलक्षणत्वाऽभावादव्यवधानाच्चात्यन्तोच्छेदेऽपि स एवायमित्यभेदाऽध्यवसायी प्रत्ययः प्रसूयते । २६ । अत्यन्तभिन्नेष्वपि लूनपुनरुत्पन्नकुशकाशकेशादिषु दृष्ट एवायं स एवायमिति प्रत्ययः । तथेहापि किं न संभाव्यते । तस्मात्सर्वं सत् क्षणिकमिति सिद्धम् । अत्र च पूर्वक्षणोपादानकारणं उत्तरक्षण उपादेयमिति च पराभिप्रायमङ्गीकृत्याह । २७ । न तुल्यकाल इत्यादि । ते विशकलितमुक्तावलीकल्पा निरन्वयविनाशिनः पूर्वक्षणा उत्तरक्षणान् जनयन्तः किं स्वोत्पत्तिकाल एव जनयन्ति उत क्षणान्तरे । न तावदाद्यः । समकालभाविनोर्युवतिकुचयोरिवोपादानोपादेयभावाऽभावात् । अतः साधूक्तं न तुल्यकालः फलहेतुभाव इति । २८ । न च

---

उत्पन्न थाय छे, अने तेथी विलक्षण आकारना अभावथी अने वच्चे व्यवधान न आववाथी, अत्यंत उच्छेद होतेछते पण, आ तेज छे, एवो अभेदअध्यवसायवालो प्रत्यय उत्पन्न थाय छे. । २६ । जेम अत्यंत भेदायेला एवा पण, लणेला अने फरीने उत्पन्न थयेला एवा कुश, काश तथा केशादिकोनेविषे, आ तेज छे, एवो प्रत्यय देखायेलो छे, तेम अहीं पण केम न संभवे? माटे सघला छता पदार्थो क्षणिक छे, एम सिद्ध थयुं. अहीं पूर्वक्षण उपादान कारण छे, अने उत्तरक्षण उपादेय छे, एवी रीतना वादीना अभिप्रायने अंगीकार करीने हवे कहे छे. । २७ । ते श्रेणिबंध मुक्तमालासरखा अन्वयरहित नाश पामनारा पूर्वक्षणो उत्तरक्षणोने उत्पन्न करताथका, तेउने शुं पोतानी उत्पत्ति वखतेज उत्पन्न करे छे? के क्षणांतरे उत्पन्न करे छे? तेमां पेहेलो पक्ष तो नही; केमके एकीवखते थनारा युवतिस्तनोनीपेठे उपादानउपादेयभाव नथी; माटे कार्यकारणभाव तुल्यकालवालो नथी, एम कहेवुं युक्तज छे. । २८ । बीजो पण पक्ष योग्य नथी; केमके नि-

द्वितीयस्तदानीं निरन्वयविनाशेन पूर्वक्षणस्य नष्टत्वादुत्तरक्षणजनने कुतः संभावनापि। न चानुपादानस्योत्पत्तिर्दृष्टाऽतिप्रसङ्गादिति सुष्ठु व्याहृतं हेतौ विलीने न फलस्य भाव इति ।२९। पदार्थस्त्वनयोः पादयोः प्रागेवोक्तः। केवलमत्र फलमुपादेयं हेतुरुपादानं। तद्भाव उपादानोपादेयभाव इत्यर्थः ।३०। यच्च क्षणिकत्वस्थापनाय मोक्षाकरगुप्तेनानन्तरमेव प्रलपितं। तत् स्याद्वादवादे निरवकाशमेव निरन्वयनाशवर्जं कथंचित्सिद्धसाधनात्। प्रतिक्षणं पर्यायनाशस्यानेकान्तवादिभिरभ्युपगमात् ।३१। यदप्यभिहितं नह्येतत् संभवति जीवति च देवदत्तो मरणं चास्य भवतीति। तदपि संभवादेव न स्याद्वादवादिनां क्षतिमावहति। यतो जीवनं प्राणधारणं। मरणं चायुर्दलिकक्षयस्ततो जीवतोऽपि देवदत्तस्य प्रतिसमयमायुर्दलिकानामुदीर्णानां क्षयादुपपन्न-

---

रन्वयविनाशें करीने पूर्वक्षण नाश पामवाथी उत्तरक्षणने उत्पन्न थवानो संभवज क्यां छे? तेम अतिप्रसंगथी उपादानरहितनी उत्पत्ति देखायेली नथी; माटे 'कारण नाश पामते छते कार्यनो भाव न होय' एम युक्तज कहेलुं छे. ।२९। आ बन्ने पादोनो पदार्थ तो पूर्वेज कहेलो छे; अहीं तो केवल कार्य ते उपादेय, अने कारण ते उपादान, अने ते बन्नेनो जे भाव, ते उपादान उपादेय भाव, एवो अर्थ जाणवो. ।३०। वली क्षणिकपणुं स्थापवामाटे मोक्षाकरगुप्ते उपरज जे कह्युं छे, ते स्याद्वादवादमां कथंचित् सिद्धसाधनथी निरन्वयनाशशिवाय प्रगटज छे; केमके अनेकांतवादीउए क्षणक्षणप्रते पर्यायनाशने स्वीकार्यो छे. ।३१। वली 'देवदत्त जीवे छे, अने तेनुं मरण थाय छे' ए संभवतुं नथी, एम पण जे कह्युं, ते पण संभवतुंज होवाथी स्याद्वादवादिउने कंइ हरकतजेवुं नथी; केमके जीववुं, ते प्राणधारवारूप छे, अने मरण छे ते आयुष्यना दलियांउनो क्षय छे, अने तेथी जीवता एवा पण

मेव मरणं ।३२। न च वाच्यमन्त्यावस्थायामेव कृत्स्नायुर्दलिकक्षयात् तत्रैव मरणव्यपदेशो युक्त इति । तस्यामप्यवस्थायां न्यक्षेण तत्क्षयाऽभावात् । तत्रापि ह्यवशिष्टानामेव तेषां क्षयो न पुनस्तत्क्षण एव युगपत्सर्वेषामिति सिद्धं गर्भादारभ्य प्रतिक्षणं मरणमित्यलं प्रसङ्गेन ।३३। अथवाऽपरथा व्याख्या । सौगतानां किलार्थेन ज्ञानं जन्यते । तच्च ज्ञानं तमेव स्वोत्पादकमर्थं गृह्णातीति । नाऽकारणं[1] विषय इति वचनात् । ततश्चार्थः कारणं ज्ञानं च कार्यमिति ।३४। एतच्च न चारु । यतो यस्मिन् क्षणेऽर्थस्य स्वरूपसत्ता तस्मिन्नद्यापि ज्ञानं नोत्पद्यते । तस्य तदा स्वोत्पत्तिमात्रव्यग्रत्वात् । यत्र च क्षणे ज्ञानं समुत्पन्नं तत्रार्थो-

---

देवदत्तने समय समयप्रते उदय आवता आयुदलिकोना क्षयथी मरण प्राप्त थाय छे. ।३२। वली एम पण नही बोलवुं के, अंत अवस्थामांज सर्व आयुदलिकोना क्षयथी, तेज वखते मरण कहेवुं युक्त छे; केमके ते अवस्थामां पण समस्त प्रकारे कंइ आयुदलिकोनो क्षय थतो नथी, कारणके ते वखते पण बाकी रहेलाज आयुदलिकोनो क्षय थाय छे, पण कंइ तत्क्षणज एकी वखते सर्व आयुदलिकोनो क्षय थतो नथी, माटे गर्भथी मांमीने दरेक क्षणे मरण थाय छे, एम सिद्ध थयुं; एवी रीते प्रसंगोपात अहीं कह्युं छे. ।३३। अथवा आ पूर्वार्धनो नीचे प्रमाणे जूदीरीतथी अर्थ करवो. बौद्धो एम माने छे के, पदार्थवमे ज्ञान उत्पन्न थाय छे, अने ते ज्ञान तेज पोताना उत्पादक पदार्थने गृहण करे छे. कह्युं छे के ‘ कारणविनानो विषय नथी. ’ माटे पदार्थ कारण छे, अने ज्ञान कार्य छे. ।३४। (हवे ते वादीने कहे छे के) उपरप्रमाणेनुं ते तारुं कहेवुं युक्त नथी; केमके जे क्षणमां पदार्थनी स्वरूपसत्ता छे, ते क्षणे तो हजु पण ज्ञान उत्पन्न थतुं नथी; केमके ते वखते तो ते

---

१ ज्ञानकारणं । इति द्वितीयपुस्तकपाठः ॥

ऽतीतः । ३५ । पूर्वापरकालभावनियतश्च कार्यकारणभावः । क्षणा-
तिरिक्तं चावस्थानं नास्ति । ततः कथं ज्ञानस्योत्पत्तिः कारणस्य वि-
लीनत्वात् । तद्विलये च ज्ञानस्य निर्विषयता अनुषज्यते । कारणस्यैव
युष्मन्मते तद्विषयत्वात् । निर्विषयं च ज्ञानमप्रमाणमेवाकाशकेशज्ञानवत्
। ३६ । ज्ञानसहभाविनश्चार्थक्षणस्य न ग्राह्यत्वं । तस्याऽकारणत्वात् ।
अत आह न तुल्यकाल इत्यादि । ज्ञानार्थयोः फलहेतुभावः कार्यका-
रणभावस्तुल्यकालो न घटते । ज्ञानसहभाविनोऽर्थक्षणस्य ज्ञानाऽनु-
त्पादकत्वात् । युगपद्भाविनोः कार्यकारणभावाऽयोगात् । ३७ । अथ
प्राचोऽर्थक्षणस्य ज्ञानोत्पादकत्वं भविष्यति । तन्न । यत आह हेता-
वित्यादि । हेतावर्थरूपे ज्ञानकारणे विलीने क्षणिकत्वान्निरन्वयं विनष्टे

---

फक्त पोतानी उत्पत्तिमांज व्यग्र हतुं. तेम जे क्षणे ज्ञान उत्पन्न थयुं,
ते क्षणे अर्थ तो चाल्यो गयो. । ३५ । वळी कार्यकारणभाव पूर्वाप-
रकालवाळो चोकस छे, अने क्षणशिवाय तो स्थिरता छे नही, माटे
कारण नाश पाम्यापछी ज्ञाननी उत्पत्ति शीरीते थाय? वळी ते नाश
पामते छते ज्ञानने निर्विषयपणुं प्राप्त थाय छे, केमके तमारा मतमां तो
कारणनेज तेनो विषय मानेलो छे, अने विषयविनानुं ज्ञान आकाश-
केशज्ञाननीपेठे अप्रमाणज छे. । ३६ । वळी ज्ञानसाथे थनारा अर्थ-
क्षणने ग्राह्यपणुं नथी, केमके तेने अकारणपणुं छे; तेथी कहे छे के
ज्ञान अने पदार्थनो कार्यकारणभाव तुल्यकालवाळो घटतो नथी; के-
मके ज्ञाननी साथे थनारा अर्थक्षणने ज्ञाननुं अनुत्पादकपणुं छे; तेम
एकीवखते थनाराउने कार्यकारणभावनो अयोग छे. ।३७। पूर्वना अर्थक्ष-
णने ज्ञानोत्पादकपणुं थशे, एम जो कहीश, तो ते युक्त नथी; तेने-
माटे कहे छे के—पदार्थरूप ज्ञाननुं कारण नाशपामते छते, अर्थात् क्ष-
णिक होवाथी अन्वयरहित नाशपामते छते ज्ञानरूप कार्यनो आत्म-

न फलस्य ज्ञानलक्षणकार्यस्य भाव आत्मलाभः स्यात् । जनकस्यार्थ-क्षणस्यातीतत्वान्निर्मूलमेव ज्ञानोत्थानं स्यात् । जनकस्यैव च ग्राह्यत्वे इन्द्रियाणामपि ग्राह्यत्वापत्तिः । तेषामपि ज्ञानजनकत्वात् । ३८ । न चाऽन्वयव्यतिरेकाभ्यामर्थस्य ज्ञानहेतुत्वं दृष्टं । मृगतृष्णादौ जलाऽभावेऽपि जलज्ञानोत्पादात् । अन्यथा तत्प्रवृत्तेरसंभवात् । ३९ । भ्रान्तं तत् ज्ञानमिति चेन्ननु भ्रान्ताऽभ्रान्तविचारः स्थिरीभूय क्रियतां त्वया । सांप्रतं प्रतिपद्यस्व तावदनर्थजमपि ज्ञानम् । अन्वयेनार्थस्य ज्ञानहेतुत्वं दृष्टमेवेति चेन्न । न हि तद्भावे भावलक्षणोऽन्वय एव हेतुफलभावनिश्चयनिमित्तमपितु तदभावेऽभावलक्षणो व्यतिरेकोऽपि । स चोक्तयुक्त्या नास्त्येव । ४० । योगिनां चाऽतीताऽनागतार्थग्रहणे

---

लाभ होइ शके नही; एटले जनक एवो पदार्थक्षण चाल्यो जवाथी ज्ञानोत्पत्ति निर्मूलज थइ जाय. वली जनकनेज ग्राह्यपणुं स्वीकारते छते इंद्रिउने पण ग्राह्यपणानी आपत्ति थशे; केमके तेउने पण ज्ञानोत्पत्तिपणुं छे. । ३८ । वली अन्वयव्यतिरेकें करीने पदार्थने ज्ञानहेतुपणुं देखायेलुं नथी; केमके मृगतृष्णादिकमां जल न होते छते पण जलज्ञाननी उत्पत्ति थाय छे, अने जो तेम न होय, तो तेनी प्रवृत्तिनो असंभव थाय. । ३९ । ते ज्ञान भ्रांतिवालुं छे, एम जो कहीश, तो भ्रांत अभ्रांतनो विचार तुं स्थिर थइने कर? हमणा तो तुं पदार्थथी नही उत्पन्न थतुं एवुं पण ज्ञान अंगीकार कर? अन्वयें करीने पदार्थने ज्ञानहेतुपणुं देखायेलुंज छे, एम जो कहीश तो ते युक्त नथी; केमके तेना भावमां भावलक्षणवालो अन्वयज कंइ हेतुफलभावनिश्चयना निमित्तरूप नथी, परंतु तेना अभावमां अभावलक्षणवालो व्यतिरेक पण ( निमित्तरूप ) छे, अने ते तो उपर कहेली युक्तिवमे न-

किमर्थस्य निमित्तत्वं । तयोरसत्त्वात् । =॥ [1]न निहाणगया भग्गा । पुंजो नत्थि अणागए ॥ निव्वुया नेव चिठन्ति । आरग्गेसरिसोवमा ॥= इति वचनात् । ४१ । निमित्तत्वे चार्थक्रियाकारित्वेन सत्त्वादतीतानागतत्वक्षतिः । न च प्रकाश्यादात्मलाभ एव प्रकाशकस्य प्रकाशकत्वं । प्रदीपादेर्घटादिभ्योऽनुत्पन्नस्यापि तत्प्रकाशकत्वात् । ४२ । जनकस्यैव च ग्राह्यत्वाऽभ्युपगमे स्मृत्यादेः प्रमाणस्याऽप्रामाण्यप्रसङ्गस्तस्यार्थाऽजन्यत्वात् । न च स्मृतिर्न प्रमाणम् । अनुमानप्राणभूतत्वात् । साध्य-

---

थीज. । ४० । वली योगीउमाटे भूतकालना अने भविष्यकालना पदार्थोनुं ज्ञान थवामां पदार्थनुं निमित्त क्यां देखाय ठे? केमके ते पदार्थो ते वखते कंइ ठता नथी. कह्युं ठे के =॥ नष्ट थयेला पदार्थो कंइ भंमारमां भरीमूक्या नथी, तेम थनारा पदार्थोनो कंइ ढग करीमेल्यो नथी; जे पदार्थो नष्ट थया ठे, ते सोइना अग्रभागपर रहेला सर्षवनीपेठे स्थिर रहेता नथी. =॥ । ४१ । वली निमित्तपणामां अर्थक्रियाकारिपणायें करीने ठतापणाथी अतीतअनागतपणानो विनाश थशे. वली प्रकाशकना प्रकाशकपणारूप लाभज प्रकाश्यथी नथी, केमके घटादिकथी नही उत्पन्न थयेला एवा पण दीपकआदिकने ते घटादिकोनुं प्रकाशकपणुं ठे. । ४२ । वली जनकनेज ग्राह्यपणुं स्वीकारते ठते स्मृतिआदिक प्रमाणने पण अप्रमाणपणानो प्रसंग थशे; केमके स्मृतिआदिक कंइ पदार्थथी उत्पन्न थती नथी; तेम स्मृति कंइ प्रमाणभूत नथी तेम नथी; केमके ते अनुमानप्रमाणनी प्राणभूत ठे, अने ते अनुमानप्रमाण साध्यसाधनना संबंधवाला स्मरणपूर्वक थाय ठे.

---

१ न निधानगताः भग्ना । पुंजः नास्ति अनागते ॥ निवृताः नैव तिष्टंति । आराग्रे सर्षपोपमाः ॥ इतिच्छाया ॥

साधनसम्बन्धस्मरणपूर्वकत्वात्तस्य ।४३। जनकमेव चेद्ग्राह्यं तदा [१]स्वसंवेदनस्य कथं ग्राहकत्वं । तस्य हि ग्राह्यं स्वरूपमेव । न च तेन तज्जन्यते स्वात्मनि क्रियाविरोधात् । तस्मात्स्वसामग्रीप्रभवयोर्घटप्रदीपयोरिवार्थज्ञानयोः प्रकाश्यप्रकाशकभावसंभवान्न ज्ञाननिमित्तत्वमर्थस्य ।४४। नन्वर्थाऽजन्यत्वे ज्ञानस्य कथं प्रतिनियतकर्मव्यवस्था । तदुत्पत्तितदाकारताभ्यां हि सोपपद्यते । तस्मादनुत्पन्नस्याऽतदाकारस्य च ज्ञानस्य सर्वार्थान् प्रत्यविशेषात्सर्वग्रहणं प्रसज्यते ।४५। नैवं । तदुत्पत्तिमन्तरेणाप्यावरणक्षयोपशमलक्षणया योग्यतयैव प्रतिनियतार्थप्रकाशक-

---

।४३। हवे जो जनकज ग्राह्य होय, तो स्वसंवेदनने ग्राहकपणुं क्यांथी थाय? केमके तेनुं तो ग्राह्य स्वरूपज छे, अने ते तो स्वात्मामां क्रियाना विरोधथी तेनावमे उत्पन्न थतुं नथी; माटे पोतानी सामग्रीथी उत्पन्न थयेला एवा घट अने प्रदीपनीपेठे पदार्थ अने ज्ञानने प्रकाश्य अने प्रकाशक भावना संबंधथी पदार्थने ज्ञाननुं निमित्तपणुं नथी. ।४४। अहीं वादी शंका करे छे के—ज्ञाननी उत्पत्ति जो पदार्थथी न मानीये, तो नियतपदार्थोनी व्यवस्था शीरीते थाय? केमके ते व्यवस्था तो तदुत्पत्ति अने तदाकारपणाथी थाय छे; माटे अनुत्पन्न अने अतदाकारवाला ज्ञानने सर्व पदार्थोप्रते अविशेषपणाथी सर्वग्रहणनो प्रसंग थशे. ।४५। ते वादीने आचार्यमहाराज कहे छे के—ए तारुं कहेवुं युक्त नथी; केमके ते पदार्थनी उत्पत्तिविना पण, आवरणक्षयोपशम छे लक्षण जेनुं, एवी योग्यतावमेज नियत पदार्थने प्रकाशित करी शकाय छे; तेम ते पदार्थनी उत्पत्ति थइ होय, तो पण ते माटे योग्य-

---

१ सर्वचित्तचैत्तानामात्मसंवेदनं स्वसंवेदनं । चित्तमर्थमात्रग्राहि । चैत्ता विशेषावस्थाग्राहिणः सुखादयः । सर्वे च ते चित्तचैत्ताश्च । तेषां सुखादय एव स्फुटानुभवित्वात् स्वसंविदिताः । नान्या चित्तावस्था । इत्येवं तदाशंक्य निवृत्त्यर्थं सर्वग्रहणं । येन हि रूपेणात्मा वेद्यते । तद्रूपमात्मसंवेदनं स्वसंवेदप्रत्यक्षं ॥

त्वोपपत्तेः । तडत्पत्तावपि च योग्यताऽवश्यमेष्टव्या । अन्यथाऽशेषार्थसांनिध्ये तत्तदर्थाऽसांनिध्येऽपि कुतश्चिदेवार्थात् कस्यचिदेव ज्ञानस्य जन्मेति कौतस्कुतोऽयं विभागः । ४६ । तदाकारतात्वर्थाकारसंक्रान्त्या तावदनुपपन्ना । अर्थस्य निराकारत्वप्रसङ्गात् । ज्ञानस्य साकारत्वप्रसङ्गाच्च । अर्थेन च मूर्त्तेनामूर्त्तस्य ज्ञानस्य कीदृशं सादृश्यमित्यर्थविशेषग्रहणपरिणाम एव साऽभ्युपेया । ४७ । ततः । =॥ [१]अर्थेन घटयत्येनां । न हि मुक्त्वार्थरूपताम् ॥ तस्मात्प्रमेयाधिगतेः । प्रमाणं मेयरूपता ॥= इति यत्किञ्चिदेतत् । ४८ । अपि च व्यस्ते समस्ते वैते ग्रहणकारणं स्यातां । यदि व्यस्ते तदा कपालाद्यक्षणो घटाऽन्त्यक्षणस्य ।

---

तानी तो अवश्य जरुर पमशे ; अने जो तेम न होय, तो सर्व पदार्थोना समीपपणामां अने ते ते पदार्थोना असमीपपणामां पण कोइकज पदार्थथी कोइकज ज्ञाननो जन्म थशे, एवीरीते आ विभागतो क्यांक क्यांक थयो. । ४६ । हवे तदाकारपणुं तो पदार्थना आकारना संक्रमवमे तो अयुक्त छे, केमके तेथी तो पदार्थने निराकारपणानो प्रसंग थाय छे, अने ज्ञानने साकारपणानो प्रसंग थाय छे ; वळी मूर्तिवंत एवा पदार्थसाथे अमूर्त एवा ज्ञाननुं तुल्यपणुं ते केवुंक थाय ? माटे अर्थविशेषग्रहणपरिणामज ते तदाकारपणुं छे, एम अंगीकार करवुं. । ४७ । अने तेथी =॥ ' आ बुद्धिने तजीने बीजुं कंइ पदार्थसाथे पदार्थपणाने घटावतुं नथी, माटे प्रमेयना ज्ञानथी प्रमाण छे ते कारण छे ' =॥ एम जे कह्युं छे, ते यत्किंचित् छे. । ४८ । वळी ते तडत्पत्ति अने तदाकारपणुं, ए बन्ने एकठा के जूदा जूदा ग्रहण करवाना कारणरूप थाय छे ? जो कहीशके, जूदा जूदा, तो छीबमीनो

---

१ एनां बुद्धिमर्थरूपतामर्थात्मकतां मुक्त्वा नह्यन्यदर्थेन घटयतीत्यर्थः । प्रमेयाधिगतेः प्रमाणं कारणं इत्यर्थः । इत्यर्थेन घटति श्लोकस्य व्याख्या ॥

जलचन्द्रो वा नभश्चन्द्रस्य ग्राहकः प्राप्नोति । यथासंख्यं तदुत्पत्तेस्तदाकारत्वाच्च । ४९ । अथ समस्ते तर्हि घटोत्तरक्षणः पूर्वघटक्षणस्य ग्राहकः प्रसजति । तयोरुभयोरपि सद्भावात् । ज्ञानरूपत्वे सत्येते ग्रहणकारणमितिचेत्तर्हि समानजातीयज्ञानस्य [1]समनन्तरज्ञानग्राहकत्वं प्रसज्येत । तयोर्जन्यजनकभावसद्भावात् । तन्न योग्यतामन्तरेणाऽन्यद् ग्रहणकारणं पश्याम इति । ५० । अथोत्तरार्द्धं व्याख्यातुमुपक्रम्यते । तत्र च बाह्यार्थनिरपेक्षं ज्ञानाद्वैतमेव ये बौद्धविशेषा मन्वते तेषां प्रतिक्षेपः । तन्मतं चेदं । ग्राह्यग्राहकादिकलङ्काऽनङ्कितं निष्प्रपञ्चं ज्ञानमात्रं परमार्थसत् । बाह्यार्थस्तु विचारमेव न क्षमते । तथा हि । ५१ । कोऽयं बाह्यार्थः । किं परमाणुरूपः स्थूलावयविरूपो वा । न तावत्परमाणुरूपः

---

आद्य क्षण घटना अंत्य क्षणनो अथवा जलचंद्र आकाशचंद्रनो ग्राहक थाय छे, केमके तेउने अनुक्रमे तदुत्पत्ति अने तदाकारपणुं छे. ।४९। वली जो कहीशके, एकठा, तो घटना उत्तरक्षणने घटना पूर्वक्षणना ग्राहकनो प्रसंग थाय छे; केमके तेमां तदुत्पत्ति अने तदाकारपणुं एम बन्नेनो सद्भाव छे. ज्ञानरूपपणुं होते छते ते बन्ने ग्रहणना कारणरूप छे, एम जो कहीश तो समानजातिवाला ज्ञानने समनंतरज्ञानग्राहकपणानो प्रसंग आवे; केमके तेउने जन्यजनकभावनो सद्भाव छे; माटे योग्यताविना बीजुं ग्रहणनुं कारण अमो जोता नथी. । ५० । हवे (काव्यना) उत्तरार्धनुं व्याख्यान कराय छे. ते उत्तरार्धमां जे बौद्धविशेषो बाह्य पदार्थने उपेक्षीने ज्ञानशिवाय बीजुं कंइ नथी, एम माने छे, तेउनो प्रतिक्षेप करेलो छे. तेउनो एवो मत छे के, ग्राह्यग्राहकादि कलंकविनानुं, तथा प्रपंचरहित एवुं ज्ञानज छतो पदार्थ छे; अने बाह्य पदार्थ तो विचारनेज सहन करतो नथी. ते कहे छे. । ५१ । आ बाह्य पदार्थ शुं

---

१ समं च ज्ञानत्वेन नंतरं चाऽव्यवहितत्वेन तच्च तद्ज्ञानं च समनंतरज्ञानं ॥

प्रमाणाऽभावात्। प्रमाणं हि प्रत्यक्षमनुमानं वा। न तावत्प्रत्यक्षं तत्साधनबद्धकक्षं। तद्धि योगिनां स्यादस्मदादीनां वा। नाद्यम्। अत्यन्तविप्रकृष्टतया श्रद्धामात्रगम्यत्वात्। नहि द्वितीयमनुभवबाधितत्वात्। न हि वयं अयं परमाणुरयं परमाणुरिति स्वप्नेऽपि प्रतीमः। स्तंभोऽयं कुंभोऽयमिति एवमेव नः सदैव संवेदनोदयात्। ५२। नाप्यनुमानेन तत्सिद्धिः। अणूनामतीन्द्रियत्वेन तैः सह अविनाभावस्य क्वापि लिङ्गे ग्रहीतुमशक्यत्वात्। ५३। किं चामी नित्या अनित्या वा स्युः। नित्याश्चेत्क्रमेणाऽर्थक्रियाकारिणो युगपद्वा। न क्रमेण स्वभावभेदेनाऽनित्यत्वापत्तेः। न युगपदेकक्षण एव कृत्स्नार्थक्रियाकरणात्। क्षणान्तरे

---

छे? शुं परमाणुरूप छे? के स्थूलअवयवीरूप छे? प्रमाणना अभावथी परमाणुरूप तो नथी. वली ते प्रमाण प्रत्यक्ष प्रमाण छे? के अनुमानप्रमाण छे? प्रत्यक्ष प्रमाण तो तेने साधवामां समर्थ नथी. केमके ते प्रत्यक्ष प्रमाण योगीउने होय, के आपणआदिकोने होय? तेमां पेहेलो पक्ष तो योग्य नथी, केमके अत्यंत दूरपणावमे ते तो फक्त श्रद्धाकरवारूपज छे; तेम बीजो पक्ष पण युक्त नथी, केमके ते अनुभवबाधित छे, केमके आ परमाणु छे, आ परमाणु छे, एवी आपणने स्वप्नमां पण प्रतीति थती नथी; पण आ स्तंभ छे, आ कुंभ छे, एवी रीतेज आपणने हमेशां ज्ञान उत्पन्न थाय छे. । ५२ । वली अनुमानप्रमाणवमे पण तेनी सिद्धि थती नथी, केमके परमाणुउने अतींद्रियपणुं होवाथी तेउनी साथे अविनाभाव कोइ पण लिंगमां ग्रहण करीशकातो नथी. । ५३ । वली आ परमाणुउ नित्य होय, के अनित्य होय? नित्य होय तो क्रमवमे अर्थक्रिया करनारा होय? के एकीवखते करनारा होय? क्रमवमे तो नही, केमके तेथी तो स्वभावभेदवमे अनित्यपणानी आपत्ति थाय छे. एकीवखते पण नही, केमके एक क्ष-

तदभावादसत्त्वप्राप्तिः[१] । ५४ । अनित्याश्चेत् क्षणिकाः कालान्तरस्थायिनो वा । क्षणिकाश्चेत्सहेतुका निर्हेतुका वा । निर्हेतुकाश्चेन्नित्यं [२]सत्त्वमसत्त्वं वा स्यान्निरपेक्षत्वादपेक्षातो हि कादाचित्कत्वं । सहेतुकाश्चेत्किं तेषां स्थूलं किंचित्कारणं परमाणवो वा । न स्थूलं । परमाणुरूपस्यैव बाह्यार्थस्याऽङ्गीकृतत्वात् । न हि परमाणवः । ते हि सन्तोऽसन्तः सदसन्तो वा स्वकार्याणि कुर्युः । सन्तश्चेत्किमुत्पत्तिक्षण एव क्षणान्तरे वा । नोत्पत्तिक्षणे तदानीमुत्पत्तिमात्रव्यग्रत्वात् तेषां । ५५ । अथ "भूतिर्यैषा क्रिया सैव कारणं सैव चोच्यते" इति वचनात् भवनमेव तेषामपरोत्पत्तौ कारणमिति चेदेवं तर्हि रूपाणवो रसाणूनां । ते च

---

एमांज सर्व पदार्थोनी क्रिया करवाथी, बीजी क्षणे तेना अभावथी अछतापणानी प्राप्ति थशे. । ५४ । हवे जो ते परमाणुओ अनित्य होय, तो ते क्षणिक छे, के कालांतरस्थायी छे? जो क्षणिक छे, तो हेतुसहित छे, के हेतुरहित छे? जो हेतुरहित छे, तो अपेक्षाथी नित्यछतापणुं छे, के अछतापणुं छे? केमके अपेक्षाथी तो कादाचित्कपणुं छे. जो हेतुसहित छे, तो तेओनुं कंइ स्थूल कारण छे, के परमाणुओ छे? स्थूल तो नही, केमके बाह्य पदार्थने तो परमाणुरूपे स्वीकार्यो छे; तेम परमाणुओ पण नही, केमके ते परमाणुओ छता, अछता के छताअछता पोतानां कार्यो करे छे? जो कहीश के छता, तो शुं उत्पत्तिक्षणेज, के क्षणांतरे करे छे? उत्पत्तिक्षणे तो नही, केमके ते वखते तो तेओ फक्त उत्पत्तिमांज व्यग्र होय छे. । ५५ । 'जे आ 'थवुं' तेज क्रिया अने तेज कारण कहेवाय छे' एम कहेल होवाथी 'थवुं' तेज तेओनी अपरोत्पत्तिमां कारण छे, एम जो कहीश, तो रूपना परमाणुओ रसना

---

१ यदेवाऽर्थक्रियाकारि तदेव परमार्थसत् इतिवचनात् ॥ २ नित्यं सत्त्वमसत्त्वं वा । हेतोरन्यानपेक्षणात् । अपेक्षातो हि भावानां कादाचित्कसंभवः ॥

तेषामुपादानं स्युरुभयत्र भवनाऽविशेषात्। न च क्षणान्तरे नष्टत्वात् ।५८। अथाऽसन्तस्ते तदुत्पादकास्तर्हि एकं स्वसत्ताक्षणमपहाय सदा तदुत्पत्तिप्रसङ्गस्तदसत्त्वस्य सर्वदाऽविशेषात्। सदसत्पक्षस्तु "प्रत्येकं यो भवेद्दोषो। द्वयोर्भावे कथं न सः" इति वचनात् विरोधाघ्रात एव। तन्नाणवः क्षणिका नापि कालान्तरस्थायिनः। [१]क्षणिकपक्षसदृक्षयोगक्षेमत्वात् ।५७। किं चामी कियत्कालस्थायिनोऽपि किमर्थक्रियापराङ्मुखास्तत्कारिणो वा। आद्ये खपुष्पवदसत्त्वापत्तिः। उदग्विकल्पे किमसद्रूपं सद्रूपमुभयरूपं वा ते कार्यं कुर्युः। असद्रूपं चेच्छशविषाणादेरपि किं न करणं। सद्रूपं चेत्सतोऽपि करणेऽनवस्था। तृतीयभे-

---

परमाणुउनुं, अने रसना परमाणुउ रूपना परमाणुउनुं उपादान थाय, केमके 'थवुं' ए तो बन्नेमां तुल्य छे. तेम वली क्षणांतरे पण नष्ट थवाथी तेउ कार्य करी शकता नथी. ।५८। जो कहेशो के अछता परमाणुउ तेउने उत्पन्न करनारा छे, तो एक स्वसत्ताक्षणने तजीने हमेशां तेउनी उत्पत्तिनो प्रसंग थशे, केमके तेउनुं अछतापणुं हमेशां छेज. अने छता अछतानो पक्ष तो 'एकमां जे दोष होय, ते बन्नेमां केम न होय?' ए वचनथी विरोधवालोज छे. माटे परमाणुउ क्षणिक पण नथी, अने कालांतरस्थायि पण नथी; केमके पूर्वपक्ष अने उत्तरपक्ष बन्नेमां तुल्यपणुं छे. ।५७। वली आ केटलोक काल स्थायी होइने पण शुं अर्थक्रिया नही करनारा होय छे? के ते करनारा होय छे? पेहेला विकल्पमां आकाशपुष्पनीपेठे अछतापणानी आपत्ति थशे; अने बीजा विकल्पमां शुं ते सद्रूप, असद्रूप के उभयरूप कार्य करे छे? जो कहीश के असद्रूप, तो ससलाना शींगमांआदिक ने केम न करे? जो कहीश के सद्रूप, तो छताने पण करवामां

---

१ तुल्यपूर्वपक्षोत्तरपक्षत्वात्॥

दस्तु प्राग्वद्विरोधभङ्गेन्यः । तन्नाणुरूपोऽर्थः सर्वथा घटते । ५८ । नापि स्थूलावयविरूपः । एकपरमाण्वसिद्धौ कथमनेकतत्सिद्धिः । तदभावे च तत्प्रचयरूपः स्थूलावयवी वाङ्मात्रं । किं चायमनेकावयवाधार इष्यते । ते चाऽवयवा यदि विरोधिनस्तर्हि नैकः स्थूलावयवी विरुद्धधर्माध्यासात् । अविरोधिनश्चेत्प्रतीतिबाधः । एकस्मिन्नेव स्थूलावयविनि चलाऽचलरक्ताऽरक्ताऽऽवृताऽनावृतादिविरुद्धाऽवयवानामुपलब्धेः । ५९ । अपि चासौ तेषु वर्तमानः कात्स्न्र्येनैकदेशेन वा वर्तते । कात्स्न्र्येन वृत्तावेकस्मिन्नेवावयवे परिसमाप्तत्वादनेकाऽवयववृत्तित्वं न स्यात् । प्रत्यवयवं कात्स्न्र्येन वृत्तौ चाऽवयविबहुत्वापत्तेः । ६० । एकदेशेन वृत्तौ

---

अनवस्थादोष आवशे; अने त्रीजो भेद तो पूर्वविरोधयुक्त छे; माटे एवी रीते परमाणुरूप पदार्थ सर्वथा प्रकारे घटी शकतो नथी. ।५८। हवे ते पदार्थ स्थूलअवयविरूप पण नथी; केमके एक परमाणुनी ज्यारे असिद्धि छे, त्यारे ते अनेक परमाणुउनी सिद्धि क्यांथी थाय? अने ते न होते छते ते परमाणुउना समूहरूप स्थूलावयवी पदार्थ फक्त कहेवारूप छे. वली ते अनेक अवयवोना आधाररूप होय छे, अने ते अवयवो जो विरोधी होय, तो एक पदार्थ विरुद्ध धर्मने धारण करवाथी स्थूल अवयवोवालो थाय नही; वली ते अवयवो जो अविरोधि होय, तो प्रतीतिनो बाध आवे छे; केमके एकज स्थूलावयवीमां चलाऽचल, रक्ताऽरक्त, आवृतअनावृतादिक विरुद्ध अवयवोनी प्राप्ति थाय छे. । ५९ । वली आ स्थूलावयवी ते अवयवोमां वर्ततो थको समस्तपणायें करीने के एक देशवमे वर्ते छे? समस्तपणायें करीने वर्तवामां एकज अवयवमां समाप्त थवाथी अनेक अवयवोमां वर्तवापणुं न थाय; वली दरेक अवयवप्रते समस्तपणायें करीने वर्तवामां घणा अवयवीउनी आपत्ति थाय छे. । ६० । वली एक

ष तस्य निरंशत्वाऽभ्युपगमबाधः। सांशत्वे वा तेंऽशास्ततो भिन्ना। अभिन्ना वा। भिन्नत्वे पुनरप्यनेकांशवृत्तेरेकस्य कात्स्न्यैंकदेशविकल्पाऽनतिक्रमादनवस्था। अभिन्नत्वे न केचिदंशाः स्युरिति नास्ति बाह्योऽर्थः कश्चित्। किन्तुऽज्ञानमेवेदं सर्वं नीलाद्याकारेण प्रतिभाति। बाह्यार्थस्य जडत्वेन प्रतिभासाऽयोगात् । ८१ । यथोक्तं "स्वाकारबुद्धिजनका दृश्या नेन्द्रियगोचराः"। [1]अलङ्कारकारेणाप्युक्तं। =॥ यदि संवेद्यते नीलं। कथं बाह्यं तदुच्यते॥ न चेत्संवेद्यते नीलं। कथं बाह्यं तदुच्यते॥= । ८२ । यदि बाह्योऽर्थो नास्ति किंविषयस्तर्ह्ययं घटपटादिप्रतिभास इति चेन्ननु निरालम्बन एवायमनादिवितथवासनाप्रव-

---

देशें करीने वर्तवामां तेना निरंशपणाना स्वीकारनो बाध आवे छे; अथवा अंशसहितपणामां ते अंशो तेथी भिन्न छे के, अभिन्न छे? भिन्नपणामां करीने पण एकने अनेकांशमां वृत्तिथी कात्स्न्यैंक देशवालो विकल्प नही अतिक्रमवाथी अनवस्था दोष आवे छे; तेम अभिन्नपणामां कोइ पण अंश होइशके नही; माटे एवीरीते कोइ पण बाह्य पदार्थ नथी; परंतु आ सघलुं ज्ञानज नीलआदिक आकारवडे प्रतिभासन थाय छे, अने बाह्य पदार्थ तो जड होवाथी ते प्रतिभासन थइ शकतो नथी. । ८१ । कह्युं छे के "स्वाकारबुद्धिने उत्पन्न करनारा पदार्थो इंद्रियगोचर थता नथी." अलंकारकारक धर्मकीर्तिए पण कह्युं छे के =॥ ज्यारे लीलुं जणाय छे, त्यारे ते बाह्य केम कहेवाय? अने जो लीलुं जणाय नही, तो ते बाह्य केम कहेवाय? । ८२ । ज्यारे बाह्य पदार्थ नथी, त्यारे आ घटपटादिकनो प्रतिभास कयाविषयवालो छे? एम जो कहेशो, तो अमो कहीये छीये के, अनादिकालनी जूठी

---

[1] धर्मकीर्तिना॥

र्तितो निर्विषयत्वादाकाशकेशज्ञानवत्स्वप्नज्ञानवद्वेति । अत एवोक्तम् । ८३ । =॥ नान्योऽनुभाव्यो बुद्ध्यास्ति । तस्या नानुभवोऽपरः ॥ ग्राह्यग्राहकवैधुर्यात्स्वयं सैव प्रकाशते ॥= बाह्यो न विद्यते ह्यर्थो । यथा बालैर्विकल्प्यते ॥ वासनालुठितं चित्त–मर्थाभासं प्रवर्तते ॥= इति । ८४ । तदेतत्सर्वमवद्यं । ज्ञानमिति हि क्रियाशब्दस्ततो ज्ञायतेऽनेनेति ज्ञानं । ज्ञप्तिर्वा ज्ञानमिति । अस्य च कर्मणा भाव्यं । निर्विषयाया ज्ञप्तेरघटनात् । न चाकाशकेशादौ निर्विषयमपि दृष्टं ज्ञानमिति वाच्यं । तस्याप्येकान्तेन निर्विषयत्वाऽभावात् । नहि सर्वथाऽगृहीतसत्यकेशज्ञानस्य तत्प्रतीतिः । ८५ । स्वप्नज्ञानमप्यनुभूतदृष्टाद्यर्थविषयत्वान्न निरा-

---

वासनाथी प्रवर्तेलो एवो आ प्रतिभास आलंबनविनानोज छे, केमके ते आकाशकेशज्ञाननीपेठे अथवा स्पप्नज्ञाननीपेठे विषयरहित छे. आथीज कह्युं छे के, । ८३ । =॥ बुद्धिवमे बीजो कोइ अनुभाव्य नथी, तेम ते बुद्धिनो बीजो कोइ अनुभव नथी; ग्राह्यग्राहकना विधुरपणाथी तेज स्वयमेव प्रकाशे छे. =॥ अज्ञानीउ जेम विकल्प करे छे, तेम कोइ बाह्य पदार्थ नथी; फक्त वासनाथी लुठित थयेलुं चित्त पदार्थाभासप्रते प्रवर्ते छे. ॥= । ८४ । उपर कहेलुं वादीतरफनुं सघलुं मंमन अयुक्त छे. ज्ञान ए क्रियापदथी उत्पन्न थयेलो शब्द छे; तेथी जणाय छे आनावमे ते ज्ञान, अथवा जाणवुं ते ज्ञान. हवे ते ज्ञाननुं कर्म होवुं जोइशे; केमके ज्ञान कंइ विषयरहित होतुं नथी. वली एम पण नही बोलवुं के आकाशकेशादिकमां विषयविनानुं पण ज्ञान देखायुं छे; केमके ते ज्ञानने पण एकांते निर्विषयपणानो अभाव छे; कारणके सर्वथाप्रकारे नथी ग्रहणकरेल सत्य केशोनुं ज्ञान जेणे एवा माणसने ते आकाशकेशादिकना ज्ञाननी प्रतीति थती नथी. । ८५ । स्वप्नज्ञान पण अनुभवेला अने दीठेला आदिक पदार्थोना विषयवालुं

लम्बनं । तथा च महाभाष्यकारः । =॥ [1]अणुहूय दिठ्ठचिंतिय । सुयपयइवियारदेवयाणूवा । सुमिणस्स निमित्ताइं । पुन्नं पावं च नाभावो ॥= । ८८ । यश्च ज्ञानविषयः स च बाह्योऽर्थः । भ्रान्तिरियमिति चेच्चिरंजीव । भ्रान्तिर्हि मुख्येऽर्थे क्वचिद्दृष्टे सति करणाऽपाटवादिना अन्यत्र विपर्यस्तग्रहणे प्रसिद्धा । यथा शुक्तौ रजतभ्रान्तिः । अर्थक्रियासमर्थेऽपि वस्तुनि यदि भ्रान्तिरुच्यते तर्हि प्रलीना भ्रान्ताऽभ्रान्तव्यवस्था । तथा च सत्यमेतद्वचः । ८७ । =॥ आशामोदकतृप्ता

---

होवाथी कंइ आलंबविनानुं नथी. महाभाष्यना करनारा जिनभद्रगणि क्षमाश्रमण पण कहे छे के =॥ अनुभवेलुं, दीठेलुं, चिंतवेलुं, सांभळेलुं, प्रकृतिविकार, दैविक अने सजलप्रदेश एटलां सुपननां निमित्तो छे; सुस्वप्नमां पुण्य निमित्तरूप छे, अने दुःस्वप्नमां पाप निमित्तरूप छे, माटे ते अवस्तुरूप नथी. =॥ । ८८ । जे ज्ञानना विषयवाळो छे, ते बाह्य पदार्थ छे. ए भ्रांति छे, एम जो कहेता होउ, तो तुं चिरंजीव; केमके भ्रांति छे ते, क्यांक मुख्य पदार्थ देखाये छते, इंद्रियना विकारआदिकवडे अन्यजगोये तेथी उलटीरीते ग्रहण करवामां प्रसिद्ध छे, जेम छीपमां रुपानी भ्रांति, वळी अर्थक्रियामां समर्थ एवा पण पदार्थमां ज्यारे भ्रांति कहेवामां आवे, त्यारे भ्रांताऽभ्रांतनी व्यवस्थाज नष्ट थाय, अने तेथी तो नीचेनुं वाक्य सत्य थइ जाय. । ८७ । =॥ जेउ आशारूपी मोदकथी तृप्त थया छे, अने जेउए मोदकोनुं भोजन

---

१ अनूभूतदृष्टचिंतित । श्रुतप्रकृतिविकारदैविकअनुपाः ॥ स्वप्नस्य निमित्तानि । पुण्यं पापं च ना भावः ॥ इतिच्छाया ॥ = अस्या गाथायाः स्फुटार्थस्त्वेवं–अनुभूतं जलावगाहनादि । दृष्टमंगनादि । चिंतितं क्रयविक्रयादि । श्रुतं देवलोकादि । प्रकृतिविकारो वातपित्तक्षोभादिः । अशुभे भाविनि सुहृद्देवता । अनूपः सजलप्रदेशः । तत्र हि सुतः प्रायः प्रचुरस्वप्नदर्शी स्यात् । सुस्वप्ने पुण्यं । दुःस्वप्ने पापं निमित्तीभवति । नाभावो अवस्तुरूपः ॥

ये । ये चास्वादितमोदकाः ॥ रसवीर्यविपाकादि । तुल्यं तेषां प्रसज्यते ॥= । ६० । न चामून्यर्थदूषणानि स्याद्वादिनां बाधां विदधते । परमाणुरूपस्य स्थूलावयविरूपस्य चार्थस्याङ्गीकृतत्वात् । यच्च परमाणुपक्षखण्डनेऽभिहितं प्रमाणाऽभावादिति । तदसत् । तत्कार्याणां घटादीनां प्रत्यक्षत्वे तेषामपि कथंचित्प्रत्यक्षत्वं । योगिप्रत्यक्षेण च साक्षात्प्रत्यक्षत्वमवसेयम् । अनुपलब्धिस्तु सौक्ष्म्यात् । ६९ । अनुमानादपि तत्सिद्धिः । यथा सन्ति परमाणवः स्थूलावयविनिष्पत्त्यन्यथाऽनुपपत्तेरित्यन्तर्व्याप्तिः । न चाणुभ्यः स्थूलोत्पाद इत्येकान्तः । स्थूलादपि सूत्रपटलादेः स्थूलस्य पटादेः प्रादुर्भावविभावनात् । आत्माकाशादेरपुद्गलत्वकक्षीकाराच्च । ७० । यत्र पुनरणुभ्यस्तदुत्पत्तिस्तत्र तत्तत्कालादि-

---

कर्युं छे, तेओ बन्नेने रस तथा वीर्यविपाकादिक तुल्य थवानो प्रसंग आवे. ॥= । ६० । वळी पदार्थसंबंधि आ दूषणो स्याद्वादवादीओने बाधा करतां नथी; केमके तेओए पदार्थने परमाणुरूपे अने स्थूलअवयवीरूपे एम बन्नेप्रकारथी स्वीकार्यो छे. वळी परमाणुपक्षना खंमनमां 'प्रमाणना अभावथी' एम जे कह्युं, ते असत्य छे, केमके ते परमाणुओना कार्यरूप घटादिक प्रत्यक्ष देखातां होवाथी, ते परमाणुओनुं पण कथंचित् प्रत्यक्षपणुं छे; अने योगिप्रत्यक्षें करीने तो तेओनुं साक्षात् प्रत्यक्षपणुं जाणवुं; अने तेओनी अप्राप्ति तो तेओना सूक्ष्मपणाथी छे. । ६९ । अनुमानथी पण ते परमाणुओनी सिद्धि छे. जेमके परमाणुओ छे, केमके जो तेओ न होय, तो स्थूल अवयविओनी उत्पत्ति न थाय, एवी रीते अंतर्व्याप्ति छे. वळी परमाणुओथी स्थूलनी उत्पत्ति थाय, एवुं एकांत नथी, केमके स्थूल एवा सूत्रपटलादिकथी स्थूल वस्त्रादिकनी उत्पत्ति थाय छे, तेम आत्मा तथा आकाशादिकनुं अपुद्गलपणुं स्वीकारेलुं छे. । ७० । वळी ज्यां परमाणुओथी तेओनी उ-

सामग्रीसव्यपेक्षक्रियावशात्प्राडर्भूतं संयोगातिशयमपेक्ष्येयमवितथैव । ७१ । यदपि किं चायमनेकावयवाधार इत्यादि न्यगादि । तत्रापि कथंचिद्विरोध्यनेकावयवाऽविष्वग्भूतवृत्तिरवयव्यभिधीयते । तत्र च यद्विरोध्यनेकावयवाधारतायां विरुद्धधर्माध्यासनमभिहितं तत्कथंचिडपेयत एव तावदवयवात्मकस्य तस्यापि कथंचिदनेकरूपत्वात् । ७२ । यच्चोपन्यस्तमपिचासौ तेषु वर्तमानः कात्स्न्र्येनैकदेशेन वा वर्तेतेत्यादि । तत्रापि विकल्पद्वयाऽनभ्युपगम एवोत्तरम् । अविष्वग्भावेनाऽवयविनोऽवयवेषु वृत्तेः स्वीकारात् । ७३ । किं च यदि बाह्योऽर्थो नास्ति किमिदानीं नियताकारं प्रतीयते नीलमेतदिति । विज्ञानाकारोऽयमितिचेन्न । ज्ञानाद्बहिर्भूतस्य संवेदनात् । ज्ञानाकारत्वेत्वहं नीलमिति प्रतीतिः

---

त्पत्ति ( कहेली छे ) त्यां ते ते कालादिकनी सामग्रीनी अपेक्षावाली क्रियाना वशथी प्रगट थयेला संयोगातिशयने अपेक्षीने, ते उत्पत्ति योग्यज छे. । ७१ । वली 'आ अनेक अवयवोना आधाररूप छे' इत्यादिक जे कह्युं छे, त्यां पण कथंचित् विरोधि एवा अनेक अवयवोथी अभिन्नवृत्तिवालो अवयवी कहेवाय छे; तथा त्यां पण जे विरोधि एवा अनेक अवयवोना आधारपणामां विरुद्ध धर्माध्यास कहेलो छे, ते कथंचित् स्वीकार्योज छे, केमके अवयवरूप एवा तेने पण कथंचित् अनेकरूपपणुं छे. । ७२ । वली 'ते स्थूलावयवी ते अवयवोमां वर्ततो थको समस्तपणायें करीने के एकदेशे करीने वर्ते?' इत्यादिक जे कह्युं छे, त्यां पण 'तेवा बे विकल्पो स्वीकारीशकायज नही' एवो उत्तर जाणवो, केमके अवयवोमां अवयवीनी वृत्ति अभिन्नभावे स्वीकारेली छे. । ७३ । वली जो बाह्य पदार्थ न होय, तो 'आ नीलुं छे' एवो चोकस आकार केम प्रतीत थाय? जो कहीश के आ ज्ञानाकार छे, तो ते युक्त नथी; केमके ज्ञानथी बहिर्भूतनुं संवेदन थाय

स्यान्नविदं नीलमिति । ७४ । ज्ञानानां प्रत्येकमाकारभेदात्कस्यचिद-हमिति प्रतिभासः । कस्यचिन्नीलमेतदिति चेन्न । नीलाद्याकारवदह-मित्याकारस्य व्यवस्थितत्वाऽभावात् । ७५ । तथा च यदेकेनाहमिति प्रतीयते । तदेवाऽपरेण त्वमितिप्रतीयते । नीलाद्याकारस्तु व्यवस्थितः । सर्वैरप्येकरूपतया ग्रहणात् । भक्षितहृत्पूरादिभिस्तु यद्यपि नीलादिकं पीतादितया गृह्यते । तथापि तेन न व्यभिचारस्तस्य भ्रान्तत्वात् ।७६। स्वयं स्वस्य संवेदनेऽहमिति प्रतिभासत इति चेन्ननु किं परस्यापि सं-वेदनमस्ति । कथमन्यथा स्वशब्दस्य प्रयोगः । प्रतियोगिशब्दोह्ययं

---

छे, अने जो ज्ञानाकार होय, तो तो 'हुं नीलो छुं' एवी प्रतीति थाय, पण 'आ नीलुं छे' एवी प्रतीति थाय नही. । ७४ । दरेकप्रते ज्ञा-नोना आकारभेदथी कोइकने 'हुं' एवो प्रतिभास थाय छे, अने कोइकने 'आ नीलुं' एवो प्रतिभास थाय छे, एम जो कहीश, तो ते युक्त नथी; केमके नीलादिक आकारनीपेठे 'हुं' एवा आकारना व्यवस्थितपणानो अभाव छे. । ७५ । वली जे एकवमे 'हुं' एम प्र-तीत थाय छे, ते बीजावमे 'तुं' एम प्रतीत थाय छे; अने नीलादिक आकार तो व्यवस्थावालो छे, केमके तेने सघलाउए एकरूपपणे ग्रहण कर्यो छे. वली भक्षण करेल छे [1]हृत्पूरादिक जेउए, तेउवमे नीलादिक वस्तु जोके पीलाआदिकपमे ग्रहण कराय छे, तोपण ते साथे कंइ-व्यभिचार आवतो नथी, केमके ते तो भ्रांतिवालुं छे. । ७६ । पोतानी मेले पोताने जाणवामां 'हुं' एवो प्रतिभास थाय छे, एम जो क-हीश, तो तेमां शुं परनुं पण संवेदन छे? अने जो तेम न होय तो, स्वशब्दनो प्रयोग शानो होय? वली आ प्रतियोगी शब्द परने अपे-

---

१ । हृत्पूर। एटले। धतुरो। एम संभवे छे। पण ते शब्द कोषमां मल्यो नथी। माटे तेनो सत्य अर्थ बहुश्रुतथी जाणी लेवो ।

परमपेक्ष्यमाण एव प्रवर्त्तते। स्वरूपस्यापि भ्रान्त्या भेदप्रतीतिरिति चेत् हन्त प्रत्यक्षेण प्रतीतो भेदः कथं न वास्तवः । ७७ । भ्रान्तं प्रत्यक्षमिति चेन्ननु कुत एतत्। अनुमानेन ज्ञानार्थयोरभेदसिद्धेरितिचेत्किं तदनुमानमिति पृच्छामः । ७८ । यद्येन सह नियमेनोपलभ्यते तत्ततो न भिद्यते । यथा सच्चन्द्रादसच्चन्द्रः । नियमेनोपलभ्यते च ज्ञानेन सहार्थः । इति व्यापकाऽनुपलब्धिः । प्रतिषेध्यस्य ज्ञानार्थयोर्भेदस्य व्यापकः सहोपलंभाऽनियमस्तस्याऽनुपलब्धिर्भिन्नयोर्नीलपीतयोर्युगपऽपलंभनियमाऽभावात् ।७९। इत्यनुमानेन तयोरभेदसिद्धिरिति चेन्न। संदिग्धानैकान्तिकत्वेनास्यानुमानाभासत्वात् । ज्ञानं हि स्वपरसंवेदनं । तत्परसंवेदनतामात्रेणैव नीलं गृह्णाति । स्वसंवेदनतामात्रेणैव च नील-

---

क्षतो थकोज प्रवर्ते छे. स्वरूपनी पण भ्रांतिवमे भेदप्रतीति छे, एम जो कहीश, तो प्रत्यक्षवमे प्रतीत थयेलो भेद सत्य केम कहेवाय? । ७७ । प्रत्यक्ष भ्रांतिवालुं छे, एम जो कहीश, तो ते शाथी छे ? जो कहीश के, अनुमानवमे ज्ञान अने पदार्थनी अभेदसिद्धिथी, तो ते अनुमान शुं छे ? एम अमो पूछीये छीये. । ७८ । (त्यारे ते वादी तेनो उत्तर आपे छे के)—जे जेनीसाथे नियमेंकरीने प्राप्त थाय छे, ते तेनाथी भिन्न थतुं नथी, जेम सत्यचंद्रथी असत्यचंद्र; वली ज्ञाननीसाथे पदार्थ तो नियमें करीने प्राप्त थाय छे; एवी रीते व्यापकनी अप्राप्ति छे; अर्थात् प्रतिषेधवालायक एवा ज्ञान अने पदार्थनो सहोपलंभनो अनियमरूप जे व्यापक, तेनी अप्राप्ति छे; केमके नीलुं अने पीलुं, ए बन्नेनी एकीवेलाये प्राप्तिनो अभाव छे. । ७९ । एवी रीते अनुमानें करीने ते बन्नेवच्चेना अभेदनी सिद्धि छे, एम जो कहीश, तो ते युक्त नथी, केमके संदिग्ध अनेकांतिकपणायें करीने ते अनुमानाभासरूप छे. ज्ञान छे ते स्वपरने जाणनारुं छे, अने तेथी मात्र प-

बुद्धिं । तदेवमनयोर्युगपद्ग्रहणात्सहोपलंभनियमोऽस्ति । अभेदश्च नास्ति । इति सहोपलंभनियमरूपस्य हेतोर्विपक्षाद्व्यावृत्तेः संदिग्धत्वात् संदिग्धाऽनैकान्तिकत्वम् । ८० । असिद्धश्च सहोपलंभनियमः । नीलमेतदिति बहिर्मुखतयाऽर्थेऽनुभूयमाने तदानीमेवान्तरस्य नीलानुभवस्याऽननुभवादिति कथं प्रत्यक्षस्यानुमानेन ज्ञानार्थयोरभेदसिद्ध्या भ्रान्तत्वम् । ८१ । अपि च प्रत्यक्षस्य भ्रान्तत्वेनाऽबाधितविषयत्वादनुमानस्यात्मलाभः । लब्धात्मके चानुमाने प्रत्यक्षस्य भ्रान्तत्वमित्यन्योऽन्याश्रयदोषोऽपि दुर्निवारः । अर्थाऽभावे च नियतदेशाधिकरणाऽप्रतीतिः । कुतः । न हि तत्र विवक्षितदेशेऽयमारोपयितव्यो नान्यत्रेत्यस्ति नियमहेतुः । ८२ । वासनानियमात्तदारोपनियम इति चेन्न । तस्या

---

रसंवेदनपणावडेज नीलाने ग्रहण करे छे, अने मात्र स्वसंवेदनपणावडेज नीलबुद्धिने ग्रहण करे छे. माटे एवीरीते ते बन्नेने एकीवेलाये ग्रहणकरवाथी सहोपलंभनो नियम छे, अने अभेद नथी, एवीरीते सहोपलंभनियमरूप हेतुने, विपक्षथी व्यावृत्ति होवाथी संदिग्ध थवाथी संदिग्धअनेकांतिकपणुं छे. । ८० । वली सहोपलंभनियम असिद्ध छे, केमके आ नीलुं छे, एवीरीते बहिर्मुखपणायें करीने पदार्थ अनुभवाते छते, तेज वखते अंतरंग नीला एवा अनुभवने नही अनुभववाथी, अनुमानें करीने ज्ञान अने पदार्थ वच्चेनी अभेदसिद्धिवडे प्रत्यक्षने भ्रांतपणुं शानुं छे? । ८१ । वली प्रत्यक्षना भ्रांतपणावडे अबाधितविषयपणाथी अनुमानने टेको मले, अने अनुमानने टेको मलवाथी प्रत्यक्षने भ्रांतपणुं थाय, एवीरीतनो अन्योऽन्याश्रय नामनो दोष पण अहीं टलीशकतो नथी. वली पदार्थनो अभाव होते छते चोकस प्रदेशना अधिकरणनी प्रतीति थती नथी. शामाटे? तो के ते विवक्षित प्रदेशमां आ पदार्थने आरोपवो, अने बीजी जगोये नही, एवो कोइ

अपि तद्देशनियमकारणाऽभावात् । सति ह्यर्थसद्भावे यद्देशोऽर्थस्तद्देशोऽनुभवस्तद्देशाच्च तत्पूर्विका वासना । बाह्यार्थाऽभावे तु तस्याः किंकृतो देशनियमः । ७३ । अथास्ति तावादारोपनियमः । न च कारणविशेषमन्तरेण कार्यविशेषो घटते । बाह्यश्चार्थो नास्ति । तेन वासनानामेव वैचित्र्यं तत्र हेतुरिति चेत्तद्वासनावैचित्र्यं बोधाकारादन्यदनन्यद्वा । अनन्यच्चेद्बोधाकारस्यैकत्वात्कस्तासां परस्परतो विशेषः । अन्यच्चेदर्थे कः प्रद्वेषः । येन सर्वलोकप्रतीतिरपन्हूयते । ७४ । तदेवं सिद्धो ज्ञानार्थयोर्भेदः । तथा च प्रयोगः । विवादाध्यासितं नीलादि ज्ञानाद्व्यतिरिक्तं विरुद्धधर्माध्यस्तत्वात् । विरुद्धधर्माध्यासश्च ज्ञानस्य श-

---

नियमहेतु नथी. । ७२। वासनाना नियमथी तेना आरोपनो नियम छे, एम जो कहीश, तो ते युक्त नथी; केमके ते वासनाने पण ते देशना नियमकारणनो अभाव छे. पदार्थनो सद्भाव होते छते, जे देशवालो पदार्थ होय, ते देशनो अनुभव थाय छे, अने ते देशसंबंधि ते पूर्वक वासना थाय छे; अने बाह्य पदार्थनो ज्यारे अभाव होय, त्यारे ते वासनानो देशनियम कोनो करेलो थाय ? । ७३ । आरोपनियम तो छे, अने कारणविशेषविना कार्यविशेष घटतुं नथी; वली बाह्य पदार्थ तो नथी, तेथी वासनाउनुंज विचित्रपणुं तेमां हेतुरूप छे, एम जो कहीश, तो ते वासनाउनुं विचित्रपणुं बोधाकारथी भिन्न छे ? के अभिन्न छे ? जो अभिन्न छे, तो बोधाकारने एकपणुं होवाथी ते वासनाउनो परस्पर भेद शानो छे ? अने जो भिन्न छे, तो पदार्थपर तने द्वेष शामाटे थाय छे ? के जेणे करीने सर्व लोकोनी प्रतीति उल्लवाय छे. । ७४ । माटे एवीरीते ज्ञान अने पदार्थवच्चे भेद सिद्ध थयो. तेनो प्रयोग नीचेप्रमाणे जाणवो. विवादवालुं नीलादिक विरुद्ध धर्म धारण करतुं होवाथी ज्ञानथी भिन्न छे. विरुद्ध धर्म एवीरीते जाणवो के, ज्ञान शरी-

रीरान्तः । अर्थस्य च बहिः । ज्ञानस्याऽपरकालेऽर्थस्य च पूर्वकाले वृत्तित्वात् । ज्ञानस्य आत्मनः सकाशादर्थस्य स्वकारणेभ्य उत्पत्तेः । ज्ञानस्य प्रकाशरूपत्वादर्थस्य च जडरूपत्वादिति । अतो न ज्ञानाद्वैतेऽभ्युपगम्यमाने बहिरनुभूयमानार्थप्रतीतिः कथमपि संगतिमङ्गति । न च दृष्टमपह्नोतुं शक्यं इति । ०५ । अत एवाह स्तुतिकारः । न संविदद्वैतपथेऽर्थसंविदिति । सम्यगवैपरीत्येन विद्यतेऽवगम्यते वस्तुस्वरूपमनयेति संवित् । स्वसंवेदनपक्षे तु संवेदनं संवित् ज्ञानं । तस्या अद्वैतं । द्वयोर्भावो द्विता । द्वितैव द्वैतं (प्रज्ञादित्वात् स्वार्थिकेऽणि) न द्वैतमद्वैतं । बाह्यार्थप्रतिक्षेपादेकत्वं । संविदद्वैतं ज्ञानमेवैकं तात्त्विकं न बाह्योऽर्थ इत्यभ्युपगम्यते इत्यर्थः । ०६ । तस्य पन्था मार्गः संवि-

---

रनी अंदर रहे छे, अने पदार्थ बहार रहे छे; तेम ज्ञान पछीना कालमां, अने पदार्थ पूर्वना कालमां वर्तनारो छे; वली ज्ञान आत्माथी उत्पन्न थाय छे, अने पदार्थ पोताना कारणोथी उत्पन्न थाय छे; तेमज ज्ञानने प्रकाशात्मकपणुं छे, अने पदार्थने जडपणुं छे; माटे ज्ञानाऽद्वैतमार्ग स्वीकारते छते, बहार अनुभवाता पदार्थनी प्रतीति कोइपणरीते योग्य थती नथी; अने दीठेलुं उडावीशकातुं नथी. । ०५। आथीज स्तुतिकार कहे छे के, ज्ञानाऽद्वैतमार्गमां पदार्थज्ञान थतुं नथी. सम्यक् एटले विपरीतपणारहित जेनावडे वस्तुस्वरूप जणाय ते 'संवित्' कहेवाय; अने स्वसंवेदनपक्षमां तो संवेदन एटले संवित् अर्थात् ज्ञान कहेवाय. ते ज्ञाननुं अद्वैतपणुं. बन्नेनो जे भाव ते 'द्विता' अने द्विता एज 'द्वैत' (प्रज्ञादि होवाथी स्वार्थमां 'अणि' आवेल छे.) जे 'द्वैत' नही ते 'अद्वैत' कहेवाय. बाह्य पदार्थोना प्रतिक्षेपथी एकपणुं. अर्थात् एक ज्ञानज सत्य छे, पण बाह्य पदार्थ सत्य नथी, एम स्वीकाराय छे. । ०६ । एवी रीतना ज्ञानाऽद्वैतमार्गमां शुं थाय छे?

दद्वैतपथस्तस्मिन् ज्ञानाद्वैतवादपक्ष इति यावत्किमित्याह। नार्थसंवित्। ययं बहिर्मुखतयाऽर्थप्रतीतिः साक्षादनुभूयते सा न घटते इत्युपस्कारः। एतच्चानन्तरमेव भावितम्। एवंस्थितेसति किमित्याह ।८७। विलूनशीर्णं सुगतेन्द्रजालमिति। सुगतो मायापुत्रस्तस्य सम्बन्धि तेन परिकल्पितं क्षणक्षयादिवस्तुजातं इन्द्रजालमिवेन्द्रजालं मतिव्यामोहविधातृत्वात्। सुगतेन्द्रजालं सर्वमिदं विलूनशीर्णं। पूर्वं विलूनं पश्चात् शीर्णं विलूनशीर्णं ।८८। यथा किंचित्तृणस्तम्बादि विलूनमेव शीर्यते विनश्यति एवं तत्कल्पितमिन्द्रजालं तृणप्रायं धारालयुक्तिशस्त्रिकया छिन्नं सद्विशीर्यत इति। अथवा यथा निपुणेन्द्रजालिककल्पितमिन्द्रजालमवास्तवतत्तद्वस्त्वद्भुतोपदर्शनेन तथाविधं बुद्धिदुर्विधं जनं विप्रतार्य पश्चादिन्द्रधनुरिव निरवयवं विलूनशीर्णतां कलयति तथा सुगतपरिक-

---

ते कहे छे. जे आ बहिर्मुखपणायें करीने पदार्थोंनी प्रतीति साक्षात् अनुभवाय छे, ते ज्ञानाऽद्वैतपक्षमां घटीशकती नथी, एवो वाक्यअध्याहार जाणवो; अने ते संबंधि व्याख्यान उपरज कहेवाइ गयुं छे. हवे एम होते छते शुं थाय छे? ते कहे छे. ।८७। सुगतनुं इंद्रजाल कपातुं थकुं विखराइ जाय छे. सुगत एटले मायापुत्र अर्थात् जे बुध, तेणे कल्पेलो क्षणक्षयवादरूप इंद्रजाल मतिनो व्यामोह करनार होवाथी इंद्रजालसरखोज छे. एवी रीतनुं बुधनुं आ सघलुं इंद्रजाल पहेलां छेदायुं, अने पछी वीखराइ गयुं. ।८८। जेम कंइक तृणगुच्छादिक छेदायुंथकुंज नाश पामे छे, एवीरीते ते बुधे कल्पेलुं तृणसरखुं इंद्रजाल धारवाली युक्तिरूपी छरीवडे छेदायुंथकुं वीखराइ जाय छे. अथवा कोइ निपुण इंद्रजालीके कल्पेलुं इंद्रजाल, असत्य एवी ते ते वस्तुसंबंधि आश्चर्य देखाडवायें करीने तेवीरीतना निर्बुद्धि माणसने छगीने पाछलथी इंद्रधनुष्यनीपेठे अवयवरहित जेम नष्ट थाय छे, तेम

ल्पितं तत्तत्प्रमाणतत्तत्फलाऽभेदक्षणक्षयज्ञानार्थहेतुकत्वज्ञानाऽद्वैता-भ्युपगमादि सर्वं प्रमाणाऽनभिज्ञं लोकं व्यामोहयमानमपि युक्त्या विचार्यमाणं विशरारुतामेव सेवत इति । ७९ । अत्र च सुगतशब्द-उपहासार्थः । सौगता हि शोभनं गतं ज्ञानमस्येति सुगत इत्युशन्ति । ततश्चाहो तस्य शोभनज्ञानता येनेत्थमयुक्तियुक्तमुक्तमिति काव्यार्थः ॥

। ८० । अथ तत्वव्यवस्थापकप्रमाणादिचतुष्टयव्यवहारापलापिनः शून्यवादिनः सौगतजातीयांस्तत्कक्षीकृतपक्षसाधकस्य प्रमाणस्याङ्गीकाराऽनङ्गीकारलक्षणंपक्षद्वयेऽपि तदभिमतार्थाऽसिद्धिप्रदर्शनपूर्वकमुपहसन्नाह ।

**विना प्रमाणं परवन्न शून्यः ।**
**स्वपक्षसिद्धेः पदमश्नुवीत ॥**

---

बुधे कल्पेलुं ते ते प्रमाणथी ते ते फलनो एटले कार्यकारणभावनो अभेद, क्षणक्षयवाद, ज्ञानप्रते पदार्थनुं हेतुपणुं, ज्ञानाद्वैतनो स्वीकार, इत्यादिक सघलुं, प्रमाणने नही जाणनारा मनुष्यने व्यामोह करतुं थकुं पण, युक्तिवडे विचारतां थकां विखरावापणानेज सेवे छे. ।७९। अहीं ' सुगत ' शब्द उपहासअर्थने सूचवनारो छे. बौद्धो एम कहे छे के, जेनुं शुभ ज्ञान होय, ते ' सुगत ' कहेवाय; माटे अहो ! शुं तेनुं शुभज्ञानपणुं छे ? के जेणे आवीरीते अयुक्तियुक्त कह्युं छे ! एवीरीते सोलमा काव्यनो अर्थ जाणवो.

। ८० । हवे तत्वने स्थापनारा एवा प्रमाणादिक चारना व्यवहारने उलवनारा एवा बौधनी जातिवाला शून्यवादीउनी, तेउए अंगीकार करेला पक्षने साधनारा प्रमाणना अंगीकाररूप अने अनंगीकाररूप बन्ने पक्षमां पण, तेउए मानेला अर्थनी असिद्धिने देखाडवापूर्वक, हांसी करता थका कहे छे.

कुप्येत्कृतान्तः स्पृशते प्रमाण-
महो सुदृष्टं त्वदसूयिदृष्टम् ॥ १७ ॥

प्रमाणविना परनीपेठे शून्यवादी पोताना पक्षनी सिद्धिनी प्रतिष्ठाने प्राप्त थतो नथी; अने जो ते प्रमाणने स्पर्श करे, तो तेनाप्रते तेनो सिद्धांत कोप पामे; माटे हे प्रभु! आपना ईर्षालु एवा ते अन्यतीर्थीउनुं जोएलुं अहो! शुं उत्तम जोएलुं छे!! ॥ १७ ॥

---

। १ । शून्यः शून्यवादी प्रमाणं प्रत्यक्षादिकं विना अन्तरेण स्वपक्षसिद्धेः स्वाभ्युपगतशून्यवादनिष्पत्तेः पदं प्रतिष्ठां नाश्नुवीत न प्राप्नुयात्। किंवत् परवत् इतरप्रामाणिकवत् (वैधर्म्येणायं दृष्टान्तः) यथा इतरे प्रामाणिकाः प्रमाणेन साधकतमेन स्वपक्षसिद्धिमश्नुवते एवं नायं। अस्य मते प्रमाणप्रमेयादिव्यवहारस्याऽपारमार्थिकत्वात्। "सर्वएवायमनुमानानुमेयव्यवहारो बुद्ध्यारूढेन धर्मधर्मिभावेन न बहिः सदसत्वमपेक्षते" इत्यादि वचनात्। २। अप्रमाणकश्च शून्यवादाभ्युपगमः कथमिव प्रेक्षावतामुपादेयो भविष्यति। प्रेक्षावत्त्वव्याहतिप्रसङ्गात्।

---

। १ । शून्यवादी छे ते प्रत्यक्षादिक प्रमाणविना, पोते स्वीकारेला शून्यवादनी सिद्धिनी प्रतिष्ठाने प्राप्त थतो नथी; कोनीपेठे? तोके बीजा प्रामाणिकोनीपेठे. (आ दृष्टांत वैधर्म्यवडे आपेलुं छे.) अर्थात् बीजा प्रामाणिको जेम साधकतम प्रमाणेकरीने पोताना पक्षनी सिद्धि मेलवे छे, तेम आ शून्यवादी मेलवी शकतो नथी; केमके तेना मतमां प्रमाणप्रमेयादिक व्यवहारने असत्य मानेलो छे. तेउना मतमां कह्युं छे के "आ सघलो अनुमानअनुमेयव्यवहार बुद्ध्यारूढ एवा धर्मधर्मिभावेकरीने बहारना छताअछतानी अपेक्षा राखतो नथी." । २ । एवीरीतनो प्रमाणविनानो शून्यवादनो स्वीकार बुध्धिवानोने शीरीते ग्रहणक-

अथ चेत्स्वपक्षसंसिध्धये किमपि प्रमाणमयमङ्गीकुरुते। तत्रायमुपालंभः। कुप्येदित्यादि। प्रमाणं प्रत्यक्षाद्यन्यतमत्स्पृशतेआश्रयमाणाय प्रकरणादस्मै शून्यवादिने [१]कृतान्तस्तत्सिध्धान्तः कुप्येत्कोपं कुर्यात्। सिध्धान्तबाधः स्यादित्यर्थः। ३। यथा किल सेवकस्य विरुध्धवृत्त्या कुपितो नृपतिः सर्वस्वमपहरति। एवं तत्सिध्धान्तोऽपि शून्यवादविरुध्धं प्रमाणमङ्गीकुर्वाणस्य तस्य सर्वस्वभूतं सम्यग्वादित्वव्यवहारमपहरति। ४। किं च स्वागमोपदेशेनैव तेन वादिना शून्यवादः प्ररूप्यते इति स्वीकृतमागमस्य प्रामाण्यमिति कुतस्तस्य स्वपक्षसिध्धिः। प्रमाणाङ्गीकरणात्। किं च प्रमाणं प्रमेयं विना न भवतीति प्रमाणाऽनङ्गीक-

---

रवालायक थशे? केमके तेम करवामां तेउना बुध्धिवानपणाना विनाशनो प्रसंग थाय छे. अहीं जो कोइ एम कहे के, पोताना पक्षनी सिध्धिमाटे ते कंइक प्रमाण अंगीकार करे छे, तो त्यां नीचेप्रमाणे तेने उपालंभ मले छे. प्रत्यक्षादिक मांहेथी कोइ पण प्रमाणने आश्रय करता एवा ते शून्यवादीप्रते तेनो सिध्धांत कोप करे छे, अर्थात् तेना सिध्धांतने बाधा आवे छे. ।३। जेम सेवकना विरुध्ध आचरणवडे कोप पामेलो राजा तेनी सर्व वस्तुउ छीनवी ले छे, तेम तेनो सिध्धांत पण शून्यवादथी विरुध्ध एवा प्रमाणने अंगीकार करता एवा ते शून्यवादीना सम्यग्वादीपणारूप सर्वस्वने हरी ले छे. ।४। वली ते वादी पोताना आगमना उपदेशवडेज शून्यवाद प्ररुपे छे, अने एवी रीते तेणे आगमननुं प्रमाणपणुं स्वीकार्युं छे, तो पछी एवी रीते प्रमाणना स्वीकारथी तेना पोताना पक्षनी सिध्धि क्यां रही? वली प्रमाण प्रमेयविना होतुं नथी, माटे प्रमाणने नहीं स्वीकारतेछते प्रमेय पण नष्ट थाय छे. माटे ते वादीने मूंगारहेवुंज सारुं छे,

---

१ कृतांतो यमसिद्धांत-दैवाकुशलकमर्सु ॥ इत्यमरः

रणे प्रमेयमपि विशीर्णं । ततश्चास्य मूकतैव युक्ता । न पुनःशून्यवादोपन्यासाय तुण्डताण्डवडम्बरं । शून्यवादस्यापि प्रमेयत्वात् । ५ । अत्र च स्पृशिधातुं कृतान्तशब्दं प्रयुञ्जानस्य सूरेरयमभिप्रायः । यद्यसौ शून्यवादी दूरे प्रमाणस्य सर्वथाङ्गीकारो यावत्प्रमाणस्पर्शमात्रमपि विधत्ते । तस्मै कृतान्तो यमराजः कुप्येत् । तत्कोपो हि मरणफलः । ततश्च स्वसिद्धान्तविरुद्धमसौ प्रमाणयन्निग्रहस्थानापन्नत्वान्मृत एवेति ।६। एवं सति ( अहोऽत्युपहासप्रशंसायां ) तुभ्यमसूयन्ति गुणेषु दोषानाविष्कुर्वन्तीत्येवं शीलास्त्वदसूयिनस्तन्त्रान्तरीयास्तैर्दृष्टं मतिज्ञानचक्षुषा निरीक्षितं अहो सुदृष्टं साधुदृष्टं । विपरीतलक्षणयोपहासान्न सम्यग्दृष्टमित्यर्थः । ७ । ( अत्राऽसूयधातोस्ताच्छीलिकणक्प्राप्तावपि बाहुल-

---

पण शून्यवाद स्थापवा माटे फोकट बबडाटना आडंबरनी जरुर नथी, केमके शून्यवादने पण प्रमेयपणुं छे. । ५ । अहीं 'स्पृशि' धातु अने 'कृतांत' शब्दने जोडता एवा आचार्यमहाराजनो एवो अभिप्राय छे के, प्रमाणनो सर्वथाप्रकारे अंगीकार तो दूर रहो, परंतु आ वादी जो प्रमाणनो स्पर्शमात्र पण करे, तो तेनाप्रते कृतांत एटले यमराजा कोपायमान थाय; अने ते यमराजनो कोप मृत्युरूप फलने आपनारो छे, अने तेथी पोताना सिद्धांतथी विरुद्धरीते प्रमाण करतोथको आ वादी निग्रहस्थानने प्राप्त थवाथी मृत्यु पामेलोज छे. । ६ । एवुं होते छते ( अहो ? ए शब्द उपहासगर्भित प्रशंसावालो छे. ) हे प्रभु ! आपनाप्रते जेउ असूया राखे छे, अर्थात् आपना गुणोमां जेउ दोषोने प्रगट करे छे, एवा ते अन्यदर्शनीउए मतिज्ञानरूपी चक्षुवडे जे जोयुं छे, ते अहो ! बहु सारुं जोयुं छे !! एवी रीते विपरीत लक्षणें करीने उपहास करवाथी एवो अर्थ जाणवो के तेउए सम्यक्प्रकारे जोयुं नथी. । ७ । ( अहीं असूयधातुने ताच्छीलिकअर्थमां 'णक्' नी प्राप्ति

काशिन् ) असूयाऽस्त्येषामित्यसूयिनस्त्वय्यसूयिनस्त्वदसूयिनः । इति । मत्वर्थीयान्तंवा । त्वदसूयुदृष्टमिति पाठेऽपि न किंचिदचारु । असूयुशब्दस्योदन्तस्योदयनाद्यैर्न्यायतात्पर्यपरिशुद्ध्यादौ मत्सरिणि प्रयोगादिति । ८ । इह शून्यवादिनामयमभिसंधिः प्रमाता प्रमेयं प्रमाणं प्रमितिरिति तत्त्वचतुष्टयं परपरिकल्पितमवस्त्वेव विचाराऽसहत्वात्तुरङ्गशृंगवत् । तत्र प्रमाता तावदात्मा तस्य च प्रमाणग्राह्यत्वाऽभावादभावस्तथाहि । ९ । न प्रत्यक्षेण तत्सिद्धिरिन्द्रियगोचराऽतिक्रान्तत्वात् । यत्तुअहंकारप्रत्ययेण [१]तस्य मानसप्रत्यक्षत्वसाधनं तदप्यनैकान्तिकं । तस्याहं गौरः श्यामो वेत्यादौ शरीराश्रयतयाप्युपपत्तेः । किं च यद्यय

---

होवाछतां पण बाहुलकथी 'णिन्' थयो छे. ) जेउने असूया होय, तेउ 'असूयिनः' कहेवाय; आपप्रते जे असूयीउ होय, तेउ 'त्वदसूयिनः' कहेवाय, अथवा एवीरीते 'मत्वर्थीयांत' जाणवो. 'त्वदसूयुदष्टं' ए पाठमां पण कंइ दूषण नथी, केमके उदयनादिक आचार्योए न्यायतात्पर्यपरिशुद्ध्यादिक (ग्रंथोमां) मत्सरीप्रते उदंत एवा असूयु शब्दनो प्रयोग करेलो छे. । ८ । हवे अहीं शून्यवादीउनो नीचेप्रमाणे अभिप्राय छे. प्रमाता, प्रमेय, प्रमाण अने प्रमिति, एवीरीतनां अन्योये कल्पेलां चारे तत्वो असत्यज छे, केमके तेउ तुरंगशृंगनीपेठे विचारगोचर थतां नथी. त्यां प्रमाता एटले आत्मा, अने तेने प्रमाणग्राह्यपणुं नही होवाथी, तेनो अभाव छे. अर्थात् आत्मारूप प्रमाता नथी; अने तेमाटे कहे छे. । ९ । प्रत्यक्षप्रमाणवमे ते आत्मा सिद्ध थतो नथी, केमके ते इंद्रियगोचर नथी; अने 'अहं एटले हुं' एवी प्रतीतिवमे जे मानसप्रत्यक्षपणानुं साधन छे, ते पण अनेकांतिक छे, केमके 'हुं गौर अथवा हुं श्याम' इत्यादिकमां शरीराश्रय-

---

१ आत्मा मानसप्रत्यक्षः–अहंकारप्रतीतिविषयत्वात् व्यतिरेके घटादिः ॥

महंकारप्रत्यय आत्मगोचरः स्यात्तदा न कादाचित्कः स्यादात्मनः सदा सन्निहितत्वात् । कादाचित्कं हि ज्ञानं कादाचित्ककारणपूर्वकं दृष्टं । यथा सौदामिनीज्ञानमिति । १० । नाप्यनुमानेन अव्यभिचारिलिंगाऽग्रहणात् । आगमानां च परस्परविरुद्धार्थवादिनां नास्त्येव प्रामाण्यं । तथाहि । एकेन कथमपि कश्चिदर्थो व्यवस्थापितोऽभियुक्ततरेणाऽपरेण स एवान्यथा व्यवस्थाप्यते । स्वयमव्यवस्थितप्रामाण्यानां च तेषां कथमन्यव्यवस्थापने सामर्थ्यमिति नास्ति प्रमाता । ११ । प्रमेयं च बाह्योऽर्थः । स चानन्तरमेव बाह्यार्थप्रतिक्षेपक्षणे निर्लोठितः । प्रमाणं च स्वपराऽवभासिज्ञानं । तच्च प्रमेयाऽभावे कस्य ग्राहकमस्तु निर्विष-

---

पणावडे पण तेनी प्राप्ति छे. वळी आ ‘ अहंकारप्रतीति जो आत्मगोचर होय, तो ते कादाचित्क एटले कोइकसमये थनारी न होय, केमके ते हमेशां आत्मासाथे जोडायेली छे; अने कादाचित्क ज्ञान छे ते वीजळीना ज्ञाननीपेठे कादाचित्ककारणपूर्वक जोयेलुं छे. । १० । हवे व्यभिचारविनाना लिंगने नही ग्रहण करवाथी अनुमान प्रमाणवडे पण आत्मारूप प्रमाता सिध्ध थतो नथी. वळी आगमो तो परस्पर विरुध्ध अर्थोने कहेनारां होवाथी, तेउने तो प्रमाणपणुंज नथी. ते कहे छे. कोइएक आगमे कोइक अर्थनुं ज्यारे अमुकप्रकारे स्थापन कर्युं, त्यारे प्रत्यर्थी एवो बीजो आगम तेज अर्थनुं तेथी उलटी-रीते स्थापन करे छे; माटे एवीरीते ते आगमोनुं पोतानुंज प्रमाणपणुं ज्यारे व्यवस्थाविनानुं छे, त्यारे अन्यना व्यवस्थापनमां तेउनुं सामर्थ्य शानुं थशे ? माटे आत्मारूप प्रमाता नथी. । ११ । प्रमेय एटले बाह्यपदार्थ, अने तेनुं खंडन तो बाह्यार्थप्रतिक्षेपणना विषयमां उपरज करवामां आव्युं छे. पोताने अने परने अवभासन करनारुं जे ज्ञान, ते प्रमाण; अने ते प्रमेयनो अभाव होते छते विषयरहित होवाथी

यत्वात् । १२ । किंचैतदर्थसमकालं तद्भिन्नकालं वा तद्ग्राहकं कल्प्येत। आद्यपक्षे त्रिभुवनवर्तिनोऽपि पदार्थास्तत्राऽवभासेरन् । समकालत्वाऽविशेषात् । द्वितीयेतु निराकारं साकारं वा तत्स्यात् । प्रथमे प्रतिनियतपदार्थपरिच्छेदाऽनुपपत्तिः । द्वितीये तु किमयमाकारो व्यतिरिक्तोऽव्यतिरिक्तो वा ज्ञानात् । १३ । अव्यतिरेके ज्ञानमेवायं । तथा च निराकारपक्षदोषः । व्यतिरेके यद्ययं चिद्रूपः तदानीमाकारोऽपि वेदकः स्यात् । तथा चायमपि निराकारः साकारो वा तद्वेदको भवेदित्यावर्त्तनेनानवस्था । १४ । अथाचिद्रूपः किमज्ञातो ज्ञातो वा तज्ज्ञापकः स्यात् । प्राचीने विकल्पे चैत्रस्येव मैत्रस्यापि तज्ज्ञापकोऽसौ स्यात् । तदुत्तरे तु निराकारेण साकारेण वा ज्ञानेन तस्यापि ज्ञानं स्यादित्या-

---

कोनुं ग्राहक थाय ? । १२ । वळी ते ज्ञान पदार्थना समकालवाळुं, के तेथी भिन्नकालवाळुं कल्पाय ? पेहेला विकल्पमां तो समकालपणाना अविशेषथी त्रणे जगतमां रहेला पदार्थो तेमां भासन थवा जोइये ; अने बीजाविकल्पमां तो ते ज्ञान आकारविनानुं होय ? के आकारवाळुं होय? पेहेला पक्षमां चोकस पदार्थना परिच्छेदनी अप्राप्ति छे; अने बीजा पक्षमां तो तेआकार ज्ञानथी भिन्न छे ? के अभिन्न छे ? ।१३। जो अभिन्न छे, तो ते ज्ञानज छे, अने एवी रीते तो निराकारपक्षमां दोष आव्यो ; अने भिन्नपक्षमां ज्यारे ते चिद्रूप छे, त्यारे आकार पण वेदक थाय, अने तेवीरीते तो आ पण निराकार के साकार तेनुं वेदक थाय ? एवी रीते पुनरावृत्तिवडे अनवस्थादोष आवे छे. । १४ । हवे जो चिद्रूप नथी, तो ते अज्ञात के ज्ञात होतो थको तेने जणावनारो थाय ? पेहेला विकल्पमां चैत्रप्रते जेम, तेम मैत्रप्रते पण ते तेने जणावनारो थाय ; अने बीजा विकल्पमां तो निराकार अथवा साकार ज्ञानवडे तेनुं पण ज्ञान थाय, इत्यादिक पुनरावृत्तिमां अनवस्थाज थाय छे.

द्यावृत्तावनवस्थैवेति । १५ । इत्थं प्रमाणाऽभावे तत्फलरूपा प्रमितिः कुतस्तनीति सर्वशून्यतैव परंतत्त्वमिति । तथा च पठन्ति । =॥ यथा यथा विचार्यन्ते । विशीर्यन्ते तथा तथा ॥ यदेतत्स्वयमर्थेभ्यो–रोचते तत्र के वयम् ॥= इति पूर्वपक्षः । विस्तरतस्तु प्रमाणखण्डनं तत्त्वोपप्लवसिंहादवलोकनीयम् । अत्र प्रतिविधीयते । १६ । ननु यदिदं शून्यवादव्यवस्थापनाय देवानांप्रियेण वचनमुपन्यस्तं तच्छून्यमशून्यं वा । शून्यं चेत्सर्वोपाख्याविरहितत्वात् खपुष्पेणेव नानेन किंचित्साध्यते निषिध्यते वा । ततश्च निष्प्रतिपक्षा प्रमाणादितत्त्वचतुष्टयीव्यवस्था ।१७। अशून्यं चेत्प्रलीनस्तपस्वी शून्यवादः । भवद्वचनेनैव सर्वशून्यताया व्यभिचारात् । तत्रापि निष्कण्टकैव सा भगवती । तथापि प्रामाणि-

---

। १५ । एवीरीते प्रमाणनो अभाव होते छते, तेना फलरूप प्रमीति तो क्यांथीज होय? माटे 'सर्वशून्यपणुं' एज परमतत्त्व छे. वली कह्युं छे के =॥ जेम जेम विचारीयेछीये, तेम तेम विखराइ जाय छे, अने एवीरीते ते स्वयमेवज अर्थोप्रते रुचे छे, तेमां अमो शुं करीये? ॥= एवीरीते ( वादीतरफथी ) पूर्वपक्ष कह्यो. विस्तारथी प्रमाणनुं खंडन तत्वोपप्लवसिंह नामना ग्रंथथी जोइ लेवुं. हवे अहीं उपर वर्णवेला शून्यवादीतरफना पूर्वपक्षनी सामे थइ तेनुं खंडन कराय छे. । १६ । शून्यवादनुं स्थापन करवा माटे ते अज्ञानी शून्यवादीए जे आ वचन स्थाप्युं छे, ते शून्य छे? के अशून्य छे? जो शून्य छे, तो सर्वस्वरूपविनानुं होवाथी आकाशपुष्पनीपेठे तेनावडे कंइ साधी शकाशे नही अथवा निषेधी शकाशे नही; माटे प्रमाणादिक चारे तत्वोनी व्यवस्था योग्यज छे. । १७ । हवे जो ते वचन अशून्य होय तो बिचारो शून्यवादज नष्ट थयो, केमके तारां पोतानां वचनवडेज सर्वशून्यपणामां व्यभिचार आव्यो; अने त्यां पण ते प्रमाणादिक चारेनी व्यवस्था

कसमयपरिपालनार्थं किञ्चित्तत्साधनं दूष्यते । १८ । तत्र यत्तावदुक्तं प्रमातुः प्रत्यक्षेण न सिद्धिरिन्द्रियगोचराऽतिक्रान्तत्वात् इति । तत्सिद्धसाधनं । यत्पुनरहंप्रत्ययेन तस्य मानसप्रत्यक्षत्वमनैकान्तिकमित्युक्तं तदसिद्धम् । अहं सुख्यहं दुःखीत्यन्तर्मुखस्य प्रत्ययस्य आत्मालम्बनतयैवोपपत्तेः । तथा चाहुः । १९ । =॥ सुखादिचेत्यमानं हि । स्वतन्त्रं नानुभूयते ॥ अनुबद्धानुवेधात्तु । सिद्धं ग्रहणमात्मनः ॥= इदं सुखमिति ज्ञानं । दृश्यते न घटादिवत् । अहं सुखीति तु ज्ञप्तिरात्मनोऽपि प्रकाशिका ॥= । २० । यत्पुनरहं गौरोऽहं श्याम इत्यादिबहिर्मुखः प्रत्ययः स खल्वात्मोपकारकत्वेन लक्षणया शरीरे प्रयुज्यते । यथा प्रियभृत्येऽहमिति व्यपदेशः । यच्चाहंप्रत्ययस्य कादाचित्कत्वं तत्रेयं

---

निष्कंटकज रही; तोपण प्रामाणिकोनो व्यवहार जालववामाटे ते शून्यवादीना साधननुं किंचित् खंडन करीये छीये. । १८ । ते शून्यवादीए एम कह्युं के, प्रमाता एवो आत्मा इंद्रियगोचर न होवाथी, प्रत्यक्ष प्रमाणवमे ते सिध्ध थतो नथी. पण वादीनुं ते वचन तो सिद्धसाधन करवाजेवुं छे, वली ' हुं ' एवी प्रतीतिवमे तेनुं मानसप्रत्यक्षपणुं अनेकांतिक छे एम जे कह्युं, ते असत्य छे, केमके ' हुं सुखी छुं—हुं दुःखी छुं ' एवीरीतनी अंतर्मुखप्रतीतिनी आत्मालंबनपणावमेज प्राप्ति छे. ते माटे कह्युं छे के =॥ जाणवामां आवतुं एवुं सुखादिक स्वतंत्ररीते अनुभवातुं नथी, पण अनुबद्धानुवेधथी ते आत्माना ग्रहणतरिके सिद्ध थाय छे. =॥ ' आ सुख छे ' एवीरीतनुं ज्ञान घटादिकनीपेठे देखातुं नथी, पण हुं सुखी छुं एवीरीतनी ज्ञप्ति तो आत्माने पण प्रकाशनारी छे. । २० । वली ' हुं गौर, हुं श्याम ' एवी जे बहिर्मुख प्रतीति थाय छे, ते खरेखर आत्माना उपकारकपणाथमे उपलक्षणें करीने शरीरमां जोमी लेवाय छे, जेमके प्रिय एवा चाकरप्रते ' हुं '

वासना । २१ । आत्मा तावदुपयोगलक्षणः । स च साकाराऽनाकारोपयोगयोरन्यतरस्मिन्नियमेनोपयुक्त एव भवति । अहंप्रत्ययोऽपि चोपयोगविशेष एव । तस्य च कर्मक्षयोपशमवैचित्र्यादिन्द्रियाऽनिन्द्रियालोकविषयादिनिमित्तसव्यपेक्षतया प्रवर्त्तमानस्य कादाचित्कत्वमुपपन्नमेव । यथा बीजं सत्यामप्यङ्कुरोपजननशक्तौ पृथिव्युदकादिसहकारिकारणकलापसमवहितमेवाङ्कुरं जनयति । नान्यथा । न चैतावता तस्याङ्कुरोत्पादने कादाचित्केऽपि तदुत्पादनशक्तिरपि कादाचित्की । तस्याः कथंचिन्नित्यत्वात् । एवमात्मनः सदा सन्निहितत्वेऽप्यहंप्रत्ययस्य कादाचित्कत्वं । २२ । यदप्युक्तं " तस्याऽव्यभिचारि लिङ्गं किमपि

---

एवाव्यपदेश कराय छे. वली ' हुं ' एवी प्रतीतिनुं जे कादाचित्कपणुं छे, तेमां आ प्रमाणे वासना जाणवी. । २१ । आत्मा छे ते उपयोगलक्षणवालो छे, अने ते साकार अने निराकार एम बन्ने उपयोगोमांथी गमे ते एक उपयोगमां निश्चयेंकरीने जोमायेलोज होय छे, अने ' हुं ' एवो प्रत्यय पण उपयोगरूपज छे; अने कर्मोना क्षयोपशमनी विचित्रताथी इंद्रिय अने अनींद्रिय ज्ञानना विषयादिकना निमित्तना सापेक्षपणावडे प्रवर्तता एवा ते आत्माने कादाचित्कपणुं प्राप्त थयुंज छे; बीजमां अंकुराने उत्पन्न करवानी शक्ति होते छते पण, पृथ्वी, जल आदिक सहकारीकारणोना समूहनी सामग्री मलते छतेज जेम ते बीज अंकुराने उत्पन्न करे छे, पण तेथी अन्यथाप्रकारे उत्पन्न करी शकतुं नथी; अने तेटलाथीज कंइ तेनी अंकुरोत्पत्ति कादाचित्क होते छते पण, तेने उत्पन्न करनारी शक्ति पण कंइ कादाचित्की थती नथी, केमके ते शक्तिने कथंचित् नित्यपणुं छे; एवीरीते आत्मानुं हमेशां नजदीकपणुं होते छते पण ' हुं ' एवी प्रतीतिने कादाचित्कपणुं छे. । २२ । वली ' तेनुं कंइ व्यभिचारविनानुं लिंग मलतुं नथी ' एम जे

नोपलभ्यत इति" तदप्यसारं। साध्याऽविनाभाविनोऽनेकस्य लिङ्गस्य तत्रोपलब्धेः। तथाहि। रूपाद्युपलब्धिः सकर्तृका क्रियात्वात्। छिदिक्रियावत्। यश्चास्याः कर्त्ता स आत्मा। २३। न चात्र चक्षुरादीनां कर्तृत्वं। तेषां कुठारादिवत् करणत्वेनाऽस्वतन्त्रत्वात्। करणत्वं चैषां पौद्गलिकत्वेनाऽचेतनत्वात् परप्रेर्यत्वात्। प्रयोक्तृव्यापारनिरपेक्षप्रवृत्त्यभावात्। २४। यदीन्द्रियाणामेव कर्त्तृत्वं स्यात्तदा तेषु विनष्टेषु पूर्वाऽनुभूतार्थस्मृतेर्मया दृष्टं स्पृष्टं घ्रातं आस्वादितं श्रुतमिति प्रत्ययानामेककर्तृकत्वप्रतिपत्तेश्च कुतः संभवः। किंचेन्द्रियाणां स्वस्वविषयनियतत्वेन रूपरसयोः साहचर्यप्रतीतौ न सामर्थ्यम्। २५। अस्ति च तथाविधफलादिरूपग्रहणाऽनन्तरं तत्सहचरितरसानुस्मरणं दन्तोदकसं-

---

कह्युं, ते पण अयुक्त छे; केमके साध्यगोचर एवा अनेक लिंगनी तेमां प्राप्ति थाय छे. ते कहे छे. रूपादिकनी प्राप्ति क्रियारूप होवाथी छेदनक्रियानीपेठे कर्तावाळी छे; अने जे तेनो कर्ता छे, ते आत्मा छे. । २३ । वळी अहीं चक्षुआदिकोने कंइ कर्तापणुं नथी, केमके तेउने कुठारादिकनीपेठे साधनपणायें करीने अस्वतंत्रपणुं छे, अने तेउनुं साधनपणुं पौद्गलिकपणायें करीने अचेतनपणाथी परवश्य प्रेरावापणुं होवाथी छे, केमके तेने प्रेरनारना व्यापारनी अपेक्षा नही राखनारी एवी प्रवृत्तिनो अभाव छे. । २४ । वळी इंद्रिउनेज ज्यारे कर्तापणुं होय, त्यारे ते इंद्रिउ नाशपामते छते पूर्वे अनुभवेला पदार्थना स्मरणथी, में जोयुं, में स्पर्श कर्यो, में सुंघ्युं, में चाख्युं, में सांभळ्युं एवी रीतनी प्रतीतिउना एककर्तापणाना स्वीकारनो क्यांथी संभव थाय? वळी इंद्रिउने पोतपोताना विषयोना चोकसपणायें करीने रूपरसनी साथे प्रतीति कराववामां सामर्थ्य नथी. । २५ । वळी तेवीरीतना (केरी आंबली लींबु आदिक) फळने जोयापछी तुरतज तेनी साथे रहेला

प्रत्ताऽन्यथानुपपत्तेः। तस्माडन्नयोर्गवाक्षयोरन्तर्गतः प्रेक्षक इव घ्राण्याभिन्द्रियाभ्यां रूपरसयोर्दर्शी कश्चिदेकोऽनुमीयते। तस्मात्करणान्येतानि। यश्चैषां व्यापारयिता स आत्मा । २६। तथा साधनोपादानपरिवर्जनद्वारेण हिताऽहितप्राप्तिपरिहारसमर्था चेष्टा प्रयत्नपूर्विका विशिष्टक्रियात्वाद्रथक्रियावत्। शरीरं च प्रयत्नवदधिष्ठितं विशिष्टक्रियाश्रयत्वाद्रथवत्। यश्चास्याधिष्टाता स आत्मा सारथिवत्। २७। तथात्रैवपक्ष इच्छापूर्वकविकृतवाय्वाश्रयत्वात् भस्त्रावत्। वायुश्च प्राणापानादिर्यश्चास्याधिष्टाता स आत्मा भस्त्राध्मापयितृवत्। तथाऽत्रैवपक्षे इच्छाधीननिमेषोन्मेषवदवयवयोगित्वाद्दारुयन्त्रवत्। २८। तथा शरीरस्य वृद्धिक्षतभग्नसंरोहणं च प्रयत्नवत्कृतं वृद्धिक्षतभग्नसंरोहणत्वात्।

---

रसनुं स्मरण थाय छे, केमके जो तेम थतुं न होय, तो दाढामांथी पाणी छूटवादिककार्य न थाय; तेथी बन्ने झरुखानी वच्चे रहेला जोनारनीपेठे बन्ने इंद्रियवडे रूपरसनो जोनार कोइएक छे, एम अनुमान थाय छे. माटे आ सघलां साधनो छे, अने ते साधनोनो जे व्यापार करनारो छे, ते आत्मा छे. । २६ । वली साधनना स्वीकार अने त्यागद्वारे करीने हिताऽहितनी प्राप्ति अने परिहारमां समर्थ एवी चेष्टा पण विशिष्ट क्रिया होवाथी रथक्रियानीपेठे प्रयत्नपूर्वक छे; अने शरीर छे ते विशिष्टक्रियाना आश्रयरूप होवाथी रथनीपेठे प्रयत्नवानवडे (आत्मावडे) अधिष्टित थयेलुं छे; तथा जे तेनो अधिष्टाता छे, ते सारथिसरखो आत्मा छे. । २७ । तेम आज पक्षमां इच्छापूर्वक विकारी वायुना आश्रयथी धमणनीपेठे छे. वायु एटले प्राणअपानादि, अने जे तेनो अधिष्टाता छे, ते धमण फूंकनारसरखो आत्मा छे. तेम आज पक्षमां इच्छाने आधीन निमेषोन्मेषनीपेठे अवयवयुक्त होवाथी काष्टयंत्रनीपेठे छे. । २८ । वली शरीरनी वृद्धि, क्षत तथा भग्नसंरोहण पण

गृहवृद्धिक्षतभग्नसंरोहणवत्। वृक्षादिगतेन वृद्ध्यादिना व्यभिचार इति चेन्न। तेषामपि एकेन्द्रियजन्तुत्वेन सात्मकत्वात्। यश्चैषां कर्ता स आत्मा गृहपतिवत्। वृक्षादीनां च सात्मकत्वमाचाराङ्गादेरवसेयं। किंचिद्वक्ष्यते च। २९। तथा प्रेर्यं मनः अभिमतविषयसम्बन्धनिमित्तक्रियाश्रयत्वाद्दारकहस्तगतगोलकवत्। यश्चास्य प्रेरकः स आत्मा इति। ३०। तथा आत्मचेतनक्षेत्रज्ञजीवपुरुषादयः पर्याया न निर्विषयाः पर्यायत्वात् घटकुटकलशादिपर्यायवत् (व्यतिरेकेषष्टभूतादि[1]) यश्चैषां विषयः स आत्मा। ३१। तथाऽस्त्यात्मा असमस्तपर्यायवाच्यत्वात्। यो योऽसाङ्केतिकशुद्धपर्यायवाच्यः स सोऽस्तित्वं न व्यभिचरति।

---

वृद्धिक्षतभग्नसंरोहण होवाथी घरना वृद्धिक्षतभग्नसंरोहणनीपेठे प्रयत्नवाननुं करेलुं छे. कदाच तुं एम कहीश के वृक्षादिकनी वृद्धिआदिकवमे तेमां व्यभिचार आवे छे, तो ते तारुं कहेवुं युक्त नथी, केमके ते वृक्षादिकोने पण एकेंद्रियजंतुपणायें करीने सात्मकपणुं छे; अने जे तेउनो कर्ता छे, ते गृहपतिसरखो आत्मा छे; तेम वृक्षादिकोनुं सात्मकपणुं आचारांगादिकथी जाणीलेवुं; तेम (अहीं) किंचित् कहीशुं. ।२९। वली मन छे ते प्रेर्य एटले प्रेरवानुं छे, केमके ते बालकना हाथनां रहेला गोलानीपेठे इच्छित विषयना संबंधना निमित्तवाली क्रियाना आश्रयवालुं छे, अने ते मनने जे प्रेरनार छे, ते आत्मा छे. ।३०। वली आत्मा, चेतन, क्षेत्रज्ञ जीव तथा पुरुषादिक पर्यायो, पर्याय होवाथी घट, कुट तथा कलशादिक पर्यायोनीपेठे विषयरहित नथी. (तेथी उलटा दृष्टांतमां छठाभूतादिक जाणवा.) अने जे तेउनो विषय छे, ते आत्मा छे. ।३१। वली आत्मा छे, केमके ते समस्तपर्यायवाच्य नथी. जे जे संकेतरहित शुद्धपर्यायवाच्य छे, ते ते

---

[1] यक्षभूतादि। इतिद्वितीयपुस्तकपाठः॥

यथा घटादिः । व्यतिरेके खरविषाणनभोऽम्भोरुहादयः । ३२ । तथा सुखादीनि द्रव्याश्रितानि गुणत्वाद्रूपवत् । योऽसौ गुणी स आत्मेत्यादिलिङ्गानि । तस्मादनुमानतोऽप्यात्मा सिद्धः । ३३ । आगमानां च येषां पूर्वापरविरुद्धार्थत्वं तेषामप्रामाण्यमेव । यस्त्वाप्तप्रणीत आगमः स प्रमाणमेव । कषच्छेदतापलक्षणोपाधित्रयविशुद्धत्वात् । कषादीनां च स्वरूपं पुरस्ताद्वक्ष्यामः । ३४ । न च वाच्यमाप्तः क्षीणसर्वदोषस्तथाविधं चाप्तत्वं कस्यापि नास्तीति । यतो रागादयः कस्यचिदत्यन्तमुच्छिद्यन्ते । अस्मदादिषु तदुच्छेदप्रकर्षाऽप्रकर्षोपलंभात् । सूर्याद्यावरकजलदपटलवत् । तथा चाहुः =॥ देशतो नाशिनो भावा । दृष्टा निखिलनश्वराः ॥ मेघपङ्क्त्यादयो यद्वत्—देवं रागादयो मताः ॥= इति

---

छतापणाने तजतो नथी. जेम घटादिक; अने तेथी उलटा दृष्टांतमां खरविषाण तथा आकाशपुष्पादिक जाणवां. । ३२ । वली सुखादिको गुणरूप होवाथी रूपनीपेठे द्रव्यने आश्रीने रहेलां छे, अने जे आ गुणी छे, ते आत्मा छे. इत्यादिक ( अनेक ) लिंगो छे. माटे अनुमानप्रमाणथी पण आत्मा सिद्ध थाय छे. । ३३ । आगमो के जेउ पूर्वापर विरुद्धअर्थवालां छे, तेउने तो अप्रमाणपणुंज छे ; परंतु जे आगम आप्तप्रणित छे, ते तो प्रमाणभूतज छे, केमके ते आगम तो कष, छेद अने तापरूप त्रणे उपाधिउथी विशुद्ध थयेलुं छे. ते कषादिकोनुं स्वरूप अमो आगल कहीशुं. । ३४ । नष्ट थयेल छे सर्व दोषो जेमना ते आप्त कहेवाय, अने तेवुं आप्तपणुं कोइने पण नथी, एम नही बोलवुं ; केमके कोइकना पण रागादिको अत्यंत उच्छेद पामे छे, कारणके सूर्यादिकोने आच्छादनारा मेघपटलनीपेठे आपणआदिकनेविषे पण ते रागादिकोनो उछो वधतो उच्छेद मलीआवे छे. कह्युं छे के =॥ जे भावो देशथी एटले थोमा विनश्वर छे, तेउ समस्तप्रकारे पण

। ३५ । यस्य च निरवयवतयैतेविलीनाः स एवाप्तो भगवान् सर्वज्ञः । अथाऽनादित्वाद्रागादीनां कथं प्रक्षय इति चेन्न । उपायतस्तद्भावात् । अनादेरपि सुवर्णमलस्य क्षारमृत्पुटपाकादिना विलयोपलंभात् तद्वदेवानादीनामपि रागादिदोषाणां प्रतिपक्षभूतरत्नत्रयाभ्यासेन विलयोपपत्तेः । ३६ । क्षीणदोषस्य च केवलज्ञानाव्यभिचारात्सर्वज्ञत्वं । तत्सिद्धिस्तु ज्ञानतारतम्यं क्वचिद्विश्रान्तं तारतम्यत्वात् । आकाशपरिमाणतारतम्यवत् । ३७ । तथा सूक्ष्मान्तरितदूरार्थाः कस्यचित्प्रत्यक्षा अनुमेयत्वात् । क्षितिधरकन्धराधिकरणधूमध्वजवत् । एवं चन्द्रसूर्योपरागादिसूचकज्योतिर्ज्ञानाविसंवादान्यथाऽनुपपत्तिप्रभृतयोऽपि हेतवो वाच्याः ।

---

नष्ट थता देखाया छे, जेम मेघश्रेणिआदिक, तेम रागादिकोने पण जाणवा. ॥= । ३५ । वली ते रागादिको जेना तमामप्रकारे नाश पाम्या छे, तेज भगवान् आप्त अने सर्वज्ञ छे. रागादिको अनादि होवाथी तेउनो क्षय केम थाय? एम जो कहीश, तो ते युक्त नथी; केमके उपायथी तेउनो क्षय थाय छे. जेम अनादि एवा पण सुवर्णमलनो खार तथा मृत्पुटपाकादिकें करीने विनाश थाय छे, तेम अनादि एवा पण रागादिक दोषोनो, तेना शत्रुभूत एवा ज्ञानदर्शनचारित्ररूप त्रण रत्नोना अभ्यासेंकरीने विनाश थाय छे. । ३६ । वली जेना दोषो क्षीण थया छे, तेने केवलज्ञानना अव्यभिचारथी सर्वज्ञपणुं थाय छे; अने तेनी खातरी एके, ज्ञाननी तरतमता छे ते तरतमतापणाथी आकाशपरिमाणना तारतम्यनीपेठे क्यांक विश्रांति पामे छे. । ३७ । वली सूक्ष्म, अंतरित तथा दूर एवा पदार्थो अनुमेय होवाथी पर्वतनी कंधरामां रहेला अग्निनीपेठे कोइकने पण प्रत्यक्ष छे. एवीरीते चंद्रसूर्यना ग्रहणआदिकने सूचवनारा ज्योतिर्ज्ञाननो अविसंवाद तथा अन्यथाप्रकारनी अप्राप्ति विगेरे हेतुउ पण जाणवा; माटे एवीरीते

तदेवमाप्तेन सर्वविदा प्रणीत आगमः प्रमाणमेव । तदप्रामाण्यं हि प्रणायकदोषनिबन्धनम् । =॥ रागाद्वा द्वेषाद्वा । मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ॥ यस्य तु नैते दोषा–स्तस्याऽनृतकारणं किं स्यात् ॥= इति वचनात् । प्रणेतुश्च निर्दोषत्वमुपपादितमेवेति सिध्ध आगमादप्यात्मा "एगेआया" इत्यादिवचनात् । ३७ । तदेवं प्रत्यक्षानुमानागमैः सिध्धः प्रमाता । प्रमेयं चानन्तरमेव बाह्यार्थसाधने साधितं । तत्सिध्धौ च प्रमाणं ज्ञानं तच्च प्रमेयाभावे कस्य ग्राहकमस्तु निर्विषयत्वादिति प्रलापमात्रं । करणमन्तरेण क्रियासिध्धेरयोगात् । लवनादिषु तथादर्शनात् । ३९ । यच्चात्र समकालमित्याद्युक्तं तत्र विकल्पद्वयमपि स्वीक्रियत एव । अस्मदादिप्रत्यक्षं हि समकालार्थाकलनकुशलं स्मरणमतीतार्थस्य

---

सर्वज्ञ एवा आप्ते रचेलुं आगम प्रमाणरूपज छे; वली ते ते आगमोनुं जे अप्रमाणपणुं छे, तेनुं कारण तेना रचनारनो दोष छे. कह्युं छे के रागथी, द्वेषथी अथवा मोहथी जूठुं वाक्य बोलाय छे, अने जेने ते दोषो नथी, तेने जूठुं बोलवानुं शुं कारण छे? वली रचनारनुं निर्दोषपणुं तो स्वीकारेलुंज छे, माटे एवीरीते 'एगेआया' इत्यादिक वचनथी आगमप्रमाणथी पण आत्मा सिध्ध थाय छे. । ३७ । माटे एवीरीते प्रत्यक्ष, अनुमान अने आगम प्रमाणवडे प्रमाता सिध्ध थयो. वली प्रमेयनुं तो बाह्य पदार्थोना साधनमां उपरज साधन कर्युं छे; अने ज्यारे प्रमेय सिध्ध थयो, त्यारे 'ज्ञानरूप प्रमाण, प्रमेयनो अभाव होतेछते विषयरहित होवाथी कोनुं ग्राहक थाय?' एम जे बोलवुं, ते फक्त बबडाटकरवासरखुं छे; केमके करण एटले साधनविना क्रियानी सिध्धि थती नथी, कारणके कापणीआदिकमां तेम देखायेलुं छे (अर्थात् तेमां दातरडां आदिक साधननी जरुर पडे छे.) । ३९ । वली अहीं जे 'समकाल' इत्यादिक तें कह्युं छे, तेमां बन्ने विकल्पो अमो

ग्राहकं । शाब्दानुमाने च त्रैकालिकस्याप्यर्थस्य परिच्छेदके । निराकारं चैतद्द्वयमपि न चातिप्रसङ्गः । स्वज्ञानावरणवीर्यान्तरायक्षयोपशमविशेषवशादेवास्य नैयत्येन प्रवृत्तेः । शेषविकल्पानामस्वीकार एव तिरस्कारः । ४० । प्रमितिस्तु प्रमाणस्य फलं । स्वसंवेदनसिद्धैव । न ह्यनुभवेऽप्युपदेशापेक्षा । फलं च द्विधानन्तर्यपारंपर्यभेदात् । तत्रानन्तर्येण सर्वप्रमाणानामज्ञाननिवृत्तिः फलं । पारंपर्येण केवलज्ञानस्य तावत् फलमौदासीन्यं । शेषप्रमाणानां तु हानोपादानोपेक्षाबुद्धयः । इति सुव्यवस्थितं प्रमात्रादिचतुष्टयं । ततश्च । =॥ नासन्न सन्न सदसन्न चाप्यनुभयात्मकम् । चतुष्कोटिविनिर्मुक्तं तत्त्वमाध्यात्मिका विदुः ॥= इ-

---

स्वीकारीयेज छीये. आपण आदिकनुं प्रत्यक्षप्रमाण तो समकाले पदार्थने जाणवामां समर्थ छे, अने स्मरण छे ते अतीत पदार्थोने ग्रहण करनारुं छे; अने आगमप्रमाण तथा अनुमानप्रमाण त्रिकालिक पदार्थोने पण जणावनारां छे; वली ते बन्ने निराकार छे, तेमां कंइ अतिप्रसंग नथी, केमके पोताना ज्ञानावरण तथा वीर्यांतरायना क्षयोपशमविशेषथीज तेनी निश्चयेंकरीने प्रवृत्ति छे; अने बाकीना विकल्पोनो तो अस्विकार एज तिरस्कार छे. । ४० । प्रमिति एटले प्रमाणनुं फल, अने ते तो स्वसंवेदनवडे सिद्धज थयेलुं छे, माटे जे बाबतनो स्वयमेवज अनुभव थयो छे, तेमाटे उपदेशनी जरुर रहेती नथी. वली फल छे ते अनंतर एटले तुरत थनारुं अने परंपराये थनारुं एम बे प्रकारनुं छे. तेमां तुरतफल एटले सर्व प्रमाणोना अज्ञाननी निवृत्तिरूप फल, अने केवलज्ञाननुं परंपरायें उदासीनपणारूप फल छे; अने बाकीना प्रमाणोनुं फल त्यागनी, स्वीकारनी अने उपेक्षानी बुद्धिरूप छे. माटे एवीरीते प्रमाताआदिक चारेनो व्यवहार योग्यज छे; अने तेटला माटे =॥ नही अछतुं, नही छतुं, नहीं छतुं अछतुं, अने नही अ-

त्युन्मत्तभाषितं । ४१ । किं चेदं प्रमात्रादीनामवास्तवत्वं शून्यवादिना वस्तुवृत्त्या तावदेष्टव्यं । तच्चासौ प्रमाणादभिमन्यतेऽप्रमाणाद्वा । न तावदप्रमाणात्तस्याऽकिंचित्करत्वात् । अथ प्रमाणात् तन्न । अवास्तवत्वग्राहकं प्रमाणं सांवृतमसांवृतं वा स्यात् । यदि सांवृतं[१] कथं तस्मादवास्तवाद्वास्तवस्य शून्यवादस्य सिद्धिः । तथा च वास्तव एव समस्तोऽपि प्रमात्रादिव्यवहारः । ४२ । अथ तद्ग्राहकं प्रमाणं स्वयमसांवृतं तर्हि क्षीणा प्रमात्रादिव्यवहाराऽवास्तवत्वप्रतिज्ञा तेनैव व्यभिचारात् । तदेवं पक्षद्वयेऽपि इतो व्याघ्र इतस्तटीतिन्यायेन व्यक्त

---

नुभयात्मक, एवीरीतनी चारे कोटीथी रहितने आध्यात्मिको तत्व कहे छे; =।। ए कहेवुं उन्मत्त माणसनुं छे. ।४१। वली आ शून्यवादीने प्रमाता आदिकोनुं अवास्तिविकपणुं वस्तुवृत्तिएं करीने मानवानुं छे, अने ते अवास्तविकपणुं ते प्रमाणथी माने छे, के अप्रमाणथी माने छे? अप्रमाणथी तो नही, केमके ते अप्रमाण तो कंइ करी शकतुं नथी. जो कहेशे के प्रमाणथी, तो तेम पण नथी; केमके अवास्तविकपणाने ग्रहण करनारुं प्रमाण सांवृत छे, के असांवृत छे? अर्थात् तत्वार्थने नही निरुपण करनारी प्रवृत्तिवालुं छे? के तेथी उलटा प्रकारनुं छे? जो कहीश के सांवृत छे, तो ते अवास्तविकथी वास्तविक शून्यवादनी सिद्धि क्यांथी थशे? अने तेम होते छते प्रमात्रादिक सर्व व्यवहार वास्तविकज थयो. ।४२। हवे तेने ग्रहणकरनारुं प्रमाण जो पोते असांवृत होय, तो प्रमातादिक व्यवहारना अवास्तविकपणानी प्रतिज्ञा नष्ट थइ, केमके तेनावडेज तेमां व्यभिचार आव्यो. माटे एवीरीते बन्ने पक्षोमां आ बाजु वाघ अने पेलीबाजु नदी, एवीरीतना न्यायें-

---

१ अनिरूपिततत्वार्था। प्रतीतिः संवृतिर्मता = तत्वार्थने नही निरूपण करनारी जे प्रतीति ते संवृति कहेवाय ॥

एव परमार्थतः स्वाभिमतसिद्धिविरोध इति काव्यार्थः ॥

। ४३ । अधुना क्षणिकवादिन ऐहिकाऽमुष्मिकव्यवहाराऽनुपपन्नार्थसमर्थनमविमृश्यकारितं[1] दर्शयन्नाह ।

**कृतप्रणाशाऽकृतकर्मभोग-**
**भवप्रमोक्षस्मृतिभङ्गदोषान् ॥**
**उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छ-**
**न्नहो महासाहसिकः परस्ते ॥ १८ ॥**

करेलां कर्मोनो विनाश, नहीं करेलां कर्मोनुं भोगववापणुं, भवभंगदोष, मोक्षभंगदोष, अने स्मृतिभंगदोषने साक्षात् उपेक्षीने क्षणभंगने इच्छतो एवो, हे प्रभु! आपनो प्रतिपक्षी जे वैनाशिक सौगत ते अहो! मोटो साहसिक लागे छे!! । १८ ।

। १ । कृतप्रणाशदोषमकृतकर्मभोगदोषं प्रमोक्षभङ्गदोषं स्मृतिभङ्गदोषमित्येतान् साक्षादित्यनुभवसिद्धान् उपेक्ष्यानादृत्य साक्षात्कुर्वन्नपि

करीने परमार्थथी प्रगटरीतेज पोते मानेली सिद्धिमां विरोध आव्यो. एवीरीते सतरमा काव्यनो अर्थ जाणवो.

। ४३ । हवे क्षणिकवादिनुं, आ लोक अने परलोकसंबंधि व्यवहारने नही लागुपडतुं एवुं जे पदार्थोनुं समर्थन, ते तेउनुं वगरविचार्युं कार्य छे, एम देखाडताथका कहे छे.

। १ । करेलां कर्मोना नाशरूप दोषने, नही करेलां कर्मोना भोगववारूप दोषने, मोक्षनाभंगरूप दोषने, तथा स्मृतिभंगरूप दोषने, एवीरीतना अनुभवसिध्ध दोषोने उपेक्षीने, अर्थात् ते दोषोने साक्षात्

१ । कारिताकारितं । इति द्वितीयपुस्तकपाठः ॥

गजनिमीलिकामवलम्बमानः सर्वभावानां क्षणभङ्गं उदयानन्तरविनाश-रूपक्षणक्षयितामिच्छन् प्रतिपद्यमानस्ते तव परः प्रतिपक्षी वैनाशिकः सौगत इत्यर्थः । अहो महासाहसिकः सहसा अविमर्शात्मकेन बलेन वर्तते साहसिकः । भाविनमनर्थमविभाव्य यः प्रवर्तते स एवमुच्यते । महांश्चासौ साहसिकश्च महासाहसिकोऽत्यन्तमविमृश्य प्रवृत्तिकारीति मुकुलितार्थः । विवृतार्थस्त्वयं । २ । बौद्धा बुद्धिक्षणपरंपरामात्रमेवात्मा-नमामनन्ति । न पुनर्मौक्तिककणनिकराऽनुस्यूतैकसूत्रवत्तदन्वयिनमेकं । तन्मते येन ज्ञानक्षणेन सदनुष्ठानमसदनुष्ठानं वा कृतं तस्य निरन्वय-विनाशान्न तत्फलोपभोगः । यस्य च फलोपभोगस्तेन तत्कर्म न कृतमिति प्राच्यज्ञानक्षणस्य कृतप्रणाशः स्वकृतकर्मफलाऽनुपभोगात् । उत्तरज्ञा-

---

जोतांथकां पण आंखआडा कान करीने क्षणभंगने एटले उदय पछी तुरत विनाशरूप क्षणक्षयपणाने स्वीकारतो, एवो (हे प्रभु!) आपनो प्रतिपक्षी वैनाशिक सौगत, अहो! महासाहसिक छे! अर्थात् विचा-ररहित बलेंकरीने जे वर्त्ते, ते साहसिक कहेवाय. थनारा अनर्थनो विचार कर्याविना जे प्रवर्ते छे, ते एवो कहेवाय छे. मोटो एवो जे साह-सिक ते महासाहसिक, अर्थात् अत्यंतरीते विचारविनानी प्रवृत्ति क-रनारो महासाहसिक कहेवाय छे. एवीरीते टुंकामां अर्थ कह्यो. वि-स्तारयुक्त अर्थ नीचेप्रमाणे जाणवो. । २ । बौद्धो छे ते बुध्धिक्षणप-रंपरामात्रज आत्माने माने छे. पण मोतीना दाणाना समूहमां पोरवेला एक सूतरना दोरानीपेठे एक तदन्वयी मानता नथी. तेउना मतमां जे ज्ञानक्षणे सत्क्रिया अथवा असत्क्रिया करी छे, तेनो अन्वयरहित विनाश थवाथी तेना फलनो उपभोग थतो नथी; अने जेने फलनो उपभोग मले छे, तेणे ते कार्य कर्युं नथी, अने तेवीरीते पूर्वना ज्ञा-नक्षणने करेलां कर्मनो विनाश प्राप्त थाय छे, केमके पोते करेला क-

नक्षणस्य चाऽकृतकर्मभोगः स्वयमकृतस्य कर्मणः फलोपभोगादिति। अत्र कर्मशब्द उभयत्रापि योज्यः। तेन कृतकर्मप्रणाश इत्यर्थो दृश्यः। बन्धानुलोम्याच्चेत्थमुपन्यासः। ३। तथा भवभङ्गदोषो भव आर्जवीभावलक्षणः संसारस्तस्य भङ्गो विलोपः स एव दोषः क्षणिकवादे प्रसज्यते। परलोकाऽभावप्रसङ्ग इत्यर्थः। परलोकिनः कस्यचिदभावात्। ४। परलोको हि पूर्वजन्मकृतकर्मानुसारेण भवति। तच्च प्राचीनज्ञानक्षणानां निरन्वयं नाशात्केन नामोपभुज्यतां जन्मान्तरे। यच्च मोक्षाकरगुप्तेन यच्चितं तच्चितान्तरं प्रतिसंधत्ते। यथेदानींतनं चितं। चित्तं च मरणकालभावीति भवपरंपरासिद्ध्ये प्रमाणमुक्तं तद्व्यर्थं। चित्तक्षणानां निरवशेषनाशिनां चितान्तरप्रतिसंधानाऽयोगात्। ५।

---

र्मना फलनो उपभोग तेने मलतो नथी; तथा ज्ञानना उत्तरक्षणने नहीं करेलां कर्मनो उपभोग थाय छे, केमके पोते नही करेला कर्मनुं फल तेने भोगववुं पडे छे. अहीं कर्मशब्दने बन्ने बाजुए जोडी लेवो. तेथी करेलां कर्मनो विनाश थाय छे, एवो अर्थ जाणवो. बंधानुलोम्यथी एवो उपन्यास जाणवो. । ३ । तथा भवभंग नामनो दोष आवे. भव एटले आर्जवीभावरूप संसार, तेनो जे भंग एटले विनाश, तेरूप दोष क्षणिकवादमां प्राप्त थाय छे, अर्थात् परलोकना अभावनो प्रसंग थाय छे, एवो अर्थ जाणवो; केमके परलोकमां जनार कोइ रहेतो नथी। ४। परलोक छे ते पूर्व जन्ममां करेलां कर्मोने अनुसारे थाय छे, अने पूर्वज्ञानक्षणो तो अन्वयरहित नष्ट थयेलां होवाथी, जन्मांतरमां ते कर्मने कोण भोगवी शके? वली मोक्षाकरगुप्ते 'जे चित्त छे ते बीजां चितने जोडी आपे छे, जेम अहींनुं चित्त. अने चित्त छे ते मरणसमये थनारुं छे' एवीरीते भवोनी परंपरानी सिद्धिमाटे जे प्रमाण कह्युं छे, ते फोकटज छे; केमके अवशेषरहित ना-

द्द्योरवस्थितयोर्हि प्रतिसंधानमुज्जयानुगामिना केनचित्क्रियते । यश्चा-नयोः प्रतिसंधाता स तेन नाज्युपगम्यते । स ह्यात्माऽन्वयी न च प्र-तिसंधत्ते इत्यस्य जनयतीत्यर्थः । कार्यहेतुप्रसङ्गात् । तेन वादिनाऽस्य हेतोः स्वजावहेतुत्वेनोक्तत्वात् । ६ । स्वजावहेतुश्च तादात्म्ये सति ज-वति । जिन्नकालजाविनोश्च चित्तचित्तान्तरयोः कुतस्तादात्म्यं । युग-पज्जाविनोश्च प्रतिसन्धेयप्रतिसन्धायकत्वाऽजावापत्तिः । युगपज्जावित्वे-ऽविशिष्टेऽपि किमत्र नियामकं यदेकः प्रतिसन्धायकोऽपरश्चप्रतिस-न्धेय इति । अस्तु वा प्रतिसन्धानस्य जननमर्थः सोऽप्यनुपपन्नस्तुल्य-कालत्वे हेतुफलजावस्याऽजावात् । जिन्नकालत्वे च पूर्वचित्तक्षणस्य विनष्टत्वात् उत्तरचित्तक्षणः कथमुपादानमन्तरेणोत्पद्यतामिति यत्कि-

---

श पामनारां चित्तक्षणो बीजां चित्तने जोमी शकतां नथी. । ५ । वली अवस्थित एवा बन्नेनी संधि कोइक उजयानुगामी करीशके छे, अने आ बन्ने चित्तक्षणोने जे जोमनार छे, तेने तो ते स्वीकारतो नथी ; ते तो आत्माऽन्वयी छे, पण जोमीआपे छे, माटे तेने ते उत्पन्न करे छे, एवो अर्थ कार्यहेतुना प्रसंगथी जाणवो नही; केमके ते वादीए ते हेतुने स्वजावहेतुपणायेंकरीनें कहेलो छे. । ६ । वली स्वजावहेतु तो तादा-त्म्यपणुं होते छते थाय छे, अने जिन्नसमये थनारा चित्त अने चित्तां-तरने तादात्म्यपणुं क्यां रह्युं ? अने समकाले थनारा ते चित्त अने चित्तांतरने प्रतिसंधेय अने प्रतिसंधायकपणाना अजावनी आपत्ति थाय छे. वली अविशेषरीते समकाले थवापणुं होते छते पण, एक प्रतिसं-धायक छे, अने बीजो प्रतिसंधेय छे, तेनी खातरी शुं ? अथवा प्रति-संधानने उत्पन्न करनारो पदार्थ थाउ ? पण ते पदार्थ पण उपपन्न नथी, केमके कार्यकारणजाव तुल्यसमये होतो नथी. वली जिन्नस-मयपणामां पूर्वनो चित्तक्षण नष्ट थवाथी उपादानविना उत्तरनो चित्त-

श्चिदेतत् । ७ । तथा प्रमोक्षभङ्गदोषः । प्रकर्षेणाऽपुनर्भावेन कर्मबन्धनान्मुक्तिः प्रमोक्षस्तस्यापि भंगः प्राप्नोति । तन्मते तावदात्मैव नास्ति । कः प्रेत्यसुखीभवनार्थं यतिष्यते । ज्ञानक्षणोऽपि संसारी कथमपरज्ञानक्षणसुखीभवनाय घटिष्यते । न हि दुःखी देवदत्तो यज्ञदत्तसुखाय चेष्टमानो दृष्टः । क्षणस्य तु दुःखं स्वरसनाशित्वात्तेनैव सार्द्धं दध्वंसे । ८ । सन्तानस्तु न वास्तवः कश्चिद् वास्तवत्वे तु आत्माभ्युपगमप्रसंगः । अपि च बौद्धा निखिलवासनोच्छेदे विगतविषयाकारोपप्लवविशुद्धज्ञानोत्पादो मोक्ष इत्याहुस्तच्च न घटते । कारणाऽभावादेव तदनुपपत्तेः । ९ । भावानाप्रचयो[1] हि तस्य कारणमिष्यते । स च स्थिरै-

---

क्षण शीरीते उत्पन्न थाय? माटे वादीनुं ते कहेवुं यत्किंचित् छे, अर्थात् संपूर्णरीते लागु पडतुं नथी. । ७ । वळी ते क्षणक्षयवादमां प्रमोक्षभंगनो दोष आवे छे. प्रकर्ष करीने एटले अपुनर्भावेंकरीने कर्मबंधनथी जे मूकावुं ते प्रमोक्ष कहेवाय. ते प्रमोक्षनो पण भंग थाय छे. ते वादीना मतमां आत्माज नथी, तो पछी आवता जन्ममां सुखी थवामाटे कोण प्रयत्न करशे? ज्ञानक्षण पण संसरनारो छे तो पछी बीजा ज्ञानक्षणने सुखी थवामाटे ते शीरीते घटी शकशे? केमके दुःखी एवो देवदत्त यज्ञदत्तना सुखमाटे प्रयत्न करतो कंइ देखायो नथी; अने क्षणनुं दुःख तो स्वभावनाशी होवाथी तेनी साथेज नष्ट थयुं छे. । ८ । वळी संतान छे ते कोइ वास्तविक नथी, केमके वास्तविकपणामां तो आत्माना स्वीकारनो प्रसंग थाय छे. वळी बौद्धो छे ते सर्व वासनाओनो उच्छेद थये छते, गयेल छे विषयाकारनो उपद्रव जेमांथी एवी विशुद्ध ज्ञाननी उत्पत्तिरूप मोक्ष कहे छे, अने ते घटी शकतुं नथी, केमके कारणना अभावथीज तेनी अप्राप्ति छे.

---

१ सर्वं क्षणिकमित्याद्युपदिष्टार्थविषयधारावाहिकबुद्धिसंतानात्भवोभावनाप्रचयस्तस्या एव बहुत्वं ॥

कांश्रयाऽभावाद्विशेषानाधायकः प्रतिक्षणमपूर्ववदुपजायमानो निरन्वयविनाशी गगनलङ्घनाभ्यासवदनासादितप्रकर्षो न स्फुटाऽभिज्ञानजननाय प्रभवतीत्यनुपपत्तिरेव तस्य । समलचित्तक्षणानां[1] स्वाभाविक्याः सदृशारम्भणशक्तेरसदृशारम्भं प्रत्यशक्तेश्चाकस्मादनुच्छेदात् । १० । किंच[2] समलचित्तक्षणाः पूर्वे स्वरसपरिनिर्वाणाः । अयमपूर्वो जातः । सन्तानश्चैको न विद्यते । बन्धमोक्षौ चैकाधिकरणौ । न विषयभेदेन वर्तेते । तत्कस्येयं मुक्तिर्य एतदर्थं प्रयतेत । ११ । अयं हि मोक्षशब्दो बन्धनविच्छेदपर्यायः । मोक्षश्च तस्यैव घटते यो बद्धः । क्षणक्षयवादे

। ९ । भावनाप्रचय तेनुं कारण छे, एम तुं माने छे, पण ते भावनाप्रचय स्थिरैकआश्रयना अभावथी विशेषने नही धारण करतो थको, क्षणक्षणप्रते अपूर्वनीपेठे उत्पन्न थतो थको, अन्वयरहित विनाशवालो, अने आकाशोल्लंघनना अभ्यासनीपेठे अपार, एवो थयो थको प्रगट अभिज्ञान उत्पन्न करवामाटे शक्तिवान् थतो नथी; माटे एवीरीते ते विशुद्धज्ञानोत्पत्तिनी अप्राप्तिज छे; केमके समलचित्तक्षणोने स्वाभाविक एवी तुल्यआरंभनी शक्ति छे, अने अतुल्य आरंभनी शक्ति नथी, माटे तेनो अकस्मात् उच्छेद थतो नथी. । १० । वली समलचित्तक्षणो पूर्वे तो पोताना स्वभावथीज नष्ट थया हता, अने आ निर्मलचित्तक्षण तो अपूर्व उत्पन्न थयो, माटे एक संतान तो रह्युं नही, अने बंधमोक्ष तो एकाधिकरणवालो छे, माटे विषयभेदवडे वर्तता नथी; माटे आ मुक्ति कोनी? के जे तेनेमाटे प्रयत्न करे. । ११ । वली आ मोक्षशब्द तो बंधनविच्छेदना पर्यायरूप छे; अने मोक्ष तो तेनेज घटे

१ ननु स्थायिसंस्काराऽभावेऽपि पूर्वपूर्वज्ञानक्षणत्वासित एव उत्तरोत्तरक्षण उत्पद्यते रक्तकर्पासबीजसंतानवदित्याह समलेति ॥ २ ननूपदेशजन्यज्ञानप्रवाहस्य सदृशारंभणेऽपि प्रथमं पराक्षतप्रत्ययस्य निर्मलस्यांते निर्मलतमस्य साक्षात्काराध्यायकतया न दोष इत्यत आह किंचेति ॥

त्वन्यः क्षणो बद्धः क्षणान्तरस्य मुक्तिरिति मोक्षाऽभावः प्राप्नोति । १२ । तथा स्मृतिभङ्गदोषः । तथाहि । पूर्वबुद्ध्याऽनुभूतेऽर्थे नोत्तरबुद्धीनां स्मृतिः संभवति । ततोऽन्यत्वात्सन्तानान्तरबुद्धिवत् । न ह्यन्यदृष्टोऽर्थोऽन्येन स्मर्यते । अन्यथा एकेन दृष्टोऽर्थः सर्वैःस्मर्येत । स्मरणाऽभावे च कौतस्कुती प्रत्यभिज्ञाप्रसूतिः । तस्याः स्मरणानुभवोभयसंभवत्वात् । पदार्थप्रेक्षणप्रबुद्धप्राक्तनसंस्कारस्य हि प्रमातुः स एवायमित्याकारेणेयमुत्पद्यते । १३ । अथ स्यादयं दोषो यद्यविशेषेणान्यदृष्टमन्यः स्मरतीत्युच्यते । किं त्वन्यत्वेऽपि कार्यकारणभावादेव च स्मृतिः । भिन्नसंतानबुद्धीनां तु कार्यकारणभावो नास्ति । तेन संता-

---

छे, के जे बंधायेलो छे; अने क्षणक्षयवादमां तो अन्यक्षण बंधाय छे, अने मुक्ति तो बीजा क्षणनी थाय छे, माटे एवीरीते मोक्षनो अभाव प्राप्त थाय छे. । १२ । वली क्षणिकवादमां स्मृतिभंगरूप दोष आवे छे. ते कहे छे. पूर्वबुद्धिए अनुभवेला पदार्थमां उत्तर बुद्धिउनी स्मृति संभवती नथी, केमके संतानांतरनीपेठे तेथी ते जूदी छे; वली अन्ये जोयेला पदार्थनुं अन्य स्मरण करी शकतो नथी; अने जो तेम न होय तो एके दीठेला पदार्थनुं सघलाउ स्मरण करीले; अने ज्यारे स्मरणनो अभाव थयो, त्यारे ते पदार्थना पिछाननी उत्पत्तिज क्यांथी थाय? केमके ते तो स्मरण अने अनुभव एम बन्नेपूर्वक थाय छे; कारणके पदार्थने जोवाथी उत्पन्न थयेल छे, पूर्वसंस्कार जेने एवा प्रमाताने 'आ तेज छे' एवीरीतना आकारे करीने ते पिछान थाय छे । १३ । (अहीं वादी कहे छे के) अविशेषे करीने अन्ये जोएलुं अन्य स्मरण करे छे, एम जो कहीयें, तो आ दोष आवे छे. परंतु अन्यपणामां पण कार्यकारणना भावथीज स्मृति छे, पण भिन्नसंतानबुद्धिने तो कार्यकारणभाव नथी, अने तेथी बीजा संतानोने स्मरण थतुं

नान्तराणां स्मृतिर्न भवति । न चैकसांतानिकीनामपि बुद्धीनां कार्यकारणभावो नास्ति । येन पूर्वबुद्ध्यनुभूतेऽर्थे तदुत्तरबुद्धीनां स्मृतिर्न स्यात् । १४ । तदप्यनवदातं । एवमपि अन्यत्वस्य तदवस्थत्वात् । न हि कार्यकारणभावाभिधानेऽपि तदपगतं । क्षणिकत्वेन सर्वासां भिन्नत्वात् । न हि कार्यकारणभावात् स्मृतिरित्यत्रोभयप्रसिद्धोऽस्ति दृष्टान्तः । १५ । अथ =॥ यस्मिन्नेव हि सन्ताने । आहिता कर्मवासना ॥ फलं तत्रैव संधत्ते । कर्प्पासे रक्तता यथा ॥= इति कर्प्पासरक्ततादृष्टान्तोऽस्तीतिचेत्तदसाधीयः साधनदूषणयोरसंभवात् । तथाहि । अन्वयाद्यसंभवान्न साधनं । न हि कार्यकारणभावो यत्र तत्र स्मृतिः कर्प्पासे रक्ततावदित्यन्वयः संभवति । नापि यत्र न स्मृतिस्तत्र न का-

---

नथी, पण एक संतानवाली बुद्धिने तो कार्यकारणभाव नथी, तेम नथी; के जेथी पूर्वबुद्धिए अनुभवेला पदार्थमां ते उत्तरबुद्धिउनुं स्मरण न थाय. । १४ । (हवे ते वादीने उत्तर आपे छे के) तारुं ते कहेवुं पण युक्त नथी, केमके एम मानवामां पण अन्यपणानी तेज अवस्था थाय छे; कारणके कार्यकारणभाव कहेवामां पण ते बाबत कंइ टली शकती नथी; केमके क्षणिकपणायें करीने सर्वने भिन्नपणुं छे. वली कार्यकारणभावथी स्मृति छे, एवीरीतनुं अहीं उभयप्रसिद्ध दृष्टांत नथी. । १५ । =॥ जेज संतानमां कर्मवासना स्थापन करी छे, तेज संतानमां फलने धारण करे छे, जेम कपासमां रताश. =॥ एवीरीतनुं कपासनी रताशनुं दृष्टांत छे, एम जो कहीश, तो ते दृष्टांत साधी शकाय तेवुं नथी, केमके तेमां साधन अने दूषण,-बन्नेनो असंभव छे. ते कहे छे. अन्वयादिकना असंभवथी तेनुं साधन नथी. केमके ज्यां कार्यकारण भाव छे, त्यां कपासमां जेम रताश, तेम स्मृति छे, एवो अन्वय संभवतो नथी; तेम ज्यां स्मृति नथी, त्यां कार्यकाणरभाव नथी, एवो

र्थकारणभाव इति व्यतिरेकोऽस्ति । १६ । असिध्धत्वाद्यनुभावनाच्च न दूषणं । न हि ततोऽन्यत्वादित्यस्य हेतोः कर्पासे रक्ततावदित्यनेन कश्चिद्दोषः प्रतिपाद्यते । किं च यद्यन्यत्वेऽपि कार्यकारणभावेन स्मृतेरुत्पत्तिरिष्यते । तदा शिष्याचार्यादिबुध्धीनामपि कार्यकारणभावसद्भावेन स्मृत्यादिः स्यात् । १७ । अथ नायं प्रसङ्गः । एकसंतानत्वे सतीतिविशेषणादिति चेत्तदप्ययुक्तं । भेदाऽभेदपक्षाभ्यां तस्योपक्षीणत्वात् । क्षणपरंपरातस्तस्याऽभेदे हि क्षणपरंपरैव सा । तथा च संतान इति न किंचिदतिरिक्तमुक्तं स्यात् । १८ । भेदे त्वपारमार्थिकः पारमार्थिको वाऽसौ स्यात् । अपारमार्थिकत्वेऽस्य तदेव दूषणमकिंचित्करत्वात् । पारमार्थिकत्वे स्थिरो वा स्यात् क्षणिको वा । क्षणिकत्वे संताननिर्वि-

---

व्यतिरेक पण संभवतो नथी. । १६ । वळी असिध्धपणुंआदिक नहीं जणावाथी तेमां दूषण पण नथी; केमके 'तेथी अन्य होवाथी' एवीरीतना हेतुने 'कपासमां रताशनीपेठे' एम कहेवावमे करीने कंइ दूषण प्राप्त थतुं नथी. वळी ज्यारे अन्यपणामां पण कार्यकारणभावे करीने स्मृतिनी प्राप्ति स्वीकाराय, त्यारे तो शिष्यआचार्यादिकोनी बुध्धिउने पण कार्यकारणभावना सद्भावें करीने स्मृतिआदिक थाय. । १७ । 'एकसंतानपणुं होते उते' एवुं विशेषण आपेलुं होवाथी ते प्रसंग आवतो नथी, एम जो कहीश, तो ते अयुक्त छे, केमके भेदाऽभेदपक्षें करीने ते उपक्षीण थाय छे. क्षणपरंपराथी तेना अभेदपक्षमां ते क्षणपरंपराज छे, अने तेम होते उते ते संतान छे, माटे तेथी तें कंइ तेमां वधारे कह्युं तेवुं नथी. । १८ । वळी भेदपक्षमां तो ते अपार्मार्थिक थाय? के पारमार्थिक थाय? अपारमार्थिकपणामां तो ते कंइ पण करतुं न होवाथी तेने तेज दूषण आवे छे; वळी पारमार्थिकपणामां ते स्थिर होय? के क्षणिक होय? क्षणिकपणामां तो ए

शेष एवायमिति किमनेन स्तेनन्नीतस्य स्तेनान्तरशरणस्वीकरणानुकरणिना । १९ । स्थिरश्चेदात्मैव संज्ञाभेदतिरोहतः प्रतिपन्न इति न स्मृतिर्घटते क्षणक्षयवादिनां । तदभावे चाऽनुमानस्याऽनुत्थानमित्युक्तं प्रागेव । अपि च स्मृतेरभावे निहितप्रत्युन्मार्गणप्रत्यर्पणादिव्यवहारा विशीर्येरन् । =॥ इत्येकनवतेः कल्पे । शक्त्या मे पुरुषो हतः ॥ तेन कर्मविपाकेन । पादे विध्धोऽस्मि भिक्षवः ॥= इति वचनस्य च का गतिः । २० । एवमुत्पत्तिरुत्पादयति । स्थितिः स्थापयति । जरा जर्जरयति । विनाशो नाशयति । इति चतुःक्षणिकं वस्तु प्रतिजानाना अपि प्रतिक्षेप्याः । क्षणचतुष्कानन्तरमपि निहितप्रत्युन्मार्गणादिव्यवहाराणां दर्शनात् । तदेवमनेकदोषापातेऽपि यः क्षणभङ्गमभिप्रैति

---

संताननिर्विशेषज छे, माटे तेणे करीने शुं? कारणके ते तो एक चोरथी मरेलो जेम बीजा चोरनुं शरण ले, तेनासरखुं थयुं. । १९ । हवे जो स्थिर होय, तो फक्त संज्ञांतरथी गुप्तरीते आत्माज स्वीकार्यो. माटे एवीरीते क्षणक्षयवादीओने स्मृति घटीशकती नथी; अने ज्यारे स्मृतिनो अभाव थयो, त्यारे अनुमान प्रमाण तो नष्टज थयुं, ते तो पहेलांज कहेवामां आव्युं छे. वली स्मृतिनो अभाव होते छते, थापण पाछी मागवी तथा पाछी आपवी, इत्यादिक व्यवहारो पण नष्ट थाय. =॥ ' हे भिक्षुओ! आजथी एकाणुमे कल्पे शक्तिवमे में पुरुषने मार्यो हतो, ते कर्मना विपाकवमे हुं पगमां विंधायो छुं '. एवीरीतना (बुधना) वचननी वली शुं गति थशे? । २० । एवीजरीते ' उत्पत्ति उत्पन्न करे छे, स्थिति स्थापन करे छे, जरा जर्जरित करे छे, तथा विनाश नाश करे छे ' एवीरीतना चारक्षणवाला पदार्थने स्वीकारता एवा पण बौध्धविशेषोनुं खंमन जाणवुं, केमके चारक्षण पछी पण ' थापण पाछी मागवाआदिक ' व्यवहारो देखाय छे. माटे एवीरीते अनेक दोषो

तस्य महत् साहसमिति काव्यार्थः ॥

।२१। अथ ताथागताः क्षणक्षयपक्षे सर्वव्यवहाराऽनुपपत्तिं परैः सञ्जावितामाकर्ण्येत्थं प्रतिपादयिष्यन्ति। यत्पदार्थानां क्षणिकत्वेऽपि वासनाबललब्धजन्मना ऐक्याध्यवसायेन ऐहिकामुष्मिकव्यवहारप्रवृत्तेः कृतप्रणाशादिदोषा निरवकाशा एवेति तदाकूतं परिहर्तुकामस्तत्कल्पितवासनायाः क्षणपरंपरातो भेदाऽभेदाऽनुभयलक्षणे पक्षत्रयेऽपि असंघटमानत्वं दर्शयन् । स्वाभिप्रेतभेदाऽभेदस्याद्वादमकामानपि[१] तानङ्गीकारयितुमाह ।

आवी पम्ता छतां पण जे क्षणभंगवादने स्वीकारे छे, तेनुं मोटुं साहस छे. एवीरीते अढारमा काव्यनो अर्थ जाणवो.

। २१ । हवे ( बौधशाखावाला ) ताथागतो छे ते, क्षणक्षयपक्षमां अन्योए कहेली सर्व व्यवहारोनी अप्राप्ति सांभलीने नीचे प्रमाणे अंगीकार करशे. पदार्थोने क्षणिकपणुं होते छते पण, वासनाना सामर्थ्यथी मलेल छे जन्म जेने एवा एकपणाना अध्यवसायें करीने, आ लोक अने परलोकसंबंधि व्यवहारनी प्रवृत्ति थवाथी ' कृतप्रणाशादिक ' दोषो, एटले ' करेलां कर्मोनो विनाश ' आदिक दोषो आवताज नथी; एवीरीतना ते ताथागतोना अभिप्रायनो परिहार करवानी इच्छावाला एवा आचार्यमहाराज, तेओए कल्पेली वासनानुं, क्षणपरंपराथी भेद, अभेद अने नही भेदाऽभेद, एवीरीतना त्रणे पक्षमां पण नही घटवापणुं देखाम्ता थका, अने पोते मानेला भेदाऽभेदरूप स्याद्वादने नहीं इच्छता एवा पण ते ताथागतोने, ते स्याद्वादमत अंगीकार कराववामाटे कहे छे.

[१] । मकाम्यमानपि । इति द्वितीयपुस्तकपाठः ॥

सा वासना सा क्षणसन्ततिश्च
नाऽभेदभेदाऽनुभयैर्घटेते ।
ततस्तटाऽदर्शिशकुन्तपोत-
न्यायात्त्वदुक्तानि परे श्रयन्तु ॥ १९ ॥

ते वासना अने ते क्षणपरंपरा बन्ने, अभेद, भेद अने नही भेदाऽभेद, एम त्रणे पक्षोवमे घटती नथी; माटे ( हे प्रभु! ) ते पर एवा तायागतो, किनाराने नही जोता एवा पक्षीना बच्चांना उदाहरणथी, आपना स्याद्वादरूप वचनो स्वीकारो? ॥ १९ ॥

---

। १ । सा शाक्यपरिकल्पिता त्रुटितमुक्तावलीकल्पानां परस्परविशकलितानां क्षणानामन्योऽन्यानुस्यूतप्रत्ययजनिका एकतन्तुस्थानीया सन्तानापरपर्याया वासना । वासनेति पूर्वज्ञानजनितामुत्तरज्ञाने शक्तिमाहुः । २ । सा च क्षणसन्ततिस्तद्दर्शनप्रसिद्धा प्रदीपकलिकावन्नवनवोत्पद्यमानाऽपराऽपरसदृशक्षणपरंपरा । एते द्वे अपि अभेदभेदाऽनुभयैर्न घटेते । ३ । न तावदभेदेन तादात्म्येन ते घटेते । तयोर्हि अ-

---

। १ । ते शाक्ये ( बुधे ) कल्पेली, त्रुटेली मोतीनी माला सरखा अने परस्पर विशकलित एवा क्षणोनी एकबीजासाथे संधायेलानी प्रतीति उत्पन्न करनारी अने एक तंतुमां रहेनारी तथा 'संतान' छे बीजुं नाम जेनुं एवी वासना. पूर्वज्ञाने उत्पन्न करेली एवी उत्तरज्ञानमां जे शक्ति, तेने वासना कहे छे. । २ । अने ते एटले ते बौधदर्शनमां प्रसिध्ध एवी क्षणसंतति, अर्थात् दीपकनी शिखानीपेठे नवीनवी उत्पन्न थती एवी अपरअपर क्षणपरंपरा. एवीरीतनी ते वासना अने क्षणपरंपरा बन्ने अभेद, भेद अने नही भेदाऽभेद एम त्रणे पक्षोवमे घटती नथी. ( ते कहे छे. ) । ३ । अभेदें करीने एटले तादात्म्यपणावमे ते

भेदे वासना वा स्यात् क्षणपरंपरा वा । न द्वयं । यद्धि यस्मादभिन्नं न तत्ततः पृथगुपलभ्यते । यथा घटात् घटस्वरूपं । केवलायां वासनाया-मन्वयिस्वीकारः । वास्याऽभावे च किं तया वासनीयमस्तु । इति तस्या अपि न स्वरूपं वितिष्ठते । क्षणपरंपरामात्राङ्गीकरणे च प्राञ्च एव दोषाः । ४ । न च भेदेन ते युज्येते । सा हि भिन्ना वासना क्षणिका स्या-दक्षणिका वा । क्षणिका चेत्तर्हि क्षणेभ्यस्तस्याः पृथक्कल्पनं व्यर्थं । अक्षणिका चेदन्वयिपदार्थाभ्युपगमेनागमबाधः तथा च पदार्थान्तराणां क्षणिकत्वकल्पनाप्रयासो व्यसनमात्रम् । ५ । अनुभयपक्षेणापि न व-र्टते । स हि कदाचिदेवं ब्रूयात् । नाहं वासनायाः क्षणश्रेणितोऽभेदं प्रतिपद्ये । न च भेदं । किं त्वनुभयमिति . तदप्यनुचितं । भेदाऽभेद-

---

बन्ने घटती नथी, केमके तेउना अभेदमां कांतो वासना होय, अथवा कांतो क्षणपरंपरा होय, परंतु बन्ने न होय, केमके जे जेनाथी अ-भिन्न होय, ते तेनाथी जूदुं होतुं नथी, जेम घटथी घटनुं स्वरूप. के-वल वासनामां अन्वयी स्वीकार छे; अने वास्यनो अभाव होते छते तेणीनावमे शुं वासीशकाशे? माटे एवीरीते ते वासनानुं स्वरूप पण टकी शकतुं नथी; अने मात्र क्षणपरंपरा स्वीकारवामां तो पूर्वनाज दोषो आवे छे. । ४ । हवे भेदवमे पण ते बन्ने घटीशकती नथी, केमके ते भिन्नवासना क्षणिक होय? के अक्षणिक होय? जो क्षणिक होय तो क्षणोथी तेणीनी जूदी कल्पना करवी फोकट छे; अने तेम होते छते तो बीजा पदार्थोना क्षणिकपणानी कल्पनानो जे प्रयास करवो, ते फक्त व्यसनरूपज छे. । ५ । हवे अनुभयपक्षवमे पण ते बन्ने घ-टती नथी. (ते कहे छे) ते वादी कदाच एम कहे के, हुं वासनानो क्षणपरंपराथी अभेद स्वीकारतो नथी, तेम भेद पण स्वीकारतो नथी, परंतु अनुभय एटले नही अभेद अने नही भेद, एम स्वीकारुं छुं.

योर्विधिनिषेधरूपयोरेकतरप्रतिषेधेऽन्यतरस्यावश्यं विधिभावादन्यतरपक्षाभ्युपगमस्तत्र च प्रागुक्त एव दोषः ।६। अथवाऽनुभयरूपत्वेऽवस्तुत्वप्रसङ्गः। भेदाऽभेदलक्षणपक्षद्वयव्यतिरिक्तस्य मार्गान्तरस्याऽनस्तित्वात्। अनार्हतानां हि वस्तुना भिन्नेन वा भाव्यमभिन्नेन वा। तदुभयाऽतीतस्य वन्ध्यास्तनन्धयप्रायत्वात् । एवं विकल्पत्रयेऽपि क्षणपरंपरावासनयोरनुपपत्तौ पारिशेष्याद्भेदाऽभेदपक्ष एव कक्षीकरणीयः ।७। न च "प्रत्येकं यो भवेद्दोषो द्वयोर्भावे कथं न सः" इति वचनादत्रापि दोषतादवस्थ्यमिति वाच्यं । कुक्कुटसर्पनरसिंहादिवज्जात्यन्तरत्वादनेकान्तपक्षस्य ।८। नन्वार्हतानां वासनाक्षणपरंपरयोरङ्गीकार एव नास्ति । तत्कथं तदाश्रयभेदाऽभेदचिन्ता चरितार्था इति चेन्नैवं । स्याद्वाद-

---

पण वादीनुं ते कहेवुं उचित नथी, केमके विधिनिषेधरूप एवा भेदाऽभेदमांथी एकनो ज्यारे निषेध करवामां आवे, त्यारे बीजाना अवश्यविधिभावथी बेमांथी एक पक्षनो स्वीकार थायज, अने तेम करवामां तो पूर्वे कहेलोज दोष आवी उभे छे. ।६। अथवा अनुभयस्वरूपपणामां अवस्तुपणानो प्रसंग थाय छे, केमके भेदाऽभेदलक्षणवाला बे मार्गोशिवाय त्रीजो मार्ग तो नथी; कारणके जेउ जैनमतने नथी मानता, तेउए मानेलो पदार्थ कांतो भिन्न होय अने कांतो अभिन्न होय, केमके ते बे शिवाय त्रीजो पक्ष तो (तेउमाटे) वंध्यापुत्र सरखो छे, अर्थात् नथी. एवीरीते त्रणे विकल्पोमां क्षणपरंपरा अने वासनानी उपपत्ति न होते छते बाकी रहेलो भेदाऽभेद पक्षज स्वीकारवालायक रह्यो. ।७। वली 'एकमां जे दोष होय, ते बन्नेना भावमां केम न होय ?' एवीरीतना वचनथी अहीं पण तेवोज दोष आवे छे, एम नही बोलवुं; केमके कुकडसर्प तथा नरसिंहादिकनीपेठे अनेकांतपक्षने जात्यंतरपणुं छे. ।८। जैनोने तो वासना अने क्षणपरंपरानो स्वीकारज

वादिनामपि हि प्रतिक्षणं नवनवपर्यायपरंपरोत्पत्तिरभिमतैव । तथा च क्षणिकत्वं । अतीताऽनागतवर्तमानपर्यायपरंपरानुसन्धायकं चान्वयि द्रव्यं । तच्च वासनेतिसंज्ञान्तरभागपि अभिमतमेव । न खलु नामभेदाद्वादः कोऽपि कोविदानां । ए । सा च प्रतिक्षणोत्पद्यिष्णुपर्यायपरंपराऽन्वयिद्रव्यात्कथंचिद्भिन्ना कथंचिदभिन्ना । तथा तदपि तस्याः स्याद्भिन्नं स्यादभिन्नमिति । पृथक्प्रत्ययव्यपदेशविषयत्वाद्भेदो द्रव्यस्यैव च तथा तथा परिणमनादभेदः । एतच्च सकलादेशविकलादेशव्याख्याने पुरस्तात्प्रपञ्चयिष्यामः ।१०। अपि च बौद्धमते वासनापि तावन्नघटते इति निर्विषया तत्र भेदादिविकल्पचिन्ता । तल्लक्षणं हि पूर्वक्षणेनो-

---

नथी, तो पछी तेउने लगतो भेदाऽभेदनो विचार तेउए शामाटे करवो जोइए? एम जो तुं कहीश, तो ते तेम नथी; केमके स्याद्वादवादीउए पण क्षणक्षणप्रते नवानवा पर्यायोनी परंपरानी उत्पत्ति स्वीकारेलीज छे; अने एवीरीते तेउए क्षणिकपणुं मानेलुं छे; वळी भूत, भविष्य अने वर्तमानकाळना पर्यायोनी परंपराने जोमनारुं एवुं चाल्युं आवतुं द्रव्य छे, के जेने संज्ञांतरथी वासनारूपज मानेलुं छे; अने नामना भेदथी विद्वानोने कंइ विवाद होतो नथी. । ए । वळी क्षणेक्षणे उत्पन्नथती एवी ते पर्यायोनी श्रेणि, चाल्याआवता द्रव्यथी कथंचिद् भिन्न छे, अने कथंचिद् अभिन्न छे, अने ते द्रव्य पण ते पर्यायश्रेणिथी कथंचिद् भिन्न छे, अने कथंचिद् अभिन्न छे, अने एवीरीते भिन्न प्रतीतिना व्यपदेशना विषयवाळो होवाथी भेद छे, अने तेवा तेवा परिणमनथी द्रव्यनोज अभेद छे; अने ते संबंधि विशेष व्याख्यान सकलादेश अने विकलादेशना व्याख्यानसमये आगळ करीशुं. । १० । वळी बौधमतमां वासना पण घटती नथी, माटे ते संबंधि भेदादिक विकल्पोनी चिंता विषयविनानी छे; ते वासनानुं लक्षण एके,

त्तरक्षणस्य वास्यता न चाऽस्थिराणां भिन्नकालतयाऽन्योन्याऽसंबद्धाना च तेषां वास्यवासकभावो युज्यते। स्थिरस्य संबद्धस्य च वस्त्रादेर्मृगमदादिना वास्यत्वं दृष्टमिति । ११ । अथ पूर्वचित्तसहजाचेतनाविशेषात्पूर्वशक्तिविशिष्टं चित्तमुत्पद्यते । सोऽस्य शक्तिविशिष्टचित्तोत्पादो वासना । तथा हि । पूर्वचित्तं रूपादिविषयं प्रवृत्तिविज्ञानं यत्तत्षड्विधं। पञ्च रूपादिविज्ञानान्यविकल्पकानि । षष्ठं च विकल्पविज्ञानं । तेन सह जातः समानकालश्चेतनाविशेषोऽहंकारास्पदमालयविज्ञानं तस्मात्पूर्वशक्तिविशिष्टचित्तोत्पादो वासनेति । १२ । तदपि न । अस्थिरत्वाद्वासकेनाऽसम्बन्धाच्च । यश्चासौ चेतनाविशेषः पूर्वचित्तसहभावी । स

---

पूर्वक्षणे करीने उत्तरक्षणनुं वास्यपणुं; अने अस्थिर तथा भिन्नकालपणायें करीने परस्पर नहीं जोमायेला एवा ते क्षणोने वास्यवासकभाव घटतो नथी; अने स्थिर तथा जोमायेला एवा वस्त्रादिकने कस्तूरीआदिकवमे वास्यपणुं देखायुं छे. । ११ । (अहीं वादी कहे छे के) पूर्वचित्तनीसाथे उत्पन्न थयेला चेतनाविशेषथी पूर्वशक्तियें करीने युक्त एवुं चित उत्पन्न थाय छे, अने ते आनी शक्तिविशिष्ट चित्तनी उत्पत्तिरूप वासना छे. कह्युं छे के, रूपादिकना विषयोवालुं प्रवृत्तिविज्ञानरूप जे पूर्वचित्त, ते छ प्रकारनुं छे; तेमां पांच रूपादिकविज्ञानो विकल्पविनानां छे, अने छठुं विकल्पविज्ञान छे; ते पूर्वचित्तनीसाथे उत्पन्न थयेलो तुल्यसमयवालो जे चेतनाविशेष, अर्थात् अहंकारना स्थानकरूप जे आलयविज्ञान, तेथी पूर्व शक्तियेंकरीने युक्त एवी जे चित्तोत्पत्ति, ते वासना कहेवाय. । १२ । (हवे ते वादीने तेनो उत्तर आपे छे के) तारुं ते कहेवुं पण युक्त नथी, केमके ते अस्थिर छे, तथा वासकसाथे संबंधविनानुं छे. वली पूर्वचित्तनी साथे थनारो जे आ चेतनाविशेष छे, ते वर्तमान चित्तप्रते उपकार करतो

न वर्तमाने चेतस्युपकारं करोति । वर्तमानस्याऽशक्याऽपनेयोपनेयत्वे-नाऽविकार्यत्वात् । तद्धि यथा भूतं जायते तथा भूतं विनश्यति इति । १३ । नाप्यनागते उपकारं करोति । तेनसहासंबद्धत्वात् । असंबद्धं च न भावयतीत्युक्तं । तस्मात् सौगतमते वासनापि न घटते । अत्र च स्तुतिकारेणाऽभ्युपेत्यापि तामन्वयिद्रव्यस्थापनाय भेदादिचर्चा विरचितेति भावनीयम् । १४ । अथोत्तरार्धव्याख्या । तत इति पक्षत्रयेऽपि दोषसद्भावात्त्वदुक्तानि भवद्वचनानि भेदाभेदस्याद्वादसंवाद-पूतानि परे कुतीर्थ्याः प्रकरणान्मायातनयाः श्रयन्तु आद्रियन्तां ।१५। अत्रोपमानमाह । तटादर्शीत्यादि । तटं न पश्यतीति तटाऽदर्शी यः शकुन्तपोतः पक्षिशावकस्तस्य न्याय उदाहरणं तस्मात् । यथा किल

---

नथी; केमके वर्तमानने दूरकरवापणुं अने समीपलाववापणुं अशक्य होवाथी, अविकारीपणुं छे; कारणके ते तो जेवुं उत्पन्न थाय छे, तेवुं नाश पामे छे. । १३ । वली ते चेतनाविशेष भविष्यकालना चित्तप्रते पण उपकार करतो नथी, केमके तेनीसाथे तेनो संबंध नथी; अने संबंधविनानुं तो लागु पडतुं नथी ते उपर कह्युं छे; माटे एवीरीते बौधमतमां वासना पण घटती नथी. अहीं स्तुतिकारे ते वासनाने स्वीकारीने पण चाल्याआवता एवा द्रव्यनी स्थापनामाटे भेदादिकनी चर्चा करेली छे एम जाणवुं. । १४ । हवे काव्यना उत्तरार्धनुं व्याख्यान करे छे. तेथी एटले ते उपरं वर्णवेला त्रणे पक्षोमां दूषण आववाथी (हे प्रभु!) आपनां भेदाऽभेदरूप स्याद्वादसंवादथी पवित्र थयेलां वचनोनो ते कुतीर्थीउ एटले प्रस्तावथी ते बौधो आदर करो? ।१५। अहीं उपमा कहे छे. तटने एटले किनाराने जे नथी जोतुं ते तटाऽदर्शी कहेवाय; एवुं जे पक्षिनुं बच्चुं तेना उदाहरणथी. अपार एवा समुद्रनीअंदर अचानक पडीगयेलुं कागडाआदिकपक्षिनुं बच्चुं, बहार

कथमप्यपारपारावारान्तःपतितः काकादिशकुनिशावको बहिर्निर्जिगमिषया प्रवहणकूपस्तम्भादेस्तटप्राप्तये मुग्धतयोड्डीनः समंताज्जलैकार्णवमेवावलोकयंस्तटमदृष्ट्वैव निर्वेदाद्व्यावृत्य तदेव कूपस्तंभादिस्थानमाश्रयते । गत्यन्तराऽभावात् । एवं तेऽपि कुतीर्थ्याः प्रागुक्तपक्षत्रयेऽपि वस्तुसिद्धिमनासादयन्तस्त्वदुक्तमेव चतुर्थं भेदाऽभेदपक्षमनिच्छयापि बलात्कुर्वाणाः त्वच्छासनमेव प्रतिपद्यन्तां । नहि स्वस्यबलविकलतामाकलय्य बलीयसः प्रभोः शरणाश्रयणं दोषपोषाय नीतिशालिनां । १८ । त्वदुक्तानीतिबहुवचनं सर्वेषामपि तन्त्रान्तरीयाणां पदे पदेऽनेकान्तवादप्रतिपत्तिरेव यथाऽवस्थितपदार्थप्रतिपादनौपयिकं नान्यदिति ज्ञापनार्थं । अनन्तधर्मात्मकस्य वस्तुनः सर्वनयात्मकेन स्याद्वादेन विना यथावद् ग्रहीतुमशक्यत्वात् । इतरथाऽन्धगजन्यायेन पल्लवग्राहिताप्रसङ्गात् । १९ ।

---

निकलवानी इच्छाथी, वहाणना कुवाथंभआदिकथी किनारो मेलववामाटे मुग्धपणावडे उड्याबाद चोतरफ केवल पाणीमयज जोतुंथकुं, किनाराने नही जोइने, थाकीने पाछुं वलीने, बीजो आधार नही मलवाथी जेम तेज कुवाथंभनो आश्रय ले छे, तेम ते कुतीर्थीओ पण पूर्वे कहेला त्रणे पक्षोमां वस्तुसिद्धिने नही मेलवता थका, आपे कहेला भेदाऽभेदरूप चोथा पक्षने, इच्छाविना पण अंगीकार करताथका आपना शासननेज स्वीकारो ? केमके पोताना बलनी विकलता जोइने, बलवान् स्वामीनुं जे शरणुं लेवुं, ते नीतिवानो माटे दूषणयुक्त नथी. । १८ । अहीं 'त्वदुक्तानि' ए बहुवचनांतपद, सर्वे अन्यदर्शनीओने पगलेपगले अनेकांतवादनो स्वीकारज यथार्थ वस्तुना स्विकारमाटे उपायभूत छे, पण बीजुं कंइ उपायभूत नथी, एम जणाववामाटे छे, केमके अनंतधर्मवालो पदार्थ सर्वनयरूप स्याद्वादविना ग्रहण करी शकातो नथी; अने जो ते स्याद्वादने न स्वीकारे, तो 'आंधला अने

श्रयन्तीति वर्तमानान्तं केचित्पठन्ति तत्राप्यदोषः। अत्र च समुद्रस्थानीयः संसारः। पोतसमानं त्वच्छासनं। कूपस्तंभसन्निभः स्याद्वादः। पक्षिपोतोपमा वादिनः। ते च स्वाभिमतपक्षप्ररूपणोद्गयनेन मुक्तिलक्षणतटप्राप्तये कृतप्रयत्ना अपि तस्मादिष्टार्थसिद्धिमपश्यन्तो व्यावृत्य स्याद्वादरूपकूपस्तंभालंकृततावकीनशासनप्रवहणोपसर्पणमेव यदि शरणीकुर्वते तदा तेषां भवार्णवाद्बहिर्निष्क्रमणमनोरथः सफलतां कलयति। नाऽपरथेति काव्यार्थः[१]।

। १८ । एवं क्रियावादिनां प्रावादुकानां कतिपयकुग्राहनिग्रहं वि-

---

हार्थीना ' न्यायें करीने देशग्राहिपणानो प्रसंग आवे. । १७ । अहीं ' श्रयंतु ' ने बदले ' श्रयंति ' एवुं वर्तमानांत पद केटलाको कहे छे, तेमां पण कंइ दूषण नथी. वली अहीं समुद्रने स्थानके संसार जाणवो. वहाणसमान आपनुं शासन. कुवार्थंभसरखो स्याद्वाद. पक्षिना बच्चां सरखा वादीउ; अने ते वादीउ पोते मानेला पक्षना प्ररुपणरूप उन्नायें करीने मुक्तिरूप किनाराना प्राप्तिमाटे प्रयत्न करता थका पण, तेथी इष्ट अर्थनी सिद्धिने नहीं जोताथका, पाछा वलीने स्याद्वादरूप कुवार्थंभथी शोभता एवा आपना शासनरूपीज वहाणपर जो चडवानुं स्वीकारे, तो तेउनो भवरूपी समुद्रमांथी बहार निकलवानो मनोरथ सफल थाय; परंतु बीजीरीते सफल न थाय; एवी रीते उगणीसमा काव्यनो अर्थ जाणवो.

। १८ । एवीरीते क्रियावादी वादीउना केटलाक कदाग्रहोनुं खं-

---

१ अथवा शकुन्तपोतयोर्न्याय्यः स इत्यपि व्याख्यानं स्वधिया भावनीयम्। अत्र पोतशब्देन प्रवहणमुच्यते ॥ इति द्वितीयपुस्तकाधिकः पाठः ॥ = अर्थः = अथवा ते पक्षी अने वहाणनो न्याय एवीरीतनुं व्याख्यान पण पोतानी बुद्धिपूर्वक जाणी लेवुं। अहीं पोत शब्देकरीने वहाण कहेवाय छे ॥

धाय सांप्रतमक्रियावादिनां लौकायतिकानां मतं सर्वाधमत्वादन्ते उपन्यसन् तन्मतमूख्यस्य प्रत्यक्षप्रमाणस्यानुमानादिप्रमाणान्तरानङ्गीकारेऽकिञ्चित्करत्वप्रदर्शनेन तेषां प्रज्ञायाः प्रमादमादर्शयति ।

विनाऽनुमानेन पराभिसन्धि-
मसंविदानस्य तु नास्तिकस्य ॥
न सांप्रतं वक्तुमपि क्व चेष्टा ।
क्व दृष्टमात्रं च हहा प्रमादः ॥ २० ॥

अनुमानविना परना अभिप्रायने नही जाणता एवा नास्तिकने बोलवुं पण युक्त नथी ; केमके क्यां चिन्ह ! अने क्यां प्रत्यक्ष ! अहो ! ते नास्तिकनुं प्रमत्तपणुं छे ! ॥ २० ॥

---

। १ । प्रत्यक्षमेवैकं प्रमाणमिति मन्यते चार्वाकस्तत्रसंनह्यते । अनु पश्चाल्लिङ्गलिङ्गिसम्बन्धग्रहणस्मरणानन्तरं मीयते परिच्छिद्यते देशकालस्वभावविप्रकृष्टोऽर्थोऽनेन ज्ञानविशेषेणेत्यनुमानं । प्रस्तावात्स्वार्था-

---

मन करीने, हवे अक्रियावादी एवा नास्तिकोनो जे मत, ते सर्वथी अधम होवाथी तेने अंते स्थापता थका, तेना मतनुं मूलरूप जे प्रत्यक्षप्रमाण, ते अनुमानादिक प्रमाण नही स्वीकारते छते कंइ पण उपयोगनुं नथी, एम देखामवावमे करीने, ते नास्तिकोनी बुद्धिनो प्रमाद देखामे छे.

। १ । नास्तिक छे ते एक प्रत्यक्ष प्रमाणनेज माने छे, तेनुं हवे खंमन कराय छे. अनु एटले पाछलथी अर्थात् लिंग अने लिंगीना संबंधना ग्रहण अने स्मरण पछी, देश, काल अने स्वभावे करीने दूर एवा पदार्थनुं, जे ज्ञानविशेषवमे परिच्छेदन कराय, ते अनुमान कहेवाय. अहीं प्रस्तावथी स्वार्थानुमान जाणवुं ; ते अनुमान एटले

नुमानं । तेनानुमानेन लैङ्गिकप्रमाणेन विना पराभिसन्धिं पराभिप्राय-मसंविदानस्य सम्यगजानानस्य । २ । तुशब्दः पूर्ववादिभ्यो भेदद्योतनार्थः । पूर्वेषां वादिनामास्तिकतया विप्रतिपत्तिस्थानेषु क्षोदः कृतः । नास्तिकस्य तु वक्तुमपि नोचितो । कुत एव तेन सह क्षोद इति तु-शब्दार्थः । ३ । नास्ति परलोकः पुण्यं पापमिति वा मतिरस्य "नास्तिकादैष्टिकमिति" निपातनान्नास्तिकस्तस्य नास्तिकस्य लौकायतिकस्य वक्तुमपि न सांप्रतं वचनमप्युच्चारयितुं नोचितं । ततस्तूष्णींभाव एवाऽस्य श्रेयान् । दूरे प्रामाणिकपरिषदि प्रविश्य प्रमाणोपन्यासगोष्ठी । ४ । वचनं हि परप्रत्यायनाय प्रतिपाद्यते । परेण चाप्रतिपित्सितमर्थं प्रतिपादयन्नसौ सतामवधेयवचनो भवति उन्मत्तवत् । ५ । ननु क-

---

लैंगिक प्रमाणविना परना अभिप्रायने सारीरीते नही जाणता एवा नास्तिकने तो बोलवुं पण उचित नथी. । २ । अहीं 'तु' शब्द पूर्ववादिउथी ते नास्तिकनो भेद देखाडवामाटे छे. पूर्वोक्त वादीउ आस्तिक होवाथी तेउना उलटाअंगीकारोनुं खंडन कर्युं छे, परंतु नास्तिकने तो बोलवुं पण उचित नथी, तो पछी तेनीसाथे झगडो शामाटे करवो जोइए? एवीरीतनो 'तु' शब्दनो अर्थ छे. । ३ । परलोक, पुण्य के पाप नथी, एवी जेनी बुद्धि छे, ते नास्तिक कहेवाय. 'नास्तिकादैष्टिकं' एवीरीतना निपातनथी 'नास्तिक' शब्द थयो छे. एवीरीतना नास्तिकने तो वचन पण उचारवुं उचित नथी; माटे तेने प्रामाणिकोनी सभामां दाखल थइने प्रमाणने स्थापवानी वात तो दूर रही, परंतु तेने तो मुंगा रहेवुंज सारुं छे. । ४ । वचन छे ते परने प्रतीतिकराववामाटे प्रतिपादन कराय छे; अने परे नही प्रतिपादनकरवाने इच्छेला अर्थने प्रतिपादन करतो एवो आ नास्तिक, उन्मत्तनीपेठे विद्वानोप्रते अवधेय एटले नही स्वीकारवालायक वचनवालो थाय

थमिव तूष्णीकतैवास्यश्रेयसी । यावता चेष्टाविशेषादिना प्रतिपाद्यस्याऽभिप्रायमनुमाय सुकरमेवानेन वचनोच्चारणमित्याशङ्क्याह । क चेष्टा क दृष्टमात्रं चेति । केति बृहदन्तरे । चेष्टा इङ्गितं पराभिप्रायरूपस्यानुमेयस्य लिङ्गं क । च दृष्टमात्रं दर्शनं दृष्टं । भावे क्तः । दृष्टमेव दृष्टमात्रं । प्रत्यक्षमात्रं । तस्य लिंगनिरपेक्षप्रवृत्तित्वात् । अत एव दूरमन्तरमेतयोः । न हि प्रत्यक्षेणातीन्द्रियाः परचेतोवृत्तयः परिज्ञातुं शक्यास्तस्यैन्द्रियकत्वात् । मुखप्रसादादिचेष्टया तु लिंगभूतया पराभिप्रायस्य निश्चयेऽनुमानप्रमाणमनिच्छतोऽपि तस्य बलादापतितं ।६। तथा हि । मद्वचनश्रवणाऽभिप्रायवानयं पुरुषस्तादृग् मुखप्रसादादिचे-

---

छे. ।५। आ नास्तिकने मुंगारहेवुंज शामाटे सारुं छे? केमके चेष्टाविशेषादिकवमे प्रतिपाद्यना अभिप्रायनुं अनुमान करीने, तेने वचन बोलवुं तो सेहेलुंज छे, एवी आशंका करीने हवे कहे छे के, क्यां चेष्टा? अने क्यां प्रत्यक्षमात्र? अहीं 'क्व' शब्द मोटा अंतरमाटे छे. चेष्टा एटले इंगित, अर्थात् परना अभिप्रायरूप अनुमेयनुं लिंग. ते लिंग क्यां? अने दृष्टमात्र एटले प्रत्यक्षमात्र क्यां? ( अहीं 'दृशने' भावअर्थमां 'क्त' थयो छे.) केमके प्रत्यक्ष तो लिंगनी अपेक्षा नही राखनारी प्रवृत्तिवालुं छे; माटे ते लिंग अने प्रत्यक्षवच्चे मोटुं अंतर छे; केमके परना चित्तमां रहेला अतींद्रिय अभिप्रायो प्रत्यक्षप्रमाणवमे जाणी शकाता नथी, केमके ते प्रत्यक्षने तो इंद्रियविषयपणुं छे; अने मुखप्रसादादिक चेष्टा तो लिंगभूत होवाथी, तेवमे परना अभिप्रायनो निश्चय करवामां, नही इच्छता एवा पण ते नास्तिकने पराणे अनुमानप्रमाण मानवानुं आवी पड्युं. ।६। ते नास्तिक कहे छे के 'आ पुरुष मारा वचनोने सांभलवाना अभिप्रायवालो लागे छे, केमके जो तेम न होय, तो तेवीरीतनी तेनी मुखप्रसादादिक

ष्टाऽन्यथाऽनुपपत्तेरिति । अतश्च हहा प्रमादः। हहा इति खेदे अहो तस्य प्रमादः प्रमत्तता । यदनुभूयमानमप्यनुमानं प्रत्यक्षमात्राङ्गीकारेणापन्हुते ।७। अत्र च संपूर्वस्य वेत्तेरकर्मकत्वे एवात्मनेपदं । अत्र तु कर्मास्ति । तत्कथमत्रानश । अत्रोच्यते । अत्र संवेदितुं शक्तः संविदान इति कार्यं । "वयःशक्तिशील" इति शक्तौ शानविधानात् ) ततश्चायमर्थोऽनुमानेन विना पराभिसंहितं सम्यग्वेदितुमशक्तस्येति ।८। एवं परबुद्धिज्ञानाऽन्यथाऽनुपपत्त्याऽयमनुमानं हठादङ्गीकारितः । तथा प्रकारान्तरेणाप्ययमङ्गीकारयितव्यस्तथाहि ।९। चार्वाकः काश्चित् ज्ञानव्यक्तीः संवादित्वेनाऽव्यभिचारिणीरुपलभ्यान्याश्च विसंवादित्वेन

---

चेष्टा थाय नही.' माटे हहा! इति खेदे, ते नास्तिकनो केटलो बधो प्रमाद छे? के प्रत्यक्षमात्रना अंगीकारवडे अनुभवाता एवा पण अनुमानने ते उलवे छे!! ।७। ( अहीं 'सम्' उपसर्ग छे पूर्वे जेने एवी 'विद्' धातुने अकर्मकपणामांज आत्मनेपदीरूप थाय छे, अने अहीं तो कर्म छे, तो पछी अहीं 'आनश' केम आवेल छे? तेने माटे कहीये छीये. अहीं संवेदवाने जे शक्तिवान् ते 'संविदानः' एम करवुं. केमके "वयः शक्तिशील" ए सूत्रथी शक्तौ शान आवेल छे. ) माटे एवो अर्थ जाणवो के, अनुमानप्रमाणविना परना अभिप्रायने सारीरीते जाणवाने नास्तिक शक्तिवान् नथी. ।८। एवीरीते परनी बुद्धिना ज्ञाननी अन्यथाप्रकारे अप्राप्ति होवाथी, आ नास्तिकने बलात्कारे अनुमानप्रमाण अंगीकार कराववुं पड्युं छे. वली बीजा प्रकारथी पण तेने नीचे प्रमाणे अनुमानप्रमाण अंगीकार कराववुं. ते कहे छे. ।९। चार्वाक एटले नास्तिक छे ते केटलीक ज्ञानव्यक्तिओने संवादिपणावडे व्यभिचारविनानी, अने बीजी ज्ञानव्यक्तिओने विसंवादिपणावडे व्यभिचारवाली स्वीकारीने, तथा वली कालांतरे तेवी अने

व्यभिचारिणीः । पुनः कालान्तरे तादृशीतराणां ज्ञानव्यक्तीनामवश्यं-प्रमाणेतरते व्यवस्थापयेत् । १० । न च सन्निहितार्थबलेनोत्पद्यमानं पूर्वापरपरामर्शशून्यं प्रत्यक्षं पूर्वापरकालभाविनीनां ज्ञानव्यक्तीनां प्रामाण्याप्रामाण्यव्यवस्थापकं निमित्तमुपलक्षयितुं क्षमते । न चायं स्वप्रतीतिगोचराणामपि ज्ञानव्यक्तीनां परं प्रति प्रामाण्यमप्रामाण्यं वा व्यवस्थापयितुं प्रभवति । ११ । तस्माद्यथादृष्टज्ञानव्यक्तिसाधर्म्यद्वारेणेदानीन्तनज्ञानव्यक्तीनां प्रामाण्याऽप्रामाण्यव्यवस्थापकं परप्रतिपादकं च प्रमाणान्तरमनुमानरूपमुपासीत । परलोकादिनिषेधश्च न प्रत्यक्षमात्रेण शक्यः कर्तुं । संनिहितमात्रविषयत्वात् तस्य । १२ । परलोकादिकं चाप्रतिषिध्य नायं सुखमास्ते । प्रमाणान्तरं च नेच्छतीति किं-

---

तेथी इतर एवी ज्ञानव्यक्तिउनुं निश्चयें करीने प्रमाणपणुं अने अप्रमाणपणुं स्थापन करे. । १० । पण नजदीक रहेला पदार्थना सामर्थ्यवडे उत्पन्न थतुं अने आगल पाछलना विचारविनानुं एवुं प्रत्यक्षप्रमाण छे ते, पूर्वापरकाले थनारी ज्ञानव्यक्तिउना प्रमाणपणाने अने अप्रमाणपणाने स्थापनारा निमित्तने उलखवाने समर्थ थतुं नथी. वली आ नास्तिक छे ते, पोताने प्रतीत थती एवी पण ज्ञानव्यक्तिउनुं प्रमाणपणुं अथवा अप्रमाणपणुं परप्रते स्थापवाने शक्तिवान् थतो नथी. । ११ । तेथी जेवी दीठी तेवी ज्ञानव्यक्तिना साधर्म्यद्वारवडे करीने, अहींनी ज्ञानव्यक्तिउना प्रमाणपणाने अने अप्रमाणपणाने स्थापनारा, अने परने स्वीकार करावनारा, एवा अनुमानरूप बीजा प्रमाणने तेणे स्वीकारवुं जोइये. वली परलोकादिकनो निषेध मात्र प्रत्यक्षप्रमाणवडे कंइ थइ शकतो नथी, केमके ते प्रत्यक्षप्रमाण तो मात्र नजदीकना विषयवालुं छे. । १२ । वली परलोकादिकने निषेध्याविना तो ते नास्तिकने सुख वलतुं नथी; अने बीजा प्रमाणने

ऽहेवाकः । किं च प्रत्यक्षस्याप्यर्थाऽव्यभिचारादेव प्रामाण्यं । कथमितरथा स्नानपानाऽवगाहनाद्यर्थक्रियाऽसमर्थे मरुमरीचिकानिचयचुम्बिनि जलज्ञाने न प्रामाण्यं । तच्चार्थप्रतिबद्धलिंगशब्दद्वारा समुन्मज्जतोरनुमानागमयोरप्यर्थाऽव्यभिचारादेव किं नेष्यते । १३ । व्यभिचारिणोरप्यनयोर्दर्शनादप्रामाण्यमिति चेत् प्रत्यक्षस्यापि तिमिरादिदोषान्निशीथिनीनाथयुगलावलम्बिनोऽप्रमाणस्य दर्शनात् सर्वत्राऽप्रामाण्यप्रसंगः । प्रत्यक्षाभासं तदिति चेदितरत्रापि तुल्यमेतदन्यत्र पक्षपातात् । १४ । एवं च प्रत्यक्षमात्रेण वस्तुव्यवस्थाऽनुपपत्तेस्तन्मूला जीवपुण्याऽपुण्यपरलोकनिषेधादिवादा अप्रमाणमेव । एवं नास्तिकाभि-

---

तो ते इच्छतो नथी, माटे एवीरीते ते नास्तिक बालक्याजीजेवो छे. वली प्रत्यक्षने पण पदार्थना अव्यभिचारथीज प्रमाणपणुं छे, अने जो तेम न होय तो, स्नान, पान तथा अवगाहनादिक क्रियामां असमर्थ एवा पण निर्जलप्रदेशमां रहेला मृगतृष्णाना समूहसंबंधि जलज्ञानमां शामाटे प्रमाणपणुं न थाय? वली ते प्रमाणपणुं, पदार्थसाथे जोमाएला लिंग अने शब्दद्वाराए लागु पमता अनुमान अने आगमप्रमाणने पण पदार्थना अव्यभिचारथीज शामाटे न कहेवाय? । १३ । ते अनुमान अने आगमप्रमाण तो व्यभिचारवालां पण देखावाथी तेउने प्रमाणपणुं नथी, एम जो कहीश, तो तिमिरादिक रोगना दोषथी बे चंद्रोने देखामतुं एवुं प्रत्यक्षप्रमाण पण अप्रमाणरूप देखावाथी सर्व जगोए अप्रमाणपणानो प्रसंग थशे. हवे जो कहीश के, ते तो प्रत्यक्षाभास छे, तो जो पक्षपात राख्याविना कहीश, तो ते अनुमान अने आगमप्रमाणमां पण तेमज छे. । १४ । एवीरीते मात्र प्रत्यक्षप्रमाणथी पदार्थोनी व्यवस्थानी अप्राप्ति थवाथी, तेना मूलरूप एवा जीव,

मतो भूतचिह्नादोऽपि निराकार्यः । तथा च द्रव्यालंकारकारः । उप-
योगवर्णने । १५ । न चायं भूतधर्म्मः । सत्त्वकठिनत्वादिवन्मद्याङ्गेषु
भ्रम्यादिमदशक्तिवद्वा प्रत्येकमनुपलंभात् । अनभिव्यक्तावात्मसिद्धिः ।
कायाकारपरिणतेभ्यस्तेभ्यः स उत्पद्यत इतिचेत्कायपरिणामोऽपि त-
न्मात्रभावी न कादाचित्कः । अन्यस्त्वात्मैव स्यात् । अहेतुत्वे न दे-
शादिनियमः । मृतादपि च स्यात् । शोणिताद्युपाधिः सुप्तादावप्यस्ति
न च सततस्तस्योत्पत्तिः भूयोभूयःप्रसंगात् । १६ । अलब्धात्मनश्च

---

पुण्य, पाप तथा परलोकादिकना निषेधादिक वचनो अप्रमाणरू-
पज थशे. वळी एवीरीते नास्तिकेमानेली पंचभूतोथी थती चेतनश-
क्तिनुं पण खंडन करवुं. उपयोगना वर्णनमां द्रव्यालंकारना कर्ता
कहे छे के— । १५ । आ उपयोग छे ते, पंचभूतोनो धर्म नथी,
केमके छतापणुं तथा कठिनपणुं इत्यादिकनीपेठे, अथवा मद्यांगोमां
भ्रमितपणादिक मदशक्तिनीपेठे, ते उपयोग दरेक भूतोमां मळी-
आवतो नथी; अने ज्यारे ते उपयोग एवीरीते भूतोमां प्रगट
नथी जणातो, त्यारे आत्मा छे, एवुं सिद्ध थाय छे. शरीरना आ-
काररूप ज्यारे ते भूतो परिणमे छे, त्यारे तेओथी ते उपयोग
उत्पन्न थाय छे, एम जो कहीश, तो ते कायपरिणाम पण
तन्मात्रभावी छे, पण कादाचित्क नथी. अने जो ते उपयोग
पंचभूतोथी जूदो होय, तो ते आत्माज छे. अहेतुपणामां दे-
शादिकनो नियम रहेतो नथी. वळी कायपरिणाम जो उपयो-
गनो हेतु होय, तो मरुदामांथी पण ते उपयोग थाय. वळी जो
कहीशके, मरुदांमां रुधिर नथी, तो रुधिरआदिकनी उपाधि उंघेलाआ-
दिकमां पण छे, पण वारंवार थवाना प्रसंगथी ते उंघेलाने ते छता
एवा उपयोगनी उत्पत्ति थती नथी. । १६ । वळी जे अछतो छे, तेने

प्रसिद्धमर्थक्रियाकारित्वं विरुध्यते । असतः सकलशक्तिविकलस्य कथमुत्पत्तौ कर्तृत्वमन्यस्यापि प्रसंगात्। तन्न भूतकार्यमुपयोगः ।१७। कुतस्तर्हि सुप्तोत्थितस्य तदुदयोऽसंवेदनेन चैतन्यस्याऽभावात् । न । जाग्रदवस्थाऽनुभूतस्य स्मरणात्। असंवेदनं तु निद्रोपघातात् ।१८। कथं तर्हि कायविकृतौ चैतन्यविकृतिर्नैकान्तः। श्वित्रादिना कश्मलवपुषोऽपि बुद्धिशुद्धेः। अविकारे च भावनाविशेषतः प्रीत्यादिभेददर्शनात्। शोकादिना बुद्धिविकृतौ कायविकाराऽदर्शनाच्च।१९। परिणामिना विना च न कार्योत्पत्तिः। न च भूतान्येव तथा परिणमन्ते विजातीयत्वात् । काठिन्यादेरनुपलम्भात्

---

अर्थक्रियाकारिपणामां विरोध आवे छे, केमके अन्य एवा शशशृंगादिकने पण ते प्रसंग थतो होवाथी सर्वशक्तिरहित एवा अछतानी उत्पत्तिमां कर्तापणुं क्यांथी आवे? माटे उपयोग छे ते, पंचभूतोनुं कार्य नथी. । १७ । नही मालुम पडवावडे करीने चैतन्यना अभावथी, उंघीउठेलाने ते उपयोगनो उदय त्यारे क्यांथी थाय छे ? एम जो कहीश, तो ते युक्त नथी ; केमके जागती अवस्थामां जे अनुभव्युं होय, तेनुं स्मरण थाय छे; अने नही मालुमपडवापणुं तो निद्राना उपघातथी छे. । १८ । त्यारे कायानो विकार होते छते शुं चैतन्यनो पण विकार थाय? तोके तेवुं एकांत नथी; केमके श्वेतकोढादिकवडे रोगीष्ट शरीरवालानी पण शुद्धबुद्धि देखाय छे. वली अविकारमां भावनाविशेषथी प्रीत्यादिकभेद देखाय छे तथा शोकादिकवडे बुद्धिनो विकार होतेछते कायानो विकार देखातो नथी. । १९ । वली परिणामीविना कार्यनी उत्पत्ति थती नथी ; तेम ते पंचभूतोज तेवीरीते एटले उपयोगरूप परिणमता नथी, केमके तेओ विजातीय छे; कारणके ते उपयोगमां का-

।२०। अणव एव चेन्द्रियग्राह्यत्वरूपां स्थूलतां प्रतिपद्यन्ते । तज्जात्यादि चोपलभ्यते । तन्न भूतानां धर्म्मः फलं वा उपयोगः । २१ । तथा भवांश्च यदाक्षिपति तदस्य लक्षणं । सचात्मा स्वसंविदितः । भूतानां तथाभावे बहिर्मुखं स्याद्गौरोऽहं इत्यादि तु नान्तर्मुखं । बाह्यकरणजन्यत्वात् । अनभ्युपगतानुमानप्रमाणस्य चात्मनि निषेधोऽपि दुर्लभः । =॥ धर्मः फलं च भूताना–मुपयोगो भवेद्यदि ॥ प्रत्येकमुपलम्भः स्या–दुत्पादो वा विलक्षणात् ॥= इति काव्यार्थः ॥

।२२। एवमुक्तियुक्तिभिरेकान्तवादप्रतिक्षेपमाख्याय सांप्रतमनाद्यविद्यावासनाप्रवासितसन्मतयः प्रत्यक्षोपलक्ष्यमाणमपि अनेकान्तवादं ये-

---

ज्ञिन्यादिकनी अप्राप्ति छे. । २० । वळी परमाणुउज इंद्रियग्राह्यपणारूप स्थूलपणाने पामे छे, अने तेनी जातिआदिक मळे छे; माटे उपयोग छे ते, पंचभूतोनो धर्म, अथवा तेउनुं फल नथी. । २१ । वळी तुं जे आक्षेप करे छे, तेज ए आत्मानुं लक्षण छे. अने ते आत्मा स्वसंविदित छे. अने ते पंचभूतोनी तो ते स्वसंविदितभावमां बहिर्मुख प्रतिति थाय, तेम ' हुं गोर छुं ' इत्यादिक पण अंतरमुख प्रतीति नथी; केमके ते तो बाह्यइंद्रिथी उत्पन्न थाय छे. वळी जेणे अनुमानप्रमाण स्वीकार्युं नथी, एवा ते नास्तिकने आत्मानो निषेध करवो पण दुर्लभ छे. वळी उपयोग छे ते, जो भूतोना धर्मरूप अने फलरूप होय, तो दरेक भूतमां ते उपयोगनी प्राप्ति थाय, अथवा ( निंबवृक्षथी जेम आंबानी उत्पत्ति ) तेम दरेक कोइ विलक्षणथी ते उपयोगनी उत्पत्ति थशे!! एवीरीते वीसमा काव्यनो अर्थ जाणवो.

। २२ । एवीरीते सिद्धांतवचनोवडे तथा युक्तिउवडे एकांतवादनुं खंडन कहीने, हवे अनादिकालना अज्ञाननी वासनाथी नष्ट थयेली छे. सद्बुद्धि जेउनी, एवा जे माणसो, प्रत्यक्ष देखाता एवा पण अने-

ऽवमन्यन्ते तेषामुन्मत्ततामाविर्भावयन्नाह ।

प्रतिक्षणोत्पादविनाशयोगि-
स्थिरैकमध्यक्षमपीक्षमाणः ॥
जिन त्वदाज्ञामवमन्यते यः ।
स वातकी नाथ पिशाचकी वा ॥ २१ ॥

हे! जिनेश्वर प्रभु! दरेक क्षणे उत्पत्ति अने विनाशेंकरीने युक्त एवी स्थिरतावाला एक द्रव्यने प्रत्यक्षरीते जोतो एवो पण जे माणस आपनी आज्ञानी अवगणना करे छे, ते माणस, हे स्वामी! कां तो वातुल ( वाएल ) अथवा पिशाचग्रस्त छे. ॥ २१ ॥

---

। १ । प्रतिक्षणं प्रतिसमयमुत्पादेनोत्तराकारस्वीकाररूपेण विनाशेन च पूर्वाकारपरिहारलक्षणेन युज्यत इत्येवंशीलं प्रतिक्षणोत्पादविनाशयोगि । किं तत् स्थिरैकं कर्मतापन्नं । स्थिरमुत्पादविनाशयोरनुयायित्वात् त्रिकालवर्ति । यदेकं द्रव्यं स्थिरैकं । २ । एकशब्दोऽत्र साधारणवाची । उत्पादे विनाशे च तत्साधारणमन्वयिद्रव्यत्वात् ।

---

कांतवादनी अवगणना करे छे, तेउनुं उन्मतपणुं प्रगटकरताथका कहे छे.

। १ । समयसमयप्रते उत्तराकारना स्वीकाररूप उत्पत्तिवमे अने पूर्वाकारना त्यागरूप विनाशवमे करीने युक्त जे होय ते, क्षणक्षणप्रते उत्पति अने विनाशना योगवालुं कहेवाय. ते शुं? तोके स्थिर एवुं एक. स्थिर एटले उत्पत्ति अने विनाशने अनुसरतुं होवाथी त्रणे कालमां वर्तनारुं. एवुं जे एक द्रव्य, ते स्थिरैक कहेवाय. । २ । अहीं एक शब्द साधारणवाची छे. अर्थात् उत्पत्ति अने विनाशमां ते अन्वयी द्रव्य होवाथी साधारण छे. जेम चैत्रनी अने मैत्रनी एक साधारण माता. एवीजरीते ते उत्पित्ति अने विनाश, एम [illegible] एका-

यथा चैत्रमैत्रयोरेका जननी साधारणीत्यर्थः। इत्थमेव हि तयोरेकाधिकरणता। पर्यायाणां कथंचिदनेकत्वेऽपि तस्य कथंचिदेकत्वात्। ३। एवं त्रयात्मकं वस्तु अध्यक्षमपीक्षमाणः प्रत्यक्षमवलोकयन्नपि। हे जिन रागादिजेत्रत्वात्। आज्ञां आ सामस्त्येनानन्तधर्मविशिष्टतया ज्ञायन्तेऽवबुध्यन्ते जीवादयः पदार्था यया सा आज्ञा आगमः शासनं। तवाज्ञा त्वदाज्ञा तां त्वदाज्ञां जवत्प्रणीतस्याद्वादमुद्रां यः कश्चिदविवेकी अवमन्यतेऽवजानाति (जात्यपेक्षमेकवचनमवज्ञया वा) स पुरुषपशुर्वातकी पिशाचकी वा।४। वातो रोगविशेषोऽस्यास्तीति वातकी वातकीव वातकी वातूल इत्यर्थः। एवं पिशाचकीव पिशाचकी जूताविष्ट इत्यर्थः। अत्र वाशब्दः समुच्चयार्थः उपमानार्थो वा। स पुरुषापसदो वातकिपिशाचकि-

---

धिकरणपणुं छे; केमके पर्यायोने कथंचित् अनेकपणुं होते छते पण द्रव्यने कथंचित् एकपणुं छे. ।३। एवीरीते उत्पत्ति, विनाश अने स्थिरता, एम त्रयात्मक पदार्थने प्रत्यक्ष जोतो एवो पण (जे अविवेकी माणस, हे जिनेश्वर प्रभु! आपनी आज्ञानी अवगणना करे छे, ते वातुल अथवा पिशाचग्रस्त छे, एवो अहीं संबंध छे.) 'आ' एटले समस्तपणायें करीने, अर्थात् अनंतधर्मविशिष्टपणायें करीने जीवादिक पदार्थो जेनावमे जणाय छे, ते आज्ञा एटले आगम अथवा शासन. एवी आपनी आज्ञानी एटले आपनी रचेली स्याद्वादमुद्रानी जे कोइ अविवेकी माणस अवगणना करे छे (अहीं जातिनी अपेक्षाये अथवा अवज्ञावमे एकवचन आपेलुं छे.) ते पशुसरखो पुरुष वातकी अथवा पिशाचकी छे. ।४। वायु नामनो रोगविशेष जेने होय, ते वातकी एटले वातुल (वाएल) कहेवाय. एवीजरीते पिशाचकी एटले जूताविष्ट. अहीं 'वा' शब्द समुच्चय अर्थे छे, अथवा उपमानार्थे छे. अर्थात् ते नीच माणस वाएल अथवा जूतग्रस्त माण-

भ्याममधिरोहति तुलामित्यर्थः ( "वातातीसारपिशाचात्कश्चान्तः" इत्यनेन मत्वर्थी यः । कश्चान्तः ) एवं पिशाचकीत्यपि । ५ । यथा किल वातेन पिशाचेन वाऽऽक्रान्तवपुर्वस्तुतत्वं साक्षात्कुर्वन्नपि तदावेशवशादन्यथा प्रतिपद्यते एवमयमपि एकान्तवादापस्मारपरवश इति । ६ । अत्र च जिनेति साभिप्रायं । रागादिजेतृत्वाद्धि जिनस्ततश्च यः किल विगलितदोषकालुष्यतया विधेयवचनस्यापि तत्रभवतः शासनमवमन्यते तस्य कथं नोन्मत्ततेति भावः । ७ । नाथ हे स्वामिन् अलब्धस्य सम्यग्दर्शनादेर्लम्भकतया । लब्धस्य च तस्यैव निरतिचारपरिपालनोपदेशदायितया च योगक्षेमकरत्वोपपत्तेर्नाथस्तस्यामन्त्रणं । ८ । वस्तुतत्वं च

---

सनी तुल्यताने धारण करे छे, एवो अर्थ जाणवो. ( "वातातीसारपिशाचात्कश्चांतः" ए सूत्रवडे मत्वर्थी 'य' अने अंते 'क' आवेलो छे. ) एवीरीते "पिशाचकी" शब्द पण जाणीलेवो. । ५ । वायु अथवा पिशाचेकरीने आक्रांत शरीरवालो माणस वस्तुतत्वने साक्षात् जोतो थको पण, जेम ते वातादिकना आवेशथी, तेथी उलटीरीते अंगीकार करे छे, तेम आ माणस पण एकांतवादरूपी अपस्मारथी ( रोगविशेषथी ) परवश थयेलो छे. । ६ । अहीं 'जिन' शब्द अभिप्राययुक्तछे. एटले रागादिकोने जितनार होवाथी 'जिन' कहेवायछे; अने तेथी दोषरूपी कालुष्य नष्ट थवावडे करीने स्वीकारवालायक वचन वाला एवा पण आपसाहेबना शासनने जे माणस अवगणे छे, तेनुं उन्मत्तपणुं केम न होय? एवोभावार्थ जाणवो. ।७। हे नाथ! एटले हे स्वामी! अर्थात् नहीं मलेला एवा सम्यग्दर्शनादिकने प्राप्त करावनार होवाथी, तथा मलेला एवा तेज सम्यग्दर्शनादिकने अतिचार रहित पालवाना उपदेश देवावडे करीने योगक्षेम करनारपणानी प्राप्तिथी नाथ कहेवाय. तेनुं संबोधन ।८। वस्तुतत्व छे ते, उ-

उत्पादव्ययध्रौव्यात्मकं । तथाहि । सर्वं वस्तु द्रव्यात्मना नोत्पद्यते विपद्यते वा । परिस्फुटमन्वयदर्शनात् । लूनपुनर्जातनखादिष्वन्वयदर्शनेन व्यभिचार इति न वाच्यम् । प्रमाणेन बाध्यमानस्याऽन्वयस्याऽपरिस्फुटत्वात् । ९ । न च प्रस्तुतोऽन्वयः प्रमाणविरुद्धः सत्यप्रत्यभिज्ञानसिद्धत्वात् । सर्वव्यक्तिषु नियतं क्षणेक्षणे अन्यत्वमथ च न विशेषः[1] । सत्योश्चित्यपचित्योराकृतिजातिव्यवस्थानात् इति वचनात् । १० । ततो द्रव्यात्मना स्थितिरेव सर्वस्य वस्तुनः । पर्यायात्मना तु सर्वं वस्तूत्पद्यते विपद्यते च । अस्खलितपर्यायानुभवसद्भावात् । न चैवं शुक्ले शङ्खे पीतादिपर्यायाऽनुभवेन व्यभिचारस्तस्य स्खलद्रूपत्वात् । न

---

त्पत्ति, विनाश अने ध्रौव्यात्मक छे. ते कहे छे. सर्व वस्तुओनो द्रव्यरूपे उत्पत्ति अने विनाश थतो नथी; केमके ते द्रव्यनुं चाल्या-आववापणुं प्रगट देखाय छे. कपायाबाद फरीने उगेला एवा नखादिकमां अन्वय देखायाथी तेमां व्यभिचार आवे छे, एम नहीं बोलवुं, केमके प्रमाणवडे बाधित एवो अन्वय प्रगट रीते देखातो नथी. ।९। वळी ते अन्वय प्रमाणविरुद्ध नथी, केमके सत्य प्रत्यभिज्ञानवडे सिद्ध थयेलो छे. सर्व व्यक्तिओमां निश्चये करीने क्षणक्षणप्रते अन्यपणुं छे; कह्युं छे के, आकार अने जातिनी व्यवस्थाथी चयाऽपचय होते छते. तेमां कंइ विशेष नथी. । १० । माटे द्रव्यरूपे सर्व पदार्थनी स्थितिज छे, अने पर्यायरूपे सर्व पदार्थ उत्पन्न थाय छे, अने विनाश पामे छे, केमके अस्खलित एवो पर्यायनो अनुभव थया करे छे, वळी एवीरीते सफेद शंखमां पीतादिक पर्यायना अनुभववडे कंइ व्यभिचार आवतो नथी, केमके तेनुं तो स्खलद्रूप छे; वळी ते

---

१ । मथवचन विशेषः । इति द्वितीयपुस्तकपाठः ॥

खलु सोऽस्खलद्रूपो येन[1] पूर्वाकारविनाशाऽजहद्वृत्तोत्तराकारोत्पादाऽविनाभावी भवेत्। न च जीवादौ वस्तुनि हर्षामर्षौदासीन्यादिपर्यायपरंपरानुभवः स्खलद्रूपः कस्यचिद्बाधकस्याऽभावात् । ११ । ननूत्पादादयः परस्परं भिद्यन्ते न वा। यदि भिद्यन्ते कथमेकं वस्तु त्र्यात्मकं। न भिद्यन्ते चेत्तथापि कथमेकं त्रयात्मकं । तथा च । =॥ यद्युत्पादादयो भिन्नाः। कथमेकं त्रयात्मकम् ॥ अथोत्पादादयोऽभिन्नाः। कथमेकं त्रयात्मकम् ॥= इति चेत्तदयुक्तं । कथंचिद्भिन्नलक्षणत्वेन तेषां कथंचिद्भेदाऽभ्युपगमात्। तथा हि । १२ । उत्पादविनाशध्रौव्याणि स्याद्भिन्नानि भिन्नलक्षणत्वाद्रूपवदिति । न च भिन्नलक्षणत्वमसिद्धं असत

---

कंइ अस्खलद्रूपवालो नथी, के जेथी पूर्वाकारना विनाशने नहीं छोमतो थको, धारण करेला एवा उत्तराकारनी उत्पत्तिविनानो न थाय. वली जीवादिक पदार्थमां हर्ष, आमर्ष, उदासीनपणुं इत्यादिक पर्यायोनी परंपरानो अनुभव स्खलद्रूपवालो नथी, केमके तेमा कंइ बाधकप्रमाण मलतुं नथी. । ११ । ( अहीं वादी शंका करे छे के ) ते उत्पत्ति आदिकमां परस्पर भेद छे के नही? जो भेद छे, तो एक वस्तु त्र्यात्मक केम कहेवाय? अने जो भेद नथी, तो पण ते एक वस्तु त्रयात्मक केम कहेवाय? कह्युं छे के =॥ जो उत्पत्तिआदिक भिन्न छे, तो एक वस्तु त्रयात्मक केम होय? अने जो ते उत्पत्तिआदिक अभिन्न छे, तो पण एक वस्तु त्रयात्मक केम होय? =॥ एम जो कहीश तो ते अयुक्त छे, केमके कथंचिद् भिन्नलक्षणपणायें करीने तेउनो कथंचिद् भेद अमोए स्वीकार्यो छे. ते कहे छे. । १२ । उत्पत्ति, विनाश अने ध्रौव्य, भिन्नलक्षणवालां होवाथी रूपनीपेठे कथंचिद् भिन्न छे. वली तेउनुं ते भिन्नलक्षणपणुं कंइ असिद्ध नथी;

---

१ । यो न पूर्वाकारविनाशा । इति द्वितीयपुस्तकपाठः ॥

आत्मलाभः । सतः सत्तावियोगो द्रव्यरूपतयानुवर्त्तनं च खलूत्पादादीनां परस्परमसंकीर्णानि लक्षणानि सकललोकसाक्षिकाण्येव । १३ । न चामी भिन्नलक्षणा अपि परस्पराऽनपेक्षाः । खपुष्पवदसत्त्वापत्तेः । तथा हि । उत्पादः केवलो नास्ति स्थितिविगमरहितत्वात् । कूर्मरोमवत् । तथा विनाशः केवलो नास्ति । स्थित्युत्पत्तिरहितत्वात् तद्वत् । एवं स्थितिः केवला नास्ति विनाशोत्पादशून्यत्वात्तद्वेव । इत्यन्योऽन्यापेक्षाणामुत्पादादीनां वस्तुनि सत्त्वं प्रतिपत्तव्यं । १४ । तथा चोक्तं । =॥ घटमौलिसुवर्णार्थी । नाशोत्पादस्थितिष्वयम् ॥ शोकप्रमोदमाध्य-

---

केमके ( उत्पत्ति एटले ) अछताने छतापणुं, ( विनाश एटले ) छताने अछतापणुं, तथा ( ध्रौव्य एटले ) द्रव्यरूपे अनुवर्तवापणुं एवीरीते उत्पत्तिआदिकना परस्पर भिन्न लक्षणो सर्व लोकोने जाणीतांज छे. । १३ । वली भिन्नलक्षणवाला एवा पण उत्पत्ति आदिक परस्पर अपेक्षाविनाना नथी; केमके जो अपेक्षाविनाना होय, तो आकाशपुष्पनीपेठे तेउने अछतापणानी आपत्ति थाय. ते कहे छे. स्थितिविनाशविनानी काचबाना रोमनीपेठे केवल उत्पत्ति नथी; तेम स्थिति अने उत्पत्तिविना तेनीजपेठे केवल विनाश नथी; तथा विनाश अने उत्पत्तिविना तेनीजपेठे केवल स्थिति नथी. एवीरीते एकबीजानी अपेक्षावाला एवा ते उत्पत्ति आदिकोनुं छतापणुं पदार्थमां स्वीकारवुं. । १४ । कह्युं छे के =॥ घडानो, मुकुटनो अने सुवर्णनो अर्थी एवो माणस,[1] हेतुपूर्वक, नाश, उत्पत्ति अने स्थितिनेविषे अनुक्रमे शोक,

---

१ एक राजा हतो । तेने एक पुत्र तथा एक पुत्री हतां । ते पुत्री माटे राजाए एक सुवर्णनो घडो बनाव्यो हतो । एक दहाडो पुत्र राजाने कहे छे के तमे सुवर्णनो घडो भांगीने तेमांथी मारेमाटे मुकुट करावी आपो; तेथी राजाए ते घडो भांगीने तेनो मुकुट कराव्यो । आथी करीने घडो नष्ट थवाथी पुत्रीने शोक थयो । तेनो मुकुट बनवाथी पुत्रने हर्ष थयो । अने सुवर्ण तो तेवुंने तेवुं रहेवाथी राजाने मध्यस्थभाव रह्यो । एवुं दृष्टांत अहीं भावी लेवुं ॥

स्थ्यं । जनो याति सहेतुकम् ॥= पयोव्रतो न दध्यत्ति । न पयोऽत्ति दधिव्रतः ॥ अगोरसव्रतेनोभे । तस्माद्वस्तु त्रयात्मकम् ॥= इति काव्यार्थः ॥

। २५ । अथान्ययोगव्यवच्छेदस्य प्रस्तुतत्वात् आस्तां तावत्साक्षाद्भवान् । भवदीयप्रवचनावयवा अपि परतीर्थितिरस्कारबद्धकक्षा इत्याशयवान् स्तुतिकारः स्याद्वादव्यवस्थापनाय प्रयोगमुपन्यस्यन् स्तुतिमाह ।

**अनन्तधर्मात्मकमेव तत्त्व-**
**मतोऽन्यथा सत्त्वमसूपपादम् ॥**
**इति प्रमाणान्यपि ते कुवादि-**
**कुरङ्गसंत्रासनसिंहनादाः ॥ २२ ॥**

परमार्थभूत तत्त्व अनंतधर्मात्मकज छे, तेथी अन्यथा प्रकारे परमार्थभूत तत्त्व मळीशकतुं नथी; वळी एवीरीतनां आपनां प्रमाणो पण ते कुत्सितवादीउरूपी हरिणोने त्रास पमाडवाने सिंहनादसरखां छे.

---

हर्ष, अने मध्यस्थपणाने प्राप्त थाय छे. =॥ वळी जेम दूधनी बाधावाळो दहीं खातो नथी, अने दहींनी बाधावाळो जेम दूध खातो नथी, तथा जेने गोरसनी बाधा नथी, तेवो माणस दहीं, अने दूध बन्ने खाय छे; तेथी सर्व वस्तुउ त्रयात्मक छे, एवीरीते एकवीसमा काव्यनो अर्थ जाणवो.

। २५ । हवे अन्ययोगनो व्यवच्छेद संपूर्णथवाथी, हे प्रभु! साक्षात् आप तो एकबाजु रह्या, पण आपना शाशनना अवयवो पण परतीर्थीउना तिरस्कारमाटे समर्थ छे, एवा आशयवाळा स्तुतिकार, स्याद्वादनी स्थापनामाटे प्रयोगने स्थापन करता थका स्तुति कहे छे.

।१। तत्त्वं परमार्थभूतं वस्तुजीवाजीवलक्षणमनन्तधर्मात्मकमेव ।अनन्तास्त्रिकालविषयत्वादपरिमितायेधर्माः सहभाविनःक्रमभाविनश्चपर्यायास्तएवात्मास्वरूपं यस्यतदनन्तधर्मात्मकं ।एवकारः प्रकारान्तरव्यवच्छेदार्थः । अत एवाह ।२। अतोऽन्यथेत्यादि । अतोऽन्यथा उक्तप्रकारवैपरीत्येन सत्त्वं वस्तुतत्वमसूपपादं । सुखेनोपपाद्यते घटनाकोटिसंटङ्कमारोप्यते इति सूपपादं । न तथा सूपपादं दुर्घटमित्यर्थः । अनेन साधनं दर्शितं । तथा हि ।३। तत्त्वमिति धर्मि । अनन्तधर्मात्मकं साध्यो धर्म्मः । सत्त्वान्यथानुपपत्तेरिति हेतुरन्यथानुपपत्त्येकलक्षणत्वाद्धेतोः । अन्तर्व्याप्त्यैव साध्यस्य सिद्धत्वाद् दृष्टान्तादिभिर्नप्रयोजनं । यदनन्तधर्म्मात्मकं न भवति तत्सदपि न भवति । यथा वियदिन्दी-

---

।१। तत्त्व एटले परमार्थभूत एवो जीवाऽजीवादिक पदार्थ अनंतधर्मात्मकज छे ; अर्थात् अनंत एटले त्रणेकालना विषयवाला होवाथी अपरिमित, एवा साथे थनारा अने बदलाता एवा पर्यायरूप जे धर्मो, तेज छे स्वरूप जेनुं, ते अनंतधर्मात्मक कहेवाय. अहीं एवकार छे ते बीजा प्रकारना व्यवच्छेद माटे छे ; अने तेथीज कहे छे के– ।२। उपर कहेला प्रकारथी विपरीतरीते पदार्थतत्त्व असूपपाद छे. सुखे करीने जे घटनाकोटिना संटंकपर आरोपाय, ते ‘ सूपपाद ’ कहेवाय. जे सूपपाद नही ते असूपपाद एटले दुर्लभ कहेवाय, अर्थात् दुर्घट छे. आथी करीने साधन देखाड्युं. ते कहे छे. ।३।तत्व ए धर्मी छे. तेमां अनंतधर्मात्मकपणारूप धर्म साधवानो छे. वस्तुतत्त्वनी अन्यथाप्रकारे अप्राप्ति होवाथी ए हेतु छे. अर्थात् अन्यथाप्रकारे अप्राप्तिज छे एक लक्षण जेनुं एवा हेतुथी. अहीं अंतर्व्याप्तिवडेज साध्यनी सिद्धि थवाथी दृष्टांत आदिकोनी जरुर नथी. एटले के जे अनंतधर्मात्मक होतुं नथी, ते सत् एटले छतुं पण होतुं नथी, जेम आकाशकमल.

वरमिति । ४ । केवलव्यतिरेकी हेतुः साधर्म्यदृष्टान्तानां पक्षकुक्षिनि-क्षिप्तत्वेनाऽन्वयाऽयोगात् । अनन्तधर्म्मात्मकत्वं चात्मनि तावत्साकाराऽनाकारोपयोगिता[१] कर्तृत्वं भोक्तृत्वं प्रदेशाष्टकनिश्चलता अमूर्त्तत्वमसंख्यातप्रदेशात्मकता जीवत्वमित्यादयः सहभाविनो धर्म्माः । ५ । हर्षविषादशोकसुखदुःखदेवनरनारकतिर्यक्त्वादयस्तु क्रमभाविनः । धर्मास्तिकायादिष्वप्यसंख्येयप्रदेशात्मकत्वं गत्याद्युपग्रहकारित्वं मत्यादिज्ञानविषयत्वं तत्तदवच्छेदकाऽवच्छेद्यत्वमवस्थितत्वमरूपित्वमेकद्रव्यत्वं-निष्क्रियत्वमित्यादयः ।६। घटे पुनरामत्वं पाकजरूपादिमत्त्वं पृथुबुध्नोदरत्वं कम्बुग्रीवत्वं जलादिधारणाहरणादिसामर्थ्यं मत्यादिज्ञेयत्वं नवत्वं पु-

---

। ४ । आ हेतु केवल व्यतिरेकी छे, केमके तुल्यधर्मवाला दृष्टांतो पक्षनी अंदर दाखल करेला होवाथी अन्वयनो अयोग छे. आत्मानेविषे अनंतधर्मात्मकपणुं नीचे प्रमाणे छे. साकारउपयोगीपणुं, निराकार उपयोगीपणुं, कर्तापणुं, भोक्तापणुं, आठे प्रदेशोमां निश्चलपणुं, अमूर्तपणुं, असंख्यातप्रदेशात्मकपणुं, तथा जीवपणुं इत्यादिक आत्माना सहभावी धर्मो छे. । ५ । हर्ष, विषाद, शोक, सुख, दुःख, देवपणुं, मनुष्यपणुं, नारकीपणुं तथा तिर्यंचपणुं इत्यादिक आत्माना क्रमभावी एटले बदलाता धर्मो छे. धर्मास्तिकायादिकोनेविषे पण असंख्यातप्रदेशात्मकपणुं, गतिआदिकमां सहाय आपवापणुं, मतिआदिक ज्ञानवडे जणावापणुं, ते ते अवच्छेदकोथी अवच्छेद्यपणुं, अवस्थितपणुं, अरूपीपणुं, एकद्रव्यपणुं तथा निष्क्रियपणुं, इत्यादिकधर्मो छे. । ६ । तेमज घडामां कचाश, पाकवाथी थतुं रूपीआदिकपणुं, पोहोला अने जाडा पेटारपणुं, शंखसरखी ग्रीवापणुं, जल भरवा लाववामाटेनुं समर्थपणुं, मतिआदिकवडे ज्ञेयपणुं, नवापणुं तथा पुराणापणुं इ-

---

१ । योगिना । इति द्वितीयपुस्तकपाठः ॥

राणत्वमित्यादयः। एवं सर्वपदार्थेष्वपि नानानयमताभिज्ञेन शाब्दानार्थांश्च पर्यायान् प्रतीत्य वाच्यं। ७। अत्र चात्मशब्देनानन्तेष्वपि धर्मेष्वनुवर्तिरूपमन्वयिद्रव्यं ध्वनितं। ततश्चोत्पादव्ययध्रौव्ययुक्तं सदिति व्यवस्थितम्। एवं तावदर्थेषु शब्देष्वपि उदात्ताऽनुदात्तस्वरितविवृतसंवृतघोषवदघोषताल्पप्राणमहाप्राणतादयस्तत्तदर्थप्रत्यायनशक्त्यादयश्चावसेयाः। अस्य हेतोरसिद्धविरुद्धानैकान्तिकत्वादिकण्टकोध्धारः स्वयमभ्यूह्यः। ८। इत्येवमुल्लेखशेषराणि ते तव प्रमाणान्यपि न्यायोपपन्नसाधनवाक्यान्यपि (आस्तां तावत्साक्षात्कृतद्रव्यपर्यायनिकायो भवान्) यावदेतान्यपि कुवादिकुरङ्गसन्त्रासनसिंहनादाः कुवादिनः कुत्सितवादिन एकांशग्राह-

---

त्यादिक धर्मो जाणवा. एवीरीते सर्व पदार्थोमां पण नानाप्रकारना नयोना मतने जाणनारा विद्वाने शब्दसंबंधि अने अर्थसंबंधि पर्यायोनी प्रतीति करी लेवी. । ७ । वली अहीं आत्मशब्दे करीने अनंता एवा पण धर्मोनेविषे चाल्या आवता स्वरूपवालुं अन्वयिद्रव्य जणाव्युं छे; अने तेथी उत्पत्ति, विनाश अने ध्रुवपणायें करीने जे युक्त होय, ते सत् छे, एम थयुं. एवीरीते पदार्थोमां कह्युं. हवे शब्दोमां पण उदात्त, अनुदात्त, स्वरित, विवृत, संवृत, घोषवान्, अघोषपणुं, अल्पप्राण, महाप्राणपणुं इत्यादिक ते ते अर्थोनी प्रतीतिनी शक्तिआदिक धर्मो जाणवा. आ हेतुनुं असिद्धपणुं, विरूद्धपणुं तथा अनेकांतिकपणुं इत्यादिकोनो कंटकोध्धार पोतानी मेलेज करीलेवो. । ८ । एवीरीतनां अति उत्कृष्ट एवां आपनां प्रमाणो एटले न्याययुक्त साधननां वाक्यो पण कुवादीउरूपी हरिणोने त्रास आपवामाटे सिंहनादसरखां छे. (साक्षात् करेल छे द्रव्यपर्यायोनो समूह जेणे एवा हे प्रभु! आप तो एकबाजुज रह्या.) कुवादीउ एटले एकांशने ग्रहणकरनारा नयने अनुसरनारा जे अन्यतीर्थिउ, तेउज संसाररूपी निबिड वनमां वसवाना

कनयानुयायिनोऽन्यतीर्थिकास्त एव संसारवनगहनवसनव्यसनितया कुरङ्गा मृगास्तेषां सम्यक्त्रासने सिंहनादा इव सिंहनादाः । ९ । यथा सिंहस्य नादमात्रमप्याकर्ण्य कुरङ्गास्त्रासमासूत्रयन्ति तथा भवत्प्रणीतैवंप्रकारप्रमाणवचनान्यपि श्रुत्वा कुवादिनस्त्रासमश्नुवते । प्रतिवचनप्रदानकातरतां बिभ्रतीति यावत् । एकैकं त्वदुपज्ञं प्रमाणमन्ययोगव्यवच्छेदकमित्यर्थः । १० । अत्र प्रमाणानीति बहुवचनं एवं जातीयानां प्रमाणानां भगवच्छासन आनन्त्यज्ञापनार्थं । एकैकस्य सूत्रस्य सर्वोदधिसलिलसर्वसरिद्वालुकाऽनन्तगुणार्थत्वात् । तेषां च सर्वेषामपि सर्वविन्मूलतया प्रमाणत्वात् । अथवा इतिवचनान्ता गणस्य संसूचका भवन्तीति न्यायादितिशब्देन प्रमाणबाहुल्यसूचनात्पूर्वार्द्धे एकस्मिन्नपि प्रमाणे उपन्यस्ते उचितमेव बहुवचनमिति काव्यार्थः ॥

---

व्यसनपणायेंकरीने हरिणो, तेउने सम्यक्प्रकारे' त्रास आपवामाटे सिंहनादसरखां आपना प्रमाणो छे. ।९। सिंहनो मात्र शब्द सांभलीने पण हरिणो जेम त्रास पामे छे, तेम आपना रचेलां एवीरीतनां प्रमाणवचनोने सांभलीने पण कुवादीउ त्रास पामे छे, एटले सामो उत्तर आपवाना भयने धारण करे छे; अर्थात् आपनुं रचेलुं एकेकुं प्रमाण अन्ययोगने व्यवच्छेद करनारुं छे, एवो अर्थ जाणवो. । १० । अहीं 'प्रमाणानि' ए बहुवचन एवुं जणाववामाटे छे के, एवीरीतनां प्रमाणो भगवानना शासनमां अनंतां छे, केमके एकेक सूत्रनो, सर्व महासागरोनां जलथी तथा सर्व नदीउनी वेलुथी पण अनंतगणो अर्थ छे; अने ते सर्वना रचनार सर्वज्ञ छे, तेथी ते प्रमाणभूतज छे. अथवा इतिवचनांतो गणने सूचवनारा होय छे, एवा न्यायथी इतिशब्दवमे घणां प्रमाणोनुं सूचन करवाथी, पूर्वार्धमां एक प्रमाण कह्ये छते पण बहुवचन योग्यज छे. एवीरीते बावीसमा काव्यनो अर्थ जाणवो.

। ११ । अनन्तरमनन्तधर्म्मात्मकत्वं वस्तुनि साध्यं मुकुलितमुक्तं । तदेव सप्तभङ्गीप्ररूपणद्वारेण प्रपञ्चयन् भगवतो निरतिशयं वचनातिशयं स्तुवन्नाह ।

अपर्ययं वस्तु समस्यमान-
मद्रव्यमेतच्च विविच्यमानम् ॥
आदेशभेदोदितसप्तभङ्ग-
मदीदृशस्त्वं बुधरूपवेद्यम् ॥ २३ ॥

संक्षेपें करीने कहीये, तो पदार्थ पर्यायविनानो छे, अने जो पृथक्रीते कहीये तो तेज पदार्थ द्रव्यविनानो छे; एवीरीते हे प्रभु! अतिउत्कृष्ट विद्वानोवडे जाणीशकाय एवी, तथा सकलादेश अने विकलादेश नामना बे आदेशोवडे प्रतिपादन करेली एवी सप्तभंगी आपेज देखाडेली छे. ॥ २३ ॥

---

। १ । समस्यमानं संक्षेपेणोच्यमानं वस्त्वपर्ययमविवक्षितपर्यायं । वसन्ति गुणाः पर्याया अस्मिन्निति वस्तु । धर्माधर्माकाशपुद्गलकालजीवलक्षणं द्रव्यषट्कम् । अयमभिप्रायः । यदेकमेव वस्तु आत्मघटा-

---

। ११ । पदार्थमां साधवानुं एवुं जे अनंतधर्मात्मकपणुं, ते उपरना काव्यमां संक्षेपथी कह्युं, माटे तेज अनंतधर्मात्मकपणानुं सप्तभंगीना निरुपणद्वारे करीने विवरण करताथका भगवानना अत्यंत उत्कृष्ट एवा वचनातिशयनी स्तुति करताथका हवे कहे छे.

। १ । समस्यमानं एटले जो संक्षेपथी कहीयें, तो वस्तु पर्यायविनानी छे. जेनेविषे गुणो एटले पर्यायो वसे, ते वस्तु कहेवाय; अर्थात् धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाश, पुद्गल, काल अने जीव छे लक्षण जेनां एवां छ द्रव्यो जाणवां. भावार्थ ए जाणवो के, चेतन

दिकं चेतनाऽचेतनं सतामपि पर्यायाणामविवक्षया द्रव्यरूपमेव वस्तु वक्तुमिष्यते तदा संक्षेपेणाभ्यन्तरीकृतसकलपर्यायनिकायत्वलक्षणेनाभिधीयमानत्वात् अपर्ययमित्युपदिश्यते केवलद्रव्यरूपमेवेत्यर्थः । २ । यथाऽऽत्माऽयं घटोऽयमित्यादिपर्यायाणां द्रव्याऽनतिरेकात् । अत एव द्रव्यास्तिकनयाः शुद्धसंग्रहादयो द्रव्यमात्रमेवेच्छन्ति । पर्यायाणां तद्विष्वग्भूतत्वात् । पर्यवः पर्ययः पर्याय इत्यनर्थान्तरं । ३ । अद्रव्यमित्यादि । चः पुनरर्थे । स च पूर्वस्माद्विशेषद्योतने भिन्नक्रमश्च । विविच्यमानं चेति । विवेकेन पृथग्रूपतयोच्यमानं पुनरेतद्वस्तु अद्रव्यमेव । अविवक्षितान्वयिद्रव्यं केवलपर्यायरूपमित्यर्थः । ४ । यदाह्यात्मा ज्ञानदर्शनादीन् पर्यायानधिकृत्य प्रतिपर्यायं विचार्यते तदा पर्याया एव

---

तथा अचेतन एवी आत्मा तथा घटादिक जे एकज वस्तु छे, तेने छता एवा पण पर्यायोनी विवक्षाविना ज्यारे द्रव्यरूपज वस्तु वःहीये, त्यारे संक्षेपें करीने एटले गौण करेल एवा सर्व पर्यायना समूहपणाना लक्षणें करीने कहेवाथी, पर्यायरहित कहेवाय छे, अर्थात् केवल द्रव्यरूपज कहेवाय छे. । २ । जेम आ आत्मा छे, आ घमो छे, इत्यादिक पर्यायो द्रव्यथी जूदा नथी. आथी करीनेज द्रव्यास्तिक नयने अनुसरनारा शुद्धसंग्रहादिको मात्र द्रव्यनेज इच्छे छे, केमके पर्यायो तेथी अभिन्न छे. पर्यव, पर्यय अने पर्याय अ त्रणे एक अर्थवाला छे. ।३। अहीं 'च' पुनः अर्थमां छे, अने ते पुनः पूर्वथी विशेष सूचववामां अने भिन्नक्रमवालो छे. विविच्यमानं एटले विवेकवमे पृथक्रूपपणायें करीने कहेतां थकां ते पदार्थ अद्रव्यज छे, एटले अन्वयि द्रव्यनी विवक्षाविनानुं केवल पर्यायरूपज छे. । ४ । केमके ज्यारे आत्माने ज्ञानदर्शनादिक पर्यायोने आश्रीने दरेक पर्यायप्रते विचारवामां आवे, त्यारे पर्यायोज जणाय छे, परंतु आत्मा नामनुं कंइ पण द्रव्य जणातुं

प्रतिभासन्ते । न पुनरात्माख्यं किमपि द्रव्यं । एवं घटोऽपि कुण्डलो-ष्ठपृथुबुध्नोदरपूर्वापरादिभागाद्यवयवापेक्षया विविच्यमानः पर्याय एव न पुनर्घटाख्यं तदतिरिक्तं वस्तु । ५ । अत एव पर्यायास्तिकनयानुपातिनः पठन्ति । =॥ भागा एव हि भासन्ते । संनिविष्टास्तथा तथा । तद्वा-न्नैव पुनः कश्चि-न्निर्भागः संप्रतीयते ॥= इति । ततश्च द्रव्यपर्यायो-भयात्मकत्वेऽपि वस्तुनो द्रव्यनयार्पणया पर्यायनयाऽनर्पणया च द्रव्य-रूपता । पर्यायनयार्पणया द्रव्यनयाऽनर्पणया च पर्यायरूपता । उभ-यनयार्पणया च तदुभयरूपता । अत एवाह वाचकमुख्यः " अर्पिता-नर्पितसिद्धेरिति " । ६ । एवंविधं द्रव्यपर्यायात्मकं वस्तु त्वमेवादीदृश-स्त्वमेव दर्शितवान् । नान्य इति काक्वावधारणावगतिः । ७ । ननु

---

नथी. एवी रीते घमानुं पण, तेना कुंम्लसरखा कांठ, पोहोलुं तथा जाडुं पेट, अने पूर्वाऽपरादिक भागादिकनी अपेक्षावमे ज्यारे विवेचन करवामां आवे, त्यारे ते घमो पर्यायरूपज देखाय छे, परंतु तेनाथी भिन्न एवी कोइ घट नामनी वस्तु देखाती नथी. । ५ । आथी करी-नेज पर्यायास्तिक नयने अनुसरनाराउ कहे छे के =॥ तेवी तेवीरीते रहेला भागोज देखाय छे, पण तेवा भागवालो एवो निर्भागी कोइ प्रतीत थतो नथी. =॥ अने तेथी पदार्थनुं द्रव्यपर्याय एम उभयात्म-कपणुं होते छते पण द्रव्यनय आपवाथी अने पर्यायनय नही आप-वाथी द्रव्यरूपपणुं छे, अने पर्यायनय आपवाथी तथा द्रव्य नय नही आपवाथी पर्यायरूपपणुं छे; तेमज उभनय आपवाथी तदुभयरूप-पणुं छे; अने आथीज श्रीउमास्वातिजीमहाराज कहे छे के " आपे-लाथी अने नही आपेलाथी सिद्धि छे. " । ६ । एवीरीतनो द्रव्यप-र्यायात्मक पदार्थ, हे प्रभु! आपेज बतावेलो छे, परंतु बीजा कोइए बताव्यो नथी; एवीरीते काकुवाक्यथी निश्चयार्थ जाणवो. । ७ । द्रव्य

अन्याभिधानप्रत्यययोग्यंद्रव्यं अन्याभिधानप्रत्ययविषयाश्च पर्याया-स्तत्कथमेकमेव वस्तूभयात्मकमित्याशङ्कां विशेषणद्वारेण परिहरति । आदेशभेदेत्यादि । आदेशभेदेन सकलादेशविकलादेशलक्षणेन आ-देशद्वयेन उदिताः प्रतिपादिताः सप्तसंख्याः भङ्गा वचनप्रकारा यस्मिन् वस्तुनि तत्तथा । ८ । ननु यदि भगवता त्रिभुवनबन्धुना निर्विशेष-तया सर्वेभ्य एवंविधं वस्तुतत्वमुपदर्शितं तर्हि किमर्थं तीर्थान्तरीया-स्तत्र विप्रतिपद्यन्ते इत्याह । बुधरूपवेद्यमिति । ए । बुध्यन्ते यथाव-स्थितं वस्तुतत्वं सारेतरविषयविभागविचारणया इति बुधाः । उत्कृष्टा बुधा बुधरूपा नैसर्गिकाधिगमिकाऽन्यतरसम्यग्दर्शनविशदीकृतज्ञानशा-लिनः प्राणिनस्तैरेव वेदितुं शक्यं वेद्यं परिच्छेद्यं । न पुनः स्वस्वशा-स्त्रतत्वाभ्यासपरिपाकशाणानिशातबुद्धिभिरप्यन्यैः । तेषामनादिमिथ्या-

---

छे ते अन्य अभिधाननी प्रतीतिने योग्य छे अने पर्यायो छे ते तेथी अन्य अभिधाननी प्रतीतिना विषयवाला छे, तो पछी एकज पदार्थ उभयात्मक केम छे? एवीरीतनी आशंकाने हवे विशेषणद्वारवमे दूर करे छे. सकलादेश अने विकलादेश छे लक्षण जेनुं एवा बे आदे-शोवमे प्रतिपादन करेला छे सात भांगाउ जेमां एवो पदार्थ हे प्रभु! आपे बतावेलो छे, एवो संबंध जाणवो. । ८ । त्रणे भुवनोना बंधुरूप एवा भगवाने कंइ पण फेरफारविना सर्व प्राणीउप्रते ज्यारे एवीरीतनुं वस्तुतत्व देखाड्युं छे, त्यारे अन्यदर्शनीउ तेथी उलटीरीतनो स्वीकार शामाटे करे छे? तेनें माटे कहे छे. । ए । सार असारना भेदना वि-चारवमे जेउ वस्तुतत्वने यथास्थितपणे जाणे छे, तेउ बुध एटले पंमितो कहेवाय छे. जेउ उत्कृष्ट बुधो, तेउ बुधरूप कहेवाय छे; अर्थात् स्वाभाविक अथवा आधिगमिकमांथी कोइपण प्रकारना सम्यक्त्ववमे

दर्शनवासनादूषितमतितया यथावस्थितवस्तुतत्वाऽनवबोधेन बुधरूपत्वाऽभावात् । १० । तथा चागमः । =॥ सदसदविसेसणाउ । भवहेउजदच्छिउवलंभाउ ॥ नाणफलाभावाउ । मिच्छदिट्ठिस्स अन्नाणं ॥ ।.= अत एव तत्परिगृहीतं द्वादशाङ्गमपि मिथ्याश्रुतमामनन्ति । तेषामुपपत्तिनिरपेक्षं यदृच्छया वस्तुतत्वोपलंभनसंरंभात् । ११ । सम्यग्दृष्टिपरिगृहीतं तु मिथ्याश्रुतमपि सम्यक्श्रुततया परिणमते । सम्यग्दृशां सर्वविदुपदेशानुसारिप्रवृत्तितया मिथ्याश्रुतोक्तस्याप्यर्थस्य यथावस्थित

---

निर्मल करेलां ज्ञानवडे शोभता एवा जे प्राणीउ, तेउवडेज ते जाणीशकाय छे, परंतु पोतपोताना शास्त्रोना तत्वोना अभ्यासना परिपाकरूप सराणवडे थयेली तीक्ष्णबुद्धिवाला एवा पण बीजाउ तेने जाणीशकता नथी; केमके अनादिकालनी मिथ्यात्वनी वासनाथी दोषयुक्त मतिपणायें करीने यथास्थित वस्तुतत्वना अज्ञानवडे तेउने बुधरूपपणुं होतुं नथी. । १० । आगममां पण कह्युं छे के =॥ सत् असत्नो भेद जाण्याविना, तथा भवना हेतुरूप स्थितिनी प्राप्तिथी, अने ज्ञानफलना अभावथी मिथ्यादृष्टिने अज्ञान होय छे. =॥ अने आथी करीनेज तेउए ग्रहणकरेली द्वादशांगीने पण मिथ्याश्रुत कहे छे; केमके तेउ तो उपपत्तिनी अपेक्षा राख्याविना पोतानी मरजीमुजब वस्तुतत्वने मेलववाना संरंभवाला होय छे. । ११ । अने सम्यग्दृष्टिउए ग्रहणकरेलुं तो मिथ्याश्रुत पण तेउने सम्यक्श्रुतपणे परिणमे छे; केमके ते सम्यग्दृष्टिउनी प्रवृत्ति तो सर्वज्ञ प्रभुना उपदेशने अनुसारे होय छे, अने तेथी मिथ्याश्रुतमां कहेला अर्थने पण, यथार्थरीते विधिनि-

---

१ सद्असद्अविशेषणत । भवहेतुयथास्थितोपलंभतः ॥ ज्ञानफलाऽभावतः । मिथ्यादृष्टेः अज्ञान ॥ इतिच्छाया ॥

विधिनिषेधविषयतयोन्नयनात् । तथा हि । १२ । किल वेदे अजैर्यष्टव्यम् इत्यादिवाक्येषु मिथ्यादृशोऽजशब्दं पशुवाचकतया व्याचक्षते । सम्यग्दृशस्तु जन्माऽप्रायोग्यं त्रिवार्षिकं यवव्रीह्यादि पञ्चवार्षिकं तिलमसूरादि सप्तवार्षिकं कंगुसर्षपादि धान्यपर्यायतया पर्यवसाययन्ति । १३ । अत एव च भगवता श्रीवर्द्धमानस्वामिना 'विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्तीत्यादिका' ऋचः श्रीमदिन्द्रभूत्यादीनां द्रव्यगणधरदेवानां जीवादिनिषेधकतया प्रतिभासमाना अपि तद्व्यवस्थापकतया व्याख्याताः । १४ । तथा स्मार्ता

---

षेधविषयपणायें करीने तेउ जोमी ले छे. ते कहे छे. । १२ । वेदमां कह्युं छे के, 'अजोवमे' यज्ञ करवो, इत्यादिक वाक्योमां मिथ्यादृष्टिउ ज्यारे 'अज' शब्दनुं पशुरूपे व्याख्यान करे छे, त्यारे सम्यक्दृष्टिउ तो, वाव्याथी जे ऊगे नही एवा त्रण वर्षना जव अने व्रीहिआदिक, पांच वर्षना तल अने मसूरादिक, सात वर्षना कांग अने सर्षवआदिक धान्योना पर्यायतरिके माने छे. । १३ । वली आथी करीनेज भगवान् श्री वर्धमानस्वामिए 'विज्ञानघन[1] एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्यसंज्ञास्ति' इत्यादिक वैदिक मंत्रो, श्रीमान् इंद्रभूतआदिक द्रव्यगणधरोने जोके जीवादिकना निषेधरूपे प्रतिभासन थता हता, तोपण तेउनुं ते जीवादिकना स्थापकपणावमे व्याख्यान करेलुं छे. । १४ । वली स्मृतिने अनुसरनाराउ पण =॥ मांसभक्षणमां मद्यपानमां अने मैथुनमां दोष नथी, एतो प्राणीउनी प्रवृत्ति

---

१ आ वेदमंत्रना इंद्रभूतिआदिक द्रव्यगणधरा एवो अर्थ करता हता के । विज्ञानघन एवो आत्मा आ पंचभूतोथी उत्पन्न थइने तेज भूतोमां पाछो विलीन थाय छे । माटे परलोक नथी ।
= पण श्री वर्धमान प्रभुए तेना एवो अर्थ कर्यो के । ज्ञाननो समूह छे ते आ पंचभूतोथी उत्पन्न थइने तेज भूतोमां विलीन थाय छे । पण तेनी पूर्वसंज्ञा रहेती नथी ॥

अपि । =॥ न मांसभक्षणे दोषो । न मद्ये न च मैथुने ॥ प्रवृत्तिरेषा भूतानां । निवृत्तिस्तु महाफला ॥= इति श्लोकं पठन्ति । अस्य च यथाश्रुतार्थव्याख्यानेऽसंबद्धप्रलाप एव । १५ । यस्मिन् हि अनुष्ठीयमाने दोषो नास्त्येव तस्मान्निवृत्तिः कथमिव महाफला भविष्यति । इज्याध्ययनदानादेरपि निवृत्तिप्रसङ्गात् । तस्मादन्यदैदंपर्यमस्य श्लोकस्य । तथा हि । १६ । न मांसभक्षणे कृतेऽदोषोऽपि तु दोषः । एवं मद्यमैथुनयोरपि । कथं नादोष इत्याह । यतः प्रवृत्तिरेषा भूतानां । प्रवर्त्तन्त उत्पद्यन्तेऽस्यामिति प्रवृत्तिरुत्पत्तिस्थानं भूतानां जीवानां तत्तज्जीवसंसक्तिहेतुरित्यर्थः । प्रसिद्धं च मांसमद्यमैथुनानां जीवसंसक्तिमूलकारणत्वमागमे । १७ । =॥ [1]आमासुय पक्कासु । विपच्चमाणासु

---

छे, अने तेउनी निवृत्ति तो महाफलवाली छे. =॥ एवीरीतनो श्लोक भणे छे; अने तेनो यथाश्रुत अर्थ करवामां फक्त असंबद्ध प्रलापज छे. । १५ । केमके जे कार्य करते छते बीलकुल दोष नथी. ते कार्यथी निवृत्त थवुं, ए शीरीते महाफलवालुं थशे? केमके तेथी तो यज्ञ अध्ययन तथा दानादिकोने पण नही करवानो प्रसंग थशे. माटे ते श्लोकनो भावार्थ तो नीचे प्रमाणे छे, ते कहे छे. । १६ । मांसभक्षणमां दोष नथी तेम नथी, परंतु दोष छे. एवीजरीते मद्यपान अने मैथुनमां पण दोष छे. हवे तेमां केम अदोष नथी? ते कहे छे. केमके ते भूतोनी एटले जीवोनी प्रवृत्तिनुं एटले उत्पत्तिनुं स्थान छे; अर्थात् ते ते जीवोनी उत्पत्तिना हेतुउ छे. वली मांस, मद्य, अने मैथुनोने जीवोत्पत्तिनुं मूलकारणपणुं आगममां प्रसिद्ध छे. । १७ । =॥ काची,

---

१ आमासु च पक्कासु । विपच्यमानासु मांसपेशीषु ॥ आत्यंतिकं उपपातः । भणितस्तु निगोदजीवानां ॥= मद्ये मधुनि मांसे । नवनीते चतुर्थे ॥ उपजायंते अनंताः । तद्वर्णाः तेषु जंतवः ॥=मैथुनासना( संज्ञा )रुढः । नवलक्षाणि हंति सूक्ष्मजीवानां ॥ केवलिना प्रज्ञप्ताः । श्रद्धितव्याः सदाकालं =॥ इतिच्छाया ॥

मंसपेसीसु ॥ आयंतियमुववाउ । जणिउ उ निगोयजीवाणं ॥= मज्जे महुमि मंसंमि । नवणीयंमि चजुत्थए ॥ उप्पज्जंति अणंता । तव्वण्णा तत्थ जंतुणो ॥= मेहुणसन्नारूढो । नवलख्ख हणेइ सुहुमजीवाणं ॥ केवलिणा पन्नता । सद्दहियव्वा सयाकालं ॥= । तथा हि । १० । =॥ [1]इत्थीजोणीए संभवंति । बेइंदिया उ जे जीवा ॥ इक्कोवदोवतिन्निव । लख्खपुहुतं च उक्कोसं ॥= पुरिसेण सह गयाए । तेसिं जीवाण होइ उद्दवणं ॥ वेणुगदिट्ठंतेणं । तत्तायसिलागनाएणं ॥= । १९ । संसक्तायां योनौ द्वीन्द्रिया एते शूक्रशोणितसंभवास्तु गर्भजपञ्चेन्द्रिया इमे =॥ [2]पंचिंदिया मणुस्सा । एगनरभुत्तनारिगब्भंमि ॥ उक्कोसं नवलख्खा ।

---

पकवेली, अने पकवाती एवी मांसनी पेसीउमां निगोदीआ जीवोनी अत्यंत उत्पत्ति कहेली छे. =॥ मद्यमां, मधमां, मांसमां अने चोथा माखणमां, तेना जेवा वर्णवाला अनंता जीवो उपजे छे. =॥ केवलिभगवाने कह्युं छे के, मैथुनासनपर आरूढ थयेलो पुरुष नव लाख सूक्ष्म जीवोने हणे छे, अने ते वचन हमेशां श्रध्धाकरवालायक छे. ते कहे छे. । १० । —॥ स्त्रीनी योनिमां जे बेइंद्रिय जीवो होय छे, ते एक, अथवा बे, अथवा त्रण, अथवा उत्कृष्ट्रा बे लाखथी नवलाखसुधि होय छे. ॥= स्त्रीपुरुषनो संयोग थवाथी, रुथी भरेली वांसनी नलीमां तपावेलो लोखंडनो सलीउ नाखवाना दृष्टांते, योनिमाना जीवोनो विनाश थाय छे. । १९ । अविध्वयोनिमां ते जीवो बेइंद्रिय होय छे, अने वीर्य तथा रुधिरनो योग होते छते ते जीवो गर्भज पंचेंद्रिय थाय

---

१ स्त्रीयोनौ संभवंति । बेंद्रियास्तु ये जीवाः ॥ एकोवाद्वौवात्रयावा । क्षलपुहुत्तं च उत्कृष्टं ॥= पुरुषेण सहगतेन । तेषां जीवानां भवति उद्दवणं ॥ वेणुकद्रष्टांतेन । तप्तायसूशलाकाज्ञातेन ॥= इतिच्छाया ॥ २ पंचेंद्रिया मनुष्याः । एकनरभुक्तनारीगर्भे ॥ उत्कृष्टं नवलक्षाः । जायंते एकहेलया =॥ नवलक्षाणां मध्ये । जायते एकस्य द्वौवा समे ॥ शेषाः पुनः एवंएव च । विलयं व्रजंति तथैव ॥ इतिच्छाया ॥

जायंतीएगहिलाए ॥= नवलरकाणं मज्जे। जायइ इक्क डन्हेयस-म्मती॥ सेसा पुण एमेवय। विलयं वच्चंति तत्थेव ॥= तदेवं जीवोपमर्द-हेतुत्वान्न मांसनक्षणादिकमडष्टमिति प्रयोगः । २० । अथवा नूतानां पिशाचप्रायाणामेषा प्रवृत्तिस्त एवात्र मांसनक्षणादौ प्रवर्त्तन्ते। न पुन-र्विवेकिन इति नावः। तदेवं मांसनक्षणादेर्डष्टतां स्पष्टीकृत्य यडपदे-ष्टव्यं तदाह। निवृत्तिस्तु महाफला। तुरेवकारार्थः। तुः स्याद्भेदेऽ-वधारणे इति वचनात्। ततश्चैतेन्यो मांसनक्षणादिन्यो निवृत्तिरेव म-हाफला। स्वर्गापवर्गफलप्रदा। न पुनः प्रवृत्तिरपीत्यर्थः ।२१। अत एव स्थानान्तरे पठितम्। =॥ वर्षे वर्षेऽश्वमेधेन। यो यजेत शतं

---

ले. =॥ एक पुरुषे नोगवेली स्त्रीना गर्नमां एकीवखते उत्कृष्टा नव लाख पंचेंद्रि मनुष्यो नुत्पन्न थाय ले. ॥=॥ ते नव लाखनी मांहेथी एक अथवा बे साथे उत्पन्न थाय ले, अने बाकीना सघला तेमना तेमज नाश पामे ले. ॥= माटे एवीरीते जीवहिंसानो हेतु होवाथी मांसनक्षणादिक दूषणरहित नथी, एवो प्रयोग जाणवो. । २० । अ-थवा ए प्रवृत्ति नूतोनी एटले पिशाचप्रायोनी ले, केमके तेडज मांस-नक्षणमां प्रवर्ते ले, पण विवेकीड प्रवर्तता नथी एवो नावार्थ जाणवो. माटे एवीरीते मांसनक्षणादिकनुं डष्टपणुं देखामीने, जेनो नुपदेश दे-वानो ले, ते कहे ले. ते मांसनक्षणादिकथी निवृत्त थवुं तेज महाफ-लवालुं ले, अहीं 'तु' एवकारना अर्थमां ले. कहुं ले के 'तु' ने-दमां अने निश्चयार्थमां आवे ले. माटे ते मांसनक्षणादिकोथी निवृ-त्तिज महाफलवाली एटले स्वर्ग तथा मोक्षफलने देनारी ले, परंतु प्र-वृत्ति कंइ महाफलवाली नथी. । २१ । आथी करीनेज बीजी जगोए कहुं ले के, =॥ जे माणस दरवर्षे सो वर्षसुधि अश्वमेध यज्ञ करे, अने जे माणस मांसनक्षण करे नही तेड बन्नेने तुल्य फल थाय. ॥=

समाः ॥ मांसानि च न खादेद्य—स्तयोस्तुल्यं भवेत्फलम् ॥= एकरात्रोषितस्यापि । या गतिर्ब्रह्मचारिणः ॥ न सा क्रतुसहस्रेण । प्राप्तुं शक्या युधिष्ठिर ॥= । २२ । मद्यपाने तु कृतं सूत्रानुवादैस्तस्य सर्वविगर्हितत्वात् । तानेवंप्रकारानर्थान् कथमिव बुधाभासास्तीर्थिका वेदितुमर्हन्तीति कृतं प्रसङ्गेन । अथ केऽमी सप्तभङ्गाः । कश्चायमादेशभेद इत्युच्यते । २३ । एकत्र जीवादौ वस्तुनि एकैकसत्त्वादिधर्म्मविषयप्रश्नवशादविरोधेन प्रत्यक्षादिबाधापरिहारेण पृथग्भूतयोः समुदितयोश्च विधिनिषेधयोः पर्यालोचनया कृत्वा स्याच्छब्दलाञ्छितो वक्ष्यमाणैः सप्तभिः प्रकारैर्वचनविन्यासः सप्तभङ्गीति गीयते । तद्यथा । २४ । स्यादस्त्येव सर्वमिति विधिकल्पनया प्रथमो भङ्गः । स्यान्नास्त्येव सर्वमिति निषेधकल्पनया द्वितीयः । स्यादस्त्येव स्यान्नास्त्येवेति क्रमतो विधिनिषेधकल्पनया तृ-

---

हे युधिष्ठिर! एकरात्रिना उपवासी एवा ब्रह्मचारीनी जे गति थाय छे, ते गति एकहजार यज्ञोवडे पण मली शकती नथी. । २२ । मद्यपानमाटे विवेचननी जरुर नथी, केमके तेने तो सर्व लोकोए निंद्युं छे, एवीरीतना पूर्वे कहेला अर्थोने पंडिताभाससरखा अन्यदर्शनीओ शीरीते जाणी शके? एवीरीते प्रसंगोपात कह्युं. हवे ते सात भांगाओ कया कया छे? अने आ आदेशभेद शुं छे? ते कहे छे. । २३ । एकज जीवादिक पदार्थमां छतापणादिक एकेक धर्मसंबंधि प्रश्नना वशथी प्रत्यक्षादिक प्रमाणनी बाधाना परिहारें करीने, पृथग्भूत एवा विधिनिषेधनी पर्यालोचनाए करीने, स्यात् शब्दे करीने युक्त एवो हवे कहेवाता सात प्रकारोवडे जे वचनविन्यास, ते सप्तभंगी कहेवाय छे. ते नीचे प्रमाणे. । २४ । ‘सघलुं कथंचित् छेज’ एवीरीतनो विधिकल्पनावडे पेहेलो भांगो जाणवो. ‘सघलुं कथंचित् नथीज’ ए निषेधकल्पनावडे बीजो भांगो जाणवो. ‘कथंचित् छेज, कथंचित्

तीयः । स्यादवक्तव्यमेवेति युगपद्विधिनिषेधकल्पनया चतुर्थः । स्यादस्त्येव स्यादवक्तव्यमेवेति विधिकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च पञ्चमः । स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति निषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च षष्ठः । स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादवक्तव्यमेवेति क्रमतो विधिनिषेधकल्पनया युगपद्विधिनिषेधकल्पनया च सप्तमः ।२५। तत्र स्यात्कथंचित्स्वद्रव्यक्षेत्रकालभावरूपेणास्त्येव सर्वं कुम्भादि । न पुनः परद्रव्यक्षेत्रकालभावरूपेण । तथा हि । कुम्भो द्रव्यतः पार्थिवत्वेनास्ति । नाबादिरूपत्वेन । क्षेत्रतः पाटलिपुत्रकत्वेन न कान्यकुब्जादित्वेन । कालतः शिशिरत्वेन । न वासन्तिकादित्वेन । भावतः श्यामत्वेन ।

---

नथीज' एवीरीते अनुक्रमे विधिनिषेधनी कल्पनावडे त्रीजो भांगो जाणवो. 'कथंचित् अवक्तव्यज छे' एवीरीते एकीवेलाए विधिनिषेधनी कल्पनावडे चोथो भांगो जाणवो. 'कथंचित् छेज, कथंचित् अवक्तव्यज छे' एवीरीते विधिकल्पनावडे अने एकीवेलाए विधिनिषेधकल्पनावडे पांचमो भांगो जाणवो. 'कथंचित् नथीज, कथंचित् अवक्तव्यज छे' एवीरीते निषेधकल्पनावडे अने एकीवेलाए विधिनिषेधकल्पनावडे छट्ठो भांगो जाणवो. 'कथंचित् छेज, कथंचित् नथीज, कथंचित् अवक्तव्यज छे' एवीरीते अनुक्रमे विधिनिषेधकल्पनावडे तथा एकीवेलाए विधिनिषेधकल्पनावडे सातमो भांगो जाणवो. । २५ । तेमां स्यात् एटले कथंचित् पोताना द्रव्य, क्षेत्र, काल अने भावरूपवडे कुंभादिक सर्व पदार्थ छे, परंतु परद्रव्यक्षेत्रकालभावें करीने नथी. ते कहे छे. घमो द्रव्यथी पार्थिवपणायेंकरीने छे, पण जलादिकस्वरूपवडे नथी. क्षेत्रथी पाटलीपुत्रकपणावडे छे, पण कान्यकुब्जादिकपणे नथी. कालथी शिशिरपणावडे छे, पण वसंतऋतुपणावडे नथी. भावथी श्यामपणावडे छे, पण रक्तादिकपणे नथी;

न रक्तादित्वेन । अन्यथेतररूपापत्त्या स्वरूपहानिप्रसङ्ग इति । २६ । अवधारणं चात्र भङ्गेऽनभिमतार्थव्यावृत्त्यर्थमुपात्तम् । इतरथाऽनभिमततुल्यतैवास्य वाक्यस्य प्रसज्येत । प्रतिनियतस्वार्थाऽनभिधानात् । तदुक्तम् । =॥ वाक्येऽवधारणं तावदनिष्टार्थनिवृत्तये ॥ कर्तव्यमन्यथाऽनुक्त–समत्वात्तस्य कुत्रचित् ॥= तथाप्यस्त्येव कुंभ इत्येतावन्मात्रोपादाने कुंभस्य स्तंभाद्यस्तित्वेनापि सर्वप्रकारेणास्तित्वप्राप्तेः प्रतिनियतस्वरूपानुपपत्तिः स्यात्। तत्प्रतिपत्तये स्यादिति शब्दः प्रयुज्यते। स्यात्कथंचित्स्वद्रव्यादिभिरेवायमस्ति न परद्रव्यादिभिरपीत्यर्थः ।२७। यत्रापि चासौ न प्रयुज्यते तत्रापि व्यवच्छेदफलैवकारवत् बुद्धिमद्भिः प्रतीयत एव । यदुक्तम् । =॥ सोऽप्रयुक्तोऽपि वा तज्ज्ञैः । सर्वत्रार्था-

---

वली जो तेम न होय तो अन्यस्वरूपनी आपत्तिवमे पोताना स्वरूपनी हानिनो प्रसंग थाय. । २६ । आ भांगामां नही स्वीकारेला अर्थनी व्यावृत्तिमाटे अवधारण ग्रहण करेलुं छे; अने जो तेम कर्युं न होय तो, चोकस स्वार्थ नही कहेवाथी आ वाक्यने नही स्वीकारेलाना तुल्यपणानो प्रसंग आवे. कह्युं छे के =॥ वाक्यमां निश्चय छे ते अनिष्टअर्थनी निवृत्ति माटे छे; अने कोइक जगोए अन्यथाप्रकारे नही कहेलानी तुल्य होवाथी करीलेवुं. =॥ तो पण 'घमो छेज' एटलुंज मात्र स्वीकारते छते, स्तंभादिकना अस्तिपणायें करीने पण, कुंभने सर्व प्रकारवमे अस्तिपणानी प्राप्तिथी चोकस स्वरूपनी अप्राप्ति थाय; तेथी ते स्वरूपनी प्राप्तिमाटे 'स्यात्' एवो शब्द जोमवामां आवे छे. स्यात् एटले कथंचित् स्वद्रव्यादिकोवमेज आ कुंभ छे, परंतु परद्रव्यादिकोवमे पण नथी, एवो अर्थ जाणवो. । २७ । वली ज्यां आ 'स्यात्' शब्द जोमवामां न आवे, त्यां पण व्यवच्छेदना फलरूप एवकारनी पेठे बुद्धिवानो तेने जाणीज लेछे, कह्युं छे के =॥ जेम अयोगादिकना

त्प्रतीयते ॥ यथैवकारोऽयोगादि–व्यवच्छेदप्रयोजनः ॥= इति प्रथमो भङ्गः । २७ । स्यात्कथंचिन्नास्त्येव कुंभादिः परद्रव्यादिभिरिव [१]स्वद्रव्यादिभिरपि । वस्तुनोऽसत्वाऽनिष्टौ हि प्रतिनियतस्वरूपाऽभावात् वस्तुप्रतिनियतिर्न स्यात् । न चास्तित्वैकान्तवादिभिरत्र नास्तित्वमसिद्ध-मिति वक्तव्यं । कथंचित्तस्य वस्तुनि युक्तिसिद्धत्वात्साधनवत् । २९ । न हि क्वचिदनित्यत्वादौ साध्ये सत्वादिसाधनस्यास्तित्वं विपक्षे नास्ति-त्वमन्तरेणोपपन्नं । तस्य साधनत्वाऽभावप्रसङ्गात् । तस्माद्वस्तुनोऽस्तित्वं नास्तित्वेनाविनाभूतं नास्तित्वं च तेनेति । विवक्षावशाच्चाऽनयोः प्रधा-

---

व्यवच्छेदना प्रयोजनवालो एवकार छे, तेम, जो के ' स्यात् ' शब्दने जोमवामां आव्यो न होय, तो पण तेना जाणकारो सर्व जगोए अ-र्थथी तेनी प्रतीति करी ले छे. एवीरीते पहेलो भांगो जाणवो. । २७ । ' स्यात् एटले कथंचित् परद्रव्यादिकोवमे जेम, तेम स्वद्रव्यादिको-वमे पण कुंभादिक नथीज ' केमके पदार्थनुं अछतापणुं जो स्वीकार-वामां न आवे, तो चोकस स्वरूपना अभावथी पदार्थनुं चोकसपणुं न थाय. वली अस्तिपणारूप एकांत वादने माननाराउए ' अहीं नास्ति-पणुं असिद्ध छे ' एम नहीं बोलवुं; केमके ते नास्तिपणुं पण साधननी पेठे कथंचित् पदार्थमां युक्तिथी सिद्ध थाय छे. । २९ । कारणके को-इक अन्यपणादिकने साधवामां, विपक्षमां नास्तिपणाविना सत्वादिक साधननुं अस्तिपणुं घटीशके नहीं; केमके तेने साधनपणाना अभावनो प्रसंग थाय छ ; माटे पदार्थनुं अस्तिपणुं नास्तिपणाविना होतुं नथी, अने नास्तिपणुं अस्तिपणाविना होतुं नथी; तथा कहेवानी इच्छाना वशथी ते बन्नेनो मुख्य अने गौणभाव थाय छे, तथा बाकीना बीजा भांगाउमां पण एवीजरीते जाणवुं; केमके ' आपेक्षाथी अने नहीआ-

---

१ । स्वद्रव्यादिभिरिव परद्रव्यादिभिरपि । इति द्वितीयपुस्तकपाठः ॥

नोपसर्जनभावः । एवमुत्तरभङ्गेष्वपि ज्ञेयं " अर्पिताऽनर्पितसिद्धेरिति वाचकवचनात् । इति द्वितीयः । तृतीयः स्पष्ट एव । ३० । द्वाभ्यामस्तित्वनास्तित्वधर्माभ्यां युगपत्प्रधानतयाऽर्पिताभ्यामेकस्य वस्तुनोऽभिधित्सायां तादृशस्य शब्दस्याऽसंभवादवक्तव्यं जीवादिवस्तु । तथा हि । सदसत्वगुणद्वयं युगपदेकत्र सदित्यनेन वक्तुमशक्यं । तस्याऽसत्त्वप्रतिपादनाऽसमर्थत्वात् तथाऽसदित्यनेनापि तस्य सत्त्वप्रत्यायनसामर्थ्याऽभावात् । ३१ । न च पुष्पदन्तादिवत्साङ्केतिकमेकं पदं तद्वक्तुं समर्थं । तस्यापि क्रमेणार्थद्वयप्रत्यायने सामर्थ्योपपत्तेः । शतृशानयोः संकेतितसच्छब्दवत् । अत एव द्वन्द्वकर्मधारयवृत्त्योर्वाक्यस्य च न तद्वा-

---

पेलाथी सिद्धि थाय छे ' एवुं श्री उमास्वातिजी महाराजनुं वचन छे. एवीरीते बीजो भांगो जाणवो. अने त्रीजो भांगोतो स्पष्टज छे. ।३०। एकीहारे प्रधानपणावडे आपेला एवा अस्तिपणारूप अने नास्तिपणारूप बे धर्मोवडे एक पदार्थने कहेवानी इच्छा होते छते, तेवी रीतना शब्दना असंभवथी जीवादिक पदार्थ अवक्तव्य छे. ते कहे छे. छतापणुं अने अछतापणुं एम बन्ने गुणो एकीहारे एकवस्तुमां 'सत्' एटलुंज कहेवावडे कंइ कही शकाता नथी; केमके ते 'सत्' छे ते, 'असत्ना' प्रतिपादनमाटे असमर्थ छे; तेमज 'असत्' एटलुंज कहेवावडे करीने पण ते बन्ने गुणो कंइ कही शकाता नथी, केमके ते असत् छे ते, सत्नी प्रतीति कराववामाटे असमर्थ छे. । ३१ । वली पुष्पदंतादिकनीपेठे सांकेतिक एवुं एक पद पण तेने कहेवाने समर्थ नथी; केमके ते पण शतृ अने शानना संकेतवाला 'सत्' शब्दनीपेठे अनुक्रमे बे अर्थोनी प्रतीतिमाटे सामर्थ्यवालुं छे; वली आथी करीनेज द्वंद्व अने कर्मधारयवृत्तिने अने वाक्यने तेनुं वाचकपणुं नथी, एवीरीते सर्ववाचकरहित होवाथी अवक्तव्य एवो पदार्थ, एकीहारे

त्रकत्वमिति सकलवाचकरहितत्वादवक्तव्यं वस्तु युगपत्सत्त्वासत्त्वाभ्यां प्रधानभावार्पिताभ्यामाक्रान्तं व्यवतिष्टते । न च सर्वथाऽवक्तव्यमवक्तव्यशब्देनाप्यनभिधेयत्वप्रसंगादिति चतुर्थः । ३१ । शेषास्त्रयः सुगमाभिप्रायाः । न च वाच्यं एकत्र वस्तुनि विधीयमाननिषिध्यमानाऽनन्तधर्माभ्युपगमेनानन्तभंगीप्रसंगादसंगतैव सप्तभंगीति । विधिनिषेधप्रकारापेक्षया प्रतिपर्यायं वस्तुन्यनन्तानामपि सप्तभंगीनामेव संभवात् । यथा हि सदसत्त्वाभ्यामेवं सामान्यविशेषाभ्यामपि सप्तभंग्येव स्यात् । तथा हि । ३३ । स्यात्सामान्यं । स्याद्विशेषः । स्यादुभयं । स्यादवक्तव्यं । स्यात्सामान्याऽवक्तव्यं । स्याद्विशेषावक्तव्यं । स्यात्सामान्यविशेषाऽवक्तव्यमिति । न चात्रविधिनिषेधप्रकारौ न स्त इति वाच्यं । सामान्यस्य विधिरूपत्वाद्विशेषस्य च व्यावृत्तिरूपतया निषे-

---

प्रधानभाववमे अर्पेला उताअउतापणायें करीने व्याप्त रहे छे. वली ते सर्वथाप्रकारे कंइ अवक्तव्य नथी; केमके अवक्तव्य शब्दे करीने पण ननामापणानो प्रसंग आवे छे. एवीरीते चोथो भांगो जाणवो. । ३१ । अने बाकीना त्रण तो सुगम अभिप्रायवाला छे. वली एकज पदार्थमां स्वीकाराता अने निषेध कराता एवा अनंता धर्मोना स्वीकारवमे अनंती भंगीउना प्रसंगथी आ सप्तभंगी अयोग्य छे, एम नही बोलवुं. केमके विधिनिषेधना प्रकारनी अपेक्षावमे दरेक पर्यायप्रते पदार्थमां अनंती एवी पण सप्तभंगीउनोज संभव थाय छे, जेम उताअउतावमे करीने, तेम सामान्यविशेषवमे पण सप्तभंगीज थाय. ते कहे छे. । ३३ । कथंचित् सामान्य छे, कथंचित विशेष छे, कथंचित् तेउ बन्ने छे, कथंचित् अवक्तव्य छे, कथंचित सामान्यअवक्तव्य छे; कथंचित् विशेषअवक्तव्य छे, अने कथंचित् सामान्यविशेषअवक्तव्य छे. वली अहीं विधिनिषेधना प्रकारो नथी, एम नही बोलवुं,

धात्मकत्वात् । ३४ । अथवा प्रतिपक्षशब्दत्वाद्यदा सामान्यस्य प्रा- धान्यं तदा तस्य विधिरूपता । विशेषस्य च निषेधरूपता । यदा वि- शेषस्य पुरस्कारस्तदा तस्य विधिरूपता इतरस्य च निषेधरूपता । एवं सर्वत्र योज्यं । ३५ । अतः सुष्ठूक्तं अनन्ता अपि सप्त भंग्य एव सम्भवेयुरिति । प्रतिपर्यायं प्रतिपाद्यपर्यनुयोगानां सप्तानामेव सं- भवात्तेषामपि सप्तत्वं । सप्तविधतज्जिज्ञासानियमात् । तस्या अपि सप्तविधत्वं सप्तधैव तत्संदेहसमुत्पादात् । तस्यापि सप्तविधत्वनियमः स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वस्यैवोपपत्तेरिति । ३६ । इयं च सप्तभङ्गी प्रतिभंगं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च । तत्र सकलादेशः

---

केमके सामान्यने विधिरूपपणुं छे, अने विशेषने व्यावृत्तिरूपपणायें करीने निषेधात्मकपणुं छे. । ३४ । अथवा प्रतिपक्षशब्दपणाथी ज्यारे सामान्यने प्रधानपणुं होय, त्यारे तेने विधिरूपपणुं होय, अने विशे- षने निषेधरूपपणुं होय; अने ज्यारे विशेषने प्रधानपणुं होय, त्यारे तेने विधिरूपपणु होय. अने सामान्यने निषेधरूपपणुं होय; एवीरीते सर्व जगोए जोरुनी लेवुं; । ३५ । माटे अनंत एवी पण सप्तभंगीओज थाय छे, ए युक्तज कह्युं छे, केमके दरेक पर्यायप्रते प्रतिपाद्य एवा पर्यनुयोगो सातज होय छे, अने तेथी तेओने पण सातपणुं होय छे, केमके तेओनी जीज्ञासानो नियम पण सात प्रकारनो होय छे. वली ते जीज्ञासा पण सात प्रकारनी छे, केमके तेनो संदेह सात प्रकारे उ- त्पन्न थाय छे; वली ते संदेह पण सात प्रकारना नियमवालो छे, केमके तेने गोचर एवा पदार्थधर्मोने सात प्रकारनीज प्राप्ति छे. । ३६ । वली आ सप्तभंगी दरेक भांगाप्रते सकलादेशना स्वभाववाली अने विकलादेशना स्वभाववाली छे. तेमां सकलादेश एटले प्रमाणवाक्य, अने तेनुं लक्षण नीचे प्रमाणे छे. प्रमाणवडे करीने युक्त एवा अ-

प्रमाणवाक्यं । तल्लक्षणं चेदं । प्रमाणप्रतिपन्नानन्तधर्म्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः ।३७। अस्यार्थः। कालादिभिरष्टभिः कृत्वा यदभेदवृत्तेर्धर्मधर्मिणोरपृथक्भावस्य प्राधान्यं तस्मात्कालादिभिर्भिन्नात्मनामपि धर्मधर्मिणामभेदाध्यारोपाद्वा समकालमभिधायकं वाक्यं सकलादेशः । तद्विपरीतस्तु विकलादेशो नयवाक्यमित्यर्थः । ३८ । अयमाशयः । यौगपद्येनाऽशेषधर्मात्मकं वस्तु कालादिभिरभेदवृत्त्याऽभेदोपचारेण वा प्रतिपादयति सकलादेशः । तस्य प्रमाणाधीनत्वात् । विकलादेशस्तु क्रमेण भेदोपचाराद्भेदप्राधान्याद्वा तदभिधत्ते । तस्य नयात्मकत्वात् । कः पुनः क्रमः । किंच यौगपद्यं । ३९ । यदाऽस्तित्वादिधर्माणां का-

---

नंत धर्मवाला पदार्थने कालादिकोवडे अभेदवृत्तिना प्रधानपणाथी अथवा अभेदना उपचारथी एकीहारे प्रतिपादन करनारुं जे वचन, ते सकलादेश कहेवाय. । ३७ । तेनो अर्थ नीचे प्रमाणे जाणवो. काल आदिक आठवडे करीने अभेदवृत्तिथी धर्मधर्मिना अभिन्नभावनुं जे प्रधानपणुं, तेथी कालादिकोवडे भिन्नरूप एवा पण धर्मधर्मिउना अभेदना अध्यारोपथी समकाले कहेनारुं जे वाक्य ते सकलादेश कहेवाय, अने तेथी विपरीत लक्षणवालुं ते विकलादेश एटले नयवाक्य कहेवाय. । ३८ । तेनो भावार्थ ए छे के, सकलादेश छे ते, एकीवेलाए अशेषधर्मात्मक पदार्थने कालादिकोए करीने अभेदवृत्तिवडे अथवा अभेदउपचारवडे प्रतिपादन करे छे, केमके ते प्रमाणने आधीन छे. अने विकलादेश तो क्रमेकरीने भेदना उपचारथी अथवा भेदना प्रधानपणाथी ते पदार्थने प्रतिपादन करे छे, केमके ते नयात्मक छे. हवे क्रम ते कयो? अने युगपत्पणुं ते शुं? (ते कहे छे.) । ३९ । ज्यारे अस्तिपणादिकधर्मोनो कालादिकोवडे भेद कहेवानी

लादिभिर्भेदविवक्षा तदैकशब्दस्यानेकार्थप्रत्यायने शक्त्यभावात्क्रमः। यदा तु तेषामेव धर्माणां कालादिभिरभेदेन वृतमात्मरूपमुच्यते तदैकेनापि शब्देनैकधर्मप्रत्यायनमुखेन तदात्मकतामापन्नस्याऽनेकाशेषधर्मरूपस्य वस्तुनः प्रतिपादनसम्भवाद्यौगपद्यं। ४०। के पुनः कालादयः। कालः। आत्मरूपं। अर्थः। संबन्धः। उपकारः। गुणिदेशः। संसर्गः। शब्दः। इति। तत्र स्याज्जीवादिवस्त्वस्त्येवेत्यत्र यत्कालमस्तित्वं तत्कालाः शेषानन्तधर्मा वस्तुन्येकत्रेति तेषां कालेनाऽभेदवृत्तिः।४१। यदेव चास्तित्वस्य तद्गुणत्वमात्मरूपं तदेवान्यानन्तगुणानामपीति आत्मरूपेणाऽभेदवृत्तिः। ४२। य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य स एवाऽन्यपर्यायाणामित्यर्थेनाऽभेदवृत्तिः। ४३। य एव चाऽवि-

---

इच्छा होय, त्यारे एक शब्दने अनेक अर्थोनी प्रतीति कराववामां शक्ति नही होवाथी क्रम थाय छे. वली ज्यारे तेज धर्मोनुं कालादिकोवडे अभेदें करीने युक्त एवुं निजस्वरूप कहेवामां आवे, त्यारे एक धर्मनी प्रतीति कराववामां मुख्य एवा एक शब्दे करीने पण तदात्मकपणाने प्राप्त थयेला एवा बाकीना अनेकधर्मरूप पदार्थना प्रतिपादनना संभवथी युगपत्पणुं छे. ।४०। हवे ते कालादिक आठ कया कया छे? ते कहे छे. काल, आत्मरूप, अर्थ, संबंध, उपकार, गुणिदेश, संसर्ग अने शब्द. त्यां 'जीवादिक वस्तु कथंचित् छेज' ए वाक्यमां जे कालवालुं अस्तिपणुं छे, ते कालवाला बाकीना अनंताधर्मो एकज वस्तुमां छे, अने तेथी तेउनी कालवडे अभेदवृत्ति छे. ।४१। वली अस्तिपणाने तद्गुणपणारूप जे आत्मस्वरूप छे, तेज बीजा अनंत गुणोने पण छे, एवीरीते आत्मस्वरूपवडे अभेदवृत्ति छे. ।४२। वली अस्तिपणाना आधाररूप जे द्रव्य नामनो अर्थ छे, तेज बीजा पर्यायोनो छे, एवीरीते अर्थवडे अभेदवृत्ति छे. ।४३।

ष्वगुणजावः कथंचितादात्म्यलक्षणः सम्बन्धोऽस्तित्वस्य स एव शेषवि-शेषाणामिति सम्बन्धेनाऽभेदवृत्तिः । ४४ । य एवचोपकारोऽस्तित्वेन स्वानुरक्तत्वकरणं स एव शेषैरपि गुणैरित्युपकारेणाऽभेदवृत्तिः । ४५। य एव गुणिनः संबन्धी देशः क्षेत्रलक्षणोऽस्तित्वस्य स एवान्यगुणाना-मिति गुणिदेशेनाऽभेदवृत्तिः । ४६ । य एव चैकवस्त्वात्मनाऽस्तित्वस्य संसर्गः स एव शेषधर्माणामिति संसर्गेणाऽभेदवृत्तिः । अविष्वग्भावेऽ-भेदः प्रधानं भेदो गौणः । संसर्गे तु भेदः प्रधानमभेदो गौण इति वि-शेषः । ४७ । य एव चास्तीति शब्दोऽस्तित्वधर्मात्मकस्य वस्तुनो वा-चकः स एव शेषाऽनन्तधर्मात्मकस्यापीति शब्देनाऽभेदवृत्तिः । ४८ । पर्यायार्थिकनयगुणभावे द्रव्यार्थिकनयप्राधान्यादुपपद्यते । द्रव्यार्थिक-

---

तेमज अस्तिपणानो अभिन्नभावरूप कथंचित् तादात्म्यलक्षणवाळो जे संबंध छे, तेज बीजा विशेषोनो छे, एवीरीते संबंधवडे अभेदवृत्ति छे. । ४४ । अस्तिपणावडे करीने पोतामां अनुरक्तकरवारूप जे उपकार छे, तेज बीजा गुणोवडे पण छे, एवीरीते उपकारें करीने अभेदवृत्ति छे. । ४५ । वळी गुणीनो संबंधी क्षेत्रलक्षणवाळो अस्ति-पणानो जे देश छे, तेज अन्यगुणोनो छे, एवीरीते गुणीदेशवडे अ-भेदवृत्ति छे. । ४६ । वळी जे एकवस्तुरूपे अस्तिपणानो संसर्ग छे, तेज बीजा शेषधर्मोनो छे, एवीरीते संसर्गवडे अभेदवृत्ति छे ; तेमां अ-भिन्नभावमां अभेद प्रधान छे, अने भेद गौण छे, अने संसर्गमां भेद प्रधान छे, अने अभेद गौण छे, एटलुं विशेष छे. । ४७ । वळी अ-स्ति एवो जे शब्द अस्तिपणाना धर्मवाळी वस्तुनो वाचक छे, तेज बीजा अनंतधर्मात्मकनो पण छे, एवीरीते शब्दवडे अभेदवृत्ति छे. । ४८ । पर्यायार्थिकनयगुणभावमां द्रव्यार्थिक नयना प्रधानपणाथी अभेदवृत्ति थाय छे, अने द्रव्यार्थिकगुणभावमां पर्यायार्थिकनुं प्रधा-

गुणभावे पर्यायार्थिकप्राधान्ये तु न गुणानामभेदवृत्तिः सम्भवति । समकालमेकत्र नानागुणानामसम्भवात् । ४७ । सम्भवे वा तदाश्रयस्य तावद्धा भेदप्रसङ्गात् । नानागुणानां सम्बन्धिन आत्मरूपस्य च भिन्नत्वात् आत्मरूपाऽभेदे तेषां भेदस्य विरोधात् । स्वाश्रयस्यार्थस्यापि नानात्वादन्यथा नानागुणाश्रयत्वस्य विरोधात् । सम्बन्धस्य च सम्बन्धिभेदेन भेददर्शनान्नानासम्बन्धिभिरेकत्रैकसम्बन्धाऽघटनात् । तैः क्रियमाणस्योपकारस्य च प्रतिनियतस्वरूपस्याऽनेकत्वात् अनेकैरुपकारिभिः क्रियमाणस्योपकारस्य विरोधात् । गुणिदेशस्य च प्रतिगुणं भेदात्तदभेदे भिन्नार्थगुणानामपि गुणिदेशाऽभेदप्रसङ्गात् । संसर्गस्य च प्रतिसंसर्गिभेदात्तदभेदे संसर्गिभेदविरोधात् । शब्दस्य प्रतिविषयं नानात्वात्सर्वगुणानामेकशब्दवाच्यतायां सर्वार्थानामेकशब्दवाच्यतापत्तेः ।

---

नपणुं होते छते गुणोनी अभेदवृत्ति संभवती नथी, केमके एकीवेलाए एकज पदार्थमां विविधप्रकारना गुणोनो असंभव होय छे. । ४७ । अथवा जो संभव होय, तो तेना आश्रयने त्यांसुधि भेदनो प्रसंग थशे, वली नाना प्रकाराना गुणोनुं संबंधि एवुं आत्मस्वरूप भिन्न थवाथी, आत्मस्वरूपना अभेदमां ते गुणोना भेदनो विरोध आवशे ; वली संबंधिना भेदे करीने संबंधनो भेद देखावाथी, नानाप्रकारना संबंधिओसाथे एक जगोए एक संबंध घटी शकशे नही ; वली तेओवमे कराता चोकसस्वरूपवाला उपकारने अनेकपणुं थवाथी अनेक उपकारीओवमे कराता उपकारने विरोध आवशे ; वली दरेक गुणप्रते गुणिदेशनो भेद थवाथी, तेना अभेदमां भिन्नार्थगुणोने पण गुणिदेशना अभेदनो प्रसंग थशे ; वली संसर्गने दरेकसंसर्गीप्रते भेद थवाथी, तेना अभेदमां संसर्गीना भेदनो विरोध आवशे ; वली दरेक विषयप्रते शब्दने विविधप्रकारपणुं थवाथी, सर्व गुणोनुं एकशब्दवाच्यपणुं थवामां सर्व

शब्दान्तरवैफल्यापत्तेश्च । ५० । तत्वतोऽस्तित्वादीनां एकत्र वस्तुन्येवमभेदवृत्तेरसंभवे कालादिभिर्भिन्नात्मनामभेदोपचारः क्रियते । तदेताभ्यामभेदवृत्त्यभेदोपचाराभ्यां कृत्वा प्रमाणप्रतिपन्नाऽनन्तधर्मात्मकस्य वस्तुनः समसमयं यदभिधायकं वाक्यं स सकलादेशः । प्रमाणवाक्याऽपरपर्यायः । ५१ । नयविषयीकृतस्य वस्तुधर्मस्य भेदवृत्तिप्राधान्याद् भेदोपचाराद्वा क्रमेण यदभिधायकं वाक्यं स विकलादेशो नयवाक्यापरपर्याय इति स्थितं । ततः साधूक्तमादेशभेदोदितसप्तभङ्गमिति काव्यार्थः ॥

। ५२ । अनन्तरं भगवद्दर्शितस्याऽनेकांतात्मनो वस्तुनो बुधरूपवेद्यत्वमुक्तं । अनेकान्तात्मकत्वं च सप्तभङ्गीप्ररूपणेन सुखोन्नेयं स्यादिति

---

पदार्थोने एकशब्दना वाच्यपणानी आपत्ति आवशे, तेम बीजा शब्दोने निष्फलपणानी आपत्ति थशे. । ५० । एवीरीते तत्वथी एकज वस्तुमां अस्तिपणादिकनी अभेदवृत्तिनो असंभव होते छते कालादिकोवडे भिन्नरूप एवा ते अस्तिपणादिकोनो अभेदोपचार कराय छे; माटे ते अभेदवृत्ति अने अभेदोपचारवडे प्रमाणे करीने युक्त एवा अनंतधर्मात्मक पदार्थने कहेनारुं तुल्यसमयवालुं जे वाक्य ते सकलादेश कहेवाय, के जेनुं बीजुं नाम प्रमाणवाक्य छे. । ५१ । नयविषयरूप करेला वस्तुधर्मने भेदवृत्तिना प्रधानपणाथी अथवा भेदना उपचारथी क्रमवडे कहेनारुं जे वाक्य ते विकलादेश कहेवाय, के जेनुं बीजुं नाम नयवाक्य छे. माटे आदेशभेदे करीने कहेला सात भांगाउ छे, एम जे कह्युं, ते युक्तज छे. एवीरीते त्रेवीसमा काव्यनो अर्थ जाणवो.

। ५२ । भगवाने देखाडेला अनेकांतात्मक पदार्थनुं बुधरूपवैद्यपणुं उपर कह्युं; अने ते अनेकांतात्मकपणुं सप्तभंगी प्ररूपवावडे

सापि निरूपिता । तस्यां च विरुद्धधर्माध्यासितं वस्तु पश्यन्त एकान्तवादिनोऽबुधरूपा विरोधमुद्भावयन्ति । तेषां प्रमाणमार्गाच्च्यवनमाह ।

उपाधिभेदोपहितं विरुद्धं ।
नार्थेष्वसत्त्वं सदवाच्यते च ॥
इत्यप्रबुद्ध्यैव विरोधभीता ।
जडास्तदेकांतहताः पतन्ति ॥ २४ ॥

पदार्थोमां अंशभेदोवडे अर्पण करेलुं असतापणुं, सतापणुं अने अवाच्यपणुं विरोधवालुं नथी ; एवीरीतना वास्तविक विरोधाऽभावने जाण्याविनाज विरोधथी डरेला, अने तेथी मूर्ख एवा ते परवादीओ, ते एकांतवादवडे हणाया थका स्खलना पामे छे.

---

। १ । अर्थेषु पदार्थेषु चेतनाचेतनेष्वसत्त्वं नास्तित्वं न विरुद्धं । नविरोधावरुद्धं । अस्तित्वेन सह विरोधं नाऽनुभवतीत्यर्थः । न केवलमसत्त्वं न विरोधावरुद्धं किं तु सदवाच्यते च । सच्चाऽवाच्यं च सदवाच्ये । तयोर्भावो सदवाच्यते । अस्तित्वाऽवक्तव्यत्वे इत्यर्थः । ते अपि न विरुद्धे । तथाहि । २ । अस्तित्वं नास्तित्वेन सह न विरुध्यते ।

---

करीने सुगम थाय, तेथी ते सप्तभंगी पण निरूपण करी, अने ते सप्तभंगीमां विरुद्धधर्मवाला पदार्थने जोता एवा एकांतवादी अज्ञानीओ विरोधने उद्भावे छे ; तेओनुं प्रमाणमार्गथी खसवापणुं कहे छे.

। १ । अर्थोमां एटले चेतन अचेतनरूप पदार्थोमां असत्त्व एटले नास्तिपणुं विरोधवालुं नथी ; अर्थात् अस्तिपणानीसाथे विरोध धरावतुं नथी ; वली केवल ते नास्तिपणुंज विरोधवालुं नथी, परंतु सत्पणुं एटले अस्तिपणुं अने अवक्तव्यपणुं पण विरोधवालुं नथी. ते कहे छे. । २ । अस्तिपणुं नास्तिपणा साथे विरोधवालुं थतुं नथी, अने वि-

अवक्तव्यत्वमपि विधिनिषेधात्मकमन्योऽन्यं न विरुध्यते। अथवा अवक्तव्यत्वं वक्तव्यत्वेन साकं न विरोधमुद्वहति। अनेन च नास्तित्वाऽस्तित्वाऽवक्तव्यत्वलक्षणभङ्गत्रयेण सकलसप्तभंग्या निर्विरोधता उपलक्षिता। अमीषां त्रयाणां मुख्यत्वाच्छेषभङ्गानां च संयोगजत्वेनाऽमीष्वेवान्तर्भावादिति ।३। नन्वेते धर्माः परस्परं विरुद्धाः तत्कथमेकत्र वस्तुन्येषां समावेशः संभवति। इति विशेषणद्वारेण हेतुमाह। उपाधिभेदोपहितमिति। उपाधयोऽवच्छेदका अंशप्रकारास्तेषां भेदो नानात्वं तेनोपहितमर्पितं (असत्त्वस्य विशेषणमेतत्) उपाधिभेदोपहितं सदर्थेष्वसत्त्वं न विरुद्धं (सदवाच्यतयोश्च वचनभेदं कृत्वा योजनीयम्) उपाधिभेदोपहिते सती सदवाच्यते अपि न विरुद्धे ।४। अयमभि-

---

धिनिषेधरूप अवक्तव्य पण अन्यो अन्य विरोधवालुं थतुं नथी; अथवा अवक्तव्यपणुं वक्तव्यपणासाथे विरोधने धारण करतुं नथी. वली आथी करीने नास्तिपणुं, अस्तिपणुं अने अवक्तव्यपणुं, एम त्रण भांगाउवमे सर्व सप्तभंगीनुं अविरोधिपणुं देखाड्युं; केमके आ त्रणे भांगाउ मुख्य होवाथी, अने बाकीना भांगाउ (तेउना) संयोगथी उत्पन्न थयेला होवाथी, तेउनो आ त्रणेमांज समावेश थाय ले. ।३। आ धर्मो तो परस्पर विरोधि ले, तो पछी एकज वस्तुमां तेउनो समावेश केम संभवे? एवी शंकाने दूर करवामाटे विशेषणरूपे हवे हेतु कहे ले. उपाधि एटले अवच्छेदक एवा अंशप्रकारो, तेउनुं जे विविधपणुं, तेणे आपेलुं एवुं अउतापणुं विरोधवालुं नथी (उपाधिभेदोपहितं) (ए असत्त्वनुं विशेषण ले.) (वली तेज विशेषण सत्पणाने अने अवाच्यपणाने पण वचनभेद करीने जोमी लेवुं.) अर्थात् उपाधिभेदे अर्पण करेलुं सत्पणुं अने अवाच्यपणुं पण विरोधविनानुं नथी. ।४। अभिप्राय ए जाणवो के, एकबीजाना परिहारे करीने

प्राय: । परस्परपरिहारेण ये वर्तेते तयोः शीतोष्णवत्सहाऽनवस्थान-लक्षणो विरोधः । न चात्रैवं । सत्त्वाऽसत्त्वयोरितरेतरमविष्वग्भावेन वर्त्तनात् । न हि घटादौ सत्त्वमसत्त्वं परिहृत्य वर्तते । पररूपेणाऽपि सत्त्वप्रसङ्गात् । तथा च तद्व्यतिरिक्तार्थान्तराणां नैरर्थक्यं । तेनैव त्रिभुवनार्थसाध्यार्थक्रियाणां सिद्धेः । ५ । न चाऽसत्त्वं सत्त्वं परिहृत्य वर्तते । स्वरूपेणाऽप्यसत्त्वप्राप्तेस्तथा च निरुपाख्यत्वात्सर्वशून्यतेति । तदा हि विरोधः स्याद्यद्येकोपाधिकं सत्त्वमसत्त्वं च स्यात् । न चैवं । यतो न हि येनैवांशेन सत्त्वं तेनैवाऽसत्त्वमपि । किंत्वन्योपाधिकं सत्त्वमन्योपाधिकं पुनरसत्त्वं । स्वरूपेण हि सत्त्वं पररूपेण चासत्त्वं । ६ । दृष्टं

---

जे बन्ने वर्ते छे, तेउवच्चे शीतोष्णनीपेठे साथे नही रहेवाना लक्षणवालो विरोध होय छे, अने अहीं तो तेवुं कंइ नथी, केमके सत्पणुं अने असत्पणुं, बन्ने परस्पर अभिन्नभावे वर्ते छे; कारणके घटादिकमां छतापणुं अछतापणाने तजीने कंइ रहेतुं नथी, केमके तेथी तो पररूपे करीने पण छतापणानो प्रसंग आवे; अने तेवीरीते तो तेथी भिन्न एवा बीजा पदार्थोने व्यर्थपणुं आवे, अने त्रणे भुवनोमां रहेला पदार्थोवमे साध्य एवी अर्थक्रियाउ पण तेनावमेज सिद्ध थइ जाय. । ५ । वली असत्पणुं छे ते सत्पणाने छोमीने पण रहेतुं नथी, केमके तेथी तो निजरूपवमे पण असत्पणानी प्राप्ति थाय, अने तेम होते छते तो निरूपाख्यपणाथी सर्वशून्यपणुं थइ जाय. वली विरोध पण त्यारेज थाय, के ज्यारे एकउपाधिवालुं सत्पणुं अने असत्पणुं थाय; अने तेम तो छे नही, केमके जेज अंशवमे सत्पणुं छे, तेज अंशवमे कंइ असत्पणुं पण नथी; परंतु अन्य उपाधिवालुं सत्पणुं छे, अने अन्य उपाधिवालुं असत्पणुं छे; अर्थात् निजरूपवमे सत्पणुं छे, अने पररूपपणे असत्पणुं छे. । ६ । केमके एकज चित्रपटमां अन्यउपा-

हि एकस्मिन्नेव चित्रपटावयविनि अन्योपाधिकं तु नीलत्वमन्योपाधि-काश्चेतरेवर्णाः । नीलत्वं हि नीलीरागाद्युपाधिकं वर्णान्तराणि च तत्त-द्द्रव्योपाधिकानि एवं मेचकरत्नेऽपि तत्तद्वर्णपुद्गलोपाधिकं वैचि-त्र्यमवसेयं । न चैभिर्दृष्टान्तैः सत्त्वासत्त्वयोर्भिन्नदेशत्वप्राप्तिश्चित्रपटा-द्यवयविन एकत्वात्तत्रापि भिन्नदेशत्वाऽसिद्धेः । कथंचित्पक्षस्तु दृष्टान्ते दार्ष्टान्तिके च स्याद्वादिनां न दुर्लभः । ७ । एवमप्यपरितोषश्चेदायु-ष्मतस्तर्ह्येकस्यैव पुंसस्तत्तदुपाधिभेदात्पितृत्वपुत्रत्वमातुलत्वभागिनेयत्व-पितृव्यत्वभ्रातृव्यत्वादिधर्माणां परस्परविरुद्धानामपि प्रसिद्धिदर्शनात् किं वाच्यं । एवमवक्तव्यत्वादयोऽपि वाच्याः । ८ । इत्युक्तप्रकारेण उपाधिभेदेन वास्तवं विरोधाऽभावमप्रबुद्ध्यैवाऽज्ञात्वैव ( एवकारोऽत्र-

---

धिवालुं नीलपणुं, अने अन्यउपाधिवाला बीजा रंगो देखायेला छे; तेमां नीलपणुं छे ते गलीना रंगआदिकनी उपाधिवालुं छे, अने बीजा रंगो ते ते रंगना द्रव्योनी उपाधिउवाला छे. एवीजरीते काला अने लालमां पण ते ते वर्णना पुद्गलोनी उपाधिवालुं विचित्रपणुं जाणी लेवुं. वली आ दृष्टांतोवडे सत्‌पणाने अने असत्‌पणाने कंइ भिन्नदे-शनी प्राप्ति नथी, केमके चित्रपटादिक अवयविने एकपणुं होवाथी त्यां पण भिन्नदेशपणानी असिद्धि छे. तेम दृष्टांत अने दार्ष्टांतिकमां कथंचित् पक्ष तो स्याद्वादीउने कंइ दुर्लभ नथी. । ७ । वली हे आ-युष्मान्! एटलाथी पण जो तने असंतोष रहेतो होय, तो एकज पुरु-षने ते ते उपाधिभेदथी पितापणुं, पुत्रपणुं, मामापणुं, भाणेजपणुं, काकापणुं तथा भत्रीजापणुं इत्यादिक परस्पर विरुद्ध धर्मोनी पण प्र-सिद्धि देखावाथी शुं कहेवुं? माटे एवीरीते अवक्तव्यादिकोने पण जाणी लेवा. । ८ । एवीरीते उपर कहेला प्रकारवडे उपाधिभेदवडे सत्य एवा पण विरोधना अभावने नही जाणीनेज ( अहीं एवकार

धारणे स च तेषां सम्यग्ज्ञानस्याऽभाव एव न पुनर्लेशतोऽपि भाव इति व्यनक्ति ) ततस्ते विरोधभीताः सत्त्वाऽसत्त्वादिधर्माणां बहिर्मुखशेमुष्यासंभावितो यो विरोधः सहाऽनवस्थानादिस्तस्माद्भीतास्त्रस्तमानसाः । अत एव जम्बास्तात्विकभयहेतोरभावेऽपि तथाविधपशुवद्भीतत्वान्मूर्खाः[1] परवादिनस्तदेकान्तहतास्तेषां सत्त्वादिधर्माणां य एकान्त इतरधर्मनिषेधनेन स्वाभिप्रेतधर्मव्यवस्थापननिश्चयस्तेन हता इव हताः पतन्ति स्खलन्ति ।९। पतिताश्च सन्तस्ते न्यायमार्गाक्रमणेनाऽसमर्था न्यायमार्गाध्वनीनानां च सर्वेषामप्याक्रमणीयतां यान्तीति भावः । यद्वा पतन्तीति प्रमाणमार्गतश्च्यवन्ते । लोके हि सन्मार्गच्युतः पतित इति परिभाष्यते ।१०। अथवा यथा वज्रादिप्रहारेण हतः पतितो मूर्छामतुच्छामासाद्य

---

निश्चयार्थमां छे अने ते एवुं जणावे छे के, ते अन्यदर्शनीओने सम्यग्ज्ञाननो अभावज छे, परंतु लेशमात्र पण भाव नथी. ) अने तेथी तेओ विरोधथी डरी गया छे. अर्थात् बहिर्मुख बुध्धिवडे जाणेलो, एवो सत्पणा तथा असत्पणादिकनो साथे नही रहेवारूप जे विरोध, तेथकी त्रासयुक्त मनवाला थया छे; अने तेथी करीनेज तेओ जड छे, एटले खरेखरो भयनो हेतु नही होवाछतां पण तेवीरीतना पशुनीपेठे भय पामवाथी मूर्ख एवा ते परवादीओ, ते सत्त्वादिक धर्मोनो जे एकांतवाद, एटले बीजा धर्मोना निषेधपूर्वक फक्त पोते मानेला धर्मनो स्थापनानो जे निश्चय, तेवडे जाणे हणाया होय नही, तेम स्खलना पामे छे; । ९ । अने एवीरीते स्खलना पामताथका न्यायमार्गने तोडीपाडवाथी असमर्थ थयाथका, न्यायमार्गमां चालनारा एवा सर्व मनुष्योप्रते आक्रमणीयपणाने पामे छे, एवो भावार्थ जाणवो. अथवा ' पतंति ' एटले प्रमाणमार्गथी च्युत थाय छे; जे माणस सत्य मार्गथी च्युत

---

१ । भीरुत्वान्मुर्खाः । इति द्वितीयपुस्तकपाठः

निरुद्धवाक्प्रसरो भवति। एवं तेऽपि वादिनः स्वाऽभिमतैकान्तवादेन युक्तिसरणिमननुसरन्तो वज्राशनिप्रायेण निहताः सन्तः स्याद्वादिनां पुरतोऽकिंचित्करा वाङ्मात्रमपि नोच्चारयितुमीशत इति । ११ । अत्र च विरोधस्योपलक्षणत्वाद्वैयधिकरण्यमनवस्था संकरो व्यतिकरः संशयोऽप्रतिपत्तिर्विषयव्यवस्थाहानिरित्येतेऽपि परोद्भावनीया दोषा अभ्यूह्याः। तथाहि । १२। सामान्यविशेषात्मकं वस्त्वित्युपन्यस्ते परे ह्युपलम्भधारो भवन्ति। यथा सामान्यविशेषयोर्विधिप्रतिषेधरूपयोरेकत्राऽभिन्ने वस्तुन्यसंभवाच्छीतोष्णवदिति विरोधः। न हि यदेव विधेरधिकरणं तदेव प्रतिषेधस्याधिकरणं भवितुमर्हति एकरूपतापत्तेस्ततो वैयधिकरण्यमपि भवति । १३ । अपरं च येनात्मना सामान्यस्याधिकरणं येन च

---

थाय छे, ते डुनीयामां पण 'पतित' कहेवाय छे. । १० । अथवा वज्रादिकना प्रहारवडे हणायाथी पतित थयेलो माणस अत्यंत मूर्च्छा पामीने जेम अवाचक थइ जाय छे, तेम ते वादीउ पण युक्तिमार्गने नही अनुसरता एवा वज्रसरखा पोते मानेला एकांतवादवडे हणाया थका, स्याद्वादवादीउनी आगल अशक्त थया थका वचनमात्र पण उच्चारवाने समर्थ थता नथी. । ११ । वली अहीं विरोधना उपलक्षणथी वैयधिकरण्य, अनवस्था, संकर, व्यतिकर, संशय, अप्रतिपत्ति अने विषयव्यवस्थाहानि, एटला परोद्भावनीय दोषो पण जाणी लेवा. ते कहे छे. । १२ । पदार्थ सामान्यविशेषात्मक छे, एवुं स्थापन करते छते, बीजा कहेनाराउ होय छे के, विधि अने प्रतिषेधरूप एवा सामान्य अने विशेषनो अभिन्न एवी एक वस्तुमां असंभव होवाथी शीतोष्णनीपेठे विरोध आवे छे. वली जे विधिनुं अधिकरण छे, तेज प्रतिषेधनुं अधिकरण थवाने योग्य नथी ; केमके तेथी तो एकरूपपणानी आपत्ति आवे छे, अने तेथी वैयधिकरण्य नामनो दोष पण

विशेषस्य तावप्यात्मानौ एकेनैव स्वभावेनाधिकरोति द्वाभ्यां वा स्वभावाभ्यां । एकेनैव चेत्तत्र पूर्ववद्विरोधः । द्वाभ्यां वा स्वभावाभ्यां सामान्यविशेषाख्यं स्वभावद्वयमधिकरोति । तदाऽनवस्था । तावपि स्वभावान्तराभ्यां तावपि स्वभावान्तराभ्यामिति । १४ । येनात्मना सामान्यस्याधिकरणं तेन सामान्यस्य विशेषस्य च । येन च विशेषस्याधिकरणं तेन विशेषस्य सामान्यस्य चेति संकरदोषः । १५ । येन स्वभावेन सामान्यं तेन विशेषो । येन विशेषस्तेन सामान्यमिति व्यतिकरः । ततश्च वस्तुनोऽसाधारणाकारेण निश्चेतुमशक्तेः संशयः । ततश्चाऽप्रतिपत्तिः । ततश्च प्रमाणविषयव्यवस्थाहानिरिति । १६ । एते

---

थाय छे. । १३ । वळी जे स्वरूपवडे सामान्यनुं अधिकरण छे, अने जेवडे विशेषनुं अधिकरण छे, ते बन्ने स्वरूपो शुं एकज स्वभाववडे अधिकरण करे छे? अथवा बन्ने स्वभावोवडे अधिकरण करे छे? जो कहेशो के एकज स्वभाववडे, तो पूर्वनीपेठेज विरोध आवशे, अने जो कहेशो के बन्ने स्वभावोवडे, तो सामान्यविशेष नामना बन्ने स्वभावोनुं ज्यारे अधिकरण करे छे त्यारे तेउ बन्ने पण बीजा बे स्वभावो वडे, अने तेउ बन्ने पण बीजा बे स्वभावोवडे एम अनवस्था दोष आवे छे. । १४ । वळी जे स्वरूपवडे सामान्यनुं अधिकरण छे, ते स्वरूपवडे सामान्यनुं अने विशेषनुं; तथा जेवडे विशेषनुं अधिकरण छे, तेवडे विशेषनुं अने सामान्यनुं पण, एवीरीते संकर नामनो दोष आवे छे. । १५ । वळी जे स्वभाववडे सामान्य छे, तेवडे विशेष छे, अने जेवडे विशेष छे, तेवडे सामान्य छे, एवीरीते व्यतिकर दोष आवे छे; अने तेथी असाधारण आकारवडे पदार्थनो निश्चय करवानी अशक्तिथी संशयदोष आवे छे; अने तेथी अप्रतिपत्तिदोष (अस्विकारदोष) आवे छे; अने तेथी प्रमाणविषयव्यवस्थानी हानि नामनो दोष आवे

च दोषाः स्याद्वादस्य जात्यन्तरत्वान्निरवकाशा एव । अत. स्याद्वाद-मर्मवेदिभिरुद्धरणीयास्तत्तदुपपत्तिभिरिति । स्वतन्त्रतया निरपेक्षयोरेव सामान्यविशेषयोर्विधिप्रतिषेधरूपयोस्तेषामवकाशात् । १७ । अथवा विरोधशब्दोऽत्रदोषवाची । यथा विरुद्धमाचरतीति दुष्टमित्यर्थः । ततश्च विरोधेभ्यो विरोधवैयधिकरण्यादिदोषेभ्यो भीता इति व्याख्येयम् । एवं च सामान्यशब्देन सर्वा अपि दोषव्यक्तयः संगृहीता भवन्तीति काव्यार्थः ॥

। १८ । अथाऽनेकान्तवादस्य सर्वद्रव्यपर्यायव्यापित्वेऽपि मूलभेदापेक्षया चातुर्विध्याभिधानद्वारेण भगवतस्तत्वाऽमृतरसास्वादसौहित्यमुपवर्णयन्नाह ।

**स्यान्नाशि नित्यं सदृशं विरूपं ।**
**वाच्यं न वाच्यं सदसत्तदेव ॥**

---

छे. । १६ । स्याद्वादमतने तो जात्यंतरपणुं होवाथी आ दोषो तेमां आवी शकता नथी; आथी करीने स्याद्वादनो रहस्य जाणनाराउए ते ते उपपत्तिउवमे तेउनो उद्धार करी लेवो; केमके स्वतंत्रपणावमे निरपेक्ष एवा ते विधिनिषेधरूप सामान्यविशेषमां ते दोषो आवे छे. । १७ । अथवा अहीं विरोधशब्द दोषवाची छे. जे विरुद्धने आचरे ते दुष्ट कहेवाय; अने तेथी विरोधोथी एटले विरोध अने वैयधिकरण्यादिक दोषोथी भरेला. एवो अर्थ करी लेवो. अने एवीरीते सामान्यशब्दवमे सर्व दोषव्यक्तिउ संगृहित थाय छे; एवीरीते चोवीसमाकाव्यनो अर्थ जाणवो.

। १८ । हवे अनेकांतवादने जोके सर्व द्रव्यपर्यायव्यापिपणुं छे, छतां पण मूलभेदनी अपेक्षावमे चार प्रकारो कहेवावमे करीने प्रभुना तत्त्वरूपी अमृतरसना स्वादना सुहितपणाने वर्णवताथका कहे छे.

विपश्चितां नाथ निपीततत्त्व-
सुधोद्गतोद्गारपरंपरेयम् ॥ २५ ॥

ते एकज वस्तु कथंचित् विनाशवाळी अने कथंचित् नित्य छे, कथंचित् सदृश छे अने कथंचित् विरूप छे, कथंचित् वाच्य छे अने कथंचित् अवाच्य छे, कथंचित् सत् छे अने कथंचित् असत् छे. हे प्रभु! एवीरीतनी तत्वरूप अमृत पीवाथी नीकळेली विद्वानोना उद्गारोनी श्रेणि छे. अथवा हे बुद्धिवानोना स्वामी! तत्वरूपी अमृतने पीधाथी नीकळेली आपनी ए उद्गारोनी श्रेणि छे. ॥ २५ ॥

---

। १ । स्यादित्यव्ययमनेकान्तद्योतकं । अष्टास्वपि पदेषु योज्यं । तदेवाधिकृतमेवैकं वस्तु स्यात्कथंचिन्नाशि नशनशीलमनित्यमित्यर्थः । स्यान्नित्यमविनाशधर्म्मीत्यर्थः । एतावता नित्याऽनित्यलक्षणमेकं विधानं । २ । तथा स्यात्सदृशं अनुवृत्तिहेतुसामान्यरूपं । स्याद्विरूपं विविधरूपं विसदृशपरिणामात्मकं व्यावृत्तिहेतुविशेषरूपमित्यर्थः । अनेन सामान्यविशेषरूपो द्वितीयः प्रकारः । ३ । तथा स्याद्वाच्यं व-

---

। १ । 'स्यात्' ए अव्यय अनेकांतने जणावनारो छे, अने तेने आठे पदोमां जोडी लेवो. 'तदेव' एटले जेनो अधिकार चाले छे तेज एक पदार्थ कथंचित् विनाशी एटले अनित्य छे, अने कथंचित् नित्य एटले विनाशधर्मे करीने रहित छे. एवो अर्थ जाणवो. एवीरीते नित्याऽनित्यलक्षणवाळो पहेलो प्रकार कह्यो. । २ । तथा ते पदार्थ कथंचित् सदृश एटले अनुवृत्तिना हेतुवाळो सामान्यरूप छे, अने कथंचित विरूप एटले विविधरूपवाळो अर्थात् असदृशपरिणामरूप एटले व्यावृत्तिना हेतुवाळो विशेषरूप छे. एवीरीते सामान्यविशेषरूप बीजो प्रकार कह्यो. । ३ । वळी ते पदार्थ कथंचित् वक्तव्य छे अने

क्तव्यं स्यान्न वाच्यमवक्तव्यमित्यर्थः। अत्र च समासेऽवाच्यमिति युक्तं तथाप्यवाच्यपदं योन्यादौ रूढमित्यसभ्यतापरिहारार्थं न वाच्यमित्यसमस्तं चकार स्तुतिकारः। एतेन अभिलाप्याऽनभिलाप्यस्वरूपस्तृतीयो भेदः।४। तथा स्यात्सद् विद्यमानं अस्तिरूपमित्यर्थः। स्यादसत्तद्विलक्षणमित्यनेन सदसदाख्या चतुर्थी विधा। हे विपश्चितां नाथ संख्यावतां मुख्य इयमनन्तरोक्ता निपीततत्वसुधोद्गतोद्गारपरम्परा तवेति प्रकरणात्सामर्थ्याद्वा गम्यते।५। तत्वं यथावस्थितवस्तुस्वरूपपरिच्छेदस्तदेव जरामरणापहारित्वाद्विबुधोपभोग्यत्वान्मिथ्यात्वविषोर्मिनिराकरिष्णुत्वादान्तराह्लादकारित्वाच्च पीयूषं तत्वसुधा। नितरामनन्यतया पीता आस्वादिता या तत्वसुधा तस्या उद्गता प्रादुर्भूता तत्कारणिका या उद्गारपरम्परा उद्गारश्रेणिरित्यर्थः।६। यथा हि

---

कथंचित् अवक्तव्य छे. अहीं समासमां 'अवाच्य' शब्द युक्त हतो, तोपण 'अवाच्य' शब्द योनिआदिकमां रूढ छे, तेथी असभ्यतानो परिहार करवामाटे स्तुतिकारे 'न वाच्यं' एवुं पद कर्युं छे. एवीरीते वाच्यअवाच्यस्वरूपवालो त्रीजो प्रकार कह्यो. ।४। तथा कथंचित् सत् एटले विद्यमान अर्थात् अस्तिरूप पदार्थ छे; अने कथंचित् असत् एटले तेथी विपरीत लक्षणवालो छे. एवीरीते सत्असत्रूप चोथो प्रकार कह्यो. हे! बुद्धिवानोमां मुख्य एवा प्रभु! आ उपर कहेली आपनी, पीधेला एवा तत्वरूपी अमृतनी बहार नीकलेली उद्गारोनी श्रेणि छे. अहीं 'आपनी' ए पद चालता प्रस्तावथी अथवा सामर्थ्यथी जणाइ आवे छे. ।५। तत्व एटले जे यथास्थितवस्तुस्वरूपनो परिच्छेद, तेरूपीज अमृत. केमके ते तत्वरूपी अमृत जरा अने मरणने दूर करनारुं छे, विबुधोवडे उपभोग्य छे, मिथ्यात्वरूपी जेरना मोजांने दूर करनारुं छे, तथा मनमां हर्ष करनारुं छे. ते तत्वरूपी अ-

कश्चिद्राकण्ठं पीयूषरसमापीय तदनुविधायिनीमुद्गारपरम्परां मुञ्चति तथा भगवानपि जरामरणापहारितत्वामृतं स्वैरमास्वाद्य तद्रसानुविधायिनीं प्रस्तुताऽनेकान्तवादभेदचतुष्टयीलक्षणामुद्गारपरम्परांदेशनामुखेनोद्गीर्णवानित्याशयः । ७ । अथवा यैरेकान्तवादिभिर्मिथ्यात्वगरलभोजनमातृप्तिभक्षितं तेषां तत्तद्वचनयुक्ता उद्गारप्रकाराः प्राक्प्रदर्शिताः । यैस्तु परिपाकप्राचीनपुण्यप्राग्भारानुगृहीतैर्जगद्गुरुवदनेन्दुनिःस्यन्दितत्वामृतं मनोहत्य पीतं तेषां विपश्चितां यथार्थवादविदुषां हे नाथ इयं पूर्वदलदर्शितोल्लेखशेखरा उद्गारपरम्परेति व्याख्येयं । ८ । एते चत्वारोऽपि वादास्तेषु तेषु स्थानेषु प्रागेव चर्चितास्तथाहि । आदीपमाव्योमेति वृत्ते नित्याऽनित्यवादः । अनेकमेकात्मकमिति काव्ये सा-

---

मृतथी उत्पन्न थयेली तत्कारणीक उगारश्रेणि जाणवी. । ६ । जेम कोइक ठेक कंठसुधि अमृतरस पीने तेनासरखी उगार परंपरा मूके छे, तेम भगवाने पण जरामरणने दूर करनारा तत्वरूप अमृतने पोतानी मेले पीने ते रससरखी उपर कहेली अनेकांतवादना चारभेदोना लक्षणवाली उगारपरंपरा देशनारूपी मुखवमे बहार कहाडी छे, एवो आशय जाणवो. । ७ । अथवा जे एकांतवादीउए मिथ्यात्वरूपी झेरी भोजन ठेक तृप्ति थतांसुधि भक्षण करेलुं छे, तेउना ते ते वचनोरूप उगारना प्रकारो पूर्वे देखाड्या छे, परंतु परिपक्व थयेला पुण्यना समूहथी अनुग्रहित थयेला एवा जे माणसोए प्रभुना मुखरूपी चंद्रमांथी झरता तत्वरूपी अमृतने पेट भरीने पीधेलुं छे, तेवा यथार्थवादी विद्वानोनी, हे प्रभु ! पूर्वे कहेली अति उत्तम प्रकारनी उगारश्रेणि छे, एवो अर्थ पण जाणवो. । ८ । आ पूर्वे कहेला चारे वादोनी ( नीचे प्रमाणे ) ते ते स्थानकोमां चर्चा करेली छे. ते कहे छे. ' आदीपमाव्योम ' ए काव्यमां नित्याऽनित्यवाद जणाव्यो छे. ' अनेकमेकात्मक '

मान्यविशेषवादः। सप्तभंग्यामभिलाप्याऽनभिलाप्यवादः सदसद्वादश्च। इति न भूयः प्रयास इति काव्यार्थः॥

।७। इदानीं नित्याऽनित्यपक्षयोः परस्परदूषणप्रकाशनबद्धलक्षतया वैरायमाणयोरितरेतरोदीरितविविधहेतुहेतिसंनिपातसंजातविनिपातयोरयत्नसिद्धप्रतिपक्षप्रतिक्षेपस्य भगवच्छासनसाम्राज्यस्य सर्वोत्कर्षमाह।

**य एव दोषाः किल नित्यवादे।**
**विनाशवादेऽपि समास्त एव॥**
**परस्परध्वंसिषु कण्टकेषु।**
**जयत्यधृष्यं जिनशासनं ते॥ २६॥**

एकांतनित्यवादमां जे दोषो आवेला छे, तेज दोषो एकांतअनित्यवादमां पण तुल्य छे; माटे हे प्रभु! एवीरीते ते क्षुद्रशत्रुसरखा एकांतवादीओ मांहोमांहे लमीमरते छते आपनुं अधृष्य शासन जय पामे छे. ॥ २६॥

---

ए काव्यमां सामान्यविशेषवाद जणाव्यो छे. सप्तभंगीना स्वरूपमां वाच्यअवाच्यवाद तथा सत् असत्वाद जणाव्यो छे; अने तेटलामाटे फरीने अहीं प्रयास कर्यो नथी. एवीरीते पच्चीसमा काव्यनो अर्थ जाणवो.

।७। अन्योअन्य दूषणो प्रकाशवामां लक्षवाला, अने वैरीनीपेठे आचरण करता, तथा परस्पर कहेला नाना प्रकारना हेतुओरूपी शस्त्रोना प्रभावथी थयेल छे विनिपात जेओनो एवो एकांत नित्यअनित्यपक्ष होते छते, प्रयत्नविनाज जेना प्रतिपक्षनुं खंडन थयेल छे एवा प्रभुना शासनरूपी साम्राज्यनुं सर्वोत्कृष्टपणुं हवे कहे छे.

। १ । किलेति निश्चये । य एव नित्यवादे नित्यैकान्तवादे दोषाः अनित्यैकान्तवादिभिः प्रसञ्जिताः क्रमयौगपद्याभ्यां अर्थक्रियाऽनुपपत्त्यादयस्त एव विनाशवादेऽपि क्षणिकैकान्तवादेऽपि समास्तुल्या नित्यैकान्तवादिभिः प्रसज्यमाना अन्यूनाधिकास्तथा हि । २ । नित्यवादी प्रमाणयति । सर्वं नित्यं सत्त्वात् । क्षणिके सदसत्कालयोरर्थक्रियाविरोधात्तल्लक्षणं सत्त्वं नावस्थां बध्नातीति । ततो निवर्तमानमनन्यशरणतया नित्यत्वेऽवतिष्ठते । तथा हि । ३ । क्षणिकोऽर्थः सन्वा कार्यं कुर्यादसन्वा गत्यन्तराऽभावात् । न तावदाद्यः पक्षः । समसमयवर्त्तिनि व्यापाराऽयोगात् । सकलभावानां परस्परं कार्यकारणभावप्राप्त्याऽतिप्रसङ्गाच्च । ४ । नापि द्वितीयः पक्षः क्षोदं क्षमते । असतः कार्यकरण-

---

। १ । 'किल' एटले निश्चयें करीने नित्य एकांतवादमां नित्यअनेकांतवादीओए क्रमयुगपद्वत्वे अर्थक्रियानी अनुपपत्तिआदिक जे दोषो आपेला छे, तेज दोषो विनाशवादमां पण एटले एकांतक्षणिकवादमां एकांतनित्यवादिओवडे अपातायका पण तुल्य छे. ते कहे छे. । २ । एकांतनित्यवादी एवुं प्रमाण आपे छे के, सत् होवाथी सघलुं नित्य छे, केमके क्षणिकवादमां सतअसतकालवाला पदार्थने अर्थक्रियानो विरोध आववाथी तेनुं लक्षण जे छतापणुं, ते टकीशकतुं नथी. माटे त्यांथी निवर्तमान थयुं थकुं ते लक्षण बीजुं शरणुं नही मलवाथी नित्यपणामां आवी रहे छे. ते कहे छे. । ३ । क्षणिक पदार्थ छे ते, कांतो छतो कार्य करे अने कांतो अछतो कार्य करे, केमके ते शिवाय त्रीजो प्रकार तो छे नही. हवे तेमां पेहेलो पक्ष तो युक्त नथी, केमके तुल्य समयवाला कार्यमां व्यापारनो अयोग होय छे, तेम सर्व पदार्थोने परस्पर कार्यकारणभावनी प्राप्तिवडे अतिप्रसंग आवे छे. । ४ । बीजो पक्ष पण युक्तिवालो नथी, केमके अछताने कार्य करवानी

शक्तिविकलत्वात् । अन्यथा शशविषाणादयोऽपि कार्यकरणायोत्सहे- रन् । विशेषाऽभावादिति । ५ । अनित्यवादी नित्यवादिनं प्रति पुन- रेवं प्रमाणयति । सर्वं क्षणिकं सत्त्वात् । अक्षणिके क्रमयौगपद्याभ्या- मर्थक्रियाविरोधात् । अर्थक्रियाकारित्वस्य च भावलक्षणत्वात् ततोऽ- र्थक्रियाव्यावर्त्तमाना स्वक्रोडीकृतां सत्तां व्यावर्त्तयेदिति क्षणिकसिद्धिः । ६ । न हि नित्योऽर्थोऽर्थक्रियां क्रमेण प्रवर्तयितुमुत्सहते । पूर्वार्थ- क्रियाकरणस्वभावोपमर्दद्वारेणोत्तरक्रियायां क्रमेण प्रवृत्तेः । अन्यथा पूर्वक्रियाकरणाऽविरामप्रसङ्गात् । तत्स्वभावप्रच्यवे च नित्यता प्रयाति । अतादवस्थ्यस्याऽनित्यतालक्षणत्वात् । ७ । अथ नित्योऽपि क्रमवर्त्तिनं सहकारिकारणमर्थं मुदीक्षमाणस्तावदासीत् । पश्चात्तमासाद्य क्रमेण

---

शक्ति होती नथी; अने जो तेम न होय, तो तफावत न होवाथी श- शशृंगादिको पण कार्य करवामां उत्साहवाला थइ जाय. । ५ । हवे अनित्यवादी छे ते नित्यवादीप्रते आवीरीते प्रमाण आपे छे. सत् हो- वाथी सघलुं क्षणिक छे; जो अक्षणिक मानीये, तो क्रमवडे अने यु- गपत्वडे अर्थक्रियामां विरोध आवे छे; केमके अर्थक्रियाकारिपणुं ए पदार्थनुं लक्षण छे; अने तेथी अर्थक्रिया नष्ट होतीथकी पोते स्वीकारेली सत्ताने पण नष्ट करे, एवीरीते क्षणिकपक्षनी सिद्धि थाय छे. । ६ । वली नित्य पदार्थ क्रमवडे अर्थक्रिया करी शकतो नथी, केमके पूर्वना अर्थक्रिया करवाना स्वभावने तोडीपाडीने क्रमवडे उ- त्तरक्तियामां प्रवृत्ति थाय छे; अने जो तेम न होय तो, पूर्वक्रिया करवामां नही विरमवापणानो प्रसंग आवशे; अने ते स्वभावनो नाश होते छते नित्यपणुं चाल्युं जाय छे, केमके जे तदवस्थामां एटले निज- स्वरूपमां रहेतुं नथी, तेनुं अनित्यपणारूप लक्षण छे. । ७ । नित्य छतां पण क्रममां रहेला अने सहकारीकारणवाला अर्थनी राह जो-

कार्यं कुर्यादिति चेन्न । सहकारिकारणस्य नित्येऽकिंचित्करत्वात् । अकिञ्चित्करस्यापि प्रतिक्षणेऽनवस्थाप्रसङ्गात् । ८ । नापि यौगपद्येन नित्योऽर्थोऽर्थक्रियां कुरुते अध्यक्षविरोधात् । न ह्येककालं सकलाः क्रिया प्रारभमाणः कश्चिदुपलभ्यते । करोतु वा तथाप्याद्यक्षण एव सकलक्रियापरिसमाप्तेर्द्वितीयादिक्षणेष्वकुर्वाणस्याऽनित्यता बलादाढौकते । करणाकरणयोरेकस्मिन्विरोधात् इति । ९ । तदेवमेकान्तद्वयेऽपि ये हेतवस्ते युक्तिसाम्याद्विरुद्धं न व्यभिचरन्तीत्यविचारितरमणीयतया मुग्धजनस्य ध्यांध्यं चोत्पादयन्तीति विरुद्धाऽव्यभिचारिणो नैकान्तिका इति । १० । अत्र च नित्याऽनित्यैकान्तपक्षप्रतिक्षेप एवोक्तः । उपल-

---

इने त्यांसुधि रह्यो हतो, अने पाछलथी तेने मेलवीने क्रमवमे कार्य करे, एम जो तुं कहीश. तो ते युक्त नथी; केमके नित्यपक्षमां सहकारीकारण कंइ पण करीशकतुं नथी, तेम जे कंइ करीशकतुं नथी तेने पण दरेकक्षणे अनवस्थानो प्रसंग आवे छे. । ८ । वली नित्य पदार्थ एकीवखते पण अर्थक्रिया करतो नथी, केमके तेमां तो प्रत्यक्ष विरोध आवे छे; कारणके एकीवेलाए सर्व क्रियाउने प्रारंभतो कोइ पण देखातो नथी; अथवा कदाच तेम करे, तोपण पेहलेज क्षणे सर्व क्रियाउ समाप्त थवाथी बीजाआदिक क्षणोमां कंइ पण नहीं करवाथी तेने बलात्कारे अनित्यपणुं प्राप्त थाय छे, केमके एकमां करवा अकरवानो विरोध आवे छे. । ९ । माटे एवीरीते बन्ने एकांतपक्षोमां जे हेतुउ छे, ते युक्तिना तुल्यपणाथी विरुद्धने व्यभिचरतां नथी; अने एवीरीते अविचारित रमणीयपणावमे करीने मुग्धलोकनी बुद्धिना अंधापाने उत्पन्न करे छे, माटे एवीरीते एकांत पक्षो विरोधविनाना नथी. । १० । वली अहीं तो फक्त एकांतनित्याऽनित्यपक्षनुंज खंमन कह्युं छे, परंतु उपलक्षणथी सामान्यविशेषादिक एकांतवादो पण परस्पर

कृणत्वाच्च सामान्यविशेषाद्येकान्तवादा अपि मिथस्तुल्यदोषतया विरु-द्धाव्यभिचारिण एव हेतूनुपस्पृशन्तीति परिभावनीयम् । ११ । अथो-त्तरार्द्धं व्याख्यायते । परस्परेत्यादि । एवं च कण्टकेषु क्षुद्रशत्रुषु ए-कान्तवादिषु परस्परध्वंसिषु सत्सु परस्परस्मात् ध्वंसन्ते विनाशमुपया-न्तीत्येवं शीलाः सुन्दोपसुन्दवदिति परस्परध्वंसिनस्तेषु हे जिन ते तव शासनं स्याद्वादप्ररूपणनिपुणं द्वादशांगीरूपं प्रवचनं पराभिभावु-कानां कण्टकानां स्वयमुच्छिन्नत्वैनैवाभावादधृष्यं अपराभवनीयं "श-क्तार्हे कृत्याश्चेति" कृत्यविधानाद्धर्षितुमशक्यं धर्षितुमनर्हं वा जयति सर्वोत्कर्षेण वर्तते । १२ । यथा कश्चिन्महाराजः पीवरपुण्यपरिपाकः परस्परं विगृह्य स्वयमेव क्षयमुपेयिवत्सु द्विषत्सु अयत्नसिद्धनिष्कंट-कत्वसमृद्धं राज्यमुपभुञ्जानः सर्वोत्कृष्टो भवत्येवं त्वच्छासनमपीति

---

तुल्यदोषपणायें करीने विरुद्ध होताथका व्यभिचारी हेतुउनेज स्पर्श करे छे, एम जाणी लेवुं. । ११ । हवे उत्तरार्धनुं व्याख्यान कराय छे. एवीरीते क्षुद्र शत्रुसरखा एकांतवादीउ सुंदोपसुंदनीपेठे मांहोमांहे लडीमरत छत, हे प्रभु! स्याद्वाद प्ररूपवामां निपुण एवुं द्वादशांगीरूप आपनुं शासन, परस्पर लडीमरनारा परवादीरूपी क्षुद्र शत्रुउ पोता-नीमेले नष्ट थवाथी अपराभवनीय एटले कोइथी पण पराभव न पा-मीशके एवुं थयुंथकुं जय पामे छे. "शक्तार्हे कृत्याश्च" ए सूत्रवडे कृत्यविधानथी पराभव पामवाने अशक्य अथवा अयोग्य एवुं आ-पनुं शासन जय पामे छे, एटले सर्वोत्कर्षपणे वर्ते छे. । १२ । कोइ म-हापुण्यना परिपाकवाला महाराजा, पोताना शत्रुउ परस्पर पोतानी मेलेज नष्ट पामते छते, प्रयत्नविनाज सिद्ध थयेला निष्कंटकपणाथी समृद्ध थयेला राज्यने भोगवतोथको जेम सर्वोत्कृष्ट थाय छे, एवीरीते आपनुं शासन पण सर्वोत्कृष्टपणे जय पामे छे. एवीरीते छवीसमा

काव्यार्थः ॥

।१३। अनन्तरकाव्ये नित्यानित्याद्येकान्तवाददोषसामान्यमभिहितं। इदानीं कतिपयतत्त्वद्विशेषान्नामग्राहं दर्शयंस्तत्प्ररूपकाणामसद्भूतोद्भावकतयोऽभूततथाविधरिपुजनजनितोपद्रवमिव परित्रातुर्धरित्रीपतेस्त्रिजगत्पतेः पुरतो भुवनत्रयं प्रत्यपकारकारितामाविष्करोति ।

नैकान्तवादे सुखदुःखभोगौ ।
न पुण्यपापे न च बन्धमोक्षौ ॥
दुर्नीतिवादव्यसनासिनैवं ।
परैर्विलुप्तं जगदप्यशेषम् ॥ २७ ॥

एकांतनित्याऽनित्यपक्षमां सुखदुःखनो भपभोग, पुण्यपाप तथा बंधमोक्ष घटी शकतां नथी; एवीरीते दुर्नीतिवादना व्यसनरूपी तलवारवमे ते शत्रुसरखा एकांतवादीउए समस्त जगतुनो विनाश कर्यो छे. ॥ २७ ॥

---

।१। एकान्तवादे नित्याऽनित्यैकान्तपक्षाभ्युपगमे न सुखदुःखभोगौ

---

काव्यनो अर्थ जाणवो.

। १३ । उपरना काव्यमां एकांतनित्याऽनित्यवादना दोषो सामान्य प्रकारे कह्या, हवे केटलाक ते ते विशेषदोषोने नाम लेइने देखामता थका, ते दोषोने प्ररूपनाराउनुं, असद्भूतउद्भावकपणायें करीने, तेवीरीतना शत्रुउए उत्पन्न करेला उपद्रवने दूर करवाथी राजानीपेठे रक्षण करनारा एवा त्रणे जगतना स्वामिनी आगल, त्रणे भुवनोप्रते अपकारकारिपणुं प्रगट करे छे.

। १ । एकांतनित्याऽनित्यपक्ष स्वीकारवामां सुखदुःखनो उपभोग घटतो नथी, तेम पुण्यपाप अने बंधमोक्ष पण घटतां नथी. अहीं फरी

घटेते। न च पुण्यपापे घटेते। न च बन्धमोक्षौ घटेते। पुनःपुनर्नञःप्रयोगोऽत्यन्ताऽघटमानतादर्शनार्थः। तथाहि ।२। एकान्तनित्ये आत्मनि तावत् सुखदुःखभोगौ नोपपद्येते। नित्यस्य हि लक्षणं अप्रच्युताऽनुत्पन्नस्थिरैकरूपत्वं। ततो यदात्मा सुखमनुभूय स्वकारणकलापसामग्रीवशात् दुःखमुपभुङ्क्ते तदा स्वभावभेदादनित्यत्वापत्त्या स्थिरैकरूपताहानिप्रसङ्गः। एवं दुःखमनुभूय सुखमुपभुञ्जानस्यापि वक्तव्यं ।३। अथाऽवस्थाभेदादयं व्यवहारो न चावस्थासु भिद्यमानास्वपि तद्वतो भेदः। सर्पस्येव कुण्डलार्जवाद्यवस्थास्विति चेन्ननु तास्ततो व्यतिरिक्ता अव्यतिरिक्ता वा। व्यतिरेके तास्तस्येति संबन्धाऽभावोऽतिप्रसङ्गात्। अव्यतिरेके तु तद्वानेवेति तदवस्थितैव स्थिरैकरूपताहानिः। कथं च त-

फरीने करेलो 'नञ्' नो प्रयोग अत्यंतअघटमानपणुं देखाडवामाटे छे. ते कहे छे. ।२। एकांतनित्य आत्मामां सुखदुःखनो उपभोग प्राप्त थतो नथी; केमके विनाश अने उत्पत्तिविनानुं जे एक स्थिररूपपणुं, ते नित्यनुं लक्षण छे. तेथी आत्मा ज्यारे सुखने अनुभवीने पोताना कारणोना समूहनी सामग्रीना वशथी दुःखने भोगवे छे, त्यारे स्वभावभेदथी अनित्यपणानी आपत्तिवडे स्थिरैकरूपपणानी हानिनो प्रसंग आवे छे; एवीजरीते दुःखने अनुभवीने सुखने भोगवतांथकां पण थाय छे, एम जाणी लेवुं. ।३। अवस्थाभेदथी आ व्यवहार छे, अने अवस्थाओ भेदाते छते पण जेम सर्पनी कुंडलाकार तथा सिधा आकारवाली अवस्थाओमां तेम, अवस्थावाननो कंइ भेद थतो नथी, एम जो कहीश, तो ते अवस्थाओ ते अवस्थावानथी भिन्न छे? के अभिन्न छे? भिन्नपक्षमां 'तेओ तेनी' एवीरीतना संबंधनो अतिप्रसंग थवाथी अभाव थशे; अने अभिन्न पक्षमां तो ते तेनावालोज छे, तेथी स्थिरैकरूपपणानी हानि तो तेवीनेतवीज रही; वली तेना ए-

देकान्तैकरूपत्वेऽवस्थाभेदोऽपि भवेदिति । ४ । किं च सुखदुःखभोगौ पुण्यपापनिर्वर्त्यौ । तन्निर्वर्तनं चार्थक्रिया । सा च कूटस्थनित्यस्य क्रमेणाऽक्रमेण वा नोपपद्यत इत्युक्तप्रायं । अत एवोक्तं न पुण्यपापे इति । पुण्यं दानादिक्रियोपार्जनीयं शुभं कर्म । पापं हिंसादिक्रियासाध्यमशुभं कर्म । ते अपि न घटेते । प्रागुक्तनीतेः । ५ । तथा न बन्धमोक्षौ । बन्धः कर्मपुद्गलैः सह प्रतिप्रदेशमात्मनो वन्ह्ययःपिण्डवदन्योऽन्यसंश्लेषः । मोक्षः कृत्स्नकर्मक्षयस्तावप्येकान्तनित्ये न स्यातां । बन्धो हि संयोगविशेषः स चाऽप्राप्तानां प्राप्तिरितिलक्षणः । प्राक्कालभाविनी अप्राप्तिरन्यावस्था । उत्तरकालभाविनी प्राप्तिश्चान्या । तदनयोरप्यवस्थाभेददोषो दुस्तरः । ६ । कथं चैकरूपत्वे सति तस्या-

---

कांतएकरूपपणामां अवस्थाभेद पण क्यांथी थाय ? । ४ । वळी सुखदुःखना उपभोगनुं पुण्यपापवडे निर्वर्तन थाय छे, अने ते निर्वर्तन ते अर्थक्रिया छे, अने ते अर्थक्रिया हमेशांस्थिर एवा नित्यने एटले एकांतनित्यने क्रमवडे अथवा अक्रमवडे घटती नथी, एम कहेलुंज छे, अने आथीकरीनेज कह्युं छे के एकांतनित्यमां पुण्यपाप घटीशकतां नथी. पुण्य एटले दानादिकक्रियाओवडे उपार्जनकरातुं शुभ कर्म, अने पाप एटले हिंसादिकक्रियाथी सधातुं अशुभ कर्म; ते बन्ने पूर्वोक्तनीतिथी घटीशकतां नथी. । ५ । तेम बंधमोक्ष पण घटीशकतां नथी. बंध एटले अग्नि अने लोहपिंडनीपेठे दरेक प्रदेशप्रते आत्मानो कर्मपुद्गलोनीसाथे परस्परसंबंध; अने मोक्ष एटले सर्व कर्मोनो क्षय, ते बन्ने एकांतनित्यमां होइशकतां नथी. बंध छे ते संयोगविशेषरूप छे, अने अप्राप्तनी जे प्राप्ति, ए तेनुं लक्षण छे; वळी पूर्वकालमां थनारी अप्राप्ति अन्यअवस्थावाळी छे, अने उत्तरकालमां थनारी प्राप्ति पण अन्यअवस्थावाळी छे, माटे ते बन्नेनो पण अवस्थाभेदरूप दोष दुस्तर

कस्मिको बन्धनसंयोगः। बन्धनसंयोगाच्च प्राकिं नायं मुक्तोऽन्नवत्। किं च तेन बन्धनेनासौ विकृतिमनुन्नवति न वा। अनुन्नवति चेच्चर्मादिवदनित्यः। नानुन्नवति चेन्निर्विकारत्वे सताअसता वा तेन गगनस्येव न कोऽप्यस्य विशेषः। इति बन्धवैफल्यान्नित्यं मुक्त एव स्यात्। ततश्च विशीर्णा जगति बन्धमोक्षव्यवस्था।७। तथा च पठन्ति। =॥ वर्षातपाभ्यां किं व्योम्न–श्चर्मण्यस्ति तयोः फलम्॥ चर्मोपमश्चेत्सोऽनित्यः। खतुल्यश्चेदसत्फलः॥= बन्धाऽनुपपत्तौ मोक्षस्याप्यनुपपत्तिर्बन्धनविच्छेदपर्यायत्वान्मुक्तिशब्दस्येति।८। एवमनित्यैकान्तवादेऽपिसुखदुःखाद्यनुपपत्तिः। अनित्यं हि अत्यन्तोच्छेदधर्मकं। तथाभूते चात्मनि पुण्योपादानक्रियाकारिणो निरन्वयं विनष्टत्वात् कस्य नाम तत्फलभूतसु-

---

छे.।६। वली एकरूपपणुं होते छते, तेनो आकस्मिक बंधनसंयोग शीरीते थाय? अने बंधनसंयोगथी पूर्वे ते मुक्त केम न थाय? वली ते बंधने करीने ते विकृतिने अनुन्नवे छे के नही? जो अनुन्नवे छे, तो ते चर्मादिकनीपेठे अनित्य छे, अने जो अनुन्नवतो नथी, तो निर्विकारपणामां छता अथवा अछता एवा ते बंधनवमे आकाशने जेम, तेम तेने कंइ पण विशेष थतुं नथी; एवीरीते बंधनी विफलताथी हमेशां मुक्तज थाय; अने तेथी जगतमां बंधमोक्षनी व्यवस्था नष्ट थाय.।७। कह्युं छे के =॥ वर्षा तथा आतपवमे आकाशने शुं छे? अर्थात् कंइ नथी; परंतु चर्मनेविषे ते बन्नेनुं फल थाय छे. माटे जो ते चर्मसरखो होय, तो अनित्य थाय, अने आकाशसरखो होय, तो असत्फलवालो थाय; =॥ एवीरीते बंधनी अप्राप्ति होते छते मोक्षनी पण अप्राप्ति थाय, केमके बंधनविच्छेद ए मोक्षशब्दनो पर्याय छे.।८। एवीरीते एकांतअनित्यवादमां पण सुखदुःखादिकनी अप्राप्ति छे; केमके अनित्य छ ते अत्यंत उच्छेदना धर्मवालुं छे, अने तेवा आत्मामां

खानुभवः । एवं पापोपादानक्रियाकारिणोऽपि निरवयवनाशे कस्य दुःखसंवेदनमस्तु । एवं चान्यः क्रियाकारी अन्यश्च तत्फलभोक्तेत्यसमञ्जसमापद्यते । ए । अथ =।। यस्मिन्नेव हि सन्ताने । आहिता कर्मवासना ।। फलं तत्रैव सन्धत्ते । कर्पासे रक्तता यथा ।।= इति वचनान्नासमञ्जसमित्यपि वाङ्मात्रं । सन्तानवासनयोरवास्तवत्वेन प्रागेव निर्लोठितत्वात् । १० । तथा पुण्यपापे अपि न घटेते । तयोर्हि अर्थक्रिया सुखदुःखोपभोगस्तदनुपपत्तिश्चानन्तरमेवोक्ता । ततोऽर्थक्रियाकारित्वाऽभावात्तयोरप्यघटमानत्वं । ११ । किं चाऽनित्यः क्षणमात्रस्थायी । तस्मिंश्च क्षणे उत्पत्तिमात्रव्यग्रत्वात्तस्य कुतः पुण्यपापोपादानक्रियार्जनं । द्वितीयादिक्षणेषु चावस्थातुमेव न लभते । पुण्यपापोपादानक्रि-

---

पुण्योपादानक्रियाकारी अन्वयरहित नष्ट थवाथी, तेना फलरूप एवो सुखनो अनुभव कोने थशे ? एवीजरीते पापोपादानक्रियाकारीनो पण अन्वयरहित विनाश होते छते दुःखनुं संवेदन पण कोने थशे ? एवीरीते क्रियाकारी बीजो, अने तेना फलने भोगवनारो बीजो, एम गोटालावालुं थाय छे. । ए । वली =।। जेज संतानमां कर्मवासना स्थापित थइ छे, तेमांज, कपासमां जेम रताश, तेम फलने सांधी आपे छे. ।।= ए वचनथी गोटालो थतो नथी, एम कहेवुं पण फक्त वचनमात्र छे, केमके संतान अने वासनाना अवास्तविकपणानुं पूर्वेज खंडन करवामां आव्युं छे. । १० । वली एकांतअनित्यवादमां पुण्यपाप पण घटीशकतां नथी, केमके तेउनी अर्थक्रिया सुखदुःखनो उपभोग छे, अने तेनी अप्राप्ति तो उपरज कहेवामां आवी छे; माटे अर्थक्रियाकारिपणाना अभावथी ते पुण्यपापनुं पण अघटमानपणुं छे. । ११ । वली जे अनित्य छे, ते तो क्षणमात्र रहेनारुं छे, अने ते क्षणे तो मात्र उत्पत्तिमांज व्यग्र होवाथी तेने पुण्यपापना उपादानरूप क्रियानुं मेल-

याऽभावे च पुण्यपापे कुतो निर्मूलत्वात् । तदसत्त्वे च कुतस्तनः सुख-दुःखभोगः । १२ । आस्तां वा कथंचिदेतत् । तथापि पूर्वक्षणसदृशे-नोत्तरक्षणेन भवितव्यं । उपादानाऽनुरूपत्वादुपादेयस्य । ततः पूर्वक्ष-णाद्दुःखितादुत्तरक्षणः कथं सुखित उत्पद्यते । कथं च सुखितात्ततः स दुःखितः स्यात् । विसदृशभागतापत्तेः । एवंपुण्यपापादावपि । तस्मा-द्यत्किंचिदेतत् । १३ । एवं बन्धमोक्षयोरप्यसंभवः । लोकेऽपि हि य एव बद्धः स एव मुच्यते । निरन्वयनाशाऽभ्युपगमे च एकाधिकरणत्वा-ऽभावात्सन्तानस्य चाऽवस्तुत्वात् कुतस्तयोः संभावनामात्रमपीति । १४ । परिणामिनि चात्मनि स्वीक्रियमाणे सर्वं निर्बाधमुपपद्यते । =॥ परिणा-

---

ववापणुं क्यांथीज होय? तेम बीजा आदिक क्षणोमां तो ते रहीज शकतुं नथी; वळी पुण्यपापना उपादानरूप क्रियानो ज्यारे अभाव थयो, त्यारे मूळविना पुण्यपाप क्यांथी होय? अने ज्यारे ते पुण्य-पाप न होय त्यारे सुखदुःखनो उपभोग क्यांथी होय? । १२ । अ-थवा ते गमे तेम हो, तोपण पूर्वक्षणजेवोज उत्तरक्षण होवो जोइए, केमके उपादानसरखोज उपादेय होय छे; माटे दुःखी एवा पूर्वक्षणथी सुखी एवो उत्तरक्षण क्यांथी उत्पन्न थाय? अने सुखी एवा तेथी ते दुःखी क्यांथी उत्पन्न थाय? कारणके तेथी असदृशभागपणानी आ-पत्ति थाय छे; एवीज रीते पुण्यपापादिकमां पण जाणीलेवुं. माटे ते यत्किंचित् छे. । १३ । एवीरीते बंधमोक्षनो पण असंभव छे. दुनी-यामां पण एमज कहेवाय छे के, जे बंधायछे तेज मूकाय छे. वळी अ-न्वयरहित नाश स्वीकारते छते एकाधिकरणपणाना अभावथी तथा संतानने अवस्तुपणुं होवाथी तेज बन्नेनी संभावना पण क्यांथी थाय? । १४ । परंतु आत्माने जो परिणामी स्वीकारवामां आवे, तो सघळुं बाधारहित प्राप्त थाय छे. कह्युं छे के =॥ परिणाम एटले अवस्थां-

मोऽवस्थान्तर–गमनं न च सर्वथाह्यवस्थानं । न च सर्वथा विनाशः । परिणामस्तद्विदामिष्टः ॥ इति वचनात् । पातञ्जलटीकाकारोऽप्याह । अवस्थितस्य द्रव्यस्य पूर्वधर्मनिवृत्तौ धर्म्मान्तरोत्पत्तिः परिणाम इति । एवं सामान्यविशेषसदसदभिलाप्याऽनभिलाप्य एकान्तवादेष्वपि सुखदुःखाद्यभावः स्वयमियुक्तैरभ्यूह्यः । १५ । अथोत्तरार्द्धव्याख्या । एवमनुपपद्यमानेऽपि सुखदुःखभोगादिव्यवहारे परतीर्थिकैरथ च परमार्थतः शत्रुभिः ( परशब्दो हि शत्रुपर्यायोऽप्यस्ति ) दुर्नीतिवादव्यसनासिना । नीयते एकदेशविशिष्टोऽर्थः प्रतीतिविषयमाभिरिति नीतयो नया । दुष्टा नीतयो दुर्नीतयो दुर्नयास्तेषां वदनं परेभ्यः प्रतिपादनं दुर्नीतिवादस्तत्र यद्व्यसनमत्यासक्तिरौचित्यनिरपेक्षा प्रवृत्तिरिति यावत्

---

तरमां गमन; अर्थात् सर्वथाप्रकारे अवस्थान पण नही, अने सर्वथा प्रकारे विनाश पण नही, एवीरीतनो जे परिणाम, ते तेना जाणनाराउने इष्ट बे. पातंजलटीकाकार पण कहे बे के, अवस्थित एवा द्रव्यनी पूर्वधर्मनी निवृत्ति होते छते बीजाधर्मनी जे उत्पत्ति, ते परिणाम कहेवाय. एवीजरीते सामान्य अने विशेष, सत् अने असत्, वाच्य अने अवाच्यरूप एकांतवादोमां पण सुखदुःखादिकनो अभाव प्रत्यर्थीउए पोतानीमेलेज जाणी लेवो. । १५ । हवे उत्तरार्धनुं व्याख्यान करे बे. एवीरीते सुखदुःखादिकना भोगनो व्यवहार घटमान न होते छते पण परतीर्थीउए एटले परमार्थथी शत्रुउए ( 'पर' शब्द शत्रुवाची पण बे. ) दुर्नयना प्ररूपणनी टेवरूप खड्ग करीने ( सर्व जगत्ने विलुप्त कर्युं बे, एवो संबंध बे. ) एकदेशविशिष्ट पदार्थ जेउवमे प्रतीतिना विषयमां आवे ते नीतिउ एटले नयो कहेवाय. दुष्ट एवी जे नीतिउ ते दुर्नीतिउ कहेवाय. एवी दुर्नीतिउनुं परमते जे प्रतिपादन करवुं, ते दुर्नीतिवाद कहेवाय. तेमां जे अत्यंत आसक्ति एटले उचि-

दुर्नीतिवादव्यसनं। तदेव सद्बोधशरीरोच्छेदनशक्तियुक्तत्वादसिरिवासिः कृपाणो दुर्नीतिवादव्यसनासिस्तेन दुर्नीतिवादव्यसनासिना करणभूतेन दुर्नयप्ररूपणहेवाकखड्गेन एवमित्यनुभवसिद्धं प्रकारमाह। अपिशब्दस्य भिन्नक्रमत्वादशेषमपि जगन्निखिलमपि त्रैलोक्यगतजन्तुजातं विलुप्तं। सम्यग्ज्ञानादिभावप्राणव्यपरोपणेन व्यापादितं। तत्रायस्वेत्याशयः। १६। सम्यग्ज्ञानादयो हि भावप्राणाः प्रावचनिकैर्गीयन्ते। अत एव सिद्धेष्वपि जीवव्यपदेशः। अन्यथा हि जीवधातुः प्राणधारणार्थेऽभिधीयते। तेषां च दशविधप्राणधारणाऽभावादजीवत्वप्राप्तिः। सा च विरुद्धा। तस्मात्संसारिणो दशविधद्रव्यप्राणधारणाज्जीवाः। सिद्धाश्च ज्ञानादिभावप्राणधारणादिति सिद्धं। दुर्नयस्वरूपं चोत्तरकाव्ये व्या-

---

तपणानी अपेक्षाविना जे प्रवृत्ति करवी, ते दुर्नीतिवादव्यसन कहेवाय. सुबोधरूपी शरीरने छेदवामां शक्तिवान होवाथी ते दुर्नीतिवादव्यसनरूप तलवारवडे, एवीरीते एटले अनुभवसिद्धप्रकारवडे (अपिशब्दने भिन्नक्रमपणुं होवाथी) त्रणे लोकमां रहेला समस्तप्राणीओने ते शत्रुभूत तीर्थांतरीओए लुप्त करेलां छे, अर्थात् सम्यग् ज्ञानादिकरूप भावप्राणोने नष्ट करवावडे करीने तेओए त्रणे जगतोनो विनाश कर्यो छे. माटे हे प्रभु! आप ते जगतोनुं रक्षण करो? एवो आशय जाणवो. । १६ । सम्यग्ज्ञानादिकोने शास्त्रकारोए भावप्राण कहेलां छे, अने तेथीज सिद्धोनेविषे पण जीवनो व्यपदेश करेलो छे; अने जो तेम न होय तो, 'जीव' धातु तो प्राण धारवाना अर्थमां छे, अने ते सिद्धोने तो दशप्रकारना प्राणोने धारणकरवानो अभाव होवाथी अजीवपणानी प्राप्ति थाय, अने ते तो विरुद्ध छे; माटे संसारीओ दश प्रकारना द्रव्यप्राणोने धारण करता होवाथी जीवो छे, अने सिद्धो तो ज्ञानादिक भावप्राणोने धारण करता होवाथी जीवो छे, एम सिद्ध थयुं; अने

ख्यास्याम इति काव्यार्थः ॥

। १७ । सांप्रतं दुर्नयनयप्रमाणप्ररूपणद्वारेण "प्रमाणनयैरधिगमः" इति वचनात्। जीवाऽजीवादितत्वाऽधिगमनिबन्धनानां प्रमाणनयानां प्रतिपादयितुः स्वामिनः स्याद्वादविरोधिदुर्नयमार्गनिराकरिष्णुमनन्यसामान्यवचनातिशयं स्तुवन्नाह ।

**सदेव सत्स्यात्सदिति त्रिधाऽर्थो ।**
**मीयेत दुर्नीतिनयप्रमाणैः ॥**
**यथार्थदर्शी तु नयप्रमाण-**
**पथेन दुर्नीतिपथं त्वमास्थः ॥ २८ ॥**

सत्ज छे, सत् छे अने स्यात्सत् छे, एवीरीतनो त्रण प्रकारनो अर्थ ( अनुक्रमे ) दुर्नय, नय अने प्रमाणवडे मापीशकाय छे; अने यथास्थित पदार्थने जोनारा एवा हे प्रभु! आपेज नय अने प्रमाणना मार्गवडे दुर्नयमार्गने दूर कर्यो छे. ॥ २८ ॥

---

। १ । अर्थ्यते परिच्छिद्यत इत्यर्थः पदार्थस्त्रिधा त्रिभिः प्रकारै-

---

दुर्नयना स्वरूपनुं तो हवे पछीना काव्यमां व्याख्यान करीशुं. एवीरीते सत्तावीसमा काव्यनो अर्थ जाणवो.

। १७ । हवे दुर्नय, नय अने प्रमाण ए त्रणेना व्याख्यानद्वारे करीने "प्रमाण अने नयोवडे अधिगम थाय छे" एवा तत्वार्थसूत्रना वचनथी, जीवाऽजीवादिक तत्वोने जाणवाना कारणरूप एवा प्रमाण अने नयोने प्रतिपादन करनारा एवा प्रभुना, स्याद्वादना विरोधि एवा दुर्नयमार्गने दूर करनारा अने बीजाउने नही प्राप्त थता एवा वचनातिशयने स्तवताथका कहे छे.

। १ । जेनो परिच्छेद कराय ते अर्थ एटले पदार्थ कहेवाय. ते पदार्थ

मीयेत परिच्छिद्येत ( विधौ सप्तमी ) कैस्त्रिभिः प्रकारैरित्याह । दुर्नीतिनयप्रमाणैः । नीयते परिच्छिद्यते एकदेशविशिष्टोऽर्थ आभिरिति नीतयो नयाः । दुष्टा नीतयो दुर्नीतयो दुर्नया इत्यर्थः । नया नैगमाद्याः । २ । प्रमीयते परिच्छिद्यतेऽर्थोऽनेकान्तविशिष्टोऽनेनेति प्रमाणं । स्याद्वादात्मकं प्रत्यक्षपरोक्षलक्षणं । दुर्नीतयश्च नयाश्च प्रमाणे च दुर्नीतिनयप्रमाणानि तैः केनोल्लेखेन मीयेतेत्याह । सदेव सत्स्यात्सदिति ( अव्यक्तत्वान्नपुंसकत्वं । यथा किं तस्या गर्भे जातमिति ) सदेवेति दुर्नयः । सदिति नयः । स्यात्सदिति प्रमाणं । तथा हि । ३ । दुर्नयस्तावत्सदेवेति ब्रवीति अस्त्येव घट इति अयं वस्तुन्येकान्ताऽस्तित्वमेवाभ्युपगच्छन्नितरधर्माणां तिरस्कारेण स्वाभिप्रेतमेव धर्मं व्यवस्थापयति । दुर्नयत्वं चास्य मिथ्यारूपत्वात् । मिथ्यारूपत्वं च तत्र धर्म्मा-

---

त्रण प्रकारोवमे मपाय छे. ( विधि अर्थमां सप्तमी जाणवी ) कया त्रण प्रकारोवमे ? ते कहे छे. एकदेशविशिष्ट पदार्थ जेउवमे परिच्छेदाय, ते नीतिउ एटले नयो कहेवाय. दुष्ट एवी जे नीतिउ एटले नयो, ते दुर्नयो कहेवाय. नयो एटले नैगमादिक जाणवा. । २ । अनेकांतवादे करीने युक्त एवो पदार्थ जेनावमे परिच्छेदाय, ते प्रमाण कहेवाय; एटले स्याद्वादरूप प्रत्यक्ष अने परोक्षलक्षणवालां प्रमाणो. दुर्नय, नय अने प्रमाणोवमे कया उल्लेखे करीने मपाय ? ते कहे छे. सतूज सत् अने स्यात्सत्. ( अव्यक्त होवाथी नपुंसकपणुं छे. जेम तेणीना गर्भमां शुं उत्पन्न थयुं ? ) ‘ सतूज छे ’ ए दुर्नय छे, ‘ सत् छे ’ ए नय छे अने ‘ कथंचित् सत् छे ’ ए प्रमाणवाक्य छे. ते कहे छे. । ३ । दुर्नय एम कहे छे के, सतूज छे, अर्थात् घमो छेज, एवीरीते ते दुर्नय ले ते पदार्थमां एकांतअस्तिपणाने स्वीकारतोथको बाकीना धर्मोना तिरस्कारवमे स्वाभिष्ट धर्मनेज स्थापन करे छे; अने तेनुं दुर्नयपणुं मि-

न्तराणां सतामपि निह्नवात् । ४ । तथा सदित्युल्लेखवान्नयः स ह्यस्ति घट इति घटे स्वाभिमतमस्तित्वधर्मं प्रसाधयन् शेषधर्मेषु गजनिमीलिकामालम्बते । न चास्य दुर्नयत्वं धर्मान्तराऽतिरस्कारात् । न च प्रमाणत्वं स्याच्छब्देनाऽलाञ्छितत्वात् । ५ । स्यात्सदिति स्यात्कथंचित्सद्वस्तु इति प्रमाणं । प्रमाणत्वं चास्य दृष्टेष्टाऽबाधितत्वाद्विपक्षे बाधकसद्भावाच्च । सर्वं हि वस्तु स्वरूपेण सत्पररूपेण चाऽसदित्यसकृदुक्तं । सदिति दिङ्मात्रदर्शनार्थं । अनया दिशा असत्त्वनित्यत्वाऽनित्यत्ववक्तव्यत्वाऽवक्तव्यत्वसामान्यविशेषाद्यपि बोद्धव्यं । इत्थं वस्तुस्वरूपमाख्याय स्तुतिमाह । यथार्थदर्शीत्यादि । ६ । दुर्नीतिपथं दुर्नयमार्गं

---

थ्यारूपपणाथी छे, अने तेनुं मिथ्यारूपपणुं तेटलामाटे छे के, तेमां छता एवा पण बीजा धर्मोने ते उलवे छे. । ४ । तथा सत् एवा उल्लेखवालो नय 'ते घट छे' एवीरीते घटमां पोताना इच्छित एवा अस्तिपणारूप धर्मने साधतोथको बाकीना धर्मोनेविषे आंखआमा कान करे छे, तेम तेने दुर्नयपणुं नथी, केमके ते बीजा धर्मोने कंइ तिरस्कारतो नथी, तेम तेने प्रमाणपणुं पण नथी, केमके ते 'स्यात्' शब्देकरीने रहित छे. । ५ । 'पदार्थ कथंचित् सत् छे' ए प्रमाणवाक्य छे; अने तेनुं प्रमाणपणुं तेटलामाटे छे के, ते प्रत्यक्ष अने परोक्ष एम बन्ने प्रमाणोवमे अबाधित छे, तेम विपक्षमां बाधकनो सद्भाव छे. सर्व पदार्थ निजरूपे छतो छे, अने पररूपे अछतो छे, एम वारंवार कहेवामां आव्युं छे. अहीं जे फक्त सत्' शब्द कहेलो छे, ते दिग्मात्र देखामवामाटे छे, पण तेवीजरीते असत्पणुं, नित्यपणुं अनित्यपणुं, वक्तव्यपणुं, अवक्तव्यपणुं तथा सामान्यविशेषादिक पण जाणी लेवा. एवीरीते पदार्थनुं स्वरूप देखामीने हवे 'यथार्थदर्शी' इत्यादिकवमे स्तुति कहे छे. । ६ । (हे प्रभु!) दुर्नयना मार्गने तो आपेज दूर कर्यो

तु शब्दस्य अवधारणार्थस्य भिन्नक्रमत्वात्त्वमेव आस्थस्त्वमेव निराकृतवान् । न तीर्थान्तरदैवतानि । केन कृत्वा नयप्रमाणपथेन । नयप्रमाणे उक्तस्वरूपे तयोर्मार्गेण प्रचारेण । यतस्त्वं यथार्थदर्शी यथार्थोऽस्ति तथैव पश्यतीत्येवंशीलो यथार्थदर्शी । विमलकेवलज्योतिषा यथावस्थितवस्तुदर्शी तीर्थान्तरशास्तारस्तु रागादिदोषकलङ्कितत्वेन तथाविधज्ञानाऽभावान्न यथार्थदर्शिनः । ततः कथं नाम दुर्नयपथमथने प्रगल्भन्ते ते तपस्विनः । न हि स्वयमनयप्रवृत्तः परेषामनयं निषेद्धुमुध्धुरतां धत्ते । ७ । इदमुक्तं भवति । यथा कश्चित्सन्मार्गवेदी परोपकारदुर्ललितः पुरुषश्चौरश्वापदकण्टकाद्याकीर्णं मार्गं परित्याज्य पथिकानां गुणदोषोभयविकलं दोषाऽस्पृष्टगुणयुक्तं च मार्गमुपदर्शयति

---

छे, परंतु बीजा तीर्थांतरी देवोए तो दूर कर्यो नथी. ( अहीं तु शब्द निश्चयार्थमां अने भिन्नक्रमवालो छे. ) शावडे करीने? तोके नयप्रमाणना मार्गवडे करीने, अर्थात् नय अने प्रमाण के जेउनुं स्वरूप पूर्वे कहेवामां आव्युं छे, तेउना प्रचारवडे करीने; केमके आप यथार्थदर्शी छो, अर्थात् जेवो पदार्थ छे, तेवोज आप जुउ छे, एटले निर्मल केवलज्ञाने करीने यथावस्थित पदार्थने जोनारा छो; अने अन्यदर्शनोना शास्तारो तो रागादिक दोषोवडे कलंकित होवाथी, तेवीरीतना ज्ञानना अभावथी यथार्थ जोनारा नथी, अने तेथी करीने ते बिचाराउ दुर्नयमार्गने मथवामां शीरीते समर्थ थाय? केमके पोतेज अन्यायमार्गमां प्रवर्तता एवो माणस बीजाना अन्यायने दूर करवाने आगल पण शकतो नथी. । ७ । भावार्थ ए जाणवो के, सन्मार्गने जाणनारो तथा परोपकारमां तल्लीन थयेलो एवो कोइक पुरुष जेम, चोर, फाडीखानारां प्राणीउ तथा कांटा आदिकथी भरेला मार्गने तजावीने, पंथिउने, गुण अने दोष बन्नेथी रहित, तथा दोषरहितगुणवालो मार्ग देखाडे

एवं जगन्नाथोऽपि दुर्नयतिरस्करणेन भव्येभ्यो नयप्रमाणमार्गं प्ररूपयतीति । ८ । ( आस्थ इत्यस्यतेरद्यतन्यां " शास्त्यस्तिवक्तिख्यातेरङित्यङि श्वयत्यस्तवचपतः श्वास्थवोचपप्तमिति " अस्थादेशे ' स्वरादेस्तास्विति । वृद्धौ रूपं ) । ९ । मुख्यवृत्त्या च प्रमाणस्यैव प्रामाण्यं । यच्चात्र नयानां प्रमाणतुल्यकक्षताख्यापनं तत्तेषामनुयोगद्वारभूततया प्रज्ञापनाङ्गत्वज्ञापनार्थं । चत्वारि हि प्रवचनाऽनुयोगमहानगरस्य द्वाराणि । उपक्रमो निक्षेपोऽनुगमोनयश्चेति । एतेषां च स्वरूपमावश्यकभाष्यादेर्निरूपणीयं । इह तु नोच्यते ग्रन्थगौरवभयात् । १० । अत्र चैकत्र समासान्तः पथिन्शब्दः । अन्यत्र चाऽव्युत्पन्नः पथशब्दोऽदन्त इति पथशब्दस्य द्विःप्रयोगो न दुष्यति । अथ दुर्नयन-

---

छे, तेम जगतना स्वामी एवा जिनेश्वर प्रभु पण दुर्नयनो तिरस्कार करीने, भव्योप्रते नयप्रमाणनो मार्ग प्ररूपे छे. । ८ । ( ' आस्थः ' ए ' अस् ' धातुनुं अद्यतन भूतकालमां ' शास्त्यस्ति वक्तिख्यातेरङ् ' ए सूत्रवडे ' अङ् ' होते छते ' श्वयत्यस्तवचपतः-श्वास्थवोचपप्त ' ए सूत्रवडे अस्थादेश करते छते ' स्वरादेस्तासु ' ए सूत्रवडे वृद्धि करते छते रूप थयुं छे. ) । ९ । मुख्यवृत्तिवडे तो प्रमाणनेज प्रमाणपणुं छे, अने नयोनुं जे प्रमाणतुल्यपणुं कह्युं छे, ते एटलामाटे छे के, ते नयो अनुयोगना एकद्वारभूत छे, अने तेथी प्रज्ञापनानुं अंगपणुं जणाववामाटे छे ; केमके प्रवचनानुयोगरूप महानगरना उपक्रम, निक्षेप, अनुगम अने नय नामना चार दरवाजाउ छे, अने तेउनुं स्वरूप आवश्यकभाष्यादिकथी जाणी लेवुं. ग्रंथगौरवना भयथी अहीं कह्युं नथी. । १० । वली अहीं एक जगोए समासांत ' पथिन् ' शब्द छे, अने बीजी जगोए अव्युत्पन्न अदंत ' पथ ' शब्द छे, माटे एवीरीते बे वखत वापरेलो पथशब्दनो प्रयोग दूषणवालो नथी. हवे दुर्नय, नय

यंप्रमाणस्वरूपं किञ्चिन्निरूप्यते । तत्रापि प्रथमं नयस्वरूपं । तदनधिगमे दुर्नयस्वरूपस्य दुष्परिज्ञानत्वात् । अत्र चाचार्येण प्रथमं दुर्नयनिर्देशो यथोत्तरं प्राधान्यावबोधनार्थं कृतः । ११ । तत्र प्रमाणप्रतिपन्नार्थैकदेशपरामर्शो नयः । अनन्तधर्माध्यासितं वस्तु स्वाभिप्रेतैकधर्मविशिष्टं नयति प्रापयति संवेदनकोटिमारोहयतीति नयः । प्रमाणप्रवृत्तेरुत्तरकालभावी परामर्श इत्यर्थः । नयाश्चानन्ता अनन्तधर्मत्वाद्वस्तुनस्तदेकधर्मपर्यवसितानां वक्तुरभिप्रायाणां च नयत्वात् । १२ । तथाच वृद्धाः । " जावइयावयणपहा तावइयाचेवहुंति नयवाया " इति । तत्रापि चिरन्तनाचार्यैः सर्वसंग्राहिसप्ताभिप्रायपरिकल्पनाद्वारेण सप्त नयाः प्रतिपादिताः । तद्यथा । नैगमसंग्रहव्यवहारऋजुसूत्रशब्दसमभिरूढैवंभूता इति । १३ । कथमेषां सर्वसंग्रहाकत्वमितिचेदुच्यते । अभिप्राय-

---

अने प्रमाणनुं किंचित् स्वरूप निरूपण कराय छे. तेमां पण प्रथम नयनुं स्वरूप कहे छे, केमके ते जाण्याविना दुर्नयनुं स्वरूप जाणवुं मुश्केल छे. वळी अहीं आचार्यमहाराजे प्रथम जे दुर्नयनो निर्देश करेलो छे, ते उत्तरोत्तर प्रधानपणुं जणाववामाटे छे. । ११ । त्यां प्रमाणयुक्त पदार्थना एक देशनो जे विचार ते नय कहेवाय. अनंतधर्मवाळा पदार्थने, पोताने अभीष्ट एवा एकधर्मप्रते जे लेइ जाय, अर्थात् संवेदनकोटिपर जे चमावे, ते नय कहेवाय; एटले के. प्रमाणनी प्रवृत्तिथी उत्तरकाले थनारो विचार. वळी ते नयो अनंता छे, केमके पदार्थना धर्मो अनंता छे, तथा तेमाना एक धर्मवमे पर्यवसित एवा वक्ताना अभिप्रायोने नयपणुं छे. । १२ । वृद्धो कहे छे के " जेटला वचनमार्गो छे, तेटला नयवादो होय छे. " तोपण चिरंतन आचार्योए सर्वनो संग्रह करनारा एवा सात अभिप्रायनी कल्पनाना द्वारे करीने सात नयोने प्रतिपादन करेला छे. ते नीचे प्रमाणे छे. नैगम, संग्रह,

स्तावदर्थद्वारेण शब्दद्वारेण वा प्रवर्तते । गत्यन्तराऽभावात् । तत्र ये केचनाऽर्थनिरूपणप्रवणाः प्रमात्रभिप्रायास्ते सर्वेऽप्याद्ये नयचतुष्टयेऽन्तर्भवन्ति । ये च शब्दविचारचतुरास्ते शब्दादिनयत्रय इति ।१४। तत्र नैगमः सत्तालक्षणं महासामान्यमवान्तरसामान्यानि च द्रव्यत्वगुणत्वकर्मत्वादीनि । तथाऽन्त्यान्विशेषान्सकलाऽसाधारणरूपलक्षणान् । अवान्तरविशेषांश्चाऽपेक्षया पररूपव्यावर्त्तनक्षमान् । सामान्यादत्यन्तविनिर्लुठितस्वरूपानभिप्रैति । इदं च स्वतंत्रसामान्यविशेषवादे क्षुण्णमिति न पृथक्प्रयत्नः । प्रवचनप्रसिद्धनिलयनप्रस्थदृष्टान्तद्वयगम्यश्चायं ।१५। संग्रहस्तु अशेषविशेषतिरोधानद्वारेण सामान्यरूपतया विश्वमुपादत्ते ।

---

व्यवहार, ऋजुसूत्र, शब्द, समभिरूढ अने एवंभूत. । १३ । ते सातने सर्वसंग्राहकपणुं केम छे? एम जो कोइ पूछे, तो तेमाटे कहीयेछीये के, अभिप्राय छे ते पदार्थद्वाराए अथवा शब्दद्वाराए प्रवर्ते छे, केमके ते शिवाय त्रीजो प्रकार तो छे नही. तेउमांथी केटलाको, के जेउ पदार्थना निरूपणमां समर्थ एवा प्रमाताना अभिप्रायो छे, तेउ सर्वेनो पहेला चार नयोमां समावेश थाय छे, अने जे अभिप्रायो शब्दविचारमां समर्थ छे, तेउनो शब्दादिक त्रण नयोमां समावेश थाय छे. । १४ । तेमां नैगमनय छे ते, सत्तालक्षणवालुं महासामान्य, तथा द्रव्यपणुं, गुणपणुं अने कर्मपणुं इत्यादिक अवांतरसामान्यो, तथा सर्वेमां असाधारणरूपलक्षणवाला अंत्यविशेषो, अने अपेक्षावडे परस्वरूपना व्यावर्तनमां समर्थ एवा अवांतरविशेषो, ए सघला, सामान्यथी अत्यंत विनिर्लुठित स्वरूपवाला छे, एवो अभिप्राय आपे छे. आ बाबतनुं स्वतंत्रसामान्यविशेषवादमां खंडन कर्युं छे, तेथी तेमाटे जूदो प्रयास करता नथी. वली आ नैगमनय छे ते, शास्त्रोमां प्रसिद्ध एवा निलयनना अने पालीना, एम बे दृष्टांतोवडे जाणी शकाय छे. । १५ ।

एतच्च सामान्यैकान्तवादे प्राक्प्रपञ्चितं । १६ । व्यवहारस्त्वेवमाह । यथा लोकग्राहमेव वस्त्वस्तु । किमनया अदृष्टाऽव्यवह्रियमाणवस्तुपरिकल्पनकष्टपिष्टिकया । यदेव च लोकव्यवहारपथमवतरति तस्यैवाऽनुग्राहकं प्रमाणमुपलभ्यते । नेतरस्य । न हि सामान्यमनादिनिधनमेकं संग्रहाऽभिमतं प्रमाणभूमिस्तथानुभवाऽभावात् । सर्वस्य सर्वदर्शित्वप्रसङ्गाच्च । १७ । नापि विशेषाः परमाणुलक्षणाः क्षणक्षयिणः प्रमाणगोचरास्तथाप्रवृत्तेरभावात् । तस्मादिदमेव निखिललोकाऽबाधितं प्रमाणप्रसिद्धं कियत्कालभाविस्थूलतामाबिभ्राणमुदकाद्याहरणाद्यर्थक्रियानिवर्तनक्षमं वस्तुरूपं पारमार्थिकं । पूर्वोत्तरकालभावितत्पर्याय-

---

हवे संग्रहनय छे ते सर्व विशेषोने आच्छादित करीने सघलुं सामान्यरूपे अंगीकार करे छे; अने तेमाटेनुं विवेचन पूर्वे एकांतसामान्यवादमां करेलुं छे. । १६ । व्यवहार नय एम कहे छे के, जे वस्तु लोकोना उपयोगमां आवे छे, तेज रहो? परंतु नही दीठेली अने लोकव्यवहारमां नही आवती एवी वस्तुनी कल्पना करीने फोकट कष्ट सहन करवानी शी जरूर छे? जे पदार्थ लोकव्यवहारना मार्गमां आवे छे, तेनेज ग्रहण करनारुं प्रमाण मली शके छे, पण बीजानुं प्रमाण मलतुं नथी. वली अनादिनिधन अने संग्रहनये मानेलुं एवुं एक सामान्य कंइ प्रमाणनुं स्थानक नथी, केमके तेवा अनुभवनो अभाव छे, अने वली सर्वने सर्वदर्शीपणानो प्रसंग आवे छे. । १७ । वली परमाणुलक्षणवाला अने क्षणक्षयी एवा विशेषो पण प्रमाणगोचर नथी, केमके तेवीरीतनी प्रवृत्तिनो अभाव छे. माटे सर्व लोकोप्रते बाधाविनानुं प्रमाणथकी प्रसिद्ध, केटलेक काले थनार स्थूलपणाने धारण करनारुं तथा जलादिकने लाववाआदिकनी अर्थक्रिया करवामां समर्थ एवुं पदार्थस्वरूप पार्मार्थिक छे; अने पूर्वोत्तरकाले थनारा एवा तेना

पर्यालोचना पुनरज्यायसी । तत्र प्रमाणप्रसराऽभावात् । प्रमाणमन्तरेण विचारस्य कर्तुमशक्यत्वात् । अवस्तुत्वाच्च तेषां किं तद्गोचरपर्यालोचनेन । तथा हि । १८ । पूर्वोत्तरकालभाविनो द्रव्यविवर्त्ताः क्षणक्षयिपरमाणुलक्षणा वा विशेषा न कथंचन लोकव्यवहारमुपरचयन्ति । तन्न ते वस्तुरूपाः । लोकव्यवहारोपयोगिनामेव वस्तुत्वात् । अत एव पन्था गच्छति। कुंभिका स्रवति । गिरिर्दह्यते । मञ्चाः क्रोशन्तीत्यादिव्यवहाराणां प्रामाण्यं । तथाच वाचकमुख्यः " लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः " इति । १९ । ऋजुसूत्रः पुनरिदं मन्यते । वर्तमानक्षणविवर्त्येव वस्तुरूपं । नाऽतीतमनागतं च । अतीतस्य विनष्टत्वादनागतस्याऽलब्धात्मलाभत्वात्खरविषाणादिभ्योऽविशि-

---

पर्यायोनो जे विचार, ते तो मतलबविनानो छे, केमके तेमां प्रमाणना प्रसरनो अभाव छे, अने प्रमाणविना विचार करवानि पण अशक्य छे; तेम तेउने अवस्तुपणुं होवाथी ते संबंधि विचार करवावमे पण शुं छे? ते कहे छे. । १८ । पूर्वोत्तरकाले थनारा द्रव्यगत अथवा क्षणक्षयिपरमाणुलक्षणवाला विशेषो कोइ पण रीते लोकव्यवहारने रचता नथी, माटे तेउ पदार्थरूप नथी, केमके जेउ लोकव्यवहारमां उपयोगी होय छे, तेउनेज पदार्थपणुं छे; आथीकरीनेज मार्ग जाय छे, कुंभी ऊरे छे, पर्वत बले छे, मांचाउ शब्द करे छे, इत्यादिक व्यवहारोने प्रमाणपणुं छे. श्री उमास्वातिजीमहाराज पण कहे छे के " लौकिकसरखो उपचारप्राय विस्तृतार्थ व्यवहार छे. " । १९ । ऋजुसूत्र नय तो एम माने छे के, जे वर्तमानक्षणमां रहे छे, तेज वस्तुरूप छे, पण अतीत अने अनागतकालमां रहेनारुं वस्तुरूप नथी; केमके अतीतकालसंबंधि वस्तु नष्ट थयेल होवाथी, अने अनागतकालसंबंधि वस्तु अछती होवाथी, तेने खरशृंगादिकोथी कंइ विशेषपणुं न होवाथी,

घ्यमाणतया सकलशक्तिविरहरूपत्वान्नार्थक्रियानिवर्तनक्षमत्वं । तदभा-
वाच्च न वस्तुत्वं । यदेवार्थक्रियाकारि तदेव परमार्थसदिति वचनात्
। २० । वर्तमानक्षणालिङ्गितं पुनर्वस्तुरूपं समस्तार्थक्रियासु व्याप्रियत
इति तदेव पारमार्थिकं । तदपि च निरंशमभ्युपगन्तव्यं । अंशव्याप्ते
र्युक्तिरिक्तत्वात् । एकस्याऽनेकस्वभावतामन्तरेणाऽनेकस्वावयवव्यापना-
ऽयोगात् । अनेकस्वभावतैवाऽस्त्विति चेन्न । विरोधव्याघ्राघ्रातत्वात् ।
तथा हि । २१ । यद्येकः स्वभावः कथमनेकोऽनेकश्चेत्कथमेकः । ए-
काऽनेकयोः परस्परपरिहारेणाऽवस्थानात् । तस्मात्स्वरूपनिमग्नाः पर-
माणव एव परस्परोपसर्पणद्वारेण कथंचिन्निचयरूपतामापन्ना निखिल-
कार्येषु व्यापारभाजः । इति त एव स्वलक्षणं न स्थूलतां धारयत् पा-

---

सर्वशक्तिरहित होवाथी, तेने अर्थक्रिया करवानुं सामर्थ्य होतुं नथी,
अने तेना अभावथी तेने वस्तुपणुं नथी, केमके, कह्युं छे के, जे अर्थ-
क्रिया करनारुं छे, तेज परमार्थथी सत् छे. । २० । वळी वर्तमान क्ष-
णवडे आलिंगित एटले वर्तमानकाळमां वर्तनारुं जे वस्तुस्वरूप छे, ते
सर्व अर्थक्रियाउनो व्यापार करी शके छे, माटे तेज परमार्थभूत छे,
अने ते वस्तुस्वरूप पण अंशोरहित स्वीकारवुं, केमके अंशोवाळुं तो
युक्तिविनानुं छे ; तेम एकने अनेकस्वभावपणाविना अनेक एवा पोताना
अवयवोमां व्यापवानो अयोग छे. अनेकस्वभावपणुंज थाउ? एम जो
कहेशो, तो ते युक्त नथी, केमके ते तो विरोधरूपी व्याघ्रथी आघ्रात
थाय छे, अर्थात् विरोधवाळुं थाय छे. ते कहे छे. । २१ । जो एक
स्वभाव छे, तो अनेक केम छे? अने जो अनेक छे, तो एक केम छे?
केमके एक अने अनेक, बन्ने एकबीजाने लोपीने रहे छे. माटे निज-
रूपमां निमग्न थयेला, अने परस्पर मळीजवावडे करीने कोइकप्रकारे
समूहरूप थयेला, एवा परमाणुउज सर्व कार्योमां व्यापारवाळा थाय

रमार्थिकमिति। एवमस्याभिप्रायेण यदेव स्वकीयं तदेव वस्तु। न परकीयं अनुपयोगित्वादिति । २२ । शब्दस्तु रूढितो यावन्तो ध्वनयः कस्मिंश्चिदर्थे प्रवर्तन्ते । यथेन्द्रशक्रपुरन्दरादयः । तेषां[1] सर्वेषामप्येकमर्थमभिप्रैति । किल प्रतीतिवशाद्यथा शब्दाऽव्यतिरेकोऽर्थस्य प्रतिपाद्यते तथैव तस्यैकत्वं वा प्रतिपादनीयं। न चेन्द्रशक्रपुरन्दरादयः पर्यायशब्दा विभिन्नार्थवाचितया कदाचन प्रतीयन्ते । तेभ्यः सर्वदैकाकारपरामर्शोत्पत्तेरस्खलितवृत्तितया तथैव व्यवहारदर्शनात् । तस्मादेक एव पर्यायशब्दानामर्थ इति । २३ । शब्द्यते आहूयतेऽनेनाऽभिप्रायेणार्थ इति निरुक्तादेकार्थप्रतिपादनाभिप्रायेणैव पर्यायध्वनीनां प्रयो-

---

छे; माटे तेजज परमार्थभूत छे, पण स्थूलपणाने धारण करतुं एवुं निजलक्षण पारमार्थिक नथी. एवीरीते आ नयना अभिप्रायवडे जे स्वकीय छे, तेज पदार्थ छे, परंतु परकीय पदार्थ नथी, केमके ते अनुपयोगी छे. ।२२। शब्दनय छे ते, रूढीथकी, जेम इंद्र, शक्र, पुरंदर आदिक जेटला शब्दो कोइपण अर्थमां प्रवर्ते छे, ते सघलाउनो एक अर्थ छे, एवो अभिप्राय आपे छे. प्रतीतिना वशथी अर्थप्रते शब्दनो अभेद जेम स्वीकारवामां आवे छे, तेमज तेना एकपणाने अथवा अनेकपणाने पण स्वीकारवुं. वली इंद्र, शक्र तथा पुरंदरआदिक पर्यायशब्दो भिन्न अर्थोने कहेनारा छे, एवुं कोइपण समये प्रतीत थतुं नथी, केमके हमेशां एकाकारना विचारनी उत्पत्तिनी अस्खलित वृत्तिपणायें करीने तेउप्रते तेवोज व्यवहार देखायो छे. माटे पर्यायशब्दोनो एकज अर्थ छे. । २३ । आ अमुक अभिप्रायवडे अर्थनुं आह्वाहन जेथी कराय ते शब्द; एवीरीतना निरुक्तार्थथी एक अर्थना प्रतिपादनना अभिप्राये करीनेज पर्यायशब्दोनो प्रयोग थाय छे. जेम

---

१ । सुरपतौ तेषां। इति द्वितीयपुस्तकपाठः ॥

गात् । यथा चायं पर्यायशब्दानामेकमर्थमभिप्रैति । तथा तटस्तटी तटमिति विरुद्धलिङ्गलक्षणधर्माभिसंबन्धाद्वस्तुनो भेदं चाभिधत्ते । न हि विरुद्धधर्मकृतं भेदमनुभवतो वस्तुनो विरुद्धधर्माऽयोगो युक्तः । एवं संख्याकालकारकपुरुषादिभेदादपि भेदोऽभ्युपगन्तव्यः । तत्र संख्या एकत्वादिः कालोऽतीतादिः । कारकं कर्त्रादिः । पुरुषः प्रथमपुरुषादिः । २४ । समभिरूढस्तु पर्यायशब्दानां प्रविभक्तमेवार्थमभिमन्यते । तद्यथा । इन्दनादिन्द्रः परमैश्वर्यमिन्द्रशब्दवाच्यं परमार्थतस्तद्वत्यर्थे । अतद्वति पुनरुपचारतो न वा कश्चित् तद्वान् । सर्वशब्दानां परस्परविभक्तार्थप्रतिपादिततया आश्रयाश्रयिभावेन प्रवृत्त्यसिद्धेः । २५ । एवं शकनाच्छक्रः पूर्दारणात्पुरन्दर इत्यादिभिन्नार्थत्वं सर्वशब्दानां द-

---

आ नय पर्यायशब्दोना एक अर्थनो अभिप्राय आपे छे, तेम ' तट, तटी, अने तटं ' एवीरीते विरुद्ध लिंगना लक्षणवाला धर्मना संबंधथी पदार्थनो भेद ( पण ) कहे छे, केमके विरुद्ध धर्मे करेला भेदने अनुभवता एवा पदार्थने विरुद्ध धर्मनो अयोग कंइ युक्त नथी. एवीज रीते संख्या, काल, कारक तथा पुरुषादिकना भेदथी पण भेद जाणी लेवो. तेमां संख्या एटले एकपणादिक, काल एटले भूतकालादिक, कारक एटले कर्ताआदिक, पुरुष एटले प्रथमपुरुष आदिक. ।२४। समभिरूढ नय तो पर्यायशब्दोनो जूदोजूदोज अर्थ माने छे. ते नीचे प्रमाणे. ऐश्वर्यपणाथी इंद्र. इंद्रशब्दने कहेनारुं परमेश्वरपणुं परमार्थथी तेवाला अर्थमां प्रवर्ते छे. अने तेविनाना अर्थमां उपचारथी वर्ते छे, केमके तेवा ऐश्वर्यवालो कोइ न पण होय; कारणके सर्व शब्दो परस्पर भिन्न अर्थोने स्वीकारता होवाथी, तेउने आश्रयआश्रयीभावेकरीने प्रवृत्तिनी असिद्धि छे. । २५ । एवीजरीते शक्ति होवाथी शक्र, पुरने विदारवाथी पुरंदर; इत्यादि सर्व शब्दोनुं भिन्नअर्थपणुं आ

शंयति। प्रमाणयति च। शब्दा अपि भिन्नार्थाः। प्रविभक्तव्युत्पत्तिनिमितकत्वात्। इह ये ये प्रविभक्तव्युत्पत्तिनिमित्तकास्ते ते भिन्नार्थाः। यथेन्द्रपशुपुरुषशब्दाः। विभिन्नव्युत्पत्तिनिमित्तकाश्च पर्यायशब्दा अपि। अतो भिन्नार्था इति ।२६। एवंभूतः पुनरेवं भाषते। यस्मिन्नर्थे शब्दो व्युत्पाद्यते स व्युत्पत्तिनिमित्तमर्थो यदैव प्रवर्तते तदैव तं शब्दं प्रवर्तमानमभिप्रैति। न सामान्येन। यथोदकाद्याहरणवेलायां योषिदादिमस्तकारूढो विशिष्टचेष्टावानेव घटोऽभिधीयते। न शेषो घटशब्दव्युत्पत्तिनिमित्तशून्यत्वात्। पटादिवदिति ।२७। अतीतां भाविनीं वा चेष्टामङ्गीकृत्य सामान्येनैवोच्यत इति चेन्न। तयो-

---

समभिरूढनय देखाडे छे. अने तेने (नीचे प्रमाणे) प्रमाणरूप पण करे छे. पर्यायशब्दो पण भिन्नअर्थवाला छे, केमके तेउ भिन्न व्युत्पत्तिना निमित्तवाला छे; अहीं जे जे भिन्न व्युत्पत्तिना निमित्तवाला छे, ते ते भिन्नअर्थवाला छे; जेम इंद्र, पशु तथा पुरुष आदिक शब्दो; अने पर्याय शब्दो पण भिन्न व्युत्पत्तिना निमित्तवाला छे. माटे भिन्नअर्थवाला छे. ।२६। एवंभूत नय तो वली एम कहे छे के, जे अर्थमां शब्दनी व्युत्पत्ति थाय छे, ते व्युत्पत्तिनो निमित्तरूप अर्थ ज्यारे प्रवर्ते छे, त्यारेज ते शब्दरूपे प्रवर्ते छे, परंतु सामान्यपणे नही, एवो ते नयनो अभिप्राय छे. जेम पाणी आदिकने भरीलावतीवेलाए स्त्रीआदिकना मस्तकपर रहेलो, एवीरीतनो विशिष्ट चेष्टावालोज घट कहेवाय छे, पण बीजो नही, केमके ते तो पटादिकनीपेठे घटशब्दनी व्युत्पत्तिना निमित्तथी रहित छे. ।२७। थयेली अथवा थवानी चेष्टाने स्वीकारीने सामान्यवमेज (ते घट) कहेवाय छे, एम जो कहेशो, तो ते युक्त नथी, केमके ते बन्ने चेष्टाउने तो नष्टपणुं अने अनुत्पत्तिपणुं होवाथी तेउ शशशृंगसरखी छे; छतां पण

विनष्टाऽनुत्पन्नतया शशविषाणकल्पत्वात् । तथापि तद्वारेण शब्दप्रवर्तने सर्वत्र प्रवर्तयितव्यो विशेषाऽभावात् । २८ । किं च यद्यतीतवत्स्यच्चेष्टापेक्षया घटशब्दोऽचेष्टावत्यपि प्रयुज्येत । कपालमृत्पिण्डादावपि तत्प्रवर्तनं दुर्निवारं स्याद्विशेषाऽभावात् । तस्माद्यत्र क्षणे व्युत्पत्तिनिमित्तमविकलमस्ति तस्मिन्नेव सोऽर्थस्तच्छब्दवाच्य इति ।२९। अत्र संग्रहश्लोकाः । =॥ अन्यदेव हि सामान्य–मभिन्नज्ञानकारणं ॥ विशेषोऽप्यन्य एवेति । मन्यते नैगमो नयः ॥=॥ । ३० । सद्रूपताऽनतिक्रान्त–स्वस्वभावमिदं जगत् ॥ सत्तारूपतया सर्वं । संगृह्णन् संग्रहो मतः ॥=॥ । ३१ । व्यवहारस्तु तामेव । प्रतिवस्तुव्यवस्थिताम् ॥ तथैव दृश्यमानत्वा–द्व्यापारयति देहिनः ॥=॥ । ३२ । तत्रर्जुसूत्रनीतिः

---

तेने लीधे तफावत न होवाथी शब्दप्रवर्तनमां सर्व जगोए ते घटने प्रवर्तावvो. । २८ । वली थयेली अने थनारी चेष्टानी अपेक्षाये तो घटशब्दने अचेष्टावान्मां जोमीशकाय ! अने एवीरीते तो तफावतना अभावथी ठीबमी तथा माटीना पिंमादिकमां पण ते घटशब्दनुं प्रवर्तन कंइ पण अटकायतविना थइ जाय. माटे जे क्षणे व्युत्पत्तिनुं निमित्त विकलताविनानुं छे, तेज क्षणे ते अर्थ ते शब्दनो वाच्य छे. । २९ । अहीं ( ते नयोसंबंधि ) संग्रहश्लोको छे. ( तेउनो अर्थ नीचेप्रमाणे छे. ) =॥ अभिन्नज्ञानना कारणरूप सामान्य जूदुंज छे, अने विशेषपण ( तेनाथी ) जूदोज छे, एवीरीते नैगमनय माने छे. ॥=॥ ।३०। छता रूपने नही अतिक्रमेला एवा निजस्वभावरूप आ जगत् छे, एवीरीते सत्तारूपपणायें करीने सर्वने ग्रहण करतो जे नय, तेने संग्रहनय मानेलो छे. ॥=॥ । ३१ । व्यवहार नय छे ते, दरेक वस्तुप्रते रहेली तेज सत्ताने तेवीजरीते दृश्यमान थवाथी शरीरीप्रते जोमे छे. =॥ । ३२ । तेमां शुद्ध पर्यायोवमे संश्रित थयेलो, नश्वर पदार्थनाज

स्या–च्चृजुक्पर्यायसंश्रिता ॥ नश्वरस्यैव जावस्य । जावात् स्थितिवियो-
गतः ॥=॥ । ३३ । विरोधलिङ्गसंख्यादि–जेदाद्भिन्नस्वजावताम् ॥ तस्यैव
मन्यमानोऽयं । शब्दः प्रत्यवतिष्टते ॥=॥ । ३४ । तथाविधस्य तस्यापि ।
वस्तुनः क्षणवर्तिनः ॥ ब्रूते समजिरूढस्तु । संज्ञाजेदेन जिन्नताम् ॥=॥
। ३५ । एकस्यापि ध्वनेर्वाच्यं । सदा तन्नोपपद्यते ॥ क्रियाजेदेन जि-
न्नत्वा–देवंजूतोऽजिमन्यते ॥=॥ ।३६। एत एव च परामर्शा अजिप्रेत-
धर्मावधारणात्मकतया शेषधर्मतिरस्कारेण प्रवर्तमाना डर्नयसंज्ञामश्नु-
वते । तद्बलप्रजावितसत्ताका हि खल्वेते परप्रवादास्तथाहि । ३७ । नै-
गमनयदर्शनानुसारिणौ नैयायिकवैशेषिकौ । संग्रहाजिप्रायप्रवृत्ताः स-
र्वेऽप्यद्वैतवादाः सांख्यदर्शनं च । व्यवहारनयानुपाति प्रायश्चार्वाकद-

---

जावथी स्थितिवियोगथी ऋजुसूत्रनय थाय बे. (आ श्लोकनो
अर्थ अमोने जेम बेगे बे, तेम लख्यो बे, बतां बहुश्रुत कहे ते खरो)
॥=॥ । ३३ । विरोध, लिंग तथा संख्यादिकना जेदथी, तेनाज जि-
न्नस्वजावपणाने मानतो एवो आ शब्दनय रहे बे. ॥=॥ । ३४ । ते-
वीजरीतनी तथा क्षणस्थायी एवी ते वस्तुनुं पण संज्ञाजेदे करीने स-
मजिरूढनय जिन्नपणुं कहे बे. ॥=॥ । ३५ । एवंजूतनय एम माने
बे के, एक एवो पण शब्द, क्रियाजेदे करीने जिन्न होवाथी, तेने
हमेशां तेवाच्यपणुं प्राप्त थतुं नथी. ॥= । ३६ । उपर जणावेला साते
नयोसंबंधि तेज विचारो, ज्यारे पोते मानेला धर्मनेज पकमीराखीने,
बाकीना धर्मोना तिरस्कारे करीने वर्ते बे, त्यारे तेउ डर्नयनी संज्ञाने
धारण करे बे; अने खेरखर ते (जिन्नजिन्न) नयोना बलवमे करीने
सत्तावाला थयेला ते परप्रवादो बे. ते कहे बे. । ३७ । नैयायिक
अने वैशेषिकदर्शनो नैगमनयने अनुसरनारा बे. सघला अद्वैतवादो
अने सांख्यदर्शन संग्रहनयना अजिप्रायप्रमाणे प्रवर्तेला बे. चार्वाक-

र्शनं । ऋजुसूत्राकूतप्रवृत्तबुद्धयस्ताथागताः । शब्दादिनयावलम्बिनो वै-याकरणादयः । उक्तं च सोदाहरणं नयदुर्नयस्वरूपं श्रीदेवसूरिपादैः। तथा च तद्ग्रन्थः । ३० । नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्यार्थ-स्यांशस्तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः" इति। स्वाभिप्रेतादंशादितरांशापलापी पुनर्नयाभासः । ३१ । स व्याससमा-साभ्यां द्विप्रकारः । व्यासतोऽनेकविकल्पः । समासतस्तु द्विभेदो । द्र-व्यार्थिकः पर्यायार्थिकश्च । आद्यो नैगमसंग्रहव्यवहारभेदात् त्रेधा । धर्मयोर्धर्मिणोर्धर्मधर्मिणोश्च प्रधानोपसर्जनभावेन यद्विवक्षणं स नैकगमो

---

दर्शन प्रायें करीने व्यवहारनयने अनुसरनारो छे. बौद्धो ऋजुसूत्रनयना विचारप्रमाणे प्रवृत्त थइ छे बुद्धि जेउनी एवा छे. तथा वैयाकरणादिको शब्दादिनयना आलंबनवाला छे. वली पूज्य श्री देवसूरिजीमहाराजे नय अने दुर्नयनुं स्वरूप उदाहरणोसहित नीचेप्रमाणे पोताना ग्रंथमां कह्युं छे. ।३०। आगम नामना प्रमाणे विषयरूप करेला अर्थनो अंश, बीजा अंशोप्रते मध्यस्थपणुं राखीने, जेनावडे लेइ जवाय, एवो जे स्वीकारनारनो अभिप्रायविशेष, ते 'नय' कहेवाय; अने पोते स्वीकारेला अंशथी बीजा अंशोने उल्लधनारो, ते नयाभास कहेवाय. ।३१। ते नय व्यास अने समासवडे बे प्रकारनो छे. व्यासथी अनेकविकल्पोवालो छे, अने समासथी बे भेदोवालो छे, एक द्रव्यार्थिक अने बीजो पर्यायार्थिक. तेमां पेहेलो द्रव्यार्थिकनय नैगम, संग्रह अने व्यवहारना भेदथी त्रण प्रकारनो छे. बे धर्मोनुं, बे धर्मीउनुं, अने धर्मधर्मीनुं मुख्य अने गौणभावे करीने जे कहेवुं, ते, के जेनो एक गमो नथी, ते नैगमनय कहेवाय. 'आत्मामां सच्चैतन्य छे' एम जे कहेवुं, ते बे धर्मोनुं कहेवुं जाणवुं. 'वस्तुपर्यायवद् द्रव्य' एम जे कहेवुं, ते बे धर्मीउनुं कहेवुं जाणवुं. 'विषयासक्त जीव एक

नैगमः । सच्चैतन्यमात्मनीति धर्मयोः । वस्तुपर्यायवद्द्रव्यमिति धर्मिणोः । क्षणमेकं सुखी विषयासक्तजीव इति धर्मधर्मिणोः । धर्मद्वयादीनामैकान्तिकपार्थक्याभिसंधिर्नैगमाभासः । यथात्मनि सत्त्वचैतन्ये परस्परमत्यन्तं पृथग्भूते । ४० । सामान्यमात्रग्राही परामर्शः संग्रहः । अयमुभयविकल्पः । परोऽपरश्च । अशेषविशेषेष्वौदासीन्यं भजमानः शुद्धद्रव्यं सन्मात्रमभिमन्यमानः परः संग्रहः । विश्वमेकं सदविशेषादिति यथा । सत्ताऽद्वैतं स्वीकुर्वाणः सकलविशेषान्निराचक्षाणस्तदाभासः । यथा सत्तैव तत्त्वं ततः पृथग्भूतानां विशेषाणामदर्शनात् । ४१ । द्रव्यत्वादीन्यवान्तरसामान्यानि मन्वानस्तद्भेदेषु गजनिमीलिकामवलम्बमानः पुनरपरसंग्रहः । धर्माऽधर्माकाशकालपुद्गलद्रव्याणामैक्यं द्रव्यत्वाऽभेदा-

---

क्षणसुधि सुखी होय छे ' एम जे कहेवुं, ते धर्मधर्मिनुं कहेवुं जाणवुं. ते बे धर्मादिकोनो एकांते पृथक्पणानो जे विचार, जेमके आत्मामां सत्पणुं अने चैतन्यपणुं बन्ने परस्पर अत्यंत भिन्नरूपे छे, ते नैगमाभास कहेवाय. । ४० । सामान्यमात्रने ग्रहणकरनारो जे विचार ते संग्रहनय कहेवाय. तेना पर अने अपर, एम बे भेदो छे. सर्व विशेषोमां मध्यस्थपणाने धारणकरतो अने सन्मात्र शुद्धद्रव्यने मानतो एवो परसंग्रहनय छे, जेम सत् शिवाय बीजुं न होवाथी सघळुं एक छे. तथा सत्ता शिवाय बीजुं कंइज नथी, एम स्वीकारतो थको, सर्व विशेषोने जे तिरस्कारे छे, ते परसंग्रहाभास कहेवाय छे ; जेमके सत्ताज तत्व छे, केमके तेथी पृथक्भूत विशेषो देखाता नथी. । ४१ । वळी द्रव्यपणादिक अवांतर सामान्योने मानतो, तथा तेना भेदोमां आंखआडा कान करतो, एवो अपरसंग्रहनय छे, जेम धर्म, अधर्म, आकाश, काळ अने पुद्गलआदिक द्रव्योने द्रव्यपणाना अभेदथी एकपणुं छे, इत्यादिक. तथा तेउना द्रव्यपणा आदिकने स्वीकारतो

दित्यादिर्यथा । तद्द्रव्यत्वादिकं प्रतिजानानस्तद्विशेषान्निह्नुवानस्तदाभासः । यथा द्रव्यत्वमेव तत्त्वं ततोऽर्थान्तरभूतानां द्रव्याणामनुपलब्धेः । ४२ । संग्रहेण गोचरीकृतानामर्थानां विधिपूर्वमवहरणं येनाऽभिसन्धिना क्रियते स व्यवहारः । यथा यत्सत्तद्द्रव्यं पर्यायो वेत्यादि । यः पुनरपारमार्थिकं द्रव्यपर्यायप्रविभागमभिप्रैति स व्यवहाराभासः । यथा चार्वाकदर्शनं । ४३ । पर्यायार्थिकश्चतुर्धा । ऋजुसूत्रः शब्दः समभिरूढ एवंभूतश्च । ऋजु वर्तमानक्षणस्थायिपर्यायमात्रं प्राधान्यतः सूत्रयन्नभिप्रायः ऋजुसूत्रः । यथा सुखविवर्तः संप्रत्यस्तीत्यादिः । सर्वथा द्रव्याऽपलापी पुनस्तदाभासः । यथा ताथागतमतं । कालादिभेदेन ध्वनेरर्थभेदं प्रतिपद्यमानः शब्दः । यथा बभूव भवति भविष्यति सुमेरु-

---

थको, अने तेउना विशेषोने उलवतो थको अपरसंग्रहाभास कहेवाय छे; जेमके द्रव्यपणुं एज तत्व छे, केमके तेथी बीजा पदार्थोरूप एवा द्रव्योनी प्राप्ति थतो नथी. । ४२ । संग्रहनये गोचरकरेला पदार्थोनी जे विचारवमे विधिपूर्वक वेहेंचाण कराय, ते व्यवहारनय कहेवाय, जेमके, जे सत् छे, ते द्रव्य अथवा पर्याय छे, इत्यादि; परंतु द्रव्यपर्यायनी वेहेंचणप्रते जे अपारमार्थिक अभिप्राय धरावे छे, ते व्यवहाराभास छे. जेम नास्तिकमत. । ४३ । हवे पर्यायार्थिकनयो, ऋजुसूत्र, शब्द, समभिरूढ तथा एवंभूतना नामथी चार प्रकारना छे. ऋजु एटले वर्तमानक्षणमां रहेनारा पर्यायमात्रने प्रधानपणाथी रचतो, एवो जे अभिप्राय ते ऋजुसूत्रनय छे, जेम हमणां सुखमाकाल छे; इत्यादिक; तथा सर्वथाप्रकारे द्रव्यने उलवनारो ते ऋजुसूत्राभास छे, जेम बौद्धमत. कालादिकना भेदेकरीने शब्दना अर्थभेदने स्वीकारनारो शब्दनय छे, जेम मेरु थयो, थाय छे अने थशे, इत्यादि. वली ते कालादिकना भेदेकरीने ते शब्दना तेज अर्थने समर्थन क-

रित्यादि । तद्भेदेन तस्य तमेव समर्थयमानस्तदाभासः । यथा बभूव भवति भविष्यति सुमेरुरित्यादयो भिन्नकालाः शब्दा भिन्नमेवार्थमभिदधति । भिन्नकालशब्दत्वात्तादृक्सिद्धान्यशब्दवदित्यादिः ।४४। पर्यायशब्देषु निरुक्तिभेदेन भिन्नमर्थं समभिरोहन्समभिरूढः । इन्दनादिन्द्रः । शकनाच्छक्रः । पूर्दारणात् पुरन्दर इत्यादिषु यथा । पर्यायध्वनीनामभिधेयनानात्वमेव कक्षीकुर्वाणस्तदाभासः । यथेन्द्रः शक्रः पुरन्दर इत्यादयः शब्दा भिन्नाभिधेया एव भिन्नशब्दत्वात्करिकुरङ्गतुरंगशब्दवदित्यादिः । ४५ । शब्दानां स्वप्रवृत्तिनिमित्तभूतक्रियाविशिष्टमर्थं वाच्यत्वेनाभ्युपगच्छन्नेवंभूतः । यथेन्दनमनुभवन्निन्द्रः । शकनक्रियापरिणतः शक्रः । पूर्दारणप्रवृत्तः पुरन्दर इत्युच्यते । क्रियाऽ-

---

रतो शब्दाभास थाय छे; जेम मेरु थयो, थाय छे अने थशे, इत्यादिक भिन्नकालवाला शब्दो भिन्नज अर्थने धारण करे छे, केमके तेओ तेवीजरीतना सिद्ध थयेला बीजा शब्दोनीपेठे जूदा जूदा कालवाला शब्दो छे, इत्यादि. । ४४ । पर्यायशब्दोमां निरूक्तिना भेदवमे भिन्न अर्थने समर्थन करतो समभिरूढनय छे; जेम ऐश्वर्यपणुं यवाथी इंद्र, शक्तिवान् होवाथी शक्र, पूर्दारवाथी पुरंदर. वली पर्यायशब्दोना विविधप्रकारनाज नामोने स्वीकारतो समभिरूढाभास थाय छे; जेम इंद्र, शक्र तथा पुरंदरादिक शब्दो भिन्न शब्दो होवाथी जूदा जूदा नामोवालाज छे, जेम हाथी, हरिण तथा घोमो, इत्यादिक. । ४५ । शब्दोना, पोतानी प्रवृत्तिना निमित्तभूत क्रियावाला अर्थने वाच्यपणावमे करीने स्वीकारनारो एवंभूतनय छे; जेम ऐश्वर्यने अनुभवतो इंद्र छे, शक्तिक्रियामां जोमायेलो शक्र छे, तथा पूर्दारणमां प्रवृत्त थयेलो पुरंदर कहेवाय छे. तथा क्रियामां नही जोमायेली वस्तुनो शब्दवाच्यपणावमे प्रतिक्षेप करतो, एवो एवंभूताभास छे; जेम

नाविष्टं वस्तु शब्दवाच्यतया प्रतिक्षिपंस्तु तदाभासः । यथा विशिष्ट-चेष्टाशून्यं घटाख्यं वस्तु नैव घटशब्दवाच्यं । घटशब्दप्रवृत्तिनिमित्त-भूतक्रियाशून्यत्वात्पटवदित्यादिः । ४६ । एतेषु चत्वारः प्रथमेऽर्थनिरू-पणप्रवणत्वादर्थनयाः । शेषास्तु त्रयः शब्दवाच्यार्थगोचरतया शब्द-नयाः । पूर्वःपूर्वो नयः प्रचुरगोचरः । परःपरस्तु परिमितविषयः । ४७ । सन्मात्रगोचरात्संग्रहान्नैगमो भावाऽभावभूमिकत्वाद्भूमविषयः । ४८ । सद्विशेषप्रकाशकाद् व्यवहारतः संग्रहः समस्तसत्समूहोपदर्शकत्वाद्बहु-विषयः । ४९ । वर्तमानविषयादृजुसूत्राद्व्यवहारस्त्रिकालविषयावलम्बि-त्वादनल्पार्थः । ५० । कालादिभेदेन भिन्नार्थोपदर्शिनः शब्दादृजुसू-त्रस्तद्विपरीतवेदकत्वान्महार्थः । ५१ । प्रतिपर्यायशब्दमर्थभेदमभी-

---

( जलाहरणादिक ) विशिष्ट चेष्टाविनानो घटादिक पदार्थ घटशब्द-वाची नथीज, केमके पटनीपेठे घटशब्दनी प्रवृत्तिना निमित्तभूत एवी क्रियाविनानो ते छे. इत्यादि. । ४६ । तेउमांथी पेहेला चार अर्थनि-रूपणमां समर्थ होवाथी अर्थनयो छे, अने बाकीना त्रण शब्दवा-च्यअर्थपणायें करीने शब्दनयो छे. तेउमांथी पूर्वपूर्व नय महाविष-यवालो छे, तथा उत्तरोत्तर नय परिमितविषयवालो छे. । ४७ । स-न्मात्रना विषयवाला संग्रहनयथी नैगमनय छे ते, भावाऽभावना स्था-नकरूप होवाथी महाविषयवालो छे. । ४८ । सद्विशेषने प्रकाशनारा व्यवहारनयथी, संग्रह नय छे ते, सर्व सत्समूहने देखाम्नार होवाथी महाविषयवालो छे. । ४९ । वर्तमानकालना विषयवाला रुजुसूत्रन-यथी व्यवहारनय छे ते, त्रिकालिकविषयोना अवलंबनवालो होवाथी महाविषयवालो छे. । ५० । कालादिकना भेदवमे भिन्न अर्थने दे-खाम्नारा शब्दनयथी रुजुसूत्र नय छे ते, तेथी विपरीत जणावनारो होवाथी महाविषयवालो छे. । ५१ । दरेक पर्यायशब्दप्रते अर्थभेदने

प्सतः समभिरूढाच्छब्दस्तद्विपर्ययानुयायित्वात्प्रभूतविषयः । ५२ । प्रतिक्रियं विभिन्नमर्थंप्रतिजानानादेवंभूतात्समभिरूढस्तदन्यथास्थापकत्वान्महागोचरः । ५३ । नयवाक्यमपि स्वविषये प्रवर्तमानं विधिप्रतिषेधाभ्यां सप्तभङ्गीमनुव्रजतीति । विशेषार्थिना नयानां नामान्वर्थविशेषलक्षणाक्षेपपरिहारादिचर्चस्तु भाष्यमहोदधिगन्धहस्तिटीकान्यायावतारादिग्रन्थेभ्यो निरीक्षणीयः । ५४ । प्रमाणं तु सम्यगर्थनिर्णयलक्षणं सर्वनयात्मकं स्याच्छब्दलाञ्छितानां नयानामेव प्रमाणव्यपदेशभाक्त्वात्। तथा च श्रीविमलनाथस्तवे समन्तभद्रः ॥ नयास्तव स्यात्पदलाञ्छना इमे । रसोपविद्धा इव लोहधातवः ॥ भवंत्यभिप्रेतफला यतस्ततो । भवन्तमार्याः प्रणता हितैषिणः ॥ इति । ५५ । तच्च द्विविधं । प्रत्यक्ष

---

इच्छता एवा समभिरूढनयथी शब्दनय छे ते, तेथी विपरीत होवाथी महाविषयवालो छे. । ५२ । दरेक क्रियाप्रते भिन्न अर्थने स्वीकारता एवा एवंभूतनयथी समभिरूढनय छे ते, तेथी अन्यथाप्रकारे स्थापन करनार होवाथी महाविषयवालो छे. । ५३ । नयवाक्य पण पोताना विषयमां प्रवर्ततुं थकुं विधिनिषेधे करीने सप्तभंगीने अनुसरे छे. आ नयोसंबंधि विशेष माहेती मेलववाना अर्थीए, तेउना नामने अनुसारे विशेष लक्षण आक्षेपपरिहारादिकनी चर्चा भाष्यमहोदधिगंधहस्तिटीका तथा न्यायावतार आदिक ग्रंथोथी जोइ लेवी. । ५४ । सम्यक्प्रकारे पदार्थना निर्णयरूप छे लक्षण जेनुं, एवुं जे प्रमाण, ते सर्वनयात्मक छे; केमके स्यात् शब्दे करीने युक्त एवा नयो प्रमाणना व्यपदेशने भजे छे. श्री विमलनाथप्रभुनी स्तुतिमां श्री समंतभद्रमहाराज पण कहे छे के ॥ हे प्रभु ! स्यात्पदे करीने युक्त एवा आपना आ नयो, रसोपविद्ध लोहधातुउनी पेठे इच्छित फलोने आपनारा थाय छे, अने तेटलामाटे हितेच्छु उत्तम माणसो आपने नमेला छे. ॥

परोक्षं च । तत्र प्रत्यक्षं द्विधा । सांव्यवहारिकं पारमार्थिकं च । सांव्यवहारिकं द्विविधमिन्द्रियाऽनिन्द्रियनिमित्तभेदात् । तद्द्वितयमवग्रहेहावायधारणाभेदादेकैकशश्चतुर्विकल्पं । अवग्रहादीनां स्वरूपं सुप्रतीतत्वान्न प्रतन्यते । ५६ । पारमार्थिकं पुनरुत्पत्तावात्ममात्रापेक्षं । तद् द्विविधं । क्षायोपशमिकं क्षायिकं च । आद्यं अवधिमनःपर्यायभेदाद द्विधा । क्षायिकं तु केवलज्ञानमिति । ५७ । परोक्षं च स्मृतिप्रत्यभिज्ञानोहाऽनुमानागमभेदात्पञ्चप्रकारं । तत्र संस्कारप्रबोधसम्भूतमनुभूतार्थविषयं तदित्याकारं वेदनं स्मृतिः । तत्तीर्थकरबिम्बमिति यथा ।५८। अनुभवस्मृतिहेतुकं तिर्यगूर्ध्वतासामान्यादिगोचरं संकलनात्मकं ज्ञानं

---

। ५५ । हवे ते प्रमाण बे प्रकारनुं छे, एक प्रत्यक्ष अने बीजुं परोक्ष. तेमां प्रत्यक्ष बे प्रकारनुं छे, एक सांव्यवहारिक अने बीजुं पारमार्थिक. तेमां सांव्यवहारिक इंद्रियनिमित्तवालुं अने अनिंद्रियनिमित्तवालुं एम बे प्रकारनुं छे. ते बन्ने अवग्रह, ईहा, अवाय अने धारणाना भेदथी अकेका चार प्रकारनां छे. ते अवग्रहादिकोनुं स्वरूप प्रसिद्ध होवाथी तेनो विस्तार कर्यो नथी. । ५६ । हवे पारमार्थिक प्रत्यक्ष छे ते, उत्पत्तिमां आत्ममात्रनी अपेक्षावालुं छे, अने ते बे प्रकारनुं छे. एक क्षायोपशमिक अने बीजुं क्षायिक. तेमां पेहेलुं क्षायोपशमिक अवधि अने मनःपर्यायना भेदथी बे प्रकारनुं छे; अने क्षायिक एटले केवलज्ञान. । ५७ । वली परोक्षप्रमाण छे ते, स्मृति, प्रत्यभिज्ञा, ऊहा, अनुमान अने आगमना भेदथी पांच प्रकारनुं छे. तेमां संस्कारना प्रबोधथी उत्पन्न थयेलुं, अनुभवेला अर्थना विषयवालुं तथा आ ते छे, एवीरीतना आकारवालुं जे ज्ञान, ते स्मृतिपरोक्ष छे; जेम ते तीर्थकरनुं बिंब छे. । ५८ । अनुभवस्मृतिना हेतुवालुं, तथा तिर्यक्सामान्य अने उर्ध्वसामान्यआदिकना विषयवालुं एवुं संकलनात्मक

प्रत्यभिज्ञानं । यथा तज्जातीय एवायं गोपिण्डो गोसदृशो गवयः । स एवायं जिनदत्त इत्यादिः । ५९ । उपलम्भाऽनुपलम्भसम्भवं त्रिकालीकलितसाध्यसाधनसम्बन्धाद्यालम्बनमिदमस्मिन् सत्येव भवतीत्याद्याकारं संवेदनमूहस्तर्काऽपरपर्यायः । यथा यावान् कश्चिध्धूमः स सर्वो वह्नौ सत्येव भवतीति । तस्मिन्नसत्यसौ न भवत्येवेति वा । ६० । अनुमानं द्विधा । स्वार्थं परार्थं च । तत्राऽन्यथाऽनुपपत्त्येकलक्षणहेतुग्रहणसंबन्धस्मरणकारणकं साध्यविज्ञानं स्वार्थं । पक्षहेतुवचनात्मकं परार्थमनुमानमुपचारात् । ६१ । आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः । उपचारादाप्तवचनं चेति । स्मृत्यादीनां च विशेषस्वरूपं स्याद्वादरत्नाकरात् साक्षेपपरिहारं ज्ञेयमिति । ६२ । प्रमाणान्तराणां पुनरर्थापत्त्युपमानस-

---

जे ज्ञान, ते प्रत्यभिज्ञानपरोक्ष छे; जेम तेज जातिनो आ गोपिंड तथा गोसरखो गवय छे, तथा आ तेज जिनदत्त छे, इत्यादि. । ५९ । उपलंभ अनुपलंभथी उत्पन्न थयेलुं, तथा त्रिकालयुक्त साध्यसाधनना संबंधादिकना आलंबनवालुं, तथा आ होते छतेज आ थाय छे, इत्यादिक आकारवालुं जे ज्ञान, ते ऊह कहेवाय छे, के जेनुं बीजुं नाम तर्क छे; जेमके, आ आटलोबधो जे कोइक धुंवाडो छे, ते सघलो अग्नि होते छतेज थाय छे, अथवा ते न होते छते आ नज थाय. । ६० । हवे अनुमानपरोक्ष बे प्रकारनुं छे, एक स्वार्थ अने बीजुं परार्थ. तेमां अन्यथाप्रकारे अप्राप्तिरूप एक लक्षणवाला हेतुना ग्रहणना संबंधना स्मरणना कारणवालुं जे साध्यविज्ञान ते स्वार्थानुमान छे, अने उपचारथी पक्षहेतुवचनरूप परार्थानुमान छे. । ६१ । यथार्थवक्ताना वचनथी प्रगट थयेलुं जे पदार्थविज्ञान, ते आगमपरोक्ष छे, अने उपचारथी आप्तना वचनने पण जाणवुं. वली ते स्मृति आदिकोनुं विशेष स्वरूप स्याद्वादरत्नाकरथी आक्षेपपरिहार सहित

भ्नवप्रातिन्नैतिह्यादीनामत्रैवान्तर्नावः । सन्निकर्षादीनां तु जमत्वादेव न प्रामाण्यमिति । तदेवंविधेन नयप्रमाणोपन्यासेन डर्नयमार्गस्त्वया खिली-कृत इति काव्यार्थः ॥

। ६३ । इदानीं सप्तद्वीपसमुड्मात्रो लोक इति वावदूकानां तन्मा-त्रलोके परिमितानामेव सत्त्वानां सम्नवात् परिमितात्मवादिनां दोषद-र्शनमुखेन नगवत्प्रणीतं जीवाऽनन्त्यवादं निर्दोषतयाऽन्निष्टुवन्नाह ।

**मुक्तोऽपि वाऽन्येतु नवं नवो वा ।**
**नवस्थशून्योऽस्तु मितात्मवादे ॥**
***षड्जीवकायं त्वमनन्तसंख्य–***
**माख्यस्तथा नाथ यथा न दोषः ॥ २ए ॥**

संख्याता आत्माउने स्वीकारवारूप वादमां, मुक्त थयेलो जीव पण संसारमां आववो जोइये; अथवा कांतो आ संसार ठे ते, संसारी जीवोथी रहित थवो जोइये; परंतु हे प्रनु ! आपे तो जेम कंइ दोष

---

जाणी लेवुं. । ६२ । वली अर्थापत्ति, उपमान, संनव, प्रातिन्न तथा ऐतिही आदिक बीजां प्रमाणोनो पण आनीअंदरज समावेश थाय ठे; अने सन्निकर्षादिकोने तो जमपणुंज होवाथी प्रमाणपणुं नथी. माटे (हे प्रनु!) एवीरीतना नय अने प्रमाणोना स्थापनवमे आपे डर्नयमार्गने अटकाव्यो ठे, एवीरीते अठावीसमा काव्यनो अर्थ जाणवो.

। ६३ । हवे 'आ लोक फक्त सात द्वीपो अने सात समुड़ो जेटलोज ठे' अने तेटला लोकमां तो फक्त परिमित प्राणीउज संनवी शके ठे, तेथी तेवा वाचाल परिमितवादीउना दोषदर्शनद्वाराए करीने, प्रनुए रचेला अनंता जीवोना मतने निर्दोषपणावमे स्तवतायका कहे ठे.

न आवे, तेवीरीते अनंतसंख्यावाळो ड प्रकारना जीवोनो समूह कहेलो छे. ॥ २ए ॥

---

। १ । मितात्मवादे संख्यातानामात्मनामभ्युपगमे दूषणद्वयमुपतिष्ठते । तत्क्रमेण दर्शयति । मुक्तोऽपि वाऽभ्येतु नवमिति । मुक्तो निर्वृतिप्राप्तः सोऽपि वा (अपिर्विस्मये) (वा शब्द उत्तरदोषापेक्षया समुच्चयार्थः । यथा देवो वा दानवो वेति ) नवमभ्येतु संसारमभ्यागच्छतु । इत्येको दोषप्रसङ्गः । नवो वा नवस्थशून्योऽस्तु । नवः संसारः । स वा नवस्थशून्यः । संसारिजीवैर्विरहितोऽस्तु नवतु । इति द्वितीयो दोषप्रसङ्गः । २ । इदमत्राकूतं । यदि परिमिता एवात्मानो मन्यन्ते तदा तत्त्वज्ञानाऽभ्यासप्रकर्षादिक्रमेणापवर्गं गच्छत्सु तेषु संनाव्यते खलु कश्चित्कालो यत्र तेषां सर्वेषां निर्वृतिः । कालस्याऽनादिनिधनत्वादात्मनां च परिमितत्वात् । संसारस्य रिक्तता नवन्ती केन

---

। १ । मितात्मवादमां एटले संख्याता आत्माउ स्वीकारते उते बे दूषणो आवे छे, ते अनुक्रमे देखाडे छे. मोक्षने प्राप्त थयेलो जे जीव छे, ते पण संसारमां आववो जोइये, ए पहेला दोषनो प्रसंग जाणवो. (अहीं 'अपि' विस्मयअर्थमां छे) (तथा 'वा' शब्द उत्तरदोषनी अपेक्षाये समुच्चयार्थमां छे; जेम 'देव अथवा दानव') अथवा तो नव एटले जे संसार, ते संसारी जीवोथी रहित थइ जाय, ए बीजो दोषनो प्रसंग जाणवो. । २ । अहीं नावार्थ ए जाणवो के, ज्यारे आत्माउने एटले जीवोने परिमितज मानवामां आवे, त्यारे तत्वज्ञानना अति अभ्यासना क्रमवडे ते जीवो मोक्षमां जाते उते, एवो पण कोइक काळ आवशे, के जे काळे ते सर्व जीवोनी निवृत्ति थशे, केमके काळ तो अनादिअनंत छे, अने जीवोनी संख्या तो परिमित छे;

वार्यतां । ३ । समुन्नीयते हि प्रतिनियतसलिलपटलपरिपूरिते सरसि पवनतपनातपनजनोदञ्चनादिना कालान्तरे रिक्तता । न चायमर्थः प्रामाणिकस्य कस्यचित्प्रसिद्धः । संसारस्य स्वरूपहानिप्रसङ्गात् । ४ । तत्स्वरूपं ह्येतद्यत्र कर्मवशवर्त्तिनः प्राणिनः संसरन्ति समासार्षुः संसरिष्यन्ति चेति । सर्वेषां च निर्वृतत्वे संसारस्य वा रिक्तत्वं हठादभ्युपगन्तव्यं । मुक्तैर्वा पुनर्भवे आगन्तव्यं । न च क्षीणकर्मणां भवाधिकारः । =॥ दग्धे बीजे यथाऽत्यन्तं । प्रादुर्भवति नाङ्कुरः ॥ कर्मबीजे तथा दग्धे । न रोहति भवाङ्कुरः ॥= इति वचनात् ।५। आह च पतञ्जलिः " सति मूले तद्विपाको जात्यायुर्भोगा " इति । एतट्टीका

---

माटे एवीरीते थतुं एवुं संसारनुं रिक्तपणुं कोण अटकावी शके तेम छे? । ३ । कारणके अमुक मापवाला जलसमूहथी भरेला तलावमांथी वायु, सूर्यनो तमको तथा माणसोना भरवाआदिकवमे, ते तलाव खाली थइज जाय छे. वली आ बाबतने कोइ पण प्रामाणिक माणस स्वीकारे नही, केमके तेथी संसारने स्वरूपहानिनो प्रसंग आवे छे; । ४ । केमके ते संसारनुं स्वरूप तो ए छे के, जेमां कर्मोने वश थयेला प्राणीउ संसरे छे, संसर्या छे अने संसरशे, ते संसार कहेवाय, अने सघलाउनी ज्यारे निवृत्ति थाय, त्यारे पराणे संसारनुं रिक्तपणुं स्वीकारवुं पमशे, अने कांतो मुक्त थयेलाउने फरीने संसारमां आववुं पमशे ! ! परंतु जेउनां कर्मो क्षीण थयां छे, तेउने तो संसारमां फरीने आववानो अधिकार नथी. कह्युं छे के =॥ जेम बीज अत्यंत बली जाते छते अंकुरो उत्पन्न थतो नथी, तेम कर्मरूपी बीज बलीजाते छते संसाररूपी अंकुरो उगतो नथी. ॥= । ५ । पतंजलि पण कहे छे के " मूल होते छते तेना विपाकरूप जाति, आयु तथा भोग थाय छे. " तेनी टीकानो भावार्थ ए छे के, " क्लेशो होते छते कर्मा-

श्च " सत्सु क्लेशेषु कर्माशयो विपाकारम्भी भवति । नोच्छिन्नक्लेशमूलः । यथा तुषावनद्धाः शालितण्डुला अदग्धबीजभावाः प्ररोहणसमर्था भवन्ति । नाऽपनीततुषा दग्धबीजभावाः । तथा क्लेशावनद्धः कर्माशयो विपाकप्ररोही भवति । नाऽपनीतक्लेशो न दग्धबीजभावो वेति । स च विपाकस्त्रिविधो जातिरायुर्भोग इति " । ६ । अक्षपादोऽप्याह । " न प्रवृत्तिः प्रतिसंधानाय हीनक्लेशस्येति " । एवं विभङ्गज्ञानिशिवराजर्षिमतानुसारिणो दूषयित्वोत्तरार्द्धेन भगवद्रूपज्ञमपरिमितात्मवादं निर्दोषतया स्तौति । षड्जीवेत्यादि । ७ । त्वं तु हे नाथ अनन्तसंख्यं अनन्ताख्यसंख्याविशेषयुक्तं । षड्जीवकायं । अजीवन् जीवन्ति जीविष्यन्ति चेति जीवाः । इन्द्रियादिज्ञानादिद्रव्यभावप्राणधारणयुक्तास्तेषां " संव

---

शय विपाकना आरंभवालो थाय छे, परंतु क्लेशरूप मूल छेदायाबाद थतो नथी. जेम फोतरांवाला सालना चोखा, के जेउमांथी बीजपणुं दग्ध थयुं नथी, तेउ उगवाने समर्थ थाय छे, परंतु फोतरां उखेडी लीधेला चोखा, के जेउमांथी बीजपणुं दग्ध थयुं छे, तेउ उगवाने समर्थ थता नथी; तेम क्लेशयुक्त थयेलो कर्माशय विपाकना प्ररोहवालो थाय छे, परंतु क्लेशरहित अथवा दग्ध थयेल छे बीजपणुं जेमांथी एवो कर्माशय विपाकना प्ररोहवालो थतो नथी; अने ते विपाक जाति, आयु अने भोगरूप त्रण प्रकारनो छे. । ६ । अक्षपाद पण एम कहे छे के " क्लेशरहितनी प्रवृत्ति प्रतिसंधानमाटे होती नथी. " एवीरीते विभंगज्ञानवाला शिवराजर्षिना मतने अनुसरनाराउनुं खंडन करीने, उत्तरार्द्धवडे प्रभुए कहेला अपरिमितात्मवादनी स्तुति करे छे. । ७ । हे प्रभु ! आपे तो अनंत नामनी संख्याविशेषवाला षड्जीवकायने कहेलो छे. जेउ जीव्या छे, जीवे छे अने जीवशे, ते जीवो कहेवाय; अर्थात् इंद्रियआदिक द्रव्यप्राणोने धारनारा, तथा ज्ञानादिक भाव-

वानूर्ध्वे " इति चिनोतेर्घञि आदेश्च कत्वे कायः समूहो जीवकायः। पृथिव्यादिषण्णां जीवकायानां समाहारः षड्जीवकायं (पात्रादिदर्शना-न्नपुंसकत्वं)।८। अथवा षण्णां जीवानां कायः प्रत्येकं संघातः षड्जीवकायस्तं षड्जीवकायं। पृथिव्यप्तेजोवायुवनस्पतित्रसलक्षणषड्जीवनिकायं। तथा तेन प्रकारेण आख्यः मर्यादया प्ररूपितवान्। यथा येन प्रकारेण न दोषो दूषणमिति। (जात्यपेक्षमेकवचनं) प्रागुक्तदोषद्वयजातीया अन्येऽपि दोषा यथा न प्राङःप्यन्ति तथा त्वं जीवानन्त्यमुपदिष्टवानित्यर्थः।९। 'आख्यः' इति आङ्पूर्वस्य ख्यातेरङि सिद्धिः। त्वमित्येकवचनं चेदं ज्ञा-पयति यज्जगद्गुरोरेवैकस्येदृक्प्ररूपणसामर्थ्यं। न तीर्थान्तरशास्तृणा-मिति।१०। पृथिव्यादीनां पुनर्जीवत्वमित्थं साधनीयं। यथा सात्मिका

---

प्राणोने धारनारा जीवो. "संघेवानूर्ध्वे" ए सूत्रवडे 'चिनोतिने' घञ् होते छते "आदेश्च" एवडे कत्व थवाथी 'काय' शब्द थयो छे. जीवोनो काय एटले जे समूह, ते जीवकाय कहेवाय. पृथ्वीआदिक छ प्रकारना जीवोना समूहनो जे समाहार, ते षड्जीवकाय कहेवाय. (पात्रादिकदर्शनथी नपुंसकपणुं छे.)। ८। अथवा छ प्रकारना जी-वोनो दरेकनो जे समूह ते षड्जीवकाय, तेवा षड्जीकायने एटले पृथ्वी, अप्, तेज, वायु, वनस्पति अने त्रस लक्षणवाला षड्जीवनिकायने, हे प्रभु! आपे तेवीरीते मर्यादापूर्वक प्ररूप्यो छे के, जेथी तेमां दूषण आवतुं नथी. (अहीं जातिनी अपेक्षाये एक वचन छे) अर्थात् पूर्वे कहेला बे दोषो जेवा बीजा पण दोषो जेम तेने दूषित करे नही, तेवी रीते आपे जीवोनुं अनंतपणुं उपदेशेलुं छे. ।९। 'आख्यः' ए आङ्पूर्व ख्यातिने अङ् होते छते सिद्ध थाय छे. त्वं ए एक वचन एवुं जणावे छे के, एक एवा जगत्ना स्वामी जिनेश्वरप्रभुनेज आवीरीतना प्ररूपणमां समर्थपणुं छे, पण बीजा दर्शनोना शास्तारोने तेवुं समर्थ-

विद्रुमशिलादिरूपा पृथिवी छेदे समानधातूत्थानादर्शोऽङ्कुरवत्[1]। भौममम्भोऽपि सात्मकं क्षतभूसजातीयस्य स्वभावस्य सम्भवात् शालूरवत्। अन्तरिक्षमपि सात्मकं अभ्रादिविकारे स्वतःसम्भूय पातात् मत्स्यादिवत्। तेजोऽपि सात्मकं आहारोपादानेन वृद्ध्यादिविकारोपलम्भात् पुरुषाङ्गवत्। वायुरपि सात्मकः अपरप्रेरितत्वे तिर्यग्गतिमत्त्वाद्गोवत्। वनस्पतिरपि सात्मकः छेदादिभिर्म्लान्यादिदर्शनात् पुरुषाङ्गवत्। केषांचित् स्वापांगनोपश्लेषादिविकाराच्च ।११। अपकर्षतश्चैतन्याद्वा सर्वेषां सात्मकत्वसिद्धिराप्तवचनाच्च। त्रसेषु च कृमिपिपीलिकाभ्रमरमनुष्यादिषु न केषांचित्सात्मकत्वे विगानमिति। यथा च भगवदुपज्ञे

---

पणुं नथी. । १० । हवे पृथ्वीआदिकमां जीवपणुं नीचेप्रमाणे साधवुं. जेमके, परवालां तथा पत्थररूप पृथ्वी जीववाली छे, केमके ते अर्शांकुरोनीपेठे समानधातुना उत्थानवाली छे. पृथ्वीसंबंधी पाणी पण जीववालुं छे, केमके ते शालूरनीपेठे खणेली पृथ्वीसरखा स्वभावना संभववालुं छे. अंतरिक्ष जल पण जीववालुं छे, केमके ते वादलांआदिकोनो विकार होते छते मत्स्यादिकनीपेठे पोतानीमेले उत्पन्न थइने पडे छे. तेज पण जीववालुं छे, केमके तेमां पुरुषांगनीपेठे आहारना उपादानवडे वृद्धिआदिकनो विकार थाय छे. वायु पण जीववालो छे, केमके ते बीजाथी प्रेराते छते बलदनीपेठे तिर्छी गतिवालो थाय छे. वनस्पति पण जीववाली छे, केमके तेमां पुरुषांगनीपेठे छेदादिकोवडे म्लानिआदिक देखाय छे; तेमज केटलीक वनस्पतिउमां निद्रा तथा स्त्रीना आलिंगन आदिकथी विकार थतो देखाय छे । ११ । अपकर्षथी अथवा चैतन्यथी अने आप्तवचनथी सर्वना सात्मकपणानी सिद्धि थाय छे. वली कीडा, कीडी भमरा तथा मनुष्यादिक त्रसोना सात्म-

---

१ । दर्भांकुरवत्। इति द्वितीयपुस्तकपाठः ॥

जीवाऽनन्त्ये न दोषस्तथा दिग्मात्रं भाव्यते । १२ । भगवन्मते हि षण्णां जीवनिकायानामेतदल्पबहुत्वं । सर्वस्तोकास्त्रसकायिकास्तेभ्योऽसंख्यातगुणास्तेजःकायिकास्तेभ्यो विशेषाधिका पृथिवीकायिकास्तेभ्यो विशेषाधिका अप्कायिकास्तेभ्यो विशेषाधिका वायुकायिकास्तेभ्योऽनन्तगुणाः वनस्पतिकायिकास्ते च व्यावहारिका अव्यावहारिकाश्च । १३ । ॥=॥ [1]गोलाय असंखिज्जा । असंखनिग्गोयगोलउ भणिउ ॥ इक्किक्कंमि निगोए । अणन्तजीवा मुणेयव्वा ॥=॥ सिज्झंति जत्तिया खलु । इहसंववहारजीवरासिउ ॥ इंति अणाइवणस्सइ–रासीउ तत्तिआ तंमि ॥ इति वचनात् । १४ । यावन्तश्च यतो गच्छन्ति मुक्तिं जीवास्तावन्तोऽनादिनि-

---

कपणामां कोइने पण संदेहजेवुं नथी. वली प्रभुए कहेला जीवोना अनंतपणामां जे कंइ पण दोष नथी, ते दिग्मात्र कहीये छीये. ।१२। प्रभुना मतमां छए जीवनिकायोनुं अल्पबहुपणुं नीचेप्रमाणे छे. सर्वथी थोडा त्रसकायो छे, तेउथी असंख्यातगुणा तेजस्कायो छे, तेउथी विशेषअधिक पृथ्वीकायो छे, तेउथी विशेषाधिक अप्कायो छे, तेउथी विशेष अधिक वायुकायो छे, अने तेउथी अनंतगुणा वनस्पतिकायो छे, तेम वली तेउना व्यवहारराशिवाला अने अव्यवहारराशिवाला एम बे भेदो छे. कह्युं छे के =॥ असंख्याता गोलाउ छे, अने तेउमां असंख्याता निगोदना गोलाउ कहेला छे; अने ते एकेक निगोदमां अनंता जीवो जाणवा. ॥=॥ अहीं संव्यवहारराशिमांथी जेटला जीवो मोक्षे जाय छे, तेटला अनादिवनस्पतिराशिमांथी तेमां आवे छे. ॥= । १४ । जेमांथी जेटला जीवो मोक्षे जाय छे, तेटला अनादिनिगोदव-

---

१ गोलाश्च असंख्याताः । असंख्यनिगोदगोलाः भणिताः ॥ एकैकस्मिन् निगोदे । अनंतजीवाः ज्ञातव्याः ॥= सिध्यन्ति यावंतः खलु । इह संव्यवहारजीवराशितः ॥ आयांति अनादिवनस्पति-राशितः तावंतः तस्मिन् ॥ इतिच्छाया ॥

गोदवनस्पतिराशेस्तत्रागच्छन्ति । न च तावता तस्य काचित्परिहाणि-र्निगोदजीवाऽनन्त्यस्याऽक्षयत्वात् । निगोदस्वरूपं च समयसागरादवग-न्तव्यं । १५ । अनाद्यनन्तेऽपि काले ये केचिन्निर्वृता निर्वान्ति निर्वा-स्यन्ति च ते निगोदानामनन्तभागेऽपि न वर्त्तन्ते नाऽवर्तिषत न वर्त्स्य-न्ति । ततश्च कथं मुक्तानां भवागमनप्रसङ्गः । कथं च संसारस्य रिक्त-ताप्रसक्तिरिति । अभिप्रेतं चैतदन्ययूथ्यानामपि । यथा चोक्तं वा-र्त्तिककारेण । १६ । =॥ अत एव विशुद्धत्सु । मुच्यमानेषु सन्ततम् । ब्रह्मांडलोकजीवानामनन्तत्वादशून्यता ॥ अन्त्यन्यूनातिरिक्तत्वै–र्यु-ज्यते परिमाणवत् ॥ वस्तुन्यपरिमेये तु । नूनं तेषामसम्भवः ॥ इति काव्यार्थः ॥

---

नस्पतिराशिमांथी तेमां आवे छे, अने तेथी तेनो कंइ पण घटाडो थतो नथी, केमके निगोदजीवोनुं अनंतपणुं अक्षय छे; वली ते निगोदनुं स्वरूप समयसागरथी जाणी लेवुं. । १५ । अनादि-अनंतकालमां पण जे केटलाको मोक्ष गया छे, मोक्षे जाय छे अने मोक्षे जशे, तेउ निगोदोना अनंतमे भागे पण नथी, नहोता अने नहीं होशे, अने तेथी मुक्तोने फरीने आ संसारमां आववानो प्रसंग क्यांथी थशे? तेम संसारने रिक्तपणानो प्रसंग पण क्यांथी थशे? वली आ-वीजरीते बीजा अन्यदर्शनीउए पण स्वीकार्युं छे. तेवीजरीते वार्तिक-कारे पण कह्युं छे के–। १६ । =॥ आथी करीनेज विशुद्ध आत्माउ हमेशां मोक्षे जाते छते, ब्रह्मांडलोकना जीवो अनंता होवाथी रिक्त-पणुं थतुं नथी. ॥=॥ अंत्य, न्यून अने अतिरिक्तपणावडे परिमाण-वालुं घटे छे; परंतु अपरिमेय पदार्थमां तो तेउनो संभव होतो नथी. =॥ एवीरीते उगणत्रीसमा काव्यनो अर्थ जाणवो. ॥

। १७ । अधुना परदर्शनानां परस्परविरुद्धार्थसमर्थकतया मत्सरित्वं प्रकाशयन् सर्वज्ञोपज्ञसिद्धान्तस्याऽन्योऽन्याऽनुगतसर्वनयमयतया मात्सर्याऽभावमाविर्भावयति ।

**अन्योऽन्यपक्षप्रतिपक्षभावात् ।**
**यथा परे मत्सरिणः प्रवादाः ॥**
**नयानशेषानविशेषमिच्छन् ।**
**न पक्षपाती समयस्तथा ते ॥ ३० ॥**

परस्पर पक्षप्रतिपक्षना भावथी जेम बीजां दर्शनो मत्सरी होवाथी ( पक्षपाती ) छे, तेम सर्व नयोने अविशेषपणे इच्छतुं एवुं आपनुं आगम पक्षपाती नथी. ॥ ३० ॥

---

। १ । प्रकर्षेणोच्यते प्रतिपाद्यते स्वाऽभ्युपगतोऽर्थो यैरिति प्रवादाः । यथा येन प्रकारेण परे भवच्छासनादन्ये प्रवादा दर्शनानि मत्सरिणः । अतिशायने मत्वर्थीयविधानात्सातिशयाऽसहनताशालिनः[1] ।

---

। १७ । हवे अन्यदर्शनीओनुं परस्पर विरुद्ध पदार्थना समर्थनपणाथी मत्सरीपणुं देखाडताथका, सर्वज्ञ प्रभुए कहेला सिद्धांतना, परस्पर लागुपडता एवा सर्वनयमयपणायें करीने, मात्सर्यना अभावने प्रगट करे छे.

। १ । पोते स्वीकारेलो अर्थ प्रकर्षवडे जेओ प्रतिपादन करे, तेओ प्रवादो कहेवाय. हे प्रभु ! जे प्रकारवडे आपना शासनथी अन्य, एवां दर्शनो मत्सरवालां छे ( तेवुं आपनुं शासन मत्सरी नथी, एवो संबंध जाणवो. ) अतिशयार्थमां मत्वर्थीय करवाथी, अतिशयपणावडे असहनतावालां, एटले क्रोधरूप कषाये करीने मलीन अंतःकरणवालां

---

१ । सातिशया अमत्सरशालिनः । इति द्वितीयपुस्तकपाठः ॥

क्रोधकषायकलुषितान्तःकरणाः सन्तः पक्षपातिनः । इतरपक्षतिरस्कारेण स्वकक्षीकृतपक्षव्यवस्थापनप्रवणा वर्तन्ते । २ । कस्माद्धेतोर्मत्सरिण इत्याह । अन्योऽन्यपक्षप्रतिपक्षभावात् । पच्यते व्यक्तीक्रियते साध्यधर्मवैशिष्ट्येन हेत्वादिभिरिति पक्षः । कक्षीकृतधर्मप्रतिष्ठापनाय साधनोपन्यासः । तस्य प्रतिकूलः पक्षः प्रतिपक्षः । पक्षस्य प्रतिपक्षो विरोधी पक्षस्तस्य भावः पक्षप्रतिपक्षभावः । अन्योऽन्यं परस्परं यः पक्षप्रतिपक्षभावः पक्षप्रतिपक्षत्वं अन्योऽन्यपक्षप्रतिपक्षभावस्तस्मात् तथा हि । ३ । य एव मीमांसकानां नित्यः शब्द इति पक्षः । स एव च सौगतानां प्रतिपक्षस्तन्मते शब्दस्याऽनित्यत्वात् । य एव सौगतानां अनित्यः शब्द इति पक्षः । स एव मीमांसकानां प्रतिपक्षः । एवं सर्वप्रयोगेषु योज्यं । ४ । तथा तेन प्रकारेण ते तव । सम्यक् एति गच्छति

---

थयां थकां ते परदर्शनो पक्षपाती छे; अर्थात् तेओ बीजा पक्षोना तिरस्कारे करीने, फक्त पोते स्वीकारेला पक्षनेज स्थापवामां तत्पर होय छे. । २ । हवे ते अन्यदर्शनो शामाटे मत्सरवाला होय छे? ते कहे छे. परस्पर पक्षप्रतिपक्षना भावथी. साध्यधर्मना विशिष्टपणायें करीने हेतुआदिकोवडे जे प्रगट कराय, ते पक्ष कहेवाय, अर्थात् स्वीकारेला धर्मने स्थापवामाटे साधननो उपन्यास. हवे तेनो जे प्रतिकूल पक्ष ते प्रतिपक्ष कहेवाय, अर्थात् पक्षनो प्रतिपक्षी एटले विरोधीपक्ष, अने तेनो जे भाव ते पक्षप्रतिपक्षभाव कहेवाय; अने जे परस्पर पक्षप्रतिपक्षनो भाव ते अन्योऽन्यपक्षप्रतिपक्षभाव कहेवाय; तेथी. ते कहे छे. । ३ । 'शब्द नित्य छे' एवो मीमांसकोनो जे पक्ष छे, तेज बौद्धोनो प्रतिपक्ष छे, केमके तेओना मतमां शब्दने अनित्यपणुं छे; अने 'शब्द अनित्य छे' एवो बौद्धोनो जे पक्ष छे, तेज मीमांसकोनो प्रतिपक्ष छे. एवीज रीते सर्व प्रयोगोमां जोडी लेवुं. । ४ । (हवे जेवी

शब्दोऽर्थमनेनेति "पुन्नाम्नि घे" समयः संकेतः। यद्वा सम्यगवैपरीत्येनेयन्ते ज्ञायन्ते जीवाऽजीवाद्योऽर्था अनेनेति समयः सिध्धान्तः। अथवा सम्यगयन्ते गच्छन्ति जीवाद्यः पदार्थाः स्वस्मिन् रूपे प्रतिष्ठां प्राप्नुवन्ति अस्मिन्निति समय आगमः। न पक्षपाती नैकपक्षानुरागी। ५। पक्षपातित्वस्य कारणं मत्सरित्वं परप्रवादेषूक्तं। त्वत्समयस्य च मत्सरित्वाऽभावान्न पक्षपातित्वं। पक्षपातित्वं हि मत्सरित्वेन व्याप्तं। व्यापकं च निवर्तमानं व्याप्यमपि निवर्तयतीति मत्सरित्वे निवर्तमाने पक्षपातित्वमपि निवर्त्तत इति भावः 'तव समय' इति वाच्यवाचकभावलक्षणे सम्बन्धे षष्ठी। ६। सूत्रापेक्षया गणधरकर्तृकत्वेऽपि सम-

---

रीते ते अन्यदर्शनो मत्सरी छे ) तेवीरीते हे प्रभु! आपनुं समय एटले आगम मत्सरी नथी. जेनावडे सम्यक्प्रकारे शब्द अर्थप्रते जाय, ते 'समय' एटले संकेत कहेवाय. "पुंनाम्निघे" ए सूत्रवडे 'समय' शब्द थयो छे. अथवा सम्यक् एटले विपरीतपणाविना जीवअजीव-आदिक पदार्थो जेनावडे जणाय, ते 'समय' एटले सिद्धांत कहेवाय. अथवा जीवादिक पदार्थो सम्यक्प्रकारे जाय छे, एटले ज्यां निजस्वरूपमां प्रतिष्ठा पामे छे, ते 'समय' एटले आगम कहेवाय. एवुं आपनुं आगम पक्षपाती एटले एक पक्षना अनुरागवालुं नथी. । ५। पक्षपातीपणाना कारणरूप जे मत्सरीपणुं, ते ( उपरमुजब ) अन्यदर्शनोमां कह्युं, परंतु आपना सिद्धांतने तो मत्सरीपणुं न होवाथी, तेने पक्षपातीपणुं नथी; केमके पक्षपातिपणुं तो मत्सरिपणावडे व्याप्त थयेलुं छे, अने व्यापक पोते निवर्तमान थतुं थकुं व्याप्यने पण निवर्तन करे छे, एवीरीते मत्सरिपणुं निवर्तन होते छते, पक्षपातिपणुं पण निवर्तन थाय छे, एवो भावार्थ जाणवो. अहीं 'आपनो सिद्धांत' ए वाच्यवाचकभावरूप संबंधअर्थमां छट्ठी विभक्ति थइ छे. । ६। सि-

यस्यार्थापेक्षया भगवत्कर्तृकत्वाद्वाच्यवाचकभावो न विरुध्यते “ अत्थं भासइ अरहा । सुत्तं गंथन्ति गणहरा निउणं ” इति वचनात् । ७ । अथवा उत्पादव्ययध्रौव्यप्रपञ्चः समयः । तेषां च भगवता साक्षान्मातृकापदरूपतयाऽभिधानात् । तथा चार्षम् “ उप्पन्ने वा विगमे वा धुवेति वा ” इत्यदोषः । ८ । मत्सरित्वाऽभावमेव विशेषणद्वारेण समर्थयति । नयानशेषानविशेषमिच्छन् इति । अशेषान् समस्तान् नयान् नैगमादीन् अविशेषं निर्विशेषं यथा भवत्येवमिच्छन्नाकांक्षन् । नयात्मकत्वादनेकान्तवादस्य । यथा विशकलितानां मुक्तामणीनामेकसूत्राऽनुस्यूतानां हारव्यपदेशः । एवं पृथगभिसन्धीनां नयानां स्याद्वादलक्षणैकसूत्रप्रोतानां श्रुताख्यप्रमाणव्यपदेश इति । ९ । ननु प्रत्येकं नयानां विरु-

---

द्धांतने सूत्रनी अपेक्षाए जोके गणधरकर्त्तापणुं छे, तोपण (तेना) अर्थनी आपेक्षाये भगवत्कर्तापणुं होवाथी, वाच्यवाचकभावमां विरोध आवतो नथी. कह्युं छे के “ अरिहंतो अर्थ कहे छे, अने गणधरो निपुण सूत्रने गुंथे छे. ” । ७ । अथवा उत्पाद, व्यय अने ध्रौव्यरूप जे प्रपंच, ते ‘ समय ’ कहेवाय, केमके ते उत्पादादिकोने भगवाने साक्षात् मातृकापदरूपे कहेला छे. वळी ‘ उत्पन्न थाय छे, नाश पामे छे तथा स्थिर रहे छे ’ एवुं ऋषिवाक्य पण छे; माटे दोषरहित छे. । ८ । प्रभुना सिद्धांतमां मत्सरीपणानो अभावज छे, एवुं हवे विशेषणद्वाराए समर्थन करे छे. समस्त एवा जे नैगमादिक नयो, तेउने अविशेषरीते इच्छतो एवो आपनो सिद्धांत छे, केमके अनेकांतवादने नयात्मकपणुं छे. जेम छुटां मुक्तमणिउने ज्यारे एक दोरामां गुंथवामां आवे, त्यारे जेम तेनुं नाम ‘ हार ’ पडे छे, तेम भिन्नभिन्न रहेला नयोने ज्यारे स्याद्वादरूप एक दोरामां गुंथवामां आवे, त्यारे श्रुतनामनो प्रमाण व्यपदेश थाय छे. । ९ । अहीं कोइ शंका करे

ध्दत्वे कथं समुदितानां निर्विरोधिता । उच्यते । यथा हि समीचीनं मध्यस्थं न्यायनिर्णेतारमासाद्य परस्परं विवदमाना अपि वादिनो विवादाद्विरमन्ति । एवं नया अन्योऽन्यं वैरायमाणा अपि सार्वज्ञं शासनमुपेत्य स्याच्छब्दप्रयोगोपशमितविप्रतिपत्तयः सन्तः परस्परमत्यन्तसुहृद्भूयाऽवतिष्टन्ते । १० । एवं च सर्वनयात्मकत्वे भगवत्समयस्य सर्वदर्शनमयत्वमविरुध्दमेव । नयरूपत्वाद्दर्शनानां । न च वाच्यं तर्हि भगवत्समयस्तेषु कथं नोपलभ्यत इति । समुद्रस्य सर्वसरिन्मयत्वेऽपि विभक्तासु तास्वनुपलम्भात् । ११ । तथा च वक्तृवचनयोरैक्यमध्यवस्य श्रीसिध्दसेनदिवाकरपादाः । =॥ उदधाविव सर्वसिन्धवः । समुदीर्णास्त्वयि नाथ दृष्टयः ॥ न च तासु भवान्प्रदृश्यते । प्रविभक्तासु सरि-

---

के, दरेक नयोमां तो ( परस्पर ) विरोधपणुं छे, तो पछी तेउ एकठा थवाथी विरोधपणुं केम न आवे? तेने माटे कहे छे. जेम उत्तम अने मध्यस्थ एवा न्यायाधीशने पामीने परस्पर विवाद करता एवा पण वादीउ जेम विवादथी विरमे छे, एवीजरीते परस्पर वैर राखता एवा पण नयो सर्वज्ञप्रभुना शासनने पामीने, स्यात् शब्दना प्रयोगथी शांत थयेल छे विवाद जेउनो, एवा थयाथका परस्पर अत्यंत मित्रभाव राखीने रहे छे. । १० । वली एवीरीते प्रभुना सिध्दांतने सर्वनयात्मकपणुं होते छते, सर्वदर्शनमयपणुं विरोधरहित छे, केमके ते सर्व दर्शनोने नयरूपपणुं छे. वली एम नही बोलवुं के, प्रभुनो सिध्दांत त्यारे तेउमां केम उपलब्ध थतो नथी? केमके समुद्रने सर्व नदीउमयपणुं होवा छतां पण भिन्नभिन्न एवी ते नदीउमां ते समुद्र उपलब्ध थतो नथी. । ११ । वली वक्ता अने वचननुं एकपणुं ध्यानमां लेइने पूज्य श्री सिध्दसेनदिवाकरजी महाराज पण कहे छे के =॥ हे प्रभु! समुद्रमां जेम सर्व नदीउ, तेम आपनामां दर्शनो सम्यक् प्रकारे उदीर्ण

त्स्विवोदधिः ॥= । १२ । अन्ये त्वेवमाचक्षते । यथा अन्योऽन्यपक्षप्रतिपक्षभावात्परे प्रवादा मत्सरिणस्तथा तव समयः सर्वनयान्मध्यस्थतयाऽङ्गीकुर्वाणो न मत्सरी । यतः कथं भूतः पक्षपाती पक्षमेकपक्षाभिनिवेशं पातयति तिरस्करोतीति पक्षपाती । अत्र च व्याख्याने न मत्सरीति विधेयपदं पूर्वस्मिंश्च पक्षपातीति विशेषः । अत्र च क्लिष्टाऽक्लिष्टव्याख्यानविवेको विवेकिभिः स्वयं कार्य इति काव्यार्थः ॥

। १३ । इत्थंकारं कतिपयपदार्थविवेचनद्वारेण स्वामिनो यथार्थवादाख्यं गुणमभिष्टुत्य समग्रवचनातिशयव्यावर्णने स्वस्याऽसामर्थ्यं दृष्टान्तपूर्वकमुपदर्शयन् औद्धत्यपरिहाराय भंग्यन्तरतिरोहितस्वाभिधानं प्रकाशयन्निगमनमाह ।

---

थाय छे, परंतु भिन्नभिन्न एवी नदीउमां जेम समुद्र, तेम आप तेउने विषे देखाता नथी. ॥= । १२ । बीजाउ वली आ काव्यनो एवो अर्थ करे छे के, जेम परस्पर पक्षप्रतिपक्षना भावथी बीजां दर्शनो मत्सरी छे, तेम सर्व नयोने मध्यस्थपणावमे अंगीकार करतो एवो आपनो सिद्धांत मत्सरी नथी. केमके, आपनो सिद्धांत केवो छे? तो के, पक्षपाती एटले एक पक्षना अभिनिवेशने तिरस्कार करनारो छे. आ व्याख्यानमां 'न मत्सरी' ए विधेय पद छे, अने पूर्वे 'पक्षपाती' ए विशेष छे. अहीं क्लीष्ट अक्लीष्टनो विचार विवेकीउए पोतानीमेलेज करी लेवो. एवीरीते त्रीसमा काव्यनो अर्थ जाणवो.

। १३ । एवीरीते केटलाक पदार्थोना विवेचनद्वाराए प्रभुना यथार्थवाद नामना गुणने स्तवीने, तेमना सर्व वचनातिशयना वर्णनमां पोतानुं असमर्थपणुं दृष्टांतपूर्वक देखामताथका, तथा उद्धतपणाना परिहारमाटे भंग्यंतरवमे गुप्त गोठवेलां पोताना नामने प्रकाशताथका निगमन कहे छे.

वाग्वैभवं ते निखिलं विवेक्तु-
माशास्महे चेन्महनीयमुख्य ॥
लङ्घेम जङ्घालतया समुद्रं ।
वहेम चन्द्रद्युतिपानतृष्णाम् ॥ ३१ ॥

हे पूज्योमां मुख्य! एवा प्रभु! आपना समस्त एवा वचनवैभवनो विचार करवाने जो अमो इच्छीये, तो जंघालपणाथी अमो समुद्रने पण उल्लंगी जइये! तथा चंद्रनी कांतिने पीवानो अभिलाष करीये!! ॥ ३१ ॥

---

। १ । विभव एव वैभवं ( प्रज्ञादित्वात्स्वार्थेऽण् ) विभोर्भावः कर्म चेति वा वैभवं । वाचां वैभवं वाग्वैभवं वचनसंपत्प्रकर्षं । विभोर्भाव इति पक्षे तु सर्वनयव्यापकत्वं । विभुशब्दस्य व्यापकपर्यायतया रूढत्वात् । ते तव संबन्धिनं निखिलं कृत्स्नं विवेक्तुं विचारयितुं चेद्यदि वयमाशास्महे इच्छामः । २ । हे महनीयमुख्य । महनीयाः पूज्याः पञ्चपरमेष्टिनस्तेषु मुख्यः प्रधानभूतः आद्यत्वात्तस्य संबोधनं । ननु सिद्धेभ्यो हीनगुणत्वादर्हतां कथं वागतिशयशालिनामपि तेषां मुख्यत्वं।

---

। १ । विभव एज वैभव. ( प्रज्ञादि होवाथी स्वार्थमां 'अण्' थयो छे. ) विभुनो जे भाव अथवा कर्म, ते वैभव कहेवाय. वचनोनो जे वैभव ते वाग्वैभव एटले वचनोनी संपदानो प्रकर्ष. 'विभुनो भाव' ए पक्षमां तो, वैभव एटले सर्व नयोनुं व्यापकपणुं जाणवुं. केमके विभु शब्द व्यापकना पर्यायरूपे रुढ छे. एवीरीतना आपना वचनवैभवने संपूर्णरीते अमो जो विचारवाने इच्छीये तो—। २ । हे महनीयमुख्य! महनीय एटले पूज्य एवा जे पंचपरमेष्टिओ, तेओमां पेहेला होवाथी प्रधानभूत एवा हे प्रभु! = अहीं वादी शंका करे छे के, वचनातिश-

न च हीनगुणत्वमसिद्धं । प्रव्रज्याऽवसरे सिद्धेभ्यस्तेषां नमस्कारकरण-श्रवणात् । “ काऊण नमुक्कारं सिद्धाणमभिग्गहंतु सो गिण्हे ” इति श्रुतकेवलिवचनात् ।३। मैवं । अर्हदुपदेशेनैव सिद्धानामपि परिज्ञानात् । तथा चार्षम् “ अरहन्तुवएसेणं सिद्धा नज्जंति तेण अरिहाई ” इति। ततः सिद्धं भगवत एव मुख्यत्वं ।४। यदि तव वाग्वैभवं निखिलं विवेक्तुमाशास्महे ततः किमित्याह । लङ्घेमेत्यादि ( तदा इत्यध्याहार्यं ) तदा जङ्घालतया जाङ्घिकतया वेगवत्तया समुद्रं लङ्घेम । किल समुद्रमिवातिक्रमामः । तथा वहेम धारयेम । चंद्रद्युतीनां चन्द्रमरीचीनां पानं चन्द्रद्युतिपानं तत्र तृष्णा तर्षोऽभिलाष इति यावत् । चन्द्रद्युतिपानतृष्णा तां ( उभयत्रापि सम्भावने सप्तमी ) ।५। यथा कश्चिच्चरणचंक्रमणवेग-

---

यथी शोभता एवा पण श्री अरिहंत प्रभुउ, सिद्धोथी उंचागुणवाला छे, छतां पण तेउनुं मुख्यपणुं शामाटे छे? वली तेउनुं उंचागुणपणुं कंइ असिद्ध नथी, केमके दीक्षावखते तेउ सिद्धोने नमस्कार करे छे, एम सांभळ्युं छे. “ सिद्धोने नमस्कार करीने ते अरिहंत प्रभु अभिग्रह ग्रहण करे छे ” एवुं श्रुतकेवलिमहाराजनुं वचन छे. ।३। हवे ते वादीने सिध्धांतिक उत्तर आपे छे के, तारुं ए कहेवुं युक्त नथी; केमके श्रीअरिहंतप्रभुना उपदेशवमेज सिध्धोनुं ज्ञान थाय छे. ऋषिवाक्य पण कहे छे के “ अरिहंतप्रभुना उपदेशे करीने सिध्धमहाराजो जणाय छे, माटे अरिहंतप्रभु आदिमां छे. ” माटे एवीरीते श्री-अरिहंत भगवाननेज मुख्यपणुं सिध्ध थयुं. ।४। हे प्रभु! आपना समस्त वचनवैभवने विचारवानी ज्यारे अमो इच्छा करीये, त्यारे शुं थाय? ते ‘ लंघेम ’ इत्यादिकवमे कहे छे. ( अहीं ‘ त्यारे ’ एटलुं अध्याहारथी लेवुं ) जांघिकपणावमे खरेखर जाणे अमो समुद्रने उल्लंगी जइये छीये! तथा चंद्रनी कांतिने पीवानो अभिलाष करीये छीये!

वत्तया यानपात्राद्यन्तरेणापि समुद्रं लङ्घितुमीहते । यथा च कश्चिच्च-न्द्रमरीचीरमृतमयीः श्रुत्वा चुलुकादिना पातुमिच्छति । न चैतद्द्वय-मपि शक्यसाधनं । तथा न्यक्षेण भवदीयवाग्वैभववर्णनाकांक्षाऽपि अशक्यारम्भप्रवृत्तितुल्या । ६ । आस्तां तावत्तावकीनवचनविभवानां सामास्त्यने विवेचनविधानं । तद्विषयाकांक्षापि महत्साहसमिति भा-वार्थः । ७ । अथवा लघु शोषणे इति धातोर्लङ्घेम शोषयेम समुद्रं जङ्घालतया अति रहसा । अतिक्रमणार्थलङ्घेस्तु प्रयोगे दुर्लभं पर-स्मैपदं अनित्यं वा आत्मनेपदमिति । ८ । अत्र चौध्धत्यपरिहारेऽधि-कृतेऽपि यदाशास्महे इत्यात्मनि बहुवचनमाचार्यः प्रयुक्तवांस्तदिति सू-चयति । यद्विद्यन्ते जगति मत्सदृशा मन्दमेधसो भूयांसः स्तोतार इति

---

( अहीं उभयस्थानके संभावनअर्थमां सप्तमी जाणवी. ) । ५ । जेम कोइ पगे चालवाना वेगपणायें करीने वहाणआदिकविना पण समु-द्रने उलंगीजवाने इच्छे छे, तथा जेम कोइ 'चंद्रनी कांतिउ अमृत-वाली छे' एम सांभलीने अंजलिआदिकवमे तेउने पीवाने इच्छे छे; परंतु ते बन्ने कार्यो कंइ बनीशके तेवां नथी, तेम समस्तपणावमे आ-पनां वचनवैभवना वर्णननी आकांक्षा पण न बनीशके तेवां कार्यस-रखी छे. । ६ । अर्थात् आपनां वचनवैभवोनुं समस्तप्रकारे विवेचन करवुं तो एकबाजु रहो? परंतु ते संबंधि आकांक्षा करवी, ते पण मोटुं साहस छे, एवो भावार्थ जाणवो. । ७ । अथवा 'लघु' धातु शोषवाअर्थमां छे. तेथी जंघालपणावमे एटले अतिवेगवमे समुद्रने अमो शोषी जइये. अतिक्रमणअर्थवाली लंघधातुनो प्रयोग करते छते परस्मैपद दुर्लभ छे, अथवा अनित्य आत्मनेपद छे. । ८ । वली अहीं उध्धतपणानो त्याग स्वीकारते छते पण 'अमो इच्छीये छीये' एवी-रीतनुं पोतानेविषे आचार्यमहाराजे जे बहुवचन वापर्युं छे, ते एम सू-

बहुवचनमात्रेण न खल्वहंकारविकारः स्तोतरि प्रभौ शङ्कनीयः। प्रत्युत निरभिमानताप्रासादोपरिपताकारोप एवाऽवधारणीय इति काव्यार्थः। एष्वेकत्रिंशतिवृत्तेषूपजातिच्छन्दः ॥

। ए । एवं विप्रतारकैः परतीर्थिकैर्व्यामोहमये तमसि निमज्जितस्य जगतोऽभ्युद्धरणेऽव्यभिचारिवचनतासाध्येनाऽन्ययोगव्यवच्छेदेन भगवत एव सामर्थ्यं दर्शयन् तदुपास्तिविन्यस्तमानसानां पुरुषाणामौचितीचतुरतां प्रतिपादयति ।

> इदं तत्त्वाऽतत्त्वव्यतिकरकरालेऽन्धतमसे ।
> जगन्मायाकारैरिव हतपरैर्हा विनिहितम् ॥
> तदुद्धर्तुं शक्तो नियतमविसंवादिवचन-
> स्त्वमेवातस्त्रातस्त्वयि कृतसपर्याः कृतधियः ॥ ३१ ॥

अधम तथा इंद्रजालिकसरखा अन्यदर्शनीउए तत्व अने अतत्वना फेरफारथी भयंकर एवा निबिमअंधकारमां, हा इति खेदे, आ

---

चेत्र छे के, आ जगतमां मारासरखा घणा मंदबुध्धिवाला स्तुतिकरनाराउ छे; एवीरीते बहुवचनवमे करीने स्तुतिकरनारा आचार्यमहाराजप्रते खरेखर अहंकारना विकारनी शंका करवी नही; परंतु उलटो निरभिमानपणारूपी मेहेलपरपताकारोपज जाणवो. एवीरीते एकत्रीसमा काव्यनो अर्थ जाणवो. आ एकत्रीसे काव्योमां उपजातिछंद छे.

। ए । एवीरीते ठगारा एवा अन्यदर्शनीउवमे मोहमय अंधकारमां मुबेला एवा जगतनो उध्धार करवामां, अव्यभिचारिवचनपणायें करीने साधीशकाय एवा अन्ययोगना व्यवच्छेदे करीने, प्रभुनुंज समर्थपणुं देखामताथका, तेमनी सेवामां जोमेल छे मन जेउए, एवा पुरुषोना उचितपणानी चतुराइने प्रतिपादन करे छे.

जगत्‌ने स्थापन कर्युं छे. ते जगत्‌नो उद्धार करवाने, विसंवादरहित वचनवाळा एवा हे त्रणे जगतोनुं रक्षण करनारा प्रभु! आपज समर्थ छो तेथी आपना प्रते कृतार्थबुद्धिवाळा पुरुषोए सेवा करवा मांडी छे.

---

। १ । इदं प्रत्यक्षोपलभ्यमानं जगद्विश्वमुपचाराज् जगद्वर्ती जनः । हतपरैर्हता अधमा ये परे तीर्थान्तरीया हतपरे तैर्मायाकारैरिवैन्द्र-जालिकैरिव शांवरीयप्रयोगनिपुणैरिवेति यावत् । अन्धतमसे निविडा-न्धकारे हा इति खेदे विनिहितं विशेषेण निहितं स्थापितं पातितमि-त्यर्थः । २ । अन्धं करोतीत्यन्धयति । अन्धयतीत्यन्धं । तच्च तत्तम-श्चेत्यन्धतमसं " समवान्धात्तमस " इत्यत्प्रत्ययस्तस्मिन्नन्धतमसे । कथं-भूतेऽन्धतमस इति द्रव्यान्धकारव्यवच्छेदार्थमाह । ३ । तत्वाऽतत्व-व्यतिकरकराले । तत्वं चाऽतत्वं च तत्वातत्वे तयोर्व्यतिकरो व्यतिकी-र्णता स्वभावविनिमयस्तत्वाऽतत्वव्यतिकरस्तेनकराले भयंकरे । यत्रान्ध-तमसे तत्वेऽतत्त्वाभिनिवेशोऽतत्त्वे च तत्त्वाभिनिवेश इत्येवं रूपो व्य-

---

। १ । इदं एटले प्रत्यक्ष देखातुं एवुं आ जगत, उपचारथी ज-गत्‌मां रहेतो जनसमूह. हत एटले अधम एवा जे तीर्थांतरीउ, तेउ जाणे इन्द्रजाळना प्रयोगमां निपुण एवा इन्द्रजालिको होय नही, तेम तेउए आ जगत्‌ने, हा इति खेदे, निबिड अंधकारमां विशेषे करीने पाडेलुं छे. । २ । अंध करे ते अंधयति कहेवाय. अंधयति ते अंध कहेवाय; अने अंध एवुं जे तमः, ते अंधतमसं कहेवाय. " समवांधा त्तमस " ए सूत्रवडे अत् प्रत्यय थयो छे. एवा अंधतमस्‌नेविषे. हवे ते अंधतमस् केवुं छे? एम कहीने द्रव्य अंधकारना व्यवच्छेदमाटे कहे छे. । ३ । तत्व अने अतत्वना स्वभावनो जे फेरफार, तेवडे करीने भयंकर. अर्थात् जे अंधतमस्‌मां, तत्वमां अतत्वनो अभिनिवेश अने

तिकरः संजायत इत्यर्थः ।४। अनेन च विशेषणेन परमार्थतो मिथ्यात्वमोहनीयमेवान्धतमसं । तस्यैवेदृक्लक्षणत्वात् । तथा च ग्रन्थान्तरे प्रस्तुतस्तुतिकारपादाः =॥ अदेवे देवबुद्धिर्या । गुरुधीरगुरौ च या ॥ अधर्मे धर्मबुद्धिश्च । मिथ्यात्वं तद्विपर्ययात् ॥= ।५। ततोऽयमर्थो यथा किलैन्द्रजालिकास्तथाविधसुशिक्षितपरव्यामोहनकलाप्रपञ्चास्तथाविधमौषधीमंत्रहस्तलाघवादिप्रायं किंचित्प्रयुज्य परिषज्जनं मायामये तमसि मज्जयन्ति । तथा परतीर्थिकैरपि तादृक्प्रकारऽरधीतकुतर्कयुक्तीरुपदिश्य जगदिदं व्यामोहमहान्धकारे निक्षिप्तमिति ।६। तज्जगऽद्धर्तुं मोहमहान्धकारोपप्लवात्कष्टुं नियतं निश्चितं त्वमेव। नान्यः शक्तः समर्थः । किमर्थमित्थमेकस्यैव भगवतः सामर्थ्यमुपवर्ण्यते इति विशे-

---

अतत्वमां तत्वनो अभिनिवेश थाय छे, तेवो व्यतिकर. ।४। वली आ विशेषणवमे परमार्थथी मिथ्यात्वमोहनीयरूपज अंधतमस जणाव्युं; केमके तेनुंज तेवुं लक्षण छे. वली बीजा ग्रथमां आज स्तुतिकार कहे छे के =॥ कुदेवमां जे देवबुध्धि, कुगुरुमां जे गुरुबुध्धि, तथा कुधर्ममां जे धर्मबुध्धि ते मिथ्यात्व कहेवाय; अने तेथी विपरीत ते सम्यक्त्व कहेवाय. ॥= ।५। आथीकरीने एवो अर्थ जाणवो के, तेवा प्रकारना सारीरीते शिखेला छे, परने व्यामोह करवानी कलाना प्रपंचो जेउए, एवा इन्द्रजालिको, तेवा प्रकारनी औषधि, मंत्र तथा हस्तलाववादिक कंइक करीने जेम सन्नाजनोने, मायामय अंधकारमां फुबामे छे, तेम परतीर्थीउए पण तेवीरीतनी खोटीरीते शीखेली कुतर्कनी युक्तिउनो उपदेश देइने, आ जगतने व्यामोहरूपी अंधकारमां नाखेलुं छे. ।६। ते जगतने ते महामोहरूपी अंधकारना उपद्रवथी बचाववाने खरेखर हे प्रभु! आपज समर्थ छो, परंतु बीजो कोइ समर्थ नथी. एवीरीतनुं सामर्थ्य आ एकज प्रभुनुं शामाटे वर्णववामां

षणद्वारेण कारणमाह । ७ । अविसंवादिवचनः । कषच्छेदतापलक्षण-परीक्षात्रयविशुद्धत्वेन फलप्राप्तौ न विसंवदतीत्येवं शीलमविसंवादि । तथाविधं वचनमुपदेशो यस्याऽसावविसंवादिवचनोऽव्यभिचारिवागि-त्यर्थः । यथा च पारमेश्वरी वाग् न विसंवादमासादयति तथा तत्र तत्र स्या-द्वादसाधने दर्शितं । ८ । कषादिस्वरूपं चेत्थमाचक्षते प्रावचनिकाः । =॥ [1]पाणवहाईयाणं । पावट्ठाणाण जो नु पमिसेहो ॥ ज्झाणऽज्झ-यणाईणं । जो अ विही एस धम्मकसो ॥=॥ वज्झाणुट्ठाणेणं । जेण न बाहिज्जए तयंनियमा ॥ संभवइ य परिसुद्धं । सो पुण धम्मंमि च्छेउत्ति ॥=॥ जीवाइभाववाउ । बंधाइपसाहगो इहं तावो ॥ एएहिं

---

आवे छे? तेनुं कारण विशेषणद्वाराए हवे कहे छे. । ७ । कष, छेद अने तापरूप त्रण परीक्षाउथी शुद्ध होवावमे करीने फलप्राप्तिमां जे विसंवादवालुं नथी एवीरीतनुं छे वचन एटले उपदेश जेमनो, अर्थात् व्यभिचारविनानी जेमनी वाणी छे, एवा प्रभु छे. वली परमेश्वरनी वाणी जे विसंवादने धारण करती नथी, ते त्यां त्यां स्याद्वादना साध-नमां देखाड्युं छे. । ८ । वली कषादिकनुं स्वरूप सिद्धांतिको नीचे प्र-माणे कहे छे. =॥ प्राणातिपातादिक पापास्थानोनो जे प्रतिषेध, तथा ध्यानअध्ययनादिकनो जे विधि ते धर्मकष जाणवो. ॥=॥ वली जे बाह्य अनुष्ठानवमे तेने निश्चये करीने बाधा न आवे, परंतु ते शुद्ध थाय, ते धर्मनेविषे छेद जाणवो. ॥=॥ बंधादिकने साधनारो जीवादिक पदा-र्थोनो जेमां वाद होय, ते धर्मताप जाणवो. एवीरीतना कष, छेद अने

---

१ प्राणवधादीनां । पापस्थानानां यस्तु प्रतिषेधः ॥ ध्यानअध्ययनादीनां । यश्च विधिः एषः धर्मकषः ॥ = ॥ बाह्यानुष्ठानेन । येन न बाध्यते तन्नियमा ॥ संभवति च परिशुद्धं । स पुनः धर्मे छेदः इति ॥ = ॥ जीवादिभाववादः । बंधादिप्रसाधकः इह तापः ॥ एभिः परिशुद्धः । धर्मः धर्म-त्वं उ.ति ॥ = ॥ इतिच्छाया ॥

परिसुद्धो । धम्मो धम्मत्तणमुवेइ ॥८॥ । ए । तीर्थान्तरीयाप्ता हि न प्रकृतपरीक्षात्रयविशुद्धवादिन इति ते महामोहान्धतमसे एव जगत्पातयितुं समर्थाः । न पुनस्तदुद्धर्तुं । अतः कारणात्कुतःकारणात्कुमतध्वान्ताऽर्णवान्तःपतितभुवनाऽभ्युद्धारणाऽसाधारणसामर्थ्यलक्षणात् । हे त्रातस्त्रिभुवनपरित्राणप्रवीण ( काक्वाऽवधारणस्य गम्यमानत्वात् ) त्वय्येव विषये । न देवान्तरे कृतधियः ( करोतिरत्रपरिकर्मणि वर्त्तते । यथा हस्तौ कुरु पादौ कुरु इति ) कृता परिकर्मिता तत्वोपदेशपेशलतत्तच्छास्त्राभ्यासप्रकर्षेण संस्कृता धीर्बुद्धिर्येषां ते कृतधियश्चिद्रूपाः पुरुषाः कृतसपर्याः । १० । ( प्रादिकं विनाप्यादिकर्मणो गम्यमानत्वात् ) कृता कर्तुमारब्धा सपर्या सेवाविधिर्यैस्ते कृतसपर्याः । आराध्यान्तरप-

---

तापवडे जे धर्म शुद्ध होय, ते धर्मपणाने पामे छे. ॥८॥ । ए । वळी बीजा दर्शनोना आप्तो ते पूर्वोक्त कषादिक त्रण परीक्षावडे शुद्ध वचन बोलानाराउ नथी, माटे तेउ महामोहरूपी निबिड अंधकारमांज जगत्ने पाडवाने समर्थ छे, परंतु तेनो उद्धार करवाने समर्थ नथी. आ कारणथी एटले कया कारणथी? तोके कुमतरूपी अंधकारना समुद्रमां पडेला जगत्नो उध्धार करवामां ( आपनुं ) असाधारण समर्थपणुं होवाथी, हे! त्रणे जगत्नुं रक्षण करवामां प्रवीण एवा प्रभु! (काक अवधारणनुं गम्यमानपणुं होवाथी) आपना प्रतेज कृतार्थबुद्धिवाळा, परंतु बीजा देवप्रते नही, ( ' करोति ' ए अहीं परिकर्ममां वर्ते छे, जेम ' हाथ करो ' ' पग करो, ) कृता एटले परिकर्मिता अर्थात् तत्वोना उपदेशथी मनोहर एवा ते ते शास्त्रोना अभ्यासना प्रकर्षे करीने संस्कारयुक्त थयेली छे बुध्धि जेउनी एवा पुरुषो आपनाप्रतेज कृतसपर्याः एटले सेवाना हेवाकिपणाने धारण करे छे. । १० । ( प्रादिकविना पण आदिकर्म गम्यमान होवाथी ) करवा मांडेली छे सेवा-

रित्यागेन त्वय्येव सेवाहेवाकितां परिशीलयन्तीति शिखरिणीछन्दो-ऽलंकृतकाव्यार्थः ॥

। ११ । समाप्ता चेयमन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकास्तवन-टीका ॥

## ॥ अथ श्रीटीकाकारस्य प्रशस्तिः ॥

येषामुज्ज्वलहेतुहेतिरुचिरः प्रामाणिकाध्वस्पृशां । हेमाचार्यसमुद्भ-वस्तवनभूरर्थः समर्थः सखा ॥ तेषां दुर्नयदस्युसंभवभयाऽस्पृष्टात्मनां

---

विधि जेउए ते 'कृतसपर्याः' कहेवाय. अर्थात् तेवा पुरुषो बीजा आराध्यने तजीने आपनेविषेज सेवाना हेवाकीपणाने परिशीलन करे ठे, एवीरीते शिखरिणीछंदे करीने शोजता एवा बत्रीसमा काव्यनो अर्थ जाणवो.

। ११ । एवीरीते अन्ययोगव्यवच्छेद नामनी द्वात्रिंशिकारूप स्तवननी ( स्याद्वादमंजरी नामनी ) टीकानो अर्थ समाप्त थयो.

## ॥ अथ श्रीटीकाकारस्य प्रशस्तिः ॥

=॥ प्रामाणिकोना मार्गमां चालनारा एवा जे माणसोनो, उज्जवल हेतुरूपी तेजथी मनोहर थयेलो, तथा श्रीहेमचंद्रमहाराजे रचेली स्तुतिथी उत्पन्न थयेलो एवो अर्थरूपी समर्थ मित्र ठे, एवा, ते मा-णसोने दुर्नयरूपी चोरोथी जय उत्पन्न न थवाथी, प्रयासविना मोक्ष-

संभव–त्यायोसन विना जिनागमपुरप्राप्तिः शिवश्रीप्रदा ॥ १ ॥ चातुर्विद्यमहोदधेर्भगवतः श्रीहेमसूरेर्गिरां । गंभीरार्थविलोकने यदभवद्दृष्टिः प्रकृष्टा मम ॥ द्राघीयःसमयादराग्रहपराभूतप्रभूतावमं । तन्नूनं गुरुपादरेणुकणिकासिद्धाञ्जनस्योर्जितम् ॥ २ ॥ अन्यान्यशास्त्रतरुसंगतचित्तहारि–पुष्पोपमेयकतिचिन्निचितप्रमेयैः ॥ दृष्ट्वा ममान्तिमजिनस्तुतिवृत्तिमेनां । मालामिवामलहृदो हृदये वहन्तु ॥ ३ ॥ प्रमाणसिद्धान्तविरुद्धमत्र । यत्किंचिदुक्तं मतिमान्द्यदोषात् ॥ मात्सर्यमुत्सार्य तदार्यचित्ताः । प्रसादमाधाय विशोधयन्तु ॥ ४ ॥ नुर्व्यामेष सुधाभुजा गुरुरिति त्रैलोक्यविस्तारिणो । यत्रेयं प्रतिभाभरादनुमितिर्निर्दम्भमुज्जृम्भते ॥ किं चामी विबुधाः सुधेतिवचनोद्गारं यदीयं मुदा शंसन्तः प्रथयन्ति ताम-

---

रूपी लक्ष्मीने आपनारी जिनागमरूपी नगरनी प्राप्ति थाय छे. ॥१॥ चातुर्विद्यना महासागरसरखा एवा महान् श्रीहेमचंद्रजीमहाराजनी वाणीना गंभीर अर्थने जोवामां जे मारी प्रकृष्ट दृष्टि थइ, तथा महान् सिध्धांतना आदरना आग्रहथी मोटां विघ्नोनो जे विनाश थयो, ते सघलुं खरेखर गुरुमहाराजना चरणनी रजकणिकारूप सिध्धांजननुं माहात्म्य छे. ॥ २ ॥ भिन्न भिन्न शास्त्रोरूपी वृक्षोमां रहेला मनोहर पुष्पोसरखा केटलाक वापरेला प्रमेयोवमे करीने मालासरखी, एवी आ मारी चरमजिनेश्वरनी स्तुतिनी टीकाने जोइने, निर्मल हृदयवाला ( सज्जनो ) तेने ( पोताना ) कंठमां धारण करो ? ॥ ३ ॥ आ टीकामां मतिमंदपणाना दोषथी प्रमाण अने सिद्धांतथी विरुद्ध एवुं जे कंइ कहेवायुं होय, ते प्रते मत्सरीभावने तजीने, उत्तम जनो कृपा लावी, तेने शुद्ध करो ? ॥ ४ ॥ त्रणे लोकमां विस्तार पामेला एवा प्रतिभाना समूहथी, पृथ्वीमां आ देवोना गुरु छे, एवीरीतनुं खरेखरुं अनुमान जेमनाविषे थाय छे, तथा जेमनां वचनोना उद्गारने, आ अमृत छे, ए-

तितमां संवादमेदस्विनीम् ॥ ५ ॥ नागेन्द्रगच्छगोविन्द–वक्षोऽलंकारकौस्तुभाः ॥ ते विश्ववन्द्या नन्द्यासु–रुदयप्रभसूरयः ॥ ६ ॥ युग्मं ॥ श्रीमल्लिषेणसूरिभि–रकारि तत्पदगगनदिनमणिभिः ॥ वृत्तिरियं मनुरविमित–शाकाब्दे दीपमहसि शनौ ॥ ७ ॥ श्रीजिनप्रभसूरीणां । साहाय्योद्भिन्नसौरभा ॥ श्रुतावुत्तंसतु सतां । वृत्तिः स्याद्वादमञ्जरी ॥ ८ ॥ बिभ्राणे कलिनिर्जयाज्जिनतुलां श्रीहेमचन्द्रप्रभौ । तद्दृब्धस्तुतिवृत्तिनिर्मितिमिषाद्भक्तिर्मया विस्तृता ॥ निर्णेतुं गुणदूषणे निजगिरां तन्नार्थये सज्जनान् तस्यास्तत्वमकृत्रिमा बहुमतिः सास्त्यत्र सम्यग्यतः ॥ ९ ॥

---

वीरीते प्रशंसता थका. आ विबुधो संवादे करीने पुष्ट थयेला ते वचनरूप अमृतने अत्यंत विस्तारे छे. ॥ ५ ॥ तथा नागेंद्रगच्छरूपी विष्णुना वक्षःस्थलने शोभाववामां कौस्तुभमणिसरखा, तथा जगतने वंदनीक एवा ते उदयप्रभसूरिमहाराज समृद्धि पामो ? ॥ ६ ॥ युग्मं ॥ ते आचार्यमहाराजना पटरूपी आकाशमां सूर्यसरखा, एवा श्री मल्लिषेण नामना आचार्यमहाराजे आ ( स्याद्वादमंजरी ) नामनी टीका, शक १२१४ मां दीपोत्सवदिने शनिवारे रची छे. ॥ ७ ॥ श्री जिनप्रभसूरिमहाराजना सहायथी प्रगटेल छे सुगंधि जेमांथी, एवी आ स्याद्वादमंजरी नामनी टीका सज्जनोना कर्णाभूषणरूप थाओ ? ॥ ८ ॥ कलिकालने जीतवाथी जिनेश्वरप्रभुनी तुल्यताने धारण करता, एवा श्री हेमचंद्रजीमहाराजप्रते, तेमणे रचेली स्तुतिनी टीका बनाववाना मिषथी में मारी भक्ति विस्तारेली छे. वली मारी वाणीना गुणदोषनो निर्णय करवाने हुं सज्जनोनी तेटलामाटे प्रार्थना करतो नथी, केमके अकृत्रिम एवी जे बहुमति, ते वाणीनुं तत्व छे, अने ते आनी अंदर सारीरीते छे. ॥ ९ ॥

॥ इति श्रीटीकाकारस्य प्रशस्तिः समाप्ता ॥

# ॥ अथ श्रीभाषांतरकारस्य प्रशस्तिः ॥

अत्रास्ति जामनगरं नगरं गरिष्ठं । यस्मिन् जिनेशनिलयोपरिगा पताका ॥ ऋद्धिं पुरस्य किल दर्शयितुं द्युलोकं । लीलानिलेन लुलिताह्वयतीव रेजे ॥ १ ॥ तत्रोशजातिवणिजां मुकुटोपमस्तु । वंशो बभूव किल लालणनामधेयः ॥ तद्वंशमौक्तिकनिभोऽत्र बभूव चेभ्यः । श्रीवर्धमान इतिनामविमंडितो वै ॥ २ ॥ विरचितमिह तेन मंदिरैकं । मभिगततुंगतया तिरस्कृताद्रि ॥ अगणितवसुना जिनेशबिंबैः । प्रवरतरैः परिमंडितं मनोज्ञम् ॥ ३ ॥ तस्य कोटीध्वजस्याथो । ऽभूत्सुपुत्रः कलान्वितः ॥ नाम्ना जगडुशाहश्च । पापसंतापवर्जितः ॥ ४ ॥ तस्याभूद्भनराजस्तु । पुत्रो गोवर्धनाह्वयः । धनधान्यैश्च संपूर्णः । पुत्रादिपरिवारभाक् ॥ ५ ॥ अभूत्तस्य सुतश्चारु । नाम्ना वल्लमजित्खलु ॥ कच्छदेशे हि मंत्रित्वं । प्राप्तं तेन तताद्रम् ॥ ६ ॥ दृष्ट्वा तस्य च चातुर्यं । भूमिपालोऽर्पयध्वराम् ॥ वर्षैके सततं लक्ष–मुद्रिकादायिनीं तदा ॥ ७ ॥ श्रेष्ठिनोऽभूत्सुतस्तस्य । तुल्यस्तेन कलान्वितः ॥ चारुस्तु लालचंद्राख्यो । राज्यमानेन शोभितः ॥ ८ ॥ धनराजश्च तत्पुत्र। स्तस्य पुत्रस्तु शोभितः ॥ श्रेष्ठी ज्येष्ठाह्वयश्चासीत । परिवारैः समन्वितः ॥ ९ ॥ सत्यं श्राध्धवृतं तेन । द्वितीयं परिपालितम् ॥ यावज्जीवं तथा त्यक्तं । श्रेयसे रात्रिभोजनम् ॥ १० ॥ तस्य सूनुवरसामजिदाह्वो । राजमान्य इव वारिधिदेशः ॥ रत्नमौक्तिकमणिप्रकराढ्योऽ । भ्रावत्सुकमलापरिवृत्तः ॥ ११ ॥ हंसराज इति नामतोऽभवत् । तस्य सूनुरमितैर्गुणैर्युतः ॥ जैनशास्त्रवरवारिधौ मनो । मीनतामभजदस्य सर्वदा ॥ १२ ॥ रचितस्तस्य पुत्रेण । हीरालालाभिधेन च ॥ ग्रंथस्यास्य मयार्थः स्वल्पो गुर्जरभाषया ॥ १३ ॥

लब्ध्वा यदीयचरणांबुजतारसारं ।
स्वादच्छटाधरितदिव्यसुधासमूहम् ॥
संसारकाननतटे ह्यटतालिनेव ।
पीतो मया प्रवरबोधरसप्रवाहः ॥ १४ ॥

वंदे मम गुरुं तं च । [1]चारित्रविजयाह्वयम् ॥
परोपकारिणां धुर्यं । चित्रं चारित्रमाश्रितम् ॥ १५ ॥

॥ समाप्तोऽयं ग्रंथः गुरुश्रीमच्चारित्रविजयसुप्रसादात् ॥

१ आ श्रीचारित्रविजयजीमहाराज । प्रख्यातिपामेला श्रीआत्मारामजीमहाराजना ( श्रीविजयानंदसूरीश्वरजीना ) शिष्योमाना एक मोटा शिष्य छे । के जेमनी पासे में आ संस्कृतभाषानो अभ्यासनो प्रारंभ कर्यो हतो । तथी मारापर तेमनो परम उपकार थयो छे ।